ત્રીજી શ્રેણી)

પુસ્તકઃ ૧૬૯

સોમવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૨
ચૈત્ર ૬, ૧૯૩૪ શાકે

થી

ગુરૂવાર તા.૨૯મી માર્ચ, ૨૦૧૨
ચૈત્ર ૯, ૧૯૩૪ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

સત્તારવાર અહેવાલ
બારમી ગુજરાત વિધાનસભા
દશમું અધિવેશન

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલયચિવાલય
ગાંધીનગર

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૬મી માર્ચ, ૨૦૧૨ / ચૈત્ર ૬, ૧૯૩૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨ | ૧૧૫ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૧૬ | ૧૧૯ |
| માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (નિયમ-૫૨ ) | ૧૨૦ | ૧૨૦ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૨૧ | ૧૨૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (૧૧મો દિવસ) | ૧૨૩ | ૧૩૫ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૧૩૬ | ૧૩૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(૧૧મો દિવસ) | ૧૩૭ | ૧૪૭ |
| **તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨ / ચૈત્ર ૭, ૧૯૩૪** | | |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૪૮ | ૧૪૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪૯ | ૨૧૬ |
| નાણા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૨૧૭ | ૨૧૮ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૨૧૯ | ૨૧૯ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૨૨૦ | ૨૨૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૨૨૧ | ૨૩૪ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૨૩૫ | ૨૩૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૨૩૬ | ૨૪૪ |
| **તા.૨૮મી માર્ચ, ૨૦૧૨ / ચૈત્ર ૮, ૧૯૩૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૪૫ | ૨૪૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૪૬ | ૩૦૩ |
| ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૩૦૪ | ૩૦૮ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (નિયમ-૫૨) | ૩૦૯ | ૩૦૯ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૧૦ | ૩૧૧ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૨ | ૩૧૨ | ૩૧૨ |
| ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૧૨ | ૩૧૩ | ૩૧૩ |
| ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતીય) વિધેયક, ૨૦૧૨ | ૩૧૪ | ૩૧૪ |
| ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) તૃતીય) વિધેયક, ૨૦૧૨ | ૩૧૫ | ૩૧૫ |
| ગુજરાત વિદ્યુત શુલ્ક સુધારા વિધેયક, ૨૦૧૨ | ૩૧૬ | ૩૧૭ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૩૧૮ | ૩૧૯ |
| ગુજરાત વિદ્યુત શુલ્ક સુધારા વિધેયક, ૨૦૧૨ | ૩૨૦ | ૩૨૦ |

વિષય                                                                 પાના નંબર

તા.૨૯મી માર્ચ, ૨૦૧૨ / ચૈત્ર ૯, ૧૯૩૪ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૨૧ | ૩૩૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૩૭ | ૪૨૩ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૨૪ | ૪૨૪ |
| ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૪૨૫ | ૪૨૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૨૬ | ૪૨૭ |
| ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને તબીબી સારવારની સે૯ | ૪૨૮ | ૪૪૪ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૪૪૫ | ૪૪૫ |
| બિન સરકારી વિધેયક | ૪૪૬ | ૪૫૭ |

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૨**
**ચૈત્ર ૬, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### ડાકોર યાત્રાધામનો માસ્ટર પ્લાન

***૩૧૨૫૮ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ડાકોર યાત્રાધામનો સરકાર માસ્ટર પ્લાન બનાવી વિકાસ કરવા માગે છે,

(૨) જો હા, તો કયા પ્રકારની સુવિધાઓ યાત્રાળુઓ માટે પૂરી પાડવા માંગે છે, અને

(૩) આ કામગીરી કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે ?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રીઃ**

(૧) હા, જી.

(૨) ડાકોર ખાતે યાત્રાળુઓની સુવિધા માટે માસ્ટર પ્લાન બનાવવા આર્કિટેકની નિમણૂંક કરવામાં આવેલ છે. આર્કિટેક દ્વારા કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ગોમતીઘાટ ડેવલપમેન્ટ, મંદિર પરિસરનુ ડેવલપમેન્ટ, મ્યુઝીકલ ફાઉન્ટેન, ટોયલેટ બ્લોક, પાર્કિંગ, ગોમતી તળાવ પાસે બ્રીજ, પાદુકા બ્રીજનું રીસ્ટ્રેન્થનીંગ, પાથવે ડેવલપમેન્ટ, મહુધા રોડ અને ડોન બોસ્કો પાસે મેઇન ગેટની કામગીરીનો સમાવેશ થાય છે.

(૩) આ કામગીરી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

અધ્યક્ષશ્રી : આર્ડર, ઓર્ડર.. (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.. (અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : પ્રશ્નોત્તરી કાળમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોઇ શકે...

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનું અવમાન છે, તમે ગૃહનું અવમાન કર્યું છે. આ તમે ગૃહનું અવમાન કરો છો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહની અંદર જે પ્રમાણેનું પ્રદર્શન વિપક્ષના સભ્યો દ્વારા આ સન્માનનીય સભાગૃહમાં કરવામાં આવે છે, આ કોઇપણ હિસાબે ચાલે તેવી ઘટના નથી અને પૂર્વ અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો રહ્યા છે. આ સન્માનનીય સભાગૃહમાં સભ્યશ્રીએ કેવી રીતે વર્તવું? ક્યા પ્રમાણેનું વર્તન પ્રશ્નોત્તરી કાળમાં કરવું? આ પ્રમાણેનું વર્તન ન હોય. છેલ્લા ચાર દિવસથી આ સભાગૃહની અંદર પ્રશ્નોત્તરીનો સમય પણ ચાલવા દેતા નથી આ કોઇપણ હિસાબે ચાલે તેમ નથી. આપના દ્વારા આ પ્રમાણેનું પ્રદર્શન ન કરવા માટે સૂચવવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે, વિધાનસભાગૃહમાં કોઇપણ જાતના પ્રદર્શન કરી શકાતા નથી, આપે પ્રદર્શન ન કરવું જોઇએ.. પ્લીઝ.. આપણે આ ગૃહની અંદર કોઇપણ પ્રદર્શન કરી શકતા નથી.. આપણે આ રીતે પ્રદર્શન ન કરીએ.. પ્લીઝ.. પ્લીઝ..

શ્રી ઇકબાલ  પટેલ : આ મુદ્દો પછી ઉપાડી શકો છો... (અંતરાય)..

અધ્યક્ષશ્રી : આ રીતે કોઇપણ જાતનું પ્રદર્શન કરી શકતા નથી. કોઇપણ પ્રકારે આપણે કાળા કપડા કે આવા પટ્ટા પહેરીને આવી શકતા નથી. આપણી પરંપરા રહી છે અને અનેક નિર્ણયો ભૂતકાળમાં પણ છે. આ યોગ્ય નથી.. પ્લીઝ. આ રીતનું યોગ્ય નથી. આપણા ગૃહનું અવમાન થાય તે યોગ્ય નથી.. પ્લીઝ.. આ રીતે આપણે પ્રદર્શન કરી શકતા નથી. . પ્લીઝ.. કોઇપણ રીતે આપણે કાળા કપડા પહેરીને ગૃહનું અવમાન થાય તેવું આપણે ક્યારેય કર્યું નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ પ્રમાણે હોય તો તેમને દૂર કરવા જોઇએ... પ્લીઝ.

અધ્યક્ષશ્રી : આ રીતનું પ્રદર્શન કોઇપણ રીતે યોગ્ય નથી. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે. આપ સર્વેને મારી વિનંતી છે કે, આપણે બધાએ નિયમાનુસાર વિધાનસભાગૃહનું કામકાજ થાય તે પ્રમાણેનો વ્યવહાર કરવો જોઇએ... આ રીતે પ્રદર્શન કરીને ન આવવું જોઇએ... પ્લીઝ..

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ કોઇપણ હિસાબે ચાલે નહીં. આ સભાગૃહમાં આ પ્રકારનું પ્રદર્શન ન થઇ શકે...

અધ્યક્ષશ્રી : હું પ્રશ્નોત્તરીના સમય સુધી ગૃહને એડજોર્ન કરૂં છું.(બપોરના ૧૨.૦૪)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક ૧-૦૦ વાગ્યે ફરી મળી.**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ભરૂચ જિલ્લામાં કાંસ ઉંડા અને પહોળા કરવાના કામો

૩૧૯૭૨ **શ્રી ઇકબાલ  પટેલ( વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કાંસ ઉંડા અને પહોળા કરવાના પાણીના ભરવાના નિકાલ માટેના કેટલા કામો છેલ્લા ત્રણ વર્ષમાં મંજુર કરવામાં આવ્યા, | (૧) ૬૩૨.૫ કિ.મી. લંબાઇના કાંસના કામો મંજુર કર્યા. |
| (૨) આવા કાંસ ઉપરથી ખેડૂતોને અવર જવર માટે સ્લેબ ડ્રેઇન નાળાઓ માટે કેટલી માંગણીઓ વિભાગને મળી, અને | (૨) ૧૧૪. |
| (૩) આવા કામો મંજુર કરવા કેવા પ્રકારનું આયોજન છે ? | (૩) તાંત્રીક તેમજ સ્થળ સ્થિતિ મુજબ જરૂરીયાત હોય તેવા કામો મંજુર કરવાનું આયોજન છે. |

---------

### માટે ફાળવેલ રકમ

૩૧૨૭૨ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય પ્રવાસન  મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સોમનાથ મંદિરના વિકાસના કામો માટે સરકાર દ્વારા સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા.૩૧-૧૨-૧૧ સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) સોમનાથ મંદિરના વિકાસના કામો માટે સરકાર દ્વારા સને ૨૦૧૧-૧૨માં રૂપિયા ૧૦૦.૦૦ લાખની રકમ ફાળવવામાં આવી. |
| (૨) ફાળવેલ રકમ પૈકી તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં | (૨) ફાળવેલ  રકમ  પૈકી  તા.  ૩૧-૧૨-૨૦૧૧ની |

કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

સ્થિતિએ રૂપિયા ૭૧,૦૫,૮૩૮–૦૦નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૯૧ **શ્રી હરીલાલ મો. પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર–૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા– શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લાના ઉન્ડ આર. આર. થી બાલંભા બંધારા સ્પ્રેડીંગ ચેનલ**

૩૧૩૩૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લા ઉન્ડ આર. આર. થી બાલંભા બંધારા સ્પ્રેડીંગ ચેનલ હાલ કયા તબક્કે છે,

**જવાબ**

(૧) સ્પ્રેડીંગ ચેનલની કુલ લંબાઈ ૧૨૫૧૦ મી. છે. સાં. ૦.૦૦મી. થી સાં ૪૨૩૦ મી. સુધીનું કામ જમીન

સંપાદન તબક્કે છે, સાં. ૪૨૩૦ મી. થી સા. ૬૮૦૦ મી. સુધીનું કામ પ્રગતિ હેઠળ છે અને સાં. ૬૮૦૦મી. થી સાં. ૧૨૫૧૦ મી. સુધીનું કામ પૂર્ણ થયેલ છે.

(૨) આ યોજનાનું બાંધકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) સાં. ૬૮૦૦ મી. થી સાં. ૧૨૫૧૦ મી. સુધીનું કામ પૂર્ણ થયેલ છે જ્યારે સાં. ૪૨૩૦ મી. થી સાં. ૬૮૦૦ મી. નું કામ માહે જુન-૨૦૧૨ સુધીમાં તથા સાં. ૦.૦૦મી. થી સાં. ૪૨૩૦ મી. સુધીનું કામ જમીન સંપાદન થયા બાદ એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

(૩) આશરે ` ૮૭૦ લાખનો ખર્ચ થનાર છે.

---------

**કચ્છ જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો**

૩૧૨૭૮ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે નીચે મુજબના સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે.

**(અ) વર્ષ ૨૦૧૦-૧૧**

(૧) નારાયણ સરોવર-કોટેશ્વર

(૨) ભુજીયો ડુંગર ખાતે પ્રવાસન સુવિધાનો વિકાસ

**(બ) વર્ષ ૨૦૧૧-૧૨**

(૧) ધોરડો ખાતે પ્રવાસન સુવિધાનો વિકાસ

(૨) માંડવીના દરિયાકાંઠે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ

(૩) પીંગલેશ્વર દરિયાકાંઠે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ

(૨) તેના વિકાસ માટે વર્ષવાર જે તે પ્રવાસના સ્થળ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેવી સુવિધાઓ આપવામાં આવી,

(૨) જે તે પ્રવાસન સ્થળના વિકાસ માટે કરેલ ખર્ચ અને સુવિધાની વિગત નીચે મુજબ છે.

**(અ) વર્ષ ૨૦૧૦-૧૧**

(૧) નારાયણ સરોવર-કોટેશ્વર ખાતે નીચે મુજબની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે. જે માટે રૂપિયા ૯,૬૮,૨૩,૧૯૨/-નો ખર્ચ થયેલ છે. (વર્ષ ૨૦૧૦-૧૧માં રૂપિયા ૫,૧૮,૧૨,૭૫૮/- અને વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૪,૫૦,૧૦,૪૩૪/-)

નલીયા-પાન્ધ્રો જંકશનથી નારાયણ સરોવર સુધીના એપ્રોચ રોડનો વિકાસ, નારાયણ સરોવરથી કોટેશ્વર સુધીના રસ્તાનો વિકાસ, નલીયા-પાન્ધ્રો જંકશન હાઇવે ઉપર મેઇન સાઇનેજીસની કામગીરી, નારાયણ સરોવર-કોટેશ્વર રસ્તા ઉપર મેઇન આર્ચ ગેટની કામગીરી, નારાયણ સરોવર ખાતે મેઇન આર્ચ ગેટનું કામ, મુખ્ય માર્ગથી નારાયણ સરોવર ટેમ્પલ કોમ્પલેક્ષ સુધીના એપ્રોચ રોડનું કામ, મુખ્ય માર્ગથી કોટેશ્વર ટેમ્પલ કોમ્પલેક્ષ સુધીના એપ્રોચ રોડનું કામ, હાઇવેથી ચૈતન્ય મહાપ્રભુજીના સ્થળ સુધી જવાના રસ્તાનો વિકાસ, ચપલેશ્વર મહાદેવને જોડતાં એપ્રોચ રોડનો વિકાસ, નારાયણ સરોવરના તળાવનો વિકાસ. ટુરીસ્ટ ઇન્ફોર્મેશન સેન્ટરની કામગીરી, ટોયલેટ બ્લોક તથા ચેન્જ રૂમની કામગીરી,મેળા અને ઉત્સવો માટે ગ્રાઉન્ડનો વિકાસ,કોટેશ્વર

મંદિરના પાછળના ભાગે દરિયા તરફ જતા રસ્તાનો વિકાસ, કોટેશ્વર ખાતે જેટી એરીયાનો વિકાસ, બસ સ્ટેન્ડને જોડતા રસ્તાનો વિકાસ, બસ સ્ટોપનો વિકાસ, વોર્શીંગ ઘાટનો વિકાસ, નવ સ્ટાફ કવાર્ટરની કામગીરી, નારાયણ ટેમ્પલ કોમ્પલેક્ષના સુધારા વધારા, કોટેશ્વર ટેમ્પલ કોમ્પ્લેક્ષના સુધારા વધારા, કોટેશ્વર ખાતે સનસેટ પોઇન્ટનો વિકાસ, નિગમના ટુરીસ્ટ કોમ્પેલક્ષમાં પ્રવાસીઓની સગવડતા માટે વધારાના ૧૧ રૂમોની કામગીરી

(૨) ભુજીયા ડુંગર ખાતે પ્રવાસન સુવિધાના વિકાસની કામગીરી જેમાં ભુજીયા ડુંગર ખાતે એરાઇવલ પ્લાઝા અને પાર્કીંગ, કિલ્લાની દિવાલનુ રીસ્ટોરેશન, કિલ્લાની અંદર વોકીંગ ટ્રેઇલ અને પાથવેનો વિકાસ, પ્રવાસી સુવિધા માટે પબ્લીક ટોયલેટ, વોટર હટસ તેમજ સોલાર લાઇટથી કિલ્લાનુ ઇલ્યુમીનેશન અને સાઇનેજીસ જેવી કામગીરીનો સમાવેશ થાય છે. આ કામગીરી આયોજન હેઠળ હોઇ કોઇ ખર્ચ થયેલ નથી.

**(બ) વર્ષ ૨૦૧૧-૧૨**

(૧) ધોરડો ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે કાયમી ધોરણે પ્રવાસીઓને રહેવા માટે ભૂંગા નંગ-૩૬, ડાયનીંગ હોલ, પાર્કીંગ, એપ્રોચ રોડ, ઓવરહેડ પાણીની ટાંકી, અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી, હાર્ડ લેન્ડ સ્કેપીંગ, વોટર સપ્લાય, ડ્રેનેજ અને ઇલેકટ્રીફીકેશનની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે. અને આ કામગીરી પ્રગતિમાં છે જે માટે રૂપિયા ૧૬૦/- લાખનો ખર્ચ થયેલ છે.

આ ઉપરાંત ધોરડો ખાતે આવેલ સફેદરણના વિકાસ માટે રણ ઉત્સવનું ડીસેમ્બર-૨૦૧૧માં આયોજન કરવામાં આવેલ જેમાં પ્રવાસીઓને રહેવા માટે કામચલાઉ ટેન્ટ આવાસ, થીમ પેવેલીયન, ફોટો ગેલેરી, ડાયનીંગ હોલ, રમત-ગમતની પ્રવૃત્તિ, વહીવટી બ્લોક,ફૂડ કોર્ટ, ક્રાફ્ટસ સ્ટોલ, હોટ એર બલુનીંગ તથા સાંસ્કૃતિક પોગ્રામ જેવી બાબતો માટે કામચલાઉ સ્ટ્રકચર ઉભા કરીને પ્રવાસીઓને સુવિધા આપવામાં આવેલ છે.

(૨) માંડવી દરિયા કાંઠે પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કીટેકટકની પસંદગી કરવામાં આવેલ છે. આર્કીટેકટ દ્વારા કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. જેની આખરીકરણની કાર્યવાહી ચાલુમાં છે. માંડવી દરિયાકાંઠે પ્રવાસન સુવિધા જેવી કે પાર્કીંગ એરીયાનો વિકાસ, એપ્રોચ રોડ, પીવાના પાણીની વ્યવસ્થા, પે અન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સાઇનેજીસ, ટેન્ટેડ એકોમોડેશન, રીટેનીંગવોલ, પ્લે એરીયા, રેતશિલ્પ એરીયા, વ્યુ પોઇન્ટની કામગીરી આયોજન હેઠળ છે. આ કામગીરી આયોજન હેઠળ હોઇ હાલ કોઇ ખર્ચ થયેલ નથી.

(૩) પીંગલેશ્વર દરિયાકાંઠે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કીટેકટની પસંદગી કરવામાં આવેલ છે. આર્કીટેકટ દ્વારા કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. જેની આખરીકરણની કાર્યવાહી ચાલુમાં છે. પીંગલેશ્વર દરિયાકાંઠે પ્રવાસન સુવિધા જેવી કે પાર્કીંગ એરીયાનો વિકાસ, એપ્રોચ રોડ, પીવાના પાણીની વ્યવસ્થા, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સાઇનેજીસ, ટેન્ટેડ

એકોમોડેશન,ચીલ્ડ્રન પ્લે એરીયા, રેતશિલ્પ એરીયા, ચેઇન્જ રૂમ, એમ્યુઝમેન્ટ પાર્ક, ક્રાફ્ટસ શોપની કામગીરી આયોજન હેઠળ છે. આ કામગીરી આયોજન હેઠળ હોઇ હાલ કોઇ ખર્ચ થયેલ નથી.

---------

**વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર થયેલ મહેકમ**

૩૧૯૬૭ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓ.

| સંવર્ગનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|---|
| | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| વર્ગ-૧ | ૧૭ | ૧૩ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૨ | ૫૭ | ૦૯ | ૮૦ | ૨૯ |
| વર્ગ-૩ | ૨૬૨ | ૬૯ | ૨૪૦ | ૧૯ |
| વર્ગ-૪ | ૨૨૭ | ૭૩ | ૩૨૦ | ૧૨૧ |

ખાલી જગ્યાઓની તારીખ સહીતની વિગત દર્શાવતું *પત્રક-અ અને *પત્રક-બ સામેલ છે.

(૨) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૯૫ **શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને ઓક્ટોબર-૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭-૧૧-૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર-૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨-૧૧-૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઇટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઇટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઇઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઇ, વિચારણા હેઠળ છે. |

| | |
|---|---|
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઇ કાર્યવાહી ન થઇ હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત શહેરના રીંગ રોડ બનાવવાનું આયોજન**

૨૯૭૪૩ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ સુરત શહેર માટે આઉટર રીંગ રોડ બનાવવાનું આયોજન રાજ્ય સરકારે કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. પરંતુ સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સુરત શહેર માટે આઉટર રીંગ રોડ માટે સુરત શહેરી વિકાસ સત્તામંડળની મંજુર/અમલી વિકાસ યોજનામાં કલમ–૧૯ હેઠળ ફેરફાર કરવા અંગે સરકારશ્રીની મંજુરી અર્થે સાદર થયેલ દરખાસ્ત અન્વયે તા. ૨૪–૧૦–૨૦૧૧ના જાહેરનામાથી નિયત સમય-મર્યાદામાં જાહેર જનતાના વાંધા/સુચનો આવકારવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૮૭ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી, | (૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે. મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના |

મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકૂફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે બનાવેલ ચેકડેમ**

૩૧૨૯૩ **શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ચેકડેમો બાંધવામાં આવેલ છે, અને

(૨) તે અંગે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ચેકડેમની સંખ્યા |
|---|---|
| ૨૦૧૦–૧૧ – | ૩૫૮. |
| ૨૦૧૧–૧૨ – | ૭૪ . |

(૨) ૨૦૧૦–૧૧ – ૧૫૩૦.૦૦ લાખ.
૨૦૧૧–૧૨ – ૫૯૧.૩૫ લાખ.

---------

**સોલા, વડોદરા અને ગોત્રી ખાતેની મેડીકલ કોલેજો બનાવવા કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ બાબત**

૩૦૫૭૧ **શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ સોલા, વડોદરા અને ગોત્રી ખાતેની મેડીકલ કોલેજો બનાવવા માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ મળેલ છે,અને

(૨) કયા કયા કામો માટે કેટલી રકમ મળેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ સોલા, વડોદરા અને ગોત્રી ખાતેની મેડીકલ કોલેજો બનાવવા માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ પણ રકમ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં નહેરોની સુધારણાના કામો**

૨૯૯૪૩ **શ્રી નિરંજનભાઈ પટેલ( પેટલાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આણંદ

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એકવીસ

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નહેરોની સુધારણા માટે સરકારે શાં પગલાં લીધા, અને

નહેરોમાં જરૂરિયાત પ્રમાણે નહેર પુનઃ સ્થાપન, નાળા સુધારણાના કામો મંજૂર કર્યા અને તબક્કાવાર હાથ ધરેલ છે.

(૨) કેટલી નહેરોનું સુધારણા કામ પૂર્ણ થયું, અને કેટલી બાકી છે ?

(૨) આઠ નહેરોમાં અગીયાર કામ પૂર્ણ કર્યા, ત્રણ નહેરમાં કામ પ્રગતિમાં છે, દસ નહેરમાં કામ હાથ ધરવાના વિવિધ તબક્કા હેઠળ છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં માઝમ જળાશય યોજનાની નહેર સુધારણાની કામગીરી

૩૧૪૪૬ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલ માઝમ જળાશય યોજનાની નહેર સુધારણાની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૧૧–૫–૨૦૧૦.

(૨) શક્ય તેટલું વહેલું.

## ઉકાઈ/કાકરાપાર જળાશયમાંથી સોનગઢની સેન્ટ્રલ પલ્પ મીલ્સ દ્વારા પાણી લેવા બાબત

૩૨૧૧૯ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સોનગઢની સેન્ટ્રલ પલ્પ મીલ્સ દ્વારા ઉકાઈ/કાકરાપાર જળાશયમાંથી પેપર–પલ્પ ઉત્પાદન માટે પાણી લેવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર વાર્ષિક કેટલો જથ્થો કયા દરે પ્રતિ ૧૦૦૦ લીટરના માપ પ્રમાણે આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | આપવામાં આવેલ વાર્ષિક પાણીનો જથ્થો ૧૦૦૦ લીટરમાં | પાણીના દર પ્રતિ ૧૦૦૦ લીટરના માપ પ્રમાણે |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૫૫૨૦૭૮૦ | ૧૦.૦૦ ` |
| ૨૦૦૯–૧૦ | ૭૩૭૪૮૧૫ | ૧૧.૦૦ ` |
| ૨૦૧૦–૧૧ | ૭૭૦૩૫૨૮ | ૧૨.૧૦ ` |
| તા. ૧–૪–૨૦૧૧થી તા. ૩૧–૧૨–૨૦૧૧ | ૫૮૯૧૮૦૦ | ૧૩.૩૧ ` |

---------

## શ્રી અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે ફાળવેલ રકમ

૩૧૨૮૦ **શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કેટલી રકમ, કયા કયા કામો માટે ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કયા કામ માટે કરવામાં આવ્યો,

(૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪) યાત્રાળુઓને આ વિકાસ કામો બાદ કયા કયા પ્રકારની સવલતો મળશે ?

**જવાબ**

(૧) સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) કોઈ ગ્રાન્ટ ફાળવેલ ન હોઈ ખર્ચ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના નાણાકીય ફંડમાંથી સદરહુ કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

(૪) યાત્રાળુઓ માટે ટોકન સિસ્ટમથી દર્શન વ્યવસ્થા, લગેજ અને પગરખા કેન્દ્ર, વેઈટીંગ લોન્જ, ફાઉન્ટેઇન, રેમ્પ, સ્ટોન ક્લેડીંગ, મંદિર સંકુલનું ફ્લોરીંગ, લાઈટીંગ, મંદિર સંકુલમાં ફાઈબર ડોમની જગ્યાએ કલાત્મક

કોતરણીવાળા પથ્થરની કોરીડોર માટેની લાઇન વ્યવસ્થા, મહાનુભાવો માટે વેઇટીંગ રૂમ અને અન્ય યોગ્ય સુધારા વધારાની કામગીરી.

---------

**મહેસાણા જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો**

૩૧૨૬૯ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) (અ) જિલ્લા કલેક્ટરશ્રી મહેસાણા દ્વારા નીચે મુજબના સ્થળો પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

૧. વર્ષ ૨૦૦૯-૧૦ માં વડનગર સ્થળને પસંદ કરવામાં આવેલ છે.

૨. વર્ષ ૨૦૧૦-૧૧ માં ટુંડાવ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિરને પસંદ કરવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટિડ દ્વારા નીચે મુજબના સ્થળો વિકાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

૧. વર્ષ ૨૦૦૯-૧૦માં ખાસ અંગભુત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યાને પસંદ કરવામાં આવેલ છે.

૨. વર્ષ ૨૦૧૦-૧૧ માં બહુચરાજી સ્થળના વિકાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

(૨) પસંદ કરેલ સ્થળોને વિકાસ કરવા માટે કઈ કઈ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે, અને

(૨) (અ) જિલ્લા કલેક્ટરશ્રી મહેસાણા દ્વારા નીચે મુજબની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

૧. વડનગર ખાતે આવેલ સર્કલ, તાનારીરી ગાર્ડન, ગટરલાઇન તેમજ વનીકરણનું આયોજન કરવામાં આવેલ છે.

૨. મોજે-ટુંડાવ તાલુકો-ઉંઝા ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિરને જોડતા સી.સી. રોડની સુવિધા પુરી પાડવાની યોજના છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટિડ દ્વારા નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની યોજના છે.

૧. ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યા ખાતે પીવાના પાણીનો રૂમ, બોરવેલ, ટોયલેટ, યાત્રાળુઓ માટે શેડ, કંપાઉન્ડ વોલ, ઇલેક્ટ્રીફીકેશન અને પેવર બ્લોકના પેવીંગની કામગીરી.

૨. બહુચરાજી મંદિર અને પરિસરના વિકાસ અંગે એરાઇવલ પ્લાઝા, પરિક્રમા પથ, દીવાલનું રીસ્ટોરેશન, ફૂડ કોર્ટ, પ્રસાદ માટેની દુકાનો, ટોયલેટ બ્લોક, ઇન્ટરનલ પાથવે, કંપાઉન્ડ વોલ, એન્ટ્રી ગેઇટ, પાર્કીંગ, લાઇટીંગ વર્ક, ગાર્ડનીંગ વર્ક અને સેન્ટ્રલ પેવેલીયનની સુવિધાની કામગીરી.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

(૩) (અ) જિલ્લા કલેક્ટરશ્રી મહેસાણા દ્વારા ૨૦૦૯-૧૦ માં વડનગર માટે રૂપિયા ૧૦૦.૦૦ લાખ તથા વર્ષ ૨૦૧૦-૧૧ માં મોજે ટુંડાવ માટે રૂપિયા ૨૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટિડ દ્વારા નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે.

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ

ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યા માટે ` ૫૦.૧૭ લાખ ફાળવવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૧૦-૧૧ માં બહુચરાજીના વિકાસ માટે ` ૧૫૩૬.૦૦ લાખની કામગીરી અંદાજવામાં આવેલ છે અને
` ૩૨૪.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**11/p a g e > વલસાડ અને ડાંગ જિલ્લામાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ**

૨૭૯૮૩ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વલસાડ અને ડાંગ જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કોઈ કાર્યક્રમ અમલમાં છે,

(૨) જો હા, તો તેમાં કયા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે ?

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સીકલસેલ એનિમીયા કંટ્રોલ પ્રોગ્રામ અમલમાં છે.

(૨)

- વલસાડ અને ડાંગ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ટ્રાયબલ વિસ્તારોમાં ગામે ગામે માસ સ્ક્રીનીંગની કામગીરી કરવામાં આવે છે. તમામ સગર્ભા માતાઓની તપાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર કરવામાં આવે છે. શાળા-કોલેજોમાં કેમ્પ રાખીને સીકલીંગ ટેસ્ટ કરવામાં આવે છે. સીકલીંગ પોઝીટીવ દર્દીઓના સેમ્પલો વલસાડ રક્તદાન કેન્દ્ર ખાતે H P L C ટેસ્ટ દ્વારા દર્દી ટ્રેઈટ છે કે ડીસીઝ જાણવામાં આવે છે.
- આ દર્દીઓને ટ્રેઈટ અને ડીસીઝના આઈ.કાર્ડ આપવામાં આવે છે. કાઉન્સેલર્સ દ્વારા સીકલ ટ્રેઈટ દર્દીઓનું મેરેજ કાઉન્સીલીંગ તેમજ ડીસીઝ દર્દીઓને નિયમિત ફોલિક એસીડની ગોળીઓ આપવામાં આવે છે. તેમજ ક્રાઈસીસમાં ન જાય તેની સલાહ આપવામાં આવે છે.
- બ્લડ બેંક દ્વારા ક્રાઈસીસમાં જનાર દર્દીઓને મફત લોહી પુરૂ પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અને જેનો ખર્ચ સીકલસેલ એનિમીયા પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવે છે.

(૩) વલસાડ અને ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ દરમ્યાન સીકલસેલ ડીસીઝ વાળા દર્દીઓને નીચે મુજબ સારવાર આપવામાં આવેલ છે.

| વર્ષ | વલસાડ | ડાંગ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૦૦ | ૧૧૯ |
| ૨૦૧૧-૧૨ | ૧૪૮ | ૧૩૭ |

(૪) સીકલસેલ એનિમીયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વલસાડ | ડાંગ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ` ૨૯,૩૫,૮૧૦/- | ` ૪,૫૫,૩૬૨/- |
| ૨૦૧૧-૧૨ | ` ૨૩,૩૦,૫૯૭/- | ` ૨,૨૬,૦૫૫/- |

તા.૨૯મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૯૨ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર-૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી, | (૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭-૧૧-૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર-૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨-૧૧-૧૧ના રોજ મળેલ છે. મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી. |
| (૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા- શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) |

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

| | |
|---|---|
| (૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ જિલ્લામાં આવેલ મેન્ટલ હોસ્પિટલ સ્વૈચ્છિક સંસ્થાને સોંપવા બાબત**

૩૦૬૬૯ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભૂજ શહેરમાં આવેલી મેન્ટલ હોસ્પિટલનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાને સોંપવામાં આવનાર છે તે | (૧) ના જી. |

હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો નાગરીકોને તેનાથી શા ફાયદા કે ઉપયોગિતા થશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૩૧૨૯૨ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબની રકમ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | જામવાળા | ` ૨૬.૦૬ લાખ |
| ૨ | બાલાગામ | ` ૨૬.૦૬ લાખ |

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૨) ઉક્ત બાંધકામ પૈકી પ્રા.આ.કેન્દ્ર જામવાળાના મકાન બાંધકામની કામગીરી પ્રગતિમાં છે જ્યારે બાલાગામ પ્રા.આ.કેન્દ્રના ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) પ્રા.આ.કેન્દ્ર જામવાળાના બાંધકામની કામગીરી ૯ માસમાં અને પ્રા.આ.કેન્દ્ર બાલાગામના મકાન બાંધકામ માટે ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા માતાજી મંદિરના પરિસરના વિકાસ માટે ફાળવેલ રકમ**

૩૧૨૭૧ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા માતાજીના મંદિરના પરીસરના વિકાસ કામો માટે રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા માતાજી મંદિરના પરીસરના વિકાસ કામો માટે આર્કિટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. આર્કિટેક્ટ દ્વારા કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ જેનુ આખરીકરણ કરવામાં આવેલ છે. કોન્સેપ્ટ પ્લાન મુજબની કામગીરી માટે પ્રથમ તબક્કામાં ` ૧૫/– કરોડની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

સને ૨૦૧૦–૧૧ અને સને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ` ૩૧.૫૦ લાખની ફાળવણી કરેલ છે.

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૨) આ અન્વયે ` ૩૧.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) યાત્રાળુઓના આ વિકાસ કામો બાદ કયા કયા પ્રકારની સવલતો મળશે?

(૩) આ કામો બાદ યાત્રાળુઓને ચોટીલા ખાતે રોડ આઈલેન્ડ ડેવલપમેન્ટ, રસ્તાને પહોળા કરવા, પીવાના પાણીની સુવિધા, ટોયલેટ બ્લોક, પેવર બ્લોક સાથેની પાર્કિંગની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, દુકાનો, સાઇનેજીસ, કમ્પાઉન્ડ વોલ, ઈલેક્ટ્રીક સુશોભન, એન્ટ્રસ ગેટ, રૂફીંગ સાથેનો વોકવે જેવી સવલતો મળશે.

ચોટીલા ડુંગર પર ચઢવા માટે ફનીક્યુલર ટ્રેઇનની કામગીરી થયા બાદ યાત્રાળુઓને ડુંગર પર સહેલાઇથી ચઢવા માટે તથા સામાન લાવવા લઇ જવા સગવડ ઉભી

થનાર છે.

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૯૪ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓકટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને કયારે મળી,

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓકટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકૂફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| **ઠરાવની વિગતો** | **કરાયેલ કાર્યવાહી** |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત | ૧.ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એકટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવ વનરચિત ગાંધીનગર મ્યુનિસપલ કોર્પોરેશન માટે સ્ટાફ / સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ ‘‘મહાત્મા મંદિર’’ નું નામ બદલવા બાબત. | ૪.‘‘મહાત્મા મંદિર’’ ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો**

૩૧૨૩૬ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

પૂજ્ય ગાંધીજીએ સાબરમતી આશ્રમ અમદાવાદથી દાંડી સુધી કરેલ દાંડીકૂચ દરમ્યાન જે જે ૨૧ સ્થળોએ રાત્રી રોકાણ કરેલ છે તે પૈકી નીચે મુજબના આણંદ જિલ્લાના પ્રવાસન સ્થળનો વિકાસ કરવા માટે સમાવેશ કરવામાં

આવેલ છે.
૧. આણંદ
૨. બોરસદ
૩. કંકાપુરા

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની યોજના છે.
૧. આણંદ – સાઇનેઝીસ, સ્મારકની સફાઇ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ
૨. બોરસદ – સાઇનેઝીસ, સ્મારકની સફાઇ, તથા બિલ્ડીંગનું રંગકામ
૩. કંકાપુર – સાઇનેઝીસ, સ્મારકની સફાઇ, તથા બિલ્ડીંગનું રંગકામ, લાઇબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવીનીયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઇટ મ્યુઝીયમ, ઓડીયો વિઝ્યુઅલ, ફુડ કાફેટેરીઆ, પંદર ગેસ્ટ રૂમની વ્યવસ્થા પુરી પાડવામાં આવનાર છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નાણાં ફાળવવામાં આવેલ નથી.

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) કંકાપુરા ખાતેની કામગીરી પ્રગતિમાં છે જે અન્વયે રૂપિયા ૨૧૨.૬૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## ઉકાઈ પૂર્ણા હાઈલેવલ કેનાલની કામગીરી

૩૧૨૬૧ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ઉકાઈ પૂર્ણા હાઈલેવલ કેનાલની કામગીરી કયા તબક્કામાં છે, | (૧) ૮૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે બાકી રહેલ માટીકામ અને સ્ટ્રકચર્સની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કેનાલનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું હતુ અને ક્યારે પૂર્ણ કરવાનું હતુ, અને | (૨) વર્ષ ૧૦–૨૦૦૫માં શરૂ કરવામાં આવેલ અને વર્ષ ૩–૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. પરંતુ જમીન સંપાદન ઉંડાઈમાં પથ્થરમાં ખોદાણ કરવાનું હોવાથી પથ્થર બ્લાસ્ટીંગ કરવા અને મટીરીયલ ડમ્પ કરવા સામે ગ્રામજનોના વિરોધ વગેરે કારણોસર આયોજન મુજબ પ્રગતિ કરી શકાયેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કેનાલની કામગીરીમાં કેટલો ખર્ચ થયો? | (૩) ` ૯૧.૮૦ કરોડ. |

## ભાવનગર જિલ્લામાં વરતેજ ટી. પી. સ્કીમ–૪ મંજુર કરેલ દરખાસ્ત

૩૧૬૬૬ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૧૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના વરતેજ ટી. પી. સ્કીમ નં. ૪ સરકારમાં મંજુર કરવા માટેની દરખાસ્ત હાલ કયા તબક્કે છે, અને | (૧) નગર રચના અધિકારી પાસે. |
| (૨) આ યોજનાને મંજુરી આપવામાં વિલંબ માટેના કારણો શા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## કચ્છ જિલ્લામાં કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે કેન્દ્ર સરકારે મંજૂર કરેલ યોજના

તા.૨૯મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

૩૧૨૭૬ **શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી (માંડવી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ યોજના મંજુર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**નસવાડી તાલુકામાં પીવાનું પાણી પુરૂ પાડવા જૂથ યોજનાઓનું આયોજન**

૩૧૨૨૦ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પીવાનું પાણી પુરૂ પાડવા માટે જુથ યોજનાઓનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ જુથ પાણી પુરવઠા યોજનાની ઉક્ત સ્થિતિએ છેલ્લી પરિસ્થિતિ શું છે? | (૧) અને (૨) નસવાડી તાલુકામાં ૧૧૬ ગામો અને ૯ નર્મદા વસાહતોનો સમાવેશ કરતી નસવાડી જુથ પાણી–પૂરવઠા યોજનાનું આયોજન કરેલ છે. જેના ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરેલ છે. |

---------

**બોટાદ નગરપાલિકા માટે શહેરી વિકાસ યોજના ભૂગર્ભ યોજના પ્રોજેક્ટ**

૩૧૩૨૭ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ બોટાદ નગરપાલિકા માટે રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ ગટર યોજના માટે કુલ કેટલી રકમના પ્રોજેક્ટ મંજૂર થયેલ છે, અને | (૧) ` ૪૩.૭૬ કરોડનો પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) સુઅર કલેકટીંગ સીસ્ટમ, ટ્રાન્સમીશન મેઈન, પમ્પીંગ સ્ટેશનથી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધીના કામો માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે પૈકી ડ્રેનેજ કલેકટીંગ સીસ્ટમનું કામ ૫૨% જેટલું થયેલ છે અને કામ પ્રગતિમાં છે. |

---------

**ઉકાઈ પૂર્ણા હાઈલેવલ કેનાલની કામગીરી**

૩૧૨૬૦ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ઉકાઈ પૂર્ણા હાઈલેવલ કેનાલની કામગીરી કયા તબક્કામાં છે, | (૧) ૮૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે બાકી રહેલ માટીકામ અને સ્ટ્રકચર્સની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કેનાલનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું હતું અને ક્યારે પૂર્ણ કરવાનું હતુ, અને | (૨) વર્ષ ૧૦–૨૦૦૫માં શરૂ કરવામાં આવેલ અને વર્ષ ૩–૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. પરંતુ જમીન સંપાદન ઉંડાઇમાં પથ્થરમાં ખોદાણ કરવાનું હોવાથી પથ્થર બ્લાસ્ટીંગ કરવા અને મટીરીયલ ડમ્પ કરવા સામે ગ્રામજનોના વિરોધ વગેરે કારણોસર આયોજન મુજબ પ્રગતિ કરી શકાયેલ નથી. |

(૩) ઉક્ત સ્થિતિએ આ કેનાલની કામગીરીમાં કેટલો ખર્ચ થયો?

(૩) ` ૯૧.૮૦ કરોડ.

**ગાંધીનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ વહીવટી દરજ્જો સોંપવા માટેની દરખાસ્તો**

૩૦૮૮૩ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને તમામ સત્તાઓ, ફરજો, કાર્યો, સંપૂર્ણ વિભાગનો વહીવટી દરજ્જો સોંપવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલી દરખાસ્તો ક્યારે સરકારને મળી, અને

(૨) સરકારને મળેલ દરખાસ્તો અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ દરજ્જો અપાશે ?

**જવાબ**

(૧) ગાંધીનગર મહાનગરપાલિકા, કાયદા મુજબ રચાયેલ સ્વાયત સંસ્થા હોઈ, જીપીએમસી એક્ટ, ૧૯૪૯ અન્વયે તેઓ કાર્યવાહી કરી શકે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મહુવા તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ મંજૂર થયેલ કામ**

૩૧૨૮૨ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકાના ગામડાઓમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા સ્વજલધારા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા ગામોમાં કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કયા કયા ગામોનાં કામો ઉક્ત સ્થિતિએ બાકી છે, અને કેટલા પૂર્ણ થયા છે,

(૩) આ બાબતે કેટલી રકમની ગ્રાન્ટ વાપરવામાં આવી, અને

(૪) બાકી રહેલા કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરવામાં આવેલ, પૂર્ણ કરવામાં આવેલ અને બાકી કામોની ગામવાર વિગતો સામેલ ***પરિશિષ્ટમાં** આપેલ છે.

(૩) ` ૧૮૬.૮૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૪) ડિસેમ્બર– ૨૦૧૩ સુધીમાં બાકી રહેલ કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

***પરિશિષ્ટ**

| ક્રમ | ગામનું નામ | યોજનાની તા. ૩૧–૧૨–૨૦૧૧ નાં રોજની સ્થિતિ | | | |
|---|---|---|---|---|---|
| | | પૂર્ણ | પ્રગતિ | બાકાત | બાકી |
| ૧ | કળસાર | – | પ્રગતિ | – | |
| ૨ | સાલોલી | પૂર્ણ | – | – | |
| ૩ | સરેરા | પૂર્ણ | – | – | |
| ૪ | કુંભણ | – | પ્રગતિ | – | |
| ૫ | નેસવડ | – | પ્રગતિ | – | |
| ૬ | દેવળીયા | – | પ્રગતિ | – | |
| ૭ | નાના આસરાણા | પૂર્ણ | – | – | |
| ૮ | સમઢીયાળા પટ્ટી | – | પ્રગતિ | – | |
| ૯ | નાની જાગધાર | પૂર્ણ | – | – | |
| ૧૦ | રોહિસા | – | પ્રગતિ | – | |
| ૧૧ | તરેડી | – | પ્રગતિ | – | |
| ૧૨ | મોટા માલપરા | – | પ્રગતિ | – | |
| ૧૩ | કસાણ | – | પ્રગતિ | – | |
| ૧૪ | જાંબુડા | – | પ્રગતિ | – | |
| ૧૫ | દયાળ | – | પ્રગતિ | – | |
| ૧૬ | સથરા | – | – | – | લોક ફાળો ન થવાનાં કારણે કામ શરૂ થવાનું બાકી |
| ૧૭ | માળવાવ | – | પ્રગતિ | – | |
| ૧૮ | ઘરાઈ | – | પ્રગતિ | – | |
| ૧૯ | ટીટોડીયા | – | પ્રગતિ | – | |
| ૨૦ | વાવડી | – | પ્રગતિ | – | |
| ૨૧ | ભાદ્રોડ | – | પ્રગતિ | – | |
| ૨૨ | મોટી વડાળ | – | પ્રગતિ | – | |
| ૨૩ | લીલવણ | – | – | બાકાત | |

| ક્રમ | ગામનું નામ | યોજનાની તા. ૩૧–૧૨–૨૦૧૧ નાં રોજની સ્થિતિ | | | |
|---|---|---|---|---|---|
| | | પૂર્ણ | પ્રગતિ | બાકાત | બાકી |
| ૨૪ | નાના પીપળવા | – | – | બાકાત | |
| ૨૫ | કળમોદર | – | – | બાકાત | |
| ૨૬ | તલગાજરડા | – | – | બાકાત | |
| ૨૭ | કણકોટ | – | – | બાકાત | |
| ૨૮ | કિકરીયા | – | પ્રગતિ | – | |
| ૨૯ | કંટાસર | – | પ્રગતિ | – | |
| ૩૦ | ઉગલવાણ | – | – | – | લોક ફાળો ન થવાનાં કારણે કામ શરૂ થવાનું બાકી |
| ૩૧ | થોરાળા | – | પ્રગતિ | – | |
| | કૃષ્ણપુરા (થોરાળા) | – | – | બાકાત | |
| | **કુલ** | **૪** | **૨૦** | **૫–ગામ ૧– ૫૩** | ૨ |

## ધોળકા નગરપાલિકાને પીવાના પાણીની પાઈપો ખરીદવા ફાળવેલ રકમ

૩૧૨૯૧ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધોળકા નગરપાલિકાને પીવાના પાણીની પાઈપો ખરીદવા રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવી, અને

(૨) ફાળવેલ રકમમાંથી કેટલી પાઈપોની ખરીદી કેટલા ખર્ચે કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નગરપાલિકાને પીવાના પાણીની પાઈપો ખરીદવા રાજ્ય સરકારે અલગથી કોઈ રકમ ફાળવેલ નથી. પરંતુ રાજ્ય સરકારે એસ.જે.એમ.એમ.વી.વાય. અંતર્ગત અત્યાર સુધીમાં

` ૭૮૪.૪૮ લાખ ફાળવેલ છે.

(૨) એસ.જે.એમ.એમ.એસ.વી.વાય. હેઠળ નીચે મુજબની પાઈપો ખરીદવામાં આવેલ છે.

(૧) એચ.ડી.પી.ઈ.પાઈપ– ૬૩.૬૬ કિ.મી.

(૨) ડી.આઈ. પાઈપ –૧૭.૭૭ કિ.મી. અને તા. ૩૧–૦૧–૨૦૧૨ સુધીમાં ` ૪૫૫.૧૫ લાખનો ખર્ચ પાઈપો માટે થયેલ છે.

## મહેસાણા જિલ્લામાં ઉંડા કરેલ તળાવો

૩૧૩૧૯ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને તેના માટે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

| તળાવોની સંખ્યા | ખર્ચ ` લાખમાં |
|---|---|
| ૮૫ | ` ૪૪૫.૮૦ |

## રાજકોટ જિલ્લામાં તળાવો ઉંડા કરવા પાછળ કરેલ ખર્ચ

૩૦૪૪૬ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા કયા ગામના તળાવો ઉંડા કરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

* **પત્રક** મુજબ ગામવાર તળાવ ઉંડા કરવા પાછળ કુલ ખર્ચ

` ૧૩૯.૯૧ લાખ થયેલ છે.

*** પત્રક**

| ક્રમ નં. | ગામનું નામ | ખર્ચ ` લાખ | | ક્રમ નં. | ગામનું નામ | ખર્ચ ` લાખ |
|---|---|---|---|---|---|---|
| તાલુકો –ધોરાજી | | | | તાલુકો – મોરબી | | |
| ૧ | ભાદાજાળીયા | ૨.૮૬ | | ૧૯ | નીચી માંડલ | ૦.૯૪ |
| ૨ | નાની મારડ | ૨.૭૪ | | ૨૦ | ઉંચી માંડલ | ૧૧.૭૪ |
| ૩ | હડમતીયા | ૩.૭૫ | | ૨૧ | સનાળા | ૧૦.૬૯ |
| | **કુલ** | **૯.૩૫** | | ૨૨ | જેતપર | ૭.૬૮ |
| તાલુકો – જસદણ | | | | ૨૩ | બેલા | ૭.૦૨ |
| ૪ | ભંડારીયા (આઘીયા તળાવ) | ૬.૯૫ | | ૨૪ | ગાલા | ૩.૨૭ |
| ૫ | ભંડારીયા (ખારી તળાવ) | ૧૮.૧૮ | | | **કુલ** | ૪૧.૩૪ |
| ૬ | કમળાપુર (પોરણીયા તળાવ) | ૧૩.૧૫ | | તાલુકો –માળીયા (મી) | | |
| ૭ | જશાપર | ૯.૫ | | ૨૫ | કુંતાસી | ૪.૧૩ |
| ૮ | ઝુંડાણા | ૮.૪૬ | | ૨૬ | સરવળ | ૩.૪ |
| ૯ | કમળાપુર (કુંદણી સિમાડાનું તળાવ) | ૫.૧૭ | | | **કુલ** | ૭.૫૩ |
| ૧૦ | આટકોટ | ૫. | | તાલુકો –ટંકારા | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ | ૬૬.૪૧ | | ૨૭ | નેશડા (સુ) | ૦.૪૭ |
| તાલુકો –જેતપુર | | | | ૨૮ | સરાયા | ૦.૨૬ |
| ૧૧ | સરધારપુર (હરિજન વાસવાળુ તળાવ) | ૩.૨૭ | | ૨૯ | જબલપુર | ૧.૧૮ |
| ૧૨ | સરધારપુર (કોબા હનુમાનવાળુ તળાવ) | ૨.૯૮ | | ૩૦ | બિલીયા | ૦.૧૧ |
| ૧૩ | જુની સાંકળી | ૨.૭૭ | | ૩૧ | કોઠારીયા | ૨.૭૪ |
| ૧૪ | ડેડરવા | ૨.૫૫ | | | **કુલ** | ૪.૭૬ |
| ૧૫ | વાડાસડા | ૫.૫૩ | | તાલુકો –વાંકાનેર | | |
| ૧૬ | ખીરસરા | ૨.૫૭ | | ૩૨ | મહિકા | ૫.૮ |
| ૧૭ | પેઢલા | ૨.૬૮ | | | **કુલ** | ૫.૮ |
| ૧૮ | થોરાળા | ૨.૩૭ | | | | |
| | **કુલ** | **૨૪.૭૨** | | | **ગ્રાન્ડ ટોટલ** | **૧૩૯.૯૧** |

**અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા બાબત**

૩૧૨૫૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા માટે રાજ્ય સરકારની મદદ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ગુજરાતી સમાજોને કેટલી રકમની સહાય કરેલ છે ? | (૨) કુલ ૨(બે) સમાજોને ` ૮,૮૬,૬૨૫ /– ની સહાય કરવામાં આવેલ છે. |

**અમદાવાદ મહાનગરપાલિકામાં ગરીબ કલ્યાણ મેળામાં સહાય ચૂકવવા બાબત**

૩૧૩૨૮ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા ગરીબોને શહેરી વિકાસ વિભાગ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી સહાય ચુકવવામાં આવી? | ` ૬૮૯.૯૨ લાખ. |

**અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા બાબત**

૩૧૨૫૧ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય બિનનિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા માટે રાજય સરકારીની મદદ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ગુજરાતી સમાજોને કેટલી રકમની સહાય કરેલ છે. | (૨) કુલ ૨(બે) સમાજોને ` ૮,૮૬,૬૨૫ /– ની સહાય કરવામાં આવેલી છે. |

**અમદાવાદ જિલ્લામાં બી.આર.ટી.એસ. યોજનામાં કરેલ ખર્ચ**

૨૯૯૩૫ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરમાં અમલી બનાવાયેલ બી.આર.ટીએસ. યોજના પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) ` ૪૭૬.૮૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો, જેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે. |

| નાણાંકીય વર્ષ | થયેલ ખર્ચ (` કરોડમાં) |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ૨૩૭.૯૦ |
| ૨૦૧૦–૧૧ | ૧૩૨.૦૭ |
| ૨૦૧૧–૧૨ (ડિસેમ્બર–૨૦૧૧ સુધી) | ૧૦૬.૮૫ |
| **કુલ** | **૪૭૬.૮૨** |

(૨) આ યોજના માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી કેટલી રકમ આપવામાં આવી ?

(૨) કેન્દ્ર સરકાર તરફથી ` ૧૯૮.૧૦ કરોડ અને રાજય સરકાર તરફથી `૧૦૯.૫૭ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા કાર્યક્રમોનું આયોજન**

૩૧૨૮૮ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજયમાં બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કાર્યક્રમોનું ક્યારે ક્યારે આયોજન કરવામાં આવ્યું, અને

(૨) બિન નિવાસી ગુજરાતી પ્રભાગમાં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા સભ્યોની નોંધણી થયેલ છે ?

**જવાબ**

(૧) **૧૮ (અઢાર)**

(૧) તા. ૮–૪–૨૦૧૦ થી તા. ૧૦–૪–૨૦૧૦
(૨) તા. ૫–૪–૨૦૧૦ થી તા. ૧૯–૪–૨૦૧૦.
(૩) તા. ૮–૪–૨૦૧૦ થી તા. ૧૧–૪–૨૦૧૦.
(૪) તા. ૧૦–૪–૨૦૧૦ થી તા. ૧૪–૪–૨૦૧૦.
(૫) તા. ૩–૪–૨૦૧૦ થી તા. ૫–૪–૨૦૧૦.
(૬) તા. ૨–૪–૨૦૧૦ થી તા. ૬–૪–૨૦૧૦.
(૭) તા. ૫–૪–૨૦૧૦ થી તા. ૭–૪–૨૦૧૦
(૮) તા. ૧૦–૪–૨૦૧૦ થી તા. ૧૩–૪–૨૦૧૦.
(૯) તા. ૭–૪–૨૦૧૦ થી તા. ૧૦–૪–૨૦૧૦.
(૧૦) તા. ૫–૪–૨૦૧૦ થી તા. ૧૦–૪–૨૦૧૦.
(૧૧) તા. ૮–૪–૨૦૧૦ થી તા. ૧૨–૪–૨૦૧૦.
(૧૨) તા. ૨–૪–૨૦૧૦ થી તા. ૫–૪–૨૦૧૦
(૧૩) તા. ૭–૪–૨૦૧૦ થી તા. ૧૧–૪–૨૦૧૦
(૧૪) તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૫–૪–૨૦૧૦.
(૧૫) તા. ૩૦–૪–૨૦૧૦
(૧૬) તા. ૨–૧–૨૦૧૧ થી તા. ૪–૧–૨૦૧૧.
(૧૭) તા. ૩૦–૪–૨૦૧૧
(૧૮) તા. ૨૯–૧૨–૨૦૧૧

(૨) બિન નિવાસી ગુજરાતી પ્રભાગ એ ગુજરાત બહાર (દેશમાં અને વિદેશમાં) વસતાં તમામ ગુજરાતીઓ માટેનો છે. જેથી સભ્યોની અલગથી નોંધણી કરવામાં આવતી નથી. બિન–નિવાસી ગુજરાતીઓ સાથે વધુ સારી રીતે સંપર્ક સ્થાપિત કરી શકાય તે હેતુથી તેમનો ડેટાબેઝ તૈયાર કરવાની કાર્યવાહી થાય છે.

**પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૩૧૩૧૩ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથિમક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે,

(૨) તે પૈકી ક્યા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી કયાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબની રકમ મંજુર કરવામાં આવેલ છે.

| અ. નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | ગાડીયા | ` ૫૦.૦૦ લાખ |
| ૨ | મીરપ | ` ૫૦.૦૦ લાખ |

(૨) ઉક્ત બાંધકામ ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું રહેશે.

(૩) ટેન્ડર મંજુર થયેથી બાંધકામ ૧૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**ધારતરવાડી–૧ સિંચાઈ યોજનામાં ઘાંડબા–ભાક્ષી ગામને જોડતા સુરજવડી નદી ઉપરના બ્રીજના કામની માંગણી**

૩૧૨૬૪ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધારતરવાડી–૧ સિંચાઈ યોજનામાં પુનઃવસન પામેલ અસરગ્રસ્ત ઘાંડલા–ભાક્ષી ગામને જોડતા સુરજવડી નદી ઉપરના બ્રીજના કામ માટે ૨૦૧૨ની સ્થિતિએ ૨ વર્ષમાં કોઈ માંગણી આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી કરાયેલ છે, અને<br>(૩) અસરગ્રસ્ત ઘાંડલા–ભાક્ષીને જોડતો બ્રીજ બનાવવા શું આયોજન છે? | (૨) અને (૩) આ કામના ` ૪૭.૭૯ લાખના અંદાજોને વહીવટી મંજૂરી આપી, ટેન્ડર મંજૂર કરવામાં આવેલ છે. |

**અમદાવાદ શહેરમાં બી.પી.એલ. લાભાર્થી નોંધણી**

૩૧૧૭૪ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી તરીકે નોંધણી કરાવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) અમદાવાદ શહેરમાં પ્રાથમિક કુટુંબોની યાદી અને પુરક યાદી મળીને કુલ ૨,૨૨,૬૯૦ કુટુંબોની બી.પી.એલ. યાદી નવેમ્બર, ૨૦૧૧ માં પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ પ્રક્રિયાના કારણે તથા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી તરીકે નોંધણી કરાવવા ૩૦ અરજીઓ આવી હતી. જે વાંધા અરજીઓ મંગાવવાના નિયત સમયગાળા એટલે કે તા. ૧૧–૦૬–૨૦૦૯ થી ૩૦–૬–૨૦૦૯ બાદ મળેલ હોવાથી દફતરે કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ઉપર મુજબ. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ઉપર મુજબ. |

**ગાંધીનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ વહીવટી દરજ્જો સોંપવા માટેની દરખાસ્તો**

૩૦૮૭૮ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને તમામ સત્તાઓ, ફરજો, કાર્યો, સંપૂર્ણ વિભાગનો વહીવટી દરજ્જો સોંપવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલી દરખાસ્તો ક્યારે સરકારને મળી, અને | (૧) ગાંધીનગર મહાનગરપાલિકા, કાયદા મુજબ રચાયેલ સ્વાયત સંસ્થા હોઈ, જીપીએમસી એક્ટ, ૧૯૪૯ અન્વયે તેઓ કાર્યવાહી કરી શકે છે. |
| (૨) સરકારને મળેલ દરખાસ્તો અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ દરજ્જો અપાશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પાટણ જિલ્લામાં ઉંડા કરેલ તળાવો**

૩૧૩૪૯ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને | (૧) ૨૨ તળાવો. |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂા. ૧૨૪.૭૪ લાખ. |

**અમદાવાદને નર્મદાનું પાણી પૂરૂ પાડવા બાબત**

૨૯૯૫૪ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ અમદાવાદ | (૧) અમદાવાદ શહેરને કુલ ૯૧ કરોડ લીટર દૈનિક |

શહેરને પીવાનું પાણી પૂરૂ પાડવા માટે નર્મદાનું કેટલું પાણી આપવામાં આવે છે, અને

(૯૧૦ એમ.એલ.ડી) પાણીનો જથ્થો નર્મદા યોજનામાંથી પુરો પાડવામાં આવે છે.

(૨)દૈનિક પાણીના જથ્થામાં સરકાર વધારો કરવા માંગે છે કે કેમ?

(૨) વધારાના પાણી માટે માંગણી આવેથી વિચારણા કરવામાં આવશે.

**કપડવંજ તાલુકાના આત્રોલીમાં જુથ પાણી પુરવઠા યોજનાનું પાણી દક્ષિણ ઝોનમાં ન મળવા બાબત**

૨૮૮૭૭ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કપડવંજ (અત્રોલી) જુથ પાણી પુરવઠા યોજનાનું પાણી દક્ષિણ ઝોનના વિસ્તારોમાં મળતું નથી એ સરકારશ્રીના ઘ્યાને છે, અને

(૨) જો હા, તો ઉક્ત વિસ્તારને તે યોજનાનું પાણી ક્યાં સુધીમાં પૂરૂ પાડવામાં આવશે?

**જવાબ**

(૧) કપડવંજ દક્ષિણ ઝોન જૂથ પાણી પુરવઠા યોજનામાં ૨૦૨ ગામ/પરા પૈકી હાલમાં ૧૨૧ ગામ/પરાને આ જૂથ યોજના દ્વારા પાણી પૂરૂ પાડવામાં આવે છે. તથા સાયફન ક્રોસીંગ મંજૂરીની કાર્યવાહી ચાલુ હોવાથી ૫૧ ગામ/પરાને હયાત રવદાવત જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પૂરૂ પાડવામાં આવે છે. ૧૩ ગામ/પરા પાવર કનેકશન મળ્યેથી જોડાઈ જશે જ્યારે ૧૭ ગામ પરાને નેશનલ હાઈવેની કામગીરી ચાલુ હોવાથી અસર પામેલ છે. કામગીરી પૂર્ણ થયે જોડાઈ જશે.

(૨) તબક્કાવાર તા. ૩૦–૦૬–૨૦૧૨ સુધીમાં પાણી પૂરૂ પાડવાનું આયોજન છે.

**બનાસકાંઠા જિલ્લામાં વાજપાઈ નગર વિકાસ યોજનાની નગરપાલિકાઓને ચૂકવેલ રકમ**

૩૧૩૨૬ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અન્વયે બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓના કેટલી રકમ ચૂકવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮–૦૯ સુધીમાં કુલ રૂા. ૧૦.૭૦ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં કોઈ રકમ ચૂકવવાની બાકી રહેતી ન હોવાથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ખંડ–૧ની માહિતી મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**બનાસકાંઠા જિલ્લામાં ઉંડા કરેલ મોટા તળાવો**

૩૧૨૯૯ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા મોટા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૨૨ – તળાવો.

(૨) રૂા. ૧૭૯.૪૮ લાખ.

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૮૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓકટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને કયારે મળી,

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓકટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ

કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકૂફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત | ૧.ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસપલ કોર્પોરેશન માટે સ્ટાફ / સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ ''મહાત્મા મંદિર'' નું નામ બદલવા બાબત | ૪.''મહાત્મા મંદિર'' ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જામનગર જિલ્લામાં અછત રાહતમાં બનેલા તળાવો**

૩૧૩૪૨ **શ્રી મેઘજીભાઈ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં અગાઉના વર્ષોમાં અછત રાહતમાં બનેલા કેટલા તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવાની કામગીરી કરવામાં આવી,

(૨) આની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આનાથી કેટલા વિસ્તારને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ ૧૬૫, વર્ષ ૨૦૧૦–૧૧માં ૫૩ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં ૧૭ અછત રાહતમાં બનેલા તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવાની કામગીરી કરવામાં આવી.

(૨) ઉપરોક્ત અછત રાહતના તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવાનો ` ૯૨૪.૮૭ લાખનો ખર્ચ થયો.

(૩) આ તળાવોથી ૩૫૨૫ હેક્ટર સિંચાઈની આડકતરી સુવિધા ઉપલબ્ધ થઈ.

**લીંબડી તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ યોજનાઓ**

૩૧૨૯૦ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાનાં લીંબડી તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૬ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) ` ૭૫.૮૧ લાખ ફંડ પાણી સમિતિઓને ફાળવવામાં આવેલ છે.

**બહુચરાજી મંદિરના પરિસરના વિકાસની યોજના**

તા.૨૬મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

૩૧૪૦૪ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બહુચરાજી મંદિર અને પરિસરના વિકાસ અંગે શી યોજના કરવામાં આવી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બહુચરાજી મંદિર અને તેના પરિસરના વિકાસ અંગે નીચે મુજબની યોજના કરવામાં આવી છે.<br>શ્રીફળ સ્થળ, માનસરોવર પેવેલીયન, અદ્યતન ચૌલ ક્રિયા (બાબરી) ભવન, માનસરોવર સંકુલનો વિકાસ, ગાર્ડન લેન્ડ સ્કેપીંગ તથા કમ્પાઉન્ડ વોલ, કંકુ થાપા–ગૌમુખ, માનસરોવર કુંડનો જીર્ણોધ્ધાર, ફુવારાનું સિવીલ વર્ક, મંદિર તથા માનસરોવર સંકુલમાં હાઈમાસ્ટ ટાવર મોડલ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટ, નવીન ભોજન શાળા (અન્નપૂર્ણા ભવન), મારબલ ફ્લોરીંગ, પાણી સંગ્રહની યોજના અને બાંધલીયુ તળાવ ઉંડું કરવાનું કામ, મોડલ રોડ જેવી કામગીરીનો સમાવેશ થાય છે.<br>આ ઉપરાંત બહુચરાજી સ્થળના વિકાસ માટે પણ નીચે મુજબની યોજના કરવામાં આવી છે.<br>આ માટે આર્કીટેકની પસંદગી કરી, તેમની પાસેથી કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરી, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. આ માટે તા. ૧૨–૫–૨૦૧૧ થી ` ૧૫૩૬/– લાખની કામગીરીનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. હાલ આ કરામગીરી પ્રગતિમાં છે. જે માટે ` ૩૨૪/– લાખનો ખર્ચ થયેલ છે. બહુચરાજી ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસમાં એરાઈવલ પ્લાઝા, પરિક્રમા પથ, દિવાલનું રીસ્ટોરેશન, ફૂડ કોર્ડ, પ્રસાદ માટેની દુકાનો, ટોયલેટ બ્લોક, ઈન્ટરનલ પાથવે, કમ્પાઉન્ડ વોલ, એન્ટ્રી ગેટ, પાર્કીંગ, લાઈટીંગ વર્ક, ગાર્ડનીંગ સેન્ટર પેવેલિયન જેવી કામગીરીનો સમાવેશ થાય છે. |
| (૨) આ કામગીરી હાલ કયા તબક્કે છે, અને તે ક્યારે પૂર્ણ થવાનું આયોજન છે ? | (૨) હાલમાં આ કામગીરી પ્રગતિમાં છે. શક્ય તેટલી વહેલી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**રાજ્ય સરકારે સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાંટ પેટે નગરપાલિકાઓને ચૂકવેલ રકમ**

૩૧૩૯૨ **શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ–૧) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમ સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાંટ તરીકે નગરપાલિકાઓને ચૂકવેલ છે ? | તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સફાઈ વેરા પ્રોત્સાહક ગ્રાંટ તરીકે રાજ્ય સરકારે ` ૩૧,૦૮,૬૯,૭૯૮ /– (અંકે રૂપિયા એકત્રીસ કરોડ આઠ લાખ ઓગણોસિત્તેર હજાર સાતસો અઠાણું પુરા)ની રકમ નગરપાલિકાઓને ચુકવેલ છે. |

**સાબરકાંઠા જિલ્લામાં પ્રાથિમક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૩૧૩૧૫ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, | (૧) સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧–૧૨–૧૧ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની રકમ મંજુર કરવામાં આવેલ છે. |

| અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | મંજુર થયેલ રકમ |
|---|---|---|
| ૧ | જશવંતગઢ | ` ૫૦.૦૦ લાખ |

| | |
|---|---|
| (૨) આ પૈકી ક્યા ક્યા સ્થળોએ બાંધકામ હાથ | (૨) ઉક્ત બાંધકામ ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરુ |

ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

કરવાનું આયોજન છે.

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) ટેન્ડર મંજુર થયેથી બાંધકામ ૧૨ માસમાં પુર્ણ કરવાનું આયોજન છે.

### લીંબડી તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ યોજના

૩૧૨૮૯ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાનાં લીંબડી તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૬ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) ` ૭૫.૮૧ લાખ ફંડ પાણી સમિતિઓને ફાળવવામાં આવેલ છે.

### પાટણ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ

૩૧૨૨૪ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે,

(૨) તે પૈકી ક્યા ક્યા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબની રકમ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | મંજુર થયેલ રકમ |
|---|---|---|
| ૧ | અધાર | ` ૫૦.૦૦ લાખ |
| ૨ | ભાટસણ | ` ૫૦.૦૦ લાખ |
| ૩ | ખોડાણા | ` ૫૦.૦૦ લાખ |
| ૪ | સાંપ્રા | ` ૫૦.૦૦ લાખ |
| ૫ | ધીણોજ | ` ૫૦.૦૦ લાખ |
| ૬ | દુનાવાડા | ` ૫૦.૦૦ લાખ |
| ૭ | પચકવાડા | ` ૫૦.૦૦ લાખ |

(૨) ઉક્ત બાંધકામો ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરુ કરવાનું આયોજન છે.

(૩) ટેન્ડર મંજુર થયેથી બાંધકામ ૧૨ માસમાં પુર્ણ કરવાનું આયોજન છે.

### ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત

૩૦૮૯૩ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર–૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદ જીલ્લામાં મંજુર કરેલ ઉંડા તળાવો

૩૦૪૪૧ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા તળાવો ઉંડા કરવા માટે મંજુરી આપવામાં આવી અને તે માટે કેટલી રકમનું આયોજન હતું,

(૧) પત્રક મુજબ

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | તળાવની સંખ્યા | ખર્ચની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | માંડલ | ૨ | ૧૫.૩૬ |
| ૨ | વિરમગામ | ૪ | ૧૯.૩૭ |
| ૩ | દેત્રોજ | ૨ | ૧૨.૯૭ |
| ૪ | દસ્ક્રોઈ | ૮ | ૮૪.૭૨ |

(૩) બાકીના મંજુર થયેલ તળાવો ઉંડા ન કરવાના શાં કારણો છે, અને

(૩) અગાઉના બે વર્ષમાં મંજુર થયેલા બધા તળાવો પુર્ણ કરવામાં આવેલ છે, ચાલુ વર્ષે મંજુર થયેલાં તળાવોમાં પાણી હોવાના કારણે.

(૪) બાકીના તળાવો ક્યારે ઉંડા કરવામાં આવશે ?

(૪) ટેન્ડર મંગાવી તબક્કાવાર પુર્ણ કરવામાં આવશે.

**પત્રક**

| અ. નં. | તાલુકાનું નામ | મંજુર થયેલ તળાવોની સંખ્યા | મંજુરીની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | સાણંદ | ૯ | ૮૫.૦૫ |
| ૨ | બાવળા | ૪ | ૩૧.૪૦ |
| ૩ | ધોળકા | ૬ | ૭૦.૦૦ |
| ૪ | બરવાળા | ૩ | ૨૦.૫૦ |
| ૫ | ધંધુકા | ૧ | ૬.૯૩ |
| ૬ | માંડલ | ૬ | ૬૯.૫૨ |
| ૭ | વિરમગામ | ૧૧ | ૧૩૩.૪૦ |
| ૮ | દેત્રોજ | ૩ | ૩૦.૩૮ |
| ૯ | દસ્ક્રોઈ | ૧૭ | ૨૫૬.૭૭ |

**બોરસદ તથા આંકલાવ તાલુકાની ક્ષારવાળી જમીન**

૨૯૯૩૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તથા આંકલાવ તાલુકાના કયા કયા ગામોની જમીન ક્ષારવાળી છે, અને

(૨) આ ક્ષારવાળી જમીનને ફળદ્રુપ કરવા રાજ્ય સરકાર દ્વારા આડબંધ બાંધવાની કામગીરી હાલ કયા તબક્કે છે અને ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તથા આંકલાવ તાલુકાના ગામોની યાદી

| અ.નં. | બોરસદ તાલુકો | આંકલાવ તાલુકો |
|---|---|---|
| ૧ | સારોલ | નવાપુરા |
| ૨ | દહેવાણ | નારપુરા |
| ૩ | અંબેરાવપુરા | દેવાપુરા |
| ૪ | બદલપુર | નાની સંખ્યાડ |
| ૫ | કંકાપુર | મોટી સંખ્યાડ |
| ૬ | ધનાવશી | ગંભીરા |
| ૭ | ડાલી | ઉમેટા |
| ૮ | વાલવોડ | બામણગામ |
| ૯ | પીપલી | |
| ૧૦ | કોઠીયાખાડ | |
| ૧૧ | પીલોદરા | |
| ૧૨ | ખેડાસા | |
| ૧૩ | ગાજણા | |

(૨) બોરસદ તાલુકાના બદલપુર પાસે મહી નદી ઉપર આડબંધ બાંધવા માટેનો શક્યતાદર્શી અહેવાલ વિચારણા હેઠળ છે.

**દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબપ્લાનમાં આરોગ્યક્ષેત્રે કામ કરતી સંસ્થાઓની સહાય માટેની અરજીઓ**

૨૫૦૭૧ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે કામ કરતી કેટલી સંસ્થાઓની ગ્રાન્ટ/સહાય માટે ટ્રાયબલ સબ પ્લાન, દાહોદમાં અરજીઓ આવી,

(૨) આ પૈકી કેટલી સંસ્થાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) આ સંસ્થાઓને કેટલી ગ્રાન્ટ/સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) ૪ (ચાર) સંસ્થાઓની કુલ ૧૬ અરજીઓ મંજુર કરવામાં આવી.

(૩) ` ૭૬,૮૫,૭૭૨/–

**રાજ્યમાં સ્કેલોરોડમાં નામનો રોગ**

૩૦૦૧૯ **શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧૫–૨–૨૦૧૧ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં ''સ્કેલોરોડમાં'' નામનો રોગ છે કે કેમ, અને

(૨) આરોગ્યના ઉપચારનાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) હા,જી.

(૨) હા, જી.

**અમદાવાદ જિલ્લામાં ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષાએ આવરી લેવાયેલ સામુહિક આરોગ્ય કેન્દ્રો**

૩૧૪૨૮ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા,<br>(૨) કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો બાકી છે, અને<br>(૩) બાકી રહેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકારે શાં પગલાં લીધા છે ? | (૧), (૨) અને (૩) અમદાવાદ જિલ્લાના ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી આ પહેલાં કુલ-૮ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ભૌતિક સુવિધાઓ પૂરી કરાઇ છે અને<br>• છેલ્લા બે વર્ષમાં બાકી રહેતાં ૪ (ચાર) સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ પ્રમાણે ભૌતિક સુવિધાઓ હેઠળ આવરી લેવામાં આવેલ છે. તેમજ<br>• ૭ (સાત) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સાધન સામગ્રી પુરી પાડવાનું આયોજન કરેલ છે.<br>• બાકીનાં ૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સાધન સામગ્રી પુરી પાડવાના બાકી છે. જે હવે વિચારણામાં લેવામાં આવશે.<br>• આની સાથોસાથ માનવ સંસાધન અને તાલીમ વગેરેની કાર્યવાહી હવે પછી હાથ ધરવામાં આવશે. |

### શ્રી અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે ફાળવેલ રકમ

૩૧૨૭૭ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ અને સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કેટલી રકમ, કયા કયા કામો માટે ફાળવવામાં આવી, | (૧) સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કયા કામ માટે કરવામાં આવ્યો | (૨) કોઇ ગ્રાન્ટ ફાળવેલ ન હોઇ ખર્ચ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના નાણાકીય ફંડમાંથી સદરહુ કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. |
| (૪) યાત્રાળુઓને આ વિકાસ કામો બાદ કયા કયા પ્રકારની સવલતો મળશે ? | (૪) યાત્રાળુઓ માટે ટોકન સિસ્ટમથી દર્શન વ્યવસ્થા, લગેજ અને પગરખા કેન્દ્ર, વેઈટીંગ લોન્જ, ફાઉન્ટેઇન, રેમ્પ, સ્ટોન કલેડીંગ, મંદિર સંકુલનું ફ્લોરીંગ, લાઈટીંગ, મંદિર સંકુલમાં ફાઇબર ડોમની જગ્યાએ કલાત્મક કોતરણીવાળા પથ્થરની કોરીડોર માટેની લાઇન વ્યવસ્થા, મહાનુભાવો માટે વેઈટીંગ રૂમ અને અન્ય યોગ્ય સુધારા વધારાની કામગીરી. |

### ધરમપુર અને કપરાડા તાલુકાના ગામોમાં પીવાના પાણીની અછત

૩૦૭૬૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના પીવાના પાણીની અછતવાળા કેટલા ગામો છે, અને | (૧) એક પણ નહી. |
| (૨) આ ગામોને પીવાનું પાણી નિયત રીતે મળે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના શહેરોમાં ઘન કચરાની નિકાલ વ્યવસ્થા

૩૧૩૫૪ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

સન ૨૦૧૧માં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ કયા કયા શહેરોમાં ઘન કચરાની નિકાલ વ્યવસ્થા અંગેના ડી.પી.આર. મંજુર થયેલ છે ?

સને ૨૦૧૧ની સ્થિતિએ (સને ૨૦૦૬થી ૨૦૦૯ દરમ્યાન) અંદાજીત ` ૨૧૧.૦૦ કરોડના કુલ ૪ કામો મંજુર થયેલ છે, અને આ કામો પ્રગતિ હેઠળ છે.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં પ્રવાસન ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૩૧૪૦૭ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સન –૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કેટલી કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કર્યા, અને

(૧) ૩૭૩.

(૨) તેમાં કેટલું મુડિરોકાણ થનાર છે ?

(૨) ` ૭૩,૮૬૮/– કરોડ (અંકે રૂપિયા તોતેર હજાર આઠસો અડસઠ કરોડ).

**અમરેલી જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમ**

૩૧૨૬૭ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા,

(૧) ૮૭ ચેકડેમો

(૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) ` ૪૪૮.૧૦ લાખ

(૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

(૩) ૮૪૮ હેકટર વિસ્તારને આડકતરી રીતે સિંચાઈનો લાભ મળશે.

**જૂનાગઢ જિલ્લામાં પુર નિયંત્રણ અને દરિયાઈ ધોવાણ અટકાવવા બાબત**

૨૯૯૪૫ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર પુર નિયંત્રણ અને દરિયાઈ પાણીથી થતું જમીનનું ધોવાણ અટકાવવા રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કયા કયા પગલાં લીધા અને તેની વિગતો શી છે, અને

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર પુર નિયંત્રણ કરી જમીનનું ધોવાણ થતું અટકાવવા માટે છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે કામગીરી થયેલ

| તાલુકાનું નામ | કામની સંખ્યા |
|---|---|
| માણાવદર | ૧૫ |
| જુનાગઢ | ૧૦ |
| તાલાલા | ૨૧ |
| માળીયા હાટીના | ૧૯ |
| સુત્રાપાડા | ૯ |
| વેરાવળ | ૯ |
| ઉના | ૬ |
| ભેંસાણ | ૯ |
| વિસાવદર | ૮ |
| મેંદરડા | ૧૩ |
| કેશોદ | ૧૮ |
| કોડીનાર | ૨ |
| વંથલી | ૬ |
| માંગરોળ | ૩ |
| કુલ | ૧૪૮ |

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨) ` ૯૮૧.૬૦ લાખનો ખર્ચ થવા પામેલ છે.

**બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાની વ્યવસાય વેરાની આવક**

૩૧૩૮૦ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લાની તા. ૩૧–૧૨–૨૦૧૧ની

(૧) બનાસકાંઠા જીલ્લાની નગરપાલિકાઓની વ્યવસાય

સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાની વ્યવસાય વેરાની કેટલી આવક થયેલ,

વેરાની આવકની તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ વાઈઝ વિગતો નીચે મુજબ છે.

` (લાખમાં)

| **ન.પા.નું નામ** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** | **કુલ** |
|---|---|---|---|---|
| ધાનેરા | ૧૧.૫૦ | ૧૧.૪૬ | ૧૩.૧૨ | ૩૬.૦૮ |
| પાલનપુર | ૪૯.૩૭ | ૩૭.૬૭ | ૫૨.૯૮ | ૧૪૦.૦૨ |
| ડીસા | ૪૦.૧૫ | ૩૬.૩૯ | ૪૭.૧૨ | ૧૨૩.૬૬ |
| થરા | ૪.૭૬ | ૩.૭૨ | ૨.૮૯ | ૧૧.૩૭ |
| થરાદ | ૬.૫૮ | ૨.૧૫ | ૨.૧૮ | ૧૦.૯૧ |
| ભાભર | ૫.૭૭ | ૫.૭૯ | ૬.૩૩ | ૧૭.૮૯ |

(૨) વ્યવસાય વેરો ભરવાપાત્ર કેટલા નવીન ગ્રાહકો છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વ્યવસાય વેરા ભરવાપાત્ર નવીન કરદાતાઓની વિગત નીચે મુજબ છે.

| ન.પા.નું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ |
|---|---|---|---|---|
| ધાનેરા | ૪૪ | ૫૮ | ૫૭ | ૧૫૯ |
| પાલનપુર | ૭૩૮ | ૩૭૩ | ૨૦૨ | ૧૩૧૩ |
| ડીસા | ૨૧૯ | ૧૮૫ | ૧૯૬ | ૬૦૦ |
| થરા | ૦૨ | ૨૦ | ૧૨ | ૩૪ |
| થરાદ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૭ |
| ભાભર | ૩૧ | ૧૪ | ૮૭ | ૧૩૨ |

(૩) વ્યવસાય વેરાની વસુલાત સામે સરકાર દ્વારા કઈ કઈ નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ આપવામાં આવેલ ?

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં વ્યવસાય વેરા વસુલાત સામે સરકારશ્રી દ્વારા નીચે મુજબ ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

` (લાખમાં)

| **ન.પા.નું નામ** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** | **કુલ** |
|---|---|---|---|---|
| ધાનેરા | ૦.૫૬ | ૩.૭૩ | ૧.૭૪ | ૬.૦૩ |
| પાલનપુર | ૧૧.૬૪ | ૬૧.૨૧ | ૧૨.૭૧ | ૮૫.૫૬ |
| ડીસા | ૧૦.૨૭ | ૧૬.૦૩ | ૧૮.૭૯ | ૪૫.૦૯ |
| થરા | ૨.૫૬ | ૧.૩૩ | ૨.૭૮ | ૬.૬૭ |
| થરાદ | ૦.૨૭ | ૧.૧૮ | ૩.૧૬ | ૪.૬૧ |
| ભાભર | ૧.૦૯ | ૧.૨૦ | ૦.૯૯ | ૩.૨૮ |

## આણંદ જિલ્લામાં ખાદ્ય ચીજ વસ્તુઓમાં ભેળસેળ અંતર્ગત દરોડા

૨૯૯૨૭ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર ખાદ્ય ચીજ વસ્તુઓમાં ભેળસેળ અટકાવવાના ભાગ રૂપે કેટલા દરોડા પાડી નમૂના લેવામાં આવ્યા,

(૨) વર્ષવાર તાલુકાવાર કેટલા સામે કેસો કરવામાં આવ્યા, અને

(૩) તાલુકાવાર કેટલા કસુરવાર સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ-૪૦૬ દરોડા પાડી તાલુકાવાર નીચે મુજબ નમૂના લેવામાં આવ્યા.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૦** | **વર્ષ ૨૦૧૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧. | આણંદ | ૧૧૪ | ૦૯૮ | ૨૧૨ |
| ૨. | ઉમરેઠ | ૦૧૩ | ૦૧૦ | ૦૨૩ |
| ૩. | ખંભાત | ૦૪૭ | ૦૩૨ | ૦૭૯ |
| ૪. | બોરસદ | ૦૧૪ | ૦૧૧ | ૦૨૫ |
| ૫. | પેટલાદ | ૦૦૭ | ૦૦૮ | ૦૧૫ |
| ૬. | તારાપુર | ૦૦૫ | ૦૦૫ | ૦૧૦ |
| ૭. | આંકલાવ | ૦૦૬ | ૦૦૬ | ૦૧૨ |
| ૮. | સોજીત્રા | ૦૨૪ | ૦૦૬ | ૦૩૦ |
| | **કુલઃ** | **૨૩૦** | **૧૭૬** | **૪૦૬** |

(૨) વર્ષવાર, તાલુકાવાર નીચે મુજબ કેસો કરવામાં આવ્યા.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૦** | **વર્ષ ૨૦૧૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧. | આણંદ | ૦૬ | - | ૦૬ |
| ૨. | ખંભાત | - | ૦૧ | ૦૧ |
| ૩. | પેટલાદ | ૦૧ | - | ૦૧ |
| ૪. | આંકલાવ | ૦૧ | - | ૦૧ |
| | **કુલઃ** | **-** | **-** | **૦૯** |

(૩) ખંડ-૨માં દશાર્વ્યા મુજબ કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવેલ છે.

## રાજકોટ જિલ્લામાં નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવાનું આયોજન

૩૧૨૩૮ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો જિલ્લાનાં કેટલા ગામો અને શહેરોનો આયોજનમાં સમાવેશ કરવામાં આવશે?

(૧) અને (૨) હા, જી.

તા. ૩૧-૧૨-૨૦૧૧ પહેલા રાજકોટ જિલ્લાનાં ૨૫૯ ગામો અને ૨ શહેરોને નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવામાં આવેલ છે. જિલ્લાના તમામ ૮૪૪ ગામો અને ૧૦ શહેરોનું નર્મદા યોજનામાં સમાવેશ કરવાનું આયોજન થયેલ છે.

## જૂનાગઢ જિલ્લાની મધુવંતી સિંચાઈ યોજનામાં પાકી નહેરોનું આયોજન

૩૧૩૦૨ **શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાની મધુવંતી યોજનામાં ડીસેમ્બર ૨૦૧૧ની સ્થિતિએ પાકી નહેરો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ ક્યારે હાથ ધરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ` ૧૭૮.૦૦ લાખના અંદાજીત ખર્ચે કામ હાથ ધરેલ છે. અને અંદાજે ૮૭ ટકા કામગીરી પૂર્ણ કરેલ છે.

## શહેરા તાલુકામાં પાનમ મુખ્ય નહેરમાંથી સિંચાઈનું પાણી આપવા બાબત

૨૯૯૨૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા તાલુકામાં પાનમ મુખ્ય નહેર કયા કયા ગામોમાં વચ્ચેથી પસાર થાય છે, અને કયા ગામોમાં નહેરની એક જ બાજુના વિસ્તારને પાણી મળે છે,

(૨) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નહેરમાંથી ઉદવહન કરી સિંચાઈ કરવાની કેટલી માંગણીઓ આવી,

(૩) તે પૈકી કેટલી મંજુર કરી અને કેટલી મંજુર કરવાની બાકી છે, અને

(૪) બાકીના ખેડુતોની માંગણી મંજુર કરી ખેડુતોને સિંચાઈની સુવિધા આપવામાં આવનાર છે કે કેમ?

**જવાબ**

(૧) શહેરા તાલુકાના મોર, ઉંડારા, સતેલાવ, ગુણેલી, ધારાપુર, ધાયકા, રેણા, મોરવા ચારી, ખુટખર ગામોનાં વિસ્તારમાંથી પસાર થાય છે. અને આ ગામોના નહેરની જમણી તરફ આવેલ વિસ્તારને વહેણ સિંચાઈથી પાણી મળે છે.

(૨) શહેરા તાલુકાના કાંઠા ગામે ઉદવહન સિંચાઈ યોજના માટે એક માંગણી આવેલ છે.

(૩) એક દરખાસ્ત ચકાસણી હેઠળ છે.

(૪) અન્ય કોઈ માંગણી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં વાજપાઈ નગર વિકાસ યોજનાની નગરપાલિકાઓને ચૂકવેલ રકમ

૩૧૨૩૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અંતર્ગત વડોદરા જિલ્લાની નગરપાલિકાઓને કેટલી રકમ ચૂકવેલ છે. અને

(૨) તે પરત્વે કયા કયા કામો મંજૂર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) વાજપાઈ નગર વિકાસ યોજના બીજા તબક્કા અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં ` ૮.૬૫ કરોડની રકમ ચુકવવામાં આવેલ છે. અને ૨૦૧૧-૧૨ દરમ્યાન વડોદરા જિલ્લાની નગરપાલિકાઓને કોઈ રકમ ચૂકવવાની બાકી રહેતી ન હોવાથી રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## નવસારી જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન

૩૧૪૩૨ **શ્રી નરેશભાઈ મ. પટેલ( ચીખલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કાર્યરત

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૧ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે.

છે,

| |
|---|
| ચીખલી–૩ |
| ગણદેવી–૨ |
| જલાલપોર–૨ |
| વાંસદા–૩ |
| નવસારી–૧ |

(૨) તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો, અને

(૨) ૧૯૧૭૧

(૩) આ પૈકી કેટલાની જીંદગી બચાવવામાં આવી?

(૩) ૧૪૭૧

**મહેસાણા જિલ્લામાં સહભાગી ધોરણે લોકભાગીદારીથી ઉંડા કરેલ તળાવો**

૩૧૩૪૭ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સહભાગી ધોરણે લોકભાગીદારીથી કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા? | ૬૨ તળાવો. |

**ગાંધીનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ વહીવટી દરજ્જો સોંપવા માટેની દરખાસ્તો**

૩૦૮૮૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને તમામ સત્તાઓ, ફરજો, કાર્યો, સંપૂર્ણ વિભાગનો વહીવટી દરજ્જો સોંપવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલી દરખાસ્તો ક્યારે સરકારને મળી, અને | (૧) ગાંધીનગર મહાનગરપાલિકા, કાયદા મુજબ રચાયેલ સ્વાયત સંસ્થા હોઈ, જીપીએમસી એક્ટ, ૧૯૪૯ અન્વયે તેઓ કાર્યવાહી કરી શકે છે. |
| (૨) સરકારને મળેલ દરખાસ્તો અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ દરજ્જો અપાશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમરેલી જિલ્લામાં ઈ–મમતા કાર્યક્રમ હેઠળ સગર્ભા માતાઓની નોંધણી**

૨૭૨૦૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સગર્ભા માતાઓની નોંધણી માટે સરકારે ઈ–મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી? | (૨) ૬૪૦૦૩. |

**કપડવંજ અને કઠલાલ તાલુકામાં પીવાનું પાણી આપવા માટે મંજુર થયેલ જુથ યોજનાનું કામ**

૨૯૯૪૦ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકાના ગામોને પીવાનું પાણી આપવા માટે નર્મદા કેનાલ આધારિત મંજૂર થયેલ જુથ યોજનાનું કામ ક્યારે શરૂ કરી પુર્ણ કરવામાં આવશે, અને | (૧) અને (૨) હા, જી. કપડવંજ અને કઠલાલ તાલુકાના ૧૩૨ ગામ / પરાનો સમાવેશ કરતી સૂચિત ફાગવેલ જૂથ પાણી પુરવઠા યોજનાકિય દરખાસ્ત ચકાસણી હેઠળ છે. |
| (૨) તે અન્વયે કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે? | |

**અમદાવાદ શહેરમાં બી.આર.ટી.એસ. યોજના મંજૂર કરેલ પ્રોજેક્ટ**

૩૧૨૫૬ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે બી.આર.ટી.એસ. યોજના અન્વયે કેટલા કિ.મી.નો | (૧) અમદાવાદ શહેરની બી.આર.ટી.એસ. યોજના અન્વયે ૮૮.૮ કિ.મીનો પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. |

પ્રોજેક્ટ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા કી.મી. ની કામગીરી હાથ ધરાયેલ છે, અને

(૨) ૮૮.૮ કિ.મી. લંબાઈ પૈકી ૪૫ કિ.મી. બી.આર.ટી.એસ. કોરીડોરની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે અને ૪૧.૮ કિ.મી. બી.આર.ટી.એસ. કોરીડોરની કામગીરી હાથ ધરાયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં બી.આર.ટી.એસ. યોજનામાં કુલ ` ૬૭૧.૯૩ કરોડનો ખર્ચ થયેલ છે.

**ભાવનગર જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ કામોને ચૂકવેલ ગ્રાન્ટ**

૩૧૨૫૩ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કયા કયા કામો પૂર્ણ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે જિલ્લાની આઠ નગરપાલિકાઓને વર્ષ–૨૦૧૦માં ` ૫.૯૦ કરોડ અને વર્ષ–૨૦૧૧માં ` ૧૨.૨૨ કરોડ મળી કુલ ` ૧૮.૧૨ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ગૌરવપથ, મુખ્ય રસ્તા તથા અન્ય કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

**ગાંધીનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ વહીવટી દરજ્જો સોંપવા માટેની દરખાસ્તો**

૩૦૮૭૯ શ્રી **શંકરભાઇ દે. વાઘેલા ( ચકલાસી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને તમામ સત્તાઓ, ફરજો, કાર્યો, સંપૂર્ણ વિભાગનો વહીવટી દરજ્જો સોંપવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલી દરખાસ્તો ક્યારે સરકારને મળી, અને

(૨) સરકારને મળેલ દરખાસ્તો અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ દરજ્જો અપાશે ?

**જવાબ**

(૧) ગાંધીનગર મહાનગરપાલિકા, કાયદા મુજબ રચાયેલ સ્વાયત સંસ્થા હોઈ, જીપીએમસી એક્ટ, ૧૯૪૯ અન્વયે તેઓ કાર્યવાહી કરી શકે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ, વડોદરા શહેરોને જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કેન્દ્ર તરફથી રાજયને મળેલ ગ્રાન્ટ**

૩૧૯૩૨ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ પૈકી અમદાવાદ, વડોદરા શહેરો માટે કેટલી રકમનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વિગત નીચે મુજબ છે. (રકમ ` કરોડમાં)

| શહેરનું નામ | ૨૦૦૯–૧૦ | | ૨૦૧૦–૧૧ | | ૨૦૧૧–૧૨ | |
|---|---|---|---|---|---|---|
| | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ | કરેલ આયોજન | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ | કરેલ આયોજન | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ | કરેલ આયોજન |
| અમદાવાદ | ૨૨૬.૩૧ | ૩૨૧.૯૧ | ૭૮.૨૦ | ૧૭૫.૩૫ | ૬૫.૩૯ | ૮૧.૦૭ |
| વડોદરા | ૧૨૩.૯૦ | ૧૭૧.૮૯ | ૬૦.૭૦ | ૧૦૮.૯ | ૫૪.૯૮ | ૮૪.૭૩ |
| **કુલ** | **૩૫૦.૫૧** | **૪૯૩.૮૦** | **૧૩૮.૯૦** | **૨૮૪.૨૫** | **૧૨૦.૩૭** | **૧૬૫.૮** |

(૨) વિગત નીચે મુજબ છે. (રકમ ` કરોડમાં)

| શહેરનું નામ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ |
|---|---|---|---|
| અમદાવાદ | ૭૨૨.૬૮ | ૫૨૧.૮૪ | ૨૬૫.૧૯ |
| વડોદરા | ૨૮૬.૬૨ | ૨૩૨.૭૪ | ૯૮.૫૧ |
| **કુલ** | **૧૦૦૯.૩૦** | **૭૫૪.૫૮** | **૩૬૩.૭૦** |

**અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા બાબત**

૩૧૨૫૨ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય બિનનિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા માટે રાજય સરકારની મદદ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ગુજરાતી સમાજોને કેટલી રકમની સહાય કરેલ છે. | (૨) કુલ ૨(બે) સમાજોને ` ૮,૮૬,૬૨૫ /- ની સહાય કરવામાં આવેલ છે. |

**અમદાવાદ શહેરમાં બી.આર.ટી.એસ. યોજના અન્વયે મંજુર કરેલ પ્રોજેક્ટ**

૩૧૨૫૪ **શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેરની વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે બી.આર.ટી.એસ. યોજના અન્વયે કેટલા કિ.મી.નો પ્રોજેક્ટ મંજુર થયેલ છે, | (૧) અમદાવાદ શહેરની બી.આર.ટી.એસ. યોજના અન્વયે ૮૮.૮ કિ.મીનો પ્રોજેક્ટ મંજુર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા કી.મી. ની કામગીરી હાથ ધરાયેલ છે, અને | (૨) ૮૮.૮ કિ.મી. લંબાઈ પૈકી ૪૫ કિ.મી. બી.આર.ટી.એસ. કોરીડોરની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે અને ૪૧.૮ કિ.મી. બી.આર.ટી.એસ. કોરીડોરની કામગીરી હાથ ધરાયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં બી.આર.ટી.એસ. યોજનામાં કુલ ` ૬૭૧.૯૩ કરોડનો ખર્ચ થયેલ છે. |

**ખાંભા ખાતે ગૌરવપથ રસ્તાની કામગીરીમાં થયેલ ગેરરીતિઓ**

૨૯૮૨૬ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના ખાંભા મુકામે બની રહેલ ગૌરવપથ રસ્તાની કામગીરીમાં થઈ રહેલ ગેરરીતિઓની તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો મળેલ છે, અને | (૧) અમરેલી જીલ્લામાં આવેલ ખાંભા નગરપાલિકા ન હોઈ ગૌરવપથ યોજનામાં તેનો સમાવેશ થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કરવામાં આવી અને જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવેલ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભાવનગર જિલ્લામાં શેત્રુંજી જમણા કાંઠા સિંચાઈ યોજના હેઠળનાં તળાજા પેટા વિભાગનાં કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ નવી કેનાલનાં કામો**

૩૧૪૦૮ **શ્રી ભાવનાબેન રા. મકવાણા(તળાજા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના શેત્રુંજી જમણા કાંઠા સિંચાઈ યોજના હેઠળનાં તળાજા પેટા વિભાગનાં કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ લોંગડીથી બોડા અને તરેડી સુધીની નવી કેનાલ કરવાનું કામ હાથ ધરવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) શેત્રુંજી જમણા કાંઠામાં લોંગડીથી બોડા અને તરેડી સુધીની નવી કેનાલ કરવાનું હાલમાં આયોજન નથી. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જેતપુર તાલુકામાં બનાવેલ સુઓ ડેમની કેનાલનું કામ**

૩૧૩૩૦ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) જેતપુર તાલુકામાં બનાવેલ સુઓ ડેમની કેનાલનું કામ તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ કેનાલને કારણે કેટલાં ગામોને સિંચાઈનું પાણી મળવાપાત્ર છે, અને

(૩) આ કેનાલનો તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ૩ વર્ષમાં કેટલો ખર્ચ થયો અને હવે કેટલો ખર્ચ કરવામાં આવશે ?

(૧) સુરવો કેનાલ સાંકળ ૦ થી ૪૯૫૦ મીટર સુધી લાઈનીંગ સાથે પૂર્ણ થયેલ છે. બાકીની લંબાઈની પથરેખાના વિકલ્પો વિચારણા હેઠળ છે.

(૨) ૯ ગામો

(૩) ` ૪૬.૪૮ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે બાકી રહેતી કેનાલના ખર્ચના અંદાજ પથરેખા આખરી થયે નક્કી થશે.

## વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લાની નગરપાલિકાઓને ઓકટ્રોયના વિકલ્પ રૂપે ચૂકવવાની રકમમાં વિલંબ

૨૯૯૪૬ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા મ્યુ. કોર્પોરેશનને તેમજ જીલ્લાની નગરપાલિકાઓને ઓકટ્રોયના વિકલ્પે કેટલી રકમ રાજ્ય સરકારે ચૂકવવાની બાકી થાય છે, અને છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવી,

(૨) આવી રકમ સમયસર નહીં ચૂકવવાના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં આ રકમ ચુકવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| અ. નં. | મનપા/નપાનું નામ | ચૂકવવામાં આવેલ રકમ (`) | |
|---|---|---|---|
| | | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૧૨-૧૧ સુધી) |
| ૧ | વડોદરા મ્યુ. કો. | ૨૫૪,૨૨,૨૫,૦૦૦ | ૧૮૮,૦૫,૫૦,૦૦૦ |
| ૨ | ડભોઈ | ૨,૩૦,૯૧,૭૯૨ | ૧,૮૩,૩૭,૫૯૯ |
| ૩ | પાદરા | ૧,૯૮,૯૧,૧૬૪ | ૧,૫૭,૯૫,૯૨૭ |
| ૪ | કરજણ | ૬૩,૧૦,૨૯૬ | ૫૦,૧૧,૧૧૯ |
| ૫ | છોટા ઉદેપુર | ૧,૦૨,૩૮,૭૧૨ | ૮૧,૩૦,૭૪૪ |
| ૬ | સાવલી | ૪૦,૨૮,૯૭૬ | ૩૨,૨૩,૧૭૯ |

(૨) સમયસર રકમ ચૂકવી આપેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જોડીયા ઝિંઝુંડા રેકલેમેશન બંધમાં દરીયાના ખારા પાણી ભરાવા બાબત

૩૨૦૮૩ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા-ઝીંઝુડા રેકલેમેશન બંધમાં ઝિંઝુડા-૧, ૨ અને ૩ નામે કોઝવે આવેલા છે તેની ઉંચાઈ ૩૦ સે.મી. જેટલી નીચી હોવાથી દરિયાના ખારા પાણી ભરતી સમયે મીઠી જમીન પર ફરી વળે છે. જે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા તો, આ સમસ્યાનો ઉકેલ કરી જમીનમાં ક્ષાર પ્રવેશ થતો અટકાવવા છેલ્લા બે વર્ષમાં ડીસેમ્બર-૧૧ની સ્થિતિએ ઉંચાઈ વધારવા શી યોજના બનાવી છે?

**જવાબ**

(૧) સામાન્ય સંજોગોમાં ખારા પાણી રોકાય છે પરંતુ પ્રતિકુળ હવામાનના સંજોગોમાં ખારા પાણી મીઠા પાણીમાં ઉમેરાય છે.

(૨) તાંત્રિક તથા ડુબાણ વિસ્તારનો અભ્યાસ કરી યોગ્ય જણાયેથી યોજના બનાવવામાં આવશે.

## પાવાગઢ દેવસ્થાનની થયેલ કુલ આવક

૨૯૯૩૦ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પાવાગઢ દેવસ્થાનની કુલ આવક સરકારને કેટલી થઈ, અને

(૨) આ આવકમાંથી યાત્રાળુઓની સુવિધા વધારવા કેટલું ખર્ચ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) પાવાગઢ દેવસ્થાનનો વહિવટ સરકાર હસ્તક નથી. પરંતુ દેવસ્થાનનો વહિવટ અલગ નિયુક્ત થયેલ ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવે છે. આથી તેમાંથી સરકારશ્રીને કોઇ આવક થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૨૬મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**વલસાડ જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના મોડલ ઘટક કાર્યક્રમ કામોને ચૂકવેલ ગ્રાન્ટ**

૩૧૩૧૦ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી હતી, અને

(૨) તે પરત્વે કયા કયા હેતુ માટેના કામો મંજૂર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ` ૮.૧૨ કરોડની ગ્રાન્ટ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) વલસાડના હવાલે મુકવામાં આવેલ હતી.

(૨) ગૌરવપથ, મુખ્યરસ્તા, બ્રીજ, હરીયાળા શહેરોના નિર્માણના કામો, સ્લમ વિસ્તારના વિકાસના કામો, માર્કેટ , ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો, સ્લમ વિસ્તારમાં સામાજીક સેવાઓ સુદ્રઢ બનાવવાના તથા આંગણવાડીના કેન્દ્રો, નિર્મળ ગુજરાત સિધ્ધિના કામો, ટ્રાફીક સર્કલ, જળસંચય હેતુના કામો મંજૂર કરવામાં આવેલ છે.

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૯૬ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓકટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓકટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકૂફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧.ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એકટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસપલ કોર્પોરેશન માટે સ્ટાફ / સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ ‘‘મહાત્મા મંદિર’’ નું નામ બદલવા બાબત. | ૪.‘‘મહાત્મા મંદિર’’ ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ |

| | |
|---|---|
| | છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં પ્રવાસન ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૩૧૪૦૫ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન–૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કેટલી કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કર્યા, અને

(૨) તેમાં કેટલું મૂડીરોકાણ થનાર છે?

**જવાબ**

(૧) ૩૭૩.

(૨) ` ૭૩,૮૬૮/– કરોડ (અંકે રૂપિયા તોતેર હજાર આઠસો અડસઠ કરોડ).

**નર્મદા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસની કામગીરી**

૩૧૨૨૬ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) તેના વિકાસ માટે વર્ષવાર જે તે પ્રવાસનના સ્થળ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેવી સુવિધાઓ આપવામાં આવી?

**જવાબ**

(૧) શૂલપાણેશ્વર મંદિર, ગોરા ખાતે પ્રવાસન અંગેની સુવિધા માટે ધર્મશાળાના બાંધકામ, વીજળીકરણ, શૌચાલય, પેવર બ્લોક, વનકુટિરના કામો હાથ ધરેલ છે.

(૨) જિલ્લા કલેક્ટરશ્રી, નર્મદાને શૂલપાણેશ્વર મંદિરના વિકાસ માટે વર્ષ ૨૦૦૯–૧૦ માં કુલ ` ૧૬૨/– લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. આ પૈકી સને ૨૦૦૯–૧૦ માં ` ૫૭.૬૫ લાખ અને સને ૨૦૧૦–૧૧ માં ` ૪૯.૭૬ લાખનો ખર્ચ થયેલ છે.

**જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૩૧૨૭૯ **શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

**૧. રણજીતસાગર ડેમઃ** રણજીતસાગર ડેમ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તે માટે આર્કિટેકની પસંદગી કરવામાં આવેલ છે. આ કામગીરી માટે ` ૪૦૦/– લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.

૨. ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ, ખીજડીયા ખાતે આવેલ પક્ષી અભ્યારણના પ્રોત્સાહન તથા વિકાસ માટે નવેમ્બર–૨૦૧૦ માં ગ્લોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.

૩. ખાસ અંગભૂત યોજના હેઠળ જોડીયા તાલુકાના આમરણ ગામે આવેલ સંત શ્રી ભીમસાહેબની જગ્યા ખાતે મુખ્ય પ્રવેશ દ્વારા તથા યાત્રાળુઓ માટેની સુવિધાઓની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**૪. દ્વારકા–નાગેશ્વર–બેટ દ્વારકા** મેઘા ટુરીસ્ટ સર્કિટની પરિયોજના માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ` ૯૧૭૯/– લાખની સૈધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. આર્કિટેક પાસેથી દ્વારકા–નાગેશ્વર માટે કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરી ટેન્ડર પ્રક્રિયા

પૂર્ણ કરીને એજન્સીને કામગીરી માટે ` ૫૬૭૯/–લાખની મંજૂરી આપવામાં આવેલ છે. જ્યારે બેટ દ્વારકા–ઓખામઢી માટે આર્કિટેક દ્વારા કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. જે અનુસાર આર્કિટેક દ્વારા ટેન્ડર બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. બેટદ્વારકા–ઓખામઢી ખાતે પ્રવાસન સુવિધાની કામગીરી માટે ` ૩૫૦૦/– લાખની સૈધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

આ પરિયોજનામાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ થાય છે.

**દ્વારકાઃ–**પરિક્રમા પથનો વિકાસ, ટુરીસ્ટ રીક્રિએશન સ્થળ તરીકે રાવલા તળાવનો વિકાસ, ઈસ્કોન ગેટ અને બાય–પાસ રોડની સાથે પબ્લીક યુટીલીટીનો વિકાસ, ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ અને રીસ્ટોરેશન નવા ગોમતીઘાટની કામગીરી ટ્રાફીક અને ક્રાઉડ મેનેજમેન્ટ, મુખ્ય રસ્તાથી મંદિરને જોડતા રસ્તાને પહોળો કરવાની કામગીરી, પાર્કીંગ એરીયા સમુદ્રનારાયણ મંદિરથી ગાયત્રી શકિતપીઠ નજીકના દરિયાકાંઠાનો વિકાસ.

**નાગેશ્વર –** નાગેશ્વર ખાતેના તળાવનો વિકાસ, તથા પાર્કીંગની વ્યવસ્થા, સમરાસર (ગોપી તળાવ) ખાતે એન્ટ્રન્સ ગેટ, પબ્લીક યુટીલીટી અને એરાઈવલ પ્લાઝાની કામગીરી.

**શીવરાજપુરઃ–** ચેઈન્જ રૂમ પબ્લીક યુટીલીટીની કામગીરી બેટ દ્વારકા : બેટ દ્વારકા ખાતે પરીક્રમા પથનો વિકાસ, પદમેશ્વર મહાદેવ મંદિરની પશ્ચિમ સાઈડના દરિયા કાંઠે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ, રણછોડ તળાવ અને રતન તળાવનો વિકાસ.

ઓખામઢી – ઓખામઢી ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ

**૫. રસ્તા પરની સુવિધાઃ–** જામનગર થી દ્વારકા રોડ ઉપર સિક્કા પાસેના રસ્તા પરની સુવિધાની કામગીરી માટે આર્કિટેકની પસંદગી કરી કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. ટેન્ડર પ્રક્રિયાની કાર્યવાહી પૂર્ણ કરી એજન્સી પાસેથી ઓફરો મેળવવામાં આવેલ છે, રસ્તા પરની સુવિધામાં રેસ્ટોરન્ટ કિચન, બે રેસ્ટ રૂમ, બે દુકાન, લેડીઝ અને જેન્ટસ ટોયલેટ, પબ્લીક લોન્જ. પાર્કીંગની સુવિધાનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

૨૦૧૦–૧૧ માટે

(` લાખમાં)

| ક્રમ | કામની વિગત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રણજીત સાગર ડેમ | ૮૬.૯૪ | શૂન્ય |
| ૨ | ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ | ૧૭૮.૦૬ | ૧૭૨.૫૦ |
| ૩ | સંત શ્રી ભીમસાહેબની જગ્યા | ૨૭.૪૩ | ૨૭.૪૩ |

૨૦૧૧–૧૨ માટે

(` લાખમાં)

| ક્રમ | કામની વિગત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રણજીત સાગર ડેમ | ૧૭૦.૦૦ | શૂન્ય |
| ૨ | દ્વારકા-નાગેશ્વર-બેટ દ્વારકા મેઘા ટુરીસ્ટ સર્કિટની પરિયોજના | ૯૪૫.૨૯ | ૯૪૫.૨૯ |

રસ્તા પરની સુવિધા માટે કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી અને ખર્ચ થયેલ નથી.

(૩) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૩) ઉપર મુજબ.

**નર્મદા નદીના કિનારાના મંદિરોને પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૩૧૭૬૨ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ ગરુડેશ્વર થી નારેશ્વર નર્મદા નદીના કિનારા સુધીના પટના કયા કયા મંદિરોને પવિત્ર યાત્રાધામ હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે, તેમાં નારેશ્વર રંગ અવધૂત મહારાજ મંદિરનો સમાવેશ થયેલ છે કે કેમ, અને

(૨) આ યાત્રાધામના વિકાસ માટે રાજ્ય સરકારે કયા કયા પ્રકારનું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ ગરુડેશ્વરથી નારેશ્વર નર્મદા નદીના કિનારે આવેલા મંદિરોનો પવિત્ર યાત્રાધામ હેઠળ સમાવેશ કરવામાં આવેલ નથી.

(૨) નર્મદા કિનારે ચાણોદ કરનાલી ઘાટ માટે અંદાજીત ` ૧૦૦/- કરોડના પ્રોજેક્ટનું આયોજન વિચારણા હેઠળ છે. આ પૈકી ચાણોદ કરનાલી અને મલ્હાર રાવ ઘાટની આસપાસના વિસ્તારના વિકાસ ` ૩૦/- કરોડનું કામ મંજુર કરવામાં આવેલ છે અને ` ૧૫/- કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

રાજ્યના પૌરાણિક તેમજ ધાર્મિક રીતે મહત્વ ધરાવતા યાત્રા સ્થાનોમાં યાત્રિકોની સવલતના તથા સોલર ઉર્જા રોશનીના કાર્યો હાથ ધરવા બાબતે તા. ૨૮-૧૦-૨૦૧૦ના ના ઠરાવમાં નારેશ્વરનો બ કક્ષાના તીર્થસ્થાન તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લાની મોજ નદી પર હડીયાસણ ચેકડેમનું કામ**

૩૧૩૩૭ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાની મોજ નદી ઉપર હડીયાસણ ચેકડેમનું કામ તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ યોજનાનું બાંધકામ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને

(૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ હડીયાસણ ચેકડેમનું કામ નકશા અંદાજો તબક્કે હતું.

(૨) કામનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. માહે ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(૩) ` ૪૫.૩૪ લાખનો ખર્ચ થશે.

**વડોદરા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ બનાવેલ ચેકડેમો**

૩૧૨૯૬ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૨) આ અંગે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને ` ૧૦.૦૦ કરોડ ફાળવવા નિર્ણય લેવામાં આવેલ છે. આ ગ્રાન્ટનો ઉપયોગ ઘન કચરાના નિકાલના પ્રોજેક્ટ અંતર્ગત કરવાનો રહેશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પાલિતાણા અને ગારીયાધાર તાલુકામાં શેત્રુંજી જળાશય આધારિત મંજૂર કરેલ જૂથ પાણી પુરવઠા યોજના

૩૧૩૨૧ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શેત્રુંજી જળાશય આધારિત પાલિતાણા અને ગારિયાધાર તાલુકાઓ માટે કોઇ જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની કિંમત કેટલી છે, અને

(૩) આ યોજના તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કયા તબક્કે છે અને તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી.

શેત્રુંજી જળાશય આધારિત પાલિતાણા અને ગારીયાધાર તાલુકાઓ માટે નીચે મુજબ ત્રણ યોજનાઓ મંજૂર કરેલ છે.

| યોજનાનું નામ | આવરી લેવાયેલ ગામ/શહેર | | અંદાજીત કિંમત ` લાખમાં |
|---|---|---|---|
| | પાલીતાણા | ગારીયાધાર | |
| ગારીયાધાર સ્ટેજ-૧ | ૧૧/૦ | ૦/૧ શહેર | ૬૬.૫૩ |
| ગારીયાધાર સ્ટેજ-૨ | -- | ૧૪/૦ | ૧૩૧.૮૩ |
| ગારીયાધાર સ્ટેજ-૩ | -- | ૨૭/૦ | ૪૪૮.૮૭ |

(૩) ઉપરોક્ત ત્રણેય યોજનાના કામો પૂર્ણ થયેલ છે. આવરી લેવાયેલ તમામ પર ગામ અને ૧ શહેરને પાણી આપવામાં આવે છે.

## ધોળકા તાલુકામાં સ્વજલ ધારા કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ યોજના

૩૧૪૨૧ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૩૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) ` ૧૩૭.૮૬ લાખનું ફંડ પાણી સમિતિઓને ફાળવવામાં આવેલ છે.

## મહેસાણા જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની મહિલાઓને પ્રસુતિ સહાય

૩૧૩૭૪ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મહેસાણા જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની કેટલી મહિલાઓને પ્રથમ અને બીજી પ્રસુતિ પેટે કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

| વિગત | ૨૦૧૦–૧૧ (તા. ૧–૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧) | ૨૦૧૧–૧૨ (તા. ૧–૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧) |
|---|---|---|
| પ્રથમ પ્રસુતિ માટે ચુકવેલ સહાય | લાભાર્થીની સંખ્યા ૧૯૮૮ ` ૩,૭૮,૭૦૦/– | લાભાર્થીની સંખ્યા ૨૭૪૪ ` ૫,૪૨,૫૦૦/– |
| બીજી પ્રસુતિ માટે ચુકવેલ સહાય | લાભાર્થીની સંખ્યા ૧૭૬૭ ` ૩,૩૩,૩૦૦/– | લાભાર્થીની સંખ્યા ૨૫૬૨ ` ૫,૦૫,૮૦૦/– |

## રાજકોટ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજુર થયેલ મહેકમ

૩૦૪૪૭ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ૩૧–૧–૧૨ની સ્થિતિએ તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ગ–૨ | | વર્ગ–૩ | | વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|---|
| | મંજુર | ખાલી | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| મોરબી | ૦૫ | ૦૧ | ૧૫ | ૦૮ | ૨૦ | ૧૮ |
| માળીયા | ૦૩ | ૦૨ | ૦૯ | ૦૮ | ૧૨ | ૧૦ |
| વાંકાનેર | ૦૪ | ૦૩ | ૧૨ | ૦૭ | ૧૬ | ૧૪ |
| ટંકારા | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૪ |
| લોધીકા | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૨ |
| રાજકોટ | ૦૪ | ૦૦ | ૧૨ | ૦૪ | ૧૬ | ૧૩ |
| પડધરી | ૦૨ | ૦૦ | ૦૬ | ૦૨ | ૦૮ | ૦૭ |
| ધોરાજી | ૦૨ | ૦૧ | ૦૬ | ૦૨ | ૦૮ | ૦૭ |
| ઉપલેટા | ૦૪ | ૦૦ | ૧૨ | ૦૬ | ૧૬ | ૧૪ |
| ગોંડલ | ૦૬ | ૦૨ | ૧૮ | ૧૩ | ૨૪ | ૨૪ |
| કોટડા સાંગાણી | ૦૨ | ૦૧ | ૦૬ | ૦૦ | ૦૮ | ૦૭ |
| જસદણ | ૦૬ | ૦૩ | ૧૮ | ૧૦ | ૨૪ | ૨૪ |
| જામકંડોરણા | ૦૪ | ૦૧ | ૧૨ | ૦૯ | ૧૬ | ૧૬ |
| જેતપુર | ૦૨ | ૦૧ | ૦૬ | ૦૨ | ૦૮ | ૦૬ |

કેટલા સમયથી જગ્યાઓ ખાલી છે તેની વિગતો *પત્રક–અ મુજબની છે.

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની તબીબી અધિકારી–૨ ની જગ્યાઓ ભરવા માટે દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ જિલ્લા પંચાયત સંવર્ગની હોઇ જિલ્લા પંચાયત કક્ષાએથી ભરવાની કાર્યવાહી હાથ ધરાય છે. ડ્રાઈવર તથા વર્ગ–૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી લેવામાં આવે છે.

**પત્રક–અ**

| | તાલુકો | પ્રા.આ.કેન્દ્રનું નામ | મેડીકલ ઓફિસર | | જુનીયર ફાર્માસીસ્ટ | | લેબોરેટરી ટેકનીશીયન | | ડ્રાઈવર | | વોર્ડ આયા | | વોર્ડ બોય | | પાર્ટ ટાઇમ સ્વીપર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી |
| ૧ | મોરબી | બગથળા | ૦ | | ૦ | | ૧ | ૦૧–૦૪–૨૦૦૮ | ૦ | | ૧ | ૧૭–૦૯–૧૯૯૫ | ૧ | ૦૬–૦૯–૨૦૦૭ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨ | મોરબી | લાલપર | ૧ | ૦૧–૦૩–૨૦૧૧ | ૦ | | ૧ | ૨૭–૦૪–૨૦૦૬ | ૦ | | ૧ | ૧૩–૦૧–૧૯૯૧ | ૧ | ૦૧–૦૪–૧૯૯૯ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૩ | મોરબી | ખરેડા | ૦ | | ૦ | | ૧ | ૦૬–૦૫–૨૦૦૭ | ૧ | ૧૧–૦૨–૨૦૧૦ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૦ | | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૪ | મોરબી | રાજપર | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૧–૦૭–૨૦૧૦ | ૦ | | ૧ | ૦૭–૧૦–૧૯૮૪ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૫ | મોરબી | ભરતનગર | ૦ | | ૧ | ૨૬–૦૨–૨૦૧૦ | ૧ | ૨૬–૦૨–૨૦૧૦ | ૧ | ૨૮–૦૨–૨૦૧૦ | ૧ | ૨૬–૦૨–૨૦૧૦ | ૧ | ૨૬–૦૨–૨૦૧૦ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૬ | માળીયા | ખાખરેચી | ૧ | ૦૧– | ૧ | ૧૩– | ૧ | ૦૧– | ૧ | | ૧ | ૩૦– | ૦ | | ૨ | ૦૧– |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૦૧–૨૦૧૨ | | ૦૬–૨૦૦૩ | | ૦૪–૨૦૦૮ | | | | ૦૪–૧૯૯૯ | | | | ૦૩–૧૯૯૫ |
| ૭ | માળીયા | સરવડ | ૦ | | ૧ | ૦૪–૦૯–૨૦૦૭ | ૧ | ૦૧–૦૪–૨૦૦૬ | ૧ | ૧૭–૧૧–૨૦૦૮ | ૧ | ૦૧–૦૬–૧૯૮૯ | ૧ | ૦૩–૦૩–૨૦૦૫ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૮ | માળીયા | વવાણીયા | ૧ | ૨૪–૦૭–૨૦૧૦ | ૧ | ૦૧–૦૯–૨૦૦૪ | ૧ | ૩૦–૦૬–૨૦૦૫ | ૧ | ૧૭–૦૫–૧૯૯૫ | ૦ | | ૧ | ૦૪–૧૨–૧૯૯૮ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૯ | વાંકાનેર | લુણસર | ૧ | ૧૮–૧૦–૨૦૧૧ | ૧ | ૦૩–૦૫–૧૯૯૯ | ૧ | ૧૭–૦૫–૨૦૦૭ | ૧ | ૧૭–૦૫–૨૦૦૭ | ૧ | ૩૦–૦૪–૨૦૦૪ | ૧ | ૦૯–૧૧–૨૦૦૮ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૦ | વાંકાનેર | મેસરીયા | ૧ | ૨૨–૦૯–૨૦૧૧ | ૦ | | ૦ | | ૧ | ૩૧–૪–૧૧ | ૦ | | ૦ | | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૧ | વાંકાનેર | સિધાવદર | ૧ | ૦૧–૧૧–૨૦૧૧ | ૧ | ૦૨–૦૭–૨૦૧૧ | ૦ | | ૧ | ૦૬–૦૫–૨૦૧૧ | ૧ | ૦૮–૦૬–૧૯૯૭ | ૧ | ૦૧–૦૮–૧૯૯૫ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૨ | વાંકાનેર | તિથવા | ૦ | | ૧ | | ૦ | | ૦ | | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૧ | ૧૯–૦૭–૨૦૦૨ | ૨ | ૦૧–૦૩–૧૯૫ |
| ૧૩ | ટંકારા | નેકનામ | ૦ | | ૧ | ૨૦–૦૮–૨૦૧૦ | ૦ | | ૦ | | ૧ | ૩૧–૦૧–૨૦૦૬ | ૧ | ૦૯–૧૧–૨૦૦૮ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૪ | લોધીકા | ખીરસરા | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૫ | રાજકોટ | ગઢડા | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૧–૪–૧૦ | ૦ | | ૦ | | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૬ | રાજકોટ | કોઠારીયા | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૧–૦૫–૨૦૦૮ | ૧ | ૧૦–૦૧–૨૦૦૧ | ૧ | ૩૧–૦૫–૨૦૦૮ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૭ | રાજકોટ | સણોસરા | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૧–૪–૧૦ | ૧ | ૧૦–૦૧–૨૦૦૧ | ૧ | ૩૧–૦૧–૨૦૦૯ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૧૮ | રાજકોટ | સરધાર | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૧–૪–૧૦ | ૦ | | ૧ | ૦૭–૦૧–૨૦૦૪ | ૨ | ૦૧–૦૩–૧૯૫ |
| ૧૯ | પડધરી | ખોડાપીપર | ૦ | | ૧ | ૦૫–૧૨–૨૦૦૩ | ૧ | ૩૧–૦૮–૨૦૦૬ | ૦ | | ૧ | ૦૧–૦૫–૧૯૯૮ | ૧ | ૦૧–૧૧–૨૦૦૮ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૦ | પડધરી | સરપદડ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧૧–૦૨–૨૦૦૪ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૧ | ધોરાજી | પાટણવાવ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૦–૧૧–૨૦૧૧ | ૧ | ૨૦–૦૨–૨૦૦૦ | ૧ | ૦૪–૦૧–૨૦૦૫ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૨ | ધોરાજી | સુપેડી | ૧ | ૩૧–૦૧–૨૦૧૨ | ૧ | ૨૬–૧૦–૨૦૧૦ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૧–૦૩–૨૦૦૭ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૩ | ઉપલેટા | ભીમોરા | ૦ | | ૦ | | ૧ | ૨૮–૦૨–૨૦૦૭ | ૧ | ૦૮–૦૧–૨૦૦૯ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૧ | ૦૧–૦૩–૨૦૦૭ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૪ | ઉપલેટા | ઢાંક | ૦ | | ૧ | ૩૦–૧૧–૨૦૦૩ | ૧ | ૨૦–૦૪–૨૦૦૭ | ૦ | | ૧ | ૩૧–૦૧–૧૯૯૬ | ૦ | | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૫ | ઉપલેટા | કોલકી | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૧–૦૨–૨૦૧૦ | ૧ | ૦૩–૦૧–૨૦૦૭ | ૦ | | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૬ | ઉપલેટા | મોટી પાનેલી | ૦ | | ૧ | ૦૬–૦૯–૨૦૦૬ | ૦ | | ૦ | | ૧ | ૨૮–૦૨–૨૦૦૬ | ૧ | ૦૮–૧૧–૨૦૦૫ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૭ | ગોંડલ | દેરડી કું | ૧ | ૦૯–૦૮–૨૦૧૦ | ૧ | ૧૧–૦૬–૨૦૦૮ | ૧ | ૦૧–૧૦–૨૦૦૭ | ૧ | ૩૧–૦૫–૨૦૦૯ | ૧ | ૦૧–૦૨–૧૯૮૮ | ૧ | ૦૧–૦૨–૧૯૮૮ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૮ | ગોંડલ | ગોમટા | ૦ | | ૧ | ૩૧–૧૦–૨૦૦૪ | ૦ | | ૧ | ૨૮–૦૨–૨૦૧૦ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૧ | ૩૧–૧૨–૨૦૦૬ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૨૯ | ગોંડલ | મોવીયા | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧૭–૦૭–૨૦૦૯ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૩૦ | ગોંડલ | શિવરાજગઢ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૦–૦૬–૨૦૦૯ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૧ | ૦૧–૧૦–૧૯૯૩ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૩૧ | ગોંડલ | મોટા દડવા | ૧ | ૧૯–૦૩–૨૦૧૧ | ૧ | ૦૧–૦૪–૨૦૧૧ | ૧ | ૦૧–૦૪–૨૦૧૧ | ૧ | ૨૯–૦૩–૨૦૧૧ | ૧ | ૨૯–૦૩–૨૦૧૧ | ૧ | ૨૯–૦૩–૨૦૧૧ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |
| ૩૨ | ગોંડલ | સુલતાનપુર | ૦ | | ૧ | ૩૧–૦૧–૨૦૦૬ | ૧ | ૦૧–૦૯–૨૦૦૫ | ૧ | ૨૩–૦૬–૨૦૦૯ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૧ | ૧૭–૦૭–૧૯૯૫ | ૨ | ૦૧–૦૩–૧૯૯૫ |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩ | કોટડા સાંગણી | રામોદ | ૧ | ૨૨-૦૩-૨૦૧૧ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૧-૦૨-૧૯૯૨ | ૧ | ૦૧-૦૨-૧૯૯૨ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૩૪ | કોટડા સાંગણી | નવી મેંગણી | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૩૧-૦૧-૧૯૯૬ | ૦ | | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૩૫ | જસદણ | આટકોટ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૧-૦૪-૧૯૯૭ | ૧ | ૦૧-૧૨-૧૯૯૮ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૩૬ | જસદણ | ભાડલા | ૦ | | ૧ | ૦૧-૦૪-૨૦૦૮ | ૦ | | ૧ | ૧૪-૦૯-૨૦૦૮ | ૧ | ૧૭-૦૭-૧૯૯૫ | ૧ | | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૩૭ | જસદણ | ભડલી | ૦ | | ૧ | ૨૦-૧૧-૨૦૦૦ | ૧ | ૨૪-૦૪-૨૦૦૬ | ૧ | ૦૧-૦૭-૨૦૦૮ | ૧ | ૧૮-૦૭-૧૯૯૫ | ૧ | ૩૧-૦૧-૨૦૦૪ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૩૮ | જસદણ | પીપરડી | ૧ | ૦૧-૧૦-૨૦૧૧ | ૧ | ૦૩-૦૬-૨૦૧૧ | ૦ | | ૧ | ૦૧-૦૪-૨૦૦૯ | ૧ | ૦૧-૦૪-૧૯૯૭ | ૧ | ૩૧-૦૧-૨૦૦૦ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૩૯ | જસદણ | લીલાપુર | ૧ | ૨૮-૦૨-૨૦૧૧ | ૧ | ૩૧-૦૩-૨૦૧૧ | ૦ | | ૧ | ૦૧-૦૭-૨૦૧૧ | ૧ | ૧૦-૦૨-૨૦૧૧ | ૧ | ૧૦-૦૨-૨૦૧૧ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૪૦ | જસદણ | સાણથલી | ૧ | ૩૧-૦૧-૨૦૧૨ | ૦ | | ૦ | | ૧ | ૦૯-૧૨-૨૦૧૦ | ૧ | ૧૭-૦૭-૧૯૯૫ | ૧ | ૦૧-૧૦-૧૯૮૭ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૪૧ | જેતપુર | અમરનગર | ૦ | | ૧ | ૦૧-૦૮-૧૯૯૮ | ૦ | | ૧ | ૩૧-૦૧-૨૦૧૦ | ૧ | ૧૭-૦૭-૧૯૯૫ | ૧ | ૦૧-૦૩-૧૯૯૧ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૪૨ | જેતપુર | બો. સમઢીયાળા | ૧ | ૧૭-૦૧-૨૦૧૧ | ૧ | ૦૧-૧૨-૨૦૦૭ | ૦ | | ૧ | ૦૨-૧૧-૨૦૧૧ | ૧ | ૦૧-૦૨-૧૯૮૮ | ૧ | ૨૯-૦૫-૧૯૮૯ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૪૩ | જેતપુર | જેતલસર | ૦ | | ૧ | ૧૪-૦૬-૨૦૧૧ | ૧ | ૦૧-૦૭-૨૦૧૧ | ૧ | ૦૧-૦૭-૨૦૧૦ | ૧ | ૦૧-૦૨-૧૯૮૮ | ૧ | ૧૫-૦૧-૨૦૦૨ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૪૪ | જેતપુર | મેવાસા | ૦ | | ૦ | | ૧ | ૧૩-૦૯-૨૦૧૧ | ૧ | ૩૧-૦૮-૨૦૦૯ | ૧ | ૧૫-૦૧-૨૦૦૦ | ૧ | ૧૫-૦૧-૨૦૦૦ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૪૫ | જામકંડોરણા | ચિત્રાવડ | ૦ | | ૧ | ૨૮-૦૨-૨૦૦૪ | ૦ | | ૦ | | ૧ | ૦૧-૦૨-૧૯૮૮ | ૧ | ૨૬-૦૫-૧૯૯૬ | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| ૪૬ | જામકંડોરણા | રાયડી | ૧ | ૦૧-૦૧-૨૦૧૨ | ૦ | | ૦ | | ૧ | ૧૫-૧૧-૨૦૦૮ | ૦ | | ૦ | | ૨ | ૦૧-૦૩-૧૯૯૫ |
| | **કુલ** | | **૧૫** | | **૨૪** | | **૧૭** | | **૩૧** | | **૩૭** | | **૩૭** | | **૯૨** | |

---------

## નર્મદા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૩૧૩૬૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર ૩૫૩૫૫ બાળકોને જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે. જેની વિગત **પત્રક-અ*** મુજબ છે.

(૨) તે પૈકી ૧૬૪૦ બાળકોને રેફરલ સારવાર અને ૯૭ બાળકોને તજજ્ઞ સારવાર આપવામાં આવી.

### પત્રક–અ

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | નાંદોદ | ૧૮૭૫ | ૧૫૨૧ | ૧૫૮ | ૧૩૮ | ૧૧૩ | ૧૨૪ | ૧૧૫ | ૦ | ૦ | ૦ |
| | ડેડીયાપાડા | ૩૦૯૪ | ૧૫૬૫ | ૩૬૪ | ૩૧૦ | ૩૧૯ | ૧૯૪ | ૭૪૭ | ૦ | ૦ | ૦ |
| | સાગબારા | ૨૧૦૮ | ૧૨૯૪ | ૧૬૬ | ૧૬૬ | ૧૭૮ | ૧૮૦ | ૪૧૦ | ૦ | ૦ | ૦ |
| | તિલકવાડા | ૯૫૯ | ૬૮૫ | ૨૨ | ૭૫ | ૨૬ | ૪૩ | ૧૫૭ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૮૦૦૬** | **૫૦૬૫** | **૭૧૦** | **૬૮૯** | **૬૩૬** | **૫૪૧** | **૧૪૨૯** | **૦** | **૦** | **૦** |
| ૨૦૧૧ | નાંદોદ | ૧૪૮૧ | ૧૧૪૫ | ૧૯૫ | ૧૮૪ | ૧૫૫ | ૮૯ | ૪૦૩ | ૪ | ૦ | ૯ |
| | ડેડીયાપાડા | ૨૦૦૩ | ૧૬૧૨ | ૨૮૮ | ૨૯૦ | ૨૦૨ | ૧૭૪ | ૫૦૬ | ૦ | ૦ | ૨ |
| | સાગબારા | ૮૬૮ | ૭૦૨ | ૨૫૧ | ૧૬૯ | ૧૮૭ | ૨૬૩ | ૩૭૫ | ૦ | ૦ | ૦ |
| | તિલકવાડા | ૬૭૮ | ૫૭૪ | ૫ | ૩૬ | ૮ | ૨૫ | ૮૯ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | ૫૦૩૦ | ૪૦૩૩ | ૭૩૯ | ૬૭૯ | ૫૫૨ | ૫૫૧ | ૧૩૭૩ | ૪ | ૦ | ૧૧ |
| **બે વર્ષનું કુલ** | | **૧૩૦૩૬** | **૯૦૯૮** | **૧૪૪૯** | **૧૩૬૮** | **૧૧૮૮** | **૧૦૯૨** | **૨૮૦૨** | **૪** | **૦** | **૧૧** |

| જાતીય રોગો | શ્વસન તંત્રના રોગ | ચેતા તંત્રના રોગ | અસ્થિ તંત્રના રોગ | વિકલાંગતા | હૃદય | કીડની | કેન્સર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૬૪ | ૧ | ૨૨ | ૪૨ | ૨૬ | ૧ | ૧ | ૩૭૩ | ૪૫૪૪ |
| ૦ | ૧૨ | ૪ | ૧૦ | ૨૮ | ૭ | ૦ | ૦ | ૮૦૦ | ૭૪૫૪ |
| ૦ | ૧૯૩ | ૧ | ૦ | ૧૧ | ૨૧ | ૦ | ૦ | ૪૧૧ | ૫૧૩૯ |
| ૦ | ૧૪૧ | ૭ | ૨ | ૫ | ૭ | ૦ | ૦ | ૨૫૩ | ૨૩૮૨ |
| **૦** | **૪૧૦** | **૧૩** | **૩૪** | **૮૬** | **૬૧** | **૧** | **૧** | **૧૮૩૭** | **૧૯૫૧૯** |
| ૫ | ૯૮ | ૪ | ૭ | ૩૯ | ૧૫ | ૪ | ૧ | ૬૯૨ | ૪૫૩૦ |
| ૦ | ૧૮૬ | ૩ | ૧૬ | ૨૮ | ૦ | ૧ | ૩ | ૮૦૫ | ૬૧૧૯ |
| ૦ | ૧૫૪ | ૦ | ૧ | ૯ | ૫ | ૦ | ૦ | ૭૧૫ | ૩૬૯૯ |
| ૦ | ૬૩ | ૦ | ૦ | ૨ | ૫ | ૦ | ૦ | ૩ | ૧૪૮૮ |
| ૫ | ૫૦૧ | ૭ | ૨૪ | ૭૮ | ૨૫ | ૫ | ૪ | ૨૨૧૫ | ૧૫૮૩૬ |
| **૫** | **૯૧૧** | **૨૦** | **૫૮** | **૧૬૪** | **૮૬** | **૬** | **૫** | **૪૦૫૨** | **૩૫૩૫૫** |

---------

## રાજ્ય સરકારે સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાંટ પેટે નગરપાલિકાઓને ચૂકવેલ રકમ

૩૧૩૯૧ **શ્રીમતિ ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમ સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાંટ તરીકે નગરપાલિકાઓને ચૂકવેલ છે ?

**જવાબ**

તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સફાઈ વેરા પ્રોત્સાહક ગ્રાંટ તરીકે રાજ્ય સરકારે ` ૩૧,૦૮,૬૯,૭૯૮ /– (અંકે રૂપિયા એકત્રીસ કરોડ આઠ લાખ ઓગણોસિત્તેર હજાર સાતસો અઠાણું પુરા)ની રકમ નગરપાલિકાઓને ચુકવેલ છે.

---------

## રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ

૩૧૨૮૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કેટલી નગરપાલિકાનો તળાવ બ્યુટીફીકેશન માટે સમાવેશ કરવામાં આવ્યો,

(૨) તે પૈકી જેતપુર અને ગોંડલ નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) તળાવ બ્યુટીફિકેશન માટે વર્ષ ૨૦૧૧–૧૨માં સમાવેશ કરેલ ન હતો. પરંતુ વર્ષ ૨૦૦૭–૦૮ થી વર્ષ ૨૦૦૮–૦૯ દરમ્યાન રાજકોટ જિલ્લાની બે નગરપાલિકાનો, બે તળાવોનો ઉંડા ઉતારી બ્યુટીફિકેશન કરવા માટે સમાવેશ કરેલ છે.

(૨) તે પૈકી ગોંડલ નગરપાલિકાના આશાપુરા તળાવના બ્યુટીફિકેશન માટે વર્ષ ૨૦૦૭–૦૮ માં ` ૨૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

(૩) (૧) ગોંડલ નગરપાલિકાએ ` ૨૫.૦૦ લાખનો ખર્ચ ગ્રાન્ટમાંથી અને ` ૪.૦૩ લાખનો ખર્ચ નગરપાલિકાએ સ્વભંડોળમાંથી એમ કુલ ` ૨૯.૦૩ લાખનો ખર્ચ કરેલ છે.

---------

## સાબરમતી રીવરફ્રન્ટના વિકાસ માટે અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવેલ રકમ

૨૯૯૩૬ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે સાબરમતી રીવરફ્રન્ટના વિકાસ માટે કેટલી રકમ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનને ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમ અન્વયે અસરગ્રસ્ત ઝુંપડપટ્ટીઓમાં વસવાટ કરતા ઇસમોને કેટલા મકાનો ફાળવી આપવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. કંપની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની છે. અને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો અમલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહેલ છે. તેથી સદરહુ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે કોઇ ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં પ્રવાસન ૫ સ્થળોના વિકાસ માટે કામગીરી**

૩૧૨૭૪ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે પ્રમાણેની કામગીરી હાથ ધરવામાં આવી.

**(અ) વર્ષ ૨૦૧૦–૧૧**

૧. નળ સરોવર ખાતે હયાત પ્રવાસન હસ્તકની હોટલ તોરણમાં સુધારા વધારા, રીપેરીંગ અને ટેન્ટ એકોમોડેશન માટે વધારાના પ્લીન્થ અને ટોયલેટ બનાવવાની કામગીરી.

૨. સાબરમતી ગાંધીઆશ્રમ ખાતે આવેલ પ્રવાસન હસ્તકની હોટલ તોરણમાં રીપેરીંગ, રીનોવેશન અને અપગ્રેડેશનની કામગીરી.

૩. નળ સરોવર ખાતે ઇકો ટુરીઝમ પ્રોજેક્ટ માટે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓ, પક્ષી અભ્યારણના વિકાસની કામગીરી, પીવાના પાણીની સુવિધા માટે ટાંકી, ભુગર્ભ સંપ, પાઇપલાઇનની કામગીરી, વેકરીયા ચોકડીથી બગોદરા તરફ જતા એપ્રોચ રોડની કામગીરી.

૪. સીદી સૈયદની જાળી વાળા વિસ્તારની કામગીરી.

૫. સાબરમતી આશ્રમને આંતરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે દાંડી પુલનો વિકાસ, મરામતની કામગીરી, સુશોભન, સ્થળને અનુરૂપ વનીકરણ, ચંદ્રભાગા નાળા ઉપર ૧૫૦૦ મીટર લાંબો ૬ લેનનો પુલ બનાવી ટ્રાફીકનું ડાઇવર્જન, ટ્રાફીકની સરળતા માટે ગાંધીઆશ્રમના વિસ્તારમાં એરીયામાં ૭.૫ મીટર પહોળો અને ૧૧૮૫ મીટર લાંબો ઇન્ટરનલ રોડ, ગાંધીઆશ્રમની આજુબાજુના વિસ્તારને સાઇલેન્ટ ઝોન કરવા ૩૩ મીટર પહોળા અને ૪૦૦ મીટર લાંબા માર્ગની કામગીરી સાથે પ્લાન્ટેશન, પેવીંગ, ઇન્ફર્મેશન ડીસ્પ્લે, પબ્લીક એમનીટીઝ, અંડરગ્રાઉન્ડ મ્યુઝીયમ, સાબરમતી આશ્રમ પાસેના વિસ્તારમાં રસ્તાની સુદરતા, પાર્કીંગ, કીયોસ્ક, વનીકરણ અને જાહેર શૌચાલય, ઇન્સ્ટીટયુશનલ બીલ્ડીંગનું બાંધકામ જેમાં કલાસરૂમ, ઓડીટોરીયમ, વહીવટી કચેરી તથા વર્કશોપ, ચંદ્રભાગા નાળાના વન વિસ્તારનો વિકાસ જેમાં વૃક્ષારોપણ, ઇન્ટરનલ પાથવે, ગાર્ડન, કુવારો, તથા હયાત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરીનું અપગ્રેડેશન.

(બ) વર્ષ ૨૦૧૧–૧૨

૧. નળ સરોવર વિસ્તારમાં વનાળીયા ગામ ખાતે ટુરીઝમ માર્ટ અને ગ્લોબલ એન્ટરટેઇનમેન્ટ સીટી બનાવવાનું આયોજન હેઠળ છે.

૨. રસ્તા પરની પ્રવાસીઓની સુવિધા માટે વિરમગામ હાંસલપુર ચોકડી તથા વટામણ ચોકડી બગોદરા

પર રસ્તા પરની સુવિધાનું આયોજન છે.
૩. નળ સરોવર ખાતે ઇકો ટુરીઝમ પ્રોજેક્ટ
૪. સીદી સૈયદની જાળી વિસ્તારમાં પ્રવાસન સુવિધા ઉભી કરવી.

| | |
|---|---|
| (૨) આ માટે સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૨) આ માટે સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ` ૬૪૫/- લાખની ગ્રાન્ટ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં ` ૨૩૩/- લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. |
| (૩) કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ` ૩૨૨.૬૯ લાખનો ખર્ચ થયેલ છે. |

**પંચમહાલ જિલ્લામાં પુર્ણ થયેલ ચેકડેમો**

૩૧૩૧૪ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કુલ કેટલા ચેકડેમ પૂર્ણ કર્યા, | (૧) ૪૬૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ચેકડેમ પ્રગતિ હેઠળ છે, અને | (૨) ૮૨. |
| (૩) તેના થકી કેટલા હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૩) ૨૯૯૬. |

**અમરેલી જિલ્લાની રાણીંગપર સિંચાઈ યોજના**

૩૧૩૩૩ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાની રાણીંગપર સિંચાઈ યોજના તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ટેન્ડર તબક્કે હતું. |
| (૨) આ યોજનાનું બાંધકામ કયારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) આ યોજનાના મુખ્ય બંધનું બાંધકામ માહે. ફેબ્રુઆરી-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે? | (૩) ` ૩૩૭.૧૦ લાખ ખર્ચ થશે. |

**રાજ્યમાં યોજાયેલ રણોત્સવનું સ્થળ**

૩૧૨૮૧ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧માં રાજ્યમાં રણોત્સવ ક્યા સ્થળે અને ક્યારે યોજવામાં આવ્યો, અને | (૧) વર્ષ ૨૦૧૧માં રાજ્યમાં રણોત્સવ કચ્છ જિલ્લાનાં ધોરડો ગામે તા. ૯-૧૨-૨૦૧૧ થી તા. ૧૫-૧-૨૦૧૨ સુધી યોજવામાં આવેલ હતો. |
| (૨) આ ઉત્સવમાં કેટલા વિદેશી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા? | (૨) આ ઉત્સવમાં એક વિદેશી મહાનુભવ ઉપસ્થિત રહ્યા હતા. |

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૮૬ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર-૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને કયારે મળી, | (૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭-૧૧-૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર-૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨-૧૧-૧૧ના રોજ મળેલ છે.<br>મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર |

મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકૂફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા-શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત | ૧.ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસપલ કોર્પોરેશન માટે સ્ટાફ / સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ ''મહાત્મા મંદિર'' નું નામ બદલવા બાબત | ૪.''મહાત્મા મંદિર'' ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પાટણ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન

૩૧૪૩૪ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે,

(૨) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો, અને

(૩) આ પૈકી કેટલાની જીંદગી બચાવવામાં આવી?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૨ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે.

| | |
|---|---|
| ચાણસ્મા-૧ | સાંતલપુર-૨ |
| હારીજ-૧ | સિદ્ધપુર-૧ |
| સમી-૨ | પાટણ-૪ |
| રાધનપુર-૧ | |

(૨) ૧૪૭૯૫.

(૩) ૯૬૪.

---------

## અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં ફાયર સેફટીના સાધનો

૨૯૯૫૫ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ફાયર સેફ્ટીના સાધનોની ગોઠવણી ન થઈ હોય તો તેની સામે સરકારે છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા,

**જવાબ**

અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ફાયર સેફટીના સાધનોની ગોઠવણી થયેલ છે.

તા.૨૬મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

---------

## ખેડા જિલ્લાના પરા વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા

૩૧૨૩૨ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલા પરા વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી, અને

(૨) તેવા પરાઓમાં કયા સુધીમાં પીવાનું પાણી પુરુ પાડવામાં આવશે?

**જવાબ**

(૧) જિલ્લાના તમામ ૧૪૮૧ પરા વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## દાંતીવાડા જળાશય આધારીત પીવાના પાણીની યોજના

૩૧૩૨૪ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાંતીવાડા જળાશય આધારીત પીવાના પાણીની યોજના સરકારની વિચારણા હેઠળ છે, કે કેમ

(૨) જો હા, તો આ યોજનાથી બનાસકાંઠા જિલ્લાના કયા ગામોને આવરી લેવાના છે, અને

(૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) હા, જી.

(દાંતીવાડા જળાશય આધારિત ડીસા, દાંતીવાડા, પાલનપુર તાલુકાના ૯૪ ગામોને આવરી લેતી પેકેજ બી. કે.–૫ યોજના)

(૨) પરિશિષ્ટ મુજબના ૯૪ ગામોને આવરી લેવાના છે.

(૩) આ યોજના પાછળ તબક્કાવાર ` ૧૦૯.૯૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

### પરિશિષ્ટ

| અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| તાલુકો – ડીસા | | તાલુકો – દાંતીવાડા | | તાલુકો – પાલનપુર | |
| ૧ | વાસડા | ૧ | નાંદોત્રા (ઠાકોરવાસ) | ૧ | રણાવાસ |
| ૨ | લટીયા | ૨ | જોરાપુરા (લોડપા) | ૨ | જુવોલ |
| ૩ | રાણપુર (ઉ.વાસ) | ૩ | લોડપા | ૩ | કરઝા |
| ૪ | રાણપુર (વ.વાસ) | ૪ | નીલપુર | ૪ | રામપુર (કરઝા) |
| ૫ | રાણપુર (આ.વાસ) | ૫ | શિકારીયા | ૫ | આંત્રોલ |
| ૬ | વડલી ફાર્મ | ૬ | રામસીડા | ૬ | બાંટાવાડા |
| ૭ | કાંટ | ૭ | વાઘરોલ | ૭ | ભટામલ નાની |
| ૮ | ચંદાજી ગોલિયા | ૮ | ભાખરમોટી | ૮ | જોરાપુર (ભાખર) |
| ૯ | ગેનાજી ગોલિયા | ૯ | ભાખરનાની | ૯ | કુંભલમેર |
| ૧૦ | મોરથલ ગોલિયા | ૧૦ | ડાંગીયા | ૧૦ | સામઢી રાણાજીવાસ |
| ૧૧ | ચત્રાલા | ૧૧ | ગનોદરા | ૧૧ | સામઢી મોટાવાસ |
| ૧૨ | ઢુવા | ૧૨ | ભાકોદર | ૧૨ | સામઢી નાઢાણીવાસ |
| ૧૩ | ધારપડા | ૧૩ | ગોઢ | ૧૩ | સુંઢા |
| ૧૪ | ફતેપુરા | ૧૪ | નાંદોત્રા | ૧૪ | વાસણી |
| ૧૫ | રસાણા નાના | ૧૫ | ગંગુદરા | ૧૫ | મોટા |
| ૧૬ | રસાણા મોટા | ૧૬ | ઓઢવા | ૧૬ | ચંડીસર |
| ૧૭ | ભોંયણ | ૧૭ | રાનોલ | ૧૭ | કોટડા (ભાખર) |
| ૧૮ | શેરગંજ | ૧૮ | રાજકોટ | ૧૮ | મડાણા (ડાંગીયા) |
| ૧૯ | આસેડા | ૧૯ | ભિલડા | ૧૯ | ગઢ |
| ૨૦ | માણેકપુર | ૨૦ | આકોલી | ૨૦ | દલવાડા |
| ૨૧ | ખરડોસણ | ૨૧ | ભાડલી (જાટ) | ૨૧ | કુંભાસણ |
| ૨૨ | સમૌ મોટા | ૨૨ | કોટડા (જેગોલ) | ૨૨ | મડાણા (ગઢ) |
| ૨૩ | સમૌ નાના | ૨૩ | અટાલ | ૨૩ | સલેમપુરા |
| ૨૪ | સવિયાણા | ૨૪ | ડેરી | ૨૪ | તાલેપુરા (ગઢ) |
| ૨૫ | વેલાવપુરા | ૨૫ | વાવધરા | ૨૫ | બાદરપુરા (ખોડલા) |
| ૨૬ | નવા | ૨૬ | હરીયાવાડા | ૨૬ | ખોડલા |
| ૨૭ | રાજપુર | ૨૭ | શેરગઢ | ૨૭ | વેડંચા |
| ૨૮ | જુના ડીસા | ૨૮ | તાલેનગર | | |
| ૨૯ | વાસણા (જુનાડીસા) | ૨૯ | માલપુરીયા | | |
| ૩૦ | દસાણા વાસ | ૩૦ | ભિલાચલ | | |
| ૩૧ | લુણપુર | ૩૧ | ગંગુવાડા | | |
| ૩૨ | સરદારપુર | | | | |
| ૩૩ | જબડીયા | | | | |
| ૩૪ | ભદ્રમાળી | તાલુકો ડીસાઃ ૩૬, દાંતીવાડા–૩૧, પાલનપુર–૨૭–કુલ ૯૪ ગામો | | | |
| ૩૫ | ધારીસણા | | | | |

| અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| તાલુકો – ડીસા | | તાલુકો – દાંતીવાડા | | તાલુકો – પાલનપુર | |
| ૩૬ | કણજર | | | | |

---------

## ગાંધીનગર મહાનગરપાલિકાને વિવિધ કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

૩૦૯૦૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને ગાંધીનગર મહાનગરપલિકાના કયા કયા કામો માટે કેટલી રકમની માંગણી ક્યારે કયારે મળી,

(૨) તે અન્વયે ક્યારે ક્યારે કેટલી રકમ ફાળવવામાં આવી, અને બાકીની રકમ કયાં સુધીમાં ફાળવવામાં આવશે, અને

(૩) બાકી કામોને કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ઘન કચરાના નિકાલ માટેના પ્રોજેક્ટના કામો માટે ` ૧૨.૫૦ કરોડની માંગણી ગાંધીનગર મહાનગરપાલિકાના તા. ૨૧–૧૦–૨૦૧૧ના પત્રથી મળેલ છે.

(૨) આ અંગે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણીમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને ` ૧૦.૦૦ કરોડ ફાળવવા નિર્ણય લેવામાં આવેલ છે. આ ગ્રાન્ટનો ઉપયોગ ઘન કચરાના નિકાલના પ્રોજેક્ટ અંતર્ગત કરવાનો રહેશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## 68/p a g e > દ્વારકા મંદિરના વિકાસ માટે ફાળવેલ રકમ

૩૧૩૮૩ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દ્વારકા મંદિરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કેટલી રકમ, કયા કયા કામો માટે ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કયા કામ માટે કરવામાં આવ્યો,

(૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪) યાત્રાળુઓને આ વિકાસ કામો બાદ કયા કયા પ્રકારની સવલતો મળશે?

**જવાબ**

(૧) સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દ્વારકા મંદિરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કોઈ રકમ ફાળવવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## મહેસાણા જિલ્લામાં નર્મદાનું પાણી પરું પાડવા બાબત

૩૧૩૦૪ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કેટલા ગામોને કઇ કઇ યોજના દ્વારા નર્મદાનું પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે, અને

(૨) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) મહેસાણા જિલ્લામાં નર્મદાનું પીવાનું પાણી પુરૂં પાડવામાં આવેલ યોજનાની વિગત નીચે મુજબ છે.

| યોજનાનું નામ | પાણી પુરૂ પાડવામાં આવેલ ગામોની સંખ્યા | થયેલ ખર્ચ રૂ. કરોડમાં |
|---|---|---|
| કડી તાલુકાની લક્ષ્મીપુરા ઓફટેક આધારીત એમ–૧ જૂથ પાણી પુરવઠા યોજના | ૧૧૯ | ૫૮.૨૦ |
| બેચરાજી તાલુકાની મોઢેરા ઓફટેક આધારીત તથા મહેસાણા તાલુકાની દેદીયાપાડા ઓફટેક આધારીત યોજના એમ–૨ જૂથ પાણી પુરવઠા યોજના | ૧૬૫ | ૧૨૨.૭૬ |

| | | |
|---|---|---|
| વિજાપુર તાલુકાની પિયજ ધરોઈ પાઈપ લાઈન આધારીત જૂથ પાણી પુરવઠા યોજના | ૨૬ | ૫૫.૩૨ |
| **કુલ** | **૩૧૦** | **૨૩૬.૩૮** |

## સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૩૧૩૧૬ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવામાં આવેલ છે,

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ?

**જવાબ**

(૧) હિંમતનગર ભાગ–૧ અને ૨, ખેડબ્રહ્મા, મોડાસા, તલોદ અને બાયડ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓ મંજુર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | હાલની પરીસ્થિતિ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ભાગ–૧ ની કામગીરી પ્રગતિમાં ભાગ–૨ ની યોજના મંજુર થયેલ છે. |
| ૨ | ખેડબ્રહ્મા | ટેન્ડરો માગવામાં આવેલ છે. |
| ૩ | મોડાસા | યોજના મંજુર થયેલ છે. |
| ૪ | તલોદ | યોજના મંજુર થયેલ છે. |
| ૫ | બાયડ | યોજના મંજુર થયેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ભાગ–૧ ` ૯.૦૨<br>ભાગ–૨ ` ૨૦.૪૯ |
| ૨ | ખેડબ્રહ્મા | ` ૨૧.૩૫ |
| ૩ | મોડાસા | ` ૩૦.૧૨ |
| ૪ | તલોદ | ` ૨૧.૩૫ |
| ૫ | બાયડ | ` ૧૭.૨૩ |

## સુરેન્દ્રનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમ

૩૧૨૬૫ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ચેકડેમ થકી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ?

**જવાબ**

(૧) ૫૯ ચેકડેમો.

(૨) ` ૩૨૮.૬૨ લાખ.

(૩) આશરે ૫૭૦ હેક્ટર વિસ્તારને આડકતરી રીતે સિંચાઇનો લાભ મળશે.

## પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૩૧૨૪૧ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવામાં આવેલ છે,

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓ મંજુર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | પાટણ | ટેન્ડર મંજુરી હેઠળ છે. |
| ૨ | સિધ્ધપુર | કામગીરી પ્રગતિમાં છે. |

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ?

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબની અંદાજીત કિંમત માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | પાટણ | ૫૦.૬૨ |
| ૨ | સિધ્ધપુર | ૭.૭૪ |

## ગાંધીનગર મહાનગરપાલિકાને વિવિધ કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

૩૦૯૦૯ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને ગાંધીનગર મહાનગરપાલિકાના ક્યા ક્યા કામો માટે કેટલી રકમની માંગણી ક્યારે ક્યારે મળી,

(૨) તે અન્વયે ક્યારે ક્યારે કેટલી રકમ ફાળવવામાં આવી, અને બાકીની રકમ ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે, અને

(૩) બાકી કામોને કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ઘન કચરાના નિકાલ માટેના પ્રોજેક્ટ કામો માટે ` ૧૨.૫૦ કરોડની માંગણી ગાંધીનગર મહાનગરપાલિકાના તા.૨૧-૧૦-૨૦૧૧ ના પત્રથી મળેલ છે.

(૨) આ અંગે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને ` ૧૦.૦૦ કરોડ ફાળવવા નિર્ણય લેવામાં આવેલ છે. આ ગ્રાન્ટનો ઉપયોગ ઘન કચરાના નિકાલના પ્રોજેક્ટ અંતર્ગત કરવાનો રહેશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદ જિલ્લામાં હયાત નાની સિંચાઇ યોજના

૩૦૪૪૨ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ નાની સિંચાઇ માટેની કેટલી યોજનાઓ હયાત છે,

(૨) તેનો કુલ કેટલો કમાન્ડ એરીયા કેટલો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજનાઓ દ્વારા કેટલા વિસ્તારને નિયત આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ નાની સિંચાઇ હેઠળ તાલુકાવાર નીચે મુજબના તળાવો હયાત છે.

| અ.નં. | તાલુકાનું નામ | હયાત નાની સિંચાઇ તળાવો |
|---|---|---|
| ૧ | વિરમગામ | ૧૪ |
| ૨ | માંડલ | ૧૦ |
| ૩ | દેત્રોજ-રામપુરા | ૩ |
| ૪ | ધંધુકા | ૭ |
| ૫ | બરવાડા | ૪ |
| ૬ | રાણપુર | ૩ |
| ૭ | બાવળા | ૩ |
| | કુલ... | ૪૪ |

(૨) ઉપરોક્ત સિંચાઇ તળાવો મહદઅંશે અનુશ્રવણ તળાવો તરીકે કામ કરે છે અને ખેડુતો તેમાંથી તેમની રીતે ઉદવહન કરીને સિંચાઇ કરે છે, તેથી તેમનો આલેખીત કમાન્ડ એરીયા નથી.

(૩) ઉપરોક્ત તળાવોમાંથી છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખેડુતો દ્વારા ઉદવહન સિંચાઇ થયેલ છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૯-૧૦ | ૪૨ હેક્ટર |
| વર્ષ ૨૦૧૦-૧૧ | ૪૮૪ હેક્ટર |

## આણંદ જિલ્લામાં નગરપાલિકાઓને ઓક્ટ્રોયની વિકલ્પ રૂપે ચૂકવવાની રકમમાં વિલંબ બાબત

૨૯૯૩૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ઓક્ટ્રોયના વિકલ્પે કેટલી નગરપાલિકાઓને કેટલી રકમ ચૂકવવાની બાકી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ઓક્ટ્રોયના વિકલ્પે ૧૧ નગરપાલિકાઓને મળવાપાત્ર પુરેપુરી રકમ ચૂકવેલ હોય ઓક્ટ્રોય ગ્રાન્ટની કોઇ રકમ ચૂકવવાની બાકી નથી.

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચૂકવી, અને

(૨) છેલ્લા બે વર્ષમાં નગરપાલિકાઓને વર્ષવાર ચૂકવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **તા.૧/૧/૧૦ થી ૩૧/૧૨/૧૦** | **તા.૧/૧/૧૧ થી ૩૧/૧૨/૧૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૭૧૩૫૧૬૫૯ | ૬૩૦૩૭૦૭૭ | ૧૩૪૩૮૮૭૩૬ |
| ૨ | ખંભાત | ૨૧૮૬૪૭૦૮ | ૨૪૨૫૬૧૬૭ | ૪૬૧૨૦૮૭૫ |
| ૩ | બોરસદ | ૧૨૫૬૬૭૬૦ | ૧૩૯૪૧૨૫૨ | ૨૬૫૦૮૦૧૨ |
| ૪ | પેટલાદ | ૨૧૭૭૪૪૬૮ | ૨૪૧૫૬૦૫૭ | ૪૫૯૩૦૫૨૫ |
| ૫ | ઉમરેઠ | ૧૨૨૭૪૨૨૮ | ૧૧૧૩૬૯૦૬ | ૨૩૪૧૧૧૩૪ |
| ૬ | વલ્લભવિદ્યાનગર | ૧૧૦૬૫૩૭૮ | ૯૭૫૪૩૪૭ | ૨૦૮૧૯૭૨૫ |
| ૭ | કરમસદ | ૨૦૩૫૩૮૦ | ૨૨૫૮૦૦૧ | ૪૨૯૩૩૮૧ |
| ૮ | આંકલાવ | ૯૬૨૩૭૩ | ૯૦૫૮૪૧ | ૧૮૬૮૨૧૪ |
| ૯ | ઓડ | ૧૯૬૨૭૯૨ | ૨૧૭૭૪૭૫ | ૪૧૪૦૨૬૭ |
| ૧૦ | બોરીયાવી | ૨૧૩૬૬૦૦ | ૨૧૩૬૬૦૦ | ૪૨૭૩૨૦૦ |
| ૧૧ | સોજીત્રા | ૧૮૦૦૪૦૮ | ૨૦૨૫૪૬૫ | ૩૮૨૫૮૭૩ |
| | **કુલઃ** | **૧૫૯૭૯૪૭૫૪** | **૧૫૫૭૮૫૧૮૮** | **૩૧૫૫૭૯૯૪૨** |

(૩) સમયસર આવી રકમ નહી ચૂકવવાના કારણો શા છે?

(૩) ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ દર માસે નિયમિત ચૂકવવામાં આવે છે. તેથી સમયસર આવી રકમ નહી ચૂકવવાના કારણો ઉપસ્થિત થતા નથી.

## ઝાલોદ તાલુકામાં ભાણાસીમળ જુથ પાણી પુરવઠા યોજનાનો સમાવેશ

૩૧૮૭૬ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઝાલોદ તાલુકાના ભાણાસીમળ જુથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે, અને

(૨) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ ઝાલોદ તાલુકાના કેટલા ગામોને ખરેખર પાણી મળે છે ?

**જવાબ**

(૧) ૬ ગામોનો સમાવેશ થાય છે.

(૨) ૬ ગામોને પીવાનું પાણી મળે છે.

## ધાનેરા તાલુકામાં રેલ નદીમાં મોટા ચેકડેમમાં નર્મદાનું પાણી પાઇપ લાઇન દ્વારા નાખવાની યોજના

૩૧૪૩૫ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના બાપલા પાસે આવેલ રેલ નદીમાં મોટા ચેકડેમ બનાવી તેમાં નર્મદાનું પાણી પાઇપ લાઇન દ્વારા નાખવાની યોજના સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેમાં કેટલી રકમની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) તે કામગીરી ક્યારે શરૂ થશે અને ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

રેલ નદીની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખીને વરસાદી પાણીનો સંગ્રહ થઇ શકે તે માટે તાંત્રિક અને આર્થિક પાસાઓનો અભ્યાસ કરીને મોટા ચેકડેમ બાંધવા માટેની શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે.

## નવસારી જિલ્લામાં પાણી પુરવઠા યોજના દ્વારા ટાંકીઓ બનાવી નળ કનેકશનો

૩૦૭૬૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા યોજના દ્વારા કેટલા ગામોમાં ટાંકીઓ બનાવી નળ કનેકશનો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ ટાંકીઓ બનાવી.

| **ક્રમ** | **તાલુકો** | **ગામો** | **ટાંકીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૪ | ૪ |
| ૨ | જલાલપોર | ૫ | ૫ |
| ૩ | ગણદેવી | ૧૦ | ૧૫ |
| ૪ | ચીખલી | ૩૫ | ૬૨ |
| ૫ | વાંસદા | ૫૧ | ૧૫૮ |
| | **કુલઃ** | **૧૦૫** | **૨૪૪** |

(૨) આવી યોજનાઓ અંતર્ગત કેટલી ટાંકીઓ કાર્યરત છે, અને કેટલી કાર્યરત નથી ?

(૨) ૧૦૫ ગામો પૈકી ૧૦૨ ગામોમાં ૨૪૧ ટાંકીઓ કાર્યરત છે અને ૦૩ ગામોમાં ૦૩ ટાંકીઓ કાર્યરત નથી.

## સુરત મહાનગરપાલિકાના આંતર માળખાકીય વિકાસના કામો માટે ચૂકવેલ ગ્રાન્ટ

૩૧૪૨૦ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ક્યા ક્યા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૩) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦ માં ` ૧૦૦.૦૦ કરોડ અને વર્ષ ૨૦૧૧ માં ` ૩૦૦.૦૦ કરોડ મળી કુલ ` ૪૦૦.૦૦ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

(૨) સુરત મહાનગરપાલિકા દ્ધારા ફ્લાયઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ, અન્ય બ્રીજ, મુખ્ય રસ્તા, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, જળ સંચય, રેઇન વોટર હાર્વેસ્ટીંગ તથા મલ્ટી લેવલ પર્કીંગના કામો હાથ ધરવામાં આવેલ છે.

(૩) હાથ ધરેલ કામો પૈકી ફ્લાયઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ, અન્ય બ્રીજ, મુખ્ય રસ્તા, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, જળસંચય, રેઇન વોટર હાર્વેસ્ટીંગ તથા મલ્ટી લેવલ પર્કીંગના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

## અમરેલી જિલ્લાની રાણીંગપર સિંચાઈ યોજના

૩૧૩૩૨ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાની રાણીંગપર સિંચાઈ યોજના તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ યોજનાનું બાંધકામ કયારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ટેન્ડર તબક્કે હતું.

(૨) આ યોજનાના મુખ્ય બંધનું બાંધકામ માહે, ફેબ્રુઆરી–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ` ૩૩૭.૧૦ લાખ ખર્ચ થશે.

## જુનાગઢ નગરપાલિકા અને તાલુકાવાર નગરપાલિકાઓને ઓકટ્રોયના વિકલ્પ રૂપે ચૂકવવાની રકમમાં વિલંબ

૨૯૯૭૯ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ઓકટ્રોયના વિકલ્પમાં જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન અને તાલુકાવાર નગરપાલિકાઓને કેટલી રકમ રાજ્ય સરકારે આપવાની થાય છે,

(૨) આવી રકમ સમયસર નહીં આપવાના કારણો શા છે, અને

(૩) બાકીની રકમ કેટલા સમયમાં ચુકવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| અ.નં. | મનપા/નપા નુ નામ | રકમ(રૂ.) |
|---|---|---|
| ૧ | જુનાગઢ મહાનગરપાલિકા | ૧૨,૨૮,૫૦,૦૦૦ |
| ૨ | વેરાવળ–પાટણ | ૫,૩૨,૧૮,૯૩૫ |
| ૩ | કેશોદ | ૨,૬૫,૮૧,૩૧૧ |
| ૪ | માંગરોળ | ૧,૭૧,૧૧,૦૭૦ |
| ૫ | ઉના | ૩,૦૭,૧૫,૮૬૬ |
| ૬ | કોડીનાર | ૧,૬૫,૩૫,૪૭૫ |
| ૭ | માણાવદર | ૧,૫૧,૬૯,૫૨૭ |
| ૮ | ચોરવાડ | ૩૫,૭૬,૪૬૫ |
| ૯ | વિસાવદર | ૭૮,૯૬,૩૪૮ |
| ૧૦ | વંથલી | ૪૭,૧૯,૧૭૭ |
| ૧૧ | બાંટવા | ૮૧,૭૪,૩૬૭ |
| ૧૨ | સુત્રાપાડા | ૫૪,૧૮,૦૦૦ |
| ૧૩ | તલાલા | ૮૮,૨૯,૬૧૨ |

(૨) સમયસર રકમ ચૂકવી આપેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્ય સરકારે સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાંટ પેટે નગરપાલિકાઓને ચૂકવેલ રકમ

૩૧૩૯૦ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમ સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાંટ તરીકે નગરપાલિકાઓને ચૂકવેલ છે

**જવાબ**

તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાંટ તરીકે રાજ્ય સરકારે `૩૧,૦૮,૬૯,૭૯૮/– (અંકે રૂપિયા એકત્રીસ કરોડ આઠ

લાખ ઓગણોસિત્તેર હજાર સાતસો અઠાણું પુરા)ની રકમ નગરપાલિકાઓને ચૂકવેલ છે.

## આણંદ જિલ્લામાં હેન્ડપંપ બનાવવાની આવેલ અરજીઓ

૨૯૯૨૮ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર કેટલા હેન્ડપંપ બનાવવાની અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓ સામે તાલુકાવાર, વર્ષવાર કેટલા હેન્ડપંપ બનાવવામાં આવ્યા,

(૩) તાલુકાવાર કેટલા હેન્ડપંપ હજુ બનાવવાના બાકી છે, અને

(૪) બનાવેલ હેન્ડપંપ માંથી હાલ તાલુકાવાર કેટલા હેન્ડપંપ બંધ હાલતમાં છે ?

**જવાબ**

(૧) તાલુકાવાર વર્ષવાર નીચે મુજબ હેન્ડપંપ બનાવવાની અરજીઓ આવી.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ | કુલ હેન્ડપંપ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૬૦ | ૧૩૭ | ૧૯૭ |
| ૨ | ઉમરેઠ | ૪૭ | ૬૩ | ૧૧૦ |
| ૩ | પેટલાદ | ૫૮ | ૦૬ | ૬૪ |
| ૪ | સોજીત્રા | ૨૬ | ૦૨ | ૨૮ |
| ૫ | બોરસદ | ૨૭ | ૭૨ | ૯૯ |
| ૬ | આંકલાવ | ૧૮ | ૧૩૦ | ૧૪૮ |
| ૭ | ખંભાત | ૦૯ | ૧૫ | ૨૪ |
| ૮ | તારાપુર | ૦૦ | ૦૧ | ૦૧ |
| | કુલ | ૨૪૫ | ૪૨૬ | ૬૭૧ |

(૨) તાલુકાવાર વર્ષવાર નીચે મુજબ હેન્ડપંપ બનાવવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ | કુલ હેન્ડપંપ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૫ | ૨૬ | ૪૧ |
| ૨ | ઉમરેઠ | ૧૬ | ૨૪ | ૪૦ |
| ૩ | પેટલાદ | ૧૫ | ૨ | ૧૭ |
| ૪ | સોજીત્રા | ૧૦ | ૦ | ૧૦ |
| ૫ | બોરસદ | ૧૩ | ૪૬ | ૫૯ |
| ૬ | આંકલાવ | ૧૧ | ૮૦ | ૯૧ |
| ૭ | ખંભાત | ૦૩ | ૦૯ | ૧૨ |
| ૮ | તારાપુર | ૦૦ | ૦૧ | ૦૧ |
| | કુલ | ૮૩ | ૧૮૮ | ૨૭૧ |

(૩) તાલુકાવાર નીચે મુજબ હેન્ડપંપ હજુ બનાવવાના બાકી છે.

| ક્રમ | તાલુકો | થયેલ સર્વેક્ષણ પૈકી કરવાપાત્ર બાકી રહેતા હેન્ડપંપ | સર્વેક્ષણ પ્રગતિ હેઠળની અરજીઓ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૦૨ | ૭૦ |
| ૨ | ઉમરેઠ | ૦૦ | ૩૧ |
| ૩ | પેટલાદ | ૦૦ | ૦૩ |
| ૪ | સોજીત્રા | ૦૦ | ૦૦ |
| ૫ | બોરસદ | ૦૨ | ૦૭ |
| ૬ | આંકલાવ | ૦૯ | ૦૪ |
| ૭ | ખંભાત | ૦૦ | ૦૧ |
| ૮ | તારાપુર | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૩ | ૧૧૬ |

(૪) તાલુકાવાર ૨૧ હેન્ડપંપ બંધ હાલતમાં હતા જે હાલમાં રીપેર કરી કાર્યરત કરેલ છે.

| ક્રમ | તાલુકો | બંધ હેન્ડપંપ |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૨ |

| | | |
|---|---|---|
| ૨ | ઉમરેઠ | ૦૪ |
| ૩ | પેટલાદ | ૦૫ |
| ૪ | સોજીત્રા | ૦૦ |
| ૫ | બોરસદ | ૦૪ |
| ૬ | આંકલાવ | ૦૩ |
| ૭ | ખંભાત | ૦૩ |
| ૮ | તારાપુર | ૦૦ |
| | કુલ | ૨૧ |

**રાજકોટ જિલ્લામાં અછત રાહતમાં બનેલા તળાવો**

૩૧૩૪૩ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ૨૦૦૯–૨૦૧૦, ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં અગાઉના વર્ષોમાં અછત રાહતમાં બનેલા કેટલા તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવાની કામગીરી કરવામાં આવી, | (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૨૦૧૦માં ૬૭, વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં ૧૫ અને વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં ૪ અછત રાહતમાં બનેલા તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવાની કામગીરી કરવામાં આવી. |
| (૨) આની પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) ઉપરોક્ત અછત રાહતના તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવાનો ` ૫૬૮.૧૨ લાખનો ખર્ચ થયો. |
| (૩) આનાથી કેટલા વિસ્તારને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ ? | (૩) આનાથી આશરે ૮૬૦ હેક્ટર વિસ્તારને આડકતરી સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ. |

**જૂનાગઢ જિલ્લામાં પાણી પુરવઠાનું આયોજન**

૩૧૩૦૮ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં પાણી પુરવઠા માટે શું આયોજન કરવામાં આવ્યું હતું, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં પાણી પુરવઠા માટે નવી જૂથ પાણી પુરવઠા યોજના, જુની જૂથ યોજનાની મરામત અને નિભાવણી, ખાસ મરામતની કામગીરી, ખાસ અંગભૂત યોજના, હેન્ડપંપ રીપેરીંગ તથા ધાર્મિક સ્થળ માટેના કામોનુ આયોજન કરવામાં આવેલ. |
| (૨) વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન પાણી પુરવઠાના કેટલા કામો મંજુર કરવામાં આવ્યા, અને | (૨) ૭૩ કામો. |
| (૩) કેટલા ગામોને પાણીની સગવડતા કરી આપવામાં આવી ? | (૩) ૧૦૪ ગામો માટે હયાત સગવડતામાં સમસ્યા સર્જાતા પુનઃ સ્થાપિત કરેલ છે. |

**પંચમહાલ જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમ**

૩૧૨૨૯ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કુલ કેટલા ચેકડેમ પૂર્ણ કર્યા, અને | (૧) ૪૨૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ચેકડેમ પ્રગતિ હેઠળ છે ? | (૨) ૬૮. |

**વડોદરા જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૩૧૩૬૩ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ | (૧) પાદરા અને ડભોઈ નગરપાલિકાઓની ભૂગર્ભ |

છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવામાં આવેલ છે,

ગટર યોજનાઓને મંજુર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કયા તબકકે છે, અને

(૨) મંજુર થયેલ યોજનાઓની તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિ નીચે મુજબ છે.

૧. પાદરા ભૂગર્ભ ગટર યોજનાના ટેન્ડરો મંજુરી હેઠળ છે.

૨. ડભોઈ ભૂગર્ભ ગટર યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર મંજુરી હેઠળ છે.

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિેએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ?

(૩) ઉપરોક્ત ભૂગર્ભ ગટર યોજનાઓને નીચેની રકમ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

૧. પાદરા ` ૧૩.૦૯ કરોડ.

૨. ડભોઈ ` ૧૪.૯૨ કરોડ.

**મહેસાણા જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ હેઠળ મંજુર કરેલ પાણી પુરવઠા યોજનાઓ**

૩૧૩૭૬ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સેકટર રીફોર્મ (રાજ્ય) હેઠળ ૪૨ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) ` ૮૮.૮૫ લાખનું ફંડ પાણી સમિતિઓને ફાળવવામાં આવેલ છે.

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૮૯૦ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓકટોબર-૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને કયારે મળી,

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭-૧૧-૧૧ના પત્રથી મોકલાવેલ ઓકટોબર-૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨-૧૧-૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકૂફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા-શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|

| | |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત | ૧.ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એકટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ / સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ ''મહાત્મા મંદિર'' નું નામ બદલવા બાબત | ૪.''મહાત્મા મંદિર'' ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જાફરાબાદ તાલુકાના સરકેશ્વરના પ્રવાસન વિકાસની કામગીરી

૩૧૪૩૬ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ જાફરાબાદ તાલુકાના સરકેશ્વરના પ્રવાસન વિકાસ માટે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ માટે રાજ્ય સરકાર ધ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને તેમાંથી કેટલાં કામો પૂર્ણ કરાયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જાફરાબાદ તાલુકાના સરકેશ્વરના પ્રવાસન વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સરકેશ્વર બીચ ખાતે ત્રણ કી.મી. લંબાઈની ભારે દબાણની વીજ લાઇન અને ૧૦૦ કે.વી.એ કેપેસીટીના ટ્રાન્સફોર્મરની કામગીરી, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સરકેશ્વર મહાદેવ એપ્રોચ રોડ, ૭.૫૦ મીટર પહોળો કરવો અને એક કી.મી. લાંબો કરવો, મુખ્ય રસ્તાથી બીચ સુધી બે કી.મી. રસ્તાનું કામ, પીવાના પાણીની સુવિધા માટે કુવો, પાઈપ લાઈન, સંપ પંપ હાઉસ, પંપ હાઉસ માટે પંપીગ મશીનરીની કામગીરી.

(૨) જિલ્લા કલેક્ટરશ્રી, અમરેલી દ્વારા વર્ષ ૨૦૧૦માં સરકેશ્વર બીચ, બલાણાના વિકાસ માટે રૂપિયા ૯૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

જિલ્લા કલેક્ટરશ્રી, અમરેલીને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી સરકેશ્વર મંદિર પર્યટન સ્થળે ત્રણ કિ.મી. લંબાઈની ભારે દબાણની વીજ લાઈન, ૧૦૦ કેવીએ કેપેસીટીના ટ્રાન્સફોર્મર તથા એક કિ.મી. હળવા દબાણની લાઇન અંગેની વીજળીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

## કપડવંજ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ

૨૯૯૪૧ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં

**જવાબ**

(૧) અને (૨)

કપડવંજ તાલુકામાં વસ્તીના ધોરણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે તે હકિકત સાચી છે, અને

(૨) જા હા, તો નવા કેન્દ્રો શરૂ કરવા સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે?

રાજ્યમાં વસ્તીના ધોરણોને ધ્યાનમાં લઈ, સર્વગ્રાહી વિચારણા સમયે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવા વિચારણામાં આવે છે.

**અમદાવાદ શહેરને નર્મદા યોજનામાંથી દૈનિક જરૂરીયાત માટે પીવાનું પાણી આપવા બાબત**

૩૧૩૦૬ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરની વસ્તીને ધ્યાને લઈ નર્મદા યોજનામાંથી શહેરને પીવાના પાણીની દૈનિક જરૂરીયાત સામે કેટલું પાણી આપવામાં આવે છે, અને

(૨) શહેરની વસ્તીને ધ્યાને લઈ સરકાર વધારે પાણી ફાળવવા માગે છે કે કેમ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરને કુલ ૯૧ કરોડ લીટર દૈનીક (૯૧૦ એમ.એલ.ડી.) પાણીનો જથ્થો નર્મદા યોજનામાંથી પુરો પાડવામાં આવે છે.

(૨) વધારાના પાણી માટે માંગણી આવેથી વિચારણા કરવામાં આવશે.

**જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ શહેરોમાં ઘન કચરાના નિકાલ વ્યવસ્થા**

૩૧૩૮૯ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સન ૨૦૧૧માં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ કયા કયા શહેરોમાં ઘન કચરાની નિકાલ વ્યવસ્થા અંગેના ડી.પી.આર. મંજુર થયેલ છે?

**જવાબ**

સને ૨૦૧૧ની સ્થિતિએ (સને ૨૦૦૬ થી ૨૦૦૯ દરમ્યાન) અંદાજીત ` ૨૧૧.૦૦ કરોડના કુલ ૪ કામો મંજુર થયેલ છે, અને આ કામો પ્રગતિ હેઠળ છે.

**ગાંધીનગર મહાનગરપાલિકાને વિવિધ કામો માટે ફાળવેલ ગ્રાન્ટ**

૩૦૯૦૪ શ્રી **શંકરભાઈ દે. વાઘેલા ( ચકલાસી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને ગાંધીનગર મહાનગરપાલિકાના કયા કયા કામો માટેની કેટલી રકમની માંગણી કયારે કયારે મળી,

(૨) તે અન્વયે કયારે ક્યારે કેટલી રકમ ફાળવવામાં આવી, અને બાકીની રકમ કયાં સુધીમાં ફાળવવામાં આવશે, અને

(૩) બાકી કામોને કેટલા સમયમાં મંજુરી આપવામાં આવશે?

**જવાબ**

(૧) ઘન કચરાના નિકાલ માટેના પ્રોજેકટ કામો માટે ` ૧૨.૫૦ કરોડની માંગણી ગાંધીનગર મહાનગરપાલિકાના તા. ૨૧–૧૦–૨૦૧૧ના પત્રથી મળેલ છે.

(૨) આ અંગે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને ` ૧૦.૦૦ કરોડ ફાળવવા નિર્ણય લેવામાં આવેલ છે. આ ગ્રાન્ટનો ઉપયોગ ઘન કચરાના નિકાલના પ્રોજેકટ અંતર્ગત કરવાનો રહેશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં સિવીલ હોસ્પીટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજુર થયેલ મહેકમ**

૩૧૯૩૪ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) (અ) સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મંજુર મહેકમ નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગ | મંજુર મહેકમ | |
|---|---|---|---|
| | | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
| ૧ | વર્ગ–૧ | ૧૧ | ૦૦ |
| ૨ | વર્ગ–૨ | ૩૦ | ૪૬ |
| ૩ | વર્ગ–૩ | ૧૫૧ | ૧૩૮ |
| ૪ | વર્ગ–૪ | ૧૧૦ | ૧૮૪ |

(બ) સીવીલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજુર મહેકમ નીચે મુજબ છે.

સરદાર સરોવર નર્મદા કેનાલ પરના ઢસા ઓફટેક આધારિત ગારિયાધાર શહેરની ૩૪ કિ.મી. પાઈપ લાઈન પાણી પુરવઠા યોજના તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ મંજૂરીની પ્રક્રિયા હેઠળ હતી. હાલ અંદાજિત કિંમત ` ૨૧.૪૦ કરોડ ગ્રોસ માટે મંજૂર થયેલ છે.

**ઉપલેટા તાલુકાના ભાયાવદરની મોજ સિંચાઈ યોજના રદ થતાં ખેડૂતોને જમીન પરત આપવા બાબત**

૩૦૯૧૬ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર મુકામે મોજ સિંચાઈ યોજના માટે રૂપાવટી નદીને વાળવા ખેડૂત ખાતેદારોની જમીન સંપાદન થયેલ તે અન્વયે આ યોજના રદ કરતા કેટલા ખેડૂતોને જમીન પરત આપવામાં આવી,

(૨) કેટલા ખેડૂતોને ચૂકાદા પછી પણ આ જમીન નહીં ફાળવવાના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં આ જમીન પરત કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) ‘‘રાજકોટ જિલ્લાની રૂપાવટી ડાયવર્ઝન યોજના માટે માહે ૨/૧૯૮૨ માં જમીન સંપાદન કરવામાં આવેલ. પરંતુ આ યોજના માહે ૬/૧૯૯૦માં પડતી મુકવાનો નિર્ણય થયેલ. સંપાદન થયેલ જમીન પરત મેળવવા માટે ૦૩ (ત્રણ) ખેડૂતોએ માંગણી કરેલ. જે તે સમયે પ્રવર્તમાન ધારા–ધોરણો પ્રમાણે ૦૩ (ત્રણ) ખેડૂતોને જમીન પરત કરવામાં આવેલી. હાલના તબક્કે કોઈ ખેડૂતની જમીન પરત મેળવવા માટેની માંગણી પડતર નથી. વધુમાં, આ અંગે કોઈ કોર્ટનો ચુકાદો નથી.’’

**રાજકોટ જામનગર અને કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં ન મળવા બાબત**

૩૧૩૫૦ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી પુરતા પ્રમાણમાં પહોંચતુ નથી તે બાબત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સરકારે તેના નિવારણ માટે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ના, જી.

રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં પહોંચાડવા માટે સ્વર્ણિમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટર ગ્રીડ અન્વયે ઢાંકીથી માળીયા સુધીની ૧૨૬ કિલો મીટરની બલ્ક વોટર પાઈપ લાઈન યોજનાનું કામ પ્રગતિમાં છે.

**અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૩૧૪૨૬ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) અમરેલી, બગસરા અને સાવરકુંડલા નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને મંજુર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચેના તબક્કે છે.

| | | |
|---|---|---|
| ૧ | અમરેલી | આવેલ ભાવપત્રકોના ભાવોનું વ્યાજબીપણું ચકાસણી હેઠળ છે. |
| ૨ | બગસરા | આવેલ ભાવપત્રકોના ભાવોનું વ્યાજબીપણું ચકાસણી હેઠળ છે. |

| | |
|---|---|
| | ૩ સાવરકુંડલા કામ પ્રગતિમાં છે. |
| (૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ? | (૩) ઉપરોકત ભૂગર્ભ ગટર યોજનાઓને નીચેની રકમ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.<br>૧ અમરેલી ૫૫.૮૪ કરોડ<br>૨ બગસરા ૨૧.૮૧ કરોડ<br>૩ સાવરકુંડલા ૧૯.૯૮ કરોડ |

**જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ શહેરોમાં ઘન કચરાના નિકાલ વ્યવસ્થા**

૩૧૩૫૮ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સન ૨૦૧૧માં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ કયા કયા શહેરોમાં ઘન કચરાની નિકાલ વ્યવસ્થા અંગેના ડી.પી.આર. મંજુર થયેલ છે ? | સને ૨૦૧૧ની સ્થિતિએ (સને ૨૦૦૬ થી ૨૦૦૯ દરમ્યાન) અંદાજીત ` ૨૧૧.૦૦ કરોડના કુલ ૪ કામો મંજુર થયેલ છે, અને આ કામો પ્રગતિ હેઠળ છે. |

**અમદાવાદ મહાનગરપાલિકાને ઓકટ્રોયના વિકલ્પ રૂપે ચૂકવવાની રકમમાં વિલંબ**

૩૦૭૬૭ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ઓકટ્રોયના વિકલ્પે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કુલ કેટલી રકમ ચુકવવાની બાકી થાય છે, | (૧) કોઈ રકમ ચુકવવાની બાકી નથી. |
| (૨) આવી બાકી રહેલી રકમો સમયસર નહી ચુકવવાના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં આ રકમ ચુકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ખેડા જિલ્લામાં નર્મદા યોજના તથા શેઢી યોજનાની કેનાલો દ્વારા પિયત**

૩૧૨૩૩ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં નર્મદા યોજના તથા શેઢી યોજનાની કેનાલો દ્વારા તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કુલ કેટલું પિયત થાય છે, | (૧) ૩૩૮૩૦ હેકટર. |
| (૨) કેટલો વિસ્તાર પિયત માટે રહે છે, અને | (૨) ૬૦૭૯૩ હેકટર |
| (૩) બાકી રહેવાના કારણો શું છે ? | (૩) શેઢી શાખા પિયત વિસ્તારમાં સબ માઈનોરની તથા ઢાળિયાની કામગીરી બાકી હોવાથી તેમજ નર્મદા પિયત વિસ્તારમાં માઈનોરના કામો પ્રગતિમાં હોવાથી. |

**કચ્છ જિલ્લામાં બનાવેલ મોટા ચેકડેમો**

૩૧૪૦૧ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તથા સીપુ બંધોમાં નર્મદાનું પાણી પહોંચાડવાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) કુલ ` ૩૬૬.૦૦ કરોડની આ પાઈપ લાઈનનું ૭૯.૬૦ કી.મી. લંબાઈનું કામ પ્રગતિ હેઠળ છે, અત્યાર સુધીમાં આ કામ ઉપર ખર્ચ ` ૨૦૫.૦૦ કરોડ થયેલ છે. |
| (૨) આ કામગીરી ક્યારે પુર્ણ કરવામાં આવશે ? | (૨) તબક્કાવાર પુર્ણ કરવાનું આયોજન છે. |

**જામનગર જિલ્લાના ખંભાલીયા શહેરની ભૂગર્ભ ગટર યોજના**

૩૧૩૮૪ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ખંભાલીયા શહેરની ભૂગર્ભ ગટર યોજના મંજુર થયેલ છે, તે વાત સાચી છે, અને | (૧) ના જી. |

(૨) જો હા, તો આ યોજના માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ રકમ ક્યારે ચાલુ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### સાબરકાંઠા જિલ્લાની લાંક જળાશય યોજનામાંથી નહેરો કાઢવાનું આયોજન

૩૧૩૧૭ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાની લાંક જળાશય યોજનામાંથી નહેરો કાઢવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ટેન્ડર મંજુર કરેલ હતું હાલ કામ પ્રગતિ હેઠળ છે.

### પાટણ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૩૧૪૪૯ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર ૬૧૭૬૫ બાળકોને જુદાજુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે જેની વિગત ***પત્રક–અ** મુજબ છે.

(૨) તે પૈકી ૧૨૬૯૩ બાળકોને રેફરલ સારવાર અને ૪૨૧ બાળકોને તજજ્ઞ સારવાર આપવામાં આવી.

***પત્રક–અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસન તંત્રના રોગ | ચેતા તંત્રના રોગ | અસ્થિ તંત્રના રોગ | વિકલાંગતા | હૃદય | કીડની | કેન્સર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | પાટણ | ૧૮૬૬ | ૧૦૧૮ | ૬૪૦ | ૭૯૪ | ૫૫૦ | ૨૦૭ | ૫૪૫ | ૧૨ | ૦ | ૩ | ૦ | ૨૨૧ | ૧૨ | ૮ | ૫ | ૫૭ | ૨૩ | ૫ | ૮૪૧ | ૬૮૦૭ |
| | સિધ્ધપુર | ૮૯૨ | ૬૮૭ | ૩૦૧ | ૭૨૦ | ૨૬૦ | ૨૦૨ | ૧૭૯ | ૯ | ૦ | ૧૭ | ૦ | ૫૩ | ૧૧ | ૫ | ૫૪ | ૩૭ | ૨૦ | ૨ | ૫૦૩ | ૩૯૫૨ |
| | ચાણસ્મા | ૫૬૦ | ૩૪૪ | ૨૪૮ | ૫૪૧ | ૨૩૫ | ૧૨૩ | ૧૯૪ | ૦ | ૦ | ૨ | ૦ | ૫૯ | ૫ | ૧૩ | ૨૪ | ૩૦ | ૭ | ૦ | ૩૧૪ | ૨૬૯૯ |
| | હારીજ | ૪૫૫ | ૩૬૮ | ૧૫૪ | ૨૬૬ | ૧૮૯ | ૧૦૮ | ૧૪૨ | ૨૧ | ૦ | ૧ | ૦ | ૪૦ | ૬ | ૪ | ૧૩ | ૨૨ | ૮ | ૦ | ૫૪૫ | ૨૩૪૨ |
| | સમી | ૯૧૯ | ૭૧૯ | ૨૯૨ | ૫૦૮ | ૩૦૭ | ૧૩૮ | ૩૫૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૮૭ | ૨૧ | ૬ | ૯ | ૧૧ | ૬ | ૦ | ૪૦૮ | ૩૭૮૩ |
| | રાધનપુર | ૮૩૪ | ૭૨૩ | ૪૩૮ | ૧૪૧૩ | ૫૫૩ | ૨૧૧ | ૩૬૪ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૪૩ | ૨ | ૩૨ | ૪૨ | ૧૧ | ૨ | ૦ | ૧૦૮૬ | ૫૮૫૫ |
| | સાંતલપુર | ૫૬૧ | ૩૦૫ | ૧૫૭ | ૩૯૫ | ૨૦૦ | ૪૩ | ૧૮૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૬ | ૫ | ૫ | ૬૨ | ૨ | ૨ | ૧ | ૫૨૧ | ૨૫૧૧ |
| | **કુલ** | **૬૦૮૭** | **૪૧૬૪** | **૨૨૩૦** | **૪૬૩૭** | **૨૨૯૪** | **૧૦૩૨** | **૧૯૬૦** | **૪૪** | **૦** | **૨૪** | **૦** | **૬૬૯** | **૬૨** | **૭૩** | ૨૦૯ | **૧૭૦** | **૬૮** | **૮** | **૪૨૧૮** | **૨૭૯૪૯** |
| ૨૦૧૧ | પાટણ | ૨૩૮૫ | ૧૫૬૪ | ૫૬૯ | ૯૧૩ | ૭૨૬ | ૧૭૯ | ૬૮૬ | ૨૮ | ૦ | ૩ | ૨ | ૭૬૭ | ૧૦ | ૧૫ | ૩૭ | ૬૧ | ૯ | ૧૧ | ૧૦૮૬ | ૯૦૫૧ |
| | સિધ્ધપુર | ૧૪૭૪ | ૧૧૪૨ | ૨૪૧ | ૧૪૫૯ | ૪૪૮ | ૩૦૩ | ૨૬૬ | ૨ | ૦ | ૮ | ૧ | ૩૩ | ૨ | ૬ | ૫૪ | ૨૧ | ૬ | ૧૧ | ૭૩૩ | ૬૨૧૦ |
| | ચાણસ્મા | ૬૮૨ | ૩૦૬ | ૨૩૪ | ૯૫૪ | ૩૬૧ | ૧૭૫ | ૨૦૬ | ૦ | ૦ | ૮ | ૦ | ૮૦ | ૧૩ | ૧૬ | ૧૩ | ૯ | ૩ | ૨ | ૪૫૬ | ૩૫૧૮ |
| | હારીજ | ૧૭૫૨ | ૬૨૯ | ૩૫૪ | ૪૦૮ | ૩૧૭ | ૧૬૯ | ૧૫૭ | ૦ | ૦ | ૦ | ૧ | ૪૪ | ૨ | ૧૫ | ૨૪ | ૬ | ૧ | ૧ | ૫૭૭ | ૪૪૫૭ |
| | સમી | ૪૩૧ | ૪૮૬ | ૧૬૭ | ૪૩૬ | ૪૪૮ | ૧૬૨ | ૩૬૭ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૦૦ | ૧૧ | ૧૧ | ૧૬ | ૯ | ૩ | ૪ | ૭૩૫ | ૩૩૮૮ |
| | રાધનપુર | ૭૬૭ | ૬૪૮ | ૨૫૬ | ૧૨૧૩ | ૪૪૩ | ૨૨૫ | ૨૭૦ | ૩ | ૦ | ૧૩ | ૦ | ૫૫ | ૨૦ | ૧૫ | ૨૩ | ૬ | ૪ | ૧ | ૯૦૯ | ૪૮૭૧ |
| | સાંતલપુર | ૬૦૬ | ૩૬૦ | ૧૭૩ | ૨૭૮ | ૧૯૫ | ૭૬ | ૧૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૮ | ૫ | ૪ | ૨૮ | ૩ | ૩ | ૧ | ૪૩૯ | ૨૩૨૧ |
| | **કુલ** | **૮૦૯૭** | **૫૧૩૫** | **૧૯૯૪** | **૫૬૬૧** | **૨૯૩૮** | **૧૨૮૯** | **૨૦૭૪** | **૩૫** | **૦** | **૩૨** | **૪** | **૧૧૦૭** | **૬૩** | **૮૨** | ૧૯૫ | **૧૧૫** | **૨૯** | **૩૧** | **૪૯૩૫** | **૩૩૮૧૬** |
| **બે વર્ષનું કુલ** | | **૧૪૧૮૪** | **૯૨૯૯** | **૪૨૨૪** | **૧૦૨૯૮** | **૫૨૩૨** | **૨૩૨૧** | **૪૦૩૪** | **૭૯** | **૦** | **૫૬** | **૪** | **૧૭૭૬** | **૧૨૫** | **૧૫૫** | **૪૦૪** | ૨૮૫ | **૯૭** | **૩૯** | **૯૧૫૩** | **૬૧૭૬૫** |

---------

### દાહોદ જિલ્લામાં ફ્લોરાઈડયુક્ત પાણી

૩૧૮૭૯ **શ્રી બચુભાઈ ના. કિશોરી( લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના તાલુકાવાર કયા કયા અને કેટલા ગામોમાં ફ્લોરાઈડ યુક્ત પાણી હોવાનું જણાયું છે, અને

(૨) આવા ગામોની જનતા માટે શુધ્ધ પાણી મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના કોઈપણ તાલુકાના ગામોમાં ફ્લોરાઈડ યુક્ત પાણી હોવાનું જણાયું નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાની વ્યવસાય વેરાની આવક

૩૧૪૫૧ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાની તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાની વ્યવસાય વેરાની કેટલી આવક થયેલ,

**જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લાની નગરપાલિકાઓની વ્યવસાય વેરાની આવકની તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વર્ષ વાઈઝ વિગતો નીચે મુજબ છે. (` લાખમાં)

| ન.પા.નું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ |
|---|---|---|---|---|
| ધાનેરા | ૧૧.૫૦ | ૧૧.૪૬ | ૧૩.૧૨ | ૩૬.૦૮ |
| પાલનપુર | ૪૯.૩૭ | ૩૭.૬૭ | ૫૨.૯૮ | ૧૪૦.૦૨ |
| ડીસા | ૪૦.૧૫ | ૩૬.૩૯ | ૪૭.૧૨ | ૧૨૩.૬૬ |
| થરા | ૪.૭૬ | ૩.૭૨ | ૨.૮૯ | ૧૧.૩૭ |
| થરાદ | ૬.૫૮ | ૨.૧૫ | ૨.૧૮ | ૧૦.૯૧ |
| ભાભર | ૫.૭૭ | ૫.૭૯ | ૬.૩૩ | ૧૭.૮૯ |

(૨) વ્યવસાય વેરો ભરવાપાત્ર કેટલા નવીન ગ્રાહકો છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વ્યવસાય વેરા ભરવાપાત્ર નવીન કરદાતાઓની વિગત નીચે મુજબ છે.

| ન.પા.નું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ |
|---|---|---|---|---|
| ધાનેરા | ૪૪ | ૫૮ | ૫૭ | ૧૫૯ |
| પાલનપુર | ૭૩૮ | ૩૭૩ | ૨૦૨ | ૧૩૧૩ |
| ડીસા | ૨૧૯ | ૧૮૫ | ૧૯૬ | ૬૦૦ |
| થરા | ૦૨ | ૨૦ | ૧૨ | ૩૪ |
| થરાદ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૭ |
| ભાભર | ૩૧ | ૧૪ | ૮૭ | ૧૩૨ |

(૩) વ્યવસાય વેરાની વસુલાત સામે સરકાર દ્વારા કઈ કઈ નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ આપવામાં આવેલ ?

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં વ્યવસાય વેરા વસુલાત સામે સરકારશ્રી દ્વારા નીચે મુજબ ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

(` લાખમાં)

| ન.પા.નું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ |
|---|---|---|---|---|
| ધાનેરા | ૦.૫૬ | ૩.૭૩ | ૧.૭૪ | ૬.૦૩ |
| પાલનપુર | ૧૧.૬૪ | ૬૧.૨૧ | ૧૨.૭૧ | ૮૫.૫૬ |
| ડીસા | ૧૦.૨૭ | ૧૬.૦૩ | ૧૮.૭૯ | ૪૫.૦૯ |
| થરા | ૨.૫૬ | ૧.૩૩ | ૨.૭૮ | ૬.૬૭ |
| થરાદ | ૦.૨૭ | ૧.૧૮ | ૩.૧૬ | ૪.૬૧ |
| ભાભર | ૧.૦૯ | ૧.૨૦ | ૦.૯૯ | ૩.૨૮ |

**વાંસદા તાલુકામાં કેલીચાપાણી પાણી પુરવઠા યોજના હેઠળ પીવાનું પાણી**

૩૦૭૬૬ **શ્રી છનાભાઈ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં કેલીચાપાણી પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે,

(૨) આ તમામ ગામોમાં પાણી પાઈપલાઈન દ્વારા પૂરૂં પાડવામાં આવે છે કે કેમ, અને

(૩) કેટલા ગામોને આ પાણી પહોંચતું નથી ?

**જવાબ**

(૧) ૨૧ ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે.

(૨) હા, જી.

(૩) એક ગામમાં

**અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૩૧૪૨૪ **શ્રી કાળુભાઈ વિ. વિરાણી(કુંડલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) અમરેલી બગસરા અને સાવરકુંડલા નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નીચેના તબક્કે છે.

| | | |
|---|---|---|
| ૧ | અમરેલી | આવેલ ભાવપત્રકોના ભાવોનું વ્યાજબીપણું ચકાસણી હેઠળ છે. |
| ૨ | બગસરા | આવેલ ભાવપત્રકોના ભાવોનું વ્યાજબીપણું ચકાસણી હેઠળ છે. |
| ૩ | સાવરકુંડલા | કામ પ્રગતિમાં છે. |

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ?

(૩) ઉપરોક્ત ભૂગર્ભ ગટર યોજનાઓને નીચેની રકમ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | અમરેલી | ` ૫૫.૮૪ કરોડ |
| ૨. | બગસરા | ` ૨૧.૮૧ કરોડ |
| ૩. | સાવરકુંડલા | ` ૧૯.૯૮ કરોડ |

**જૂનાગઢ જિલ્લામાં મંજૂર કરેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો બાબતે**

૨૯૯૮૦ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા, અને

(૨) એમાં કેટલા દવાખાનાઓનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલાના કામો બાકી છે અને તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મંજુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | વર્ષ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| માળીયા હાટીના | ૨૦૦૯-૧૦ | ૦ | ૧ |
| ઉના | | ૧ | ૦ |
| ઉના | ૨૦૧૦-૨૦૧૧ | ૦ | ૧ |
| | **કુલ** | **૧** | **૨** |

(૨) મંજુર ૨ (બે) સામુહિક આરોગ્ય કેન્દ્રોના કામો પ્રગતિ હેઠળ છે જ્યારે મંજુર ૧ (એક) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ જે તે વર્ષમાં જોગવાઈ ન હોવાથી કામ બાકી છે.

**રાજ્યમાં રામા ટ્રેઈલ પ્રોજેક્ટ**

૩૧૩૯૭ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં રાજ્યમાં રામા ટ્રેઈલ પ્રોજેક્ટ કયા કયા જીલ્લાઓમાં શરૂ કરવામાં આવેલ

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પ્રોજેક્ટ માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કયા કયા કામ માટે કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં રાજ્યમાં રામા ટ્રેઈલ પ્રોજેક્ટ સુરત, નવસારી અને ડાંગ જીલ્લાઓમાં શરૂ કરવાનું આયોજન છે.

(૨) ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૩૦/- કરોડના અંદાજ સામે રૂપિયા ૧૦/- કરોડ ફાળવવામાં આવેલ છે.

(૩) આ યોજના અંતર્ગત આર્કિટેક કમ કન્સલન્ટ સુરત કોલેજ ઓફ આર્કીટેકને ફી પેટે રૂપિયા ૧૬,૫૪,૫૫૪/- ચુકવવામાં આવેલ છે. ટેન્ડરની કામગીરી પ્રગતિમાં છે.

**આણંદ જિલ્લામાં મહી નદીના કિનારાના ગામોમાં જમીનોનું ધોવાણ**

૨૯૯૨૯ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કયા કયા તાલુકાના કયા કયા ગામ મહી નદીના કિનારા ઉપર આવેલા છે,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં મહી નદીના કિનારે આવેલા તાલુકાવાર ગામોની વિગત નીચે પ્રમાણે છે.

| અ. નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | આણંદ | ખાનપુર |
| ૨ | | ખેરડા |
| ૩ | | આંકલાવડી |

| | | |
|---|---|---|
| ૪ | | રાજુપુરા |
| ૫ | ઉમરેઠ | પ્રતાપપુરા |
| ૬ | | ખોરવાડ |
| ૭ | બોરસદ | કોઠીયાખાડ |
| ૮ | | ગાજણા |
| ૯ | | સારોલ |
| ૧૦ | | કંકાપુરા |
| ૧૧ | | નાની શેરડી |
| ૧૨ | | વાલવોડ |
| ૧૩ | | દહેવાણ |
| ૧૪ | | બદલપુર |
| ૧૫ | આંકલાવ | ચમારા |
| ૧૬ | | બામણગામ |
| ૧૭ | | ઉમેટા |
| ૧૮ | | ખડોલ (ઉ) |
| ૧૯ | | સંખ્યાડ |
| ૨૦ | | કહાનવાડી |
| ૨૧ | | આમરોલ |
| ૨૨ | | આસરમા |
| ૨૩ | | ભાણપુરા |
| ૨૪ | | ગંભીરા |
| ૨૫ | | ભેટાસી |

(૨) મહી નદીમાં ચોમાસામાં ભારે વરસાદથી જમીનોનું ધોવાણ અટકાવવા અને પાણી સંગ્રહ કરવાના હેતુથી આ ગામોમાં પાકા ચેક ડેમ બનાવવા સરકારે યોજના બનાવી છે કે કેમ,

(૨) તાંત્રિક રીતે શક્ય હોય ત્યાં ચેકડેમ બનાવવાની યોજના અમલમાં છે.

(૩) જો યોજના બનાવી નહી હોય તો સરકાર આ યોજના બનાવવા માંગે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલા સમયમાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ

૩૧૪૨૯ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) જુનાગઢ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબની રકમ મંજૂર કરવામાં આવી છે,

| અ. નં. | પ્રા.આ. કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | ચૂડા | ` ૫૦,૦૦ લાખ |

(૨) ઉક્ત બાંધકામ ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) ટેન્ડર મંજુર થયેથી બાંધકામ ૧૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં બી.પી.એલ. કુટુંબોને ઘરથાળના પ્લોટ આપવા બાબત

૩૧૨૩૦ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને ઘરથાળ પ્લોટ અને આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ પંચમહાલ જીલ્લાની નગરપાલિકાઓમાં કેટલા પ્લોટ અને આવાસ તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબો માટે આવાસ ફાળવવાની આઈ.એચ.એસ.ડી.પી. (આવાસ યોજના) અમલમાં છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લાની કોઈ નગરપાલિકા તરફથી આઈ.એચ.એસ.ડી.પી. (આવાસ) યોજનામાં સમાવેશ કરવા કોઈ દરખાસ્ત મળેલ નથી.

## ગાંધીનગર મહાનગરપાલિકાને વિવિધ કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

૩૦૮૯૮ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને ગાંધીનગર મહાનગરપાલિકાના કયા કયા કામો માટે કેટલી રકમની માંગણી ક્યારે કયારે મળી,

(૨) તે અન્વયે ક્યારે ક્યારે કેટલી રકમ ફાળવવામાં આવી, અને બાકીની રકમ કયાં સુધીમાં ફાળવવામાં આવશે, અને

(૩) બાકી કામોને કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ઘન કચરાના નિકાલ માટેના પ્રોજેક્ટ કામો માટે ` ૧૨.૫૦ કરોડની માંગણી ગાંધીનગર મહાનગરપાલિકાના તા. ૨૧–૧૦–૨૦૧૧ના પત્રથી મળેલ છે.

(૨) આ અંગે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને ` ૧૦.૦૦ કરોડ ફાળવવા નિર્ણય લેવામાં આવેલ છે. આ ગ્રાન્ટનો ઉપયોગ ઘન કચરાના નિકાલના પ્રોજેક્ટ અંતર્ગત કરવાનો રહેશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજુલા અને જાફરાબાદ નગરપાલિકાના વિકાસના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

૩૧૪૩૭ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજુલા તથા જાફરાબાદ નગરપાલિકાને વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી નગરપાલિકા દ્વારા કયા કયા કામો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજુલા તથા જાફરાબાદ નગરપાલિકાને વિકાસના કામો માટે ફાળવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | રાજુલા | ૯.૩૭ |
| ૨ | જાફરાબાદ | ૪.૩૫ |
| | કુલ | ૧૩.૭૨ |

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ન.પા.નું નામ | કામનો પ્રકાર | પૂર્ણ | પ્રગતિ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | રાજુલા | રસ્તા | ૧ | ૩ | ૪ |
| | | પાણી પુરવઠા | ૧૧ | ૨ | ૧૩ |
| | | ગટરના કામો | ૧ | ૦ | ૧ |
| | | સ્ટ્રીટ લાઇટ | ૧ | ૦ | ૧ |
| | | પે એન્ડ યુઝ ટોયલેટ | ૪ | ૧ | ૫ |
| | | આંગણવાડી, ટ્રેક્ટર, ટ્રોલી, એમ્બ્યુલન્સ નાળું, કમ્પાઉન્ડવોલ વિગેરે | ૧૫ | ૩ | ૧૮ |
| | | કુલ | ૩૩ | ૯ | ૪૨ |
| ક્રમ | ન.પા.નું નામ | કામનો પ્રકાર | પૂર્ણ | પ્રગતિ | કુલ |
| ૧ | જાફરાબાદ | રસ્તા | ૨૦ | ૩ | ૨૩ |
| | | પાણી પુરવઠા | ૩ | ૧ | ૪ |
| | | પે એન્ડ યુઝ ટોયલેટ | ૩ | ૧ | ૪ |
| | | કુલ | ૨૬ | ૫ | ૩૧ |

## ગાંધીનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ વહીવટી દરજ્જો સોંપવા માટેની દરખાસ્તો

૩૦૮૮૨ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને તમામ સત્તાઓ, ફરજો, કાર્યો, સંપૂર્ણ વિભાગનો વહીવટી દરજ્જો સોંપવા માટે છેલ્લા એક વર્ષમાં

**જવાબ**

(૧) ગાંધીનગર મહાનગરપાલિકા, કાયદા મુજબ રચાયેલ સ્વાયત સંસ્થા હોઇ, જીપીએમસી એક્ટ, ૧૯૪૯ અન્વયે તેઓ કાર્યવાહી કરી શકે છે.

કેટલી દરખાસ્તો ક્યારે સરકારને મળી, અને

(૨) સરકારને મળેલ દરખાસ્તો અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ દરજ્જો અપાશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૯૩૯ શ્રી **શંકરભાઇ દે. વાઘેલા ( ચકલાસી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા. ૩૧−૧−૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર−૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કોઇ કાર્યવાહી ન થઇ હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭−૧૧−૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર−૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨−૧૧−૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઇટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઇટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઇઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં એચ.આઇ.વી. પોઝીટીવ દર્દીઓ**

૩૧૮૬૧ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન** **જવાબ**

(૧) જૂનાગઢ મુકામે આવેલ સિવિલ હોસ્પિટલમાં તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ૧ વર્ષમાં નિયમિત લોહી ચડાવવા માટે આવતાં દર્દીઓને એચ.આઈ.વી. પોઝીટીવ રીપોર્ટ આવેલ છે તે હકીકત ખરી છે,

(૨) જો હા, તો કેટલાં દર્દીઓને એચ.આઈ.વી. પોઝીટીવ રીપોર્ટ આવેલ છે,

(૩) સરકાર તરફથી મૃત્યુ પામેલ દર્દીઓના કુટુંબીજનોને સહાય ચુકવવામાં આવેલ હોય તો તેની વુગતો શી છે?

(૧), (૨) અને (૩) આ બાબતમાં નામ. ગુજરાત હાઈર્કોટમાં જાહેર હિતની અરજી તેમજ ક્રિમીનલ સીવીલ એપ્લીકેશન થયેલ છે. અને હાલ સુનાવણી પર છે. તેમજ નામ. હાઈકોર્ટના હુકમ મુજબ ફોજદારી તપાસ ચાલુ છે. અને હોઈકોર્ટ કેસની સુનાવણી ચાલુ છે. આમ, હાલ સંપૂર્ણ બાબત ન્યાયાધીન છે.

**વડોદરા જિલ્લાના કાયાવરોહણ-કરનાળી અને પાવાગઢમાં ઝંડ હનુમાનના યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ રકમ**

૨૯૯૪૮ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કાયાવરોહણ-કરનાળી અને ગોધરા જિલ્લાના પાવાગઢ-ઝંડ હનુમાનના યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી,

(૨) ફાળવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ કર્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કાયાવરોહણ-કરનાળી યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કોઈ રકમ ફાળવવામાં આવી નથી. જ્યારે પંચમહાલ જિલ્લાના પાવાગઢ-ઝંડ હનુમાનના યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૧૨૫/- લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) કોઈ ખર્ચ થયેલ નથી.

**જામનગરની જી.જી. હોસ્પિટલમાં ન્યુરોસર્જનની ખાલી જગ્યા**

૩૨૦૮૫ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર ખાતે જી.જી હોસ્પિટલમાં કેટલા સમયથી ડીસે-૨૦૧૧ની સ્થિતિએ ન્યુરો સર્જનની જગ્યા ખાલી છે,

(૨) આ જગ્યા ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) આ જગ્યા વહેલામાં વહેલી ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) જામનગર ખાતે જી.જી હોસ્પિટલમાં મહેકમ પર ન્યુરો સર્જનની જગ્યાઓ મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વલસાડ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે ફાળવેલ રકમ**

૩૧૩૦૯ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલો ખર્ચ કયા કામ માટે કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉંમરગાવ ખાતે બીચના વિકાસ માટે રૂપિયા ૧૦/- કરોડની કામગીરીનું આયોજન કરેલ છે. આ કામગીરી માટે રૂપિયા ૨/- લાખની રકમ ફાળવવામાં આવેલ છે.

(૨) આર્કિટેક કમ કન્સલટન્ટની ફી પેટે રૂપિયા ૨/- લાખનો ખર્ચ કરેલ છે..

તા.૨૯મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**પારડી–ધરમપુર અને કપરાડા તાલુકામાં બનાવેલ પાણી પુરવઠાની યોજના**

૩૧૯૧૩ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાનાં પારડી–ધરમપુર અને કપરાડા તાલુકામાં પાણી પુરવઠાની કેટલી નાની અને મોટી યોજનાઓ બનાવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ કાર્યરત છે, અને

(૩) કાર્યરત ન હોય તેવી યોજનાઓને કેટલા સમયમાં કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ યોજનાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | નાની | મોટી |
|---|---|---|---|
| ૧ | પારડી | ૮૮ | –– |
| ૨ | ધરમપુર | ૧૩૦ | |
| ૩ | કપરાડા | ૧૧૪ | |

(૨) અને (૩) બનાવવામાં આવેલ તમામ ૩૩૨ નાની યોજનાઓ કાર્યરત છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૩૧૨૨૮ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ?

**જવાબ**

(૧) પાદરા અને ડભોઈ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાઓને મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ યોજનાઓની તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | પાદરા ભૂગર્ભ ગટર યોજનાના ટેન્ડરો મંજૂરી હેઠળ છે. |
| ૨ | ડભોઈ ભૂગર્ભ ગટર યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર મંજૂરી હેઠળ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબની અંદાજિત કિંમતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. (રકમ ` કરોડમાં)

| | |
|---|---|
| ૧ | પાદરા ` ૧૩.૦૯ કરોડ |
| ૨ | ડભોઈ ` ૧૪.૯૨ કરોડ |

**જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસની કામગીરી**

૩૧૪૩૦ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

૧. રણજીત સાગર ડેમઃ રનજીતસાગર ડેમ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તે માટે આર્કિટેકની પસંદગી કરવામાં આવેલ છે. આ કામગીરી માટે રૂપિયા ૪૦૦/– લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.

૨. ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ ખીજડીયા ખાતે આવેલ પક્ષી અભ્યારણના પ્રોત્સાહન તથા વિકાસ માટે નવેમ્બર–૨૦૧૦માં ગ્વોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.

૩. ખાસ અંગભુત યોજના હેઠળ જોડીયા તાલુકાના આમરણ ગામે આવેલ સંત શ્રી ભીમસાહેબની જગ્યા ખાતે મુખ્ય પ્રવેશ દ્વાર તથા યાત્રાળુઓ માટેની સુવિધાઓની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

૪. દ્વારકા–નાગેશ્વર–બેટ દ્વારકા મેઘા ટુરીસ્ટ સર્કિટની પરિયોજના માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રૂપિયા ૯૧૭૯/– લાખની સૈધાંતીક મંજુરી આપવામાં આવેલ છે. આર્કિટેક પાસેથી દ્વારકા–નાગેશ્વર માટે કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને એજન્સીને કામગીરી માટે રૂપિયા ૫૬૭૯/–લાખની મંજૂરી આપવામાં આવેલ છે. જ્યારે બેટ દ્વારકા–ઓખામઢી માટે આર્કિટેક દ્વારા કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. જે અનુસાર આર્કિટેક દ્વારા ટેન્ડર બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. બેટદ્વારકા–ઓખામઢી ખાતે પ્રવાસન સુવિધાની કામગીરી માટે રૂપિયા ૩૫૦૦/– લાખની સૈધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

આ પરિયોજનામાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ થાય છે.

દ્વારકાઃ–પરિક્રમા પથનો વિકાસ, ટુરીસ્ટ રીક્રિએશન સ્થળ તરીકે રાવલા તળાવનો વિકાસ, ઈસ્કોન ગેટ અને બાય–પાસ રોડની સાથે પબ્લીક યુટીલીટીનો વિકાસ ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ અને રીસ્ટોરેશન નવા ગોમતીઘાટની કામગીરી ટ્રાફીક અને ક્રાઉડ મેનેજમેન્ટ, મુખ્ય રસ્તાથી મંદિરને જોડતા રસ્તાને પહોળો કરવાની કામગીરી, પાર્કીંગ એરીયા સમુદ્રનારાયણ મંદિરથી ગાયત્રી શકિત પીઠ નજીકના દરિયાકાંઠાનો વિકાસ.

નાગેશ્વરઃ– નાગેશ્વર ખાતેના તળાવનો વિકાસ, તથા પાર્કીંગની વ્યવસ્થા, સમરાસર (ગોપી તળાવ) ખાતે એન્ટ્રન્સ ગેટ પબ્લીક યુટીલીટી અને એરાઈવલ પ્લાઝાની કામગીરી.

શીવરાજનપુરઃ– ચેઈન્જ રૂમ પબ્લીક યુટીલીટીની કામગીરી બેટ દ્વારકા ખાતે પરીક્રમા પથનો વિકાસ, પદમેશ્વર મહાદેવ મંદિરની પશ્ચિમ સાઈડના દરિયા કાંઠે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ, રણછોડ તળાવ અને રતન તળાવનો વિકાસ.

ઓખામઢી ઃ– ઓખામઢી ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ

૫. રસ્તા પરની સુવિધાઃ– જામગનગર થી દ્વારકા રોડ ઉપર સિક્કા પાસેના રસ્તા પરની સુવિધાની કામગીરી માટે આર્કિટેકની પસંદગી કરી કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. ટેન્ડર પ્રક્રિયાની કાર્યવાહી પૂર્ણ કરી એજન્સી પાસેથી ઓફરો મેળવવામાં આવેલ છે, ર્સાત પરની સુવિધામાં રેસ્ટોરન્ટ કિચન, બે રેસ્ટ રૂમ બે દુકાન લેડીઝ અને જેન્ટસ ટોયલેટ, પબ્લીક લોન્જ. પાર્કીંગની સુવિધાનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

૨૦૧૦–૧૧ માટે

(રૂપિયા લાખમાં)

| ક્રમ | કામની વિગત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રણજીત સાગર ડેમ | ૮૬.૯૪ | શૂન્ય |
| ૨ | ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ | ૧૭૮.૦૬ | ૧૭૨.૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | સંત શ્રી ભીમસાહેબની જગ્યા | ૨૭.૪૩ | ૨૭.૪૩ |

૨૦૧૧–૧૨ માટે
(રૂપિયા લાખમાં)

| ક્રમ | કામની વિગત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રણજીત સાગર ડેમ | ૧૭૦.૦૦ | શૂન્ય |
| ૨ | દ્વારકા–નાગેશ્વર–બેટ દ્વારકા મેઘા ટુરીસ્ટ સર્કિટની પરિયોજના | ૯૪૫.૨૯ | ૯૪૫.૨૯ |

રસ્તા પરની સુવિધા માટે કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી અને ખર્ચ થયેલ નથી.

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૯૨૯ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર–૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કોઇ કાર્યવાહી ન થઇ હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઇટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઇટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઇઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ચૈત્ર ૬, ૧૯૩૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ શહેરમાં ઈમ્પેકટ ફી ગેરકાયદેસર બાંધકામ**

૩૧૭૭૦ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૦૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ઈમ્પેકટ ફી ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરતુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, તે વાત સાચી છે,

(૨) ચાર ઝોનના ૨૦૦૮ની જંત્રી મુજબ ફીના દર કયા છે, તેની વિગત શી છે, અને

(૩) રહેણાંક માટેનો દર શો છે તેમજ માળ (ફલોર) વાઈઝ ફી નો દર કેટલી પેનલ્ટી લગાવેલ છે?

**જવાબ**

(૧) ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવા બાબતનો અધિનિયમ ૨૦૧૧ તા. ૧૨–૧૦–૧૧ના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરાયેલ છે.

(૨) ઉક્ત અધિનિયમ હેઠળ વસુલ કરવાની ફી ના દર ઝોન આધારિત નહી પરંતુ અનધિકૃત વિકાસના પ્રકારના આધારે નક્કી કરવામાં આવેલ છે. તા. ૨૮–૦૩–૨૦૧૧ના રોજની જંત્રીના દરો લાગુ થશે અને ફી ની વિગતો અનુસૂચિ મુજબ સામેલ છે.

(૩) આ સાથે સામેલ અનુસૂચિ મુજબ.

**અનુસૂચિ**

**અનધિકૃત વિકાસની ફી ના દર નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના રહેશે.**

<table>
<tr><td>(૧)</td><td>ભોયતળિયા પર આવરી લીધેલો વિસ્તાર (ગ્રાઉન્ડ કવરેજ)</td><td>ક.<br>ખ.</td><td>રહેણાંકના ઉપયોગ માટે જંત્રીના ૩૫ ટકા<br>બિન–રહેણાંકના ઉપયોગ માટે જંત્રીના ૬૦ ટકા</td></tr>
<tr><td>(૨)</td><td>કોઈપણ ફલોર (માળ)નો બાંધકામ વિસ્તાર (બિલ્ટ–અપ એરીયા) સેલર (ભોયરા) સહિતનો પરંતુ ગ્રાઉન્ડ કવરેજ સિવાયના</td><td>ક.<br>ખ.</td><td>રહેણાંકના ઉપયોગ માટે જંત્રીના ૨૦ ટકા<br>બિન–રહેણાંકના ઉપયોગ માટે જંત્રીના ૪૦ ટકા</td></tr>
<tr><td>(૩)</td><td>મકાનની ઉંચાઈ</td><td colspan="2">મંજૂર કરેલ અથવા મંજૂર કરવાપાત્ર ઉંચાઈથી વધુ ઉંચાઈવાળા બાંધકામ વિસ્તાર (બિલ્ટ–અપ એરીયા) માટે, જમીનની જંત્રીના ૧૦ ટકાના દરે.</td></tr>
<tr><td>(૪)</td><td>સહિયારો પ્લોટ (કોમન પ્લોટ)</td><td colspan="2">મંજૂર કરેલ અથવા મંજૂર કરવાપાત્ર વપરાશમાં વપરાશ–ફેર કરે તેવા બાંધકામ વિસ્તાર (બિલ્ટ–અપ એરીયા) માટે, જમીનની જંત્રીના ૧૦૦ ટકાના દરે.<br>પરંતુ આવો ફેરફાર, મંજૂર કરેલ લે–આઉટ અથવા સહિયારી માલિકીથી સહિયારી સુવિધા મેળવતા હોય તેવા કબજો ધરાનવાર અથવા માલિકોની સંમતિથી પરવાનગી આપી શકાશે.</td></tr>
<tr><td>(૫)</td><td>વપરાશ – ફેર</td><td colspan="2">જમીનની જંત્રીના દરના ૪૦ ટકા</td></tr>
<tr><td>(૬)</td><td>પાર્કીંગની અપુરતી જગ્યા (પાર્કીંગની ખુટતી જગ્યા)</td><td colspan="2">પાર્કીંગના અપુરતા (ખુટતા) વિસ્તાર માટે, સમિતિએ નક્કી કરેલ ફી ની ગણતરી નીચે મુજબ થશે.<br>જરૂરી પાર્કીંગ વિસ્તારથી ૨૫ ટકા વધુ ન હોય અથવા ૧૦૦ ચોરસ મીટર, બેમાંથી જે ઓછુ હોય તેવા પાર્કીંગના અપુરતા વિસ્તાર માટેની ફી, જંત્રીના દરના ૧.૫ ગણી રહેશે અથવા અન્ય કિસ્સામાં સમિતિએ નક્કી કર્યા મુજબ રહેશે.</td></tr>
<tr><td>(૭)</td><td>૧ થી ૬ સિવાયના</td><td colspan="2">રાજ્ય સરકારે સામાન્ય અથવા ખાસ હુકમ જોહેરનામાથી નક્કી કર્યા પ્રમાણે રહેશે.</td></tr>
<tr><td colspan="4">નોંધઃ– સમિતિની ભલામણ મળ્યેથી, મુકરર સત્તાધિકારી આવા કિસ્સામાં અપુરતી (ખુટતી) પાર્કીંગની જગ્યાને નિયમિત કરવાનો નિર્ણય કરે, તો આવા કિસ્સામાં, ઉપરના અનુક્રમાંકઃ ૬ માં દર્શાવેલા દર લાગુ પડશે અને તદ્અનુસાર બીજા ઉલ્લંઘનો માટે લાગુ પડતી ફી ઉપરાંતની ફી ચાર્જ (વસુલ) કરવામાં આવશે.</td></tr>
</table>

ઉપર્યુક્ત કોષ્ટકમાં જણાવેલ દરેક વર્ગ માટેની ફી, એવી રીતથી ગણવામાં આવશે કેઃ–

૧. અગાઉ કોઈ પરવાનગી આપવામાં ન આવી હોય તેવા કિસ્સામાં, પ્રવર્તમાન સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (જીડીસીઆર) હેઠળ પરવાનગીપાત્ર હોય તેવા અનધિકૃત વિકાસના આવા ભાગ માટે ફી, ઉપર્યુક્ત કોષ્ટકમાં જણાવેલ દર ના ૨૫ ટકાના દરે ગણવામાં આવશે અને બાકીનો જે ભાગ પરવાનગીપાત્ર નથી તે માટેની ફી, ઉપરના કોષ્ટકમાં જણાવેલા દરે ગણવામાં આવશે.

૧. અગાઉ પરવાનગી આપવામાં આવી હોય તેવા કિસ્સામાં, પ્રવર્તમાન સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (જીડીસીઆર) હેઠળ પરવાનગીપાત્ર હોય તેવા અનધિકૃત વિકાસના આવા ભાગ માટેની ફી, ઉપરના કોષ્ટકમાં જણાવેલ દર ના ૨૫ ટકાના દરે ગણવામાં આવશે અને બાકીનો જે ભાગ પરવાનગીપાત્ર નથી તે માટેની ફી, ઉપરના કોષ્ટકમાં જણાવેલા દરે ગણવામાં આવશે.

૩. સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (જીડીસીઆર)માં ગમે તે મજકુર હોય તેમ છતાં, જરૂરી પાર્કીંગ (વિસ્તાર)ની ગણતરીના હેતુ માટે, ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ (F S I ) કુલ બાંધકામ વિસ્તાર બિલ્ટ–અપ એરીયા)ના ૯૦ ટકા પ્રમાણે નક્કી કરવામાં આવશે.

તા.૨૬મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં મંજૂર થયેલ રકમની પાણી પુરવઠા યોજના**

૨૯૯૫૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર–પાવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં પાણી પુરવઠાની કેટલી રકમના અંદાજની કેટલી યોજનાઓ મંજૂર થયેલ છે,

(૨) યોજના દીઠ વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ યોજનાઓ પૈકી કેટલી પૂર્ણ થઈ કેટલી બાકી છે, અને

(૪) સરકાર કેટલા સમયમાં કામ પુરુ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં પાણી પુરવઠાની રૂા. ૨૭૨.૨૫ કરોડની અંદાજીત રકમની કુલ ૮૪૯ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થયેલ છે.

(૨) યોજના દીઠ વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | યોજનાની વિગત | કુલ યોજનાઓ | કુલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| વર્ષ ૨૦૦૯–૧૦ | | | |
| ૧ | જૂથ યોજના | ૨ | ૧૫૮૦.૧૯ |
| ૨ | સ્વતંત્ર યોજના (પા.પુ.) | ૧૯ | ૭૦.૯૩ |
| ૩ | સ્વજલધારા યોજના | ૪૧ | ૧૧૯.૭૧ |
| ૪ | મીની પાઇપ યોજના | ૧૩૫ | ૪૬૫.૧૩ |
| | કુલ | ૧૯૭ | ૨૨૩૫.૯૬ |
| વર્ષ ૨૦૧૦–૧૧ | | | |
| ૧ | જૂથ યોજના | ૨ | ૪૧.૯૯ |
| ૨ | સ્વતંત્ર યોજના (પા.પુ.) | ૨૦૯ | ૩૪૨.૬૯ |
| ૩ | સ્વજલધારા યોજના | ૮૧ | ૫૧૦.૧૧ |
| ૪ | મીની પાઇપ યોજના | ૧૧૭ | ૩૮૭.૪૧ |
| | કુલ | ૪૦૯ | ૧૨૮૨.૨૦ |
| વર્ષ ૨૦૧૧–૧૨ | | | |
| ૧ | જૂથ યોજના | ૨ | ૧૫૦૧.૫૧ |
| ૨ | સ્વતંત્ર યોજના (પા.પુ.) | ૬૪ | ૫૨.૨૭ |
| ૩ | સ્વજલધારા યોજના | ૬૧ | ૩૭૬.૦૯ |
| ૪ | મીની પાઇપ યોજના | ૧૧૬ | ૩૭૬.૦૯ |
| | કુલ | ૨૪૩ | ૨૩૦૫.૯૬ |
| | કુલ ૨૦૦૯–૧૦,૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ | ૮૪૯ | ૫૮૨૪.૧૧ |

(૩) ૬૦૮ યોજનાઓ પૂર્ણ થયેલ છે.
૨૪૧ યોજનાઓ બાકી

(૪) ક્રમશ: ૦૭/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**ભાવનગર જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમના કામોને ચૂકવેલ ગ્રાન્ટ**

૩૧૩૬૧ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ, અને

(૨) તે પરત્વે કયા કયા હેતુના કામો નગરપાલિકા દ્વારા મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે જિલ્લાની આઠ નગરપાલિકાઓને ` ૮.૫૮ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

(૨) જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) ભાવનગર દ્વારા ગૌરવપથ, મુખ્યરસ્તા, બ્રીજ, હરીયાળા શહેરોનું નિર્માણ, ટ્રાફીક સર્કલ, જળસંચયના કામો, માર્કેટ,

હેરીટેજના કામો, સ્લમ વિસ્તારના વિકાસના કામો, ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો, સ્લમ વિસ્તારમાં સામાજીક સેવાઓ સદ્રઢ બનાવવાના તથા આંગણવાડીના કામો તથા અન્ય કામો મંજૂર કરવામાં આવેલ છે.

**ધાનપુર, ગરબાડા અને લીમખેડા તાલુકામાં પીવાના પાણીની સમસ્યા**

૨૯૯૫૩ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ધાનપુર, ગરબાડા અને લીમખેડા તાલુકાના ડુંગરાળ વિસ્તારના કેટલા ગામોમાં પીવાના પાણીની સમસ્યાઓ સરકારના ધ્યાનમાં આવેલ છે, અને

(૨) આ સમસ્યાઓ દુર કરવા સરકારે શું આયોજન કર્યું ?

**જવાબ**

(૧) અને (૨) : ૪૯ ગામોમાં ૫૯ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના ૧૧૫ મીની પાઈપ યોજના અને તાલુકાના તમામ ગામોમાં ૮૫૨૭ હેન્ડપંપ દ્વારા સુવિધા ઉભી કરેલ છે. તેથી કોઈ ગામમાં મુશ્કેલી જણાતી નથી.

આગામી એકશન પ્લાન અંતર્ગત ૫૫૦ નવીન હેન્ડપંપ તેમજ ૯૦ મીની પાણી પુરવઠા યોજનાનું આયોજન કરેલ છે.

**110/p a g e > કચ્છ જિલ્લામાં અછત રાહતમાં બનેલા તળાવો**

૩૧૩૪૪ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં અગાઉના વર્ષોમાં અછત રાહતમાં બનેલા કેટલા તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવાની કામગીરી કરવામાં આવી,

(૨) આની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આનાથી કેટલા વિસ્તારને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ ?

**જવાબ**

(૧) કચ્છ જીલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦માં ૧૬, વર્ષ ૨૦૧૦–૧૧માં ૩૦ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં ૧૫ અછત રાહતમાં બનેલ તળાવોને સેઈફ સ્ટેજે લઈ જવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત તળાવોને સલામત તબક્કે લઈ જવા માટે કુલ ` ૩૦૪.૦૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) આ ૬૧ તળાવોને સલામત તબક્કે લઈ જતા આનાથી ૬૧૨ હેક્ટરમાં આડકતરી રીતે સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થઈ.

**નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી કુટુંબોને પીવાના પાણી માટે પાઈપ લાઈન**

૩૨૦૨૬ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં આદિજાતિના કુટુંબોને પીવાના પાણી માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મીની પાઈપ લાઈન ચાલુ કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૫૦ મીની પાઈપ યોજના ચાલુ કરવામાં આવેલ છે.

(૨) ` ૮૫૦.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૩૧૪૨૫ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) અમરેલી બગસરા અને સાવરકુંડલા નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચેના તબક્કે છે.

| | | |
|---|---|---|
| ૧ | અમરેલી | આવેલ ભાવપત્રકોના ભાવોનું વ્યાજબીપણું ચકાસણી હેઠળ છે. |

| | | |
|---|---|---|
| ૨ | બગસરા | આવેલ ભાવપત્રકોના ભાવોનું વ્યાજબીપણું ચકાસણી હેઠળ છે. |
| ૩ | સાવરકુંડલા | કામ પ્રગતિમાં છે. |

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ?

(૩) ઉપરોક્ત ભૂગર્ભ ગટર યોજનાઓને નીચેની રકમ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | અમરેલી | ` ૫૫.૮૪ કરોડ |
| ૨. | બગસરા | ` ૨૧.૮૧ કરોડ |
| ૩. | સાવરકુંડલા | ` ૧૯.૯૮ કરોડ |

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૯૨૭ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા. ૩૧−૧−૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર−૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭−૧૧−૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર−૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨−૧૧−૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨)

| **ઠરાવની વિગતો** | **કરાયેલ કાર્યવાહી** |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |

| | |
|---|---|
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાગબારા તાલુકાના દેવમોગરામાં મા મોઘી મંદિરને યાત્રાધામ વિકાસમાં સમાવવા બાબત**

૩૦૬૭૦ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવ મોગરા ખાતે આદિવાસીઓની કુળદેવી મા મોંઘી મંદિરને સરકારે યાત્રાધામના વિકાસ યાદીમાં સમાવવા છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરી, અને

(૨) આ મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) આ વિભાગના ઠરાવ ક્રમાંક : પથવ–૧૦૨૦૧૦–૮૫૬–ચ તા. ૨૮–૧૦–૨૦૧૦ મુજબ રાજ્યના પૌરાણિક અને ધાર્મિક રીતે મહત્વ ધરાવતા યાત્રા સ્થાનોમાં યાત્રિકોની સવલતના તથા સોલાર ઉર્જા રોશનીના કાર્યો હાથ ધરવા માટે નિયત કરેલ સ્થાનોમાં દેવમોગરા (મા મોઘી યાત્રાધામ)નો બ–વર્ગમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે રૂપિયા ૬૦/– લાખ સુધી અનુદાન ફાળવી શકાય તેવી જોગવાઈ કરી છે.

(૨) સદરહુ ધાર્મિક સંસ્થા પાસેથી સદરહુ ઠરાવની જોગવાઈ મુજબ દરખાસ્ત મંગાવેલ છે.

**ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને મળવા બાબત**

૩૦૯૨૮ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાની ઓક્ટોબર–૨૦૧૧ ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને ક્યારે મળી,

**જવાબ**

(૧) મ્યુનિસિપલ સેક્રેટરી, ગાંધીનગર મહાનગરપાલિકાએ તા. ૧૭–૧૧–૧૧ના પત્રથી મોકલાવેલ ઓક્ટોબર–૨૦૧૧ની સ્થાયી સમિતિ તથા સામાન્ય સભામાં થયેલ ઠરાવોની નકલો સરકારને તા. ૨૨–૧૧–૧૧ના રોજ મળેલ છે.

મહાનગરપાલિકા, એ સ્વાયત સંસ્થા છે. ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામગીરી અંગેની નિશ્ચિત ફરજો અને સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ કરેલા ઠરાવો પૈકી જેમાં રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક હોય તેવા ઠરાવો મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રાજ્ય સરકારને દરખાસ્ત સ્વરૂપે મોકલવાના રહે છે. તદુપરાંત ધી જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૪૫૧ (૧) હેઠળ ઠરાવો મોકુફ રાખવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સરકારમાં દરખાસ્ત કરે છે. મહાનગરપાલિકાના, કમિશ્નર મારફતે સિવાય, અન્ય કોઈ રીતે કોઈ ઠરાવ સરકારમાં મોકલવાના હોતા નથી.

(૨) આ ઠરાવની વિગતો શી છે, અને સરકાર દ્વારા તે અન્વયે શા શા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ઠરાવની વિગતો | કરાયેલ કાર્યવાહી |
|---|---|
| ૧. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટે સાયન્ટીફીક લેન્ડફીલ સાઈટ બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. ને ભલામણ કરવા બાબત. | ૧. ગાંધીનગર મહાનગરપાલિકાએ ઠરાવમાં ઠરાવ્યા પ્રમાણે લેન્ડ ફીલ સાઈટ બનાવવા જીયુડીસી દ્વારા તાંત્રિક ચકાસણી કરવામાં આવી રહેલ છે. |
| ૨. જીપીએમસી એક્ટની કલમો હેઠળ શિક્ષા અને દંડની જોગવાઈઓમાં જરૂરી વધારો સૂચવવા બાબત. | ૨. આ બાબત કાયદાના સુધારાને લગતી હોઈ, વિચારણા હેઠળ છે. |
| ૩. નવરચિત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટાફ/સેટઅપ મંજૂર કરવા બાબત. | ૩. કાર્યવાહી ચાલી રહી છે. |
| ૪. ગાંધીનગરમાં આવેલ "મહાત્મા મંદિર" નું નામ બદલવા બાબત | ૪. "મહાત્મા મંદિર" ગાંધીનગર મહાનગરપાલિકાની માલિકીનું ના હોઈ, તે અંગેનો ઠરાવ મોકૂફ રાખવામાં આવેલ છે. |

(૩) કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમરેલી જિલ્લામાં રાંદલકુવા પાસે પાલવો સિંચાઈ યોજના

૩૧૯૩૦ **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાંદલકુવા પાસે પાલવો સિંચાઈ યોજના કરવાની કોઈ યોજના અમલમાં મુકવામાં આવી હતી,

(૨) જો હા, તો ક્યારે અને ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઈના કામોના મંજુર કરેલ વર્ક પ્લાન

૩૧૯૨૭ **ડાં. અનિલભાઈ જોષીયારા( ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઈના કામો માટે છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કામોના વર્કપ્લાન ક્યારે મંજુર કરવામાં આવ્યા,

(૨) સિંચાઈના કામો માટેના આ વર્કપ્લાન મોડા મંજુર કરવાના કારણો શા છે, અને

**જવાબ**

(૧) અને (૨) જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ હેઠળ કરવાના થતા કામોની ક્ષેત્રિય કક્ષાએથી જરૂરી તાંત્રિક ચકાસણી, સર્વે, અન્વેષણ અને આલેખનની કામગીરી થયા બાદ, કામો પોષણક્ષમ જણાયેથી નાણાંકીય અનુદાનની ઉપલબ્ધી અનુસાર વર્કપ્લાનની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે.

વર્કપ્લાનની મંજુરી તાલુકાવાર આપવામાં આવતી નથી.

ઉપર અનુસાર તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકનાં સિંચાઈના કામો માટે

છેલ્લા ત્રણ વર્ષમાં, કામોની વર્કપ્લાનની મંજૂરી નીચે અનુસાર આપવામાં આવેલ છે.

| વર્ષ | વર્કપ્લાનની મંજૂરીની તારીખ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૫/૧૦/૨૦૦૯ |
| ૨૦૧૦-૧૧ | ૧૬/૧૨/૨૦૧૦ |
| | ૨૩/૦૨/૨૦૧૧ |
| | ૩૧/૦૩/૨૦૧૧ |
| ૨૦૧૧-૧૨ | ૧૨/૧૦/૨૦૧૧ |
| | ૨૧/૧૦/૨૦૧૧ |
| | ૧૭/૧૧/૨૦૧૧ |

(૩) જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર આ સિંચાઈના કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં સિંચાઈના કામો પાછળ નીચે જણાવ્યા મુજબ વર્ષવાર અને તાલુકાવાર ખર્ચ કરવામાં આવ્યો.

| તાલુકો | વર્ષવાર ખર્ચ ` લાખમાં | | |
|---|---|---|---|
| | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
| બાયડ | ૧૨૪.૪૦ | ૧૬૮.૬૦ | ૭૭.૫૪ |
| ભિલોડા | ૧૬૯.૩૮ | ૧૮૦.૧૮ | ૧૩૬.૯૫ |
| ધનસુરા | ૭૮.૮૧ | ૭૦.૮૭ | ૪૯.૯૬ |
| હિંમતનગર | ૩૩૨.૮૨ | ૧૦૩.૩૭ | ૧૦૪.૮૪ |
| ઈડર | ૩૬૧.૯૨ | ૨૨૧.૬૩ | ૧૬૮.૩૬ |
| ખેડબ્રહ્મા | ૧૦૧.૯૩ | ૮૪.૯૮ | ૭૧.૩૨ |
| માલપુર | ૪૭.૭૨ | ૩૩.૭૧ | ૨૩.૧૨ |
| મેઘરજ | ૨૭૭.૬૭ | ૨૨૯.૯૮ | ૩૧૨.૩૦ |
| મોડાસા | ૧૨૦.૫૩ | ૯૬.૬૨ | ૧૦૮.૪૩ |
| પ્રાંતિજ | ૧૧૪.૯૫ | ૧૭૭.૨૪ | ૮૧.૩૨ |
| તલોદ | ૨૧૧.૩૮ | ૧૫૬.૦૭ | ૧૨૨.૨૪ |
| વડાલી | ૭૧.૨૩ | ૭૦.૨૪ | ૫૯.૨૨ |
| વિજયનગર | ૮૭.૩૭ | ૩૯.૨૯ | ૨૩.૦૯ |

## રાજ્યમાં ગુજરાત –ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ સાયન્સીઝની સ્થાપના

૩૧૪૧૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકાર રાજ્યમાં ગુજરાત–ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ સાયન્સીઝની સ્થાપના કરવા માંગે છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) આ ઈન્સ્ટીટ્યુટ ભવિષ્યમાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરો સાયન્સીઝ નિમ્હાન્સ (NI MHANS) સમકક્ષ સેવાઓ પૂરી પાડશે.

(૩) આ ઈન્સ્ટીટ્યુટમાં કઈ કઈ સેવાઓ ઉપલબ્ધ થશે, અને

(૩) આ ઈન્સ્ટીટ્યુટમાં માનસિક આરોગ્ય, ન્યુરોલોજીકલની વિવિધ સેવાઓ–

મેન્ટલ હેલ્થના વિવિધ અભ્યાસક્રમો ઉપરાંત (૧) મનોરોગ, (૨) ન્યુરો સાયક્યાટ્રીક, (૩) બાળમનોરોગ, (૪) જીરીયાટ્રીક ડીસઓર્ડર, (૫) ન્યુરોલોજીકલ બિમારીઓ વિગેરેની સારવાર, પુન:સ્થાપન તેમજ આધુનિક લેબોરેટરી, ઈ.ઈ.જી. સીટીસ્કેન વિગેરે તપાસની સગવડ ઉપલબ્ધ થશે.

(૪) આ ઈન્સ્ટીટ્યુટમાં કેવા પ્રકારના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવનાર છે ?

(૪) આ ઈન્સ્ટીટ્યુટમાં એમ.ડી. સાયક્યાટ્રીક, ડી.એમ. (ન્યુરોલોજી) એમ.ફિલ કલીનીકલ સાયકોલોજી, સાયક્યાટ્રીક સોશ્યલ વર્કર, એમએસી (સાયક્યાટ્રીક નર્સીંગ), પેશન્ટ કેર એટેન્ડેન્ટ, ઈઈજી ટેકનીશ્યન વિગેરે કોર્ષ ઉપલબ્ધ થનાર છે.

**પાવાગઢ યાત્રાધામના વિકાસના કામો માટે ફાળવેલ રકમ**

૩૧૪૪૩ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પાવાગઢ યાત્રાધામના વિકાસ માટે સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ, કયા કયા કામો માટે ફાળવવામાં આવી, | (૧) પાવાગઢ ખાતે યાત્રિકોની સુવિધા માટે પીલગ્રીમેજપથ બનાવવા માટે વર્ષ ૨૦૧૦-૧૧માં રૂપિયા ૧૨૫/- લાખ ફાળવવામાં આવેલ. |
| (૨) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કયા કામ માટે કરવામાં આવ્યો, | (૨) આ કામગીરી માટે કોઈપણ ખર્ચ થયેલ નથી. |
| (૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) આ કામગીરી શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) યાત્રાળુઓને આ વિકાસ કામો બાદ કયા કયા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ થશે ? | (૪) યાત્રિકોની સુવિધા માટે રસ્તાની સુવિધા ઉપલબ્ધ થશે. |

---------

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## સભાગૃહમાં વિપક્ષો દ્વારા પ્રદર્શન કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીના કાળ દરમ્યાન વિપક્ષના સભ્યો દ્વારા જે પ્રમાણેનું પ્રદર્શન કરવામાં આવ્યું અને આ પ્રદર્શન ના થઇ શકે એવા માનનીય અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે. આપના દ્વારા પણ સન્માનનીય સભાગૃહના વિપક્ષના સભ્યોને કહેવામાં આવ્યું કે વિધાનસભામાં સમાંતર રીતે આ પ્રમાણેનું પ્રદર્શન કરી શકાતું નથી છતાં પણ આપના દ્વારા કરવામાં આવેલી વિનંતીને પણ આ સન્માનનીય વિપક્ષના સભ્યો દ્વારા એના ઉપર ધ્યાન દેવામાં આવ્યું નથી. સતત સૂત્રોચ્ચાર કરતા ગયા અને હજી પણ આપના આદેશ પછી પણ વિધાનસભામાં કયારેય ન થઇ શકે તે પ્રમાણે એક સરખા પ્રકારના સૂત્રો લખીને એ જે પ્રમાણેનું પ્રદર્શન કરે છે. આ સભાના અવમાનનો મુદ્દો છે અને આ કોઇપણ હિસાબે ચાલે નહીં એટલા માટે હું આપના ધ્યાન ઉપર મૂકું છું.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળનો સમય એવો છે કે જે સભ્યશ્રીઓના અધિકારનો અને સરકારશ્રી માટે પણ એટલો જ અગત્યનો કાળ હોય છે. અને એ સમયગાળા દરમ્યાનમાં જે માનનીય પ્રદિપસિંહજી જાડેજાએ જે ઊભા થઇ અને પ્રશ્ન જે તે વખતે પોઇન્ટ ઓફ ઓર્ડરના જુદા સ્વરૂપે ઉપસ્થિત કરેલો અને ગૃહને મુલતવી રાખવાનો આપનો જે એક કલાક માટેનો નિર્ણય હતો એ આપણે પ્રશ્નોત્તરી પછી પણ કરી શકયા હોત. (અંતરાય) અધ્યક્ષશ્રીના અગત્યના જે નિર્ણયો છે એ નિર્ણયોમાં પ્રશ્નોત્તરી દરમ્યાન દલીલો કે ચર્ચા થઇ શકતી નથી. તાઃ૭ જુલાઇ, ૧૯૭૭ના રોજ ચોટીલા તાલુકામાં ખેડૂતો પાસેથી બાકી લેણા અંગેના શ્રી કરમશી મકવાણાના પ્રશ્ન ક્રમાંકઃ ૬૫૨૭ પરની પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય મંત્રીશ્રી તરફથી પ્રશ્નોનો સંતોષકારક જવાબ ના મળતા શ્રી નગીનદાસ શાહ અને શ્રી સનતભાઇ મહેતાએ પ્રશ્નોનો જવાબ આપવા અંગેનું જે રૂલીંગ આપેલું છે એ રૂલીંગની અંદર બહુ સ્પષ્ટ રીતે જણાવેલું છે કે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાનમાં કોઇપણ દલીલો કે કોઇપણ પ્રશ્ન ઉઠાવવાનો હોતો નથી. આજે માનનીય પ્રદિપસિંહજી એક સંસદીય બાબતોના જવાબદાર મંત્રી છે અને નિયમોના પણ જાણકાર છે. એમના તરફથી અમે પહેરેલા કાળા પટ્ટાઓ બાબતમાં ઊભા થઇ અને જે વાત કરવામાં આવી, એ ચોકકસપણે પ્રશ્નોત્તરી કાળ પછી ઉભો કરી શકેલા હોત. અને આ ગૃહનો જે સમય છે પ્રશ્નોત્તરીનો અતિ મહત્વનો સમય છે અને સભ્યોને જાણવાનો પણ અધિકાર છે એ અમારા વાયોલેશન હકકોના વાયોલેશનનો અમારો ભંગ છે. This is pure violation of our right and the right of all Members. એટલે આપના તરફ હું ધ્યાન દોરું છું કે આ પ્રશ્નોત્તરીનો કાળ એ અમારા માટે સૌથી અગત્યનો છે. પાના નં. ૨૦૯, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો

સને ૧૯૬૦ થી ૧૯૮૪ દરમ્યાન ગુજરાત વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા અગત્યના નિર્ણયોમાં પ્રશ્નોત્તરી દરમ્યાન આ જે રૂલીંગ આપેલું છે અને એ રૂલીંગ કરમશી મકવાણાના પ્રશ્ન ક્રમાંકઃ ૬૫૨૭ ઉપર રૂલીંગ આપેલું છે. એ રૂલીંગમાં ખૂબ સ્પષ્ટ છે કે We cannot spoil question hour. અને એટલા માટે પ્રદિપસિંહે જે તે વખતે ગૃહમાં મુદ્દો ઉપાડીને એક કલાક સુધી હાઉસ એડજોર્ન કરવાની ફરજ પડી. એ એક કલાક પછી પણ આ મુદ્દો લઇ અને જે પ્રમાણેનું આપને સૂચન તેઓ તરફથી થાત તે પ્રમાણેનો આપ યોગ્ય નિર્ણય લઇ શક્યા હોત. Whether it may consider or not consider એ કરી શક્યા હોત. એટલે મારો આ મુદ્દો ધ્યાને લેવા વિનંતી છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં I have also gone though this very carefully. Sir, issue at debate is કે પ્રશ્નકાળ દરમ્યાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવી શકાય કે નહીં? Sir, the decision quoted says કે આ જે કંઇ ઘટના બની તે ઘટના એ પ્રશ્નોત્તરીમાંથી ઉદ્ભવતા કોઇ કારણસર બની હતી, કોઇ પૂર્વ આયોજિત ન હતી. જ્યારે સભ્યશ્રી સનત મહેતા અને એમના સભ્યશ્રીઓએ આ પ્રકારનું વર્તન ગૃહમાં કર્યું ત્યારે એ પ્રશ્નકાળ દરમ્યાન ઊભી થતી કોઇ ઘટનાને કારણે ઊભી થતી પરિસ્થિતિના કારણે એ પરિસ્થિતિ ઊભી થઇ હતી. અહીંયા એક પૂર્વ આયોજિત વ્યવસ્થાના ભાગરૂપે પ્રશ્નોત્તરી સાથે એને કોઇ રીતે જોડવાની જરૂર નથી. કારણ કે પ્રશ્નોતરી પહેલાથી આપ ઓર્ડર, ઓર્ડર કહો એ પહેલાથી જ ગૃહમાં એક ચોક્કસ પ્રકારનું વર્તન કરીને, દાખલ થઇને અને પછી પ્રશ્નકાળ દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોનો સહારો લેવો, Sir, these are two different cases. This was pre-mandated and pre-planned and therefore it can not get the shelter under what the Honourable Whip is saying, as far as these decisions are concerned. એટલે આ આખું પૂર્વ આયોજિત હતું અને એને પ્રશ્નોતરીમાંથી ઉદભવતી કોઇ બાબત સાથે કોઇ પ્રકારનું કાંઇ લેવા દેવા નથી.

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના દંડકશ્રીએ માનનીય પ્રદિપસિંહજીએ પ્રશ્નોતરી કાળ દરમ્યાન ઊઠાવેલા મુદ્દા બાબતે પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે જે પ્રસ્તુત મુદ્દા સાથે કોઇ રીતે સાંકળી શકાય તેમ નથી. એક પ્રણાલિકા રહી છે કે પ્રશ્નોતરી એ સભ્યશ્રીઓનો અધિકાર છે અને સરકાર તરફથી જવાબ આપવાનો હોય છે. કેટલાક દિવસોથી સરકાર જવાબ આપવા માટે તત્પર હોય છે. મંત્રીઓ એની પૂરી તૈયારી કરીને આવ્યા હોય છે. એ માત્ર હાઉસ નહીં સમગ્ર દેશ જોઇ રહ્યો છે કે સામેના પક્ષે કોંગ્રેસના મિત્રો સન્માનનીય સદસ્યો પ્રશ્નોત્તરી ન ચાલે એટલા માટે સૂત્રોચ્ચાર કરીને કેટલાય દિવસથી હાઉસને ખોરવે છે. આજે સામૂહિક રીતે દેખાવો ન કરી શકાય એ નિયમોમાં જોગવાઇ છે. પ્રણાલિકાથી પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રસ્થાપિત રીતે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવાતો નથી. પણ પ્રશ્નોત્તરી પછી ઉઠાવાય છે. પ્રશ્નોત્તરી પછી પણ આ જે દેખાવો ચાલુ રાખ્યા છે અને દેખાવો ચાલુ રાખ્યા હોય ત્યારે સમગ્ર રાજ્ય, સમગ્ર જનતા અને સમગ્ર હાઉસ જોઇ શકતું હોય એવું હાઉસનું અવમાન થતું હોય, નિયમોનો ભંગ થતો હોય ત્યારે પ્રશ્નોત્તરી કે પ્રશ્નોત્તરી પછી આ જોયા વિના પણ આપના ધ્યાન ઉપર આવે તો આપ પણ સીધી સૂચનાઓ આપીને આપ એમને રોકી શકો છો અને આપે રોક્યા છે. છતાં પણ અધ્યક્ષની વાત નહીં માનવાની જે માનસિકતાઓ ઘડાઇ છે, નિયમોની દુહાઇ દેવાય છે. જે રીતના એ પટ્ટાઓ પહેરીને આવ્યા છે. અમે એમના પૂર્વજોની એ વાત નથી યાદ દેવડાવતા કે સરકીટ હાઉસમાં કોણ કોની પાછળ કેવા ચિત્રમાં કેવી રીતે દોડ્યા અને એમનું સ્વરૂપ બતાવવા માટે અહીંયા જે પ્રયત્ન કરી રહ્યા છે. મિત્રો, આ કોંગ્રેસના મિત્રોએ આ લોકશાહીને કટોકટીમાં ગળે ટૂંપો દઇને, નિયમોનો ભંગ કરીને કેવી રીતે ભૂતકાળમાં લોકશાહીનું હનન કર્યું હતું એ સમગ્ર દેશ જાણે છે. જ્યારે કોઇપણ જાતના આધાર વિના અને એક

વખત જે મુદ્દાની સ્પષ્ટતાઓ અહીંયા ટેકનિકલ વૈજ્ઞાનિક ઢબથી થઇ, આમ છતાં પણ જ્યારે લોકો સમક્ષ જવાનું કોઇ કારણ નથી ત્યારે આવા દેખાવો અત્યારે કરી રહ્યા છે. આ દેખાવોને રોકવા જોઇએ. એમની સામે નિયમો પ્રમાણે કાર્યવાહી કરવી જોઇએ. માનનીય પ્રદિપસિંહે ઊઠાવેલ મુદ્દાને હું સમર્થન કરું છું. વિપક્ષના પ્રતિનિધિ ધરાવતા જે મુદ્દાનો સંદર્ભ આપ્યો છે કરમશીભાઇ મકવાણાનો, એ પ્રશ્નોતરીમાંથી ઉદભવેલો પ્રશ્ન હતો. જ્યારે અહીંયા તો માનનીય જયનારાયણભાઇએ કહ્યું એમ પૂર્વ તૈયારી રૂપે, હાઉસના નિયમનો સામૂહિક રીતે ભંગ કરવા માટે સમગ્ર કોંગ્રેસ પક્ષ જે રીતે આવ્યો છે. ચલાવી ના લેવાય. હાઉસને લોકશાહી ઢબે એની સામે કાર્યવાહી કરવી જોઇએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પાના નંબર ૨૫૨ ઉપર અધ્યક્ષશ્રીના નિર્ણયો ૩૬૯ અને ૭૦ બંનેમાં સ્પષ્ટ નિર્ણયો છે કે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ઊઠાવી શકાય નહિ. માનનીય અધ્યક્ષશ્રી, બંને વખતે જ્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવવાની શરૂઆત કરી ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ બહુ સ્પષ્ટ રીતે નિર્ણય કર્યા છે કે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવી શકાય નહિ. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીઓએ વાત કરી કે, વિરોધપક્ષના બધાજ સભ્યો આવી રીતે સ્કાર્ફ પહેરીને આવ્યાં છે. હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, આપના પક્ષના સભ્યોની જવાબદારી હાઉસ ઓર્ડરમાં રહે એમ હોવા છતાં માનનીય શક્તિસિંહ ગોહિલના કિસ્સાની અંદર આપે ૩ વખત ગૃહને મુલતવી રખાવેલ.

અધ્યક્ષશ્રી : નહિ અત્યારે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો થયેલ છે એના પુરતી ચર્ચા કરો, પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૩ વખત ગૃહ મુલતવી રાખેલ. (સતત અંતરાય) (ઘોંઘાટ ) અને

અધ્યક્ષશ્રી : અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જે ચર્ચા ચાલે છે એજ કરો, પ્લીઝ અને ટૂંકમાં ચર્ચા કરો, પ્લીઝ. (ઘોંઘાટ)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) પોઇન્ટ ઓફ ઓર્ડરમાં આપે, માનનીય દિલીપભાઇ બોલ્યા એટલે હું બોલું છું, એમણે મુદ્દો ઊઠાવ્યો છે કે આ ગૃહની અંદર માત્ર સ્કાર્ફ પહેરવાથી એનું અવમાન થઇ જાય તો શું શું થયું છે આ ગૃહમાં અને કોણે શું જોયું છે એ પણ આખા દેશે જોયું છે. ( ઘોંઘાટ ) માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આપણે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે શિખામણ આપતા પહેલા આપણે પોતે આપણા અંદર ઝાંખી કરવી જોઇએ કે આપણા સભ્યોએ શું કર્યુ છે? માનનીય અધ્યક્ષશ્રી, ( સતત ઘોંઘાટ ) શું?

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર.. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : શું કહ્યું આપે?

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ આપ મારા તરફ ધ્યાન આપીને આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે, એના ઉપર ચર્ચા કરો, પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ મને માનનીય કાંતિભાઇ કંઇ કહે છે.

અધ્યક્ષશ્રી : કાંતિભાઇ પ્લીઝ, બેઠા બેઠા કોમેન્ટ ના કરીએ, પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મારે એને પણ સાંભળવા જોઇએ. (અંતરાય ) ભૂતકાળ જરા (અંતરાય )

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ આપ મારા તરફ ધ્યાન આપીને આપનો મુદ્દો શું છે એ મને ધ્યાન ઉપર મૂકો. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એટલે ગૃહનું અવમાન કોના કારણે થયું છે? શેનું થયું છે? માનનીય અધ્યક્ષશ્રી, એના માટે તો આખા સત્ર દરમ્યાન શું શું ઘટના બની એની એક હાઉસ કમિટી બને તો ખબર પડે કે કોણે શું કર્યુ છે? માનનીય અધ્યક્ષશ્રી, એટલે એ બાબતની અંદર માત્ર સ્કાર્ફ જોવાથી આવું થઇ જતું હોય,

સ્કાર્ફ પહેરવાથી અવમાન થઇ શકતું હોય તો શું શું જોવાથી અવમાન થઇ શકે એ પણ માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ,પ્લીઝ. એની ચર્ચા આપણે અત્યારે ના કરીએ, પ્લીઝ. અત્યારનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ જ વાત કરો પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હા, એજ વાત કરું છું. એટલે અમે ગૃહનું અવમાન થાય એવું કશું કર્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા ઇચ્છે છે જે જાણવા માટે માનનીય અધ્યક્ષશ્રી, એ બાબત જ અહીંયા લેવાય છે, અને અમે ગૃહની અંદર અમે કોઇ વિક્ષેપ પાડતા નથી અને અમે ચર્ચામાં ભાગ લેવા માગીએ છીએ કારણ કે હાઉસની અંદર આપશ્રીએ કહ્યું હતું કે, ચર્ચામાં સભ્યશ્રીઓએ ભાગ લેવો જોઇએ અને ભાગ લઇ પ્રજાના પ્રશ્નો ઊઠાવવા જોઇએ. આપે પણ ઓબ્ઝર્વેશનમાં કહ્યું છે અને આપની અપીલ હતી અને એને કારણે અમે ચર્ચામાં ભાગ લેવાના છીએ અને ચર્ચાય કરવાના છીએ. અમારો જે મુદ્ધા ઉપર વિરોધ છે. એ માત્ર આપને ધ્યાન દોરવા માટે કહું છું એ સિવાય બીજું કશું નથી.

અધ્યક્ષશ્રી : હવે આપણે ચર્ચતા નથી, નહિ સિદ્ધાર્થભાઇ, પ્લીઝ. ખૂબ ચર્ચાઓ થઇ છે. (અંતરાય ) નહિ, પ્લીઝ. પ્લીઝ. માનનીય (અંતરાય) નો, પ્લીઝ. (ઘોંઘાટ) નો, સિદ્ધાર્થભાઇ પ્લીઝ આપ બેસી જાવ. નહિ, નહિ પ્લીઝ. અધ્યક્ષને હવે વધુ સ્પષ્ટતા કરવી જરૂરી લાગતી નથી. એટલે હું બંને પક્ષના કોઇ પણ સભ્યને એલાઉ કરતો નથી, પ્લીઝ. સ્પષ્ટતા કરવા માટે અધ્યક્ષને હવે કોઇ સભ્યની સ્પષ્ટતાની જરૂરત નથી. બંને પક્ષે ચર્ચાઓ થઇ છે એનો મને સંપૂર્ણ નિચોડ છે. પ્લીઝ, નહિ, નહિ. આ પક્ષે પણ નહીં અને આ પક્ષે પણ નહીં. પ્લીઝ, આપ બેસી જાવ. આપણા ગૃહનો સમય પણ ન બગડે. પ્લીઝ. સિદ્ધાર્થભાઇ, પ્લીઝ, પછી આ તરફે પણ ચર્ચા થશે પ્લીઝ. નહીં, પ્લીઝ. અર્જુનભાઇ, પ્લીઝ.( અંતરાય) મને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર હવે વધારે કોઇ ચર્ચાઓ થાય એવું દેખાતું નથી પ્લીઝ. આપ બેસી જાવ. પ્લીઝ. સિદ્ધાર્થભાઇ બેઠા છે આપ બેસી જાવ. પ્લીઝ.

માનનીય સંસદીય મંત્રીશ્રી પ્રદિપસિંહભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે અને એ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ઇકબાલભાઇ અને માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ પણ ચર્ચા કરી છે. મંત્રીશ્રી જયનારાયણભાઇ, મંત્રીશ્રી દિલિપભાઇએ પણ વાત કરી છે ત્યારે ઇકબાલભાઇ અને અર્જુનભાઇએ જે મુદ્દો ટાંકીને વાત કરી છે ૧૯૭૭ની ઘટના છે. પ્રશ્નક્રમાંક–૩૦માંથી ઉભી થઇ છે. એ અર્જુનભાઇનો મુદ્દો છે ત્યારબાદ કરમશીભાઇ મકવાણાનો જે મુદ્દો ઉભો કર્યો છે એ પ્રશ્નક્રમાંક– ૬૫૨૭ ઉપરનો છે. આ મુદ્ધા જે ઉપસ્થિત થયા હતા. એ પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્નોમાં ચર્ચા થઇ એના ઉપરથી ઉભી થયેલી બાબત છે. પ્રદિપસિંહભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ ગૃહના અવમાનનો છે અને કોઇપણ બાબતની ચર્ચા ચાલતી હોય એવા સમયે કોઇપણ સભ્યશ્રીને એમ લાગે કે આ ગૃહનું અવમાન છે તો એ ગમે ત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરી શકે છે એટલે માનનીય શ્રી ઇકબાલભાઇનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ હું સ્વીકારી શકતો નથી અને પ્રદિપસિંહભાઇએ જે વાત કરી મંત્રીશ્રીએ કે આજ રોજ પ્રશ્નોત્તરી શરૂ થતાંની સાથે જ વિરોધ પક્ષના તમામ સભ્યો દ્બારા સમાન કાળા પટ્ટા પહેરીને સમાન સૂત્રો લખીને જે રીતે ગૃહની કાર્યવાહી દરમ્યાન નિદર્શનો અને દેખાવો કર્યા તે સબંધે સંસદીય મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલો મુદ્દો ખૂબ જ ગંભીર છે. ગૃહમાં કોઇપણ પ્રકારનો દેખાવ કે નિદર્શનો આપણે કરી શકતા નથી તેવા મારા પુરોગામી અધ્યક્ષશ્રીના પણ અનેક નિર્ણયો છે જેની હું પુનરોકિત કરતો નથી. આજરોજ પ્રશ્નોત્તરી દરમ્યાન વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓએ જે પ્રકારના દેખાવ કે નિદર્શનો કર્યા છે તે ગૃહના અવમાન સમાન છે. આ પ્રકારના પ્રદર્શનો નહીં કરવાની મારી વારંવારની વિનંતીનો પણ અનાદર કરીને જે દેખાવો ચાલુ રાખ્યા છે તે બદલ હું સંસદીય મંત્રીશ્રીએ ઉઠાવેલ મુદ્દાનો સ્વીકાર કરીને વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓને ઠપકો આપું છું અને એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખું છું. નેકસ્ટ. (અંતરાય ) ઇકબાલભાઇ, આ રીતે ગૃહમાં પ્રદર્શન ન કરીએ તો સારું. પ્લીઝ. આ આપણી પરંપરાઓ નથી પ્લીઝ. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર મેં પૂરેપુરો સાંભળ્યો છે એને મેં ના મંજૂર કર્યો છે. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર પ્રશ્નોત્તરીમાંથી ઉપસ્થિત થયો હતો એમનો જે પ્રશ્ન છે એ ગૃહના અવમાનનો હતો એ ગમે ત્યારે ઉભો થઇ શકે છે. આ પક્ષે પણ ઉભો કરી શકાય છે અને આ પક્ષે પણ.

પ્લીઝ. આ રીતના દેખાવો આપ ચાલુ રાખો એ યોગ્ય નથી. પ્લીઝ. આપ સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે કે આ રીતનું પ્રદર્શન આપણે ન કરીએ. પએનાથી દૂર રહીએ તો સારું. આપણે ગૃહનું અવમાન ન થાય એ જોવાની આપણા તમામ સભ્યશ્રીઓની ફરજ છે. પ્લીઝ. ઇકબાલભાઇ, આમાં હવે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડરનો પ્રશ્ન ન રહી શકે. પ્લીઝ. (અંતરાય) પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપે આપેલા આદેશનું પાલન કરવું જોઇએ. આપ તરફથી જયારે ઠપકો આપવામાં આવે છે છતાં પણ આપના આદેશનું અવમાન કરવામાં આવે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ રીતે આપણે ગૃહમાં પ્રદર્શન ન કરીએ. ઇકબાલભાઇ, આપને નમ્ર વિનંતી છે. આપના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આ રીતે પ્રદર્શનથી આપણે દૂર રહીએ. આપ બેસી શકો એમાં કોઇ તકલીફ નથી પરંતુ આ પ્રદર્શન આપે દૂર કરવું જોઇએ. ઇકબાલભાઇ, આ યોગ્ય નથી પ્લીઝ. (અંતરાય) આ રીતનું પ્રદર્શન યોગ્ય નથી પ્લીઝ. આ પ્રદર્શન દૂર થવું જોઇએ એવી ગૃહની લાગણી છે. હું ગૃહને ફરી એક કલાક સુધી મુલતવી કરું છું. (બપોરના ૧–૨૦)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ર–ર૦ કલાકે ફરી મળી**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં પ્રદર્શન કરવામાં આવતા )

# માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો
# પ્રસ્તાવ (નિયમ–પર )
### સભ્યશ્રીઓને નેઇમ કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (સંસદીય બાબતોના મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય) હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આપના આદેશ પછી પણ, આપના ઠપકા પછી પણ વિરોધ પક્ષના સભ્યશ્રીઓ હજુ પણ પોતાનું પ્રદર્શન કરીને ગળે ખેસ પહેરીને આવવાની પ્રક્રિયા કરી છે. આ ગૃહનું અવમાન બરાબર છે. (અંતરાય) આપે જે નિર્ણય આપ્યો છે તેના વિરોધમાં આ પ્રદર્શન કરે છે, એટલે આ પ્રમાણેની કાર્યવાહી ચાલી જ ન શકે અને વિપક્ષના જે સભ્યો ગળે ખેસ ધારણ કરીને આ સભાગૃહની અંદર ઉપસ્થિત છે આ તમામ સભ્યો ગૃહનું અવમાન કરે છે, એટલે તેઓને નેઇમ કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી તરફથી ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ – પર હેઠળ નેઇમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હોવાથી હું ગૃહની કાર્યવાહીને અવરોધતા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓને નેઇમ કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (સંસદીય બાબતોના મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આપે નેઇમ કરેલા સભ્યો કે જેઓ આ પ્રદર્શન કરી રહેલ છે, તેઓને ગૃહની આજની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહના આ પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. હું સલામતી અધિકારીઓને આદેશ કરું છું કે તેમને વિનમ્રતાપૂર્વક બહાર લઇ જાઓ. પ્લીઝ. અને ગૃહને વિરામ સુધી મુલતવી રાખું છું.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**ઔચિત્ય ભંગનો મુદ્દો**

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( સંસદીય બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, મારે ખૂબ જ ગંભીર બનાવ અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત વિધાનસભાનું એક ગૌરવ અને પ્રણાલિકા સમગ્ર દેશમાં વિધાનસભાની પ્રણાલિકાઓમાં અનુસરણ કરવું પડે તેવી ઉચ્ચ પ્રણાલિકાઓ આ વિધાનસભાએ જાળવી છે. ત્યારે ગયા શુક્રવારે ૨૩મી તારીખે અને બાકીના આગલા દિવસોમાં વિપક્ષ, આદરણીય કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા આ વિધાનસભાગૃહ ન ચાલે તેના માટે પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન કોઇને કોઇ પ્રકારના અવરોધો ઊભા કરીને આ વિધાનસભાગૃહને પોતાના કબજામાં લેવા માટે સતત પ્રયાસ થઇ રહ્યો છે. આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓનો અધિકાર છે કે પોતાના મત અને મંતવ્યો રજૂ કરી શકે. ટ્રેઝરી બેંચ તરફથી સતત તેમને શાંતિથી સાંભળવાના પ્રયાસો થાય છે. તેમના પ્રશ્નો રજૂ કરવા માટે આપના તરફથી તક આપવામાં આવે છે. તેમના અવરોધો બંધ થાય તેના માટે આપના તરફથી સૂચનાઓ આપવામાં આવે છે. આ વિધાનસભાના નિયમો અને પ્રણાલિકાઓ એક વખત માનનીય અધ્યક્ષશ્રી કોઇ સૂચના આપે, કોઇ નિર્ણય કરે તો તેના પર કોઇ ચર્ચાઓ નથી થતી. કોઇ વાદ વિવાદ નથી થતો. તે સ્વીકારીને ગૃહની આગળની કાર્યવાહી ચાલે છે. પરંતુ ગયા અઠવાડિયે આ ગૃહને બાનમાં લેવા જયારે વિપક્ષે કોંગ્રેસના આગેવાનોએ પ્રયત્ન કર્યો ત્યારે આ ગૃહના વિપક્ષના સભ્યોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવા માટેનો પ્રસ્તાવ માનનીય સંસદીય મંત્રી પ્રદિપસિંહ લાવ્યા. નિયમાનુસાર આપે હાઉસમાં મત ઉપર આ પ્રસ્તાવ મૂકયો. હાઉસમાં મંજૂર થયો. ત્યારબાદ સ્વેચ્છાએ હાઉસ છોડીને જતા રહેવું જોઇએ. આપના નિયમો પ્રમાણે જયારે કોઇ સભ્યને સસ્પેન્ડ કરવામાં આવે ત્યારે માનનીય અધ્યક્ષશ્રીની હકુમત એટલે સમગ્ર વિધાનસભાનું બિલ્ડીંગ અને તેમાં ચાલતી કાર્યવાહીને ગણવામાં આવે છે. ત્યારે હાઉસની પ્રિમાઇસીસ છોડી દેવી જોઇએ.તે હાઉસની પ્રિમાઇસીસ છોડવાને બદલે એન્ટ્રી પોઇન્ટ ઉપર મોક વિધાનસભા બોલાવીને તેમાં જે ચર્ચાઓ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, સત્તાધારીપક્ષ, વિપક્ષ, મંત્રીઓ તેમની આલોચના થાય લોકશાહીમાં તેમાં કોઇ વાંધો ન હોઇ શકે. પરંતુ મારો મુદ્દો છે કે અધ્યક્ષશ્રીનો આદર કાયમ માટે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને પણ બધાએ કરવો જોઇએ. તે આદર કરવાના બદલે અધ્યક્ષશ્રીનું મ્હોરું પહેરીને જે રીતે મોક કોર્ટ ચલાવવામાં આવે, મોક કોર્ટ ચલાવવામાં આવે એટલું જ નહીં અધ્યક્ષશ્રીના મોંઢે એવા અશોભનીય શબ્દો મૂકવામાં આવ્યા. સામાન્ય રીતે લોકશાહીમાં કે જાહેરમાં તેવા શબ્દોનો ઉપયોગ કરવો, મને તો મારા રાજકીય સંસ્કાર જે રીતે મળ્યા છે તેના કારણે હું એ શબ્દો નહીં બોલી શકું. પરંતુ તે લોકો તેમના સંસ્કાર પ્રમાણે જે બોલ્યા છે અને આજે પણ તેમના સંસ્કાર પ્રમાણે ગળામાં પટ્ટાઓ નાંખીને જે શબ્દો કે કે જે પટ્ટા પોતાના ઘેર લઇ જતાં પણ સંકોચ પામે સંસ્કારી પરિવારમાં એવા શબ્દોના ઉલ્લેખો સાથે જે રીતે સતત હાઉસને બાનમાં રાખવા માટે પ્રયત્ન કરી રહયા છે એવા સમયે આપનું જે રીતે દ્રશ્ય એમણે પબ્લીક સમક્ષ બતાવવા પ્રયત્ન કર્યો છે એ પ્રયત્ન ખૂબ વાંધાજનક છે આપનો મુખવટો બનાવવાનો અને આપના મુખવટા સાથે જે ચર્ચાઓ કરવા દેવાની, અભદ્ર શબ્દો એમના મુખે બોલાવવા એ માત્ર સ્પીકરશ્રીનું જ અવમાન નથી, આ સમગ્ર હાઉસનું માર્ગદર્શન કરતા, વર્ષોની પ્રણાલિકા, લોકશાહીની પરંપરાની અવગણના છે એટલે આ સમગ્ર બાબતમાં કાર્યવાહી કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી વાત ન માને, પરંતુ મારે થોડા સમય પહેલાં આ દેશમાં લોકશાહી અને લોકશાહીનું ગૌરવ જળવાય એટલા માટે દેશના સંસદીય મંત્રીશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ વગેરેની એક મિટિંગ મળેલી અને આ મિટિંગમાં આ લોકશાહીના પવિત્ર મંદિરની જાળવણી માટે એમના જ નેતા, રાષ્ટ્રીય નેતા આદરણીય સોનિયા ગાંધીએ કહેલા શબ્દો આ હાઉસ મારફત મારે વિપક્ષના નેતાઓને યાદ કરાવવા છે. અખિલ ભારતીય પરિષદમાં ભાગ લેતાં આદરણીય સોનિયા ગાંધીએ કહેલું કે– "Democracy is the single most important achievement of independence India. India – a political miracle. We are among few countries who have translated independence in our country into the freedom for our people. Parliament is the symbol of miracle, Parliament is the ultimate guarantor of continuation and the strengthening of our democracy."

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની લોકશાહીને, આ દેશની પ્રણાલિકાઓને જાળવવા માટે ઉચ્ચ કક્ષાથી આદર્શોની વાત થાય, ત્યારે નીચે આ લોકશાહીનું ગળું ટૂંપવા માટે સતત અવરોધક પ્રયાસ થાય, જયારે હાઉસમાં તો આ થાય જ પણ હાઉસમાંથી બહાર નીકળ્યા પછી સતત હાઉસના આ પ્રીમાઇસીસમાં સૂત્રોચ્ચાર કરતા નીકળવું અને સમાંતર વિધાનસભા ભરીને અધ્યક્ષશ્રીને હલકા ચીતરવા માટેનો જે પ્રયાસ થયો છે, એની ગંભીરતા લઇને એમની સામે ઔચિત્યભંગની કાર્યવાહી કરવામાં આવે એવી આપશ્રીને મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી, દિલીપભાઇ સંઘાણી દ્વારા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવામાં આવ્યો છે, એ પોઇન્ટ ઓફ ઓર્ડર ખૂબ જ ગંભીર હોઇ, આપણને બધાને ગુજરાતનું ગૌરવ હોવું જોઇએ કે, દુનિયામાં લોકશાહીની શરૂઆત ગુજરાતથી થઇ હતી. વળી, ગુજરાત માટે ગૌરવ એ હતું કે, સ્વર્ગસ્થ શ્રી વિઠ્ઠલભાઇ પટેલ અને સ્વર્ગસ્થ શ્રી દાદા માવલંકર કે જે દેશની લોકશાહીના પિતામહ જેવા છે, અને જે ગુજરાતના હતા, આપણા માટે આદરણીય વ્યક્તિ હતા, એટલે ગુજરાતના લોકપ્રતિનિધિ માટે આજીવન એક સંકલ્પ રહેશે કે, લોકશાહીની સંસ્થાને જાણ્યે–અજાણ્યે કયાંય પણ ખંડિત ન કરીએ. એની શોભા, આભા, એનું ગૌરવ જાળવીએ, સંસ્થા એ આપણું વિધાનસભા ગૃહ છે , વિધાનસભામાં મતમતાંતર હોઇ શકે છે, પરંતુ આ રીતનું એક બાજું વિધાનસભા ચાલતી હોય અને ગૃહ જયારે ચાલુ હોય ત્યારે આ જ પરિસરમાં અન્ય મોક વિધાનસભા યોજવી એ કેટલા અર્થે વાજબી છે? આ એક ગંભીર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થયો છે ત્યારે આ બાબતે હું ભૂતકાળમાં કયારે મોક વિધાનસભાઓ યોજાઇ, વિધાનસભાના નિયમોનુસાર અને પૂર્વ અધ્યક્ષોનું રૂલિંગ જોઇને હું મારો નિર્ણય પછી જાહેર કરીશ અને માનનીય મંત્રીશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું માન્ય રાખું છું.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

ઉકત તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રીઓને આજના દિવસ માટે સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરેલ હોવાથી ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઇ નહીં.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણીના પરિણામ અંગે

અધ્યક્ષશ્રી:હું રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર વિધાનસભાના નીચેના પાંચ પ્રતિનિધિઓને ચૂંટાયેલા જાહેર કરું છું.

(૧) શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઇ દોશી
(૨) શ્રી ગોવિંદભાઇ માધવલાલ પ્રજાપતિ
(૩) શ્રી દુષ્યંતભાઇ રજનીકાંત પટેલ
(૪) શ્રી કુંવરજીભાઇ નરસિંહભાઇ હળપતિ
(૫) શ્રી શૈલેષભાઇ મનહરભાઇ પરમાર.

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

## સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૨મી ગુજરાત વિધાનસભાની સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો પાંચમો અહેવાલ સભાગૃહ સમક્ષ મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (૧૧મો દિવસ)

### સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

### માગણી ક્રમાંક ૯૨

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭,૮૪,૭૬,૩૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૩,૪૭,૨૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯૨ રજૂ કરવાની રજા લઉં છું.

**માગણી ક્રમાંક ૯૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાં ૯૨ પરની કાપ દરખાસ્ત**

**કાપ દરખાસ્ત રજૂ કરનાર પ્રભારી સભ્યશ્રીઓને આજના દિવસની સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કર્યા હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઇ શકી નથી.**

### માગણી ક્રમાંક ૯૫

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોનું કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૩૨,૫૨,૬૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૭૬,૦૭,૫૬,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯૫ રજૂ કરવાની રજા લઉં છું.

**માગણી ક્રમાંક ૯૫ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત રજૂ કરનાર પ્રભારી સભ્યશ્રીઓને આજના દિવસની સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કર્યા હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઇ શકી નથી.**

### રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

### માગણી ક્રમાંક ૯૮

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની મહેસૂલી

તા.૨૬મી માર્ચ, ૨૦૧૨
માગણીઓ પર ચર્ચા અને મતદાન (૧૧મો દિવસ)

ખર્ચ માટેની રૂપિયા ૨,૨૭,૪૧,૨૭,૦૦૦/–ની માગણી ક્રમાંક ૯૮ રજૂ કરવાની રજા લઉં છું

**માગણી ક્રમાંક ૯૮ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત રજૂ કરનાર પ્રભારી સભ્યશ્રીઓને આજના દિવસની સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કર્યા હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઇ શકી નથી.**

**સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી સોમવાર, તા. ૨૬–૩–૨૦૧૨ (અગિયારમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં. ૯૨** | | |
| ૧. * | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૦૩–પછાત... કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૧,૯૪,૫૮,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૧૦ થી ૧૪ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓની રજૂઆતો/ફરિયાદોનો યોગ્ય નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨.* | —"— | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને પ્રમાણપત્રો મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩.* | —"— | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની જુદી જુદી યોજનાઓ માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪.* | —"— | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટેની યોજનાઓ થકી લાભાર્થીઓને મળવાપાત્ર લાભ અપાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૫.* | —"— | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટેની યોજનાઓની કામગીરીને સંગીન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬.* | —"— | ૧૦૦ | એક જ જગ્યાએ લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓને અન્યત્ર મૂકવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૭.* | —"— | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટેની મુખ્ય કચેરી તથા જિલ્લા કક્ષાની કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૮.* | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૦૩–પછાત... કલ્યાણ<br>૧૦૨–આર્થિક વિકાસ<br>રૂ. ૧૦,૮૧,૪૦,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૧૫ થી ૨૩ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પછાત વર્ગના ઉદ્યોગ સાહસિકોને નાપાકીય સહાયની વધુ રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૯.* | —"— | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉદ્યોગ સાહસિકોને અપાતી સહાયની વિગતો પ્રસિધ્ધ કરવામાં | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા. | |
| ૧૦.* | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૦૩–પછાત... કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>રૂ. ૩,૮૭,૮૩,૬૦,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૨૬ થી ૪૮ | ૧૦૦ | પછાત વર્ગના વિદ્યોર્થીઓ માટેની પુસ્તક બેંકોના વિકાસ અને નિભાવ માટે રકમની ફાળવણી તેમજ પુસ્તક બેંકને ફાળવેલ સ્થળ અંગેની જાપકારી પ્રસિઘ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૧.* | — " — | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધો. ૧ થી ૪ માં ભણતા વિદ્યોર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨.* | — " — | ૧૦૦ | લઘુમતિ વિદ્યોર્થીઓને ગૃણવત્તાક્રમ સંશોધન માટે ભારત સરકારની મળતી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૩.* | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિમુકત... કલ્યાણ<br>રૂ. ૩૭,૩૮,૮૪,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૫૮ થી ૭૧ | ૧૦૦ | ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને મફત પાઠ્યપુસ્તકો અને કપડા આપવામાં થતા વ્યાપક વિલંબથી અભ્યાસ ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૪.* | ૨૨૩૫–સમાજ... કલ્યાણ<br>૦૨– સમાજ કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૪,૧૧,૩૬,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૭૫ થી ૭૭ | ૧૦૦ | અપંગ અને અશકત સરકારી કર્મચારીઓને થતી કનડગત નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૫.* | — " — | ૧૦૦ | નિયામક કચેરી અને તાબાની કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૬.* | —"— | ૧૦૦ | નારી ગૃહોમાં નારીની સલામતી માટે પૂરતી કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૭.* | — " — | ૧૦૦ | ફરિયાદોનો યોગ્ય રીતે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૮.* | — " — | ૧૦૦ | અંધશાળા–બહેરા મુંગાની શાળાઓ ને પૂરતી અને સમયસર નાણાકીય ફાળવણી કરી પૂરતા લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૯.* | — " — | ૧૦૦ | વૃઘ્ધાશ્રમોમાં વૃઘ્ધોની પૂરતી કાળજી રખાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૦.* | — "— | ૧૦૦ | કચેરીમાં કામની યોગ્ય વહેંચણી કરી અરજીઓનો સત્વરે નિકાલ થાય તેવું સંગીન આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૧.* | — " — | ૧૦૦ | વિકલાંગોને પ્રમાપત્રો / જરૂરી સહાય સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૨.* | ૨૨૩૫– સમાજ... કલ્યાણ<br>૦૨– સમાજ કલ્યાણ | ૧૦૦ | બાળ ગુનેગારોને સમાજમાં પુનઃ સ્થાપન કરી ગુન્હાખોરીથી બચાવે તેવું | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૨–બાળ કલ્યાણ<br>રૂ. ૧૮,૭૮,૧૯,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૯૦ થી ૯૫ | | આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૩.* | ૨૨૩૫– સમાજ... કલ્યાણ<br>૦૨– સમાજ કલ્યાણ<br>૧૦૨–અન્ય કાર્યક્રમ<br>રૂ. ૧,૪૦,૨૯,૩૩,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૧૦૨ થી ૧૦૫ | ૧૦૦ | અશકત અને વૃધ્ધ વ્યકિતઓને રોકડ સહાય ચૂકવવામાં થતો વિલંબ અને ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૪.* | ૨૨૩૫– સમાજ... કલ્યાણ<br>૦૨– સમાજ કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૪,૪૯,૨૦,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૧)<br>પા.નં. ૧૦૬ થી ૧૦૭ | ૧૦૦ | ભિક્ષા નાબુદી કાર્યક્રમનું સંગીન અમલીકરણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૫.* | — " — | ૧૦૦ | ભિક્ષુકોના પુનઃ સ્થાપન માટે થયેલ કામગીરીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **માગણી નં. ૯૫** | | |
| ૨૬.* | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬–શિક્ષકો... સેવાઓ<br>રૂ. ૪૨,૬૪,૫૧,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૨)<br>પા.નં. ૨૦ | ૧૦૦ | અનુસૂચિત જાતિના બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં તેમજ શિક્ષકોની ઘટ પૂરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૭.* | — " — | ૧૦૦ | અનુસૂચિત જાતિની પ્રાથમિક શાળાઓમાં અનુભવી તાલીમ પામેલા કોમ્પ્યુટર શિક્ષકો નીમવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૮.* | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૮૮,૧૧,૦૦,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૨)<br>પા.નં. ૭૩ થી ૭૪ | ૧૦૦ | ઈન્દીરા આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ઇસમોને પૂરતા આવાસો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૯.* | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૦૧– અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૭,૧૯,૩૧,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૪(ભાગ–૨)<br>પા.નં. ૮૮ થી | ૧૦૦ | સફાળ કામદારોને નોકરીમાં કાયમી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૦.* | — " — | ૧૦૦ | ધારાસભ્યોના પત્રો ઉપર પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૧.* | —"— | ૧૦૦ | સફાઇ કામદારોના પડતર પ્રનો ઉકેલવા તથા કામગીરી દરમ્યાન થતાં મૃત્યુ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**<br>**માગણી નં. ૯૮** | | |
| ૩૨.* | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૮૦– સામાન્ય | ૧૦૦ | ઉત્તમ પુસ્તકોને પુરસ્કાર આપવામાઢ રાખવામાં આવતો ભેદભાવ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૪,૨૫,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૫<br>પા.નં. ૧૩ | | નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૩.* | ૨૨૦૪–ખેલકુદ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧,૬૬,૯૩,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૫<br>પા.નં. ૧૫ થી ૧૬ | ૧૦૦ | રમત ગમતના મેદાનોનો વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૪.* | —"— | ૧૦૦ | રમત ગમત શિબિરોના નામે થતાં બેફામ ખર્ચ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૫.* | — " — | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૬.* | —"— | ૧૦૦ | ખેલ મહાકુંભ પાછળ થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૭.* | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૫–જાહેર ગ્રંથાલયો<br>રૂ. ૨૧,૦૦,૫૬,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૫<br>પા.નં. ૩૭ થી ૪૪ | ૧૦૦ | ગ્રંથાલયોના વિકાસ પાછળ ખર્ચ કરવા છતાં સ્ફાઠના અભાવે યોગ્ય જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૮.* | — " — | ૧૦૦ | ગ્રંથાલયોને કોમ્પ્યુટરાઇઝ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |

*** આ કાપદરખાસ્તના પ્રભારી સભ્યશ્રીઓને સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરેલા હોઇ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી રજૂ થઇ શકી નહીં.**

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ માગણી નંબર ૯૨, ૯૫ અને માગણી નંબર ૯૮ લઇને જ્યારે હાઉસ સમક્ષ ઉપસ્થિત થયા છે ત્યારે એમની માગણીને સમર્થન આપીને હું મારા વિચારો વ્યકત કરવાની રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લા બે ત્રણ વર્ષથી જોઇ રહ્યો છું કે, જયારે જયારે હાઉસમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની માગણીઓ ચર્ચા પર આવે છે ત્યારે કોંગ્રેસી મિત્રો હંમેશા ક્યાંકને ક્યાંક એવો પ્રશ્ન કે સમસ્યા ઉભી કરે છે કે પછી આ માગણી ચર્ચામાં હોય ત્યારે હાઉસનો ત્યાગ કરી જાય છે, કોંગ્રેસની જે ડબલ મહોરાની માનસિકતા છે એક તરફ વારંવાર વંચિતોની, દલિતોની, પીડિતોની, શોષિતોની વાત કરવાની અને બીજી તરફ જ્યારે એ સમાજના કલ્યાણ માટેની યોજનાઓ લઇને ગુજરાતના મુખ્યમંત્રી જ્યારે આ હાઉસમાં આવે છે ત્યારે આ હાઉસનો યેનકેન પ્રકારેણ ત્યાગ કરવો અથવા તો હાઉસમાંથી એ લોકો નીકળી જાય એ પ્રકારના પ્રયત્નો કરીને એમણે પુરવાર કર્યું છે કે ગુજરાતના દલિતો, વંચિતો અને પીડિતો માટે આ કોંગ્રેસી ધારાસભ્યોના હ્રદયમાં કોઇ સ્થાન નથી. આ વિષય નીકળ્યો છે ત્યારે મારે જે વાત કરવી છે કે આજે પણ છેલ્લાં કેટલાક દિવસથી, આજે સવારે મિત્રોને ખબર હતી, ઓર્ડર ઓફ ધ ડે ગઇકાલનો બનેલો હતો અને બધાને ખબર હતી કે આજે અનુસૂચિત જાતિ, જનજાતિના કલ્યાણ માટેની અને યુવાનોના કલ્યાણ માટેની માગણીઓ રજૂ કવાની છે ત્યારે એવો વિષય લઇને ચાલે છે, મારે માનનીય અધ્યક્ષશ્રી એ કહેવું છે કે, ગુજરાતની છબી બગાડવાનો પ્રયત્ન વ્યવસ્થિત રીતે જે થઇ રહ્યો છે એનો આ હાઉસનો દુરૂપયોગ કહી શકાય એ પ્રકારની પદ્ધતિ કોંગ્રેસે અખત્યાર કરી છે, હાઉસની ગરિમા જાળવવાની વાત કરનારાઓ, હાઉસના નીતિ નિયમોનો ભંગ કરનારાઓ, આ હાઉસની પાટલીઓને તોડનારાઓ, માઇક ઉછાળીને ફેંકનારાઓના મોઢે હાઉસની ગરિમાની વાતો ક્યારેય શોભાસ્પદ નથી અને હું તો ત્યાં સુધી કહું છું કે જ્યારે આ ઉસમાં પ્રશ્ન ઉભો કરવામાં આવ્યો છે અને ભા.જ.પ.ની છબી અને જનમાનસમાં વિકૃત રીતે

ચીતરવાના જે રીતે પ્રયત્નો શરૂ થઇ રહ્યા છે ત્યારે મારા મિત્રોને મારે એ યાદ અપાવવું છે કે તમારા ગોત્ર તરફ જુઓ, તમારા કુળ તરફ જુઓ, આમના શાસનમાં આંધ્રપ્રદેશના રાજ્યપાલ, રાજભવન ઐયાશીનો અડ્ડો બની ગયો હતો અને કોંગ્રેસી રાજયપાલે રાજીનામું આપવું પડે એ પ્રકારની પરિસ્થિતિ આ દેશમાં સર્જાઇ હતી. ફક્ત દેશે જ નહિ, આખી દુનિયાએ જોયું હતું કે, રાજભવન જ્યાંથી આ રાજયનો કારભાર થાય એ રાજભવનમાં રાજયનો કારભાર નહિ પણ ઐયાશીનો અડ્ડો શરૂ કરવામાં જો કોઇ સંડોવાયેલું હોય તો એ કોંગ્રેસના મિત્રો સંડોવાયેલા હતા અને પરિસ્થિતિ એ આવી કે રાજભવનનો ઐયાશીનો અડ્ડો સમજનારાઓએ રાજયપાલના પદ પરથી જવું પડ્યું, એ પરિસ્થિતિ કોંગ્રેસના મિત્રોના પરિવારમાંથી આવે છે. મારે બીજી વાત એ કરવી છે કે, જ્યારે આ વિષય વસ્તુનો અહીંયા ઉલ્લેખ થઇ રહ્યો છે ત્યારે કોંગ્રેસશાસિત રાજ્યોમાં મંત્રી મંડળના સભ્યો એવા પ્રકારની બિભત્સ પ્રવૃત્તિઓ સાથે સંકળાયા કે રાજસ્થાનમાં એક એવું ભંવર પેદા થયું, એક એવું ભવંર પેદા થયું કે ભંવરીદેવીના ભંવરમાં રાજસ્થાનની આખી કોંગ્રેસની સરકારે રાજીનામું આપી દેવું પડ્યું. આ દેશના ઇતિહાસમાં કોઇ મહિલાઓ સાથેની ગેરપ્રવૃત્તિ સાથે સંકળાયેલા મંત્રી મંડળની સાથે આખા મંત્રીમંડળે રાજીનામું આપવું પડે એવો કોઇ બનાવ બન્યો હોય તો એ કોંગ્રેસશાસિત રાજ્યોમાં બન્યો છે. આ બે દાખલા મેં એટલા માટે આપ્યા છે કે જ્યારે અહીંયા નીતિને ટાંકવામાં આવે છે, જ્યારે અહીંયા એમના દ્બારા જે સૂત્રોચ્ચારો થાય છે ત્યારે આપણે કહીએ છીએ ઘણીવાર કે શેતાન જ્યારે બાઇબલને ટાંકવા નીકળે છે ત્યારે એનું કોઇ મહત્વ રહેતું નથી. આ પ્રકારની પરિસ્થિતિ થઇ રહી છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે ગુજરાતમાં જે પ્રકારની પ્રવૃત્તિઓ થઇ રહી છે, ગુજરાતમાં ભારતીય જનતા પક્ષના શાસનમાં, દલિતોના, વંચિતોના, શોષિતોના, ગિરિજનોના, વન્યજનોના વિકાસની પ્રવૃત્તિઓ થઇ રહી છે અને આ સરકાર એવી છે કે જે લોકોને અને લોકોની લાગણીઓને સમજે છે, લોકોની મુશ્કેલીઓ સમજે છે, લોકોની સમસ્યાઓ સમજે છે અને લોકોની સમસ્યાઓના નિરાકરણ માટે આ સરકારના પ્રયત્નો છે, આ સરકારને વંચિતોના બેલી કહી શકાય, વંચિતોનો વિકાસ કરનારી સરકાર કહી શકાય, હું ત્યાં સુધી કહીશ કે ગામડામાં બેઠેલા, છેવાડાના ઘરમાં બેઠેલા ગરીબોના આંસુ લુછવાનું કામ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર કરી રહી છે. હું એટલું જ કહીશ ત્યારે કે ગરીબોના આંસુ લુછવાનું કામ જ્યારે આ સરકારે કર્યું છે ત્યારે હું કહીશ કે ના ચહેરો લુછવાની જરૂર છે ના આયનો જોવાની જરૂર છે પણ પોતાનું પ્રતિબિંબ જોવું હોય તો બીજાના આંસુ લુછવાની જરૂર છે.ભારતીય જનતા પાર્ટી બીજાના આંસુ લૂછવાની શરૂઆત કરી રહી છે ત્યારે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી જે લાભો મળ્યાં છે. આ સમાજને મળ્યાં છે, છેવાડાના લોકોને મળ્યાં છે અને હું એટલું કહીશ કે આ સરકારે હંમેશા ગરીબો તરફ જોયું છે. ગામડાંના કિસાનો તરફ જોયું છે, યુવાનો તરફ જોયું છે, મહિલાઓના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ શરૂ કરી છે, મિશન મંગલમ્ ના માધ્યમથી હજારો મહિલાઓના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી છે અને ત્યારે એટલું કહેવાય માનનીય અધ્યક્ષશ્રી, હું હમણાં બે દિવસ પહેલાં એક ચર્ચ પાસેથી પસાર થતો હતો. તેની દિવાલ ઉપર સુંદર શબ્દો લખ્યા હતા. એ શબ્દો એ હતા માનનીય અધ્યક્ષશ્રી, કે

" To extend one hand to help poor people has more value than joining of two hands to pray to God. "

જરૂરતમંદ માણસને મદદ કરવા માટે એક હાથ લંબાવવો વધારે મહત્વનો છે. એ તમે બે હાથથી પૂજા કરો તેના કરતાં તેનું મહત્વ વધારે છે. અને આ સદભાવનાના મિશનમાં મારા મુખ્યમંત્રીએ હાથથી હાથ આપીને ગુજરાતની પ્રજાને કહ્યું કે, આવો જોડાવ મારી સાથે પ્રજાનો સાથ, સૌનો સાથ, સૌનો વિકાસ. આ વાત જયારે ગુજરાતમાં થઇ રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, તેમની જે પ્રવૃત્તિઓ છે આ ગરીબ લોકોના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ છે, વંચિતોના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ છે, ગામડાંના કિસાનો માટેની પ્રવૃત્તિઓ છે, ગામડાંની મહિલાઓ માટેની પ્રવૃત્તિઓ છે અને ત્યારે માનનીય મુખ્યમંત્રીનું આખું જીવન છે

**" કે અપને લિયે જીયે તો કયા જીયે. "**

માનનીય અધ્યક્ષશ્રી, તેમના જીવનનો મંત્ર અપને લિયે જીયે તો જીવવાનો નથી. તેમનો જીવન મંત્ર છે કે ,

**" બૂઝતે દીયે કો જલાને કે લિયે જીયે,**
**ગીરતે હુએ કો ઉઠાને કે લિયે જીયે,**
**અપને લિયે જીયે તો કયા જીયે "**

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એટલા માટે કરવી છે કે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી, મહિલા મિશન મંગલમના માધ્યમથી અનેક પ્રકારની જે પ્રવૃત્તિઓ થઇ રહી છે તેનાથી ગુજરાતના જે ગરીબો છે ખુમારી આવી છે. ગુજરાતનો ગરીબ સમજતો થયો છે. ગુજરાતના દલિતો, વંચિતો, પીડિતો સમજતાં થયા છે કે અમારે ગરીબીને તેમનામાંથી દૂર કરવી હશે તો લડવું પડશે, મકકમતાથી લડવું પડશે. અને ગુજરાતનો નાથ જયારે અમારી સાથે હોય ત્યારે અમારી લડત અધૂરી રહેવાની નથી આ વાત ગુજરાતના ગામડાંના લોકોમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે, ગુજરાતના મુખ્યમંત્રી પ્રજાવત્સલ છે, પ્રજાભિમુખ મુખ્યમંત્રી છે, ભાંગ્યાનો ભેરૂ છે અને અડધી રાતનો હોંકારો છે. આ વાત મારે એટલા માટે કહેવી છે માનનીય અધ્યક્ષશ્રી કે કુંવરબાઇનું મામેરાની યોજના લઇને મુખ્યમંત્રી અને મારા સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી આવ્યાં છે ત્યારે એ રકમમાં બેઘણો વધારો થયો છે. મારે આ વાત એટલા માટે કરવી છે કે, ગામડાંમાં એવી કેટલીય ગરીબ વિધવા માતાઓ છે, કેટલાક ગરીબ મા-બાપ છે, જેની દિકરી પરણવા લાયક છે, જેની દિકરીની ઉંમર થઇ ગઇ છે અને સામે પરણવા લાયક મુરતિયો છે એની સાથે સગપણ થઇ ગયું છે પણ આ મા-બાપને રાતની ઉંઘ આવતી નથી. રાત એની વેરાન જાય છે અને આવા પ્રસંગોમાં કયાંક રાત્રિના તે તેના ઘરવાળાને પૂછે છે કે તમે શાના માટે જાગો છો ? ત્યારે તે કહે છે કે, મારી દિકરી પરણવા જેવડી થઇ ગઇ છે, ઉંમર લાયક થઇ ગઇ છે પણ તેના ખર્ચા માટેની જોગવાઇ નથી. ત્યારે આવી સરકારની યોજનાઓ આવે છે ત્યારે હું તો એમ કહીશ કે આ રાતના જેના ઉજાગરા હતા એવા લોકોની આ અડધી રાતનો હોંકારો આ ગુજરાતના મુખ્યમંત્રી છે. એને આ ગરીબોની વાચા સાંભળી અને પાંચ હજાર જે કુંવરબાઇના મામેરાની યોજના હતી તે સીધી દસ હજાર રૂપિયાની કરવામાં આવી છે. આ બતાવે છે કે પ્રજાવત્સલ મુખ્યમંત્રી કોને કહેવાય, અડધી રાતનો હોંકારો કોને કહેવાય, પ્રજાભિમુખ મુખ્યમંત્રી કોને કહેવાય એનો આ દાખલો છે. મારે વાત એ કરવી છે કે, જિંદગીમાં તમે કેટલાં ખુશ રહો છો એ મહત્વનું નથી

**" જિંદગી મેં આપ કિતના ખુશ હો વો મહત્વ કા નહીં હૈ,**
**લેકિન જિંદગી મેં આપકી વજહ સે કિતને લોગ ખુશ હૈ, વો મહત્વ કા હૈ. "**

અને ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રયત્નોના પરિણામે આજે કરોડો લોકો ખુશ છે અને તે ખુશીનો યશ કોઇને જતો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારને અને તેના મુખ્યમંત્રીને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે અનેક પ્રકારે ગરીબોને ગરીબી સામે લડવાની અનેક પ્રકારની યોજનાઓ આ સરકારે કરી છે. ગરીબોને ગરીબીમાંથી બહાર કાઢવાના પ્રયત્નો અને પ્રચંડ રાજકીય ઇચ્છાશકિત જેને કહી શકાય એવી રાજકીય ઇચ્છાશકિત ગુજરાતના મુખ્યમંત્રીમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે નાના હતા ત્યારે કોંગ્રેસીઓ પ્રચાર કરતા હતા. એમના એક નેતાનું નામ લઇને. એ એમનું સૂત્ર હતું એટલે મારે કહેવામાં કોઇ વાંધો નથી. ''ઇન્દિરા ગાંધી આયેગી, નયી રોશની લાયેગી. કોંગ્રેસ લાઓ, ગરીબી હટાઓ.'' માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી હટાવોનો નારો પોકળ પુરવાર થયો છે. ગરીબીને સાચા અર્થમાં હટાવવા માટેનું અભિયાન અને મહાયજ્ઞ ગુજરાતમાં શરૂ થયો છે. અને એ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એકાદ વિષયની વાત કરીને મારું પ્રવચન પૂરું કરવું છે. ડો. બાબાસાહેબ આંબેડકરના નામે આ સરકારમાં એટલી બધી યોજનાઓ છે. કોંગ્રેસના શાસનમાં જયાં સુધી કોંગ્રેસીઓને તક મળી, ત્યાં સુધી ડો. બાબાસાહેબ આંબેડકરની અવહેલના કરવાના પ્રયત્નો થયા. ડો. બાબાસાહેબ આંબેડકરનું અવમાન કરવાના પ્રયત્નો થયા. ડો. બાબાસાહેબ આંબેડકરને રાજયસભામાં, પાર્લામેન્ટમાં જતા રોકવાના પ્રયત્ન થયા. ડો. બાબાસાહેબ આંબેડકરને રાજયસભામાં જતા રોકવાના પ્રયત્ન થતાં અમે ગૌરવથી કહી શકીએ છીએ કે અમારા પૂર્વ જનસંઘ જે કહી શકાય, એના જે હિન્દુ મહાસભાના તે વખતના

અમારા પ્રમુખે ડો. બાબાસાહેબ આંબેડકરને બંગાળમાંથી તે વખતે રાજયસભામાં મોકલવાનું પુણ્યશાળી કામ કર્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે અનેક પ્રકારની યોજનાઓ ગુજરાતમાં અને દેશમાં ડો. બાબાસાહેબ આંબેડકરના જો કોઇ સાચા વંશજ હોય તો તે ભારતીય જનતા પાર્ટી છે. એના હું દાખલા એટલા માટે આપું છું કે કોંગ્રેસના શાસનમાં જે યોજનાઓ બની, ગાંધી કુટુંબના નામે બની..

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ. આપનો સમય પુરો થયો છે. પ્લીઝ.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આ માગણીઓને સમર્થન આપીને ઉપર મુજબ મારા વિચારો વ્યકત કરું છું.

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સમર્થન એટલા માટે કરું છું કે આ કામ કરવાવાળી સરકાર છે. અને ગરીબોનું હિત વિચારવાવાળી સરકાર છે. મેં ૧૦ વર્ષ પહેલા ગામડામાં ગરીબીને મારી નજરે નિહાળી છે. ગરીબ માણસ ઉપર પહેરવાનું કપડું ના હોય, ફાટેલું તૂટેલું પહેરેલું હોય. ઝૂંપડાની અંદર રહેતો હોય. ઉપર કંઇક તાડપત્રી કે એ ટાઇપનું નાંખ્યું હોય. અને ૪૦, ૫૦ વર્ષ જેટલો સમય નીકળી ગયો હોય, કેટલી પંચવર્ષીય યોજનાઓ પસાર થઇ ગઇ હોય, પરંતુ માણસ જેવા માણસને ઉપર આભ અને નીચે ધરતી હોય. રહેવા માટેનું શેલ્ટર નહોતું. હું પ્રત્યક્ષ રીતે આ કામ સાથે જોડાયેલો છું. વર્ષોથી ભટકતી વિચરતી વિમુકત જાતિ, વાદી, મદારી જાતિ. તેના કામ માટે હું જોડાયેલો છું. આ રાજય સરકારે શું કામ કર્યુ છે અને એના શું પરિણામ આવ્યા છે એની હું વાત કરીશ.

રાધનપુર તાલુકાનું મારું એક નાનકડું ગામ. અને ત્યાં ચોમાસાના સમયમાં હું જયારે મારા ગામ જતો હતો ત્યારે એક આખી વણઝાર ગધેડા ઉપર બેસી અને બીજી જગ્યાએ જતી હતી. રસ્તામાં ગાડીની અંદર પરિવાર સાથે હતો, મારી દીકરીએ કહ્યું પપ્પા શું છે, જરા જોઇએ. મેં ગાડી ત્યાં ઉભી રાખી. પૂછયું કે કયાં જાઓ છો, કોણ છો, તમે કયા ગામના છો? તો એમણે કહ્યું કે અમારું કોઇ ગામ જ નથી. તો મેં કહ્યું તમારું કોઇ, ટપાલ આવતી હશે, કયા ગામનું સરનામું? તમારું કોઇ ભણતું હશે. તો કહે કે અમારું કોઇ ભણ્યું જ નથી. અત્યાર સુધીમાં કોઇ જ. ગામ? ગામ પણ અમારું કોઇ નથી. મેં કહ્યું કે કયા દેશમાં રહો છો? તો કહે કે દેશ શું હોય? માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ૫૦ વર્ષ વીતી ગયા પછીની હું આ વાત કરું છું. આ ગુજરાતની વાત કરું છું. નાનકડું બાળક એ માતાની કૂખમાં તેડેલું હતું. અને ગધેડા ઉપર આખે આખી વણઝાર એ નીકળતી હતી. રાત્રે ઘેર ગયો. વરસાદ ચાલુ થયો. વરસાદ ચાલુ હતો ત્યારે મેં બારી ખુલ્લી હતી, વરસાદનું પાણી ન આવે એટલા માટે કરીને બારી બંધ કરવા ગયો. બારી બંધ કરીને પાછો અંદર આવ્યો ત્યારે મારી દીકરીએ મને ફરી પ્રશ્ન પૂછયો. પપ્પા, તમે તો અમારા માટે બારી બંધ કરી અને વરસાદ નહીં આવે, પણ પેલા ઉપર ખુલ્લું આકાશ અને નીચે ધરતી. એની વચ્ચે રહેવાવાળા એ બિચારા ગરીબો માટે કોણ વ્યવસ્થા કરશે? શું આપણે કંઇ ન કરી શકીએ?ગામમાં એ લોકોને શોધ્યા મળ્યો વાત કરી કે તમે સ્થાયી થઇ શકો? એમણે કહ્યું કે હા, પણ અમને રાખે કોણ? સાપ કાઢી, ડુગ ડુગી વગાડી ભીખ માગી અને જીવવા વાળા લોકો, જેની પાસે જાય તે ધુત્કારતા બધા, એમણે કહ્યું અમારે કોઇનો જન્મ થતો હોય તો પણ ખુલ્લા આકાશ નીચે અને અમારે તો મૃત્યુ થાય તો પણ ખુલ્લા આકાશ નીચે. મારા બાપુજીને મેં વાત કરી, એમણે કહ્યું કે એમને સ્થાયી કરવા માટે આપણે ત્યાં કંઇક વ્યવસ્થા કર ને, અને એમણે પોતાની દસ વીઘા જમીન મારા બાપુજીએ દાનમાં આપી અને કહ્યું કે આને તું એન. એ. કરાવ, એન. એ. કરાવી અને આ દસ વીઘા જમીનની અંદર આ ગરીબ લોકોને તું પ્લોટ આપ, આપ્યા, અને પછી મારે આભાર માનવો પડે રાજયના મુખ્ય મંત્રીશ્રીનો, જેમની પાસે જઇ ને વિનંતી કરી કે સાહેબ આ રીતના આ પરિવારો છે, એના માટે કંઇક કરીએ, એમણે કહ્યું હા, બિલકૂલ, અને તમામ પરિવારો માટે આજે માનનીય મંત્રીશ્રી ફકીરભાઇ વાઘેલા પણ બેઠા છે એમની પાસે પ્રપોઝલ આવી અને ગણતરીના સમયમાં તમામ મકાનો માટે એક એક વ્યકિત માટે

૪૫-૪૫ હજાર રૂપિયા મંજૂર કર્યા, આજે ૨૦૦ પરિવાર આઝાદી મળી ત્યારથી કરીને આટલા વર્ષો સુધી ભટકતા રખડતા હતા એમને સેલ્ટર મળ્યું.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઇ મશરૂ અધ્યક્ષસ્થાને**

આ એક માત્ર શંકરભાઇને ત્યાં એમના ગામમાં વસાહત બની એવું નથી, હું આંકડો આપીશ, કે છેલ્લા દસ વર્ષની અંદર આ નરેન્દ્રભાઇ મોદીની સરકારે આવા ગરીબ જેને રહેવા ઉપર આભ નીચે ધરતી હતી, માનનીય અધ્યક્ષશ્રી, ૫૧૭ જેટલી આવી વસાહતો તેમના માટે બનાવી, ૧.૩૮ લાખ પરિવારોને નવા ઘર છેલ્લા દસ વર્ષની અંદર આ ગરીબોના બેલી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે આપ્યા, હું સમર્થન એટલા માટે આપું છું કે આ ગરીબોનું કામ કરવા વાળી સરકાર છે. દીકરી એક ગામથી બીજા ગામ ભણવા માટે જતી હોય મા-બાપને લાગે સ્કૂલ દૂર હોય, ભણવા કઇ રીતે જશે. સાયકલ આપવા માટેની શરૂઆત કરી. ગરીબ પરિવારની દીકરીને સાયકલ આપવા માટેની શરૂઆત અને કેટલા પ્રમાણની અંદર, ૩.૨ લાખ જેટલા, એટલે ૩ લાખથી પણ વધારે સાયકલો ૫૧.૫૩ રૂપિયાના ખર્ચે બક્ષીપંચ સમાજની દીકરીઓ ભણી ગણી અને આગળ આવી શકે, મુખ્ય ધારાની અંદર આવી શકે એટલા માટે આ ગરીબોના બેલી મુખ્યમંત્રીશ્રીએ ગરીબો માટે આ કામ કર્યુ છે. મકાન સહાયની વાત હોય, અભ્યાસ માટેની વાત હોય, શિષ્ય વૃત્તિ માટેની વાત હોય, બક્ષી પંચ સમાજ કે એસ. સી. એસ. ટી.સમાજ આગળ આવી શકે અને બાકીના લોકોની સાથે મેઇન ધારાની અંદર જોડાઇ શકે એ માટેનો એક મોટો યજ્ઞ આ રાજય સરકારે આદર્યો છે. કોંગ્રેસ પાસે આમાની કોઇ આશા રાખી શકાય એમ નથી. વર્ષોથી બક્ષી પંચ સમાજના નામે રાજનીતિ કરી, બક્ષી પંચ સમાજના ખભા ઉપર બંદૂક રાખી કેટલાય બક્ષી પંચ સમાજના નવલોહીયા યુવાનોને બલી વેદી ઉપર ચડાવી નાખ્યા, ઉશ્કેર્યા, ઉશ્કેરીને મતોની રાજનીતિ કરી, જયાં સુધી એમનો સ્વાર્થ હતો ત્યાં સુધી ચાલ્યુ, અને સ્વાર્થ પતી ગયા પછી શું કર્યુ? જે ૨૭ ટકા બંધારણે અનામત બક્ષી પંચ સમાજને આપેલી હતી, જેની અંદર ઠાકોર સમાજ હોય, કોળી સમાજ હોય, પ્રજાપતિ સમાજ હોય, પંચાલ સમાજ હોય, આહિર સમાજ હોય, નાના નાના સમાજનું આખું બનેલું ગૃહ, જેની ૫૦ ટકા કરતાં વધારે જન સંખ્યા છે, જેને ૨૭ ટકા અનામત બંધારણે આપી હતી એ ૨૭ ટકા અનામતમાંથી ઉત્તર પ્રદેશની ચૂંટણીઓની અંદર મતો મેળવવા માટે થઇને સાડા ચાર ટકાની અનામત કાપી નાખી. અને એ પણ કેવા સંજોગોની અંદર? જયારે આ બક્ષીપંચ સમાજના દીકરા દીકરીઓ આ રાજય સરકારની મહેનતથી ભણી ગણી અને તૈયાર થયા, જે એન્જિનિયર થઇ શકે ડોકટર થઇ શકે, સારા સારા ફેકલ્ટીની અંદર પોતે પ્રવેશ મેળવી શકે તેવા સંજોગોમાં આ કરી અને સાડા ચાર ટકાની અનામત લઇ લીધી. તેવા સંજોગોની અંદર આ (xxxxx) કરીને ૪.૫ અનામત લઇ લીધી છે. બક્ષીપંચ વિરોધી કોંગ્રેસ, અહીંયા અત્યારે હાલ દેખાવો સામે બેસીને કરતાં હોય છે એમના શરીર ઉપર એવા કાળા કપડાં અને એવા સારા સ્લોગન જ સારા લાગે, તેઓ જેવા છે તેવા દેખાતા હતા. અમે સત્યના રસ્તા ઉપર ચાલવાવાળા લોકો છીએ, અમને અમારા પૂર્વજોએ અમારા સંસ્કાર અપ્યા છે. હું નાથા ગોધાના વંશજોનો દીકરો છું વ્યકિતગત તોર ઉપર કહી શકું કે સત્ય માટે જેટલા જેટલા આક્ષેપો કરે, જેટલી જેટલી હેરાન પરેશાની કરે પરંતુ મને ઇશ્વર ઉપર પૂરી શ્રદ્ધા છે કે લડાઇની અંદર ઇશ્વર મારી સાથે છે અને મારી સાથે છે ત્યારે સંપૂર્ણ શ્રદ્ધા સાથે કહું છે જેમણે જેમણે આ (xxxxx) કર્યા છે એ (xxxxx)પ્રજાની સામે આવશે અને આજે નહિ તો આવતી કાલે અને મારે એ પણ કહેવુ છે કે જે પ્રમાણે મેં મારું આઇપેડ જમા કરાવ્યું એ પ્રમાણે આ કેમેરો જેમણે રેકોર્ડીગ કર્યું હોય એ પોતાનો કેમેરો નૈતિકતાના આધાર ઉપર શા માટે જમા નથી કરાવતા? સહેજ પણ નૈતિકતા તેમની બચી છે કે નહિ અમે અમારું હતું એ જમા કરાવ્યું અને જયારે આક્ષેપ કરતા હોય એ શા માટે નથી જમા કરાવતા અને કોંગ્રેસ જે જે પ્રકારના (xxxxx) આજથી નહિ પરંતુ જયારથી દસ વર્ષથી નરેન્દ્ર મોદીની સરકાર આવી છે ત્યારથી એક પછી એક (xxxxx) રચીને ગુજરાતને બદનામ કરવા માટે, ગુજરાતનો વિકાસ રોકવા માટે આખી દિલ્હીની સરકાર અને આખી કોંગ્રેસની સરકાર અને પાર્ટી કામે લાગી પડી છે ત્યારે મારે એ વાત કરવી છે કે આ વિકાસનું કામ, પ્રજાના કલ્યાણનું કામ કરવાવાળી સરકાર કામ કરી

રહી છે ત્યારે સામે પક્ષે ગરીબોના વિરોધી (xxxxx) કોંગ્રેસને પ્રજા જવાબ આપશે અને માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું. સાથે સાથે એટલું ચોક્કસ કહીશ કે ''સત્યકો પરેશાન કીયા જાતા હૈ સત્યકો પરાજય નહિ કર શકતે.''

**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી માગણી નંબર ૯૨, ૯૫ અને ૯૮ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

અનુસૂચિત જાતિના જે લોકો છે તેમને આ છેલ્લા દસ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રોજગારલક્ષી, આરોગ્ય આ તમામ ક્ષેત્રે અનુસૂચિત જાતિના લોકોનો વિકાસ થયો છે. શિક્ષણમાં જે બજેટ ફાળવ્યું છે એના કારણે અનુસૂચિત જાતિના જે યુવાનો છે એ શિક્ષણમાં ખૂબ જ આગળ આવ્યા છે અને એમનું જે મેરિટ લિસ્ટ છે એ જનરલ કરતાં પણ ઊંચું આવવાનું ચાલુ થયું છે.

આ દેશના પનોતા પુત્ર એવા ડો. બાબાસાહેબ આંબેડકર કે જેમનો આ દેશનું બંધારણ ઘડવામાં અમૂલ્ય ફાળો છે એવા ડો. બાબાસાહેબ જીવિત હતા ત્યારે આ કોંગ્રેસે એમને માન આપ્યું નથી, એમને હેરાન કરવામાં બાકી રાખ્યું નથી ત્યારે આ દસ વર્ષની અંદર બાબાસાહેબ આંબેડકરના નામથી અને એમના કુટુંબી સભ્યોના નામથી ઘણી યોજનાઓ મૂકી છે અને એનો લાભ આ ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના લોકો લઇ રહ્યા છે. દરેક જિલ્લામાં આંબેડકર ભવન બનાવવામાં આવ્યા છે. અમારા અમદાવાદમાં પણ આંબેડકર ભવન બનાવવામાં આવેલ છે, એમાં લાઇબ્રેરી, ઓડિટોરીયમ આ તમામ સુવિધાઓથી સજ્જ આંબેડકર ભવન બનાવવામાં આવેલ છે, અને હવે દરેક તાલુકે તાલુકે આંબેડકર ભવન બનાવવાની યોજના માનનીય મંત્રીશ્રી ફકીરભાઇ લઇને આવી રહ્યા છે. દલિત, બક્ષી પંચ તથા અન્ય જ્ઞાતિઓ, કચડાયેલા લોકોને સરકારની યોજનાઓનો લાભ આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લા દસ વર્ષમાં આપ્યો છે. કોંગ્રેસ સરકારે ૫૦ વર્ષ રાજ્ય કર્યુ પરંતુ તેના સુધી લાભ પહોંચવા દીધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, જો પહોંચ્યો હોત તો અત્યારે દલિત વિસ્તારમાં પીવાના પાણીની અગવડતા ન હોત. અત્યારે તમામ દલિત વિસ્તારોમાં ઘરે નળ અને ઘરે પાણી મળી રહ્યું છે. આ અનુસૂચિત જાતિના લોકો, કચડાયેલા લોકોને જાગૃત નહીં કરવા, જો જાગૃત થશે તો આપણી સામે અવાજ ઉઠાવશે. આપણને મત નહીં આપે. તેમનો મત બેંક તરીકે જ કોંગ્રેસની સરકારે ઉપયોગ કર્યો છે ત્યારે હવે અનુસૂચિત જાતિના લોકો પણ જાગ્યા છે. આ વિધાનસભામાં અનુસૂચિત જાતિના ૧૩ ધારાસભ્યો ચૂંટાઇને આવતા હોય છે. વિધાનસભામાં અત્યારે ભારતીય જનતા પાર્ટીના ૧૧ ધારાસભ્યો બેઠાં છે અને સામે પક્ષે બે જ ધારાસભ્યો છે એ એનો પુરાવો છે કે અનુસૂચિત જાતિના લોકો હવે જાગૃત થયા છે. આ જે કોંગ્રેસે પાપ કર્યું છે, ગરીબો, દલિતો, અનુસૂચિત જાતિના લોકો, બક્ષીપંચના લોકો, કચડાયેલા લોકો આ લોકોને અત્યાર સુધી લાભોથી વંચિત રાખ્યા છે અને એ પાપ કર્યું છે એ પાપ એમને નડી રહ્યું છે અને હજુ વધુ નડવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પહેલેથી જ ગામડાંઓમાં ફરતા, ગરીબોના ઘેર જતા, તેમણે આ ગરીબી જોઇ છે અને તેનો નિકાલ કેવી રીતે કરવો એ જયારે મુખ્યમંત્રી બન્યા ત્યારથી તેમને તમામ પાસાઓની ખબર છે અને એટલે જ એમણે નવી નવી યોજનાઓ બનાવી અને એ યોજનાઓનો અમલ કર્યો છે અને એ ગરીબો સુધી પહોંચી છે અને એનો એક નમૂનો છે, ગરીબ કલ્યાણ મેળા. ગરીબ કલ્યાણ મેળા એ પહેલાં કોંગ્રેસના શાસનમાં એ તાલુકે-જિલ્લે જાય, એ લાભાર્થી ત્યાં જાય, તેનું બસનું ભાડું, આખો દિવસ ધક્કા ખાવાના, ફોર્મ ન મળે. વચેટીયો વચ્ચે મળે, એ ફોર્મના પૈસા લે. ફોર્મ તો મંજૂર થવાનું હોય ત્યારે થાય, પણ તેના દાખલાના પૈસા માગીને ગરીબ પાસેથી મંજૂર થતાં પહેલાં તો હજાર, બે હજાર, ત્રણ હજાર રૂપિયા લઇ લેતા અને આ વચેટીયાઓની પ્રથા માનનીય મુખ્યમંત્રીશ્રીએ દૂર કરી. ગામડાંમાં અધિકારી જાય, એ લાભાર્થીઓની યાદી જુએ, એ લાભાર્થીને ત્યાં બોલાવીને ફોર્મ ભરાવે અને એને

ધક્કા ખાવાનું બંધ થયું એવા અનુસૂચિત જાતિના લોકોને આ લાભ આપવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રયત્ન કર્યો છે અને એ પ્રયત્ન સફળ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની ગરીબલક્ષી યોજનાઓ એ સુંદર રીતે ચાલી રહી છે ત્યારે કેન્દ્ર સરકારની યોજનાઓ ઘણી છે અને એ યોજનાઓ અહીંના અનુસૂચિત જાતિની વણકરોની યોજના હોય, ચર્મ ઉદ્યોગની યોજના હોય, તેના પ્રોજેક્ટો બનાવીને ત્યાં મોકલવામાં આવે છે, પણ એ ગુજરાતના પ્રોજેક્ટો છે માટે મંજૂર કરવામાં આવતા નથી અને મહારાષ્ટ્ર હોય, આંધ્રપ્રદેશ હોય, તેના પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવે છે. અહીંના અનુસૂચિત જાતિના લોકોના પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવતા નથી અને એમ ગુજરાતના અનુસૂચિત જાતિના લોકોને અન્યાય કરવામાં આવે છે. એવા ઘણાં પ્રોજેક્ટો અત્યારે ત્યાં પેન્ડીંગ પડયા છે. ગુજરાતમાં આ વચેટિયાપ્રથા નાબૂદ કરી, જયારે કેન્દ્રમાં વચેટિયા પ્રથા છે. તમે દિલ્હી જાવ, તો તમને તરત જ મળશે. તમારે પ્રોજેક્ટ મંજૂર કરાવવો હોય તો આટલા પૈસા આપવા પડશે અને બાકીના અમારે ઉપર પણ મંત્રી સુધી સેટીંગ કરવાનું હોય છે એટલે આટલા પૈસા આપો તો તમારો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવશે.

સભાપતિશ્રી: કાંતિભાઇ પૂરું કરો.

શ્રી કાંતિલાલ રા. લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્ર સરકારમાં અધિકારીઓ પણ એમ કહે છે કે તમારા ગુજરાતને ખૂબ અન્યાય થઇ રહ્યો છે. જે મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્ર જે નાણાં કેન્દ્રના લઇ જાય છે એ ગુજરાતમાં મળતા નથી અને અમને ઉપરથી સૂચના છે. માણસાની સીટનું જે રીઝલ્ટ આવ્યું...

સભાપતિશ્રી: પ્લીઝ, કાંતિભાઇ. માનનીય લાલજીભાઇ..

**શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી (જામનગર-ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી માનનીય શ્રી ફકીરભાઇ વાઘેલા સાહેબ દલિતોના કલ્યાણની યોજના લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતના શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે-

મળી મા ભોમની મુકિત, છતાં તકરાર બાકી છે.
ગરીબોને ગરીબીની વણઝાર બાકી છે.

અને એટલે જ ડો. બાબાસાહેબ આંબેડકર, ભારતીય બંધારણના પ્રમુખ ઘડવૈયાએ એ વખતે કહ્યું હતું, એમના પુસ્તકમાં લખ્યું છે, એમણે કહ્યું છે કે રાજકીય આઝાદી મેળવી છે પરંતુ જયાં સુધી સામાજિક અને આર્થિક આઝાદી નહીં મળે ત્યાં સુધી રાજકીય આઝાદીનો કોઇ અર્થ નથી. અને એટલા માટે જ છેલ્લા દસ વર્ષમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ અને વિમુક્ત જાતિ માટેની અનેક યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકાર લઇને આવી છે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા છે, ગુજરાતના સામાજિક મંત્રીશ્રી ફકીરભાઇ વાઘેલા લઇને આવ્યા છે, તેને ગૌરવપૂર્વક વધાવું છું. મારે ટૂંકા શબ્દોમાં કહેવું હોય તો અનુસૂચિત વિભાગોમાં શૈક્ષણિક, આર્થિક, સામાજિક, આરોગ્ય, વસવાટ અને અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. એમાં પણ મહત્વની વાત કરીએ તો દલિત સમાજના દિકરાઓ વિદેશ જાય અને અભ્યાસ કરે એ પ્રમાણેની કલ્પના પણ દલિત સમાજ માટે અઘરી હોય. છેલ્લા દસ વર્ષમાં દલિત સમાજના દિકરાઓ વિદેશ જાય અને દસ લાખ રૂપિયાની લોન સરકાર આપે અને ૫૨૨ વિદ્યાર્થીઓ આ લોન લઇને વિદેશ અભ્યાસનું સ્વપ્ન સાકાર કરે છે. મારે એથી વિશેષ હર્ષભેર વાત એ કરવી છે કે, વિદેશ અભ્યાસ કરવા માટેની વાત કરતા હોઇએ ત્યારે મારો દલિત દિકરો હવામાં પ્લેન લઇને ઉડે એ કલ્પના કરવી ખૂબ જ દોહ્યલી હોય છે. છેલ્લા દસ વર્ષમાં તબક્કાવાર વીસ લાખ રૂપિયાની લોન લઇને અત્યાર સુધીમાં ૪૦ દલિતોના દિકરા દિકરીઓ કોમર્શિયલ ટ્રેનિંગ લઇને હાથમાં પોતાના પ્લેન લઇને હવામાં ઉડી રહ્યા છે. દલિતોના ઘરે ભારતીય જનતા પાર્ટીની સરકાર વહી રહી છે. આ રીતે અનેક તબક્કે કામ કરતી હોય ત્યારે બાળકોને નાનપણથી પ્રોત્સાહિત કરવા તેઓ જ્યારે ધોરણ ૧૦-૧૨માં અભ્યાસ કરતા હોય ત્યારે પોતાના વિષયમાં વધુ પ્રોત્સાહન મળે અને સ્વીકૃતિ મળે અને એજ્યુકેશન મળે અને મેડિકલ અને એન્જિનિયરીંગમાં પ્રવેશ મળે તે માટે ધોરણ ૧૧માં રૂ.૧૨૫૦૦/- અને ધોરણ ૧૨માં પણ રૂ.૧૨૫૦૦/- ની સહાય આ વિદ્યાર્થીઓ સારા ટકે પાસ થાય તે માટે કરવામાં આવે છે. આવી અનેક યોજનાઓ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધીની સહાયની સરકારની યોજનાઓની વાત કરતા હોઇએ ત્યારે હું એમ કહું કે, આ દરિદ્રનારાયણની સરકાર છે, આ દરિદ્રનારાયણની સરકાર હોય ત્યારે મારે એ કહેવું પડે કે, દરિદ્રનારાયણની સેવા કરવી એ જ પ્રભુ સેવા છે.(સમય સૂચક ઘંટડી) મને બે મિનિટ આપવામાં આવે તેવી વિનંતી છે. આપણે ત્યાં ભારતમાં વિશ્વ વિભૂતિ વિવેકાનંદ થઇ ગયા. એમણે પોતાનો પહેલો શબ્દ પ્રયોગ એ કર્યો હતો કે, દરિદ્રનારાયણની સેવા એ જ પ્રભુ સેવા છે અને વિશ્વ ફલક ઉપર વિવેકાનંદ એટલે નરેન્દ્ર એ આખા ભારતીય સમાજ, સંસ્કૃતિ અને સંસ્કાર તરીકે ઉભરી આવ્યા અને વિશ્વનું સન્માન વધાર્યું તેનાથી આ સન્માનનીય ગૃહમાં ગૌરવ અનુભવું છું. ફરીથી આ દેશમાં અને ગુજરાતમાં ફરીથી એક નરેન્દ્ર માનવ તરીકે જન્મ લઇને ગુજરાત અને રાષ્ટ્રના વિકાસની કાયાપલટ કરવા આવ્યા છે અને એટલે જ ભારતીય જનતા પાર્ટીની સરકાર અનેક યોજનાઓ લઇને આવી છે ત્યારે હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમને સમર્થન આપું છું અને વધાવું છું.

**શ્રીમતી ગીતાબેન ચો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમને હું મારું અનુમોદન અને સમર્થન આપવા માટે ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમત રમો અને સુખી રહો. આ વાત મને એટલા માટે યાદ આવી કે, આ વર્ષને આપણે વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતી તરીકે ઉજવી રહ્યા છીએ. વિવેકાનંદે કહ્યું છે કે, જો લોખંડી સ્નાયુ તૈયાર હશે તો જ તમારું શરીર સારું હશે અને તે પ્રમાણે મન અને વૈચારિક ક્રાંતિનું સર્જન થશે. માટે તમે ફૂટબોલના મેદાનો ઊભા કરો જેથી તમારા સ્નાયુઓ મજબૂત બનશે, શ્રદ્ધાના મંદિરો ઉભો થશે. પણ ફૂટબોલ મંદિરોના ભોગે નહીં. રમત–ગમતના મેદાન ક્ષેત્રે તેમણે ઉદ્‍બોધન કરેલ હતું. માનનીય અધ્યક્ષશ્રી, શારીરિક શ્રમ, કસરત અને મનના ખોરાક માટેનું વાંચન એક સંપૂર્ણ મનુષ્યનું સર્જન કરવા માટે ઉપયોગી બને છે. માટે ભાર વગરનું ભણતર ઉભું કરીને આપણે બાળકો માટે રમતના માર્ગો ખુલ્લા કરવા જરૂરી છે અને એના જ માટે જે વિવેકાનંદજીની વિચારધારા સાથે આ રાજયનો વિકાસ કરી રહ્યા છે એવા નર + ઇશ્વર = નરેન્દ્ર અને આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજયના વિકાસ માટે અને બાળકોને રમાડવા માટે ખેલ મહાકુંભનું આયોજન કર્યુ. સાંસ્કૃતિક ગુજરાતના નિર્માણ માટે અનેકવિધ કાર્યક્રમો રાજયના વહીવટથી ઉપર ઉઠીને આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યા છે. સમગ્ર માનવસમુદાયને આ વિષય ઉપર વિચારવંતુ કર્યુ છે. જેમ કે નિર્મળ ગુજરાત, હરિયાળું ગુજરાત, નિરોગી ગુજરાત, સ્વચ્છ ગુજરાત, વાંચે ગુજરાત, વાવે ગુજરાત અને ખેલે ગુજરાત. આના લીધે ગુજરાત ગાતુ થયું છે. ખેલે ખેલ ખેલૈયા અને વંદે ગુજરત. આ વંદે ગુજરાતના નિર્માણમાં સૌ સાથે મળીને કામમાં લાગીએ. નકારાત્મક અભિગમ નહીં, રચનાત્મક અભિગમથી ગુજરાતને વિકાસની કેડીએ કંડારીએ. ગુજરાત રાજયની સ્થાપના પછી છેલ્લા દસ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ ગુજરાત રાજય દરેક દિશામાં આગળ વધવા માટે કટિબદ્ધ બન્યું છે અને આના ભાગરૂપે રાજયમાં રમતગમતની પ્રવૃત્તિઓ પણ વિકસે તેમજ તે ક્ષેત્રમાં પણ ગુજરાતનું નામ મોખરાના સ્થાને પહોંચે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. તેના એક ભાગરૂપે છેલ્લા બે વર્ષથી ગુજરાતના સર્વ વર્ગના સૌ લોકો માટે ખેલ મહાકુંભની યોજનાનો આરંભ થયો છે. આ માનવંતા સભાગૃહના ધ્યાન પર મુકતાં મને આનંદ થાય છે કે આ ખેલ મહાકુંભનો શુભારંભ ૨૦૧૦માં ગુજરાત રાજયના સ્વર્ણિમ જયંતિના ઉજવણીના ભાગરૂપે થયો હતો. રાજયના ૫૦ વર્ષ પુરાં થાય ત્યારે ગુજરાતની પ્રજાને કોઇક યાદગાર ભેટ તો ધરવી જ જોઇએ અને તેમ સમજીને રાજય સરકારે ગુજરાતમાં ખેલકુદનું વાતાવરણ ઉભું થાય, ગુજરાતમાં શરીર સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આવે અને લોકો એક જ ઘરેડમાંથી જીવવાનું પડતું મૂકીને રમતગમતની પ્રવૃત્તિમાં પણ જોડાય અને સિદ્ધી પ્રાપ્ત કરે તેવા ઉમદા ધ્યેયથી આ આયોજન હાથ ધરાયું છે. આ બેનમૂન આયોજન દ્વારા રમતગમતની પ્રવૃત્તિ ગુજરાતના ગામડે ગામડે પહોંચી છે. અને લોકોએ આ પ્રવૃત્તિને સ્પર્ધાત્મકરૂપે જોતા ખેલમહાકુંભને હ્રદયપૂર્વક પોંખ્યો છે તેનો પૂરાવો છે કે ૨૦૧૧ના વર્ષમાં અંદાજે ૧૭ લાખ ૬૨ હજાર જેટલા ખેલાડીઓએ આ ખેલમહાકુંભમાં ભાગ લીધો હતો વળી સમાજના દરેક સ્તરના તમામ નાગરિકો આમાં જોડાઇ શકે તેવું આયોજન કર્યુ હતું. દરેક રાજય પાસે

પોતાની પરંપરાની ઓળખ હોય છે એ રીતે આ ખેલમહાકુંભનું આયોજન એ ગુજરાત રાજયની ઓળખ બનવાની ક્ષમતા ધારણ કરી રહયું છે ત્યારે એના વિકાસમાં કોઇ અવરોધ ઉભો ન થાય તે આપણે સૌએ જોવું જોઇએ. રાજય સરકાર દ્વારા જયારે કોઇપણ ક્ષેત્રમાં અપાર

**અધ્યક્ષશ્રીઃ અધ્યક્ષસ્થાને**

વિકાસની વાત કરવામાં આવે ત્યારે ઈર્ષાની નહીં પણ આનંદની લાગણી આપણને સૌને થવી જોઇએ. ત્યારે મારે કવિશ્રી ધ્વનિલ પારેખની એક ગઝલની પંકિત અહીં ટાંકવી છે.

પગમાં પડી રહે તો કોઇ જોતું પણ નથી, લોકો હંમેશાં કાપે છે ઉડતા પતંગને

આ પંકિતમાં સૂચવ્યું છે એમ જયારે સરકાર વિકાસની વાત કરે, ઉંચે ઉઠવાની વાત કરે ત્યારે જ તેને કાપવાની વાત એ ઉચિત નથી. આ માનવંતા સભાગૃહની ગરિમાયુકત પરંપરા એવી છે કે રાજયના વિકાસની પ્રવૃત્તિઓ માટે અહીંથી હંમશા શુભેચ્છા અને પ્રોત્સાહન જ આપવામાં આવ્યા છે એ પરંપરા આપણે આજે પણ ચાલુ રાખીએ.. ખેલમહાકુંભ ૨૦૧૧ નો પ્રકાશ ગુજરાતના ગામડે ગામડે પ્રકાશિત થાય અને દોડે ગુજરાત, તંદૂરસ્ત ગુજરાતના નેમ સાથે તારીખઃ૧૧-૧૧-૧૧ના રોજ ૧૧ કલાક ૧૧ મીનીટ, ૧૧ સેકન્ડે પંચધાતુની મશાલ સાથે આ બેટન રેલીનું પ્રસ્થાન આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે કરવામાં આવેલ. અને આ બેટન રેલી ગુજરાતના તમામ જિલ્લાઓમાં મંત્રીશ્રીઓ સાથે કરવામાં આવેલ હતું. અને આ ખેલ મહાકુંભ દ્વારા ૨૧ લાખ જેટલા ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના આવેદનપત્રો ભરી અને ૧૭.૬૨ લાખ જેટલા ખેલાડીઓએ તેમાં ભાગ લઇ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**''તૂટ ન જાય આશ ગરીબો કી, લોકશાહીના રખેવાળો જાગો, ભ્રષ્ટાચારથી ભરેલી કોંગ્રેસના કરતૂતો જાણો, ગુજરાતના ગૌરવને જાણી ગામે ગામ જાગૃતિની જ્યોત જગાવો અને ભારત માતાની જય બોલાવો.''**

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

### વિધાનસભા પરિસરમાં મોક વિધાનસભા યોજવા બાબત

**અધ્યક્ષશ્રી** : આજ રોજ સભાગૃહના વિરામ બાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર દ્વારા વિરોધ પક્ષના સભ્યો દ્વારા વિધાનસભાની કાર્યવાહીને લોકોની નજરમાં હાસ્યાસ્પદ બનાવવાનો ગંભીર મુદ્દો ઉપસ્થિત કરીને ગૃહના વિશેષાધિકારનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો ત્યારે આ બાબતમાં મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓના નિર્ણયો તેમજ આ બાબતની ગંભીરતા તપાસીને મારો નિર્ણય આપીશ એમ જણાવ્યું હતું.

તા. ૨૩-૩-૨૦૧૨ના રોજ વિરોધ પક્ષના સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા બાદ વિધાનસભા ગૃહની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે વિધાનસભા બિલ્ડીંગના બીજા માળે આવેલ ગૃહના પ્રવેશ નિયંત્રણ કેન્દ્ર સામેની લોબીમાં વિરોધ પક્ષના સભ્યોએ એક મોક વિધાનસભા એટલે કે સમાંતર વિધાનસભાનું આયોજન કર્યું હતું. તે જ સમયે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ બાબતે મારું ધ્યાન દોરીને વિરોધ પક્ષના સભ્યોને ઠપકો આપીને મોક વિધાનસભા બંધ કરવાની રજૂઆત કરી હતી. તેજસમયે મેં આ બાબતને ખૂબ જ ગંભીરતાપૂર્વક લઇને વિરોધ પક્ષના સભ્યોને ઠપકો આપતો મારો નિર્ણય જાહેર કર્યો હતો અને સલામતી અધિકારીઓને મોક વિધાનસભા તાત્કાલિક બંધ કરાવવા આદેશ કર્યો હતો. મોક વિધાનસભા બાબતે ૧૯૮૨, ૨૦૦૫ અને ૨૦૦૯માં ગૃહમાં વિશેષાધિકારનો મુદ્દો ભૂતકાળમાં ઉપસ્થિત થયો હતો. તેજસમયે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આવા મુદ્ધાઓની તપાસ ગૃહની વિશેષાધિકાર સમિતિને સોંપતા નિર્ણયો કર્યા હતા. આપણે સૌ જાણીએ છીએ કે વિધાનસભા ગૃહ પ્રજાના મતોથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પ્રજાના પ્રશ્નોને વાચા આપે છે. સંસદીય લોકશાહીની પ્રક્રિયામાં ચૂંટાયેલા સભ્યોએ પ્રજાના પ્રશ્નોની

રજૂઆત વિધાનસભા ગૃહમાં કરવી જોઇએ. આપણા બંધારણ હેઠળ વિધાનસભાને જે ગૌરવ અને દરજ્જો બક્ષવામાં આવ્યો છે તેનું જતન કરવાનું આપણા લોક પ્રતિનિધિઓનું પ્રથમ કર્તવ્ય છે. લોકશાહીની સર્વોચ્ચ સંસ્થા એવી વિધાનસભાનું ગૌરવ જાળવવામાં ન આવે તો મને લાગે છે કે સંસદીય લોકશાહીના પિતામહ એવા પૂજ્ય દાદાસાહેબ માવલંકરના સેવેલ સ્વપ્નથી આપણે સૌ દૂર જઇ રહ્યા છીએ. વિધાનસભા ગૃહમાં રજૂ થયેલ પ્રશ્નો પરત્વે ભિન્ન અભિપ્રાય હોઇ શકે, કોઇ પણ મુદ્દાની ચર્ચા ગૃહના, વિધાનસભાના નિયમાનુસાર થઇ શકે. નિયમો હેઠળ ગૃહમાં ચર્ચા થઇ શકે. નિયમો હેઠળ ચર્ચા કરવાની મર્યાદાનું પાલન કરવા આપણે સૌ બંધાયેલા છીએ. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વિરોધ પક્ષના સભ્યો દ્વારા ગૃહની કાર્યવાહીને સતત અવરોધીને કાર્યવાહી ચાલવા જ નહીં દેવાની મનોવૃત્તિ કોઇપણ રીતે યોગ્ય નથી. ગૃહમાંથી સસ્પેન્ડ થયા બાદ મોક વિધાનસભાનું આયોજન કરીને વિધાનસભાની ગરિમાને લોકોની નજરમાંથી નીચે ઉતારીને ગૃહમાં ચાલી રહેલી કાર્યવાહી હાસ્યાસ્પદ બનાવવાની માનસિકતા કોઇપણ રીતે યોગ્ય નથી એમ મને લાગે છે. ખાસ કરીને મોક વિધાનસભા સંસદીય પ્રણાલિકાના જાણકાર અને આગ્રહી એવા વિરોધ પક્ષના નેતા તેમાં ભાગ લે તે ઘટના ખૂબ જ દુઃખદ છે. વિધાનસભાના ચાલુ સત્ર દરમ્યાન વિરોધ પક્ષના નેતાશ્રીએ તેમના તા. ૧-૩-૨૦૧૨ના પત્રથી ગુજરાત વિધાનસભાની ૫૦ વર્ષની સંસદીય લોકશાહી વધુ કલંકિત ન થાય તે બાબતે મને રજૂઆત કરી હતી. વિરોધ પક્ષના નેતાશ્રીએ કરેલ રજૂઆતનું પાલન કરવાની જવાબદારી ગૃહના તમામ સભ્યોની છે.પરંતુ તા.૨૩/૩/૨૦૧૨ નાં રોજ જ્યારે વિરોધપક્ષના નેતા પોતેજ ગૃહની ગરિમાને ખંડિત કરવાની કાર્યવાહીમાં ભાગ લે ત્યારે મને લાગે છે કે, તેમણે મને તા.૧/૩/૨૦૧૨ નાં રોજ પત્રથી કરેલ રજૂઆતથી પોતે દૂર જઇ રહ્યાં છે. જો કોઇ બહારની વ્યક્તિ કે સંસ્થા દ્વારા વિધાનસભાગૃહ કે તેની કાર્યવાહીને વિકૃત રીતે રજૂ કરવામાં આવે તો તેનાથી બંધારણીય કલમ ૧૯૪ હેઠળ આ સભાગૃહને બક્ષેલ વિશેષાધિકાર ભંગ થાય છે. ગૃહના સભ્યો દ્વારા તા.૨૩/૩ /૨૦૧૨ નાં રોજ વિધાનસભા ગૃહની કાર્યવાહીને હાસ્યાસ્પદ બનાવવાના જે પ્રયત્નો થયા છે, તે હું ખૂબજ ગંભીરતાથી લઉં છું. આ બાબતે મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ કરેલા નિર્ણયની હું પુનરોક્તિ કરું છું. મોક વિધાનસભાનું આયોજન વિધાનસભાના વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોઇ હું વિધાનસભાના નિયમોના નિયમ ૨૬૩ હેઠળ આ બાબતની તપાસ વિશેષાધિકાર સમિતિને અહેવાલ અર્થે સોપું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(૧૧મો દિવસ)

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારું આ સૌભાગ્ય છે કે, ૨૦૧૨ના વર્ષમાં હું ૧૨મી વખત બજેટ રજૂ કરવા જઇ રહ્યો છું અને ત્યારે મારી આ સફળ યાત્રા માટે મને આ સન્માનનીય ગૃહના હંમેશાં આશીર્વાદ રહ્યા છે. મારી લાગણીઓને હું કવિના શબ્દોમાં વ્યકત કરું તો –

**આજ સુધીની સફળતાઓ આપ સૌના નામે કરું છું,**
**આ ગૃહે આપેલ સાથને નમી નમીને સલામ કરું છું.**

માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની માગણીઓ રજૂ કરવાનો છું ત્યારે આ વિભાગના મંત્રી તરીકે મને આજે મારી દરખાસ્ત રજૂ કરવાની તક મળી તેનો વિશેષ આનંદ છે. કારણ કે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની જેમ જેઓને કેવળ કામ કરવું છે, પ્રગતિ કરવી છે, વિકાસ કરવો છે અને ચાલતા રહેવું છે એ સૌને માટે કાયમી પ્રેરણા આપતી પંક્તિઓ છે –

**The woo d s a n d l o v e l y , d a r k a n d d e e p**
**a n d I h a v e pr omi ses t o k e e p**
**a n d mi l es t o go bef or e I sl eep**
**and mi l e s t o go bef or e I sl e e p .**

માનનીય અધ્યક્ષશ્રી, આ પંક્તિના જે રચયિતા છે, માનવીય સંવેદનાના ઊર્મિશીલ કવિશ્રી રોબર્ટ ફ્રોસ્ટ એમની આજે જન્મ જયંતિ છે. આ ઉપરાંત જર્મનીના મહાન કવિ જે. વી. ગેટે કે જેમણે આપણા મહાન કવિ કાલીદાસ રચિત અભિજ્ઞાન શાંકુતલ નાટકનો અનુવાદ વાંચીને એટલા ભાવ વિભોર થઇ ગયેલા કે પુસ્તકને માથા ઉપર મૂકીને નાચ્યા હતા અને એ કવિ ગેટેની આજે પુણ્યતિથિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બંને કવિઓને આપના દ્વારા સ્મરણાંજલિ અર્પણ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણા પુરાણો એમ કહે છે કે જગતમાં સંગીત, નૃત્ય, નાટ્ય અને તમામ કલાઓ ભગવાન શંકરના ડમરુ વાદનમાંથી જન્મેલા ધ્વનિમાંથી પ્રગટ થઇ છે અને એટલે આ જગતમાં જે કાંઇ કલામય છે એ બધું ભોળા ભગવાન શિવજીની પ્રસાદી છે અને આપણે ત્યાં પ્રસાદને પવિત્ર ગણવામાં આવે છે એની અવગણના ના થાય, એનો અસ્વીકાર ના થાય એની કાળજી લેવામાં આવે છે અને એટલે આજે ફરી એકવાર ઇશ્વરના પ્રસાદ જેવી મારા રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. આ વિભાગ ગુજરાતના યુવાનો, કલાકારો અને રમતવીરોને સક્રિય રીતે જોડી અને અનેક ઉંચાઇઓ પ્રાપ્ત કરી છે. આ રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગનું બજેટ ભૂતકાળમાં ૩૦, રૂ.૩૮ થી ૪૦ કરોડનું હતું આજે આ માનવંતા સભાગૃહ સમક્ષ ૨૦૧૨–૧૩ ના વર્ષ માટે જે બજેટ રજૂ કરવા જઇ રહયો છું એ રૂપિયા ૨૮૫ કરોડનું છે. અમારા વિભાગની પ્રવૃત્તિઓમાં પ્રારંભથી પરંપરા સુધીની બાબતો આવે છે અને અહીં પ્રારંભનો અર્થ છે યૌવન. વ્યકિતના ઘડતરનો પ્રારંભ યૌવનમાં પગ મુકવાથી થતો હોય અને અમારા વિભાગ પાસે યુવા પ્રવૃત્તિઓનો પ્રભાગ પણ છે, પુરાતત્વ છે, અભિલેખાગાર પણ છે. મ્યુઝિયમ, ગ્રંથાલય, લલિતકલા, રાજભાષા, સાહિત્યના વિષયો છે. જે આપણી પરંપરાની રખેવાળી કરે છે અને અમારા વિભાગની વિશેષતા હું કવિ કિશોર મોદીની કાવ્ય પંકિતમાં કહું કે, **રોજ ઉઠીને પીછો મારો કર્યો, નુર ત્રાંસા ઢોલ વચ્ચે હું ઉભો. સુર, તાલ, સ્વર અને સંગીત** વચ્ચે અમારો વિભાગ આ ઉભો છે અને એના માટે જે ભાવિ આયોજન કરવામાં આવ્યું છે તે કવિ પ્રથિક પરમારની ગઝલ પંકિતમાં જો કહેવું હોય તો **ભ્રમણાની કાંચળીઓ ફગાવીને ચાલીએ, આંખોમાં ભાવિ સ્વપ્ના સજાવીને ચાલીએ.** આપણે માત્ર ભારતના નહીં પરંતુ વિશ્વ વંદનીય સ્વામી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવવા જઇ રહયા છીએ. સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની આધ્યાત્મિક ઓળખ આપનાર આ મહાપુરુષ આપણા કાયમના પ્રેરણામૂર્તિ રહયા છે અને ખાસ કરીને યુવાનો સમક્ષ સ્વામી વિવેકાનંદજીની વાત પહોંચે એટલા માટે આજે એની તાતી જરૂરિયાત છે. ભૂતકાળની અંદર પશ્ચિમના જે દેશો છે એ ભારતને મદારી અને જાદુગરનો દેશ સમજતા હતા અને આ બધાને જયારે સ્વામી વિવેકાનંદજીએ શિકાગોમાં આંતરરાષ્ટ્રીય ધર્મ પરિષદમાં જોરદાર પ્રવચન આપ્યું એના પછી એમની આંખો ખુલી અને આખું વિશ્વ ભારતના અમૂલ્ય, આધ્યાત્મિક વારસા તરફ આકર્ષાયું અને એ પ્રવાહ આજે પણ ચાલુ છે આવા વિશ્વવિભૂતિ સ્વામી વિવેકાનંદજીની પ્રેરણા આખાય ગુજરાતને વર્ષભર મળતી રહે એવા ઉમદા વિચાર સાથે આ વર્ષે રૂપિયા ૭૫ કરોડની જોગવાઇ સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી માટે કરી છે. આ ગૌરવની લાગણી અનુભવવાનું એક મજબૂત કારણ પણ છે અને એ છે કે વિશ્વ ધર્મ પરિષદમાં જવાની પ્રેરણા સ્વામી વિવેકાનંદજીને ગુજરાતમાંથી મળી હતી. નવેમ્બર ૧૮૯૧ થી એપ્રિલ ૧૮૯૨ સુધી સ્વામી વિવેકાનંદજી ગુજરાતમાં રહયા અને તે દરમ્યાન સ્વામીજી અમદાવાદથી વઢવાણ થઇ લીમડી પહોંચ્યા અને લીમડીના ઠાકોર સાહેબ શ્રી યશવંતસિંહજીએ સ્વામીજીનો ઉમળકાભેર સત્કાર કર્યો અને સમાચાર આપ્યા કે પશ્ચિમના દેશમાં ધર્મ પરિષદ મળવાની છે આમ શિકાગોની ધર્મ પરિષદની સૌ પ્રથમ જાણકારી સ્વામી વિવેકાનંદજીને લીમડીમાંથી મળી. આ ઉપરાંત પોરબંદરના શ્રી શંકર પંડિત સાથે વિવેકાનંદજીનો ગાઢ પરિચય થયેલો અને પશ્ચિમના દેશોમાં જઇને હિન્દુ ધર્મનો પ્રચાર કરવાનું વિચાર બીજ પણ સ્વામીજીના મનમાં જો કોઇએ વાવ્યું હોય તો એ પોરબંદરના શંકર પંડિતે વાવ્યું.સ્વામી વિવેકાનંદજીનું મૂળ નામ નરેન્દ્ર દત્ત. અમારા મુખ્યમંત્રીશ્રીનું નામ નરેન્દ્ર મોદી. માનનીય અધ્યક્ષશ્રી, સન્યાસી શ્રી નરેન્દ્ર દત્ત એ ધર્મ ધુરંધર હતા. શાસક નરેન્દ્ર મોદી કર્મ ધુરંધર છે. બંનેના કાર્યક્ષેત્ર જુદા છે, પરંતુ લક્ષ્ય એક માત્ર સેવા. સ્વામી વિવેકાનંદ નહિ, આપણા ગુજરાતના સાહિત્યકારો, ઉમદા રાજવીઓ, ભવ્ય રાજપુરુષો આ બધાની જન્મજયંતિ જ્યારે ચાલે

છે, ત્યારે ગુજરાતની ધરતીની સુગંધ ઝીલીને જેણે શબ્દોમાં મઢી માનવીની ભવાઇ. ઉત્તમ નવલકથા આપનાર પન્નાલાલ પટેલની, ગુજરાતને ગાતું કરનાર, ગાતું રાખનાર અવિનાશ વ્યાસની, ભાવનગરના પ્રજા વત્સલ અને ઉમદા મહારાજા કૃષ્ણકુમારસિંહજીની આ જન્મ શતાબ્દી વર્ષ છે. ગુજરાતના મૂર્ધન્ય દિવાન વિચક્ષણ રાજપુરુષ સર પ્રભાશંકર પટણીની અને વડોદરાના લોકપ્રિય રાજવી અને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનું હીર જેણે સૌ પ્રથમ પારખ્યું હતું તેવા મહારાજ સયાજીરાવ ગાયકવાડની અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મ જયંતિ.

આ સૌ મહાનુભાવોને અમારા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા સુપેરે યાદ કરાયા છે અને તેઓનું સ્મરણ ચિરંજીવ રહે તેવા કાર્યક્રમો કર્યા છે. અમારા વિભાગ પાસે જુદી જુદી અનેક પ્રવૃત્તિઓ છે, પણ આ બધી જ પ્રવૃત્તિઓના મિજાજ જુદા જુદા છે. અમે ગુજરાતના યુવાનોને તરવાની પ્રેરણા આપીએ છીએ. વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરૂણ સ્પર્ધા માટે, મહાજન સ્મારક હોડી સ્પર્ધા દ્વારા યુવા મહોત્સવ દ્વારા ગુજરાતના આદિજાતિ સમાજની જે નૃત્ય પરંપરા અદભુત છે, તે ટકે અને સમાજના અન્ય લોકો તે માણી શકે તે માટે આદિજાતિ મહોત્સવ પણ ઉજવીએ છીએ. ગુજરાતનો યુવાન ગુજરાતની સરહદથી પરિચિત થાય, 'આપણી સરહદ ઓળખો' એવા કાર્યક્રમ કરીએ છીએ. વન અને સાગરકાંઠાથી પરિચિત કરવા માટે પગપાળા પ્રવાસનું આયોજન થાય છે. મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકરના જન્મ દિને ૧૪મી એપ્રિલથી એક સપ્તાહ દરમ્યાન ડો. આંબેડકરની વિચારધારાને અનુરૂપ ડાયરા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. ગુજરાતની સંગીત નાટક અકાદમી દ્વારા પ્રવૃત્તિઓની વણઝાર ચાલી છે. નાટક, નૃત્ય, સંગીતના ક્ષેત્રે અમે અનેક નવા પ્રયોગો અને કાર્યક્રમો પ્રજા સમક્ષ મૂક્યા છે અને ઉત્તમ પ્રતિભાવો અમને મળ્યા છે. ગુજરાતની જે લલિત કલા અકાદમી છે, તે ચિત્રકામ, છબીકલા અને શિલ્પકલાના કલાકારોને પણ તૈયાર કરે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્મૃતિ સાચવવા પોરબંદરમાં રૂ.૧ કરોડ ૧૧ લાખના ખર્ચે મહાત્મા ગાંધી મેમોરિયલની સ્થાપના આ સરકારે કરી છે. મહાત્મા ગાંધીના નામે જે મતો મેળવી અને રાજ કરનારા કોંગ્રેસના શાસકોને તેમના ૫૦ વર્ષના શાસનમાં મહાત્મા ગાંધીના જન્મ સ્થાને ગાંધીજીનું મેમોરિયલ સ્થાપવાનું સૂઝ્યું નહિ, એ સત્કાર્ય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ. આ જ રીતે મારા માદરે વતન કચ્છના ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માનું મેમોરિયલ રૂ.૧૨ કરોડ ૭૮ લાખના ખર્ચે. આ રીતે ગુજરાતનો કોઇ વીર પુરુષ આમ જન સમુદાયની સ્મૃતિમાંથી દૂર ન થાય તેવો પ્રયત્નો અમારો વિભાગ કરી રહ્યો છે.નનીય અધ્યક્ષશ્રી, એમ કહેવાય છે કે જેઓ ઈતિહાસ ભૂલી જાય છે તેમને ઈતિહાસ ભૂલી જતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણો ગિરનાર હિમાલય કરતાં પ્રાચીન છે. ગુજરાતનું યૌવન આ ગિરનારથી પરિચિત થાય તેના માટે ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનું આયોજન કરીએ છીએ. અમારો વિભાગ વસંતના વધામણા કરવાનું પણ ચૂકતો નથી. વસંતપંચમી પછી ફેબ્રુઆરીમાં દર વર્ષે આંતર રાજય લોકનૃત્ય મહોત્સવનું આયોજન ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે થાય છે. આ વસંતોત્સવનું વિસ્તરણ કરીને તે મહોત્સવ પોરબંદર, વડોદરા અને સુરત ખાતે અમે લઇ ગયા છીએ. આ બધું અમારા રાહબર એવા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇની પ્રેરણા જ આ કરાવી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, દ્રષ્ટિવંત નેતૃત્વ સમાજને કેવી યોગ્ય દિશા અને સાચી ગતિ આપી શકે છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કવિશ્રી રાજેન્દ્ર શુકલની કવિતાની પંક્તિ આ સંદર્ભમાં આપમેળે મેળવી લે છે જેને ટાંકતાં મને ગૌરવ થાય છે. **ખલકત નથી જ ખાલી, ભરપૂરતા ભરી છે, અને શરત સાવ સાદી નીરખો સભર થઇને.** મારી માગણીઓ આવી સભરતા સાથે નિરખવામાં આવે તેવી શ્રદ્ધા સાથે મારા સમગ્ર વિભાગના અનેક સ્વપ્નોને સજાવવાની દરખાસ્ત આપના દ્વારા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવાની રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ભારતનું યૌવન તેમજ લશ્કર તથા અન્ય સાહસ સાથે સંકળાયેલા વિભાગો જયાં પર્વતારોહણની તાલીમ લેવા હોંશભેર આવે છે તેવા માઉન્ટ આબુ સ્થિત આપણા સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ કેન્દ્રને અદ્યતન સાધનોથી સજજ કરવા માટે રૂ.૨૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે, આખા ભારતમાં માતૃશ્રાદ્ધ માટે સિદ્ધપુર સર્વમાન્ય સ્થાન છે અને આ

સ્થાનનું મહાત્મ્ય વધે, ત્યાં ઇમોશનલ ટુરિઝમ વિકસે તેવા આશયથી મારા મંત્રી મંડળના સાથી અને રાજયના આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઇ વ્યાસની લાગણીને વાચા આપવા માટે દર વર્ષે ત્રણ દિવસનો માતૃવંદના મહોત્સવ યોજીએ છીએ. આ માટે આ વર્ષે પણ રૂ.૫૦ લાખની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે કલા મૃતપ્રાય થવા જતી હોય તે તરફ અમારો વિભાગ જાગૃત છે. તે કલા એટલે બહુરૂપી કલા. આ કલા મૃતપ્રાય તરફ ધકેલાઇ ન જાય તે માટે આ વખતના બજેટમાં રૂ.૩૦ લાખની જોગવાઇ અમે કરી છે. તે જ રીતે દલિતોમાં અતિ પછાત સમાજોમાંથી આવતા આપણા તૂરી, બારોટ સમાજના કલાકારો છે. છેલ્લા બે વર્ષમાં રૂ.૯૦ લાખની જોગવાઇ કરી હતી તેમાં વધારાની રૂ.૩૦ લાખની જોગવાઇ આ બજેટમાં કરી છે. રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા અગાઉ નાના પાયે યોજાતા તાનારીરી મહોત્સવને આપણે રાષ્ટ્રીય ફલક ઉપર મૂકીને ઉજવણી કરીએ છીએ. આ જ ક્રમમાં સુરતના મિત્રો સાંભળી લે, આજ ક્રમમાં હવે પંડિત ઓમકારનાથ ઠાકુર મહોત્સવને પણ રાષ્ટ્રીય કક્ષાનો મહોત્સવ કરવા જઇ રહ્યા છીએ. પંડિત ઓમકારનાથ તે આપણા મહાન શાસ્ત્રીય ગાયક હતા. સુરત તેમની કર્મભૂમિ હતી. એક વખતે સુરતમાં વરસાદ ન પડયો. સુરતના ચોકમાં બેસીને તેમણે રાગ મલ્હાર ગાયો અને વરસાદ પડયો. આજે પણ સુરતમાં આ ઘટનાના સાક્ષી શ્રી ભગવતીકુમાર શર્મા જેવા વયોવૃદ્ધ મુરબ્બી હયાત છે. જેમણે જોયું તે હયાત છે.માનનીય અધ્યક્ષશ્રી, પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત મહોત્સવ માટે અગાઉ જે રૂપિયા પોણા બે લાખની જોગવાઇ કરવામાં આવતી હતી એમાં વધારો કરીને એક કરોડ રૂપિયાની જોગવાઇ આ કાર્યક્રમ માટે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં અનેક એવી જ્ઞાતિઓ છે કે જેમની પાસે અમર કલાનો વારસો છે, એક પેઢીથી બીજી પેઢી સુધી સતત જળવાતો રહે છે, અને આવો એક સમાજ એટલે આપણો વાલ્મિકી સમાજ. આ વાલ્મિકી સમાજમાં ઉત્તમ ભજનો ગવાય અને એમને મન ભજન એ કોઇ સાંસ્કૃત્તિક કાર્યક્રમ નહીં પણ જીવન સાથે વણાઇ ગયેલી એક દૈનિક ક્રિયા, આ વાલ્મિકી સમાજનો શ્રમજીવી પુરુષ કે સ્ત્રી સાંજે ઘેર આવે વાળુ-પાણી કરી લે પછી આંગણામાં બેસીને ભજન લલકારે, તેમના ભજનમાં ભક્તિ અને મસ્તી એ બંન્ને હોય અને તાર તથા શ્રદ્ધા ઇશ્વર સાથે જોડાયેલા હોય, આખુંય જીવન શ્રમમાં વિતાવવાને કારણે આ સાચુકલો કંઠ અને ઉત્તમ ભજનો એ સમગ્ર સમાજ સુધી પહોંચ્યા નથી, અને એટલા માટે આ બજેટમાં એની અમે જોગવાઇ કરી છે. બજેટ સત્ર પહેલાં દલિત સમાજના વિવિધ આગેવાનોને હું બોલાવતો હોઉં છું અને એ વખતે વાલ્મિકી સમાજના જે આગેવાનો હતા, નવસારીના શ્રી સુરેશભાઇ મકવાણા, ગોધરાથી શ્રી રાજેશભાઇ ચૌહાણ, ખેડાથી શ્રી કસ્તુર બાપુ, અમદાવાદથી શ્રી શંકરલાલ વાઘેલા, પાલનપુરના શ્રી ચીમનભાઇ સોલંકી, આ બધાયે માગણી કરી કે, અમારા ભજન જે ભુલાઇ રહયા છે એના માટે કંઇક કરો, અને માનનીય અધ્યક્ષશ્રી, જામનગરના માજી ધારાસભ્ય શ્રી મનહરભાઇ ઝાલાએ આ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યો, એની નકલ મને આપી, માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં ૫૦ લાખ રૂપિયાની જોગવાઇ વિભાગે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અને જે નવી જાહેર કરી છે, એ યોજનાને મધ્યકાલિન યુગમાં સામાજિક સમરસતાને વેગ આપવા માટે પોતે રાજવી હોવા છતાં દલિત ડાલીબેન મેઘવાળને પોતાની બેન બનાવનાર રણુંજાના રાજા બાબા રામદેવપીરના ચરણોમાં હું ધરૂં છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જોગવાઇ સાથે દલિત સમાજને આ સરકારે સંદેશો આપ્યો છે કે-

**'' જેને ગાવું જ છે, તેને ગીત મળી રહે છે,'' ''જેને ઉડવું જ છે, તેને ગગન મળી રહે છે.''**

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સંગ્રહાલય વિભાગમાં અલભ્ય ચીજોનો ખજાનો છે, આ ખજાનાને સાચવવા માટે વિભાગ કટિબદ્ધ છે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આનંદીબેનના મત વિસ્તાર પાટણની અંદર સંગ્રહાલય બનાવ્યું, એના બીજા તબકકાના બાંધકામ માટે રૂ. ૧ કરોડ ૮૨ લાખની જોગવાઇ આ બજેટમાં કરી છે. વડોદરાના લોકપ્રિય, પ્રજાવસત્સલ અને પ્રગતિશીલ મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ખાસ ગેલેરી ઉભી કરવા માટે રૂપિયા ૧૫ લાખની જોગવાઇ કરી છે. વડનગરમાં આધુનિક સંગ્રહાલયનું નિર્માણ કર્યું, આ રીતે અમે દરેક વિભાગ માટે વિશાળ જોગવાઇઓનું આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કવિશ્રી પુરૂરાજ જોષીની એક ગઝલ પંક્તિમાં કહું તો-

**'' બે ચાર છાંટાથી છીપે, એવી નથી અમારી તરસ,**

**તારે વર્ષવું હોય તો આકાશ, મન મૂકી વર્ષ''**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટિ અને વત્સલ માર્ગદર્શનનો આ વિભાગને અપરિમિત લાભ મળ્યો છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીનું એક અદ્ ભુત વિઝન એટલે વાંચે ગુજરાત, માનનીય અધ્યક્ષશ્રી, આ વાંચે ગુજરાત કાર્યક્રમનું મુખ્ય વાહક એ ગ્રંથાલય, અને એટલા માટે આ ગ્રંથાલય વિભાગના વિકાસ માટે નિઝર સરકારી તાલુકા પુસ્તકાલય માટે રૂપિયા ૨૩.૫૦ લાખ, કેન્દ્રના સંચાલકોના વેતન વધારા માટે રૂપિયા ૫૨.૩૮ લાખ, માનનીય ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પ્રજાપતિના વિસ્તારના સરકારી પુસ્તકાલય પાલનપુરના રીનોવેશન માટે રૂપિયા ૭૦ લાખ, માનનીય ધારાસભ્યશ્રી મોહનસિંહ રાઠવાના કવાંટ તાલુકાના પુસ્તકાલય માટે રૂપિયા ૧૪.૮૫ લાખ, ભુજી ઠાકોરના મત વિસ્તારના રાજય મધ્યસ્થ ગ્રંથાલયના રીનોવેશન માટે ૪૮ લાખ વિજયનગર માટે ૩૪ લાખ, બારડોલી માટે ૩૯ લાખ અને અમારા મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇના વિસ્તારના સરકારી જિલ્લા પુસ્તકાલય નડિયાદના નિર્માણ માટે ૧.૫૦ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મ શતાબ્દિ નિમિત્તે અનુદાનમાં જે વધારો કરવામાં આવ્યો એના માટેની જોગવાઇ રૂ.૨.૦૦ કરોડ અને સરકારી જે ગ્રંથાલયો છે તેમાં પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તે માટે આર.ઓ. પ્લાન્ટ માટે રૂ.૩૫ લાખની જોગવાઇ કરી છે. મારો વિભાગ જે પ્રાચિન વારસાની માવજત કરે છે એ વિભાગ છે તે પુરાતત્વ વિભાગ. બેટ દ્વારકા અને એમાં ભૂકંપની અંદર જે મંદિરો ભૂંકપગ્રસ્ત થયા હતા એના પુનઃસ્થાપન માટે રૂ.૨.૦૦ કરોડની જોગવાઇ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સતત માર્ગદર્શન અને હુંફને કારણે રમત-ગમત ક્ષેત્રે હરણફાળ ભરી છે. ખેલ મહાકુંભ તેમજ વિશ્વવિક્રમ શકિત ચેસ ટુર્નામેન્ટે સમગ્ર ભારત અને વિશ્વનું ઘ્યાન ગુજરાત તરફ દોર્યું છે. ખેલ મહાકુંભના આયોજનને કારણે ગુજરાતમાં રમત ગમતનું એક અદભૂત વાતાવરણ ઉભું થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આ સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે, ગત ખેલ મહાકુંભ ૨૦૧૧માં ગુજરાતના ૧૮,૨૪,૮૬૩ રમતવીરોએ ભાગ લીધો છે. એમને એ રૂ.૨૬,૧૨ કરોડના રોકડ ઇનામો અપાયા છે. આ વર્ષને અંતે ગુજરાતના બાકી રહેલ દરેક જિલ્લામાં સરદાર પટેલ રમત ગમત સંકુલના નિર્માણની પ્રક્રિયા શરૂ થઇ જશે અને જિલ્લા રમત ગમત સંકુલ વડોદરાના નિર્માણમાં રૂ.૫૦ લાખ, નવસારી માટે રૂ.૫૦ લાખ, સુરત માટે રૂ.૫૦ લાખ, તાપી માટે રૂ. ૫૦ લાખ અને સાથે સાથે અમારા ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઇ પટેલના મત વિસ્તાર હિંમતનગર ખાતે સ્પોર્ટસ હોસ્ટેલના વિસ્તૃતિકરણ માટે રૂ.૧.૫૫ કરોડની જોગવાઇ કરી છે. ભાવનગરના ધારાસભ્ય શ્રીમતી વિભાવરીબેનના મત વિસ્તારની અંદર જિલ્લા રમત ગમત સંકુલના રિનોવેશન માટે રૂ.૧.૫૨ કરોડ, દુષ્યંતભાઇ પટેલ ભરૂચના ધારાસભ્ય એમના મત વિસ્તાર માટે રૂ.૫૦ લાખ, અમારા દેવગઢ બારિયાની અંદર રૂ.૫.૩૬ કરોડ, ખોખરા ખાતે બેડમિંગ્ટન, હિંમતનગર ખાતે ટેબલ ટેનિસ અને અમારા માનનીય મંત્રીશ્રી કિરીટસિંહ રાણાના મત વિસ્તાર લિંમડીની અંદર કબડ્ડીનું સેન્ટર ફોર એક્સલન્સ શરૂ કરવા માટે ૧.૯૧ કરોડની જોગવાઇ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્લેઇંગ ફિલ્ડ એસોસિએશન ઓફ ગુજરાતની રચના કરવા માટે રૂ.૫૦ લાખ, ગોધરા ખાતે સિન્થેટિક ટ્રેક બનાવવા માટે રૂ.૬.૦૦ કરોડ અને સ્વામી વિવેકાનંદ બિન નિવાસી સંવર્ધન યોજના માટે ૧૦.૩૭ કરોડની જોગવાઇ કરી છે. અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિના જે ઉગતા ખેલાડીઓ છે એમના માટે ક્રીડા કૌશલ્યવર્ધક કાર્યક્રમો માટે ૫.૧૨ કરોડ અનુસૂચિત જાતિ માટે અને આદિજાતિ માટે પણ રૂપિયા ૫.૧૨ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રી તરીકે મેં અનુભવ્યું છે કે, આ વિભાગ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળની કાળજી રાખતો વિભાગ છે અને એને લીધે સમગ્ર ગુજરાતની પ્રજાએ આ વિભાગને પ્રેમથી પોંખ્યો છે. મને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે ગત બે વર્ષ દરમ્યાન અમારા વિભાગના બે કાર્યક્રમ સ્વર્ણિમ ચેસ ટુર્નામેન્ટ અને આગે કદમ ગુજરાતના કાર્યક્રમને ગ્રિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિની ગરિમા અને સમાજ વ્યવસ્થા માટે લોર્ડ મેકલોએ બીજી ફેબ્રુઆરી, ૧૮૩૫ના રોજ બ્રિટિશ પાર્લામેન્ટમાં જે ઉચ્ચારણો કર્યા હતા અને આ દેશના પૂર્વ નાયબ

વડાપ્રધાન અને આ ગુજરાતના સાંસદ આદરણીય અડવાણીજીએ એમના પુસ્તક **My Country My Life,** એના પાના નંબર ૧૩૩ ઉપર જે નોંધ્યું છે એ આ માનવંતા ગૃહ સમક્ષ મૂકું છું. **I quote: "I have travelled across the length and breadth of India and I have not seen one person who is a beggar, who is thief. Such wealth I have seen in this country, such high moral values people of such caliber that I do not think that we would ever conquer this country, unless we break the very backbone of this nation, which is here cultural and spiritual heritage, and therefore, I propose that we replace her old and ancient education system, her culture, for if the Indians think that all that is foreign and English is good and greater than their own, they will loss their self-esteem, their native culture and they will become what we want them--a truly dominated nation"**

માનનીય અધ્યક્ષશ્રી આપણી સંસ્કૃતિના જે વખાણ કર્યા છે અને વખાણ કરતાં જે કહ્યું છે કે, આજે આ ગુલામીની મનોવૃત્તિમાં જીવતા અંગ્રેજ પરસ્ત લોકો આજે પણ આ દેશમાં છે. આપણે જાણીએ છીએ, આજે કેટલાક લોકોની પ્રેરણા અને માર્ગદર્શન ઇટાલીથી આવે છે. તેમને અમારો સાંસ્કૃતિક વિભાગ ભારતીય સંસ્કૃતિની ગરિમા વધે તે દિશામાં લઇ જવા માટે પ્રયત્નશીલ છે. આ ગૃહમાં મારી માગણીઓ રજૂ કરતી વખતે મારા મનમાં જે ભાવ, લાગણી અને ગૌરવ અનુભવું છું તે ડો. મહેશ રાવલના શબ્દોમાં કહું તો-

**ઝાંઝવા ખળ ખળ નથી વહેતા કદી, જાત મુશળધાર હોવી જોઇએ,**
**હસ્તગત કંઇ હોય કે ના હોય પણ લાગણી ચિક્કાર હોવી જોઇએ.**

હવે હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વાત કરીશ. આજે આ બજેટ દ્વારા વંચિતોની વેદનાને હું વાચા આપવા જઇ રહ્યો છું સાચું કહેવાયું છે કે **વેદને સમજવો સાવ આસાન છે પણ વંચિતોની વેદના સમજવી અતિ કઠિન છે.** સ્વામી વિવેકાનંદજીએ જે ત્રણ વર્ષ સુધી ભારતમાં પરિભ્રમણ કર્યું અને ગરીબોની જે પરિસ્થિતિ જોઇ એમના શબ્દોમાં કહુ અને એ સ્થિતિનું એક કવિએ બયાન કરતાં કહ્યું છે કે –

**કિતની બેબસ, કિતની લાચાર ઇન્સાનકી જિંદગી હૈ,**
**ખામોશ હર કુચા હૈ, સહ મીસી, હર ગલી હૈ,**
**વિશ્વાસ નહિ હોતા યે દેખકર હાલે મૂલ્ક**
**યહી રામ ઔર કિશ્ન, ગાંધી ઔર ગૌતમ કી ભૂમિ હૈ.**

સ્વામી વિવેકાનંદજીની આ સંવેદનાઓ પૂજ્ય મહાત્મા ગાંધીજીએ, પૂજ્ય ડો. બાબાસાહેબ આંબેડકરે ઝીલી અને તેમણે સ્વામીજીની જે સંવેદના હતી એ ભારતના બંધારણમાં ઉતારી. આ વિવેકાનંદજીની સંવેદનાઓને છેલ્લાં દસ વર્ષથી અને વિશેષ કરીને આ બજેટની અંદર આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની ધરતી ઉપર ઉતારી છે અને એનો મને આનંદ અને ગર્વ છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું અનુસૂચિત જાતિના કલ્યાણના પ્લાન સદરે રૂપિયા ૪૫૬.૩૮ કરોડ સહિતની, અનુસૂચિત પેટા યોજનાની ૨૮૪૯.૩૨ કરોડ, આર્થિક રીતે પછાત અને લઘુમતિ, બક્ષીપંચ કલ્યાણની, રૂ.૫૨૨.૨૩ કરોડ, સમાજ સુરક્ષાની રૂ.૨૯૨.૧૩ કરોડ અને નોન પ્લાન સદરે ત્રણે પ્રભાગની રૂ.૨૫૩.૩૭ એમ કુલ મળીને ૩૯૧૭.૦૫ કરોડની માગણી આ ગૃહ સમક્ષ લઇને આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વજુભાઇ વાળાએ ૧૨-

૧૩નું જે બજેટ રજૂ કર્યુ રૂપિયા ૫૦૫૯૯ કરોડના પ્લાનમાં અનુસૂચિત જાતિ,કલ્યાણ વિકસતિ જાતિ અને નિરાધાર વિકલાંગો માટે રૂ.૧૨૭૦.૭૪ કરોડની જોગવાઇ કરી. માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષના બજેટ કરતાં રૂ.૨૮૨.૮૬ કરોડનો વધારો માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદના અને પ્રતિબધ્ધતા માટે મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય વજુભાઇ વાળાનો આ વર્ગની અંદાજે ૮૫ ટકા વસ્તી તરફથી હું આભાર પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક ઉત્કર્ષના વિશાળ યજ્ઞ દ્વારા વંચિતોના જીવનમાંથી ગરીબી, લાચારી, બેકારી અને નિરક્ષરતાના રહ્યા સહ્યા પણ ઉલેચાય એવા લક્ષ્ય સાથે અમારી સરકાર પરિણામલક્ષી કામગીરી કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તબકકે મને કવિ નીરજની સુંદર કાવ્ય પંકિતઓ યાદ આવે છે.

**" જલાઓ દિયે પર રહે ધ્યાન ઇતના, અંધેરા ધરા પર કહીં રહ ન જાયે. "**

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર કવિ નીરજની આ લાગણીઓનો માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચે અમલ કરી રહી છે. આપણે જોઇએ છીએ કે આ બજેટની અંદર જે નવી જોગવાઇ કરી છે હું તેની જાહેરાત કરવા જઇ રહ્યો છું. આજની સ્થિતિએ અનુસૂચિત જાતિ, જનજાતિ અને વિકસતિ જાતિના ૨૬૦ સરકારી છાત્રાલયોમાં ૧૬૩૧૯ વિદ્યાર્થીઓ અને તેની પાછળ લગભગ રૂ.૩૦ કરોડનો ખર્ચ આપણે કરતાં હોઇએ છીએ. તેમાં એકી સાથે ૩૨ હજાર વધારે વિદ્યાર્થીઓને છાત્રાલયનો લાભ આપી શકાય તે માટે રૂ.૧૦૦ કરોડ જેટલી માતબર રકમનો વધારો ગુજરાતમાં નહીં ભારતના ઇતિહાસની અભૂતપૂર્વ ઘટના છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીએ વંચિતોના વિકાસ માટેનો મહામંત્ર આપ્યો છે. અને એટલા માટે તેને સાર્થક કરવા માટે અદ્યતન સુવિધાવાળા સરકારી છાત્રાલયો ઊભા કરવા માટેની આ જોગવાઇ છે. અને એમાં એક જ કેમ્પસમાં, એક જ સ્થળે રહેવા માટે, જમવાની અદ્યતન સુવિધા ઉભી કરાશે અને એ રીતે આ ૧૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યુ છે. માનનીય મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીને વંદન સાથે હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિઓ અને બક્ષીપંચ જાતિના બધા મળીને ૧૨૯૫ ગ્રાન્ટ ઇન છાત્રાલયો છે. ૨૭૧ આશ્રમશાળા છે અને વિદ્યાર્થીઓ ૮૨,૮૦૦. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં આ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ નિભાવ ગ્રાન્ટ ૧૫૦/- રૂપિયા મળતી હતી. અમારી સરકાર આવી અને અત્યારે દર મહિને ૬૦૦/- રૂપિયા નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. વધેલી મોંઘવારીને ધ્યાનમાં લેતાં નિભાવ ગ્રાન્ટના વધારા માટે આ સન્માનીય ગૃહના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી.ના ધારાસભ્યશ્રીઓએ, સંચાલકશ્રીઓએ લાગણી વ્યકત કરી અને આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી મોદીએ રૂપિયા ૬૦૦/- નિભાવ ગ્રાન્ટમાં ૬૬ ટકા વધારો કરીને વિદ્યાર્થી દીઠ માસિક રૂપિયા ૧ હજાર નિભાવ ગ્રાન્ટ આપવાનો નિર્ણય કર્યો છે.આ બજેટમાં એના માટે ૧૩૫ કરોડની જોગવાઇ કરી છે. ઇતિહાસ સાક્ષી છે કે નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઇનું મામેરું સાક્ષાત ભગવાન શ્રીકૃષ્ણે ભર્યુ હતું. અને મામેરાના પ્રસંગે નિર્ધન અને ગરીબ બાપ દીકરીની વ્યથાને વાચા આપતા કવિ પ્રેમાનંદે 'કુંવરબાઇનું મામેરું' કાવ્યમાં લખ્યું છે કે, ''જો રૂડો દિવસ આવ્યો દીકરી, તો મામેરું કરશે હરિ.'' અને આજે આ સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ, કુંવરબાઇના મામેરામાં અપાતા રૂપિયા ૫ હજારમાં ૧૦૦ ટકાનો વધારો કરીને ૧૦ હજાર રૂપિયા કરવાની જાહેરાત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેખાદેખીથી દેવું કરીને, ખોટા ખર્ચા કરીને લગ્નમાં વટ પાડવાની પ્રથાના કારણે અનેક કુટુંબોને બરબાદ થતા આપણે જોયા છે. સમૂહ લગ્નના કારણે સંઘભાવના, સમાનતાની ભાવના આવે અને એટલા માટે મને જણાવતાં આનંદ થાય છે કે આ ગૃહના કેટલાક સભ્યોએ ખૂબ સુંદર સમૂહ લગ્ન પણ કર્યા છે. આ સમૂહ લગ્નની જે યોજના છે એમાં 'મા રમાબાઇ આંબેડકર સમૂહ લગ્ન સહાય યોજના' એમાં નવદંપતિને રૂપિયા ૫ હજારની સહાય આપવામાં આવે છે, એમાં પણ ૧૦૦ ટકા વધારો કરીને ૧૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરું છું. સમૂહ લગ્નનું આયોજન કરતી જે સંસ્થાઓ છે તેને અત્યારે દંપતિ દીઠ રૂપિયા ૧ હજાર સહાય મળે છે, એમાં પણ બમણો વધારો કરીને નવ દંપતિ દીઠ ૨ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ, બક્ષી પંચ, વિચરતી વિમુકત જાતિઓમાં ધોરણ ૧ થી ૭ માં ભણતા અંદાજે ૩૪ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ અપાય છે. આ સહાયમાં ચાલુ વર્ષે રૂ.૫૦ નો વધારો કરીને ૨૦૦ રૂપિયા કર્યા હતા. આ સૂચિત બજેટમાં એ ૨૦૦ રૂપિયામાં બીજા ૧૦૦ રૂપિયાનો વધારો કરીને ૩૦૦ રૂપિયા ગણવેશ સહાયના કર્યા છે. અનુસૂચિત જાતિ, બક્ષી પંચ જાતિઓ, વિચરતી વિમુકત જાતિઓના ધોરણ ૧થી ૧૦ના ૪૬ લાખ વિદ્યાર્થીઓ માટે એમાં પણ ૧૦૦ ટકાનો વધારો કરીને ધોરણ ૧થી ૮માં ૨૫૦ રૂપિયા અને ધોરણ ૯ થી ૧૦માં ૪૦૦ રૂપિયા આપણે કર્યા છે. વર્તમાન નિયમો પ્રમાણે અનુસૂચિત જાતિ, બક્ષી પંચમાં ''કુમાર રાજરત્ન આંબેડકર તબીબી સહાય યોજના'' અંતર્ગત કેન્સરના જે દર્દીઓ છે એને ૫૦૦ રૂપિયા, રકતપિત્તના દર્દીને ૪૦૦ રૂપિયા અને ટી.બી. માટે ૨૫૦ રૂપિયા સહાય છે. આ બધી સહાયમાં ૧૦૦ ટકા વધારો કરીને કેન્સર માટે ૧ હજાર રૂપિયા, રકતપિત્ત માટે ૮૦૦ રૂપિયા અને ટી.બી. માટે ૫૦૦ રૂપિયા કરવાની જાહેરાત કરીને એના માટે રૂ.૩ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતના જે કાર્યક્રમો થયા અને એના કારણે નવા નવા પ્રોજેકટ આજે ગુજરાતમાં આવી રહ્યાં છે. તાલીમ પામેલા કુશળ કારીગરોની ભારે માંગ ઉભી થઇ છે. અનુસૂચિત જાતિના યુવાનો આવા ઉદ્યોગોમાં નોકરી મેળવવામાં સ્પર્ધામાં ટકી શકે તે માટે કૌશલ્યવર્ધક તાલીમ આપવાની નવી યોજના અમે શરૂ કરી છે અને એનું નામ 'સંત શિરોમણી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના' રાખવાનો નિર્ણય કર્યો છે અને એમાં રૂ.૧૦ કરોડની જોગવાઇ કરી છે. જે ૫ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ થઇ, એમાં આઇ.ટી. આઇ. માં દાખલ થનારા અનુસૂચિત જાતિ, બક્ષી પંચ, આર્થિક પછાત અને લઘુમતિઓના વિદ્યાર્થીઓને જે સ્ટાઇપેન્ડ મળે છે, એમાં ૮૦ ટકાનો વધારો કરીને રૂપિયા ૨૫૦ના બદલે રૂ.૪૦૦ કરવાની જાહેરાત પણ હું અત્યારે કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે હિન્દી સિનેમા ક્ષેત્રે સંજીવકુમાર, નિરૂપા રોય, આશા પારેખ, પરેશ રાવલ અને ગુજરાતી સિનેમામાં ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, નરેશ કનોડીયા, મહેશ કનોડીયા અને હવે તો પાછો હિતુ કનોડીયા.મણીરાજ બારોટ, અને નાટય ક્ષેત્રે પ્રબોધ જોષી, સરીતા જોષી, રાગીણી, જયશંકર સુંદરી, આવા અનેક ખ્યાતનામ કલાકારોની ભેટ આપી છે. બક્ષીપંચની ૧૪૫ જ્ઞાતિઓ છે એમાં ૪૦ વિચરતી વિમુકત જાતિ અને અનુસૂચિત જાતિની જે ૩૬ જ્ઞાતિઓ છે એમાં ૧૨ અતિ પછાત જાતિઓમાં પણ વંશ પરંપરાગત રીતે ગીત, સંગીત, નૃત્ય નાટક અને અભિનય કલા પડી છે અને આવી પછાત જાતિઓના યુવાનોમાં કલા બહાર લાવવા માટે ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઇન્સ્ટિટયુટ, પુના અને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, દિલ્હી જેવી રાષ્ટ્ર કક્ષાની ખ્યાતનામ તાલીમ સંસ્થઓમાં તાલીમ મળે તે માટે, સારા એકટર બને, ડિરેકટર બને, રાઇટર બને અને સંગીતકાર બને તે માટે તાલીમાર્થી દીઠ રૂ. ૫૦ હજારની સહાય આપવાનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ નકકી કર્યુ છે.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પુરો થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડી વાર બાદ) માનનીય મંત્રીશ્રીનો જવાબ પુરો થઇ જાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, અને આના માટે બે કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરી છે. કોમર્શીયલ પાયલોટની તાલીમ લેવા માટે અનુસૂચિત જાતિને પહેલા રૂ.૨૦ લાખની લોન મળતી હતી પણ બક્ષીપંચમાં રૂ.૧૫ લાખ મળતી હતી તેમાં વધારો કરી અને એમને પણ ૨૦ લાખ રૂપિયાની લોન મળે તે માટેની વ્યવસ્થા આ સરકારે કરી છે. સામાજિક સમરસતા માટે કોઇ ઉત્કૃષ્ટ ઉદાહરણ હોય તો આજથી ૬૪ વર્ષ પહેલા ૧૫-૪-૧૯૪૮ ના રોજ ડો. શારદા કબીર નામની એક બ્રાહ્મણ મહિલા ડોકટરે ડો. બાબા સાહેબ આંબેડકર સાથે સનાતન આર્ય હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કરીને નવા યુગની શરૂઆત કરેલી. આ સામાજિક સમરસતાને મજબૂત કરાવવા માટે રાજય સરકારની આપણી યોજના ચાલે છે. અને એ નામ એમને સમર્પિત કર્યુ છે ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના, ૫૦ હજાર રૂપિયાની સહાય. અને માનનીય અધ્યક્ષશ્રી, અત્યારસુધી ૨૮૭૮ યુગલને રૂ.૧૪.૩૯ કરોડની સહાય આપણે આ યોજના હેઠળ

આપી છે. આજે અમારી સરકાર અને અમારા પક્ષનું લક્ષ્ય એ સામાજિક સમરસતા સાથે સામાજિક ન્યાયનું છે. સામ્યવાદનો જે વર્ગસંગ્રહનો વિચાર છે તે નિષ્ફળ ગયો છે. અમે સામાજિક સમરસતાને કેટલી ઉંચાઇએ લઇ ગયા છીએ તેના માટે એક ઉદાહરણ આજે સન્માનનીય ગૃહ સમક્ષ હું મુકવા માગું છું. ૨૯મી જાન્યુઆરી ૨૦૧૨, ધંધુકા ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેજા હેઠળ ધર્મ જાગરણ સભાના ગુજરાત પ્રદેશ સંસ્કૃતિના પ્રમુખ કીર્તિભાઇ ભટ્ટ અને બ્રહ્મસમાજના અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં બ્રાહ્મણ બટુકોનો યજ્ઞોપવિત્ સંસ્કારની વિધિ હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ હિન્દુઓના જે ૧૬ સંસ્કાર છે એમાં મહત્વનો સંસ્કાર જો કોઇ કહેવાય તો તે યજ્ઞોપવિત્ સંસ્કાર કહેવાય છે. અને આ બ્રહ્મ સમાજે આ ગૃહના સન્માનનીય ધારાસભ્ય ઝાંઝરકાના દલિત સંત વંદનીય, શંભુનાથ મહારાજના હાથે કરાવ્યો હતો. સાહેબ, બ્રાહ્મણ બટુક, એની વિધિ એક દલિત સંતના હાથે થાય અને કેવા કેવા મહાનુભાવો ત્યાં હાજર હતા, પરમ પૂજય સંત સદાનંદ સરસ્વતીજી મહારાજ દંડી સ્વામી, મહારાજ શ્રી વિશ્વંભર ભારતીજી, શ્રી કનીરામજી બાપુ, શ્રી કૃષ્ણમણીજી મહારાજ, માધવપ્રીય સ્વામીજી, શ્રી પરમાત્માનંદજી સરસ્વતી, શ્રી મોરારીદાસ મહારાજજી, જ્ઞાનાનંદ સરસ્વતીજી આ બધા લોકો હાજર, અને છતાં વિધિ અમારા ઝાંઝરકાના અમારા સન્માનનીય એવા શંભુનાથના હસ્તે, અને ત્યાં હજારોની જન મેદનીએ '' હમ સબ હિન્દુ એક હૈ'' તથા ન હિન્દુ પતિતો ભવેત્'' ના નારાને બુલંદ બનાવ્યો હતો અને આખો હોલ ગજવી નાખ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઘણી બધી સેલ્ફ ફાઇનાન્સ કોલેજો શરૂ થયેલ છે. મેડીકલ, ઇજનેર, ફાર્મસી જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોની કોલેજો છે. અન્ય અભ્યાસક્રમો માટેની સ્વનિર્ભર કોલેજોમાં અભ્યાસ કરતા બક્ષીપંચના અતિ પછાત જાતિ, વિચરતી વિમુકત જાતિના ફી ન ભરી શકે અને એના કારણે અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવો પડતો હતો. માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ આખો વિષય મૂકયો અને મને કહેતાં આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાને મંજૂરી આપી અને બક્ષીપંચના અતિ પછાત વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં સહાય કરવા માટે શિક્ષણ ફી અને ટયૂશન ફી વગેરે માટે રૂ.૫૦ હજાર સુધીની શિષ્યવૃત્તિ આપવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો છે. બક્ષીપંચ જાતિઓ માટે ૩૩ આદર્શ નિવાસી શાળાઓ, ૬૩ સરકારી છાત્રાલયો આ બધામાં ભેગા કરીને સાહેબ સરકારી જે બિલ્ડીંગ કહેવાય એ ૧૮ અને ૩ એમ ૨૧ જ હતા. આ બજેટની અંદર આ બધા બિલ્ડીંગોને સરકારી બિલ્ડીંગ કરવા માટે જે જોગવાઇ થઇ છે એ લગભગ ૨૫ થી ૩૦ કરોડ રૂપિયા થઇ છે.

ગુજરાતમાં નાની મોટી ૩૬ અનુસૂચિત જાતિની જાતિઓ છે એમાં વાલ્મિકી, ગરો બ્રાહ્મણ, હાડી, નાડિયા, સેનવા, તૂરી, તૂરી બારોટ, થોરી, માતંગ, તીરગર, તીરબંધા, વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા, આ ૧૨ જાતિઓ અતિ પછાત જાતિઓ છે, આ જાતિઓમાં દલિતોમાં દલિત અને વંચિતોમાં વંચિત છે. આ જાતિઓ માટે વિશેષ ધ્યાન અપાય એ માટેનું વિશેષ આયોજન કરવા માટે ૨૦૦૧માં બેચર સ્વામી અતિ પછાત વિકાસ બોર્ડને કાર્યરત કરવામાં આવેલ હતું. આ બોર્ડને નિગમમાં રૂપાંતરિત કરવા માટે અતિ પછાત સમાજની લાગણીને ધ્યાનમાં રાખીને અમારી ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી સંકલ્પ પત્રમાં આપેલ વચનને પૂર્ણ કરીને રૂ.૧.૨૫ કરોડની જોગવાઇ કરીને આ બોર્ડને નિગમમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રીએ લીધો છે.

અનુસૂચિત જાતિઓમાં પણ અતિ પછાત જાતિઓને ધોરણ ૧ થી ૧૦માં જે સ્કોલરશીપ મળે છે એમાં પણ વધારા માટે રૂ.૩ કરોડની જોગવાઇ કરી છે અને સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદે ભારતના વંચિતો, દલિતો દરિદ્રોના કલ્યાણનો ભેખ લીધો હતો. ભારતના અંદાજે ૨૦ લાખ સંન્યાસીઓને એમણે આહવાન કર્યુ હતું તમારી મતિ,ગતિ અને પ્રગતિ એ દરીદ્ર નારાયણની સેવા માટે હોવી જોઇએ. સ્વામી વિવેકાનંદને પગલે ચાલનાર માનનીય નરેન્દ્રભાઇ મોદીની કાવ્ય પંકિત આજ બાબતનો પડઘો પાડે છે. કવિ નરેન્દ્ર મોદી લખે છેઃ-

**ગતિ એક અને મતિ એક અને પ્રગતિનો પંથ એક છે.**
**અચળ ટેક અને અચળ નેક, જીવન ભરનો ભેખ એક છે.**

મારા સહિત ગૃહના અનેક ધારાસભ્યોએ સ્વયંસેવક તરીકે વિવેકાનંદજીની આ ભાવનાનો પડઘો પાડતા સંઘની જયારે શાખામાં જઇએ છીએ ત્યારે અમને જે પ્રાર્થના કરાવડાવે છે નમસ્તે સદા વત્સલે માતૃભૂમે, અને એમાં એક લીટી આવે છે ત્વદિયાય કાર્યાય બદ્ધા કટિયમ, અમારા મંગુભાઇ અહીંયા બેઠા છે અમને સંકુલમાં મંગળવારે એમની શાખામાં અમે જતા હોઇએ છીએ. ત્વદિયાય કાર્યાય બદ્ધા કટિયમ, આનો જે અર્થ છે. નમસ્તે, સદા વત્સલે, હે વાત્સલ્યપૂર્ણ માતૃ ભૂમિ તમને વંદન કરીએ છીએ અને પછી એમ કહે છે કે એ ભારત માતા તારા જ કાર્ય માટે અમે કટિબદ્ધ છીએ. બીજું કોઇ કામ નહિ ફકત ભારત માતાના ચરણે જયારે ધરવાની વાત આવે ત્યારે અમને કોઇ શિખામણ આપે ત્યારે અમારે કહેવું છે કે અમારા લોહીમાં રાષ્ટ્રવાદ છે.

પથ કા અંતિમ લક્ષ્ય નહિ હૈ સિંહાસન ચડતે જાના
સબ સમાજ કો લીએ સાથમેં આગે હૈ બઢતે જાના.

માનનીય અધ્યક્ષશ્રી, રૂ. ૨ લાખની આવક મર્યાદાવાળા જે વાલીઓ હોય, ધોરણ-૧૧-૧૨, અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરતી કન્યાઓને ભારત સરકારની શિષ્યવૃત્તિનો લાભ મળે છે. પણ આ છઠ્ઠું પગારપંચ અમલમાં આવ્યું, આટલી બધી મોંઘવારી, આટલા મોંઘવારી ભથ્થાં રિલીઝ થયા, ત્યારે વર્ગ-૪, જેને પટાવાળા કે સેવક કહીએ. કારકુન જેને આપણે કર્મયોગી કહીએ. સાહેબ, એનો વાર્ષિક પગાર બે લાખ કરતાં વધી જાય. તેનો લાભ કયારથી મળે અને એટલા માટે રાજય સરકારે પોતાના ફંડમાંથી રૂ. ૨૩૦થી ૧૨૦૦ સુધીની શિષ્યવૃત્તિ, રૂપિયા ત્રણ કરોડની જોગવાઇ ૧૦,૦૦૦ કન્યાઓ માટે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અસ્પૃશ્યતાને કારણે ભયંકર અત્યાચારનો ભોગ બની કોઇ દલિત કે આદિવાસીના ઘરનો મોભી જીવ ગુમાવે, કોઇ કમાઉ દીકરો કાયમી અપંગ થાય, કોઇ કોડભરી કન્યા કે મહિલાની આબરૂ લૂંટાય ત્યારે ઘર ઉપર આભ તૂટી પડે છે. આ કુટુંબ સામાજિક અને આર્થિક રીતે બદનામ અને બરબાદ થઇ જાય છે. આવા કુટુંબોને સરકારના સહારાની જરૂર હોય છે અને તેથી જ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ હેઠળ ભોગ બનેલા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વ્યકિતઓને જે મળવાપાત્ર સહાય છે એમાં ધરખમ વધારો માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ખૂન કેસમાં ૨,૦૦,૦૦૦ રૂપિયા મળતા હતા એ વધારીને ૫,૦૦,૦૦૦ રૂપિયા કર્યા છે. મહાવ્યથામાં ૫૦,૦૦૦ની જગ્યાએ ૧.૨૦ લાખ, બળાત્કારનો ભોગ બનેલ માટે ૫૦,૦૦૦થી વધારીને ૧,૨૦,૦૦૦, આગથી કે અન્ય બગાડમાં ૨૫,૦૦૦૦થી વધારીને ૬૦,૦૦૦ અન્ય બાબતોમાં ૬,૦૦૦થી વધારીને ૧૫,૦૦૦ આમ કુલ આ બજેટમાં ૨.૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનાને પાટણના સહસ્ત્રલીંગ તળાવમાં પાણી આવે તે માટે બલિદાન આપનાર દલિત વીર મેઘમાયાના નામ સાથે હું જોડું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રસેના મિત્રો ભાજપના શાસનમાં દલિતો પર અત્યાચાર વધી રહ્યા છે તેના આક્ષેપો વારંવાર કરતા હોય છે. પણ એ હકીકત સાચી નથી, હું ૨૦ વર્ષના અત્યાચારના આંકડા આપીને કહી શકું તેમ છું. પણ એમાં હું સમય નથી લેતો પણ જે એમની કેન્દ્ર સરકારે જે ભારત સરકારનું નેશનલ ક્રાઇમ બ્યૂરો છે એમણે જે આંકડા આપ્યા છે એ જ હું અહીંયા મૂકવા માગું છું. ૨૦૧૦માં દેશમાં ૩૨,૭૧૨ ગુના આચરવામાં આવ્યા, કોંગ્રેસ શાસિત રાજસ્થાનમાં ૪,૯૭૯, આંધ્રપ્રદેશમાં ૪,૩૨૧, મહારાષ્ટ્રમાં ૧૧૩૨, ઉત્તર પ્રદેશમાં ૬૨૭૨, તામિલનાડુમાં ૧૬૩૧ અને ગુજરાતમાં ફકત ૧૦૦૮. જે લોકો એમ કહેતા હોય કે અત્યાચાર વધી રહ્યા છે. આ કેન્દ્ર સરકારનો અહેવાલ છે. એ આપની સમક્ષ મૂકયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ માટે અંદાજે ૧૧ યોજના. જનજાતિની ૧૦ યોજના, બક્ષીપંચની ૧૯ અને વિકલાંગોની બે યોજના. આ બધામાં જે આવક મર્યાદા હતી એ ઘણી જગ્યાએ બી.પી.એલ., કોઇ જગ્યાએ રૂપિયા ૧૧,૦૦૦, કોઇ જગ્યાએ રૂપિયા ૧૫,૦૦૦. અમને જયારે જયારે પણ પક્ષના આગેવાનો મળે, ધારાસભ્યો મળે તો એમ જ કહે કે ભાઇ, આ મર્યાદાનું કંઇક કરો, કોઇને લાભ મળતો નથી. ગરીબોના બેલી અને વંચિતોના વાણોતર માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમની

માગણી અને લાગણી સ્વીકારી અને એટલે હવે તમામ જે ૪૨ યોજનાઓ છે એમાં ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૨૭,૦૦૦ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૩૬,૦૦૦ની આવક મર્યાદા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આવક મર્યાદાની વાત નીકળી છે ત્યારે, ભારતના આયોજન પંચે હમણાં ગરીબીની વ્યાખ્યા કરી અને આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે, શહેરી વિસ્તારમાં રૂ.૨૮.૬૫ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૨.૪૦ ખર્ચી શકે એ ગરીબ નહીં. કોંગ્રેસની કુનીતિ અને ભ્રષ્ટાચારને કારણે મોંઘવારી દિન-પ્રતિદિન વધતી જાય છે. ૨૦૦૦ની ચૂંટણીઓમાં આજ કોંગ્રેસે મોંઘવારી દૂર કરવાનું વચન આપ્યું હતું એ હજુ સુધી મોંઘવારી દૂર કરી શકી નથી. જે ઉપાધ્યક્ષશ્રીએ જાહેરાત કરી, આપના દ્વારા સન્માનનીય ગૃહ અને ગુજરાતની ૬ કરોડની પ્રજાને એક આર.ટી.આઇ. કાર્યકર્તાએ જે માહિતી મેળવી છે એ આપના ધ્યાને મુકવી છે. આયોજન પંચની રચના થઇ તેના ઉપાધ્યક્ષ ભારતમાં ફરવાને બદલે વિદેશમાં પાંચ વર્ષ ફર્યા એનો ખર્ચ એણે માગ્યો હતો, એના આંકડા આવ્યા એ મારી પાસે છે. એ એમ કહે છે કે, આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રીએ વિદેશ યાત્રામાં રૂ.૨,૦૪,૩૬,૮૯૫/-નો ખર્ચ કર્યો. જે દેશના ૧૦ કરોડ અને ૫૦ લાખ કુટુંબો ફક્ત રૂ.૪૫/- કે ઓછી આવક ઉપર ગુજરાન ચલાવે છે તે દેશના આયોજન પંચના ઉપાધ્યક્ષનો ફક્ત વિદેશ પ્રવાસનો રોજનો સરેરાશ ખર્ચ રૂ.૧૧,૩૪૫/- છે અને એ જ્યારે એમ કહેતા હતા કે, આટલા રૂપિયાની અંદર ગરીબીની વ્યાખ્યા કરે ત્યારે આપણને નવાઇ લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતિમાં પણ આપણા દેશના વડાપ્રધાન મનમોહનસિંહ એમ કહે કે, ‘‘માલ્યાને મદદ કરો... માલ્યાને મદદ કરો.’’ હું એમ સમજ્યો કે આ માલ્યો એ કોઇ બી.પી.એલ.વાળો હશે. કારણ કે, કેન્દ્ર સરકારની બધી જ યોજનાઓ બીપીએલવાળાની છે. પછી ખબર પડી કે, આ માલ્યો બીપીએલવાળો નહીં પણ વિજય માલ્યા માટે કહે છે. પછી મેં જાણ્યું એમાં કે, આ શરાબનો વેપારી અને કીંગ ફીશર એરલાઇન્સના માલિક વિજય માલ્યાને કરોડો રૂપિયાની મદદ કરવા માટે જ્યારે એને વડાપ્રધાન કહે છે ત્યારે મેં શોધ્યું કે, આ વિજય માલ્યા કોણ છે? આ ગરીબ વિજય માલ્યા એ દેશમાં સૌથી મોટો અને વિશ્વનો બીજા નંબરનો દારૂનો ઉત્પાદક છે. ફોર્બ્સ મેગેઝીનમાં આ આવ્યું છે. એ હું રેકર્ડ સાથે બોલું છું. મારી પાસે એના કટીંગ છે. તેની રૂ.૧.૪ કરોડ ડોલર એટલે કે રૂ.૭,૦૦૦/- કરોડની અંગત સંપત્તિ છે અને એની શરાબ કંપનીની મિલ્કતો રૂ.૧૦,૫૦૦/- કરોડની છે અને આ ગરીબ માલ્યા પાસે ફક્ત વર્ષે દહાડે એ રૂ.૫૫૦/- કરોડ નફો કરે છે. હમર, મર્સિડીઝ, ફેરારી, રોલ્સ રોય જેવી ૩૩ વૈભવી કાર સાથે કુલ ૩૦૦ અંગત કાર એની પાસે છે અને અત્યારે બેંગ્લોરમાં ૩૪ માળનું મકાન બનાવી રહ્યો છે. દેશના વડાપ્રધાન અબજોપતિ વિજય માલ્યાને મદદ કરવાનું કહે છે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના ગરીબોને મદદ કરવાનું કહે છે અને ગરીબોની ગરીબી દૂર કરવા માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરે છે. ૬૪૨ ગરીબ કલ્યાણ મેળામાં ૫૭,૪૨,૦૦૦ લાભાર્થીઓને રૂ.૭,૯૧૦/- કરોડની સહાય અપાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના લઘુમતિઓની વાત કરી છે ત્યારે અનાયાસે મને પાકિસ્તાનના લઘુમતિઓની યાદ તાજી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાનની અંદર હિન્દુ, શીખ અને ખ્રિસ્તીઓની દીકરીઓને જબરદસ્તી અપહરણ, બળાત્કાર કરાવીને ધર્માંતર થઇ રહ્યા છે. અત્યાચાર કરાવીને ધર્માન્તર થઇ રહ્યા છે અને આ અહેવાલ એ પાકિસ્તાનના માનવ અધિકાર પંચે બહાર પાડયો છે અને અમેરિકાના માનવ અધિકારવાદીઓએ એ પ્રશ્ન ઉભો કર્યો, હિન્દુ સમાજમાં અને વિશેષ કરીને પાકિસ્તાનની અંદર વસતા જે દલિતો છે, હિન્દુઓ છે, મોટા ભાગે બધા દલિતો છે. હિન્દુ સમાજમાં વિશેષ કરીને દલિત હિન્દુઓ અમાનવીય હુમલાનો ભોગ બનતા હોવાથી અનેક દલિત હિન્દુ ધર્મ બચાવવા સ્થળાંતર કરીને આજે ભારતમાં શરણ અને નાગરિકત્વ માંગી રહ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું જે મુખપત્ર છે. પાંચજન્ય અને ગુજરાતી સાપ્તાહિક સાધના, આમાં એના વિસ્તૃત અહેવાલો આવ્યા. ત્યારે પાકિસ્તાનમાંથી સ્થળાંતરિત દલિત હિન્દુઓ સાથે ભારત સરકાર માનવીય વહેવાર કરે અને તેમને નાગરિકત્વ આપે તેવી આ ગૃહ મારફતે હું કેન્દ્ર સરકારને હું વિનંતી કરું છું. સમાજ સુરક્ષા અંતર્ગત અનાથ, નિરાધાર અને વિકલાંગોને સંબંધ છે ત્યાં સુધી ગત વર્ષ કરતા આ વર્ષે રૂ.૪૪.૮૩ કરોડની વધારે જોગવાઇ

કરી છે. વય વંદના યોજના નીચે ૬૫ વર્ષની મર્યાદા હતી એ ૬૦ કરી એના માટે અને બીજા રૂ.૧૮૯ કરોડની વધારાની જોગવાઇ કરી. સમાજ સુરક્ષાના જે ૨૧૬ ગ્રાન્ટ ઇન એઇડ વૃદ્ધાશ્રમો ચાલે છે એમાં પણ રૂ. ૬૦૦ની જગ્યાએ નિભાવ ગ્રાન્ટ ૧૦૦૦ રૂપિયા કરવામાં આવી. આપણે ત્યાં અનુસૂચિત જાતિ માટે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, માનવ ગરિમા બેન્કેબલ સીધા ધિરાણની યોજના છે અને આ અંતર્ગત છેલ્લા દસ વર્ષની અંદર ૧,૫૫,૧૮૪ લાભાર્થીને ૨૮૭ કરોડની લોન અને સહાય આ નિગમ દ્વારા આપવામાં આવી છે. એ જ રીતે વાલ્મિકી ભાઇઓ, સફાઇ કામદારો માટે મહર્ષિ વાલ્મિકી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ છે. તેમાં ૪૭,૫૦૯ લાભાર્થીઓને રૂ.૧૫૧ કરોડની લોન અને સહાય આપવામાં આવી. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ છે એમાં બક્ષીપંચના ૬૩૨૪ લાભાર્થીઓને રૂ.૫૧ કરોડની લોન અને સહાય આપવામાં આવી. મારો માલધારી સમાજ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ દ્વારા ૪૩૮૬ માલધારી ભાઇઓને રૂ.૧૫ કરોડની સહાય આપવામાં આવી. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ૨૭૩૪ લાભાર્થીઓને ૧૩ કરોડની અને ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમના ૧૩ હજાર લાભાર્થીઓને રૂ.૫૧ કરોડની સહાય આપવામાં આવી.

જાતિવાદી લાગણીઓ ભડકાવી માણસાની જીતથી અમારા કોંગ્રેસી ગેલમાં આવી ગયા છે. કેટલાકને રાતોરાત સોગંદવિધિના સપના આવે છે. મધ્યાહને તપતો લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો સૂરજ, માણસાના એકાદ વાદળથી ડૂબી જવાનો નથી. કરોડો વર્ષથી સૂર્ય અને ચંદ્રમાં અનેકવાર થોડાક કલાકો માટે ગ્રહણ આવ્યા હશે પણ છતાંય ચંદ્રની શીતળતા અને સૂર્યની ઉર્જા જગતને ઉજાળતાં રહ્યાં છે, અને જીવાડતા રહ્યા છે. કીનારે ઊભા રહીને દરિયાની ઓટને જોઇને જે ખુશ થતા હોય છે ઓટ વખતે એને દરિયો કહે છે, દરિયો શું જવાબ આપે છે,

કીનારે ઉભેલી જમાત, ભરતી ઓટનો ખેલ જોનારી,
આજની અમાવસની મારી આ ઓટ
આવતી પૂનમની ભરતીની છે તૈયારી
ત્યાર પછી ત્રાટકીશ બનીને સુનામી,
શોધી નહીં જડે તમારી એકેયની નનામી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના આદરણીય નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળ અમારી સરકાર અને ભારતીય જનતા પક્ષ આવનાર પડકારોથી વાકેફ છે. અમોને લલકારનારાઓને મારે આદરણીય અટલજીની પંક્તિથી જવાબ આપવો છે.

'' અટલ ચૂનોતી અખિલ વિશ્વકો, ભલા બુરા ચાહે જો માને,
ડટે હુએ હૈ રાષ્ટ્ર ધર્મ પર, વિપદાઓ મેં સીના તાને ''

માનનીય અધ્યક્ષશ્રી, અમને ડરાવનારાઓને પણ આદરણીય અટલજીની પંક્તિથી મારે જવાબ આપવો છે.

'' કભી થે અકેલે હુએ આજ ઇતને, નહીં તબ ડરે તો ભલા અબ ક્યા ડરેંગે?'
વિરોધો કે સાગર મેં ચટ્ટાન હૈ હમ, જો ટકરાયેંગે મોત અપની મરેંગે,
લીયે હાથ મેં ધ્વજ કભી ના ઝુકેગા, કદમ બઢ રહા હૈ કભી ના રૂકેગા.''

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સર્વત્ર સુરાજ્ય અને રામરાજ્યની સુવાસ ફેલાઇ રહી છે ત્યારે આ મારા બન્ને વિભાગોની માગણી સર્વાનુમતે સ્વીકારાય તેવી આપના મારફત સન્માનનીય ગૃહને વિનંતી કરું છું.

**માગણી ક્રમાંક : ૯૨, ૯૫, ૯૮ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.**
**ચૈત્ર ૭, ૧૯૩૪**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

**વિરોધપક્ષના સભ્યો સભાગૃહમાં ટોપીમાં ભાજપ કો સન્મતી દે ભગવાનનું લખાણ તેમજ જુદાજુદા લખાણવાળા શર્ટ ધારણ કરીને પ્રવેશ્યા.**

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**વિપક્ષો દ્વારા સભાગૃહમાં પ્રદર્શન કરવા અંગે**

**શ્રી 148/p a g e >પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય) વિપક્ષના સભ્યો આ સભાગૃહની અંદર જે રીતે ટોપી પહેરીને પ્રદર્શન કરી રહેલા છે એમની ટોપી અને શર્ટ ઉપર જે રીતે લખાણો, જુદા જુદા લખાણોના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહમાં પ્રદર્શન માટે ના વાપરી શકાય.. આજે સતત પાંચમો દિવસ છે. (અંતરાય)

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોઇ શકે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રદિપસિંહભાઇ આપ બેસો. પ્લીઝ..માનનીય ઇકબાલભાઇ, ગઇકાલે પણ આ બાબતે ખૂબ લંબાણથી ચર્ચા થઇ અને આ બાબતે મેં રૂલીંગ પણ આપ્યા છે. ગૃહનું સન્માન જાળવવાનું આપણા સૌની ફરજમાં આવે છે. ગઇ કાલે મેં રૂલીંગ આપ્યું કે આ પ્રકારના લખાણ વાળા કપડાં કરેલા પહેરીને પ્રદર્શન કરીને આપણે આવી શકતા નથી. પ્રદર્શન આપણે કરી શકતા નથી, બતાવી શકતા નથી. છતાં પણ આજે આપણે રિપિટ કરીએ છીએ એ ખરેખર ગૃહનું અવમાન છે. (સતત અંતરાય ) નહીં પ્લીઝ .. એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર ના મંજૂર કરું છું પણ આપ પ્રદર્શન ઉતારી દો પ્લીઝ.. એના સિવાય ચર્ચાઓ યોગ્ય નથી. આપ સર્વે સભ્યશ્રીને વિનંતી છે. પ્લીઝ.. આપણે બધા વિધાનસભાના નિયમોથી આપણે સૌ બંધાયેલા છીએ, એનું પાલન કરવું આપણા સૌની ફરજમાં આવે છે. કોઇ સભ્યશ્રી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવે ત્યારે જ મારે રૂલીંગ આપવું એવું નથી. જયારે ગૃહનું અવમાન ગૃહ શરૂ થાય તે વખતે કે પહેલા જ જો નજરમાં આવતું હોય તો અધ્યક્ષ તરીકે પણ હું આપને કહી શકું છું. ગઇ કાલે પણ મેં આપને ઠપકો આપ્યો હતો. રોજ રોજ ઠપકો આપવો યોગ્ય નથી. આ પ્રકારના પ્રદર્શનો આપણે કરી શકતા નથી. આપને મારી નમ્ર વિનંતી છે પ્લીઝ.. (અંતરાય) આપના પ્રશ્નો ચર્ચા કરવા માટે જ ગૃહ હોય છે પણ આપ જો આ રીતે ગૃહનું અવમાન કરતા હોય તો યોગ્ય નથી. આ કોઇપણ રીતે યોગ્ય નથી. આપનું પ્રદર્શન ચલાવી નહીં લેવાય. પ્રશ્નોત્તરીના સમય સુધી હું ગૃહને મુલતવી રાખું છું.(**બપોરના ૧૨-૦૩)**

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧-૦૦ વાગ્યે ફરી મળી**
**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### પંચમહાલ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૩૦૧૬૯ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨)તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૧) અને (૨)<br>ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧મા ` ૧૯૫.૬૩ લાખના ખર્ચે કુલ ૧૩૪૬ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

---------

### માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરિયાદો

૩૦૧૦૪ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂક કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી અને બે માહિતી કમિશ્નરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરિયાત મુજબ કમિશ્નરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે. |

---------

### રાજકોટ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો

૩૦૧૪૫ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૫ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૩૮૨.૫૬ લાખ. |

### 149/p a g e > દક્ષિણ ગુજરાતમાં કાર્યાન્વિત કોમન યુઝર ખાનગી બંદરો

૩૦૨૨૮ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દક્ષિણ ગુજરાતમાં તા. ૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ કેટલા કોમન યુઝર ખાનગી બંદરો કાર્યાન્વિત છે, | (૧) ૨ (બે). |
| (૨) તે સ્થિતિએ કેટલા નવા ખાનગી બંદરોનો વિકાસ થઈ રહેલ છે, અને | (૨) ૧ (એક) દહેજ ખાતે. |
| (૩) આ બંદરો ઉપરથી કયા-કયા પ્રકારના કાર્ગોની હેરફેર થનાર છે ? | (૩) (૧) લીકવીડ બલ્ક-કેમીકલ અને પીઓએલ<br>(૨) જનરલ કાર્ગો/ડ્રાય (૩) કન્ટેનર્સ |

---------

### સાબરકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૩૦૧૫૭ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) અને (૨)<br>ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ` ૫૦૬.૧૫ લાખના ખર્ચે કુલ ૬૨૨૩ |

(૨)તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**દાહોદ જિલ્લામાં પોલીસના જાપ્તામાંથી ભાગી ગયેલા કેદીઓ**

૩૦૦૬૫ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં પોલીસ જાપ્તામાંથી કયા કયા કેદીઓ ભાગી ગયા, તે અન્વયે કયા કયા કેદીઓને પાછા પકડવામાં આવ્યા, અને

(૨) પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ કેદીઓ અન્વયે જવાબદારો સામે સરકારે શા પગલા લીધા ?

**જવાબ**

(૧) **ભાગી ગયેલ કેદીઓ.**

૧. શબ્બીરભાઈ મડીયાભાઈ તડવી.
૨. સુરેશભાઈ રેવજીભાઈ તડવી.
૩. જયેસભાઈ ગણપતભાઈ ભોઈ.
૪. મંગળભાઈ કોયાભાઈ પારગી.
૫. પરશુભાઈ કાળીયાભાઈ મોહનીયા.
૬. કીશનલાલ સમરસીંગ મોહનીયા.
૭. તેરસીંગભાઈ ઉર્ફે કાળુભાઈ રામાભાઈ ચરપોટ.
૮. ભરતભાઈ મોતીભાઈ મછાર.

**પકડવામાં આવેલ કેદીઓ.**

૧. શબ્બીરભાઈ મડીયાભાઈ તડવી.
૨. પરશુભાઈ કાળીયાભાઈ મોહનીયા.
૩. કીશનલાલ સમરસીંગ મોહનીયા.
૪. તેરસીંગભાઈ ઉર્ફે કાળુભાઈ રામાભાઈ ચરપોટ.
૫. ભરતભાઈ મોતીભાઈ મછાર.

(૨) ફરજમાં નિષ્કાળજી દાખવનાર પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગુનાઓમાં અટક કરવામાં આવેલ છે. તેમજ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ છે.

**માજી સૈનિકોના સંતાનો માટે બોડકદેવમાં છાત્રાલયની સુવિધા**

૩૦૧૪૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માજી સૈનિકોના સંતાનો ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે અમદાવાદ શહેરમાં આવેલ બોડકદેવમાં છાત્રાલય શરૂ કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તે છાત્રાલયમાં શું સુવિધાઓ આપવામાં આવી રહી છે, અને | (૨) છાત્રાલયમાં નિઃશુલ્ક રહેવા તથા જમવાની. |
| (૩) ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ સુધીમાં તેનો કેટલા લોકોએ લાભ લીધેલ છે ? | (૩) વર્ષ ૨૦૧૦–૧૧ – ૩૧<br>વર્ષ ૨૦૧૧–૧૨ – ૩૨. |

**ખાણ ખનિજ ખાતાની કચેરીઓને I S O –9001 પ્રમાણપત્રો**

૩૦૩૦૧ **શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુયોજીત કામગીરી માટે ખાણ–ખનિજ ખાતાની કેટલી કચેરીઓને I S O –9001 પ્રમાણપત્રો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આપવામાં આવ્યા, અને | (૧) વડી કચેરી સહીત તમામ જિલ્લાની તમામ ૨૮ કચેરીઓને **I S O –9001** પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. |
| (૨) તે કચેરીઓ કઈ કઈ છે ? | (૨) કચેરીઓની વિગતોનું પત્રક– ૧ સામેલ છે. |

**પત્રક – ૧**

**ખાણ અને ખનિજ ખાતાની કચેરીઓને તા. 31/12/11 ની સ્થિતીએ આપવામાં આવેલ I S O –9001 : પ્રમાણપત્રની વિગત**

| નં | કચેરીનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી, ગાંધીનગર અધિક નિયામકશ્રી, અપીલ અને ફ્લાઇંગ સ્કવોર્ડ, સહિત. | બ્લોક નં–૧/૨, ૭ મો માળ, ઉદ્યોગ ભવન, સેકટર–૧૧ ગાંધીનગર. |
| ૨ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ખનિજ સંશોધન વર્તુળ, અમદાવાદ | ઓ–૧૭, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ મેઘાણીનગર, અમદાવાદ |
| ૩ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ખનિજ સંશોધન વર્તુળ, રાજકોટ | બ્લોક નં–૨/૪, બહુમાળીભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ. |
| ૪ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ખનિજ સંશોધન વર્તુળ, વડોદરા | બ્લોક નં–આઈ–૮–મો માળ, કુબેરભવન કોઠી કંપાઉન્ડ, વડોદરા. |
| ૫ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, અમદાવાદ | જુની કલેકટર કચેરી, ઘી કાંટા, અમદાવાદ |
| ૬ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, આણંદ | કલેકટર કચેરી કંપાઉન્ડ, બોરસદ ચોકડી આણંદ |
| ૭ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, અમરેલી | સી–૨૧૩, ૨–જો માળ,કલેકટર કચેરીકંપાઉન્ડ બહુમાળીભવન, અમરેલી. |
| ૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભરૂચ. | કલેકટર કચેરી કંપાઉન્ડ, ભરૂચ |
| ૯ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભાવનગર | કલેકટર કચેરી કંપાઉન્ડ, મોતીબાગ, ભાવનગર |
| ૧૦ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, દાહોદ | કલેકટર કચેરી કંપાઉન્ડ, છાપરી, દાહોદ |
| ૧૧ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,ગાંધીનગર | કલેકટર કચેરી, બહુમાળી ભવન, ગાંધીનગર |
| ૧૨ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ગોધરા | કલેકટર કચેરી કંપાઉન્ડ, રૂમ નં.૯/૧૪, ૧ લો માળ, ગોધરા |
| ૧૩ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,સાબરકાંઠા | બ્લોક નં. સી, ત્રીજો માળ, કલેકટર કચેરી કંપાઉન્ડ, હિંમતનગર(સા.કાં) કંપાઉન્ડ |
| ૧૪ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, જામનગર | ત્રીજો માળ, બહુમાળી ભવન, લાલ બંગલો,જામનગર |
| ૧૫ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, જુનાગઢ | ૨/૩, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,સરદાર બાગ, જુનાગઢ. |
| ૧૬ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભુજ | ૩૧૨,, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,ભુજ–કચ્છ |
| ૧૭ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, મહેસાણા | ૩ જો માળ, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,મહેસાણા. |
| ૧૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, નડિયાદ | સી–૩૦૯, ૩ જો માળ, સરદાર પટેલ ભવન, નડિયાદ–ખેડા |
| ૧૯ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, નર્મદા | રૂમ નં. ૨૨૪ & ૨૨૫, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,રાજપીપળા (નર્મદા) |
| ૨૦ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,નવસારી | બ્લોક સી, બીજો માળ, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,નવસારી |
| ૨૧ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,પાલનપુર | કલેક્ટર કચેરી કંપાઉન્ડ,બહુમાળી ભવન, જોરાવર પેલેસ, પાલનપુર (બ.કાં) |
| ૨૨ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,પાટણ | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટી રોડ, પાટણ |

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

| નં | કચેરીનું નામ | સરનામું |
|---|---|---|
| ૨૩ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, પોરબંદર | સાંદીપની રોડ, એરપોર્ટ સામે, પોરબંદર |
| ૨૪ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, રાજકોટ | કલેકટર કચેરી કંપાઉન્ડ સેવાસદન, રાજકોટ |
| ૨૫ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, સુરત | સી–૭, કલેકટર કચેરી કંપાઉન્ડ, બહુમાળીભવન, નાનપુરા, સુરત. |
| ૨૬ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, સુરેન્દ્રનગર | બ્લોક નં–સી–૧૦૫, બહુમાળીભવન, રતનપર ખેરાળી રોડ, સુરેન્દ્રનગર. |
| ૨૭ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, વડોદરા | રૂમ નં–૭૨૮, ૭ મો માળ, બ્લોક– આઈ, બહુમાળીભવન,કુબેરભવન, વડોદરા. |
| ૨૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, વલસાડ | ૨/૫,કલેકટર કચેરી કંપાઉન્ડ, તીથલ રોડ, વલસાડ. |

---------

**મહેસાણા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૪૧ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧) કુલ – ૨૨૯ રહેણાંકના મકાનો.

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ ` ૧૨૧૭.૦૧ લાખ.

---------

**કચ્છ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૩૦૧૯૩ **શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોનાં કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ – ૧૧૦ રહેણાંકના મકાનો.

(૨) કુલ ` ૭૧૪.૩૯ લાખ.

---------

**ડાંગ જિલ્લામાં ફાળવવામાં આવેલ ૬૬ કે. વી. ના વીજ સબ સ્ટેશનો**

૩૦૧૪૦ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ–વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં ૬૬ કે. વી. ના કેટલા વીજ સબસ્ટેશન ફાળવવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા કાર્યરત થયા, અને

(૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં ૬૬ કે. વી. નું ૧ (એક) વીજ સબસ્ટેશન આહવા તાલુકાના સુબીર ખાતે ફાળવવામાં આવેલ છે.

(૨) ડાંગ જિલ્લામાં ફાળવવામાં આવેલ ૬૬ કે. વી. સુબીર સબસ્ટેશનનું કાર્ય પ્રગતિમાં છે, જે તા. ૩૧–૦૩–૨૦૧૨ સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે.

(૩) ડાંગ જિલ્લામાં ફાળવવામાં આવેલ ૬૬ કે. વી. સુબીર સબસ્ટેશન માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ

` ૨૯૩.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૮ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૬૩ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૩૮૬.૧૦ લાખ. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૬૧ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) અને (૨)<br>ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૧૮.૬૭ લાખના ખર્ચે કુલ ૩૯૪ વીજ જોડાણો આપવામાં આવ્યા છે. |

---------

**માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરીયાદો**

૩૦૧૦૬ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧–૧–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશનરની નિમણૂક કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | તા. ૩૧–૧–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરિયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે. |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં ગ્રામ રક્ષક દળના જવાનોની સંખ્યા**

૩૨૧૨૫ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગ્રામ રક્ષક)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગ્રામ રક્ષક દળના જવાનો છે,

(૧)

| આણંદ જિલ્લો | | ખેડા જિલ્લો | |
|---|---|---|---|
| ખંભાત | ૨૫૦ | ઠાસરા | ૨૨૫ |
| પેટલાદ | ૨૫૦ | માતર | ૨૫૦ |
| આણંદ | ૨૫૦ | મહેમદાવાદ | ૨૨૦ |
| બોરસદ | ૨૫૦ | કપડવંજ | ૨૩૦ |
| કુલ | ૧૦૦૦ | બાલાસિનોર | ૨૨૫ |
| | | નડિયાદ | ૨૧૫ |
| | | કુલ | ૧૩૬૫ |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) તેઓને કેટલો પગાર/માનદવેતન/ભથ્થું આપવામાં આવે છે, | (૨) માનદ વેતન ` ૬૦/– (અંકે રૂપિયા સાઈઠ પુરા). |
| (૩) સરકારશ્રીએ ગ્રામ રક્ષક દળના જવાનોને કાયમી કરવા બાબતે માંગણી મળેલ છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) તેઓને કાયમી કરવા કોઈ વિચારણા થઈ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

## વડોદરા જિલ્લામાં તાલુકાવાર સીંગલ ફેસથી ઘરોને વીજ જોડાણો

૩૧૯૬૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર–પાવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર સ્પે. ડીઝાઈન ટ્રાન્સફોર્મર દ્વારા સીંગલફેસ થી કેટલા ઘરોમાં વીજ જોડાણ આપવામાં આવેલ છે,

(૨) કેટલા વીજ જોડાણો આપવાના બાકી છે,

(૩) આ યોજના કેટલા સમયથી અમલમાં છે, અને

(૪) આવા કનેકશનો મેળવવા કેટલો આર્થિક અંદાજ નક્કી કરેલ છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

ખેતીવાડી વિસ્તારમાં વસતા કૃષિ વિષયક વીજ ગ્રાહકોને તેઓ દ્વારા તેમના ઘરવપરાશ માટે ગુજરાત સરકાર દ્વારા સંશોધિત કરી વિકસાવવામાં અને શરૂ કરવામાં આવેલ ખાસ પ્રકારના સ્પેશ્યલ ડીઝાઈનવાળા ટ્રાન્સફોર્મર મારફતે સીંગલ ફેઈઝ વીજળી વર્ષ ૨૦૦૫થી આપવામાં આવે છે.

તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ખેતરોમાં વસતા અને સ્પેશ્યલ ડીઝાઈનવાળા ટ્રાન્સફોર્મર દ્વારા વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતા વીજ જોડાણોની સંખ્યા અને પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | સ્પેશ્યલ ડીઝાઈનવાળા ટ્રાન્સફોર્મર મારફતે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા | બાકી પડતર અરજીઓ |
|---|---|---|
| વડોદરા | ૨૨૪૭ | ૨૭ |
| સાવલી | ૯૭૯ | ૪૮ |
| વાઘોડીયા | ૨૦૮ | ૨૪ |
| પાદરા | ૧૩૯૮ | ૧૭ |
| કરજણ | ૧૬૫ | ૨ |
| શીનોર | ૮૦ | ૦ |
| ડભોઈ | ૨૪૯ | ૭ |
| સંખેડા | ૨૪૧ | ૧ |
| પાવી જેતપુર | ૩૮૯ | ૧ |
| છોટા–ઉદેપુર | ૪૨ | ૦ |
| ક્વાંટ | ૭ | ૦ |
| નસવાડી | ૨૩૧ | ૮ |
| જાંબુઘોડા | ૨૪ | ૦ |
| કુલ | ૬૨૫૦ | ૧૩૫ |

(૪) ખેતીવાડી વિસ્તારમાં વસતા કૃષિ વિષયક વીજ ગ્રાહકોને તેઓ દ્વારા તેમના ઘરવપરાશ માટે વીજ જોડાણની માંગણી કરવામાં આવે ત્યારે વીજ કંપનીના ધારા ધોરણ મુજબ પ્રવતર્માન યોજનાઓ અંતર્ગત અંદાજપત્ર આપી નાણાં ભરપાઈ થયેથી ખાસ પ્રકારના સ્પેશ્યલ ડીઝાઈનવાળા ટ્રાન્સફોર્મર મારફતે સીંગલ ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ સ્પેશ્યલ ડીઝાઈનવાળા ટ્રાન્સફોર્મર માટે ગ્રાહક પાસેથી કોઈ વધારાનો ચાર્જ વસૂલ કરવામાં આવતો નથી.

---------

## રાજ્યમાં તત્કાલ વીજ જોડાણ આપવા માટેનો ચાર્જ

૩૦૦૪૧ **શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની નીતી અન્વયે તત્કાલ વીજ જોડાણ માટે કેટલી રકમનો ચાર્જ લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧) ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની સામાન્ય યોજના અંતર્ગત હળવા–ભારે દબાણની લાઈન ચાર્જીસ ટ્રાન્સફોર્મર સેન્ટર તેમજ માલસામાનના ૮૦ ટકા રકમ અરજદાર પાસેથી વસુલવામાં આવે છે. જ્યારે ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ હેઠળ હળવા–ભારે દબાણની લાઈન ચાર્જીસ, ટ્રાન્સફોર્મર સેન્ટર તેમજ માલસામાનના ૫૦ ટકા રકમ વસુલવામાં આવે છે.

ખેતી વિષયક વીજ જોડાણ માટે હોર્સ પાવર આધારિત ટ્રાન્સફોર્મરની ક્ષમતા અને જે જગ્યાએ વીજ જોડાણ માંગેલ હોય એ સ્થાનેથી હયાત માળખાગત સુવિધા સુધીની લંબાઈ/અંતર પ્રમાણે સર્વે કરી નિશ્ચિત થતી રકમના અંદાજ

આપવામાં આવે છે જે દરેક કૃષિ વિષયક જોડાણ માટે અલગ–અલગ હોય છે.

(૨) આવા જોડાણોમાં સરકાર કોઈ સબસીડી આપે છે કે કેમ ?

(૨) તત્કાલ વીજ જોડાણ અંતર્ગત સામાન્ય યોજનામાં ૮૦ ટકા રકમ અરજદાર પાસેથી વસુલવામાં આવે છે અને બાકીની રકમ સંબંધિત વીજ કંપની ભોગવે છે. જ્યારે ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ હેઠળ ૫૦ ટકા રકમ અરજદારે ભોગવવાની હોય છે અને બાકીની રકમ સંબંધિત વીજ કંપની ભોગવે છે.

---------

**નવસારી જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ**

૨૬૮૭૬ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) માનવ કલ્યાણ યોજના અન્વયે નવસારી જિલ્લામાંથી વર્ષ ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલાં લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૯૦૦ | ૯૮૦ | ૩૯.૬૦ |
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | ૧૦૦૦ | ૫૩૦ | ૨૬.૫૦ |

---------

**તાપી જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૦૧૫૪ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો તાપી જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૨૯૦ અને વર્ષ ૨૦૧૧માં ૩૬૮ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો**

૩૦૨૫૭ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

ભાવનગર જિલ્લામાં સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ અને સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન રૂપિયા ૩૪૨.૦૦ લાખના ખર્ચે ૭૨૩ કિ.મી. જર્જરીત વિજ વાયરો બદલવામાં આવ્યા છે.

---------

**અમદાવાદ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લઘુમતી સમાજના ઉમેદવારોને આપેલ લોન**

૨૬૩૪૩ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ મારફતે કેટલા લઘુમતિ સમાજના યુવાનોને રોજગાર માટે રાષ્ટ્રીય બેંકો મારફત લોન આપવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ મારફતે લઘુમતિ સમાજના યુવાનોને રોજગાર માટે રાષ્ટ્રીય બેંકો મારફત નીચે મુજબ લોન આપવામાં આવી.

(૧) તા. ૧–૧–૨૦૦૯ થી તા. ૩૧–૧૨–૨૦૦૯

૭૪૯
(૨) તા. ૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ ૩૫૧ (૩) તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૧ ૪૨૩

(૨) રાષ્ટ્રીયકૃત બેંકો લઘુમતિ સમાજના વિસ્તારોને નેગેટીવ ઝોનમાં લઈ લોન આપતી નથી તે માટે શી કાર્યવાહી કરવામાં આવી છે?

(૨) આ પ્રકારની કોઈ રજુઆતો રાજ્ય સરકારને મળેલ નથી. રાષ્ટ્રીયકૃત બેંકો રાજ્ય સરકારના કાર્યક્ષેત્રમાં પણ નથી તેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરિયાદો

૩૦૧૦૧ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી અને બે માહિતી કમિશ્નરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશ્નરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

---------

### અમરેલી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૩૦૧૬૪ **શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં માં ` ૧૫.૨૯ લાખના ખર્ચે કુલ ૬૯૫ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

### પ્રાદેશિક સાયન્સ મ્યુઝીયમ સ્થાપવા માટે આયોજન

૩૦૨૧૮ **શ્રી કિશોરભાઈ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પ્રાદેશિક કક્ષાના સાયન્સ મ્યુઝીયમ સ્થાપવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના હાથ ધરવામાં આવી છે?

**જવાબ**

હા, જી.

વડોદરા, રાજકોટ, ભાવનગર, ભુજ અને પાટણ ખાતે પ્રાદેશિક કક્ષાના સાયન્સ મ્યુઝીયમ સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

---------

### રાજ્યમાં ઉદ્યોગગૃહને નર્મદાનું પાણી આપવા બાબત

૨૬૯૧૦ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજ્યમાં નર્મદાના પાણી ઉદ્યોગગૃહોને શાં દરથી આપવામાં આવે છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં આ પાણીના દરમાં કોઈ વધારો કે ઘટાડો કરવામાં આવેલ છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ નર્મદા યોજના હસ્તકની નહેરો થકી ઉદ્યોગગૃહોને પાણી ` ૧૩.૩૧ પ્રતિ ૧૦૦૦ લીટરે આપવામાં આવે છે.

(૨) રાજ્ય સરકારની ૨૦૦૭ માં નક્કી કરેલ નીતિ પ્રમાણે દર વર્ષે પાણીના દરોમાં ૧૦ ટકા વધારો કરવામાં આવે છે.

--------

**વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૭૩ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૩૩૨.૧૬ લાખના ખર્ચે કુલ ૨૮૬૯ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૭ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૬૩ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૩૮૬.૧૦ લાખ. |

**રાજકોટ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન**

૩૦૨૪૧ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન છે તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તે કયા સ્થળોએ, અને | (૨) દેવગામ–ખીરસરા, છતર–મીતાણા, જેતપુર, પડધરી અને જસદણ |
| (૩) તે કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) સરકારી તેમજ ખાનગી જમીન સંપાદન કરવા માટેની કાર્યવાહી ગતિમાં છે. |

**મહેસાણા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૯ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૨૨૯ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૨૧૭.૦૧ લાખ. |

---------

**જામનગર જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામ**

૩૦૨૦૭ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૨૭૯ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૬૦૬.૨૦ લાખ. |

**માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો**

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

૩૦૦૯૩ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

---------

**માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો**

૩૦૦૯૯ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

**૩ કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણ**

૩૦૧૫૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૭૬.૭૮ લાખના ખર્ચે કુલ ૧૪૫૩ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**જામનગર ધ્રોલ, જોડીયા કાલાવાડ અને તાલુકાઓમાં ખેતી વિષયક વીજ કનેકશનોના સર્વે નંબર બદલવા બાબત**

૩૨૧૨૩ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર, કાલાવાડ અને લાલપુર તાલુકામાં ખેતી વિષયક વીજ કનેકશનના એક જ ગામમાં સર્વે નંબર બદલવાની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાના શા કારણો છે, અને

(૪) આ એક જ ગામમાં સર્વે નંબર બદલવાની અરજીઓ બાકી છે તે ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) (૨) અને (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર, કાલાવાડ અને લાલપુર તાલુકામાં ખેતી વિષયક વીજ કનેકશનના એક જ ગામમાં સર્વે નંબર બદલવા મળેલ અરજીઓ, પૂર્ણ થયેલ કામગીરી અને પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ | તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કામ પૂર્ણ થયેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| **જામનગર** | ૧૧૩ | ૬૮ | ૬૦ | ૮ |
| **ધ્રોલ** | ૩૭ | ૨૦ | ૧૨ | ૮ |
| **જોડીયા** | ૯૦ | ૭૪ | ૭૦ | ૪ |
| **કાલાવાડ** | ૩૨ | ૨૨ | ૧૭ | ૫ |
| **લાલપુર** | ૪૯ | ૪૦ | ૧૪ | ૨૬ |
| **કુલ** | **૩૨૧** | **૨૨૪** | **૧૭૩** | **૫૧** |

(૪) બાકી પડતર અરજીઓની કામગીરી શકય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

**માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો**

૩૦૦૯૭ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થાઓ અને વ્યકિતઓને સહાય**

૩૦૧૯૨ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર–કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યકિતઓને સેવા પૂરી પાડવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ વ્યક્તિ/ખાનગી સંસ્થાઓને કઈ કઈ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે, અને

(૩) તે પેટે કેટલી રકમ લેવામાં આવી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જે ખાનગી સંસ્થાઓ અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવી છે તેની વિગત નીચે મુજબ છે.

(અ) ખાનગી પેઢીઓ દ્વારા બનાવવામાં આવતા બુલેટપ્રુફ જેકેટસ, હેલ્મેટસ, પેનલ્સ, ગ્લાસ તથા કારના પતરાના બેલેસ્ટીકસ પરીક્ષણની કામગીરી.

(બ) રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલવન્ટ વિગેરે) ઉત્પાદન કરતી કપંનીઓ તથા ડીલરોને તેની પ્રોડકટનું લાયસન્સ મેળવતાં પહેલાં પરીક્ષણ પ્રમાણપત્ર આપવાની કામગીરી.

(ક) કોર્ટો દ્વારા ખાનગી સંસ્થા/વ્યક્તિઓના મોકલવામાં આવતા કેસોમાં અભિપ્રાય આપવાની કામગીરી.

(ડ) ઈન્સ્યોરન્સ કંપનીઓના આગ, અકસ્માત વિગેરેના વીમાના કલેઈમ ચુકવવાના કિસ્સામાં જરૂરી તપાસ કરી અભિપ્રાય આપવાની કામગીરી.

(ઈ) પાસપોર્ટ–ઈમીગ્રેશન–વીઝાના કિસ્સામાં વ્યક્તિના ફિંગરપ્રીન્ટ આઈડેન્ટીફીકેશનની કામગીરી.

(૩) (અ) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને પૂરી પાડવામાં આવેલ સેવાઓ પેટે મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ફી પેટે લીધેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૦૯–૧૦ | ` ૫,૦૮,૫૮૧ |
| ૨ | ૨૦૧૦–૧૧ | ` ૧૦,૭૮,૨૮૦ |
| ૩ | ૨૦૧૧–૧૨ . ૩૧–૧–૧૨ સુધી | ` ૭,૭૬,૯૪૧ |

**માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો**

૩૦૧૧૦ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

---------

**જામનગર જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ રહેણાંકના મકાનોના કામો**

૩૦૨૦૩ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૨૭૯ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૬૦૦૬.૨૦ લાખ. |

**મહેસાણા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૪૦ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૨૨૯ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૨૧૭.૦૧ લાખ. |

**વીજ વપરાશ પર વીજ ડ્યુટી વસુલવા બાબત**

૩૦૫૩૨ **શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર( ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ રાજ્યમાં યુનીટ દીઠ વીજ વપરાશ પર ડ્યુટી નહીં લઇને એડવેરોલમ ધોરણે વસુલાય છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો તેના કારણો શા છે, અને રાજ્ય સરકારે યુનીટ દિઠ વીજ ડ્યુટી વસુલવા શી વિચારણા કરી છે ? | (૧) અને (૨) ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ મુજબ **(i )** મીટર ચાર્જીસ **(i i )** વીજ બીલની વિલંબીત ચુકવણી **(i i i )** ફ્યુઝ ચાર્જીસ અને પુનઃ જોડાણ ચાર્જીસ સિવાયના તમામ ચાર્જીસને વીજ વપરાશ (**Consumption Charges**) ચાર્જીસ ગણી તેના ઉપર નિયત દરે વીજ શુલ્ક લેવાય છે. |

**વીજ નિયમન પંચ દ્વારા ભાવ વધારો**

૩૦૦૫૩ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર વિજળીના ભાવો વધારવા માટે વીજ નિયમન પંચ દ્વારા યુનીટ દીઠ કેટ કેટલો વીજ ભાવ વધારો કરી આપ્યો, | રાજ્યમાં જુદી જુદી કક્ષાના તમામ વીજ ગ્રાહકોને વીજ દર લાગુ પાડવા અંગેની બાબત નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના કાર્યક્ષેત્રમાં આવે છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી અને તેની સબસીડીયરી કંપનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલ ટેરીફ પીટીશન સંદર્ભે નામદાર આયોગ દ્વારા સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ટેરીફ અંગે હુકમ કરવામાં આવે છે. જે મુજબ વીજ કંપનીઓ દ્વારા વીજ દર લાગુ પાડવામાં આવે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા થતો કોલસા અને ગેસના ભાવમાં વધારો તેમજ કોલ પરિવહનના દરોમાં થતા વધારા, અન્ય પરિબળો અને વીજ ખરીદીના ભાવોમાં થતા વધારા/ઘટાડાને કારણે વીજ કંપનીઓ ઉપર જે વધારાનો બોજો આવે છે, તે નામદાર વીજ નિયમન આયોગના તા. ૨૬–૦૬–૨૦૦૪ના આદેશ મુજબ નક્કી કરવામાં આવેલ પધ્ધતિ મુજબ વીજગ્રાહકો પાસેથી વસૂલાત/રાહત રૂપે સરભર કરવામાં આવે છે. સદરહુ પધ્ધતિ મુજબ ફ્યુઅલ સરચાર્જની ગણતરી |

ત્રિમાસિક સમયગાળા માટે કરી, તે પછીના ત્રિમાસિક સમયગાળામાં વસૂલાત કરવામાં આવે છે.

નામદાર આયોગના ટેરીફ દરમાં વધારો કરવાના હુકમ અન્વયે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ની વીજ વિતરણ કંપનીઓ માટે છેલ્લા ત્રણ વર્ષમાં નિયત કરવામાં આવેલ ભાવ વધારા અંગેની વિગતો પત્રક ''અ'' માં અને કેન્દ્ર સરકાર દ્વારા થતો કોલસા અને ગેસના ભાવમાં વધારો તેમજ કોલ પરિવહનના દરોમાં થતા વધારા અને અન્ય પરિબળોને કારણે ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જમાં કરવામાં આવેલ વધારા અંગેની વિગતો પત્રક ''બ''માં આપવામાં આવેલ છે.

વીજ દર તેમજ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જમાં કરવામાં આવેલ વધારા સંદર્ભે, કૃષિ વિષયક વીજ ગ્રાહકો પાસેથી વધારાના વીજ દર ન વસુલતાં, વધારાનો સંપૂર્ણ બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે તથા તે સંદર્ભમાં સંબંધિત વીજ કંપનીને થતા મહેસૂલી આવકના નુકશાન સામે રાજ્ય સરકાર સબસીડી ચુકવે છે.

નામદાર આયોગના ટેરીફ દરમાં વધારો કરવાના હુકમ અન્વયે ટૉરેન્ટ પાવર લીમીટેડના અમદાવાદ-ગાંધીનગર અને સુરતના વીજ વિતરણ વિસ્તાર માટે છેલ્લા ત્રણ વર્ષમાં નિયત કરવામાં ભાવ વધારા અંગેની વિગતો પત્રક ''ક''માં અને ફુયઅલ એડજસ્ટમેન્ટ ચાર્જની કરવામાં આવેલ વસુલાત અંગેની વિગતો પત્રક ''ડ'' આપવામાં આવેલ છે.

આ વીજ વધારાના કારણે ટૉરેન્ટ પાવર લીમીટેડના વિસ્તારના કૃષિગ્રાહકો પરના વીજ દર વધારાનો બોજો સબસીડીના સ્વરૂપે સરકારે વહન કરેલ છે.

## પત્રક ''અ''

| કેટેગરી | તા. ૦૧-૦૨-૨૦૦૯ થી વધારો (`/યુનિટ) | તા. ૧૪-૧૨-૨૦૦૯ થી વધારો (` / યુનિટ) | તા. ૦૧-૦૪-૨૦૧૦ થી વધારો (` / યુનિટ) | તા. ૦૧-૦૯-૨૦૧૧ થી વધારો (` / યુનિટ) |
|---|---|---|---|---|
| રહેણાંક | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૧૦ | ૦.૧૮ |
| વાણિજ્યક | ૦.૦૮ | ૦.૦૦ | ૦.૦૫ | (-) ૦.૨૩ |
| ઔદ્યોગિક (હળવા દબાણવાળા) | ૦.૧૨ | ૦.૦૦ | ૦.૧૧ | ૦.૨૦ |
| ઔદ્યોગિક (ભારે દબાણવાળા) | ૦.૧૨ | ૦.૦૦ | ૦.૦૩ | ૦.૨૦ |
| સ્ટ્રીટ લાઈટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૨૫ |
| રેલ્વે | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| વારિગૃહ | ૦.૧૨ | ૦.૦૦ | ૦.૦૪ | ૦.૨૫ |
| ખેતી વિષયક | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૨ | ૦.૦૯ |
| **કુલ** | **૦.૦૬** | **૦.૦૦** | **૦.૦૮** | **૦.૧૩** |

## પત્રક ''બ''

| છેલ્લા ત્રણ વર્ષ દરમિયાનના (ડીસે.-૨૦૧૧ સુધી) ત્રિમાસિક ગાળા વાર ફ્યુઅલ સરચાર્જની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અનુ નં. | વસુલાતનો ત્રિમાસિક ગાળો | લેવા પાત્ર ફ્યુઅલ સરચાર્જ (` / યુનિટ) | ગ્રાહકો પાસેથી વસુલાત ફેલ ફ્યુઅલ સરચાર્જ (ખેતીવાડી સિવાયના) (` / યુનિટ) | ખેતીવાડી ગ્રાહકો માટે રાજ્ય સરકાર દ્વારા ભરેલ ફુયઅલ સરચાર્જ | ખેતીવાડી સિવાયના ગ્રાહકોએ ભરેલ ફુયઅલ સરચાર્જ | મુલત્વી રાખેલ / વસુલાત કરેલ ફુયઅલ સરચાર્જ (+ /-) |

| | | | | (` / યુનિટ) | (` કરોડમાં) | (`/ યુનિટ) | (` કરોડમાં) | (` / યુનિટ) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જાન્યુ–૦૯ થી માર્ચ–૦૯ | ૧.૨૯ | ૦.૯૧ | ૦.૯૧ | ૩૩૧ | ૦.૯૧ | ૬૯૩ | ૦.૩૮ |
| ૨ | એપ્રિલ–૦૯ થી જુન–૦૯ | ૦.૯૯ | ૦.૯૧ | ૦.૯૧ | ૨૫૮ | ૦.૯૧ | ૬૪૯ | ૦.૦૮ |
| ૩ | જુલાઈ–૦૯ થી સપ્ટે–૦૯ | ૦.૬૦ | ૦.૯૧ | ૦.૯૧ | ૧૯૬ | ૦.૯૧ | ૬૪૯ | –૦.૩૧ |
| ૪ | ઓકટો–૦૯ થી ડીસે–૦૯ | ૦.૫૯ | ૦.૭૪ | ૦.૭૪ | ૨૮૨ | ૦.૭૪ | ૫૨૮ | –૦.૧૫ |
| **કુલ–૨૦૦૯** | | | | | **૧૦૬૭** | | **૨૫૧૯** | |
| ૫ | જાન્યુ–૧૦ થી માર્ચ–૧૦ | ૦.૬૨ | ૦.૬૨ | ૦.૬૨ | ૨૪૮ | ૦.૬૨ | ૪૪૨ | ૦ |
| ૬ | એપ્રિલ–૧૦ થી જુન–૧૦ | ૦.૬૩ | ૦.૬૩ | ૦.૬૩ | ૧૯૫ | ૦.૬૩ | ૫૬૭ | ૦ |
| ૭ | જુલાઈ–૧૦ થી સપ્ટે–૧૦ | ૦.૬૨ | ૦.૬૨ | ૦.૬૨ | ૧૩૬ | ૦.૬૨ | ૪૯૬ | ૦ |
| ૮ | ઓકટો–૧૦ થી ડીસે–૧૦ | ૦.૬૧ | ૦.૬૧ | ૦.૬૧ | ૨૩૨ | ૦.૬૧ | ૪૫૭ | ૦ |
| **કુલ–૨૦૧૦** | | | | | **૮૧૧** | | **૧૯૬૨** | |
| ૯ | જાન્યુ–૧૧ થી માર્ચ–૧૧ | ૦.૬૩ | ૦.૬૩ | ૦.૬૩ | ૨૫૯ | ૦.૬૩ | ૪૧૦ | ૦ |
| ૧૦ | એપ્રિલ–૧૧ થી જુન–૧૧ | ૦.૭૯ | ૦.૭૩ | ૦.૭૩ | ૨૩૬ | ૦.૭૩ | ૬૧૬ | ૦.૦૬ |
| ૧૧ | જુલાઈ–૧૧ થી સપ્ટે–૧૧ | ૦.૭૩ | ૦.૭૯ | ૦.૭૯ | ૧૮૪ | ૦.૭૯ | ૬૬૭ | –૦.૦૬ |
| ૧૨ | ઓકટો–૧૧ થી ડીસે–૧૧ | ૦.૯૯ | ૦.૮૯ | ૦.૮૯ | ૩૪૭ | ૦.૮૯ | ૭૬૮ | ૦.૧૦ |
| | **કુલ–૨૦૧૧** | | | | **૧૦૨૬** | | **૨૪૬૧** | |
| | **કુલ** | | | | **૨૯૦૪** | | **૬૯૪૨** | |

## પત્રક ‘‘ક’’

| **અમદાવાદ, ગાંધીનગર વિસ્તાર** | **પ્રતિ યુનિટ વીજ દર વધારો** | | | |
|---|---|---|---|---|
| **કેટેગરી** | **તા. ૦૧–૦૨–૨૦૦૯ થી વધારો (` /યુનિટ)** | **તા. ૯–૧૨–૨૦૦૯ થી વધારો (` / યુનિટ)** | **તા. ૦૧–૦૪–૨૦૧૦ થી વધારો (` / યુનિટ)** | **તા. ૦૧–૦૯–૨૦૧૧ થી વધારો (` / યુનિટ)** |
| રહેણાંક | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૧૨ | ૦.૨૭ |
| વાણિજ્યક | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૦૯ | (–)૦.૪૨ |
| ઔદ્યોગિક (હળવા દબાણવાળા) | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૧૮ | ૦.૪૧ |
| ઔદ્યોગિક (ભારે દબાણવાળા) | ૦.૦૭ | ૦.૦૦ | ૦.૧૮ | ૦.૩૮ |
| કૃષિ વિષયક | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| અન્ય | (–)૦.૦૪ | ૦.૦૦ | (–)૦.૩૨ | ૦.૦૯ |
| **કુલ** | **૦.૦૪** | **૦.૦૦** | **૦.૧૩** | **૦.૨૨** |

| **સુરત વિસ્તાર** | **પ્રતિ યુનિટ વીજ દર વધારો** | | | |
|---|---|---|---|---|
| **કેટેગરી** | **તા. ૦૧–૦૨–૨૦૦૯ થી વધારો (` /યુનિટ)** | **તા. ૯–૧૨–૨૦૦૯ થી વધારો (` / યુનિટ)** | **તા. ૦૧–૦૪–૨૦૧૦ થી વધારો (` / યુનિટ)** | **તા. ૦૧–૦૯–૨૦૧૧ થી વધારો (` / યુનિટ)** |
| રહેણાંક | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૧૧ | ૦.૧૯ |
| વાણિજ્યક | ૦.૧૪ | ૦.૦૦ | ૦.૧૦ | (–)૦.૬૮ |
| ઔદ્યોગિક (હળવા દબાણવાળા) | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૧૪ | ૦.૫૪ |
| ઔદ્યોગિક (ભારે દબાણવાળા) | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૦૯ | ૦.૨૪ |
| કૃષિ વિષયક | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| અન્ય | (–)૦.૦૭ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૧૫ |
| **કુલ** | **૦.૦૫** | **૦.૦૦** | **૦.૧૩** | **૦.૧૨** |

## પત્રક ‘‘ડ’’

| **સમયગાળો** | **વસુલાત (`. પ્રતિ યુનિટ)** |
|---|---|
| **૨૦૦૯** | |
| એપ્રિલ ૨૦૦૯ થી જુન ૨૦૦૯ | ૦.૮૫ |
| જુલાઈ ૨૦૦૯ થી સપ્ટેમ્બર ૨૦૦૯ | ૦.૮૫ |
| ઓકટોબર ૨૦૦૯ થી ડીસેમ્બર ૨૦૦૯ | ૦.૮૪ |
| **૨૦૧૦** | |
| જાન્યુઆરી ૨૦૧૦ થી માર્ચ ૨૦૧૦ | ૦.૮૪ |
| એપ્રિલ ૨૦૧૦ થી જુન ૨૦૧૦ | ૦.૭૯ |
| જુલાઈ ૨૦૧૦ થી સપ્ટેમ્બર ૨૦૧૦ | ૦.૭૦ |
| ઓકટોબર ૨૦૧૦ થી ડીસેમ્બર ૨૦૧૦ | ૦.૬૯ |
| **૨૦૧૧** | |
| જાન્યુઆરી ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૧ | ૦.૫૯ |
| એપ્રિલ ૨૦૧૧ થી જુન ૨૦૧૧ | ૦.૫૯ |
| જુલાઈ ૨૦૧૧ થી સપ્ટેમ્બર ૨૦૧૧ | ૦.૬૯ |
| ઓકટોબર ૨૦૧૧ થી ડીસેમ્બર ૨૦૧૧ | ૦.૮૭ |

---

**પોરબંદર બંદર ખાતે કાર્ગો વહનની ક્ષમતા વધારવાનું આયોજન**

૩૦૨૩૬ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ પોરબંદર બંદર ખાતે માલ–સામાનની હેરફેરની ક્ષમતા વધારવામાં આવનાર છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે શું આયોજન કરાયું છે, અને

(૩) તે અંગે વર્તમાન પરિસ્થિતિ શું છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) : પોરબંદર બંદર ખાતે માલ–સામાનની હેરફેરની ક્ષમતા વધારી શકાય તે હેતુને ધ્યાનમાં રાખી, ૨૦૦ મીટર લંબાઈની જેટી બાંધવાનું કામ પ્રગતિમાં છે.

---

**રાજ્યના બંદરો પર માલસામાનની હેરાફેરી/ચાતાયાત માટેના ચાર્જીસમાં ફેરફારની પ્રક્રિયા**

૩૨૧૩૫ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં બંદરો ખાનગી જેટ્ટીઓ તેમજ અને કન્સેશનલ એગ્રેમેન્ટ હેઠળના બંદરો પર સામાનની હેરફેર/ચાતાયાત માટે વાર્ફેજ ચાર્જીસ–દરિયા કિનારો વાપરવાના વોટરફ્રન્ટ રોયલ્ટી તેમજ અન્ય દરમાં વધારો ઘટાડો કરવા દર ત્રણ વર્ષે કે પાંચ વર્ષે રીન્યુ કરવાની પ્રક્રીયા થઈ નથી તે હકીકત સાચી છે,

(૨) હાલના પ્રવર્તમાન દરો રાજ્ય સરકાર દ્વારા ક્યારે નક્કી કરી અમલમાં મુકવામાં આવ્યા છે, અને

(૩) આગળના વર્ષોમાં ગુજરાતના બંદરો પરના ચાર્જીસ નક્કી કરવાની ભલામણ ક્યારે થઈ અને રાજ્ય સરકારે કઈ કઈ તારીખે અમલવારી કરી ?

**જવાબ**

(૧) (૨) અને (૩) : બંદરો પર સામાનની હેરફેર/ચાતાયાત માટે વાર્ફેજ ચાર્જીસ તેમજ વોટરફ્રન્ટ રોયલ્ટીના દર રીન્યુ કરવાની કોઈ ચોક્કસ સમય મર્યાદાની જોગવાઈ નથી પરંતુ પ્રવર્તમાન દરો રાજ્ય સરકાર દ્વારા તા. ૯–૭–૨૦૦૩ની નક્કી કરી અમલમાં મુકવામાં આવ્યા છે અને તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પ્રવર્તમાન દર સુધારવાની બાબત વિચારણાધીન છે.

અગાઉના વર્ષોમાં દરો નીચે મુજબ સુધારવામાં આવેલ છે.

| ભલામણની તારીખ | અમલવારીની તારીખ |
|---|---|
| ૩૦/૯/૧૯૮૮ | ૨૧/૫/૧૯૮૯ |
| ૧૮/૩/૧૯૯૨ | ૧/૬/૧૯૯૨ |
| ૨૩/૫/૧૯૯૪ | ૧૫/૧૦/૧૯૯૪ |
| ૨૦/૯/૧૯૯૭ | ૧૨/૫/૧૯૯૮ |
| ૨૨/૧૦/૨૦૦૨ | ૯/૭/૨૦૦૩ |

---

**માજી સૈનિકોના સંતાનો માટે બોડકદેવમાં છાત્રાલયની સુવિધા**

૩૦૧૪૮ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) માજી સૈનિકોના સંતાનો ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે અમદાવાદ શહેરમાં આવેલ બોડકદેવમાં છાત્રાલય શરૂ કરવામાં આવેલ છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો તે છાત્રાલયમાં શુ સુવિધાઓ આપવામાં આવી રહી છે, અને

(૩) ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ સુધીમાં તેનો કેટલા લોકોએ લાભ લીધેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨) છાત્રાલયમાં નિ:શુલ્ક રહેવા તથા જમવાની

(૩) વર્ષ ૨૦૧૦–૧૧ ૩૧
વર્ષ ૨૦૧૧–૧૨ ૩૨

---

**પોરબંદર બંદર ખાતે કાર્ગો વહનની ક્ષમતા વધારવાનું આયોજન**

૩૦૨૩૫ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ પોરબંદર બંદર ખાતે માલ–સામાનની હેરફેરની ક્ષમતા વધારવામાં આવનાર છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) (૨) અને (૩) : પોરબંદર બંદર ખાતે માલ–સામાનની હેરફેરની ક્ષમતા વધારી શકાય તે હેતુને ધ્યાનમાં રાખી, ૨૦૦ મીટર લંબાઈની જેટી બાંધવાનું કામ પ્રગતિમાં

(૨) જો હા, તો તે માટે શું આયોજન કરાયું છે, અને
(૩) તે અંગે વર્તમાન પરિસ્થિતિ શું છે ?

છે.

---------

**ધાનેરા તાલુકામાં જર્જરીત વીજ વાયરો બદલવાની માંગણીઓ**

૩૦૨૯૮ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં વર્ષો જુની જર્જરીત વીજ લાઈનો બદલવા માટેની તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલી માંગણીઓ પડતર છે, અને

(૨) તે પડતર માંગણીઓ અન્વયે કેટલા સમયમાં લાઈનો બદલવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં જર્જરીત વીજ વાયરો બદલવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૮ અરજીઓ પડતર હતી. તે પૈકી ૭ અરજીઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં સમાવિષ્ટ ૩.૦૫ કિ.મી. જર્જરીત વિજ વાયરો બદલવા સહિત ધાનેરા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં ડીસેમ્બર ૨૦૧૧ની સ્થિતિએ કુલ ૩૯.૪૦ કિ.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા છે. ૧ (એક) પડતર અરજી અન્વયે વિજ વાયર બદલવાની કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

**માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરીયાદો**

૩૦૦૯૦ **શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશનરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. માહિતિ આયોગમાં જરૂરિયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂંક કરવામાં આવે છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૧૩ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ –૦૭ બિન રહેણાંકના કામો.

(૨) કુલ ` ૨૪૯.૪૦ લાખ.

---------

**દાહોદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણ**

૩૦૧૭૦ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) : દાહોદ સંપૂર્ણપણે આદિજાતિ વિસ્તાર હોઈ, રાજ્ય સરકારની આદિજાતિ વિસ્તારની યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧માં માં ` ૧૨૮.૨૨ લાખના ખર્ચે ૧૬૦૪ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

**માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરીયાદો**

૩૦૧૦૫ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી અને બે માહિતી કમિશ્નરશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. માહિતિ આયોગમાં જરૂરિયાત મુજબ કમિશ્નરશ્રીઓની નિમણૂંક કરવામાં આવે છે.

---------

**ભાવનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૨૬૧ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પૂરો પાડવા ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૧૫૦.૦૦ લાખના ખર્ચે ૨૩ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

---------

**પાટણ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૪૨ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧મા ` ૨૮.૫૯ લાખના ખર્ચે ૫૧૫ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૧–૧૨માં ફેબ્રુઆરી ૨૦૧૨ સુધીમાં ` ૧૩૬.૪૦ લાખના ખર્ચે ૨૩૩૩ વિજ જોડાણ આપવામાં આવ્યા છે.

**165/p a g e > પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પન્ન કરવા માટે નીતિ**

૩૦૨૮૫ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પવન ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે રાજ્ય સરકારે તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કોઈ નીતિ જાહેર કરેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે ખાનગી રોકાણકારોને શા લાભો આપવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) ઉત્પન્ન કરેલ વીજળી, વીજ વિતરણ કંપનીઓને યુનિટ દીઠ ` ૩.૫૬ના દરે વેચાણ કરી શકે છે અથવા

(૨) ઉત્પન્ન કરેલ વીજળીનો ઉપયોગ રોકાણકારના ગુજરાત રાજ્યમાં આવેલ ફેકટરી ઉપર વીજ નિયમન પંચ દ્વારા નિયત કરેલ વ્હીલીંગ ચાર્જીસ બાદ કરી સ્વવપરાશ કરી શકે છે.

**જૂનાગઢ જિલ્લામાં બદલવામાં આવેલ જર્જરીત વાયરો**

૩૦૨૬૪ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) જૂનાગઢ જિલ્લામાં સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ અને સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ` ૬૨૧ લાખના ખર્ચે ૧૪૩૧ કિ.મી. જર્જરીત વિજ વાયરો બદલવામાં આવ્યા છે.

**પાટણ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૦ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૧૨ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૪૦૦.૮૦ લાખ. |

**ભાવનગર જિલ્લામાં વીજ પોલની તંગી**

૩૧૮૩૭ **ડૉ. કનુભાઇ વા. કલસરીયા(મહુવા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં વીજ પોલની તંગી વર્તાય રહી છે, તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો તેના ઉકેલ માટે સરકારનું શું બંદોબસ્ત છે. | (૧) અને (૨) ના, જી. વીજ પોલ એ વીજ તંત્રની માળખાગત જરૂરિયાત છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના વિસ્તારોમાં કુલ ૩૮ પોલ ફેકટરીઓ કાર્યરત છે. જેઓ પૂરી ક્ષમતાથી વીજ પોલનું ઉત્પાદન કરે છે. અને વીજ પોલની જરૂરિયાત ઉભી થયે તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે છે. |

---------

**ભરૂચ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૭૪ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) અને (૨)<br>ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧મા ` ૨૨.૨૭ લાખના ખર્ચે કુલ ૯૯૧ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

**માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરિયાદો**

૩૦૦૯૨ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી અને બે માહિતી કમિશ્નરશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરિયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂંક કરવામાં આવે છે. |

---------

**રાજકોટ જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૧૩૭ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા**) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૧) અને (૨) તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પૂરો પાડવા રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૧૬૬.૦૦ લાખના ખર્ચે ૧૦ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૭૧ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)
ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧મા ` ૧૪૭.૯૫ લાખના ખર્ચે કુલ ૧૫૫૬ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**કપડવંજ અને કઠલાલ તાલુકામાં નર્મદા યોજના હેઠળનો પિયત વિસ્તાર**

૩૨૧૧૪ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડીસે–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કપડવંજ અને કઠલાલ તાલુકામાં કેટલો વિસ્તાર નર્મદા યોજનાના પિયતના કમાન્ડ વિસ્તારમાં આવેલો છે, અને

(૨) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લી ખરીફ અને ઉનાળુ સીઝનમાં કેટલા વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧) ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કપડવંજ તાલુકાનો ૬,૭૪૮ એકર (૨૭૩૧ હેક્ટર) અને કઠલાલ તાલુકાનો ૩૯,૮૬૨ એકર (૧૬,૧૩૨ હેક્ટર) વિસ્તાર નર્મદા યોજનાના પિયતના કમાન્ડ વિસ્તારમાં આવેલો છે.

(૨) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કપડવંજ તાલુકામાં છેલ્લી ખરીફ સીઝન ૨૦૧૧માં ૧,૩૨૦ એકર (૫૩૪ હેક્ટર) અને કઠલાલ તાલુકામાં ૨,૭૩૫ એકર (૧,૧૦૭ હેક્ટર) વિસ્તારમાં સિંચાઇ માટે પાણી આપવામાં આવેલ છે. સરદાર સરોવર નર્મદા નિગમની નીતિ અનુસાર ઉનાળુ સીઝનમાં સિંચાઇ માટે પાણી આપવાનું આયોજન કરવામાં આવતુ નથી.

---------

**ડાંગ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામ**

૩૦૩૧૫ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ–૦૨ બિન રહેણાંકના કામો.

(૨) કુલ ` ૪૮.૪૮ લાખ

---------

**ભરૂચ જિલ્લામાં સાદી માટી ખોદકામ માટે પરમીટ મેળવવાની માંગણીઓ**

૩૨૦૯૬ **શ્રી ઇકબાલ પટેલ( વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સાદી માટી ખોદકામ માટે પરમીટ મેળવવા કેટલી માંગણીઓ મેળવી,

(૨) તે અન્વયે ખેતતલાવડી, કાંસ, તળાવમાંથી માટી આપવા માટે કેટલી ગ્રામપંચાયતોએ સંમતિ આપી,

(૩) માંગણીઓ અને ગ્રામ પંચાયતની સંમતિ હોવા છતાં મંજૂરી આપવામાં પડતર હોય તેવી કેટલી અરજીઓ કેટલા સમયથી તાલુકાવાર પડતર રહેલ છે, અને

(૪) પડતર રહેવાનાં કારણો કયા છે ?

**જવાબ**

(૧) ૪૨૯, તાલુકાવાર માહિતી પત્રક–૧ મુજબ.

(૨) ૨૧

(૩) એક પણ અરજી પડતર નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક ૧**

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

**તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જીલ્લામાં તાલુકાવાર સાદીમાટી ખોદકામ માટે પરમીટ માંગણીઓની વિગત.**

| તાલુકો | વર્ષ ૨૦૧૦માં મળેલ અરજીઓની સંખ્યા | વર્ષ ૨૦૧૦માં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| આમોદ | ૨ | |
| અંકલેશ્વર | ૮૪ | ૨૧ |
| ભરૂચ | ૬૩ | ૧ |
| હાંસોટ | ૪ | |
| જંબુસર | ૪૫ | ૧ |
| વાગરા | ૧૩૧ | ૪ |
| વાલીયા | ૨ | ૧ |
| ઝઘડીયા | ૬૬ | ૪ |
| **કુલ** | **૩૯૭** | **૩૨** |

---------

**સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં અમરેલી જિલ્લામાં બદલવામાં આવેલ વીજ વાયરો**

૩૦૨૭૮ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

અમરેલી જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં વાયરો બદલવા કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦–૧૧માં અમરેલી જિલ્લામાં ` ૪૦૪.૦૦ લાખના ખર્ચે કુલ ૫૮૪ કી.મી. વાયરો બદલવામાં આવ્યા છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગંભીર ગુનાઓ**

૩૧૮૬૪ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ અને બળાત્કારના કેટલાં ગુનાઓ વર્ષવાર નોંધાયેલ, અને

(૨) ઉપરોકત નોંધાયેલ ગુનાઓમાં કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે, અને કેટલાં આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ.

(૨) કુલ ૩૩૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે અને ૧૭ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.

**પત્રક–૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧–૨–૨૦૦૯ થી તા.૩૧–૧–૨૦૧૦ | | | તા.૧–૨–૨૦૧૦ થી તા.૩૧–૧–૨૦૧૧ | | | તા.૧–૨–૨૦૧૧ થી તા.૩૧–૧–૨૦૧૨ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખૂન | લુંટ | બળાત્કાર | ખૂન | લુંટ | બળાત્કાર | ખૂન | લુંટ | બળાત્કાર |
| ૧ | જુનાગઢ | ૭ | ૧૭ | ૨ | ૧૪ | ૧૩ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૨ | વિસાવદર | ૪ | ૧ | ૨ | ૯ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૩ | ભેંસાણ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૪ | મેંદરડા | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૫ | કેશોદ | ૮ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ |
| ૬ | વંથલી | ૨ | ૪ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૭ | માણાવદર | ૩ | ૧ | ૦ | ૨ | ૧ | ૦ | ૪ | ૦ | ૧ |
| ૮ | વેરાવળ | ૮ | ૮ | ૧ | ૪ | ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૯ | કોડીનાર | ૩ | ૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૨ | ૦ | ૧ |
| ૧૦ | ઉના | ૧૦ | ૪ | ૩ | ૫ | ૪ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૧૧ | સુત્રાપાડા | ૨ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | તાલાળા | ૧ | ૪ | ૧ | ૪ | ૩ | ૨ | ૧ | ૨ | ૨ |
| ૧૩ | માંગરોળ | ૧ | ૨ | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૧૪ | માળીયા | ૨ | ૦ | ૦ | ૨ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ |

---------

**રાજુલા તાલુકાના ધાતરવાડી–૧ ડેમમાંથી નર્મદાના પાણી નાખવાનું આયોજન**

૩૦૩૧૦ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા આધારીત કેનાલો દ્વારા રાજુલા તાલુકાના ધાતરવાડી–૧ ડેમમાં પાણી નાખવાનું સરકારનું આયોજન છે કે કેમ,

**જવાબ**

(૧) ના. જી.

(૨) જો હા, તો આ કેનાલોના કામની શી પરિસ્થિતિ છે અને તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ આ કામગીરી કયા લેવલે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કેનાલોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં સ્થાપવામાં આવેલ નવા વીજ સબ સ્ટેશનો**

૩૦૬૭૨ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સબ સ્ટેશનો કયાં કયાં સ્થાપવામાં આવ્યાં,

(૨) આગામી નાણાકીય વર્ષમાં નવા સબ સ્ટેશનો અબડાસા/નખત્રાણા અને લખપતમાં બનાવવામાં આવનાર છે, તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તે સંબંધિત તાલુકાના કયા સ્થળે સ્થાપવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૯ (નવ) સબ સ્ટેશનો સ્થાપવામાં આવેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સબસ્ટેશનનું નામ | તાલુકો | ક્ષમતા |
|---|---|---|---|
| ૧ | સુખપર | ભુજ | ૬૬ કે.વી. |
| ૨ | સીરાચા | મુન્દ્રા | ૬૬ કે.વી. |
| ૩ | મોટીવરન્ડી (ડુમરા) | અબડાસા | ૬૬ કે.વી. |
| ૪ | નાની મઉ (દેવપુર ગઢ) | માંડવી | ૬૬ કે.વી. |
| ૫ | નિરોણા | નખત્રાણા | ૬૬ કે.વી. |
| ૬ | તલવાણા | માંડવી | ૬૬ કે.વી. |
| ૭ | વાઘોઠ | અબડાસા | ૬૬ કે.વી. |
| ૮ | ટપ્પર | અંજાર | ૪૦૦ કે.વી. |
| ૯ | અમરાપર | ભચાઉ | ૬૬ કે.વી. |

(૨) હા. જી. આગામી નાણાકીય વર્ષમાં ૬૬ કે.વી. ના ૩ (ત્રણ) નવા સબ સ્ટેશન અબડાસા અને નખત્રાણા તાલુકામાં બનાવવામાં આવનાર છે.

(૩) આગામી નાણાકીય વર્ષમાં અબડાસા અને નખત્રાણા તાલુકામાં બનાવવામાં આવનાર ૬૬ કે.વી. ના સબસ્ટેશનોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સબસ્ટેશનનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧ | હાજાપર | અબડાસા |
| ૨ | રવા | અબડાસા |
| ૩ | નાના નખત્રાણા | નખત્રાણા |

---------

**મહેસાણા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૬૭ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ` ૧૧૬.૫૨ લાખના ખર્ચે કુલ ૨૧૮૫ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**વડોદરા જિલ્લામાં ફીડરોનું વિભાજન**

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

૩૦૨૫૯ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું અને,

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પુરો પાડવા વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૩૦.૦૦ લાખના ખર્ચે ૩ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

**રાજ્યમાં ઇલેકટ્રીસીટી ડયુટી અને ફ્યુઅલ ચાર્જમાં વધારો**

૩૨૦૯૩ **ડાૅ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઇલેકટ્રીસીટી ડયુટી અને ફ્યુઅલ ચાર્જ કેટલી વાર વધારવામાં આવ્યો અને,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઇલેકટ્રીસીટી ડયુટીના દરમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી.

ફ્યુઅલ સરચાર્જ રાજ્ય સરકાર દ્બારા વધારવામાં આવતો નથી. પરંતુ નામ.વિજ નિયમન આયોગ દ્બારા નકકી કરવામાં આવેલ પધ્ધતિ મુજબ કોલસા અને ગેસના ભાવમાં તેમજ કોલસાના પરિવહનમાં વધારો થતાં તેમજ વીજ ખરીદીના વધારા તેમજ અન્ય પરિબળોને કારણે વધારાના ખર્ચને ભરપાઇ કરવા માટે વસુલવામાં આવે છે. તદ્બનુસાર ખેતી વિષયક વીજ ગ્રાહકો સિવાયના ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ વસુલવામાં આવે છે. જ્યારે ખેતી વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જનો બોજો ખેડૂતો ઉપર ન લાદતા તે અંગેનો સંપૂર્ણ બોજો રાજ્ય સરકાર દ્બારા સબસીડી સ્વરૂપે ચૂકવવામાં આવે છે. આમ, ખેતી વિષયક વિજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવામાં આવતી નથી. આ રીતે ખેતી વિષયક વીજ ગ્રાહકો માટે સને ૨૦૦૯–૧૦માં ` ૨૫૮૩.કરોડ, સને ૨૦૧૦–૧૧માં ` ૨૫૫૦ કરોડ અને સને ૨૦૧૧–૧૨માં(જાન્યુઆરી અંતિત) ` ૨૫૪૨ કરોડનો બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે.

ફ્યુઅલ સરચાર્જમાં થયેલ વધારા અંગેની વિગતો આ સાથેના પત્રક અલગ મૂકવામાં આવેલ છે.

(૨) અને એનાથી સરકારની ઇલેકટ્રીસીટી ડયુટી પેટે અને ફ્યુઅલ ચાર્જ પેટે વર્ષવાર કેટલી આવક થઇ ?

(૨) વીજકર દરમાં કોઇ વધારો કરેલ ન હોઇ વર્ષવાર ઇલેકટ્રીસીટી ડયુટી પેટે વધારાની આવક મળવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં ઇલેકટ્રીસીટી ડયુટી પેટે સરકારને થયેલ કુલ આવકની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | વર્ષ | આવક (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૮–૦૯ | ૨૩૪૪.૨૧ |
| ૨ | ૨૦૦૯–૧૦ | ૨૬૨૧.૨૯ |
| ૩ | ૨૦૧૦–૧૧ | ૩૨૩૮.૦૭ |

ફ્યુઅલ સરચાર્જ વીજ કંપનીઓની આવક માટે નહિ પરંતુ વધતા જતા બળતણ અને પરિવહન ખર્ચના વધારાના અને અન્ય પરિબળોના કારણો થતાં વધારાના વીજ ખર્ચને ભરપાઇ કરવા સારૂ, નામ.ગુજરાત વીજ નિયમન આયોગ દ્બારા નકકી કરવામાં આવેલ પધ્ધતિ મુજબ વસુલ કરવામાં આવે છે. તદ્બનુસાર ખેતી વિષયક વીજ ગ્રાહકો સિવાયના ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ પેટે સને ૨૦૦૯માં `

૨૫૧૯ કરોડ, સને ૨૦૧૦માં ૧૯૬૨ કરોડ અને સને ૨૦૧૧માં ` ૨૪૬૧ કરોડ વસુલ લેવાયેલ છે. જ્યારે ખેતી વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં સંપૂર્ણ બોજો રાજ્ય સરકારે સબસીડીના સ્વરૂપે વહન કરેલ છે.

---------

**પત્રક – ૧**
**અગ્રતા ક્રમ – ૭૦**
**પ્રશ્ન ક્રમાંકઃ– ૩૨૦૯૩**

| **છેલ્લા ત્રણ વર્ષ દરમિયાનના (ડીસેમ્બર – ૨૦૧૧ સુધી) ત્રિમાસિક ગાળા વાર ફ્યુઅલ સરચાર્જની વિગત** | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અનુ. નં. | વસુલાતનો ત્રિમાસિક ગાળો | લેવા પાત્ર ફ્યુઅલ સરચાર્જ (રૂ. / યુનિટ) | ગ્રાહકો પાસેથી વસૂલાત કરેલ ફ્યુઅલ સરચાર્જ (ખેતીવાડી સિવાયના) (રૂ. / યુનિટ) | ખેતીવાડી ગ્રાહકો માટે રાજ્ય સરકાર ધ્વારા ભરેલ ફ્યુઅલ સરચાર્જ | | ખેતીવાડી સિવાયના ગ્રાહકોએ ભરેલ ફ્યુઅલ સરચાર્જ | | મુલત્વી રાખેલ / વસુલાત કરેલ ફ્યુઅલ સરચાર્જ (+/–) |
| | | | | (રૂ. / યુનિટ) | (રૂ. કોરડમાં) | (રૂ. / યુનિટ) | (રૂ. કરોડમાં) | (રૂ. / યુનિટ) |
| ૧. | જાન્યુ–૦૯ થી માર્ચ–૦૯ | ૧.૨૯ | ૦.૯૧ | ૦.૯૧ | ૩૩૧ | ૦.૯૧ | ૬૯૩ | ૦.૩૮ |
| ૨. | એપ્રિલ–૦૯ થી જુન–૦૯ | ૦.૯૯ | ૦.૯૧ | ૦.૯૧ | ૨૫૮ | ૦.૯૧ | ૬૪૯ | ૦.૦૮ |
| ૩. | જુલાઈ–૦૯ થી સપ્ટે–૦૯ | ૦.૬૬ | ૦.૯૧ | ૦.૯૧ | ૧૯૬ | ૦.૯૧ | ૬૪૯ | ૦.૩૧ |
| ૪. | ઓકટો–૦૯ ડીસે–૦૯ | ૦.૫૯ | ૦.૭૪ | ૦.૭૪ | ૨૮૨ | ૦.૭૪ | ૫૨૮ | ૦.૧૫ |
| | **કૂલ–૨૦૦૯** | | | | **૧૦૬૭** | | **૨૫૧૯** | |
| ૫. | જાન્યુ–૧૦ થી માર્ચ–૧૦ | ૦.૬૨ | ૦.૬૨ | ૦.૬૨ | ૨૪૮ | ૦.૬૨ | ૪૪૨ | ૦ |
| ૬. | એપ્રિલ–૧૦ થી જુન–૧૦ | ૦.૬૩ | ૦.૬૩ | ૦.૬૩ | ૧૯૫ | ૦.૬૩ | ૫૬૭ | ૦ |
| ૭. | જુલાઈ–૧૦ થી સપ્ટે–૧૦ | ૦.૬૨ | ૦.૬૨ | ૦.૬૨ | ૧૩૬ | ૦.૬૨ | ૪૯૬ | ૦ |
| ૮. | ઓકટો–૧૦ ડીસે–૧૦ | ૦.૬૧ | ૦.૬૧ | ૦.૬૧ | ૨૩૨ | ૦.૬૧ | ૪૫૭ | ૦ |
| | **કૂલ–૨૦૧૦** | | | | **૮૧૧** | | **૧૯૬૨** | |
| ૯. | જાન્યુ–૧૧ થી માર્ચ–૧૧ | ૦.૬૩ | ૦.૬૩ | ૦.૬૩ | ૨૫૯ | ૦.૬૩ | ૪૧૦ | ૦ |
| ૧૦. | એપ્રિલ– ૧૧ થી જુન–૧૧ | ૦.૭૯ | ૦.૭૩ | ૦.૭૩ | ૨૩૬ | ૦.૭૩ | ૬૧૬ | ૦.૦૬ |
| ૧૧. | જુલાઈ–૧૧ થી સપ્ટે–૧૧ | ૦.૭૩ | ૦.૭૯ | ૦.૭૯ | ૧૮૪ | ૦.૭૯ | ૬૬૭ | ૦.૦૬ |
| ૧૨. | ઓકટો–૧૧ ડીસે–૧૧ | ૦.૯૯ | ૦.૮૯ | ૦.૮૯ | ૩૪૭ | ૦.૮૯ | ૭૬૮ | ૦.૧૦ |
| | **કૂલ–૨૦૧૧** | | | | **૧૦૨૬** | | **૨૪૬૧** | |
| | | | | | **૨૯૦૪** | | **૬૯૪૨** | |

નોંધઃ- માની. વીજ નિયમન પંચે જાન્યુ-૨૦૧૨ માટે રૂ. ૧.૦૯/ યુનિટ તથા ફેબ્રુ-૧૨ થી રૂ. ૧.૫૭/યુનિટ ફયુઅલ સરચાર્જ મંજૂર કરેલ છે તે હાલ અમલી છે. જોનો બોજો આ ત્રિમાસિક ગાળો પૂરો થયા પછી

### ગુજરાત ફૉરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમીનારનું આયોજન

૩૦૧૮૫ **શ્રી રાજસીભાઈ વિ. જોટવા(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ફૉરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેમાં કેટલા દેશોના કેટલા પ્રતિનિધીઓએ અને અન્ય કેટલા રાજ્યોના કેટલા પ્રતિનિધીઓએ ભાગ લીધેલ હતો ?

**જવાબ**

(૧) હા, જી. તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ફૉરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય કક્ષાના કુલ ૭(સાત) સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત ફૉરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય કક્ષાના નીચે મુજબના સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લીધેલ

પ્રતિનિધીઓની વિગતો નીચે મુજબ છે.

૧. ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન નેનો ટેકનોલોજીનું આયોજન કરવામાં આવેલ. જેમાં સાત(૭) દેશોના બાર (૧૨) પ્રતિનિધીઓએ તેમ જ સાત(૭) રાજ્યના ઓગણત્રીસ (૨૯) પ્રતિનિધીઓએ ભાગ લીધેલ હતો.

૨. સાર્ક (SAARC) દેશોના વાઈલ્ડ લાઇફ ક્ષેત્રના નિષ્ણાંતો માટે ઇન્ટરનેશનલ વર્કશોપ ઓન વાઈલ્ડ લાઇફ લો એન્ફોર્સમેન ફોર વાઈલ્ડ લાઇફ પ્રોટેક્શન ઇન સાઉથ એશીયાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સાત (૭) દેશોના બાર (૧૨) પ્રતિનિધીઓએ તથા વિવિધ રાજ્યના અગીયાર (૧૧) પ્રતિનિધીઓએ ભાગ લીધેલ.

૩. ડીવીઆઇ એન્ડ ફીંગરપ્રિન્ટસ ઇન આઇડેન્ટીફીકેશનના વિષય પર સાર્ક દેશોના પ્રતિનિધીઓના લાભાર્થે ઈન્ટરપોલ મીટનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભારત સહિત સાઉથ ઇસ્ટ એશીયન દેશોના ૪૮ પ્રતિનિધીઓએ ભાગ લીધેલ.

૪. ઓલ ઈન્ડીયા એસોસીએશન ઓફ ક્લીનીકલ સાયકોલોજીસ્ટસની ૩૩મી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ જેમાં દેશભરના સોળ (૧૬) રાજ્યના ૧૧૨ (એકસો બાર) પ્રતિનિધીઓ મળી કુલ ૩૫૦ નિષ્ણાંતો, પ્રોફેસરો,પોલીસ અધિકારીઓ, તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

૫. ‘‘ફાયર આર્મ્સ એન્ડ ટુલ માર્ક એક્ઝામીનેશન’’ ના વિષય ઉપર ૨ (બે) દિવસના એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં યુ.એસ.એ. અને ઇઝરાયલના વિશ્વ વિખ્યાત નિષ્ણાંતો સહિત ૫૦ જેટલા ફોરેન્સીક નિષ્ણાંતો, પોલીસ અધિકારીઓ, વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

૬. ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી તથા જે.એસ.એસ. મૈસૂરના સંયુક્ત ઉપક્રમે મૈસુર ખાતે ઇન્ટરનેશનલ સીમ્પોઝીયમ ઓન ફોરેન્સીક સાયન્સીસ સર્વિસીસ’’ નું આયોજન કરવામાં આવેલ. જેમાં બે (૨) દેશોના ૪ (ચાર) પ્રતિનિધીઓ તેમજ ૩૫૦ જેટલાં પ્રોફેસરો, નિષ્ણાંતો, પોલીસ ઓફીસરો, તથા ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

૭. ‘‘ફોરેન્સીક ઇમેજ એનાલીસીસ’’ અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં નેધરલેન્ડના વિશ્વ વિખ્યાત નિષ્ણાંત સહિત ૯૦ જેટલા પ્રોફેસરો, નિષ્ણાંતો, પોલીસ ઓફીસરો, વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

### નવસારી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૩૦૧૬૦ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨)

ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૪.૭૫ લાખના ખર્ચે કુલ ૨૧૬ વીજ

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૯૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૮૨.૩૪ લાખના ખર્ચે કુલ ૧૯૮૩ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**પંચમહાલ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન**

૩૦૨૪૪ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે ક્યા સ્થળોએ, અને

(૩) તે કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં જમીન સંપાદનની કાર્યવાહી ગતિમાં છે. આ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે હાલોલ–સાવલી સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન જાહેર કરવામાં આવેલ છે. સદર રીજીયનમાં જિલ્લાના હાલોલ અને કાલોલ તાલુકાના કુલ ૨૧ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ઓટો મોબાઇલ અને એન્સીલીયરી, લાઇટ, હેવી મશીનરી, એન્જીનીયરીંગ પ્લાસ્ટીક, ઇલેક્ટ્રોનીક્સ વિગેરે ઉદ્યોગોના વિકાસની શક્યતાઓ રહેલી છે,તથા હાલોલને દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરના એક નોડ તરીકે નક્કી કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં ઇન્વેસ્ટમેન્ટ રીજીયનને અનુકુળ આયોજનની કાર્યવાહી ગતિમાં છે.

---------

**અમદાવાદ, ભાવનગર અને અમરેલી જિલ્લામાં સ્થપાયેલ સી.એન.જી. સ્ટેશનો**

૩૦૪૪૫ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ ૨ વર્ષમાં અમદાવાદ, ભાવનગર અને અમરેલી જિલ્લામાં કુલ કેટલા સી.એન.જી. સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવામાં આવ્યાં,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ૨ વર્ષમાં જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા અમદાવાદ જિલ્લામાં કુલ–૪ સી.એન.જી. સ્ટેશનો (૧) મુ. લોલીયા, તા. ધોળકા, (૨) મુ. બગોદરા તા. બાવળા (૩) મુ. પીપલી તા. ધંધુકા (૪) મુ. બારેજા, તા. દસક્રોઇ ખાતે સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે. અમદાવાદ જિલ્લાના અન્ય સ્થળો પર મે. અદાણી ગેસ લી. ના ૫૦ સી.એન.જી. સ્ટેશનો તથા મે. એચ.પી.સી.એલ. ના ૨૦ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે.

- પી.એન.જી.આર.બી. નવી દિલ્હી દ્વારા ભાવનગર જિલ્લા માટે સ્પર્ધાત્મક બિડીંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે, જેમાં જી.એસ.પી.સી. ગેસ કંપની લી. પણ ભાગ લીધેલ છે. પરંતુ હજુ સુધી પી.એન.જી.આર.બી. નવી દિલ્હી દ્વારા અંતિમ પરિણામોની જાહેરાત કરવામાં આવેલ નથી.
- હાલમાં અમરેલી જિલ્લા માટે જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા ઇ.ઓ.આઇ. (એક્સ્પ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ) પી.એન.જી.આર.બી નવી દિલ્હીને રજૂ કરેલ છે. હજી સુધી પી.એન.જી.આર.બી. નવી

| | |
|---|---|
| | દિલ્હી તરફથી કોઇ પણ પ્રત્યુત્તર મળેલ નથી. |
| (૨) ઉક્ત જિલ્લાઓમાં આગામી વર્ષોમાં ક્યા ક્યા સ્થળે આવાં સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું સરકારનું આયોજન છે, અને | (૨) ઉપર મુજબ ઉક્ત જિલ્લાઓ પૈકી<br>• હાલમાં અમદાવાદ જિલ્લામાં ઉક્ત કાર્યરત ૪ સી.એન.જી. સ્ટેશનો સિવાય જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા બીજા કોઇ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન નથી.<br>• ભાવનગર જિલ્લામાં પી.એન.જી.આર.બી. નવી દિલ્હી દ્વારા બીડીંગ પ્રક્રિયા પૂર્ણ થયેથી જે તે સફળ બીડર દ્વારા સી.એન.જી. સ્ટેશન સ્થાપી શકાય તથા<br>• અમરેલી જિલ્લા માટે જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા ઇ.ઓ.આઇ. (એકપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ) પી.એન.જી.આર.બી. નવી દિલ્હીને રજુ કરેલ છે. હજુ સુધી પી.એન.જી.આર.બી. નવી દિલ્હી તરફથી કોઇ પ્રત્યુત્તર મળેલ નથી. જો પી.એન.જી.આર.બી. નવી દિલ્હી તરફથી સકારાત્મક પ્રત્યુત્તર મળે તો અમરેલી જિલ્લામાં સી.એન.જી. સ્ટેશન સ્થાપવાનું આયોજન શક્ય બને તેમ છે. |
| (૩) આગામી સમયમાં આવાં નવાં સી.એન.જી. સ્ટેશનો ચાલુ કરવા માટે સરકાર દ્વારા શી પ્રક્રિયા ચાલુ છે, તેની શી વિગતો છે ? | (૩) આગામી સમયમાં જી.એસ.પી.સી. ગ્રુપ દ્વારા રાજ્યમાં નાગરિકોની સુવિધાને ધ્યાનમાં લઇ વધુ નવા સી.એન.જી. સ્ટેશનો ચાલુ કરવા માટેનું આયોજન છે, તે મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ માં લગભગ ૫૦ જેટલા નવા સી.એન.જી. સ્ટેશનો ઉભુ કરવાનું આયોજન કરેલ છે. |

---------

**માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો**

૩૦૧૧૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે. |

---------

**નર્મદા જિલ્લામાં પોલીસ ખાતાના પૂર્ણ કરાયેલ રહેણાંકના મકાનોના કામ**

૩૦૧૪૪ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ-૨૫૭ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૫૨૩.૬૬ લાખ. |

---------

## માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો

૩૦૦૯૮ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે. |

---------

## અમરેલી જિલ્લામાં બાબરા ખાતે સી.એન.જી. પંપની મંજૂરી

૩૨૧૧૦ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના બાબરા ખાતે સી.એન.જી. પંપ ક્યારે મંજુર કરવામાં આવ્યો, | (૧) જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા અમરેલી જિલ્લાના બાબરા ખાતે હાલ કોઇ સી.એન.જી. સ્ટેશન કાર્યરત નથી. |
| (૨) પંપની કામગીરી ક્યારે ચાલુ કરવામાં આવનાર છે, અને<br>(૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩)<br>વધુમાં જણાવવાનું કે કોઇ પણ જગ્યાએ સી.એન.જી. સ્ટેશન શરૂ કરવા માટે પી.એન.જી.આર.બી. નવી દિલ્હીની મંજૂરી લેવી પડતી હોય છે. હાલમાં અમરેલી જિલ્લા માટે જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા ઇ.ઓ.આઇ. (એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ) પી.એન.જી.આર.બી. નવી દિલ્હીને રજુ કરેલ છે. હજુ સુધી પી.એન.જી.આર.બી. નવી દિલ્હી તરફથી કોઇ પણ પ્રત્યુત્તર મળેલ નથી. |

---------

## વડોદરા અને ભરૂચ જિલ્લામાં તત્કાલ અને ટપક સિંચાઇ માટેના વીજ કનેકશનો માટેની અરજીઓ

૩૨૧૦૦ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ વડોદરા અને ભરૂચ જિલ્લામાં તત્કાલ અને ટપક સિંચાઇ માટેના નવીન વીજ કનેકશન માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી, | (૧) વડોદરા અને ભરૂચ જિલ્લામાં તત્કાલ અને ટપક સિંચાઇ હેઠળ વિજ જોડાણ માટે તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ નોંધાયેલ અરજીઓની તાલુકાવાર વિગતો પત્રક ''અ'' મુજબ છે. |
| (૨) તે પૈકી કેટલા કનેકશનો આપવામાં આવ્યા, કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને | (૨) વડોદરા જિલ્લામાં તત્કાલ યોજના (સામાન્ય) હેઠળ ૨૫૩ જ્યારે તત્કાલ યોજના (ટપક સિંચાઇ) હેઠળ ૧૩૨ વિજ જોડાણો આપવામાં આવેલ છે અને ૧૪ અરજી પડતર છે.<br>ભરૂચ જિલ્લામાં તત્કાલ યોજના (સામાન્ય) હેઠળ ૧૧૦ જ્યારે તત્કાલ યોજના (ટપક સિંચાઇ) હેઠળ ૬ વિજ જોડાણો આપવામાં આવેલ છે અને કોઇ અરજી પડતર નથી. |
| (૩) બાકી રહેલ અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) બાકી વિજ જોડાણો શક્ય તેટલા ઝડપથી આપવામાં આવશે. |

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૨૧૦૦ વડોદરા અને ભરૂચ જિલ્લામાં તત્કાલ અને ટપક સિંચાઇ માટેના વીજ કનેકશન સાથેનું બિડાણ**

**પત્રકઃ ''અ''**

| વડોદરા જિલ્લો | | |
|---|---|---|
| તાલુકો | તત્કાલ યોજના (સામાન્ય) હેઠળ નોંધાયેલ અરજીઓ | તત્કાલ યોજના (ટપક સિંચાઇ) હેઠળ નોંધાયેલ અરજીઓ |
| સાવલી | ૩૮૧ | ૬૦ |
| વાઘોડીયા | ૭૨ | ૪૦ |
| પાદરા | ૨૪૭ | ૧૩ |
| કરજણ | ૩૯૮ | ૭૯ |
| ડભોઇ | ૩૩૩ | ૪૭ |
| શીનોર | ૨૪૯ | ૮૩ |
| સંખેડા | ૨૬૯ | ૫૯ |
| પાવી–જેતપુર | ૧૩૪ | ૧૨ |
| છોટા ઉદેપુર | ૨૫ | ૦ |
| ક્વાંટ | ૧૯૭ | ૧ |
| નસવાડી | ૯૧ | ૪ |
| **ભરૂચ જિલ્લો** | | |
| ભરૂચ | ૧૬૮ | ૨ |
| વાગરા | ૪ | ૦ |
| હાંસોટ | ૯૧ | ૦ |
| ઝઘડીયા | ૭૪ | ૮ |
| વાલીયા | ૧૨૦ | ૯ |

**માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો**

૩૦૦૯૪ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા( મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

**સાબરકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૫૬ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૫૦૬.૧૫ લાખના ખર્ચે કુલ ૬૨૨૩ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

**ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા ગેસનું વેચાણ**

૩૦૨૮૮ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જીએસપીસી સંચાલિત જીએસપીસી ગેસ કંપની લિ.નું ૨૦૧૦–૧૧ના નાણાકીય વર્ષમાં ગેસનું કુલ વેચાણ કેટલું છે, અને

**જવાબ**

(૧) જી.એસ.પી.સી. સંચાલિત જી.એસ.પી.સી. ગેસ કંપની લિ. નું ૨૦૧૦–૧૧ના નાણાકીય વર્ષમાં ગેસનું કુલ ૧૧૧૧.૬૩ એમ.એમ.એસ.સી.એમ. (મીલીયન મેટ્રિક સ્ટન્ડર્ડ કયુબિક મીટર) જેટલું વેચાણ થયેલ છે.

(૨) આ અંગેની પ્રાઈસમિકેનિઝમ કઈ રીતે ગણતરીમાં લેવામાં આવે છે?

(૨) ગેસની પ્રાઈસમીકેનીઝમ માટે ગેસની મૂળ ખરીદ કિંમત, વહન ખર્ચ, ઓપરેશન અને મેન્ટેનન્સ ખર્ચ તથા લાગુ પડતા કરવેરા વગેરેને ગણતરીમાં લેવામાં આવે છે.

---------

### માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો

૩૦૦૯૫ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

---------

### રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં યોજાયેલ લોક દરબાર

૩૦૧૪૯ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૮૩ અને વર્ષ ૨૦૧૧માં ૪૫ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

### માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો

૩૦૧૦૨ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

---------

### બાલાસિનોર અને વિરપુર તાલુકાઓમાં મંજૂર થયેલ પોલીસતંત્રનું મહેકમ

૩૦૦૪૩ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં પોલીસતંત્રના મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) મંજૂર થયેલ મહેકમ અન્વયે વસ્તીના ધોરણે વધુ મહેકમ ફાળવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બાલાસિનોર તાલુકામાં પોલીસતંત્રના મંજુર થયેલ મહેકમ સામે ૧૩ જગ્યા ખાલી છે. જે છ માસથી ઓછા સમયથી ખાલી છે. જ્યારે વિરપુર તાલુકામાં કોઈ જગ્યા ખાલી નથી.

(૨) હાલ જરૂરીયાત આધારિત પોલીસદળ/મહેકમ ઉપલબ્ધ છે.

### માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

૩૦૧૦૯ શ્રી **શંકરભાઇ દે. વાઘેલા ( ચકલાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

---------

**જામનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૨૬૬ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું અને,

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પુરો પાડવા જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૨૨૪.૦૦ લાખના ખર્ચે ૨૪ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ શહેરમાં કુટિર ઉદ્યોગની શરૂ કરવાની અરજીઓ**

૩૦૦૪૪ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગમાં નાના સ્વરોજગાર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર થઈ, અને

(૩) તે અન્વયે લઘુમતી સમુદાયની કેટલી અરજીઓ હતી?

**જવાબ**

(૧), (૨)અને (૩)

અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગમાં નાના સ્વરોજગાર ઉદ્યોગ માટે વાજપેયી બેંકેબલ યોજના અંતર્ગત અગાઉની પડતર સહિત મળેલ અરજીઓ, તે પૈકી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ થયેલ અરજીઓ પૈકી મંજુર થયેલ અરજીઓ અને તેમાં લઘુમતી સમુદાયની અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ | લઘુમતિ સમુદાયની અરજીઓ |
|---|---|---|---|
| ૨૦૧૦ | ૭૩૧૩ | ૩૧૩૭ | ૩૦૧ |
| ૨૦૧૧ | ૬૧૬૭ | ૨૧૦૫ | ૩૧૦ |

---------

**આણંદ જિલ્લામાં ખનીજ ચોરીના બનાવો**

૩૦૦૬૦ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ખનીજ ચોરીના કેટલા બનાવો પકડવામાં આવ્યા, અને

(૨) કેટલી ખનીજ કેટલી રકમના અંદાજ સાથે પકડવામાં આવી, અને ગુનાહીતો સામે કયા પ્રકારના પગલાઓ લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૨૦૪.

(૨) ૭૯૩૬૮.૦૯ મે. ટન ખનીજ ` ૪૫૪૩૩૭૭૧–૫૦ ની રકમની પકડવામાં આવી અને ગુનાહીતો સામે નીચે પ્રમાણે પગલા લેવામાં આવ્યા,

- ૨૦૩ કેસમાં ` ૫૩,૯૮,૭૦૫/– દંડકીય રકમ

વસૂલવામાં આવી ૧ કેસમાં બાકી રહેતી ` ૮૪૬૯૨૦/– દંડકીય રકમ વસૂલવા માટે હુકમ કરેલ છે.

- ૧ કેસમાં ` ૩૫૬૧૦૭/– દંડકીય રકમ વસૂલવા માટે નોટીસ આપેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ**

૩૦૦૫૫ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર પડેલી છે?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણો માટેની પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે,

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ગોધરા | ૨૦૧૨ |
| કાલોલ | ૯૪૧ |
| હાલોલ | ૮૭૫ |
| જાંબુઘોડા | ૫૬૫ |
| મોરવા (હ) | ૧૦૭૩ |
| ઘોઘંબા | ૧૬૩૧ |
| શહેરા | ૧૭૯૨ |
| સંતરામપુર | ૧૯૭૦ |
| કડાણા | ૯૫૨ |
| લુણાવાડા | ૩૦૫૮ |
| ખાનપુર | ૨૧૯૦ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણ**

૩૦૧૫૮ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૮૨.૯૮ લાખના ખર્ચે કુલ ૮૩૯ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**વાગરા તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન**

૩૦૨૩૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તેની કામગીરી કયા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨)

દહેજ ને વિલાયત મુકામે ઔદ્યોગીક વસાહત કાર્યરત છે, પીસીપીઆઇઆરના આયોજન મુજબ વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે અને તે માટે સરકારી/ખાનગી જમીન મેળવવાની કામગીરી વિવિધ તબક્કામાં છે.

**વડોદરા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં યોજાયેલ લોક દરબાર**

૩૦૧૫૧ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો વડોદરા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબારો યોજવામાં આવેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૦માં ૨૩૯ અને વર્ષ ૨૦૧૧માં ૨૪૮ લોક દરબારો યોજવામાં આવેલ છે.

---------

## આણંદ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ

૩૨૦૯૦ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ શરૂ કરવા કેટલી અરજીઓ આવી,

(૨) તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૧) અને (૨)

અગાઉના વર્ષની પડતર અરજીઓ સહીત છેલ્લા બે વર્ષમાં કુટિર ખાતાની વાજપેયી બેંકેબલ યોજના હેઠળ કુટિર ઉદ્યોગ માટે તાલુકાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં મળેલ અરજીઓ અને બેંકોને ભલામણ થયેલ અરજીઓમાંથી મંજુર અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | મંજુર થયેલ અરજીઓ | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ |
| આણંદ | ૯૦૫ | ૬૩૩ | ૭૭૦ | ૪૩૫ |
| ઉમરેઠ | ૫૦૩ | ૨૨૮ | ૩૦૦ | ૧૫૪ |
| ખંભાત | ૬૬૦ | ૩૬૫ | ૪૬૮ | ૩૧૭ |
| તારાપુર | ૧૩૧ | ૮૩ | ૮૭ | ૭૭ |
| પેટલાદ | ૬૦૬ | ૨૬૮ | ૫૫૪ | ૨૪૪ |
| સોજીત્રા | ૨૯૩ | ૮૭ | ૨૩૨ | ૭૩ |
| બોરસદ | ૫૧૪ | ૪૨૬ | ૨૩૪ | ૩૦૦ |
| આંકલાવ | ૧૬૭ | ૯૦ | ૯૮ | ૮૩ |
| **કુલ** | **૩૭૮૬** | **૨૧૮૦** | **૨૮૪૩** | **૧૬૬૫** |

(૩) તાલુકાવાર કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

(૩) આ પૈકી નીચે મુજબ અરજીઓ નામંજુર કરવામાં આવેલ.

| તાલુકાનું નામ | જિલ્લાઉદ્યોગ કેન્દ્ર કક્ષાઓ | | બેંક કક્ષાએ | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ |
| આણંદ | ૯૩ | ૮૪ | ૧૨૩ | ૪૮ |
| ઉમરેઠ | ૧૬૦ | ૧૩ | ૫૫ | ૪૩ |
| ખંભાત | ૧૩૫ | ૩૧ | ૬૯ | ૧૭૨ |
| તારાપુર | ૨૮ | ૫ | ૩૯ | ૪૬ |
| પેટલાદ | ૨૮ | ૧૫ | ૬૬ | ૫૬ |
| સોજીત્રા | ૫૧ | ૧૧ | ૪૫ | ૧૬ |
| બોરસદ | ૧૫૨ | ૫૯ | ૬૧ | ૫૮ |
| આંકલાવ | ૫૪ | ૫ | ૪૧ | ૩૯ |
| **કુલ** | **૭૦૧** | **૨૨૩** | **૪૯૯** | **૪૭૮** |

(૪) ના મંજુર કરેલ અરજીઓ માટેના કારણો શા છે.

(૪) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. ઉંમર નિયત મર્યાદામાં ન હોવાથી/અન્ય ધંધા વ્યવસાયમાં રોકાયેલ હોઈ.
૨. જરૂરી માહિતી સાથે બોલાવેલ છતાં હાજર ન હોઈ.
૩. અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી.
૪. અગાઉ સબસીડીનો લાભ લીધેલ હોવાથી.

**બેંક કક્ષાએ**

૧. ધંધો અર્થક્ષમ ન હોવાથી.
૨. જરૂરી ડોક્યુમેન્ટ આધાર પુરાવા પુરા પડેલ ન હોવાથી.
૩. અરજદાર બેન્કના ડીફોલ્ટર હોવાથી.
૪. અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી.
૫. બેન્કનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી.

---------

**માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરિયાદો**

૩૦૦૯૧ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી અને બે માહિતી કમિશ્નરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરિયાત મુજબ કમિશ્નરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે. |

**રાજકોટ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન**

૩૦૨૪૨ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન છે તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તે કયા સ્થળોએ, અને | (૨) દેવગામ–ખીરસરા, છતર–મીતાણા, જેતપુર, પડધરી અને જસદણ. |
| (૩) તે કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) સરકારી તેમજ ખાનગી જમીન સંપાદન કરવા માટેની કાર્યવાહી ગતિમાં છે. |

**રાજપારડી લિગ્નાઈટ ખાણમાંથી મળતા લિગ્નાઈટના વેચાણ ભાવમાં તફાવત**

૩૦૦૫૮ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના રાજપારડી ખાતે આવેલ લિગ્નાઈટની ખાણમાંથી નીકળતા લિગ્નાઈટના વેચાણ માટે નાના એકમ અને મોટા એકમ માટેના ભાવ શું છે? | ટેક્સ સિવાય, નાના એકમ માટે ` ૧૮૨૫/– પ્રતિ ટન અને મોટા એકમ માટે ` ૨૦૫૦/– પ્રતિ ટન. |

---------

**માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરિયાદો**

૩૦૧૦૭ **શ્રી રામસિંહ પ્ર. પરમાર( ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી અને બે માહિતી કમિશ્નરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરિયાત મુજબ કમિશ્નરશ્રીઓની નિમણૂક |

કરવામાં આવે છે.

**માહિતી આયોગ સમક્ષ પેન્ડીંગ અપીલ અને ફરિયાદો**

૩૦૧૦૦ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નરની અને બે માહિતી કમિશ્નરશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશ્નરશ્રીઓની નિમણૂંક કરવામાં આવે છે.

---------

**કાંકરેજ તાલુકાની બનાસ નદીમાં નર્મદાનું પાણી છોડવા બાબત**

૩૧૯૭૫ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી પસાર થતી બનાસ નદીમાં નર્મદાના પાણી છોડી કુવા–બોર રીચાર્જ કરવા છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ સરકારને મળી, અને

(૨) કાંકરેજ વિસ્તારમાંથી પસાર થતી નદીમાં ક્યા ક્યા ગામ પાસે નર્મદાનું ક્યારે પાણી છોડવા સરકારે આયોજન કર્યુ છે ?

**જવાબ**

(૧) અને (૨) બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી પસાર થતી બનાસ નદીમાં નર્મદા નદીનું પાણી છોડવા માટે માંગણી મળેલ છે. પરંતુ, માંગણીવાળા ગામો નર્મદા કેનાલ ક્રોસીંગથી ઉપરવાસમાં હોય તાંત્રિક દ્રષ્ટિએ પાણી આપવું શક્ય નથી.

**વીજ વપરાશ પર વીજ ડ્યુટી વસુલવા બાબત**

૩૦૫૨૭ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ રાજ્યમાં યુનીટ દીઠ વીજ વપરાશ પર ડયુટી નહીં લઈને એડવેરોલમ ધોરણે વસુલાય છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા તો તેના કારણો શા છે, અને રાજ્ય સરકારે યુનીટ દીઠ વીજ ડ્યુટી વસુલવા શી વિચારણા કરી છે ?

**જવાબ**

(૧) અને (૨) ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ મુજબ (i ) મીટર ચાર્જીસ (i i ) વીજ બીલની વિલંબીત ચુકવણી (i i i ) ફયુઝ ચાર્જીસ અને પુનઃ જોડાણ ચાર્જીસ સિવાયના તમામ ચાર્જીસને વીજ વપરાશ (Consumtion Charges) ચાર્જીસ ગણી તેના ઉપર નિયત દરે વીજ શુલ્ક લેવાય છે.

**ભરૂચ જિલ્લાના પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન માટે જમીન સંપાદન**

૩૦૧૩૪ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં જાહેર કરવામાં આવેલ પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન માટે જમીન સંપાદન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) દહેજ ને વિલાયત મુકામે ઔદ્યોગિક વસાહત કાર્યરત છે. પીસીપીઆઇઆરના આયોજન મુજબ વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે અને તે માટે સરકાર/ખાનગી જમીન મેળવવાની કામગીરી વિવિધ તબક્કામાં છે.

**જૂનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૧૬૩ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૮૭.૭૦ લાખના ખર્ચે કુલ ૨૮૩૯ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

**આણંદ જિલ્લામાં કાર્યરત ઔદ્યોગિક વસાહતો**

૩૨૧૦૨ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કયા કયા તાલુકામાં જીઆઈડીસી કાર્યરત છે, | (૧) આણંદ, બોરસદ, ખંભાત, પેટલાદ, સોજીત્રા અને ઉમરેઠ તાલુકામાં વસાહતો કાર્યરત છે. |
| (૨) બાકી તાલુકામાં જીઆઈડીસી સ્થાપવા માટે શું આયોજન છે, | (૨) તારાપુર તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાની બાબત પ્રાથમિક ચકાસણી હાથ પર છે. |
| (૩) હયાત જીઆઈડીસીઓના વિસ્તૃતિકરણ તથા આધુનિકરણ માટે કોઈ આયોજન છે કે કેમ, | (૩) વિસ્તૃતિકરણ માટે કોઈ આયોજન કરવામાં આવેલ નથી. –આધુનિકરણ માટે આયોજન કરવામાં આવેલ છે. |
| (૪) જો હા, તો તેના માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે,અને | (૪) ` ૪૩૪૩.૫૨/– લાખ |
| (૫) તે પૈકી કેટલી રકમ કયા કયા હેતુ માટે ખર્ચ થયેલ છે? | (૫) રસ્તા, વરસાદી ગટર, પાણી પૂરવઠા યોજના તેમજ શેરીબત્તી વગેરેની સુધારણા માટે ` ૧૩૧૬.૮૪/– લાખ ખર્ચ કરવામાં આવ્યો છે. |

**બંદરોના વિકાસ માટે ખાનગી ક્ષેત્રે મૂડી રોકાણ**

૩૦૨૨૬ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિ◌ે છેલ્લા ત્રણ વર્ષમાં બંદરો અને બંદરીય સુવિધાઓ વિકસાવવા માટે કુલ કેટલું ખાનગી મૂડીરોકાણ થયું, અને | (૧) આશરે ` ૬૦૦૫ કરોડનું ખાનગી મૂડીરોકાણ થયું. |
| (૨) તેનાથી માલ–સામાનની હેરફેરની ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૨) વાર્ષિક ૮૧ મીલીયન ટનનો વધારો થયો. |

**બનાસકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણ**

૩૦૧૬૮ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને (૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) અને (૨)ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૮૨.૯૮ લાખના ખર્ચે કુલ ૮૩૯ વીજ જોડાણો આપવામાં આવ્યા છે. |

**ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે બાકી વીજ જોડાણો**

૩૦૨૬૯ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો આપવાના બાકી છે,અને | (૧) ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૬૪૦૦ લાભાર્થીએ વીજ જોડાણો આપવાના બાકી છે. |
| (૨) તેમને કેટલા સમયમાં આ વીજ જોડાણો આપવાનું આયોજન છે ? | (૨) ખેડા જિલ્લામાં ચાલુ વર્ષે તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૨૦૯૧૯ વિજ જોડાણો આપવામાં આવ્યા છે. ખેડા જિલ્લામાં અસાધારણ પ્રમાણમાં ઘરવપરાશના વિજ જોડાણો માટેની અરજીઓ નોંધાયેલ હોઈ, માળખાગત સુવિધા, વિજ વિતરણ વ્યવસ્થા, તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજાનાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આ તમામ બાબતો ધ્યાને લઈ આગામી વર્ષમાં બનતી ત્વરાએ વિજ |

જોડાણો આપવાનું આયોજન છે.

**વડોદરા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અન્વયે ફાળવવામાં આવેલી રકમ**

૩૦૦૬૩ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ સરકારે વર્ષવાર કેટલી રકમ ફાળવી, | (૧) આરજીજીવીવાય અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી ભારત સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા જે તે જિલ્લાના પ્રોજેક્ટ રીપોર્ટ મુજબ જિલ્લાવાર ફાળવવામાં આવે છે, તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯માં રૂપિયા ૪.૬૬ કરોડ, વર્ષ ૨૦૧૦માં રૂપિયા ૪.૩૭ કરોડ અને વર્ષ ૨૦૧૧માં શૂન્ય ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. |
| (૨) આ ફાળવેલી રકમ અન્વયે વર્ષવાર કયા કયા કામો હાથ ધરી કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) આ રકમ બી.પી.એલ. લાભાર્થીઓને ઘરવપરાશના વિજ જોડાણ માટે ફાળવવામાં આવે છે. તદનુસાર વર્ષ ૨૦૦૯માં ૮૩૮૫ વિજ જોડાણ માટે રૂપિયા ૨.૪૯ કરોડ, વર્ષ ૨૦૧૦માં ૫૨૭૦ વિજ જોડાણ માટે રૂપિયા ૩.૮૩ કરોડ અને વર્ષ ૨૦૧૧માં ૪૧૫૦ વિજ જોડાણ માટે રૂપિયા ૪.૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. |
| (૩) આ ખર્ચમાં રાજ્ય અને કેન્દ્ર સરકારનો કેટલો નાણાકીય હિસ્સો છે ? | (૩) આ યોજના કેન્દ્ર સરકાર પ્રેરિત છે, આથી આ યોજનાના અમલીકરણ માટે થતો ખર્ચ યોજનાના નિર્ધારીત ધારા ધોરણો મુજબ, કેન્દ્ર સરકાર દ્વારા ૯૦ % ગ્રાન્ટ તરીકે અને બાકીની ૧૦ % રકમ ભારત સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા લોન તરીકે સંબંધિત વીજ કંપનીને ફાળવવામાં આવે છે. |

**બંદરોના વિકાસ માટે ખાનગી ક્ષેત્રે મૂડી રોકાણ**

૩૦૨૨૭ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બંદરો અને બંદરની સુવિધાઓ વિકસાવવા માટે કુલ કેટલું ખાનગી મૂડી રોકાણ થયું, અને | (૧) આશરે ` ૬૦૦૫ કરોડનું ખાનગી મૂડી રોકાણ થયું. |
| (૨) તેનાથી માલ–સામાનની હેરફેરની ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૨) વાર્ષિક ૮૧ મીલીયન ટનનો વધારો થયો. |

**કચ્છ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૦૧૫૫ **ડાૅ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કચ્છ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૦માં ૨૯૩ અને ૨૦૧૧માં ૨૧૪ લોક દરબાર યોજવામાં આવેલ છે. |

---------

## વીજ વપરાશ પર વીજ ડ્યુટી વસૂલવા બાબત

૩૦૫૨૯ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ રાજ્યમાં યુનીટ દીઠ વીજ વપરાશ પર ડ્યુટી નહીં લઇને એડવેરોલમના ધોરણે વસુલાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને રાજ્ય સરકાર યુનીટ દીઠ વીજ ડ્યુટી વસુલવા શી વિચારણા કરી છે ?

**જવાબ**

(૧) અને (૨) ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ મુજબ **(i )** મીટર ચાર્જીસ **(i i )** વીજ બીલની વિલંબીત ચુકવણી **(i i i )** ફ્યુઝ ચાર્જીસ અને પુનઃ જોડાણ ચાર્જીસ સિવાયના તમામ ચાર્જીસને વીજ વપરાશ **(Consumption Charges)** ચાર્જીસ ગણી તેના ઉપર વીજ નિયત દરે વીજ શુલ્ક લેવાય છે.

---------

## વાગરા તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન

૩૦૨૪૦ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તેની કામગીરી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) દહેજ ને વિલાયત મુકામે ઔદ્યોગિક વસાહત કાર્યરત છે. પીસીપીઆઈઆરના આયોજન મુજબ વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે અને તે માટે સરકારી/ખાનગી જમીન મેળવવાની કામગીરી વિવિધ તબક્કામાં છે.

## વલસાડ જિલ્લામાં ખાનગી ક્ષેત્રે નવા બંદરોનો વિકાસ

૩૦૨૨૫ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ખાનગી ક્ષેત્રે નવું ખાનગી બંદર સરકાર વિકસાવવા માંગે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે કયા સ્થળે, અને

(૩) આ અંગે વર્તમાન પરિસ્થિતિ શું છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકાના નારગોલ ખાતે નવા બંદરના વિકાસકારની પસંદગીની પ્રક્રિયા સર્વગ્રાહી વિચારણા બાદ આખરી કરવામાં આવશે.

---------

## સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં યોજાયેલ લોક દરબાર

૩૦૧૫૦ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૧૩૮ અને વર્ષ ૨૦૧૧માં ૧૩૫ લોક દરબાર યોજવામાં આવેલ છે.

## પોરબંદર જામનગર અને જૂનાગઢ જિલ્લામાં નર્મદાનું પાણી સિંચાઈ માટે પહોંચાડવા બાબત

૩૦૫૬૯ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પોરબંદર જામનગર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કેટલા વિસ્તારમાં નર્મદાનું પાણી સિંચાઈ માટે પહોંચતું કરવાનું આયોજન છે,

**જવાબ**

(૧) નર્મદા જળવિવાદ પંચ દ્વારા ગુજરાત રાજ્યને ફાળવાયેલ પાણીનો સક્ષમ ઉપયોગ થાય તે માટે વર્ષ ૧૯૮૩માં ડૉ. વાય કે. અલઘના કાર્યકારી ઉપાધ્યક્ષ સ્થાને રચાયેલ નર્મદા પ્લાનીંગ ગૃપ દ્વારા નર્મદા યોજનાનો સિંચાઇ વિસ્તાર નક્કી કરાયેલ હતો. જે અન્વયે પોરબંદર, જામનગર અને જુનાગઢ જિલ્લાનો સિંચાઇ વિસ્તારમાં

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા વિસ્તારમાં સિંચાઇ માટેનું પાણી પહોંચાડવામાં આવેલ છે, અને કેટલા વિસ્તાર બાકી છે, બાકી વિસ્તારમાં ક્યાં સુધીમાં પહોંચાડવાનું આયોજન છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર કેટલાં નાણાંનો ખર્ચ કરવામાં આવ્યો ?

સમાવિષ્ટ થતો નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલ સ્ટીલ અને પોલીથાઈલીન પાઈપલાઇન**

૩૦૨૯૬ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જીએસપીસી ગેસની કેટલા કિ.મી. સ્ટીલ પાઇપ–લાઇન અને પોલીથાઈલીન પાઈપલાઇન નાંખવામાં આવી?

**જવાબ**

રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જી.એસ.પી.સી. ગેસ કંપની લી. ની અંદાજે ૨૫૦ કી.મી. સ્ટીલ પાઇપલાઇન અને અંદાજે ૩,૭૦૦ કી.મી. પોલીથીલીન પાઇપલાઇન નાંખવામાં આવી.

**પંચમહાલ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન**

૩૦૨૪૩ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે કયા સ્થળોએ, અને

(૩) તે કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) પંચમહાલ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે હાલોલ–સાવલી સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન જાહેર કરવામાં આવેલ છે. સદર રીજિયનમાં જિલ્લાના હાલોલ અને કાલોલ તાલુકાના કુલ ૨૧ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ઓટો મોબાઈલ અને એન્સીલીયરી, લાઈટ, હેવી મશીનરી, એન્જીનીયરીંગ પ્લાસ્ટીક, ઇલેક્ટ્રોનિકસ વિગેરે ઉદ્યોગોના વિકાસની શક્યતાઓ રહેલી છે. તેમજ હાલોલને દિલ્હી–મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરના એક નોડ તરીકે નક્કી કરવામાં આવેલ છે.

**રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પોલીસ દળના આરોગ્યની ચકાસણી**

૩૦૧૪૬ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઇ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૦૧૦ અને ૨૦૧૧ એમ બે વર્ષોમાં કુલ મળીને ૧૪૨૫ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થયેલ છે.

**ભરૂચ જિલ્લાના પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન માટે જમીન સંપાદન**

૩૦૨૫૦ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં જાહેર કરવામાં આવેલ પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન માટે જમીન સંપાદન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) અને (૨) દહેજને વિલાયત મુકામે ઔદ્યોગિક વસાહત કાર્યરત છે. પીસીપીઆઇઆરના આયોજન મુજબ વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે અને તે માટે સરકારી/ખાનગી જમીન મેળવવાની કામગીરી વિવિધ તબક્કામાં છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૩ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ–૦૭ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૫૦૩.૬૮ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં ખનીજ ચોરીના બનાવો**

૩૦૦૬૬ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નદીઓમાંથી ખનીજ–રેતી ચોરીના કેટલા બનાવો નોધાયા તે અન્વયે તેની અંદાજીત કિંમત શી છે, અને | (૧) ૧૦૯ બનાવો, અંદાજીત કિંમત ` ૩,૫૬,૪૫૦/– |
| (૨) કેટલા ઈસમોની સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ૧૦૯ સામે દંડકીય વસૂલાતની અને તે પૈકી ૨ લીઝ રદ કરવાની કાર્યવાહી. |

---------

**ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ કંપની દ્વારા ગેસનું કુલ વેચાણ**

૩૦૨૯૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જી.એસ.પી.સી. સંચાલિત જી.એસ.પી.સી. ગેસ કંપની લિ. નું ૨૦૧૦–૧૧ના નાણાકીય વર્ષમાં ગેસનું કુલ વેચાણ કેટલું છે, અને | (૧) જી.એસ.પી.સી. સંચાલિત જી.એસ.પી.સી. ગેસ કંપની લિ. નું ૨૦૧૦–૧૧ના નાણાકીય વર્ષમાં ગેસનું કુલ ૧૧૧૧.૬૩ એમ.એમ.એસ.સી.એમ. (મીલીયન મેટ્રિક સ્ટન્ડર્ડ કયુબિક મીટર) જેટલું વેચાણ થયેલ છે. |
| (૨) આ અંગેની પ્રાઈસમિકેનિઝમ કઈ રીતે ગણતરીમાં લેવામાં આવે છે? | (૨) ગેસની પ્રાઈસમીકેનીઝમ માટે ગેસની મૂળ ખરીદ કિંમત, વહન ખર્ચ, ઓપરેશન અને મેન્ટેનન્સ ખર્ચ તથા લાગુ પડતા કરવેરા વગેરેને ગણતરીમાં લેવામાં આવે છે. |

---------

**કચ્છ જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૨૭૪ **શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન કચ્છ જિલ્લામાં કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યુ અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૧) અને (૨) તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પુરો પાડવા કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૨૦૩.૦૦ લાખના ખર્ચે ૧૨ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે. |

---------

**વલસાડ જિલ્લામાં ખાનગી ક્ષેત્રે નવા બંદરોનો વિકાસ**

૩૦૨૨૪ **શ્રી વિજયભાઈ ર. પટેલ( ડાંગ–વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ખાનગી ક્ષેત્રે નવુ ખાનગી બંદર સરકાર વિકસાવવા માંગે છે તે હકીકત સાચી છે, | (૧), (૨) અને (૩)<br>વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકાના નારગોલ ખાતે નવા બંદરના વિકાસકારની પસંદગીની પ્રક્રીયા સર્વગ્રાહી |

(૨) જો હા, તો તે કયા સ્થળે, અને

(૩) આ અંગે વર્તમાન પરિસ્થિતિ શું છે?

વિચારણા બાદ આખરી કરવામાં આવશે.

---------

**કચ્છ જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૩૦૧૭૯ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી-કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) વર્ષ ૨૦૧૦માં-૧૫૫.
(૨) વર્ષ ૨૦૧૧માં-૩૧૦.

---------

**વીજ વપરાશ પર વીજ ડ્યુટી વસૂલવા બાબત**

૩૦૫૪૦ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ રાજ્યમાં યુનીટ દીઠ વીજ વપરાશ પર ડ્યુટી નહીં લઇને એડવેરોલમ ધોરણે વસુલાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને રાજ્ય સરકારે યુનીટ દીઠ વીજ ડ્યુટી વસુલવા શી વિચારણા કરી છે ?

**જવાબ**

(૧) અને (૨) ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ મુજબ (i ) મીટર ચાર્જીસ (i i ) વીજ બીલની વિલંબીત ચુકવણી (i i i ) ફ્યુઝ ચાર્જીસ અને પુનઃ જોડાણ ચાર્જીસ સિવાયના તમામ ચાર્જીસને વીજ વપરાશ (Consumption Charges) ચાર્જીસ ગણી તેના ઉપર નિયત દરે વીજ શુલ્ક લેવાય છે.

---------

**રાજ્યમાં વીજ ઉત્પાદન અને વધારા**

૩૨૧૨૭ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી વીજળીનું ઉત્પાદન વર્ષવાર કરવામાં આવ્યું,

(૨) તે અન્વયે ઘરવપરાશ, ખેતી વિષયક અને ઉદ્યોગોમાં વર્ષવાર કેટલો વીજળીનો વપરાશ થયો, અને

(૩) વર્ષવાર કેટલી વીજળી શા ભાવે ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવી?

**જવાબ**

(૧) રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ તથા ૨૦૧૧માં અનુક્રમે ૫૮૮૯૫ મીલીયન યુનિટ તથા ૬૫૪૦૩ મીલીયન યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે.

(૨) તે અન્વયે વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં ઘરવપરાશ, ખેતી વિષયક અને ઉદ્યોગોમાં પૂરા પાડવામાં આવેલ વીજ પુરવઠાની વિગતો નીચે મુજબ છે.

| કેટેગરી | વર્ષ ૨૦૧૦ (મી.યુ.) | વર્ષ ૨૦૧૧ (મી.યુ.) |
|---|---|---|
| કૃષિ વિષયક | ૧૫૪૯૨ | ૧૮૧૯૯ |
| ઈન્ડસ્ટ્રીયલ-એચ.ટી. | ૧૩૦૮૧ | ૧૪૭૪૯ |
| ઈન્ડસ્ટ્રીયલ-એલ.ટી. | ૫૨૮૭ | ૫૬૫૫ |
| જ્યોતિ ગ્રામ યોજના ફીડર્સ* | ૮૬૬૮ | ૯૩૮૫ |
| અર્બન/ટાઉન ફીડર્સ* | ૧૦૭૦૭ | ૧૧૨૪૫ |

*નોંધઃ- ઉપરોકત જણાવેલ જ્યોતિગ્રામ યોજના અને અર્બન/ટાઉન ફીડર્સમાં દર્શાવેલ વીજ પુરવઠામાં ઘરવપરાશ અને વાણિજ્યિક હેતુસર પુરો પાડવામાં આવેલ વીજ પુરવઠાનો સમાવેશ થાય છે.

(૩) રાજ્યની એકંદર વીજ માંગને પહોંચી વળવા સારૂં, રાજ્યની અગાઉની સરકારો દ્વારા ખાનગી કંપનીઓ એસ્સાર અને જીપેક સાથે વાટાઘાટો કરી, કોસ્ટ પ્લસના સિધ્ધાંત પર લાંબાગાળાના ધોરણે વીજ ખરીદી કરારો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વર્તમાન સરકારે રાજ્યની કૃષિ સહિતની વીજ માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓ

મુજબ સ્પર્ધાત્મક ધોરણે બીડસ મંગાવી અદાણી પાવર સાથે લાંબા ગાળાના વીજ દર આધારિત બે કરારો કર્યા છે.

તદનુસાર, રાજ્ય સરકારે ખાનગી કંપનીઓ પાસેથી વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં ખરીદેલી વીજળીની અને તેના યુનિટ દીઠ ભાવની વિગત નીચે મુજબ છે.

| **કંપનીઓ** | | **વર્ષ ૨૦૧૦** | | **વર્ષ ૨૦૧૧** | |
|---|---|---|---|---|---|
| | | **મીલીયન યુનિટ** | **દર ` પ્રતિ યુનીટ** | **મીલીયન યુનિટ** | **દર ` પ્રતિ યુનીટ** |
| ૧ | એસ્સાર | ૧૪૩૬ | ૩.૩૭ | ૧૪૫૪ | ૩.૦૯ |
| ૨ | જીપેક | ૩૮૬૮ | ૩.૯૨ | ૩૧૭૭ | ૪.૭૨ |
| ૩ | અદાણી પાવર | ૪૧૪૩ | ૨.૫૮ | ૯૬૪૮ | ૨.૭૩ |
| | **કુલઃ** | **૯૪૪૭** | **૩.૨૫** | **૧૪૨૮૦** | **૩.૨૧** |

ઉપર્યુકત વિગતથી એ સ્પષ્ટ થશે કે, વર્તમાન સરકારે અદાણી પાવર સાથે અગાઉના કરારો કરતાં પ્રમાણમાં સસ્તા દરે વીજળી ખરીદવાના કરારો કર્યા છે. આ સરકારે અદાણી પાવર સાથે કારારો કર્યા તે જ સમયગાળામાં દેશના કોંગ્રેસશાસિત રાજ્યો હરિયાણા અને મહારાષ્ટ્રે અનુક્રમે ` **૨.૯૪** અને ` **૩.૨૮**ના દરે અદાણી પાવર સાથે વીજ ખરીદીના કરારો કર્યા છે.

---------

## દક્ષિણ ગુજરાતમાં કાર્યાન્વિત કોમન યુઝર ખાનગી બંદરો

૩૦૨૨૯ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દક્ષિણ ગુજરાતમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલા કોમન યુઝર ખાનગી બંદરો કાર્યાન્વિત છે,

(૨) તે સ્થિતિએ કેટલા નવા ખાનગી બંદરોનો વિકાસ થઈ રહેલ છે, અને

(૩) આ બંદરો ઉપરથી કયા કયા પ્રકારના કાર્ગોની હેરફેર થનાર છે?

**જવાબ**

(૧) ૨ (બે).

(૨) ૧ (એક) દહેજ ખાતે.

(૩) (૧) લીકવીડ બલ્ક–કેમીકલ અને પીઓએલ.
(૨) જનરલ કાર્ગો/ડ્રાય.
(૩) કન્ટેનર્સ.

---------

## આણંદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૩૦૧૭૨ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૨૧૪.૪૯ લાખના ખર્ચે કુલ ૧૪૨૦ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

## અમદાવાદ શહેરમાં ગોધરાકાંડ પછી ધંધાકીય તથા મકાનને થયેલ નુકશાન માટે સહાય

૨૭૮૩૦ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૨ માં થયેલ ગોધરાકાંડ પછીના તોફાનોમાં જે લોકોને ધંધાકીય તથા મકાનનું નુકશાન થયેલ છે, અને

(૨) તેવા અસરગ્રસ્તોને રાજ્ય સરકાર સહાય માટે કોઇ યોજના બનાવવા માંગે છે કે કેમ ?

**જવાબ**

ખંડ (૧) અને (૨)

અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૨ માં થયેલા કોમી તોફાનોના કારણે અસર પામેલ ઉદ્યોગો, દુકાનદારો તેમજ સ્વરોજગારી મેળવતા લોકોને વ્યાજસહાયની યોજના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૬–૦૩–૨૦૦૨ અને મુડી સહાયની યોજના તા.૧૬–૫–૨૦૦૨ ના ઠરાવોથી સમગ્ર રાજ્ય માટે જાહેર કરવામાં આવી હતી. આ યોજનાઓ હેઠળ

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ શહેરમાં કુલ ૧૮૬૧ એકમો/અસરગ્રસ્તોને કુલ ` ૩,૧૭,૮૪,૬૨૬/- ની વ્યાજ સહાય અને ` ૨,૫૫,૭૩,૯૦૫/- ની મુડી સહાય પૂરી પાડવામાં આવી હતી. ઉપરની વિગતો જોતાં સરકારે આ અંગે નવી કોઇ યોજના બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજુલા તાલુકાના ધાતરવાડી-૧ ડેમમાં નર્મદાના પાણી નાખવાનું આયોજન**

૩૦૩૦૯ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા આધારીત કેનાલો દ્વારા રાજુલા તાલુકાના ધાતરવાડી-૧ ડેમમાં પાણી નાખવાનું સરકારનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કેનાલોના કામની શી પરિસ્થિતિ છે અને તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ આ કામગીરી ક્યા લેવલે છે, અને

(૩) આ કેનાલોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભરૂચ જિલ્લાના પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન માટે જમીન સંપાદન**

૩૦૨૪૬ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં જાહેર કરવામાં આવેલ પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન માટે જમીન સંપાદન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨)

દહેજ ને વિલાયત મુકામે ઔદ્યોગિક વસાહત કાર્યરત છે. પીસીપીઆઇઆરના આયોજન મુજબ વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે અને તે માટે સરકારી/ખાનગી જમીન મેળવવાની કામગીરી વિવિધ તબક્કામાં છે.

---------

**વડોદરા જિલ્લા અને શહેરમાં નોંધાયેલ વિવિધ ગંભીર ગુનાઓ**

૩૦૦૪૭ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા શહેર અને જિલ્લામાં તાલુકાવાર ખુન-લુંટ-બળાત્કારના કેટલા કિસ્સાઓ પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ગુન્હાઓ વર્ષવાર ઉકેલવામાં આવ્યા, અને કેટલા ગુન્હાહીતોને પકડવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્ર-૨ મુજબ.

**પત્રક-૧ (વડોદરા શહેર)**

| વર્ષ | ખુન | લુંટ | બળાત્કાર |
|---|---|---|---|
| ૨૦૧૦ | ૨૩ | ૧૯ | ૭ |
| ૨૦૧૧ | ૨૧ | ૮૩ | ૯ |

**પત્રક-૨ (વડોદરા જિલ્લો)**

| અ.નં. | તાલુકાનું નામ | ખુન | | લુંટ | | બળાત્કાર | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૦ | ૨૦૧૧ |
| ૧ | વડોદરા તાલુકો | ૫ | ૨ | ૩ | ૨ | ૦ | ૧ |
| ૨ | કરજણ | ૦ | ૪ | ૨ | ૦ | ૧ | ૧ |
| ૩ | શિનોર | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સાવલી | ૭ | ૨ | ૧ | ૧ | ૪ | ૨ |
| ૫ | પાદરા | ૪ | ૩ | ૦ | ૧ | ૧ | ૧ |
| ૬ | વાઘોડીયા | ૬ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૭ | ડભોઇ | ૩ | ૦ | ૨ | ૨ | ૧ | ૧ |
| ૮ | સંખેડા | ૨ | ૬ | ૨ | ૨ | ૫ | ૩ |
| ૯ | નસવાડી | ૫ | ૧ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૧૭ | ૧૬ | ૨ | ૧ | ૨ | ૭ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | જેતપુર પાવી | ૩ | ૮ | ૦ | ૨ | ૦ | ૮ |
| ૧૨ | ક્વાંટ | ૧૦ | ૮ | ૧ | ૩ | ૦ | ૧ |

**પત્રક–૨**

**વડોદરા શહેર**

| | ઉકેલવામાં આવેલ ગુનાઓ | | | ગુનાહિતોને પકડવામાં આવ્યા | | |
|---|---|---|---|---|---|---|
| વર્ષ | ખૂન | લૂંટ | બળાત્કાર | ખૂન | લૂંટ | બળાત્કાર |
| ૨૦૧૦ | ૨૦ | ૧૬ | ૭ | ૪૪ | ૩૬ | ૧૧ |
| ૨૦૧૧ | ૧૯ | ૩૯ | ૯ | ૫૮ | ૮૪ | ૧૫ |

**વડોદરા ગ્રામ્ય**

| | ઉકેલવામાં આવેલ ગુનાઓ | | | ગુનાહિતોને પકડવામાં આવ્યા | | |
|---|---|---|---|---|---|---|
| વર્ષ | ખૂન | લૂંટ | બળાત્કાર | ખૂન | લૂંટ | બળાત્કાર |
| ૨૦૧૦ | ૬૩ | ૯ | ૧૬ | ૧૨૬ | ૨૨ | ૨૬ |
| ૨૦૧૧ | ૪૮ | ૧૦ | ૨૮ | ૯૦ | ૨૪ | ૪૨ |

---------

**આદિજાતિ વિસ્તારમાં નવા સબ સ્ટેશનોની સ્થાપના**

૩૦૨૭૫ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા તારીખ ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

આદિજાતિ વિસ્તારોમાં ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા વર્ષ ૨૦૧૦ માં ` ૬૦૦૯.૧૯ લાખના ખર્ચે ૬૬ કેવીના ૧૫ અને વર્ષ ૨૦૧૧ માં ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ

` ૧૪૬૩૭.૦૬ લાખના ખર્ચે ૪૦૦ કેવીનું ૧ અને ૬૬ કેવીના ૯ નવા વીજ સબ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે. આમ છેલ્લા બે વર્ષમાં કુલ ` ૨૦૬૪૬.૨૫ લાખના ખર્ચે ૨૫ નવા સબ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે.

**ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલ સ્ટીલ અને પોલીથાઈલીન પાઇપલાઇન**

૩૦૨૯૭ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–૧) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જી.એસ.પી.સી. લી. ગેસની કેટલા કિ.મી. સ્ટીલ પાઇપ–લાઇન અને પોલીથાઈલીન પાઇપલાઇન નાંખવામાં આવી ?

**જવાબ**

રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જી.એસ.પી.સી. ગેસ કંપની લી. ની અંદાજે ૨૫૦ કિ.મી. સ્ટીલ પાઇપલાઇન અને અંદાજે ૩,૭૦૦ કિ.મી. પોલીથીલીન પાઇપલાઇન નાંખવામાં આવી.

**જામનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૨૦૮ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૧૭.૨૪ લાખના ખર્ચે કુલ ૫૪૬ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ચાલુ વર્ષે ફેબ્રુઆરી ૨૦૧૨ સુધીમાં ` ૩૨.૮૩ લાખના ખર્ચે ૧૨૮૬ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**કચ્છ જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૨૭૩ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન કચ્છ જિલ્લામાં કેટલા ફીડરોનું

**જવાબ**

(૧) અને (૨)

તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્ત સભર અને

વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પુરો પાડવા કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન તારીખ ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ` ૨૦૩.૦૦ લાખના ખર્ચે ૧૨ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

---------

**ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા ગેસનું વેચાણ**

૩૦૨૮૯ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જી.એસ.પી.સી. સંચાલિત જી.એસ.પી.સી. ગેસ કંપની લિ. નું ૨૦૧૦-૧૧ ના નાણાકીય વર્ષમાં ગેસનું કુલ વેચાણ કેટલું છે, અને

(૨) આ અંગેની પ્રાઇસમિકેનિઝમ કઇ રીતે ગણતરીમાં લેવામાં આવે છે ?

**જવાબ**

(૧) જી.એસ.પી.સી. સંચાલિત જી.એસ.પી.સી. ગેસ કંપની લિ. નું ૨૦૧૦-૧૧ ના નાણાકીય વર્ષમાં ગેસનું કુલ ૧૧૧૧.૬૩ એમ.એમ.એસ.સી.એમ. (મીલીયન મેટ્રિક સ્ટન્ડર્ડ ક્યુબિક મીટર) જેટલું વેચાણ થયેલ છે.

(૨) ગેસની પ્રાઇસમીકેનીઝમ માટે ગેસની મૂલ ખરીદ કિંમત, વહન ખર્ચ, ઓપરેશન અને મેન્ટેનન્સ ખર્ચ તથા લાગુ પડતા કરવેરા વગેરેને ગણતરીમાં લેવામાં આવે છે.

**પોરબંદર જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૧ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ - ૦૪ બિન રહેણાંકના કામો.

(૨) કુલ ` ૨૪૧.૦૦ લાખ.

**ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા ગેસનું વેચાણ**

૩૦૨૯૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જીએસપીસી સંચાલિત જીએસપીસી ગેસ કંપની લિ.નું ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં ગેસનું વેચાણ કેટલું છે, અને

(૨) આ અંગેની પ્રાઈસમિકેનીઝમ કઈ રીતે ગણતરીમાં લેવામાં આવે છે?

**જવાબ**

(૧) જી.એસ.પી.સી. સંચાલિત જી.એસ.પી.સી. ગેસ કંપની લિ. નું ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં ગેસનું કુલ ૧૧૧૧.૬૩ એમ.એમ.એસ.સી.એમ. (મીલીયન મેટ્રિક સ્ટન્ડર્ડ કયુબિક મીટર) જેટલું વેચાણ થયેલ છે.

(૨) ગેસની પ્રાઇસમીકેનીઝમ માટે ગેસની મૂળ ખરીદ કિંમત, વહન ખર્ચ, ઓપરેશન અને મેન્ટેનન્સ ખર્ચ તથા લાગુ પડતા કરવેરા વગેરેને ગણતરીમાં લેવામાં આવે છે.

**સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં બદલવામાં આવેલ વીજ વાયરો**

૩૦૨૮૧ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં વીજ વાયરો બદલવા કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ` ૧૧૨૬.૦૦ લાખના ખર્ચે ૨૧૯૪ કી.મી. વાયરો બદલવામાં આવ્યા છે.

---------

## ખાણ ખનિજ ખાતાની કચેરીઓને I S O –9001 પ્રમાણપત્રો

૩૦૩૦૨ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુયોજીત કામગીરી માટે ખાણ–ખનીજ ખાતાની કેટલી કચેરીઓને I S O –9001 પ્રમાણપત્રો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આપવામાં આવ્યા, અને | (૧) વડી કચેરી સહીત તમામ જિલ્લાની તમામ ૨૮ કચેરીઓને **I S O –9001** પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. |
| (૨) તે કચેરીઓ કઈ કઈ છે ? | (૨) કચેરીઓની વિગતોનું પત્રક– ૧ સામેલ છે. |

### પત્રક – ૧

### ખાણ અને ખનિજ ખાતાની કચેરીઓને તા. 31/12/11 ની સ્થિતીએ આપવામાં આવેલ I S O –9001 : પ્રમાણપત્રની વિગત

| નં | કચેરીનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી,<br>ગાંધીનગર અધિક નિયામકશ્રી, અપીલ અને ફ્લાઇંગ સ્કવોર્ડ, સહિત. | બ્લોક નં–૧/૨, ૭ મો માળ,<br>ઉધોગ ભવન, સેકટર–૧૧ ગાંધીનગર. |
| ૨ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ખનિજ સંશોધન વર્તુળ, અમદાવાદ | ઓ–૧૭, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ<br>મેઘાણીનગર, અમદાવાદ |
| ૩ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ખનિજ સંશોધન વર્તુળ, રાજકોટ | બ્લોક નં–૨/૪, બહુમાળીભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ. |
| ૪ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ખનિજ સંશોધન વર્તુળ, વડોદરા | બ્લોક નં–આઈ–૮–મો માળ, કુબેરભવન<br>કોઠી કંપાઉન્ડ, વડોદરા. |
| ૫ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, અમદાવાદ | જુની કલેક્ટર કચેરી, ઘી કાંટા,<br>અમદાવાદ |
| ૬ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, આણંદ | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, બોરસદ ચોકડી<br>આણંદ |
| ૭ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, અમરેલી | સી–૨૧૩, ૨–જો માળ,કલેક્ટર કચેરીકંપાઉન્ડ<br>બહુમાળીભવન, અમરેલી. |
| ૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભરૂચ. | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, ભરૂચ |
| ૯ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભાવનગર | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, મોતીબાગ,<br>ભાવનગર |
| ૧૦ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, દાહોદ | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, છાપરી,<br>દાહોદ |
| ૧૧ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,ગાંધીનગર | કલેક્ટર કચેરી, બહુમાળી ભવન,<br>ગાંધીનગર |
| ૧૨ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ગોધરા | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, રૂમ નં.૯/૧૪,<br>૧ લો માળ, ગોધરા |
| ૧૩ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,સાબરકાંઠા | બ્લોક નં. સી, ત્રીજો માળ, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,<br>હિંમતનગર(સા.કાં) કંપાઉન્ડ |
| ૧૪ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, જામનગર | ત્રીજો માળ, બહુમાળી ભવન, લાલ બંગલો,જામનગર |
| ૧૫ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, જુનાગઢ | ૨/૩, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,સરદાર બાગ,<br>જુનાગઢ. |
| ૧૬ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભુજ | ૩૧૨,, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,ભુજ–કચ્છ |
| ૧૭ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, મહેસાણા | ૩ જો માળ, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,મહેસાણા. |
| ૧૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, નડિયાદ | સી–૩૦૯, ૩ જો માળ, સરદાર પટેલ ભવન, નડિયાદ–ખેડા |
| ૧૯ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, નર્મદા | રૂમ નં. ૨૨૪ & ૨૨૫, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,રાજપીપળા (નર્મદા) |
| ૨૦ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,નવસારી | બ્લોક સી, બીજો માળ, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,નવસારી |
| ૨૧ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,પાલનપુર | કલેક્ટર કચેરી કંપાઉન્ડ,બહુમાળી ભવન, જોરાવર પેલેસ, પાલનપુર<br>(બ.કાં) |
| ૨૨ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,પાટણ | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટી રોડ, પાટણ |
| ૨૩ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, પોરબંદર | સાંદીપની રોડ, એરપોર્ટ સામે, પોરબંદર |
| ૨૪ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, રાજકોટ | કલેક્ટર કચેરી કંપાઉન્ડ સેવાસદન, રાજકોટ |

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

| નં | કચેરીનું નામ | સરનામું |
|---|---|---|
| ૨૫ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, સુરત | સી–૭, કલેકટર કચેરી કંપાઉન્ડ, બહુમાળીભવન, નાનપુરા, સુરત. |
| ૨૬ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, સુરેન્દ્રનગર | બ્લોક નં–સી–૧૦૫, બહુમાળીભવન, રતનપર<br>ખેરાળી રોડ, સુરેન્દ્રનગર. |
| ૨૭ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, વડોદરા | રૂમ નં–૭૨૮, ૭ મો માળ, બ્લોક– આઈ, બહુમાળીભવન,કુબેરભવન,<br>વડોદરા. |
| ૨૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, વલસાડ | ૨/૫,કલેકટર કચેરી કંપાઉન્ડ, તીથલ રોડ,<br>વલસાડ. |

---------

**પંચમહાલ જિલ્લામાં નવી ઔદ્યોગિક સ્થાપવાનું આયોજન**

૩૦૨૪૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે ક્યા સ્થળોએ, અને

(૩) તે કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં જમીન સંપાદનની કાર્યવાહી ગતિમાં છે. આ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે હાલોલ–સાવલી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયન જાહેર કરવામાં આવેલ છે. સદર રીજીયનમાં જિલ્લાના હાલોલ અને કાલોલ તાલુકાના કુલ ૨૧ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ઓટો મોબાઇલ અને એન્સીલીયરી, લાઇટ, હેવી મશીનરી, એન્જીનીયરીંગ પ્લાસ્ટીક, ઇલેક્ટ્રોનીક્સ વિગેરે ઉદ્યોગોના વિકાસની શક્યતાઓ રહેલી છે,તથા હાલોલને દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરના એક નોડ તરીકે નક્કી કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં ઇન્વેસ્ટમેન્ટ રીજીયનને અનુકુળ આયોજનની કાર્યવાહી ગતિમાં છે.

---------

**પાટણ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૨૯ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૧૨ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૪૦૦.૮૦ લાખ. |

**જૂનાગઢ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૨૩ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૩બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૬૩.૦૩ લાખ. |

**ભાવનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ માટેની અરજીઓ**

૩૧૮૩૮ **ડૉ. કનુભાઇ વા. કલસરીયા(મહુવા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણો માટે આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | અરજીઓ |
|---|---|
| ભાવનગર | ૩૧૩ |
| બોટાદ | ૯૫૬ |
| ગઢડા | ૧૬૫૮ |
| ગારીયાધાર | ૫૧૬ |
| ઘોઘા | ૪૧૩ |
| મહુવા | ૧૪૮૨ |
| પાલીતાણા | ૭૩૮ |
| શિહોર | ૬૬૮ |
| તળાજા | ૧૦૮૨ |
| ઉમરાળા | ૬૮૩ |
| વલ્ભીપુર | ૨૯૧ |

(૨) આ અરજીઓ પૈકી કોઈ વીજ જોડાણ અપાયેલ નથી. પરંતુ અગાઉ નોંધાયેલ પડતર અરજીઓ સંદર્ભે વીજ જોડાણ આપવાની કામગીરી ચાલુ છે. તદનુસાર ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં ૩૨૦૨, વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૭૯૫ અને વર્ષ ૨૦૧૧-૧૨ (ડિસેમ્બર અંતિત) ૫૧૫૪ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૩) ખેતી વિષયક વીજ જોડાણની નોંધણી અને મંજૂરી એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવતાસભર વીજ પુરવઠો સાતત્યપૂર્ણ રીતે મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની માળખાગત સુવિધા, વીજ તંત્રપર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ, પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. પ્રતિ વર્ષ શક્ય તેટલા વધુ વીજ જોડાણો આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.

**195/p a g e > વાગરા તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન**

૩૦૨૩૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યુ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તેની કામગીરી કયા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨)

દહેજ ને વિલાયત મુકામે ઔદ્યોગિક વસાહત કાર્યરત છે. પીસીપીઆઈઆરના આયોજન મુજબ વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે અને તે માટે સરકારી/ખાનગી જમીન મેળવવાની કામગીરી વિવિધ તબક્કામાં છે.

**રાજકોટ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન**

૩૦૧૩૮ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે ક્યા સ્થળોએ, અને

**જવાબ**

(૧) હા.

(૨) દેવગામ-ખીરસરા, છતર-મીતાણા, જેતપુર,

પડધરી અને જસદણ.

(૩) તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૩) સરકારી તેમજ ખાનગી જમીન સંપાદન કરવા માટેની કાર્યવાહી ગતિમાં છે.

---------

**ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૩૦૨૭૦ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો આપવાના બાકી છે,અને | (૧) ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૬૪૦૦ લાભાર્થીઓને વીજ જોડાણો આપવાના બાકી છે. |
| (૨) તેમને કેટલા સમયમાં આ વીજ જોડાણો આપવાનું આયોજન છે ? | (૨) ખેડા જિલ્લામાં ચાલુ વર્ષે તારીખ ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૨૦૯૧૯ વિજ જોડાણો આપવામાં આવ્યા છે. ખેડા જિલ્લામાં અસાધારણ પ્રમાણમાં ઘરવપરાશના વિજ જોડાણો માટેની અરજીઓ નોંધાયેલ હોઈ, માળખાગત સુવિધા, વિજ વિતરણ વ્યવસ્થા, તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આ તમામ બાબતો ધ્યાને લઈ આગામી વર્ષમાં બનતી ત્વરાએ વિજ જોડાણો આપવાનું આયોજન છે. |

**ખેડા જિલ્લામાં વાહન અકસ્માતના બનાવો**

૩૨૧૧૬ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં ખેડા જિલ્લામાં વાહન અકસ્માતના કેટલા બનાવો નોંધાયા છે, અને | (૧) ૧૨૦૮ અકસ્માતના બનાવો નોંધાયા. |
| (૨) વાહન અકસ્માતો અટકાવવા કેવા પ્રકારનાં પગલાં લેવામાં આવ્યાં છે ? | (૨) કાયદેસરના નિયમાનુસાર બધા જ જરૂરી પગલાંઓ લેવામાં આવે છે. |

---------

**વલસાડ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામ**

૩૦૩૨૧ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૩ બિનરહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૭૬.૮૭ લાખ |

---------

**દહેજ પી.સી.પી.આઈ. આર. માટે વાગરા અને ભરૂચ તાલુકાના ગામોની જમીન સંપાદન માટે જાહેર નામું**

૩૨૦૯૭ **શ્રી ઇકબાલ પટેલ( વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના દહેજ પી.સી.પી.આઈ.આર. માટે વાગરા અને ભરૂચ જીલ્લાના કેટલા ગામોની કેટલી જમીન સંપાદન કરવા કલમ-જનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. | (૧) એકપણ નહીં. |
| (૨) જાહેરનામા અન્વયે વાંધા સુચનો મેળવવાની પ્રક્રીયા ભાગરૂપે ખેડૂતો અને ગ્રામ પંચાયતની કેટલી | (૨) અને (૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અરજીઓ મળી, અને

(૩) આ અરજીઓના નિકાલ માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

---------

**રાજુલા તાલુકાના ધાતરવાડી –૧ ડેમમાં નર્મદાના પાણી નાખવાનું આયોજન**

૩૦૩૧૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા આધારીત કેનાલો દ્વારા રાજુલા તાલુકાના ધાતરવાડી–૧ ડેમમાં પાણી નાખવાનું સરકારનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કેનાલોના કામની શી પરિસ્થિતિ છે અને તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ આ કામગીરી કયા લેવલે છે, અને

(૩) આ કેનાલોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ, અમરેલી જિલ્લાઓના મંદિરોમાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૩૧૮૬૫ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ, અમરેલી જિલ્લામાં તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંદિરોમાં ચોરી, લૂંટ અને હત્યાઓના વર્ષવાર કેટલા બનાવો બનેલ છે, અને

(૨) ઉપરોક્ત નોંધાયેલ ગુનાઓમાં કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે, અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) **સામેલ પત્રક મુજબ.**

**પત્રક**

**જુનાગઢ**

| વર્ષ | ચોરી | લૂંટ | હત્યા |
|---|---|---|---|
| તા. ૧/૨/૦૯ થી તા.૩૧/૧/૧૦ | ૪ | ૦ | ૦ |
| તા. ૧/૨/૧૦ થી તા.૩૧/૧/૧૧ | ૪ | ૦ | ૦ |
| તા. ૧/૨/૧૧ થી તા.૩૧/૧/૧૨ | ૩ | ૦ | ૦ |

**અમરેલી**

| વર્ષ | ચોરી | લૂંટ | હત્યા |
|---|---|---|---|
| તા. ૧/૨/૦૯ થી તા.૩૧/૧/૧૦ | ૧૫ | ૦ | ૦ |
| તા. ૧/૨/૧૦ થી તા.૩૧/૧/૧૧ | ૭ | ૦ | ૦ |
| તા. ૧/૨/૧૧ થી તા.૩૧/૧/૧૨ | ૧૬ | ૦ | ૦ |

(૨) ઉક્ત નોંધાયેલ ગુનાઓમાં ૫૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. શોધાયેલ ગુનાના એક પણ આરોપીની ધરપકડ કરવાની બાકી નથી.

**197/p a g e > અબડાસા તાલુકામાં ૨૨૦ કે.વી.નું નવું વીજ સબ સ્ટેશનોની સ્થાપના**

૩૦૬૭૪ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ૨૨૦ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માગે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા, તો તે તાલુકામાં કયા સ્થળે સ્થાપવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં હાલ ૬૬ કે.વી. ના ૫ (પાંચ) સબસ્ટેશનો કાર્યરત છે. તેમ છતાં ભવિષ્યની વીજ માંગને અનુલક્ષીને તેમજ તાંત્રિક શક્યતાઓને ધ્યાનમાં રાખીને અબડાસા તાલુકાના છાદુરા ખાતે ૨૨૦ કે.વી. સબસ્ટેશન સ્થાપવાની બાબત વિચારણાધિન છે.

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૧૭ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૫ બિનરહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૨૦.૨૪ લાખ. |

**ઉર્જા વિભાગ દ્વારા ગ્રાહકો માટે છપાવવામાં આવેલા કેલેન્ડરો**

૩૨૦૯૪ **ડાૅ. અનિલભાઈ જોષીયારા( ભિલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ ઉર્જા વિભાગ દ્વારા રાજ્યના તમામ ગ્રાહકો માટે વર્ષ ૨૦૧૨–૧૩ માટેના કેટલા કેલેન્ડર છપાવવામાં આવ્યા, | (૧) વીજ બચતના મહત્વનો સંદેશ તથા વીજ અકસ્માતો નિવારણના ઉપાયો અંગેની માહિતી/સંદેશ, ઘેર ઘેર પંહોચે તે હેતુથી, તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા ૭,૭૯,૭૦૦ કેલેન્ડર છપાવવામાં આવ્યા છે. |
| (૨) એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) એની પાછળ રૂપિયા ૬૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) એના વિતરણ માટે શી વ્યવસ્થા કરવામાં આવી ? | (૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ની સંલગ્ન વીજ વિતરણ કંપનીઓના કર્મચારીઓ દ્વારા આ કેલેન્ડરોનું વિતરણ કરવામાં આવેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૨૨ **શ્રી રાજસીભાઈ વિ. જોટવા(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૩ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૬૩.૦૩ લાખ. |

**198/p a g e > રાજ્યના બંદરો પર કાર્ગો વહનની ક્ષમતા**

૩૦૨૩૦ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર હસ્તકના બંદરોની તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ કાર્ગો વહન કરવાની કુલ ક્ષમતા કેટલી છે,<br>(૨) આ ક્ષમતામાં વધારો કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને<br>(૩) જો હા, તો તેની વિગતો શું છે ? | (૧) (૨) અને (૩) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ૩૧૬ મીલીયન મેટ્રીક ટનની (એમ.એમ.ટી.) ક્ષમતા વધારીને વર્ષ ૨૦૧૫–૧૬ સુધીમાં ૫૩૧.૫૦ મીલીયન મેટ્રીક ટન (એમ.એમ.ટી.) લઈ જવાનું આયોજન છે. |

**રાજકોટ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૧૧ બિન રહેણાંકના કામો. |

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ ` ૮૬૫.૫૯ લાખ.

---------

**પંચમહાલ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૨૭ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ – ૦૭ બિન રહેણાંકના કામો.

(૨) કુલ ` ૨૧૩.૭૭ લાખ.

---------

**અમદાવાદ, ભાવનગર જિલ્લામાં વીજ લાઈનના થાંભલા ખસેડવાની અરજીઓ**

૩૦૪૪૮ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ત્રણ વર્ષમાં અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વીજ લાઈનના થાંભલા ખસેડવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી કેટલી અરજીઓ પેન્ડિંગ છે, અને

(૩) આવી પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) વીજ લાઈનના થાંભલા ખસેડવા માટે તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં મળેલ અરજીઓ, તે પૈકી કરવામાં આવેલ કામગીરી અને પડતર અરજીઓની તાલુકાવાર માહિતી **પત્રક–"અ"** માં સામેલ છે.

(૩) પડતર અરજીઓની કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક–"અ"**

**અમદાવાદ જિલ્લો**

| તાલુકો | મળેલ અરજીઓ | પૂર્ણ કરેલ કામગીરી | પડતર અરજીઓ |
|---|---|---|---|
| બરવાળા | ૧૦ | ૮ | ૨ |
| રાણપુર | ૮ | ૬ | ૨ |
| અમદાવાદ શહેર | ૬૭ | ૫૯ | ૮ |
| બાવળા | ૯૨ | ૯૧ | ૧ |
| દસક્રોઇ | ૩૨૨ | ૨૭૯ | ૪૩ |
| ધંધુકા | ૧૪ | ૧૧ | ૩ |
| ધોળકા | ૬૧ | ૬૧ | ૦ |
| માંડલ | ૪ | ૪ | ૦ |
| વિરમગામ | ૫૦ | ૧૧ | ૩૯ |
| સાણંદ | ૨૬૪ | ૨૦૮ | ૫૬ |
| રાણપુર | ૧ | ૧ | ૦ |
| દેત્રોજ | ૧૩ | ૧૨ | ૧ |
| **કુલ** | **૯૦૬** | **૭૫૧** | **૧૫૫** |

**ભાવનગર જિલ્લો**

| તાલુકો | મળેલ અરજીઓ | પૂર્ણ કરેલ કામગીરી | પડતર અરજીઓ |
|---|---|---|---|
| બોટાદ | ૮૬ | ૭૯ | ૭ |
| ગઢડા | ૩૮ | ૧૯ | ૧૯ |
| ઉમરાળા | ૧૨ | ૯ | ૩ |
| વલ્લભીપુર | ૨૩ | ૨૩ | ૦ |
| ભાવનગર | ૧૨૦ | ૧૨૦ | ૦ |
| ઘોઘા | ૭ | ૭ | ૦ |
| શિહોર | ૧૧ | ૧૧ | ૦ |
| પાલીતાણા | ૩૬ | ૩૬ | ૦ |
| ગારીયાધાર | ૩ | ૩ | ૦ |
| તળાજા | ૦ | ૦ | ૦ |
| મહુવા | ૯૬ | ૯૬ | ૦ |
| **કુલઃ** | **૪૩૨** | **૪૦૩** | **૨૯** |

---------

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

**અમરેલી અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલા વિવિધ ગંભીર ગુન્હાઓ**

૩૨૧૦૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૭–૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી અને રાજકોટ જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા કેસો થયા,<br>(૨) કેટલા આરોપી પકડાયા, કેટલા બાકી, અને | (૧) અને (૨) તા.૨૭–૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના અમરેલી જિલ્લામાં ૫૦ અને રાજકોટ જિલ્લામાં ૮૯ કેસો થયા. આ બનાવોમાં અમરેલી જિલ્લામાં ૯૦ અને રાજકોટ જિલ્લામાં ૧૭૦ આરોપી પકડાયા. અમરેલી જિલ્લામાં ૮ અને રાજકોટ જિલ્લામાં ૧૩ આરોપી પકડવાના બાકી છે. |
| (૩) કેટલા સમયથી કેટલા આરોપી પકડવાના બાકી છે ? | (૩) આ આરોપીઓ એક મહિનાથી એક વર્ષ વચ્ચેના જુદા જુદા સમયગાળાથી પકડવાના બાકી છે. |

**વડોદરા અને ભરૂચ જિલ્લામાં નવા સી.એન.જી. સ્ટેશનો માટેની અરજીઓ**

૩૨૧૦૧ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બે વર્ષમાં વડોદરા અને ભરૂચ જિલ્લામાં નવીન સી.એન.જી. પંપની મંજૂરી માટે કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નવીન સી.એન.જી. પંપની મંજૂરી માટે વડોદરા જિલ્લામાં મુખ્યત્વે મે. અદાણી ગેસ લી. કાર્યરત છે તેમને કોઇ અરજી મળી નથી. જ્યારે ભરૂચ જિલ્લામાં મે. ગુજરાત ગેસ કંપની લી. કાર્યરત છે તેમને ૧૨ નવીન સી.એન.જી. સ્ટેશનો માટે આપેલ જાહેરાત સામે છેલ્લા બે વર્ષમાં કુલ ૮૮ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને | (૨) આ પૈકી ૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે અને ૨૨ અરજીઓ ચકાસણી હેઠળ છે. |
| (૩) બાકી રહેલ અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) સ્થળ પસંદગી, જમીનની પ્રાપ્તિ અને તેની ન્યાયિક સ્થિતિની ચકાસણી પછી આગામી ૬ થી ૧૨ માસમાં આ અરજીઓ સંદર્ભે યોગ્ય નિર્ણય થવાની ધારણા છે. |

**સાબરકાંઠા જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૪ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૭ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૫૦૩.૬૮ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા પકડાયેલ વાહનો**

૩૧૮૮૬ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગેરકાયદે દારૂની હેરાફેરી અને વેચાણ કરતા કેટલા કેસો નોંધાયા, | (૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષની વિગતો **પત્રક–૧** મુજબ છે. |
| (૨) તે પૈકી કેટલા કેસોમાં કેટલો જથ્થો અને વાહનો પકડાયા, અને | (૨) કેસો, જથ્થો અને પકડાયેલ વાહનોની સંખ્યા **પત્રક–૨** મુજબ છે. |
| (૩) કેટલા ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી ? | (૩) હેરાફેરીના ગુનામાં ૨૦૧૦માં ૨૭૯૪ આરોપી તથા ૨૦૧૧માં કુલ ૨૯૭૬ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં |

આવેલ છે.

**પત્રક–૧**

**દાહોદ જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં તાલુકાવાર ગેરકાયદે દારૂની હેરાફેરી અને વેચાણ કરતા કેટલા કેસોની વિગતઃ**

| અ.નં. | તાલુકાનું નામ | દારૂની હેરાફેરી | | વેચાણના કેસો | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૦ | ૨૦૧૧ |
| ૧. | દાહોદ | ૮૨૫ | ૮૬૧ | ૦ | ૦ |
| ૨. | ગરબાળા | ૨૦૫ | ૨૨૧ | ૦ | ૦ |
| ૩. | ધાનપુર | ૧૯૭ | ૨૨૦ | ૦ | ૦ |
| ૪. | દેવગઢબારિયા | ૨૧૬ | ૧૯૫ | ૦ | ૦ |
| ૫. | લીમખેડા | ૩૩૯ | ૨૪૯ | ૦ | ૦ |
| ૬. | ઝાલોદ | ૪૨૧ | ૫૬૪ | ૦ | ૦ |
| ૭. | ફતેપુરા | ૪૬૯ | ૫૮૧ | ૦ | ૦ |

**પત્રક–૨**

**કેસો, જથ્થો અને પકડાયેલ વાહનોની સંખ્યાની વિગતઃ**

| અ.નં. | વર્ષ | કેસોની સંખ્યા | વાહનો | જથ્થો |
|---|---|---|---|---|
| ૧. | ૨૦૧૦ | ૨૬૭૨ | ૧૦૬ | દેશી દારૂ–૫,૦૭૫ લીટર |
| | | | | વિદેશી દારૂ–૨,૦૩,૮૯૯ બોટલ |
| ૨. | ૨૦૧૧ | ૨૮૯૧ | ૮૦ | દેશી દારૂ–૫,૧૬૬ લીટર |
| | | | | વિદેશી દારૂ– ૩,૬૮,૦૧૩ બોટલ |

---------

**રાજકોટ જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૨૬૫ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પૂરવઠો પૂરો પાડવા રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૧૬૬.૦૦ લાખના ખર્ચે ૧૦ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

**ખેડા જિલ્લાના વિરપુર તાલુકાને એમ.જી.વી.સી.એલ.માં સમાવવા બાબત**

૩૦૦૪૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં વિરપુર તાલુકો યુ.જી.વી.સી.એલ.માં છે તેને એમ.જી.વી.સી.એલ. માં જોડાણ આપવા સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ મળી, અને

(૨) મળેલ માંગણીઓ અન્વયે સરકારે આ બાબતે શી વિચારણા કરી ?

**જવાબ**

(૧) અને (૨) સરકારશ્રીને કોઇ માંગણી મળી નથી પરંતુ, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડના મેનેજીંગ ડીરેક્ટરશ્રીને તારીખ ૦૧–૧૧–૨૦૧૧ના રોજ પત્રથી માનનીય ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

માન. ધારાસભ્યશ્રીની રજુઆત સંદર્ભે આર્થિક, તાંત્રિક, વહીવટી અને ભૌગોલિક પરિસ્થિતિ, સ્થાનિક પ્રજાજનોની અનુકૂળતા વિગેરે બાબતો અંગે વિચારણા કરવામાં આવી રહી છે.

**બંદર ક્ષેત્રે ખાનગી એકમો દ્વારા કેપ્ટીવ જેટીઓનો વિકાસ અને મૂડી રોકાણ**

૩૦૦૪૫ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી ક્ષેત્રે કેટલા નવા ટર્મીનલો કેપ્ટીવ જેટીઓ અને

**જવાબ**

(૧) (અ) નવા ટર્મિનલો– ૨
(બ) કેપ્ટીવ જેટીઓ– ૨

| | |
|---|---|
| ખાનગી જેટીઓ વિકસાવવામાં આવી, અને | (ક) ખાનગી જેટીઓ– ૧<br>કુલ– ૫ |
| (૨) તે અન્વયે આ માટે કેટલું મૂડી રોકાણ થયું ? | (૨) આશરે ` ૪૩૨૧ કરોડનું ખાનગી મૂડી રોકાણ થયેલ છે. |

---------

**આણંદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અન્વયે ફાળવવામાં આવેલી રકમ**

૩૦૦૬૧ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અન્વયે તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૧) આરજીજીવીવાય માટે તારીખ ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ ` ૩૬૯.૦૨ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ યોજનાના અમલીકરણ માટે તે જિલ્લાના મંજુર થયેલ પ્રોજેક્ટ મુજબ જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તાલુકાવાર ફાળવવામાં આવતી નથી. |
| (૨) તે અન્વયે કેટલા વિદ્યુત જોડાણ આપવામાં આવ્યા ? | (૨) ૪૮૨૧ બી.પી.એલ. લાભાર્થીઓને ઘરવપરાશના વિજ જોડાણ આપવામાં આવેલ છે. |

---------

**સૌર ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટેની નીતિ**

૩૦૧૭૭ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌર ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં કોઇ નીતિ જાહેર કરેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. વર્ષ ૨૦૦૯ માં. |
| (૨) જો હા, તો તે અન્વયે ખાનગી રોકાણકારોને શાં લાભો આપવામાં આવે છે ? | (૨) ખાનગી રોકાણકારો દ્વારા ઉત્પન્ન થતી સોલર ઉર્જા ગુજરાત વિજ નિયમન પંચ દ્વારા નક્કી કરવામાં આવતા ભાવ મુજબ ખરીદવામાં આવે છે. |

---------

**વડોદરા જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૨૬૦ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) અને (૨)<br>તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પુરો પાડવા વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તારીખ ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ` ૩૦.૦૦ લાખના ખર્ચે ૩ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે. |

**આદિજાતિ વિસ્તારોમાં નવા વીજ સબ સ્ટેશનોની સ્થાપના**

૩૦૨૭૬ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારોમાં ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સબ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી, અને<br>(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) અને (૨)<br>આદિજાતિ વિસ્તારોમાં ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા વર્ષ ૨૦૧૦ માં ` ૬૦૦૯.૧૯ લાખના ખર્ચે ૬૬ કેવીના ૧૫ અને વર્ષ ૨૦૧૧ માં ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ<br>` ૧૪૬૩૭.૦૬ લાખના ખર્ચે ૪૦૦ કેવીનું ૧ અને ૬૬ |

કેવીના ૯ નવા વીજ સબ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે. આમ છેલ્લા બે વર્ષમાં કુલ ` ૨૦૬૪૬.૨૫ લાખના ખર્ચે ૨૫ નવા સબ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે.

### કે. જી. બેઝીનમાંથી મળેલ ગેસ

૩૨૦૯૨ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંધ્રપ્રદેશના ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં અત્યાર સુધીમાં કેટલા કુવાઓનું શારકામ હાથ ધરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંધ્રપ્રદેશના ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં બે (૨) કુવાઓનું શારકામ પૂર્ણ કરેલ છે, અને ચાર (૪) કુવાઓનું કામ ચાલુ છે.

---------

### ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા નાંખવામાં આવેલ સ્ટીલ અને પોલીથાઈલીન પાઈપલાઈન

૩૦૨૯૫ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જી.એસ.પી.સી. ગેસની કેટલા કિ.મી. સ્ટીલ પાઈપ–લાઈન અને પોલીથાઈલીન પાઈપલાઈન નાંખવામાં આવી ?

**જવાબ**

રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જી.એસ.પી.સી. ગેસ કંપની લી. ની અંદાજે ૨૫૦ કિ.મી. સ્ટીલ પાઈપલાઈન અને અંદાજે ૩,૭૦૦ કિ.મી. પોલીથીલીન પાઈપલાઈન નાંખવામાં આવી.

---------

### રાજપારડી ખાતે આવેલ ખાણમાંથી મળતા લિગ્નાઈટના ભાવમાં ભાવ વધારો

૩૦૦૫૯ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના રાજપારડી ખાતે આવેલ લિગ્નાઈટની ખાણમાંથી નીકળતા લિગ્નાઈટમાં ડીસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ ૩ વર્ષમાં ક્યારે ક્યારે અને કેટલો ભાવ વધારો કરવામાં આવેલ છે,

(૨) આ જગ્યાએ હાલમાં કોલસાની સાથે માટી જ ભરી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ, અને

(૩) જો હા, તો શા માટે ?

**જવાબ**

(૧) લિગ્નાઈટ ના ભાવમાં છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલ ભાવવધારો નીચે મુજબ છે.

| અ.નં. | તારીખ | નાના તથા મધ્યમ વર્ગના ઇંડસ્ટ્રીઝ માટે ભાવ વધારો ` | મોટા વર્ગના ઇંડસ્ટ્રીઝ માટે ભાવ વધારો ` |
|---|---|---|---|
| ૧ | ૧/૫/૨૦૧૦ | ૧૦૦/– | ૧૫૦/– |
| ૨ | ૧/૩/૨૦૧૧ | ૧૪૫/– | ૧૬૫/– |
| ૩ | ૧/૭/૨૦૧૧ | ૮૦/– | ૮૫/– |
| ૪ | ૧/૧૧/૨૦૧૧ | ૧૫૦/– | ૧૫૦/– |

(૨) ના.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### બનાસકાંઠા જિલ્લામાં જ્યોતિગ્રામ વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૩૧૯૮૧ **શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ ૨ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ખેતરોમાં વસવાટ કરતાં ઘરોમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) ખેતરોમાં વસવાટ કરતા ખેડૂતોને ઘરવપરાશના વિજ જોડાણ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા સંશોધિત કરી વિકસાવવામાં અને શરૂ કરવામાં આવેલ ''સ્પેશ્યલ ડિઝાઈન ટ્રાન્સફોર્મર'' દ્વારા વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. તદનુસાર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૩૧–

૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આપવામાં આવેલ વિજ જોડાણ અને તે અંતર્ગત કરવામાં આવેલ ખર્ચની વિગતો આ સાથેના પત્રક 'અ' માં સામેલ છે.

(૨) ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા ગામોના અને ખેતરોમાં વસવાટ કરતા બી.પી.એલ. લાભાર્થીઓને વિજળીકરણથી જોડવાના બાકી છે, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં કુલ ચાર ''સ્પેશ્યલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર'' સ્થાપિત કરી કુલ ૧૯ લાભાર્થીઓને આવરી લેવાના બાકી છે જેની તાલુકાવાર માહિતી પત્રક 'બ' માં સામેલ છે.

(૩) બાકી રહેવાના કારણો શા છે, અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ''સ્પેશ્યલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર'' મૂકવાની કામગીરી ગ્રાહકોની વીજ માંગણી અને જરૂરિયાત મુજબ તબક્કાવાર કરવામાં આવતી હોય છે. બનાસકાંઠા જિલ્લામાં બાકી રહેલ ઉક્ત ફીડરો પર એક બે માસમાં જ ''સ્પેશ્યલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર'' મૂકી સતત ૨૪ કલાક સીંગલ ફેઝ વિજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન છે.

**પત્રકઃ અ**

| તાલુકો | ગામોની સંખ્યા | ખેતરોમાં વસવાટ કરતા અને યોજના હેઠળ આવરી લીધેલ ઘરોની સંખ્યા | થયેલ ખર્ચ (` લાખમાં) |
|---|---|---|---|
| પાલનપુર | ૯ | ૨૪૬ | ૧૨.૪૨ |
| ડીસા | ૧૨૪ | ૩૮૦૪ | ૧૫૯.૩૯ |
| દાંતીવાડા | ૯ | ૩૨૬ | ૧૨.૪૨ |
| ધાનેરા | ૫૩ | ૧૪૫૯ | ૨૮.૯૮ |
| થરાદ | ૮૯ | ૩૦૧૨ | ૯૩.૧૫ |
| વાવ | ૨૪ | ૧૧૬ | ૧૦.૩૫ |
| દિયોદર | ૨૮ | ૨૪૬ | ૧૨.૪૨ |
| ભાભર | ૩૧ | ૨૪૮ | ૩૩.૧૨ |
| કાંકરેજ | ૪૨ | ૪૯૨ | ૪૫.૫૪ |
| વડગામ | ૧૭ | ૩૦૭ | ૨૨.૭૭ |
| દાંતા | ૧૫ | ૬૪ | ૪.૧૪ |

**પત્રક 'બ'**

| તાલુકાનું નામ | ક્રમ | ગામનું નામ | ખેતરોમાં વસવાટ કરતા અને યોજના હેઠળ આવરી લેવાના બાકી ઘરોની સંખ્યા |
|---|---|---|---|
| દાંતા | ૧ | બગડીયાવાસ | ૧ |
| | ૨ | બામનોજ | ૩ |
| | ૩ | હડાદ | ૨ |
| | ૪ | નવાવાસ કાન્ત | ૧ |
| | ૫ | કેશરપુરા | ૧ |
| | ૬ | રાની ઉબરી | ૨ |
| | ૭ | જસવંતપુરા | ૨ |
| | ૮ | ધાગડીયા | ૧ |
| | ૯ | ભાનપુર | ૧ |
| દિયોદર | ૧૦ | સામલા | ૩ |
| ભાભર | ૧૧ | બુરેઠા | ૧ |
| | ૧૨ | વારસડા | ૧ |
| | | **કુલ** | **૧૯** |

---------

## દિલ્હી ખાતેના ગુજરાત ભવનનો જાળવણી ખર્ચ

૩૦૫૨૮ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧–૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દિલ્હી ખાતે આવેલ ભવન પાછળ મરામત જાળવણી–બાંધકામ અને રીનોવેશન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) ` ૪,૯૩,૨૬,૦૦૦/–.

(૨) ઉક્ત સ્થિતિએ રૂમોના રીનોવેશનની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

(૨) ૩૩ રૂમોના રીનોવેશનની કામગીરી ચાલુ છે.

### પ્રાદેશિક સાયન્સ મ્યુઝીયમ સ્થાપવા માટે આયોજન

૩૦૧૩૫ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

પ્રાદેશિક કક્ષાના સાયન્સ મ્યુઝીયમ સ્થાપવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ યોજના હાથ ધરવામાં આવી છે?

**જવાબ**

હા, જી.

વડોદરા, રાજકોટ, ભાવનગર, ભુજ અને પાટણ ખાતે પ્રાદેશિક કક્ષાના સાયન્સ મ્યુઝીયમ સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

---------

### જૂનાગઢ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો

૩૦૩૨૪ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ – ૦૩ બિનરહેણાંકના કામો.

(૨) કુલ ` ૧૬૩.૦૩ લાખ.

### આણંદ જિલ્લાની આયોજન કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

૩૨૧૦૩ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આયોજન કચેરીનું સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) ખાલી જગ્યાઓ સમયસર નહી ભરવાને કારણે વિકાસ કામોની મંજૂરી પ્રક્રિયામાં વિલંબ થાય છે તે સરકારના ધ્યાને છે, અને

(૩) ખાલી રહેતી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગો છો?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આયોજન કચેરીના સંવર્ગવાર મંજૂર મહેકમની તથા સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તે અંગેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૨) વિકાસ કામોની મંજૂરી પ્રક્રિયામાં વિલંબ થતો ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) શક્ય તેટલી જલ્દીથી.

**પત્રક**

તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લાની જિલ્લા આયોજન અધિકારી કચેરીનું સંવર્ગવાર મંજૂર મહેકમ તથા સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તે અંગેની વિગતો.

| સંવર્ગ/જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | જગ્યા ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|---|---|
| જિલ્લા આયોજન અધિકારી | વર્ગ–૧ | ૧ | ૦ | ૧ | તા. ૧૮–૮–૨૦૧૦ |
| સંશોધન મદદનીશ | વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | તા. ૩૧–૧૦–૨૦૧૧ |
| નાયબ મામલતદાર | વર્ગ–૩ | ૨ | ૧ | ૧ | તા. ૩૧–૮–૨૦૧૦ |
| આંકડા મદદનીશ | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| નાયબ હિસાબનીશ | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| કારકુન | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ડ્રાઇવર | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| પટાવાળા | વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | |
| કુલ | | ૯ | ૬ | ૩ | |

### ભાવનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન

૩૦૨૬૨ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પુરો પાડવા ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૧૫૦.૦૦ લાખના ખર્ચે ૨૩ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.

અતારાંકિત પ્રશ્નો

---------

**ખેડા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલિસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૨૫ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ – ૦૩ બિનરહેણાંકના કામો.

(૨) કુલ ` ૧૧૦.૫૧ લાખ.

---------

**206/p a g e > વડોદરા જિલ્લામાં લીઝની ફાળવણી**

૩૨૧૨૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાણ–ખનીજ વિભાગ દ્વારા પત્થરની કેટલી લીઝ આપવામાં આવી, અને કોને કોને,

(૨) કોલગી સમિતિના અહેવાલ પ્રમાણે કેટલા આદિવાસીને લીઝ ફાળવવામાં આવી છે, અને

(૩) જો ન ફાળવવામાં આવી હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) ૩૧ લીઝ. પત્રક–૧ મુજબ.

(૨) અને (૩) સમિતિના અહેવાલમાં લીઝ ફાળવવા કોઇ ભલામણ કરેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક–૧**

| અ.નં. | અરજદારનું નામ | ખનીજનું નામ | ગામ | કરારખત તારીખ |
|---|---|---|---|---|
| ૧ | વિજય જીવણ ઠક્કર | બ્લેકટ્રેપ | જામ્બુગોરલ | ૧૯–૦૧–૨૦૦૯ |
| ૨ | વિજય જીવણ ઠક્કર | બ્લેકટ્રેપ | જામ્બુગોરલ | ૨૪–૦૧–૨૦૦૯ |
| ૩ | વિજય જીવણ ઠક્કર | બ્લેકટ્રેપ | જામ્બુગોરલ | ૨૪–૦૧–૨૦૦૯ |
| ૪ | જય સાંઇનાથ ક્વોરી વકર્સ | બ્લેકટ્રેપ | ઇંટવાડા | ૨૭–૦૨–૨૦૦૯ |
| ૫ | મેસર્સ પુર્ના સ્ટોન માઇન્સ | બ્લેકટ્રેપ | ઉદલપુર | ૨૨–૦૫–૨૦૦૯ |
| ૬ | વિજય જીવણ ઠક્કર | બ્લેકટ્રેપ | જામ્બુગોરલ | ૧૨–૦૮–૨૦૦૯ |
| ૭ | પ્રવીણ પર્વતભાઇ પટેલ | બ્લેકટ્રેપ | હિંમતપુરા | ૦૮–૧૧–૨૦૦૯ |
| ૮ | શિવમ સ્ટોન ક્રશર | બ્લેકટ્રેપ | જામ્બુગોરલ | ૦૧–૧૨–૨૦૦૯ |
| ૯ | ભગીરથ ક્વોરી વર્કસ | બ્લેકટ્રેપ | ઉદલપુર | ૦૧–૧૨–૨૦૦૯ |
| ૧૦ | ગીરીરાજ ક્વોરી વર્કસ | બ્લેકટ્રેપ | ઉદલપુર | ૨૭–૦૧–૨૦૧૦ |
| ૧૧ | નેશનલ સ્ટોન માઇન્સ | બ્લેકટ્રેપ | તુલસીપુરા | ૦૩–૦૫–૨૦૧૦ |
| ૧૨ | પ્રમુખ મેટલ ક્વોરી | બ્લેકટ્રેપ | જામ્બુગોરલ | ૨૯–૦૬–૨૦૧૦ |
| ૧૩ | જય ખોડિયાર સ્ટોન | બ્લેકટ્રેપ | જામ્બુગોરલ | ૩૦–૧૧–૨૦૧૦ |
| ૧૪ | શૈલેશ વીનુ પટેલ | બ્લેકટ્રેપ | વેજપુર | ૧૫–૧૨–૨૦૧૦ |
| ૧૫ | દાદા કાનજી ચારણ | બ્લેકટ્રેપ | પરથમપુરા | ૦૨–૦૨–૨૦૧૧ |
| ૧૬ | આનંદ કન્સ્ટ્રકશન | બ્લેકટ્રેપ | કનોડા | ૨૧–૦૨–૨૦૧૧ |
| ૧૭ | સદભાવ ક્વોરી વર્કસ | બ્લેકટ્રેપ | તુલસીગામ | ૨૧–૦૨–૨૦૧૧ |
| ૧૮ | નરેશ જે પટેલ | બ્લેકટ્રેપ | તુલસીગામ | ૨૬–૦૪–૨૦૧૧ |
| ૧૯ | સદભાવ ક્વોરી | બ્લેકટ્રેપ | તુલસીગામ | ૨૧–૧૧–૨૦૧૧ |
| ૨૦ | ન્યુ ગીરીરાજ ક્વોરી વર્કસ | બ્લેકટ્રેપ | તુલસીગામ | ૨૯–૦૮–૨૦૧૧ |
| ૨૧ | પંચરત્ન માઇન્સ | બ્લેકટ્રેપ | તુલસીગામ | ૨૯–૦૮–૨૦૧૧ |
| ૨૨ | ધરતી મેટલ | બ્લેકટ્રેપ | ઉદલપુર | ૩૦–૦૬–૨૦૧૧ |
| ૨૩ | મદનચંદ ડી જૈન | બ્લેકટ્રેપ | સીમલ | ૦૯–૦૧–૨૦૦૯ |
| ૨૪ | શ્રીરામ ક્વોરી | બ્લેકટ્રેપ | ભાકા | ૧૮–૧૨–૨૦૧૦ |
| ૨૫ | કશ્યપી ક્વોરી | બ્લેકટ્રેપ | કોલીબોરીયદ | ૦૨–૧૧–૨૦૧૧ |
| ૨૬ | શીવન ક્વોરી વર્કસ | બ્લેકટ્રેપ | માણાવટ | ૦૬–૦૨–૨૦૦૯ |
| ૨૭ | પ્રભાતસિંહ  જગાભાઇ બારીયા | ક્વાર્ટઝાઇટ | અછાલી | ૧૩–૦૮–૨૦૦૯ |
| ૨૮ | હીમત જાલુભાઇ રાઠવા | ક્વાર્ટઝાઇટ | અછાલી | ૦૨–૧૨–૨૦૦૯ |
| ૨૯ | અમરનાથ ક્વોરી વર્કસ | ક્વાર્ટઝાઇટ | ગુગલપુર | ૦૮–૧૨–૨૦૦૯ |
| ૩૦ | મીહીર હરીપ્રસાદ પંડયા | ગ્રેનાઇટ | રાયપુર | ૧૮–૦૮–૨૦૦૯ |
| ૩૧ | રણજીતસિંહ મોહનસિંહ રાઠવા | ગ્રેનાઇટ | ધુટણવડ | ૨૫–૦૬–૨૦૦૯ |

**ભાવનગર જિલ્લામાં બદલવામાં આવેલ જર્જરીત વાયરો**

૩૦૨૫૮ **શ્રીમતિ વિભાવરીબેન  વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન કુલ કેટલા કી.મી.

**જવાબ**

(૧) અને (૨)ભાવનગર જિલ્લામાં સિસ્ટમ ઇમ્પ્રુવમેન્ટ અને સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ

| | |
|---|---|
| જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને | ૨૦૧૧-૧૨ દરમિયાન તારીખ ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૩૪૨.૦૦ લાખના ખર્ચે ૭૨૩ કિ.મી. જર્જરીત વિજ વાયરો બદલવામાં આવ્યા છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | |

---------

### દિલ્હી ખાતેના ગુજરાત ભવનનો જાળવણી ખર્ચ

૩૦૫૩૦ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દિલ્હી ખાતે આવેલ ભવન પાછળ મરામત જાળવણી-બાંધકામ અને રીનોવેશન પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૧) ` ૪,૯૩,૨૬,૦૦૦/- |
| (૨) ઉક્ત સ્થિતિએ રૂમોના રીનોવેશનની કાર્યવાહી કયા તબક્કે છે? | (૨) ૩૩ રૂમોના રીનોવેશનની કામગીરી ચાલુ છે. |

---------

### વલસાડ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો

૩૦૩૨૦ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમા પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ - ૦૩ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૭૬.૮૭ લાખ. |

---------

### સુરત જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૩૦૧૭૫ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) અને (૨)<br>ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧મા ` ૧૦.૫૩ લાખના ખર્ચે કુલ ૪૭૮ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | |

---------

### રાજ્યમાં મરીન સ્ટેશનો સ્થાપવા માટે કેન્દ્ર સરકારની સહાય

૩૦૫૭૯ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં મરીન પોલીસ સ્ટેશનો સ્થાપવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કોઈ નાણા ફાળવવામાં આવેલ છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા અને ફાળવેલ નાણા પૈકી કેટ કેટલા નાણા કયા કયા કામો માટે વાપરવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ફાળવેલ નાણા કામો માટે અથવા પુરા ન વપરાયા હોય તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૧૨ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૭ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૨૪૯.૪૦ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામ**

૩૦૩૩૬ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૩૧૪ રહેણાંકના મકાનો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૨૬૪૧.૬૩ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં શાહૂકારો સામે લેવાયેલ પગલાં**

૩૦૦૬૭ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં શાહૂકારો ધ્વારા ભારે માનસિક ત્રાસ અને શારીરીક ત્રાસના કેટલા બનાવો નોધાયા, અને | (૧) એક |
| (૨) આવા શોષણખોરો સામે સરકારે સખ્તાઇથી કયા કયા પગલાંઓ લીધા? | (૨) આ અંગેનો ગુનો નોધી આરોપીની અટક કરી, આરોપી વિરૂધ્ધ ચાર્જસીટ કરી નામદાર કોર્ટમાં કેસ મોકલી આપવામાં આવેલ છે. |

---------

**ડાંગ જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૧૬ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ–વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૨ બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૪૮.૪૮ લાખ. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૧૪ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૭બિન રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૨૪૯.૪૦ લાખ. |

**દિલ્હી ખાતેના ગુજરાત ભવનનો જાળવણી ખર્ચ**

૩૦૫૪૨ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દિલ્હી ખાતે આવેલ ભવન પાછળ મરામત જાળવણી–બાંધકામ અને રીનોવેશન પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૧) ` ૪,૯૩,૨૬,૦૦૦/–. |
| (૨) ઉક્ત સ્થિતિએ રૂમોના રીનોવેશનની કાર્યવાહી કયા તબક્કે છે? | (૨) ૩૩ રૂમોના રીનોવેશનની કામગીરી ચાલુ છે. |

---------

**ખાણ ખનિજ ખાતાની કચેરીઓને I S O –9001 પ્રમાણપત્રો**

૩૦૩૦૩ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુયોજીત કામગીરી માટે ખાણ–ખનિજ ખાતાની કેટલી કચેરીઓને I S O –9001 પ્રમાણપત્રો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આપવામાં આવ્યા, અને | (૧) વડી કચેરી સહીત તમામ જિલ્લાની તમામ ૨૮ કચેરીઓને **I S O –9001** પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. |
| (૨) તે કચેરીઓ કઈ કઈ છે ? | (૨) કચેરીઓની વિગતોનું પત્રક– ૧ સામેલ છે. |

**પત્રક – ૧**

**ખાણ અને ખનિજ ખાતાની કચેરીઓને તા. 31/12/11 ની સ્થિતીએ આપવામાં આવેલ I S O –9001 : પ્રમાણપત્રની વિગત**

| નં | કચેરીનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી, ગાંધીનગર અધિક નિયામકશ્રી, અપીલ અને ફ્લાઇંગ સ્કવોર્ડ, સહિત. | બ્લોક નં–૧/૨, ૭ મો માળ, ઉધોગ ભવન, સેકટર–૧૧ ગાંધીનગર. |
| ૨ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ખનિજ સંશોધન વર્તુળ, અમદાવાદ | ઓ–૧૭, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ મેઘાણીનગર, અમદાવાદ |
| ૩ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ખનિજ સંશોધન વર્તુળ, રાજકોટ | બ્લોક નં–૨/૪, બહુમાળીભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ. |
| ૪ | સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ખનિજ સંશોધન વર્તુળ, વડોદરા | બ્લોક નં–આઈ–૮–મો માળ, કુબેરભવન કોઠી કંપાઉન્ડ, વડોદરા. |
| ૫ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, અમદાવાદ | જુની કલેકટર કચેરી, ઘી કાંટા, અમદાવાદ |
| ૬ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, આણંદ | કલેકટર કચેરી કંપાઉન્ડ, બોરસદ ચોકડી આણંદ |
| ૭ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, અમરેલી | સી–૨૧૩, ૨–જો માળ,કલેકટર કચેરીકંપાઉન્ડ બહુમાળીભવન, અમરેલી. |
| ૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભરૂચ. | કલેકટર કચેરી કંપાઉન્ડ, ભરૂચ |
| ૯ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભાવનગર | કલેકટર કચેરી કંપાઉન્ડ, મોતીબાગ, ભાવનગર |
| ૧૦ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, દાહોદ | કલેકટર કચેરી કંપાઉન્ડ, છાપરી, દાહોદ |
| ૧૧ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,ગાંધીનગર | કલેકટર કચેરી, બહુમાળી ભવન, ગાંધીનગર |
| ૧૨ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ગોધરા | કલેકટર કચેરી કંપાઉન્ડ, રૂમ નં.૯/૧૪, ૧ લો માળ, ગોધરા |
| ૧૩ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,સાબરકાંઠા | બ્લોક નં. સી, ત્રીજો માળ, કલેકટર કચેરી કંપાઉન્ડ, હિંમતનગર(સા.કાં) કંપાઉન્ડ |
| ૧૪ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, જામનગર | ત્રીજો માળ, બહુમાળી ભવન, લાલ બંગલો,જામનગર |
| ૧૫ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, જુનાગઢ | ૨/૩, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,સરદાર બાગ, જુનાગઢ. |
| ૧૬ | ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, ભુજ | ૩૧૨,, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,ભુજ–કચ્છ |

| નં | કચેરીનું નામ | સરનામું |
|---|---|---|
| ૧૭ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, મહેસાણા | ૩ જો માળ, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,મહેસાણા. |
| ૧૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, નડિયાદ | સી–૩૦૯, ૩ જો માળ, સરદાર પટેલ ભવન, નડિયાદ–ખેડા |
| ૧૯ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, નર્મદા | રૂમ નં. ૨૨૪ & ૨૨૫, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,રાજપીપળા (નર્મદા) |
| ૨૦ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,નવસારી | બ્લોક સી, બીજો માળ, કલેક્ટર કચેરી કંપાઉન્ડ,નવસારી |
| ૨૧ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,પાલનપુર | કલેક્ટર કચેરી કંપાઉન્ડ,બહુમાળી ભવન, જોરાવર પેલેસ, પાલનપુર (બ.કાં) |
| ૨૨ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,પાટણ | કલેક્ટર કચેરી કંપાઉન્ડ, હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટી રોડ, પાટણ |
| ૨૩ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, પોરબંદર | સાંદીપની રોડ, એરપોર્ટ સામે, પોરબંદર |
| ૨૪ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, રાજકોટ | કલેક્ટર કચેરી કંપાઉન્ડ સેવાસદન, રાજકોટ |
| ૨૫ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, સુરત | સી–૭, કલેક્ટર કચેરી કંપાઉન્ડ, બહુમાળીભવન, નાનપુરા, સુરત. |
| ૨૬ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, સુરેન્દ્રનગર | બ્લોક નં–સી–૧૦૫, બહુમાળીભવન, રતનપર<br>ખેરાળી રોડ, સુરેન્દ્રનગર. |
| ૨૭ | ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, વડોદરા | રૂમ નં–૭૨૮, ૭ મો માળ, બ્લોક– આઈ, બહુમાળીભવન,કુબેરભવન, વડોદરા. |
| ૨૮ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી<br>ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ, વલસાડ | ૨/૫,કલેક્ટર કચેરી કંપાઉન્ડ, તીથલ રોડ,<br>વલસાડ. |

---------

**અમદાવાદ શહેરમાં ચાલતી પ્રવાસન કંપનીઓ**

૩૦૬૦૮ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ચાલતી વિવિધ પ્રવાસન કંપનીઓ વિવિધ લાલચ આપી પ્રવાસીઓ જોડે છેતરપીંડી કરે છે એવી કેટલી ફરીયાદ સન ૨૦૧૧ અને ૨૦૧૨માં મળી છે,

(૨) આવી કંપનીઓના લાયસન્સ રદ્ કરવા માટે કોઈ પગલાં લેવામાં આવનાર છે કે કેમ?

**જવાબ**

(૧) સને ૨૦૧૧માં ૫ (પાંચ) અને સને ૨૦૧૨માં શૂન્ય ફરિયાદ મળેલ છે.

(૨) પ્રવાસન કંપનીઓને લાયસન્સ આપવાની પ્રથા અમલમાં નથી જેથી લાયસન્સ રદ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

**રાજ્યમાં વીજ ઉત્પાદન**

૩૦૬૭૩ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ ઉત્પાદન કેટલું થયું,

(૨) તે અન્વયે કેન્દ્ર અને ખાનગી કંપનીઓ પાસેથી કેટલી વીજળી ખરીદી, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારે ઉદ્યોગ–ઘરવપરાશ અને કૃષિ ક્ષેત્રે કેટ કેટલી વીજળી આપી, અને કેટલી વીજળી અન્ય રાજ્યોને વેચી?

**જવાબ**

(૧) રાજ્યમાં કેલેન્ડર ૨૦૧૧માં ૬૫૪૦૩ મી.યુ. વીજ ઉત્પાદન થયેલ છે.

(૨) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કેન્દ્ર સરકારમાં ના એકમોમાંથી રાજ્યને મળવાપાત્ર હિસ્સો અને ખાનગી કંપનીઓ પાસેથી કેલેન્ડર વર્ષ ૨૦૧૧માં ખરીદેલી વીજળીની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | વર્ષ ૨૦૧૧ (મી.યુ.) |
|---|---|---|
| ૧ | કેન્દ્ર સરકારમાંના એકમોમાંથી રાજ્યને મળવાપાત્ર હિસ્સો | ૧૭૬૯૩ |
| ૨ | ખાનગી કંપનીઓ પાસેથી ખરીદેલી વીજળી | ૧૪૨૮૦ |
| | **કુલ** | **૩૧૯૭૩** |

(૩) તે અન્વયે વર્ષ–૨૦૧૧માં ઉદ્યોગો, ઘરવપરાશ અને કૃષિ ક્ષેત્રે આપવામાં આવેલ વીજ પુરવઠાની વિગતો નીચે મુજબ છે.

| કેટેગરી | વર્ષ ૨૦૧૧માં આપેલ વીજળી |
|---|---|

| | (મી.યુ.) |
|---|---|
| કૃષિ વિષયક | ૧૮૧૯૯ |
| ઈન્ડસ્ટ્રીયલ એચ. ટી. | ૧૪૭૪૯ |
| ઈન્ડસ્ટ્રીયલ એલ. ટી. | ૫૬૫૫ |
| જ્યોતિગ્રામ યોજના ફીડર્સ* | ૯૩૮૫ |
| અર્બન/ટાઉન ફીડર્સ* | ૧૧૨૪૫ |

*નોંધઃ– ઉપરોક્ત જણાવેલ જ્યોતિગ્રામ યોજના અને અર્બન/ટાઉન ફીડર્સમાં દર્શાવેલ વીજ પુરવઠામાં ઘરવપરાશ અને વાણિજ્યિક હેતુ સર પુરો પાડવામાં આવેલ વીજ પુરવઠાનો સમાવેશ થાય છે.

વીજ માંગ અને પુરવઠો જુદા જુદા કારણોસર જેવા કે વરસાદ, રજાના દિવસો, તાપમાનની વધઘટ, તહેવારો, પવનઉર્જાની ઉપલબ્ધતા વગેરે ને લીધે બદલાય છે. જ્યારે–જયારે રાજયની વીજ માંગ ઓછી હોય તેવા સમયે પ્લાન્ટ બિન–ઉપયોગી ન રહે તે હેતુસર, મહત્તમ વીજ ઉત્પાદન મળતું રહે તે માટે તેમજ કુલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટે તે હેતુસર વધારાની વીજળી રાજ્ય બહાર આપવામાં આવે છે.

વીજ ઉત્પાદનની શ્રેષ્ઠતમ ઉપયોગિતા માટે ઓછી વીજ માંગના સમયે કેલેન્ડર વર્ષ ૨૦૧૧માં ૫૧૦૫.૪૩ મી.યુનિટ વીજળીનું વેચાણ અન્ય રાજ્યોને કરેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૧૮ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૦૫ બિનરહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૨૦.૨૪ લાખ. |

---------

**જામનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૦૨૦૯ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૧) અને (૨) તમામ કક્ષાના વિજ ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પૂરો પાડવા જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૨૨૪.૦૦ લાખના ખર્ચે ૨૪ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે. |

---------

**સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં બદલવામાં આવેલ વીજ વાયરો**

૩૦૨૮૩ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પોરબંદર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧માં વાયરો બદલવા પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૫૦૯.૦૦ લાખના ખર્ચે ૧૦૩૦ કી.મી. વાયરો બદલવામાં આવ્યા છે. |

---------

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૨૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ – ૦૭ બિનરહેણાંકના કામો.

(૨) કુલ ` ૨૧૩.૭૭ લાખ.

---------

**મહુવા તાલુકામાં ઘરવપરાશ માટે વીજ જોડાણો**

૩૧૮૩૯ **ડૉ. કનુભાઈ વા. કલસરીયા(મહુવા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના છેલ્લા બે વર્ષમાં મહુવા તાલુકામાં ઘરવપરાશ માટે ઓછી આવકના જુથનાં કુટંબનાં ઘરોમાં વીજળીકરણ માટે કેટલી અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઘરોમાં વિજ કનેકશનો આપવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ બાકી છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ઓછી આવકના જુથોના કુટંબોના ઘર વપરાશના વિજળીકરણ માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૧૧૮૧ અરજીઓ મળી હતી. આ તમામ ૧૧૮૧ લાભાર્થીઓને વિજ જોડાણ આપવામાં આવ્યાં છે.

**ખેડા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૩૦૩૨૬ **શ્રી કનુભાઈ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ – ૦૩ બિન રહેણાંકના કામો.

(૨) કુલ ` ૧૧૦.૫૧ લાખ.

---------

**અમરેલી જિલ્લામાં આર.ટી.આઈ. કાર્યકરોની હત્યા**

૩૧૮૬૬ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૨૦–૨–૧૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલાં આર.ટી.આઇ. કાર્યકરોની હત્યા, અપહરણ, હુમલો અને ધમકીના વર્ષવાર કેટલાં બનાવો બનેલ છે, અને

(૨) ઉપરોક્ત નોંધાયેલ ગુનાઓમાં કેટલાં આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે, અને કેટલાં આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?

**જવાબ**

(૧) તા. ૨૦–૨–૧૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં આર.ટી.આઇ. કાર્યકરોની હત્યા, અપહરણ, હુમલા અને ધમકીનો એક પણ બનાવ બનેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં બળી ગયેલા બદલવામાં આવેલ ટ્રાન્સફોર્મર**

૩૨૦૯૫ **ડૉ. અનિલભાઈ જોષીયારા( ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં કેટલા ટ્રાન્સફોર્મર બળી ગયા,

(૨) એમાંથી વર્ષવાર અને જિલ્લાવાર કેટલા નવા બદલવામાં આવ્યા અને કેટલા નવા બદલવામાં આવ્યા

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં બળી ગયેલ ટ્રાન્સફોર્મર, બદલવામાં આવેલ ટ્રાન્સફોર્મર, રીપેર કરવામાં આવેલ ટ્રાન્સફોર્મર અને તે સંદર્ભે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

અને કેટલા રીપેર કરવામાં આવ્યા, અને

(૩) અને એની પાછળ જિલ્લાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

| મહેસાણા જિલ્લોઃ | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | બળી ગયેલ ટ્રાન્સફોર્મર | નવીન બદલવામાં આવેલ/રીપેર કરેલ ટ્રાન્સફોર્મર | | ખર્ચ (રકમ ` લાખમાં) |
| | | નવીન | રીપેર | |
| ૨૦૦૯-૧૦ | ૮૬૦ | ૨૪૩ | ૬૧૭ | ૪૩.૧૭ |
| ૨૦૧૦-૧૧ | ૭૧૯ | ૨૮૭ | ૪૩૨ | ૩૦.૯૭ |
| ૨૦૧૧-૧૨ (જાન્યુ. અંતિત) | ૫૯૬ | ૧૯૬ | ૪૦૦ | ૨૯.૨૮ |
| સાબરકાંઠા જિલ્લો | | | | |
| ૨૦૦૯-૧૦ | ૧૯૨૮ | ૨૫૨ | ૧૬૭૬ | ૧૪૫.૬૪ |
| ૨૦૧૦-૧૧ | ૧૭૫૭ | ૨૭૧ | ૧૪૮૬ | ૧૨૪.૧૬ |
| ૨૦૧૧-૧૨ (જાન્યુ. અંતિત) | ૧૬૪૧ | ૨૭૩ | ૧૩૬૮ | ૧૧૧.૧૮ |

---------

## પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં ખાણોની લીઝમાં માઈનીંગના કેસો

૩૨૧૦૮ **શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ(બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં ખાણોની લીઝમાં પરમીટ કરતા વધારે વિસ્તારમાં માઈનીંગ થયેલ હોય તેવા કેટલા કેસો પકડાયા, | (૧) એક પણ નહીં. |
| (૨) તેમાં કેસ પ્રમાણે કેટલુ વધારે માઈનીંગ કરવામાં આવ્યુ, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની સામે શા પગલા લેવામાં આવ્યા ? | |

---------

## બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ

૩૦૩૬૨ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટિ હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ બનાસકાઠાં જિલ્લામાં કેટલા કોમ્યુનિટિ હોલ ઉપલબ્ધ છે? | (૨) બનાસકાંઠા જિલ્લામાં ૧ (એક) કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

---------

**૨૧૧**

૩૦૦૪૬ **માનનીય મંત્રીશ્રી ની વિનંતીથી રદ કરવામાં આવેલ છે**

---------

## આણંદ જિલ્લામાં વાયબ્રન્ટ સમિટ હેઠળ મૂડી રોકાણ

૩૦૦૬૨ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૧ની વાયબ્રન્ટ સમીટ હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા, કેટલુ મુડી રોકાણ થયુ, અને | (૧) વાયબ્રન્ટ સમીટમાં થયેલ એમ.ઓ.યુ.માં નાના પ્રોજેકટના એમ.ઓ.યુ.ને ઉત્પાદનમાં આવતા બે થી ત્રણ વર્ષનો સમયગાળો તથા મોટા પ્રોજેકટના એમ.ઓ.યુ.ને ઉત્પાદનમાં આવતા પાંચ થી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વાયબ્રન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. પૈકી સને |

૨૦૦૯ અને ૨૦૧૧ના ૪૫ પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા અને ` ૭૪.૨૨ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટોનું સેકટરવાર પત્રક સામેલ છે.

(૨) તે અન્વયે એમ.ઓ.યુ. કરેલ ઉદ્યોગોમાંથી કેટલા ઉદ્યોગો ખસી ગયા?

(૨) આણંદ જિલ્લામાં વાયબ્રન્ટ સમિટ ૨૦૦૯ અને ૨૦૧૧માં એમ.ઓ.યુ. કરનાર કંપનીઓ પૈકી ૨ પ્રોજેકટો પડતા મુકાયેલ છે.

**(તારાંકિત પ્રશ્ન–૩૦૦૬૨ ધા.સ.શ્રી નિરંજન પટેલ)**

**પત્રક**

**૩૧–૧૨–૨૦૧૧ અંતિત**

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | ખરેખર મુડીરોકાણ (`કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૮ | ૧૭.૬૩ |
| ૨ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૨ | ૨.૫ |
| ૩ | એજ્યુકેશન | ૧ | ૭ |
| ૪ | એંજીનીયરીંગ | ૧૮ | ૧૬.૨૩ |
| ૫ | ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૧ | ૦.૦૫ |
| ૬ | અધર | ૯ | ૧૬.૧૨ |
| ૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૧ | ૦.૦૩ |
| ૮ | પી.સી.પી.આઈ.આર. | ૧ | ૦.૫૫ |
| ૯ | પાવર | ૩ | ૧૪.૦૩ |
| ૧૦ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૧ | ૦.૦૮ |
| | કુલઃ | **૪૫** | **૭૪.૨૨** |

---------

**વડોદરા જિલ્લામાં પૂર્ણ થયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૧૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ–૦૫ બિનરહેણાંકના કામો

(૨) કુલ ` ૧૨૦.૨૪ લાખ

---------

**માહિતી આયોગ સમક્ષ પેન્ડિંગ અપીલ અને ફરિયાદો**

૩૦૧૦૮ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં અપીલો અને ફરિયાદોનો ઝડપી નિકાલ લાવવા વધુ કમિશ્નરની નિમણૂંક કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનરશ્રી અને બે માહિતી કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે. માહિતી આયોગમાં જરૂરીયાત મુજબ કમિશનરશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે.

---------

**નર્મદા ભરૂચ અને સુરત જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં કુવાઓનું વીજળીકરણ**

૩૦૭૯૧ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ આદીજાતી વિસ્તારોમાં નર્મદા, ભરૂચ અને સુરત જિલ્લામાં ટ્રાયબલ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા કુવાઓનું વીજળીકરણ તાલુકાવાર કરવામાં આવ્યું?

**જવાબ**

નર્મદા, ભરૂચ અને સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તારોમાં ટ્રાયબલ યોજના અંતર્ગત, તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન કુવાઓના કરવામાં આવેલ વીજળીકરણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છેઃ

| જિલ્લો | તાલુકો | છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ કુવાઓનું વીજળીકરણ |
|---|---|---|
| નર્મદા | નાદોદ | ૨૨૬ |
| | તીલકવાડા | ૨૪ |
| | દેડીયાપાડા | ૪૯ |
| | સાગબારા | ૩૩ |
| ભરૂચ | ઝગડીયા | ૨૫૯ |
| | વાલીયા | ૨૫૬ |
| સુરત | ચોર્યાસી | ૧૩ |
| | કામરેજ | ૩૮૩ |
| | પલસાણા | ૯૪ |
| | ઓલપાડ | ૩૩ |
| | માંડવી | ૪૮૬ |
| | મહુવા | ૩૪૮ |
| | બારડોલી | ૨૪૪ |
| | માંગરોલ | ૨૫૬ |
| | ઉમરપાડા | ૭૪ |

## આણંદ જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર મહેકમ

૩૨૧૦૫ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલુ છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજુર |
|---|---|
| પોલીસ અધિક્ષક | ૧ |
| નાયબ પોલીસ અધિક્ષક | ૫ |
| બિન હથીયારી પો.ઈ. | ૧૨ |
| બિન હથીયારી પો.સ.ઈ. | ૪૫ |
| હથીયારી પો.સ.ઈ. | ૬ |
| હથીયારી એ.એસ.આઈ. | ૬૧ |
| બિન હથીયારી એ.એસ.આઈ. | ૯૯ |
| વુમન એ.એસ.આઈ. | ૭ |
| હથીયારી હે.કો. | ૮૭ |
| બિન હથીયારી હે.કો. | ૨૧૦ |
| વુમન હે.કો. | ૧૨ |
| હથીયારી પો.કો. | ૪૩૪ |
| બિન હથીયારી પો.કો. | ૬૦૯ |
| વુમન પો.કો. | ૩૦ |
| સરવાળો | ૧૬૧૮ |

(૨) ઉકત સ્થિતિએ જિલ્લામાં નવા પોલીસ સ્ટેશનો શરૂ કરવા ડી.વાય.એસ.પી. અને પોલીસ ઈન્સ્પેકટરની નવી જગ્યાઓ ઉભી કરવાનું કોઈ આયોજન છે, અને

(૨) ના જી.

(૩) જો હા, તો કેટલા સમયમાં નવા પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવનાર છે અને નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વડોદરા જિલ્લામાં સિંચાઈથી વંચિત આદિવાસી વિસ્તારોમાં ખેતી વિષયક વીજ જોડાણો આપવા બાબત

૩૨૧૨૯ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ( નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં નર્મદા મેઈન કેનાલની પૂર્વમાં સંપૂર્ણ આદિવાસી વિસ્તાર છે તેમાં ખેતી–સિંચાઈની કોઈ જ સુવિધાની વંચિત વિસ્તારમાં ખેડૂતોને સીંગલ ફેઝ–૨ હો.પા.ના ખેતી વિષયક દરના વીજ જોડાણો ખાસ કિસ્સા તરીકે આપવા સરકારે કોઈ વિચારણા કરી છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) અને (૨)

નામદાર વીજ નિયમન પંચના આદેશ મુજબ કૃષિ હેતુ માટે સીંગલ ફેઝ વીજ જોડાણ આપવાની જોગવાઈ નથી.

---------

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
નાણા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**સુરત જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો**

૩૦૩૩૫ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ-૦૧ બિનરહેણાંકના કામો |
| (૨) આ કામો પાછળ તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૨૦.૦૧ લાખ. |

---------

# નાણા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૨

**શ્રી વજુભાઇ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૪૪ હેઠળ મારું નિવેદન રજૂ કરું છું. ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ અને તે હેઠળ કરવામાં આવેલા નિયમાનુસાર વેપારીઓએ વેરો ભરવાનો થાય છે. વેરો ભરવામાં કસૂર થાય તો બાકી વેરા ઉપરનું વ્યાજ ભરવાનું થાય છે. કાયદામાં દંડની પણ જોગવાઇ છે.

તા. ૧-૪-૨૦૦૬ થી ગુજરાત રાજ્યમાં ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદો અમલમાં છે. વેટ કાયદાના અમલ પહેલાં ગુજરાત રાજ્યમાં વેચાણવેરા કાયદો તા. ૩૧-૩-૨૦૦૬ સુધી અમલમાં હતો. ગુજરાત વેચાણવેરા કાયદા સમયના બાકી વસૂલાતના કેસો મોટી સંખ્યામાં વિવિધ કારણોસર પડતર છે. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદાના અમલને આશરે પાંચ વર્ષ જેટલો સમય થયેલ છે. આથી ગુજરાત વેચાણવેરા કાયદા સમયના બાકી વસૂલાતના કેસોનો નિકાલ થાય તે જરૂરી છે. આ સમયના બાકી કેસમાં રકમ ભરપાઇ ન કરવાના કારણોસર વેપારી વર્ગ ઉપર વ્યાજનું ભારણ વધતું રહે છે, જે અંગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવી જરૂરી છે. આથી ગુજરાત વેચાણવેરા કાયદા અન્વયેના બાકી કેસોના નિકાલ કરવા વેપારીઓ માટે રાહતરૂપ વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૨ લાવવાનો નિર્ણય થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે :-

## વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૨

**૧**.(૧) આ યોજના વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૨ તરીકે ઓળખાશે.

(૨) આ વેચાણવેરા સમાધાન યોજના -૨૦૧૨નો સમયગાળો તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૦-૯-૨૦૧૨ દરમ્યાનનો રહેશે.

(૩) આ યોજનાની જોગવાઇ મુજબ ૧ કરોડથી વધુ બાકી (ફક્ત વેરાની રકમ) હોય તેવા કેસોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**૨.** આ યોજના નીચે દર્શાવ્યા મુજબના વેપારીઓના બાકી લેણાંને લાગું પડશે.

| | | |
|---|---|---|
| ૧. | તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ વેરાની કુલ રકમ રૂ. ૨૦,૦૦૦/- સુધીની હોય તેવા કેસો | વેરાની કુલ રકમ રૂ. ૨૦,૦૦૦/- સુધીની હોય તેવા કેસોમાં કુલ વેરો + વ્યાજ + દંડ સંપૂર્ણ માફ. |
| ૨. | તા. ૩૧-૩-૨૦૧૨ સુધીમાં પસાર કરેલ હોય એવા આકારણીના, ફેર આકારણીના અને રીવીઝન આદેશોની પડતર વસૂલાત અંગેના કેસો | યોજનાના સમયગાળા દરમ્યાન જે તે આકારણી વર્ષને લગતી આકારણી આદેશ મુજબની વેરાની પૂરેપૂરી રકમ ભરપાઇ કરી આપે તેવા વેપારીઓને તે આકારણી આદેશ હેઠળની વ્યાજ તથા દંડની રકમ માફ કરવામાં આવશે. |
| ૩. | તા. ૩૧-૩-૨૦૧૨ સુધીમાં પસાર | યોજનાના સમયગાળા દરમ્યાન જે તે આકારણી વર્ષને |

| | | |
|---|---|---|
| | કરવામાં આવેલ આદેશો ઉપરની (તમામ કક્ષાએ પડતર હોય તેવી) અપીલોને લગતા કેસો. | લગતી, આકારણી આદેશ મુજબની વેરાની પૂરેપૂરી રકમ ભરપાઇ કરી આપે અને યોજનાનો લાભ લેતા પહેલાં અપીલ પરત ખેંચી લેવામાં આવે તેવા કેસમાં આકારણી આદેશ હેઠળની વ્યાજ તથા દંડની રકમ માફ કરવામાં આવશે. |
| ૪. | જે વેપારીઓએ અગાઉનો બાકી વેરો, વ્યાજ તથા દંડ સહિતની બાકી પૈકી કોઇ રકમ ભરેલ હોય તેવા કેસમાં | ભરેલ રકમ વેરા સામે મજરે લેવામાં આવશે. |

૩. આ યોજનાની શરતો નીચે પ્રમાણે રહેશે.

(૧) આ યોજના ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬, પ્રવેશ કર તથા શેરડી ખરીદ વેરા કાયદા હેઠળની બાકી વસૂલાતને લાગુ પડશે.

(૨) એક કરોડથી વધુ બાકી (ફક્ત વેરાની રકમ) હોય તેવા કેસોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(૩) યોજના હેઠળ વ્યાજ તથા દંડની રકમ જે માફ (રેમીટ) કરવાની થાય તેવી રકમના માફીના આદેશો ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદાની કલમ-૪૧ તથા કલમ-૧૦૦ મુજબ અને કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ તે કાયદાની કલમ-૯(૨) સાથે વાંચતા, વ્યાજ દંડ માફીના આદેશ તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં સબંધિત અધિકારીઓએ કરવાના રહેશે.

(૪) યોજનાના સમયગાળા દરમ્યાન અરજી કર્યા બાદ રકમ ભરપાઇ કરવાની રહેશે.

(૫) આ યોજનાનો લાભ લીધેલ હોય અને પરિણામે કોઇ રીફંડ ઉપસ્થિત થતું હશે તો રીફંડ અંગેની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) આ રાહત યોજનાનો લાભ લેવા માગતા હોય તેઓએ લાભ લેવા માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. યોજના અન્વયે અરજીના અનુસંધાને લાભ આપવાપાત્ર છે કે કેમ? તે અંગેનો વાણિજિયકવેરા આયુક્તશ્રીનો નિર્ણય આખરી રહેશે.

(૭) વેપારીએ તેઓની કોઇપણ સત્તાધિકારી/કોર્ટ સમક્ષ ચાલતી અપીલ/વિવાદ પરત ખેંચવા બાંહેધરી આપવાની રહેશે. સમાધાન યોજનાના અનુસંધાને કરેલઅ અરજી મંજૂર થયાની જાણ કરવામાં આવતા વેપારીઓએ વિવાદ અરજી પરત ખેંચવાની રહેશે. જે ધ્યાને લઇ, સબંધિત અધિકારીએ વ્યાજ/દંડ માફી અંગેના આદેશો પસાર કરવાના રેહેશે.

(૮) આ યોજનાનો લાભ લેનાર યોજનાના અનુસંધાને લીધેલ નિર્ણયના અનુસંધાને કોઇ કોર્ટ કે અન્ય સત્તાધિકારી સમક્ષ અપીલ/વિવાદ કરી શકશે નહીં.

(૯) આ યોજના નાણાકિય વર્ષ ૨૦૦૫-૦૬ સુધીની આકારણીઓ/પડતર આકારણીઓને જ લાગુ પડશે.

(૧૦) અન્વેષણના કારણે જે કેસમાં માંગણું ઉપસ્થિત થયેલ હશે તેવા કેસોને આ યોજનાની જોગવાઇઓ લાગુ પડશે નહીં.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## નાણા મંત્રીશ્રીના નિયમ-૪૪ ના નિવેદન અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે નિયમ ૪૪ હેઠળ જે નિવેદન રજૂ કર્યું એ ખરેખર નાણા વિભાગની ચર્ચા વખતે માનનીય મંત્રીશ્રી એ જવાબની અંદર આ જાહેરાત કરી શક્યા હોત. ભૂતકાળની અંદર માનનીય અધ્યક્ષશ્રી, જે વિભાગની માગણીની અંદર સમાવેશ થઇ

શકતો હોય તો એ વિભાગના જવાબ વખતે જ આવી જાહેરાતો થતી હોય છે. નિયમ-૪૪ હેઠળ માનનીય મંત્રીશ્રીને આવી રીતે આ જાહેરાત જે એના પોતાના જ વિભાગની છે એ કરી શકે નહિ. નિર્ણય આપે કરેલો છે એટલે વિશેષ કહેતો નથી. પરંતુ માનનીય મંત્રીશ્રીને એ ખ્યાલ હોવો જોઇએ કે આ વિભાગની જાહેરાત વખતે એ પોતે એ વખતે જાહેરાત કરી શક્યા હોત, એને લગતી જાહેરાતમાં જે છૂટછાટ આપવી હોય, વધારાનું કરવું હોય, જે કરવું હોય તે કરી શક્યા હોત. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા(બેઠા બેઠા ) : ટોપી કાઢી નાંખી એટલે સાંભળવાનુંય બંધ. (અંતરાય)

સભાપતિશ્રી : પ્લીઝ, બાબુભાઇ..

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( સંસદીય બાબતોના મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ માં અધ્યક્ષની પરવાનગી લઇને કોઇ મંત્રી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકશે. એવા નિવેદન ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહિ. પરંતુ સભ્યને તે નિવેદન સંબંધમાં વધુ માહિતી મેળવવાના હેતુથી પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકશે. જ્યારે આપની પરવાનગી લઇને માનનીય મંત્રીશ્રીએ નિવેદન કર્યું છે એ એમનો અધિકાર છે એના ઉપર કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર કે ચર્ચા પણ કરવા દેવામાં ન આવે. આપને વાજબી લાગે કે આ પ્રશ્ન, આ નિવેદનમાં વધુ સ્પષ્ટતા મેળવા માટે કોઇ સભ્ય પરવાનગી માગે છે અને સ્વયંસ્પષ્ટ નિવેદન છે ત્યારે એ પ્રશ્ન પૂછવાની છૂટછાટ આપવાની પણ જરૂરત નથી. આમ છતાં આપનો અધિકાર છે એટલે આ પોઇન્ટ ઓફ ઓર્ડર નિયમ-૪૪ માં ટકી શકે નહિ.

સભાપતિશ્રી : માનનીય અર્જુનભાઇ, આમ તો આ મંત્રીશ્રીના અધિકાર હેઠળની વાત આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : (અંતરાય) મારી પાસે ૧૯૮૫ થી ૨૦૦૨, પાના:૬૮ ઉપર મંત્રીશ્રીના નિયમ:૪૪ હેઠળના, એના ઉપર સ્પષ્ટ માનનીય અધ્યક્ષશ્રી એ વખતે સ્પષ્ટ સૂચના, નિર્ણય આપેલો છે કે, જયારે જવાબ આપતા હોય, જે દિવસે જવાબ આપવાનો હોય એ દિવસે માનનીય અધ્યક્ષશ્રી, આ કરી શકાય નહીં ( આ તકે મંત્રીશ્રી, નીતિનભાઇ પટેલ," ક્યાં જવાબ આપવાનો છે ?", એમ બેઠા બેઠા બોલતા) જવાબ આજે આપવાનો છે, નીતિનભાઇ. આજે નાણા વિભાગનો એમણે જવાબ આપવાનો છે. ( આ તકે, સભ્યશ્રી ભરતભાઇ બોઘરા,"જવાબ સાંભળવા રોકાજો, ભાગી ન જતા", એમ બેઠા બેઠા બોલતા) આજે આ વિભાગની જયારે માગણી હતી ત્યારે આપે આ નહીં, આના સિવાયની જાહેરાત કરી શક્યા હોત કે, પેટ્રોલ, ડીઝલ બધા ઉપરનો અમે ટેક્સ નાબૂદ કરીએ છીએ, બધું કરીએ છીએ, કરી શકયા હોત આપ.(અંતરાય) અમને વાંધો નથી એ બાબતમાં. સાહેબ, એ વધારાની જાહેરાત કરે તો પણ મને વાંધો નથી. આટલું નહીં આ સિવાયની કરી હોત તો પણ તકલીફ ન હતી.

શ્રી સભાપતિશ્રી : માનનીય અર્જુનભાઇ, આપણી પ્રણાલિ રહી છે કે, માનનીય મંત્રીશ્રીને અધિકાર રહ્યો છે કલમ:૪૪ હેઠળ નિવેદન કરવાનો, પરંતુ આપે ધ્યાન દોર્યું છે તો ભવિષ્યમાં જોઇશું પણ અત્યારે તો એમણે નિવેદન કર્યું છે, એ સંમતિ લઇને કર્યું છે અને એના પાવર હોય છે. નેકસ્ટ.(અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ મારો હક્ક અને અધિકાર છે.

શ્રી સભાપતિશ્રી : આપે કોઇ પ્રશ્ન લેવાનો કે, લીધો હોત તો કોઇ વાંધો ન હતો.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું કહેવાનું કે, (અંતરાય)

શ્રી સભાપતિશ્રી : કોઇ પણ મંત્રીશ્રીને એક અધિકાર મળેલો છે, એણે મારી પરમિશન લીધી છે. ( આ તકે મંત્રીશ્રી નીતિનભાઇ બેઠા બેઠા બોલતા) આજના આપણા બિઝનેશમાં આવી ગયેલ છે, એ જોયું છે એ કોઇ નીતિ વિષયક હોયને, મેં જોયું છે. પ્લીઝ, નીતિનભાઇ પ્લીઝ, બેઠા બેઠા નહીં, પ્લીઝ.આપ બેઠા બેઠા નહીં પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મારી વાત એટલી જ છે કે, નિયમ:૬૮માં પણ આપે, એ વખતે એમ જ કહ્યું હતું કે, એક વખત પરવાનગી અપાઇ ગઇ છે, ભવિષ્યમાં આ પ્રકારે ખ્યાલ રાખવો જોઇએ એવી વાત ત્યારે થઇ છે એટલે હું આપનું ધ્યાન દોરું છું કે, આપે માનનીય મંત્રીશ્રીઓને આવી સૂચના આપવી

જોઇએ કે, જયારે જવાબની અંદર સમાઇ શકતું હોય એવું નિયમ–૪૪ હેઠળનું નિવેદન આપની પરવાનગીમાં ન લઇ આવે.

શ્રી સભાપતિશ્રી : હું એ સ્ટડી કરીને જોઇ લઇશ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : મેં મારું જે બજેટ રજૂ કર્યું છે એમાં હું કોઇ આઇટમ હું ઉમેરતો હોવ કે, કોઇ આઇટમ હું કાઢી નાંખતો હોઉં તો મારે કહેવાનું કે, મેં આટલો ટેક્સ નાખ્યો છે હવે ટેક્સ હું ઘટાડું છું. એ કરવાની હોય તમારે. આ તો ટોટલી સેપરેટ વસ્તુ છે. બાકી આ દસ – દસ વર્ષથી બાકી રહેલા આ તમારા કોંગ્રેસવાળાના પૈસા બાકી રહ્યા છે, એને મારે માફ કરવાની વાત છે. આ એ પૈસા છે બધાય. આ અમારા નથી, આ વારસામાં આવેલા છે એ માફ કરીએ છીએ. (અંતરાય )

સભાપતિશ્રી : આ પ્રકરણ પૂરું થઇ ગયું પ્લીઝ. નેકસ્ટ(અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.(અંતરાય)

સભાપતિશ્રી : પ્લીઝ નીતિનભાઇ પ્લીઝ. આ પ્રકરણ પૂરું કરી દીધું છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય મંત્રીશ્રી બેઠા બેઠા (અંતરાય)

સભાપતિશ્રી : મેં ત્રણ વખત સૂચના આપી છે અને ચોથી વખત આપું છું. પ્લીઝ નીતિનભાઇ. પ્લીઝ નીતિનભાઇ. આપણા હાઉસનું ડેકોરમ જળવાવવું જોઇએ, સારી રીતે જળવાવવું જોઇએ.પ્લીઝ.(અંતરાય) પ્રકરણ પૂરું થયું છે. પ્લીઝ, બધા શાંતિ રાખો (અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : આપે સૂચના આપવી જોઇએ.

સભાપતિશ્રી : સૂચના આપી દીધી, ચાર વખત આપી. પ્લીઝ.

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિનો અઢારમો અહેવાલની રજૂઆત

**સભાપતિશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો અઢારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૨૬મી માર્ચ,૨૦૧૨ના રોજ મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

**(૧) બુધવાર, તા. ૨૮ મી માર્ચ, ૨૦૧૨ના રોજ નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને આ વિધેયકોની વિચારણા પૂરી કરવી.**

(૧) સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક –૧૧– સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક– ૧૨ – સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયક.

(૪) સન ૨૦૧૨ નું વિધેયક ક્રમાંક – ૧૩ – સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતીય) વિધેયક.

(૫) સન ૨૦૧૨ નું વિધેયક ક્રમાંક – ૧૦– સન ૨૦૧૨નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક.

**(૨) ગુરુવાર, તા. ૨૯ મી માર્ચ અને શુક્રવાર, તા. ૩૦ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.**

(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક – ૧૪– સન ૨૦૧૨નું ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યકિતઓ અને તબીબી સારવાર આપતી સંસ્થાઓ ( હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ અટકાવવા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૧૨ નું વિધેયક ક્રમાંક –૯ – સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**માગણી નં. ૧૫**

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૯,૦૭,૯૫,૦૦૦/– ની માગણી ક્રમાંક –૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક –૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૨ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૬**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ નાણા વિભાગ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૧૦,૩૧,૭૨,૦૦૦/–ની માગણી ક્રમાંક –૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરસિંહ ક. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી કિરણકુમાર લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૭ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૭**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૧૮,૬૭,૦૮,૦૦૦/– ની માગણી ક્રમાંક – ૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદુભાઇ મો. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૮**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૮,૯૬,૧૬,૫૫,૦૦૦/– ની મગણી ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી હરીલાલ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

તાઃ ૨૭મી માર્ચ, ૨૦૧૨.
માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી મંગળવાર, તા. ૨૭-૩-૨૦૧૨ (બારમા અને છેલ્લા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **નાણા વિભાગ**<br>**માગણી નં. ૧૫** | | |
| ૧. | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ. ૧૯,૦૭,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૬૮ થી ૬૯ | ૧૦૦ | વિભાગો દ્વારા થતું બીન જરૂરી ખર્ચ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ શાહ |
| ૨. | — "— | ૧૦૦ | સેકશન અધિકારી સંવર્ગમાં ૨૦૦૬ પછી નોકરીમાં જોડાયેલ સીધી ભરતીના અધિકારીઓને મંજૂર કરવામાં આવેલ પગાર ધોરણને લાભ બઢતીથી નિમાયેલ અધિકારીઓને પણ આપી વિસંગતતના નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૩. | — "— | ૧૦૦ | કેન્દ્રના ધોરણે રાજયના સરકારી કર્મચારીઓને ૧૦-૨૦-૩૦ વર્ષની નોકરીના આધારે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૪. | — "— | ૧૦૦ | સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે શિક્ષણ ભથ્થું-વાહન ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૫. | — "— | ૧૦૦ | પદાધિકારીઓની પદાવધિ પૂરતા સીધી ભરતીથી નિમાયેલા કર્મચારીઓને ખાસ કિસ્સા તરીકે એલ.ટી.સી.નું રોકડમાં રૂપાંતર કરી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૬. | | ૧૦૦ | રાજયના વધતા જતા દેવાને અંકુશમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૭. | — "— | ૧૦૦ | સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૮. | — "— | ૧૦૦ | વય મર્યાદાને લીધે આશ્રિત તરીકેનું પેન્શન મળતું બંધ થયું હોય તેવા પેન્શનરોને છઠ્ઠા પગારપંચ મુજબના એરીયર્સની રકમ સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રભુભાઇ વસાવા |
| ૯. | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ. ૧૯,૦૭,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૬૮ થી ૬૯ | ૧૦૦ | ખાતર ઉપરના વેટના દર ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંધાડ |
| ૧૦. | — "— | ૧૦૦ | અન્ય વિભાગોની દરખાસ્તોનો ઝડપથી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૧૧. | | ૧૦૦ | અંદાજપત્રમાં સમાવિષ્ટ વિકાસના | શ્રી ઇકબાલ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કામો માટે ફાળવેલ રકમનો સમયસર ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | — ” — | ૧૦૦ | બિનજરૂરી વહીવટી ખર્ચ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| | | **માગણી નં. ૧૬** | | |
| ૧૩. | ૨૦૪૦–વેચાણ... કરવેરા<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૫૦,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૯ થી ૧૧ | ૧૦૦ | વેચાણવેરાના વાર્ષિક લક્ષ્યાંકો સિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિં! ચૌહાણ |
| ૧૪. | | ૧૦૦ | વેચાણવેરા અધિકારીઓ દ્વારા વેપારીઓને થતી બિનજરૂરી કનડગત નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહભાઇ બારડ |
| ૧૫. | | ૧૦૦ | કોમ્પ્યુટર લાઇનો વારંવાર બગડી જવાને કારણે ઓનલાઇન વેટની માહિતી ભરવામાં વેપારીઓને પડતી ભારે હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર પટેલ |
| ૧૬. | ૨૦૪૦–વેચાણ... કરવેરા<br>૧૦૧–વસૂલાત ખર્ચ<br>રૂ. ૧,૯૪,૮૧,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૧૨–૧૩ | ૧૦૦ | મોટા ઉદ્યોગો પાસે સેલ્સટેક્સની કરોડો રૂપિયાની લેણી નીકળતી રકમની વસૂલાત માટે ઘટતી કાનૂની કાર્યવાહી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ વહીયા |
| ૧૭. | — ” — | ૧૦૦ | સેલ્સટેક્સ પેટે કરોડો રૂપિયાની બાકી નીકળતી રકમ સમયસર વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઇ જોષીયારા |
| | | **માગણી નં. ૧૭** | | |
| ૧૮. | ૨૦૫૪–તિજોરી... વહીવટ<br>૦૯૫–હિસાબ... કચેરી<br>રૂ. ૧૧,૪૬,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૭૧ થી ૭૩ | ૧૦૦ | વારંવાર પરિપત્રો કરવા છતાં પેન્શન કેસોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૧૯. | — ” — | ૧૦૦ | જે તે વિભાગો/કચેરીઓ દ્વારા પેન્શનની દરખાસ્ત સંપૂર્ણ વિગતોની પૂર્તતા સાથે જ મોકલવાની સૂચનાઓનું સખ્તાઇથી પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૦. | — ” — | ૧૦૦ | વિભાગ અને જિલ્લાઓની કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઇ હળપતિ |
| ૨૧. | — ” — | ૧૦૦ | જુદા જુદા જિલ્લાઓની કેટલીક તિજોરી કચેરીઓ બંધ કરવાથી આમ જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઇ ડાભી |
| | | **માગણી નં. ૧૮** | | |
| ૨૨. | ૨૦૭૧–પેન્શન... લાભ<br>૦૧–મુલ્કી<br>૧૦૧–વય નિવૃત્તિ... ભથ્થાં<br>રૂ. ૩૪,૨૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૮૪ | ૧૦૦ | પેન્શનરોને મોંઘવારી ભથ્થાંની રકમ સમયસર મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હરીલાલ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | — ‘’ — | ૧૦૦ | પેન્શનના લાભ નિવૃત્તિ પછી સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૪. | | ૧૦૦ | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અમદાવાદના કર્મચારીઓને પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઇ જોષીયારા |

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગીલોટીન અંગે

સભાપતિશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. અનુદાનો માટેની માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન ૧૨મો અને છેલ્લો દિવસ. મંગળવાર તા. ૨૭–૩–૨૦૧૨ ના રોજ માગણી ઉપરની ચર્ચાના પ્રારંભે અનુદાનો માટેની માગણીની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની બેઠકનો સમય બપોરના ૧૨–૦૦ થી ૫–૧૫ સુધીનો ઠરાવવામાં આવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવા ઠરાવેલ સમયના એક કલાક પહેલા અનુદાનો માટેની માગણી ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે. આ જોગવાઇ મુજબ સાંજે ૪–૧૫ કલાકે અનુદાનો માટેની માગણીઓ માટેની સઘળી ચર્ચાનો અંત આવશે. અને જે માગણી ઉપરની ચર્ચા ચાલતી હશે તે સિવાયની બાકી રહેલ બીજી તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી એમના વિભાગની માગણી નં. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે. માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબે ૧૮ વખત આ સન્માનનીય સભાગૃહમાં બજેટ રજૂ કર્યુ અને સામાન્ય રીતે જ્યારે નાણા ખાતાની છેલ્લા દિવસે રાહતો આપવા માટેની અપેક્ષા હોય. આજ દિવસ સુધી કોઇપણ વખતે એમણે રાહતો આપવાનું સાહસ કર્યુ નથી. અત્યારે જે જ્જમાં નિયમાનુસાર જાહેરાત કરી તો એની અંદર પણ એમનો જીવ ચાલ્યો નથી. ૨૦,૦૦૦ સુધીના ટેક્સની આકારણીવાળા માટે ન હોય. આ રાજ્યની અંદર ૧ કરોડથી કેટલા બાકીદારો છે, તેનું લિસ્ટ આ સન્માનનીય સભાગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી તરફથી વારંવાર આપવામાં આવેલ છે. આ અગાઉ પણ આ સભાગૃહની અંદર આવી એમ્નેસ્ટી સ્કીમ અગાઉના નાણા મંત્રીશ્રીઓએ આપેલ છે. મારી વખતે મેં આપેલ હતી. આ સમાધાનકારી યોજનાના કારણે વેપારીઓને કેટલો લાભ થશે, રાજ્યને કેટલું સેક્રીફાઇસ કરવું પડશે, તેના કોઇ આંકડા આપવામાં આવેલ નથી, કારણ કે આંકડા આપે તો ખુલ્લું થઇ જાય, કારણ કે તેમણે ટેક્સ રાહતો તેમના પ્રવચનમાં આપી, ત્યારે સાડી ઉપર ટેક્સ માફ નહિ, પણ પીન ઉપર ટેક્સ માફ, લાકડાના દરવાજા ઉપર ટેક્સ માફ નહિ, પણ નકૂચા અને સાંકળ ઉપર ટેક્સ ઓછો કરવાનો.(અંતરાય) આ સન્માનનીય સભાગૃહની અંદર અમે માગણી કરીએ છીએ કે તમે કેગનો રિપોર્ટ રજૂ કરો તો અમે તેના ઉપર અમારો પ્રતિભાવ આપી શકીએ, તો તમે આપતા નથી.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને ડિસ્ટર્બ કરવામાં ન આવે તે માટે હું આપનું રક્ષણ માગુ છું.

શ્રી વજુભાઇ રૂ. વાળા : આ શબ્દો તેમના કાઢી નાંખવા જોઇએ. આ શબ્દો તેમના કાઢી નાંખવા જોઇએ. મેં મારા બજેટ પ્રવચનમાં જે વાત કરી હોય તેનો સપોર્ટ કરવો કે વિરોધ કરવો એટલી જ વાત આવે.

**સભાપતિશ્રીઃ** બાબુભાઇ આપણે માગણીઓ ઉપર આવીએ.

**શ્રી બાબુભાઇ મે. શાહ** : ટીકા સાંભળવી પડે. સાંભળવું પડે. અઢાર વખત ટીકા સાંભળવી પડે. પહેલાં તો મોકળું મન રાખો તો તમારા વખાણ થાય. તમારો જીવ ચાલતો નથી. રાજ્ય ઉપર અઢારે અઢાર બજેટમાં કરજ વધાર્યુ છે. આજે પણ અમને જે અંદાજપત્ર પ્રકાશન આપવામાં આવેલ છે તેમાં ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ની અંદર જે પબ્લિક ડેપ્થ છે તે ૧ લાખ ૨૯ હજાર કરોડ રૂપિયા, ચાલુ વર્ષે ૧

લાખ અને ૪૦ હજાર કરોડ રૂપિયા કરવાનો અંદાજ આપ્યો છે. એટલું જ નહીં પણ આવતા વર્ષોનો ટાર્ગેટ કેવો છે? ૨૦૧૩–૧૪ની અંદર ૧ લાખ ૫૯ હજાર કરોડ કરવાના છે. ૨૦૧૪–૧૫ની અંદર ૧ લાખ અને ૮૧ હજાર કરોડનું કરજ કરવાનો ટાર્ગેટ તેમણે બાંધ્યો છે. સારો વહીવટ એને કહેવાય કે રાજયનો બોજો છે તે ઓછો કરે તે નાણામંત્રીને આપણે વખાણી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, તેમનો કોઇ ઇરાદો રાજયનું કરજ ઓછું કરવાનો છે નહીં. રાજયના ટેકસની વસૂલાતો જે કરવાની હોય તે નાના વેપારી ઉપર આપણે દરોડા પાડીએ અને મોટાને જતા કરીએ અને આપણે જે આકારણી કરીએ તેમાં વન સાઇડેડ એકસપાર્ટી કરી હોય. આ રાજયની અંદર ડિમાન્ડ કેસ કરવામાં આવે છે. ડિમાન્ડ કરેલા કેસો છે તેની અંદર કરોડો રૂપિયાના લ્હેણાં નીકળ્યા હોય તે ઝીરો એટલે કે સાવ નામશેષ કરી નાંખવામાં આવે છે. આ રાજયની અંદર ડિમાન્ડ કરેલા કેસમાં છેલ્લા ત્રણ વર્ષની અંદર તે કેસો ચલાવી કેટલું કરજ ઓછો કરવામાં આવેલ છે તેના સન્માનનીય સભાગૃહ સમક્ષ આંકડા આપે તો ખબર પડે કે આ રાજયની અંદર અધધધ કરોડો રૂપિયાના ટેકસ ચોરો છે જે એક યા બીજા પ્રકારે પોતાના કેસ ફરીથી આકારણી માટે ખુલ્લા કરાવે છે. તેના કારણે તેમનું કરભારણ છે તે નામશેષ થઇ જતું હોય છે. તેના કેટલાક ઉદાહરણો એટલા માટે આપું કે કચ્છની અંદર એક વખત કંડલા બંદરે કેરોસીન આયાત થયેલું અને તેના ઉપર ખૂબ મોટા પ્રમાણમાં આકારણી થયેલી. તેના ઉપર કરોડો રૂપિયાના બાકી પૈસા નીકળતા હતા. હમણાં જે લિસ્ટ આપ્યું તેમાં કોઇના નામ નથી. કચ્છની અંદર જે આકારણી છે તેના. તો પછી આ કેસોનું થયું શું. બીજું ગુજરાત સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝને ખતમ કરી નાંખનારા લોકો છે તેમના ઉપર કરોડો રૂપિયાની આકારણી થયેલી હતી. તે કરોડો રૂપિયાની આકારણી શા માટે વસૂલ થતી નથી?.

**સભાપતિશ્રીઃ** પ્લીઝ. ભગવાનભાઇ તમારા પક્ષના સભ્ય બોલે છે શાંતિ રાખો. પ્લીઝ ભરતભાઇ. નોટ એલાઉ. પ્લીઝ. હું ચિંતા કરું છું. તમે શું કામ ચિંતા કરો છો. હું અહીં બેઠો છું.

**શ્રી બાબુભાઇ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી મને હંમેશાં કહે છે કે તમે પણ નાણામંત્રી હતા. મેં તો એક વખત બજેટ રજૂ કર્યુ હતું. એક વખત બજેટ રજૂ કર્યુ હતું તેમાં સત્તર સ્લેબ હતા તેમાંથી ફકત છ સ્લેબ કર્યા હતા. અગિયાર સ્લેબ ઓછા કરી નાંખ્યા હતા. આ રિફોર્મને કારણે, આપણે ત્યાં નાણાપંચે રિફોર્મનું કહ્યું હતું, એશિયન ડેવલપમેન્ટ બેંકે પણ તેના રિફોર્મનું કહેલ હતું. એટલા માટે થઇને અમે ટર્ન ઓવર ટેકસ કાઢી નાંખ્યો હતો. જેથી કરીને તેમાં પારદર્શકતા આવે. આ ટેકસ જયારે ઓછો કર્યો હતો તેનું પ્રમાણ તમે જુઓ તો તે જમાનાની અંદર પાંચસો, સાતસો, હજાર કરોડ રૂપિયાનું હતું. આ વખતે તેના પછી આટલા વર્ષો પછી તમે ૨૦૦ કરોડ રૂપિયા ઓછા કરવાનો જશ લો અને તે નકુચા અને સાંકળ ઉપર ઓછો કર્યો તેના બદલે મારી વિનંતી છે કે આપ લાકડા ઉપરનો ટેકસ છે તે ઓછો કરો. અમારા વખતે અમે ૧૪માંથી ૮ ટકા કર્યો હતો. અત્યારે પાછો ૧૫ ટકા થઇ ગયો છે. વીટ્રીફાઇડ ટાઇલ્સ માનનીય સૌરભભાઇએ એક વખત કહેલું કે આ વીટ્રીફાઇડ ટાઇલ્સો શ્રીમંતો વાપરે છે. મેં મોરબીના ધારાસભ્ય કાન્તીભાઇને પૂછયું તો તેમણે કહ્યું કે અમારે ત્યાં તો દેવીપૂજકો તેના કૂબામાં આ ટાઇલ્સ લગાડે છે. વીટ્રીફાઇડ ટાઇલ્સ અહીં કૂબામાં લગાડતા લોકો હોય તો તેનું વેચાણ શા માટે નથી થતું ગુજરાતમાં? ૮૫ ટકા ઉત્પાદન બહાર જાય અને તેમાં માત્ર બે ટકા ટેકસ આવે છે. અત્યારે ૧૫ ટકા લો છો તેની જગ્યાએ પાંચ ટકા કરવામાં આવે તેવી વર્ષોથી માગણી કરું છું તો ગુજરાતનો જે વીટ્રીફાઇડ ઉદ્યોગ છે તેનો ઉપયોગ થાય, ઉત્પાદનનો ઉપયોગ છે તે ગુજરાતના લોકો સારી રીતે કરી શકે. અત્યારે વીટ્રીફાઇડ ટાઇલ્સના ઉત્પાદનમાં ૮૫ ટકા બીજા રાજયોમાં જતી હોય એ માનવામાં આવે ખરું? અને આ વાસ્તવિક વાત જે છે એ માનનીય નાણા મંત્રીશ્રી સમજતા નથી અને એમ કહે કે, તમને લાકડાવાળાઓને, વીટ્રીફાઇડ ટાઇલ્સવાળાઓને કાંખમાં લઇને ફરો છો, માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યો કે પ્રજાના પ્રતિનિધિઓ એ કોઇ કાંખમાં લઇને ફરી નહીં, પણ એની પાસે રજૂઆત આવે તો એની ફરજ ટપાલી બનીને આ નાણા મંત્રીશ્રી સમક્ષ, સરકાર સમક્ષ રજૂ કરવાની ફરજ બની જાય છે એ રીતે મેં વારંવાર આ રજૂઆતો હંમેશાં કરેલી છે એટલે એનો પણ આજે જવાબની અંદર એ ટેકસ ઓછો ભારણ કરે, અને ટેકસ આપણે ઓછો કરીએ એટલે એની આવક વધતી હોય છે, ૧૯૯૭ના બજેટમાં આપણે અલંગના શીપ બ્રેકિંગ યાર્ડ ઉપરનો ટેકસ ઓછો

કરેલો હતો એટલે એની આવકો વધી, લાકડા ઉપરનો ટેક્સ ઓછો કર્યો તો એની આવકો વધી, અત્યારે ૧૫ ટકાનું એ ભારણ જે છે એના ઉપરની આવકો તો તમે જુઓ, ત્યાં ઇમ્પોર્ટ કેટલો માલ થાય છે અને એમાંથી કેટલો માલ જાંગડ કે બ્રાન્ચ ટ્રાન્સફરથી જાય છે. એનું તમે માપ કાઢો, તો આ રાજયની અંદર આજે ટેક્સ ભરનારાઓ જે છે ને એ ઊંચા ભારણને કારણે એ જે બીજા બધા રસ્તાઓ છે, અને હવે તો વેટ આવતાં એક સરખા ધોરણો બધે ઠેકાણે આવતા હોય, માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે એ કહેવાનું છે કે, નાણાં મંત્રી ઘણી વખત જે વારી જતા હોય છે, કેટલાક લોકોએ એ ટેક્સ વસૂલ કર્યો હોય deferred payment tax વસૂલ કર્યો હોય અને ૨૦૦૬ની અંદર એમણે એ જે ટેક્સ એમની પાસે જે છે એ એમની પાસે જ રાખવાનું કહ્યું હતું. તમારે વસૂલ કરવાનો પણ રાજયમાં ભરવાનો નથી એવી એક એમના તરફથી જાહેરાત કરવામાં આવેલી છે એને કારણે રાજયની તિજોરીને કેટલા હજાર કરોડ રૂપિયાનું નુકશાન થયું એનો એ આંક કાઢે તો ખબર પડે કારણ કે વપરાશકારો- ખરીદનારાઓ ટેક્સ ભરે અને રાજયની તિજોરીમાં ન આવે તો એને સદંતર ટેક્સ માફ કરી દોને, વેપારીઓને આ ફાયદો કે કારખાનાવાળાઓને આ ફાયદો કરાવવા પાછળનું કારણ શું છે? માનનીય અધ્યક્ષશ્રી, પોતાની માનીતી કંપનીઓ હોય એના માટેની ફાયદાની વાત કરતા હોય તો કચ્છમાં ભૂકંપ પછી જે કેન્દ્ર સરકારની ટેક્સ માફીની પોલીસી આવી એ હજુ વધુ લંબાય એવું અમે ઇચ્છીએ છીએ પણ એ લંબાવી નહીં ૨૦૦૫ના ડિસેમ્બરમાં પૂરી થઇ પણ રાજય સરકારે ૨૦૦૭ના પ્રોડકશનમાં આવે એ કારખાનાઓને માફ કરવા માટેની પોલીસી હોય હું એને માટેનો પ્રતિભાવ નથી આપતો, પણ આ ૨૦૦૭માં પ્રોડકશનની અંદર કોણ આવ્યા? એક માત્ર વેલ્સ્પન કંપનીની ચાર કંપની આવી અને એને ૨૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો. નાના વપરાશકારો કે નાના કારખાનાવાળાઓ જે છે, જે પાઇપલાઇનમાં છે અને એમને જો ફાયદો થતો હોય તો અમે વખાણ કરીએ, પણ માનનીય અધ્યક્ષશ્રી, જે આખા રાજયની આવકોને ગળી જતા હોય એવા જે અજગરો છે એ અજગરોને ફાયદો થાય એ પ્રકારનું બજેટ શા માટે કરવામાં આવે છે? અને એટલા માટે આ જે માગણીઓ છે એને અમે સમર્થન આપી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે રાજયની તિજોરીની પણ માગણીઓ આવેલી છે ત્યારે એની જે કાર્યદક્ષતા છે એ કાર્યદક્ષતાનો હંમેશાં હું સમર્થક રહયો છું કારણ કે રાજયનું નાણા ખાતું એ ઘરરખ્ખુ સ્ત્રી જેવું છે. એની આવકો ઓછી હોય તેમ છતાં એ રાજયના છેવાડાના માણસ સુધી ગ્રાન્ટ આપવાની બાબત હોય તો એ પહોંચાડવાની વ્યવસ્થા એ હંમેશાં કરતું હોય છે. તિજોરીની હિસાબની વહીવટની છે એને મારફતે આ હિસાબોનું જે ઓડિટ થવું જોઇએ અને એ ઓડિટની અંદરની કોઇ ખામીઓ હોય એને કારણે આજે કેટલાય વિભાગો જે છે એના પગાર થઇ શકતા નથી. ગાંધીનગરની સેકટર આઠની એક સમાજ કલ્યાણ વિભાગની સંસ્થા જે છે, હોસ્ટેલ છે એને ગયા મહિના સુધી ત્રણ મહિનાના પગાર મળી શકયા ન હતા, કારણ કે એની અંદરની ઓડિટની કોઇ ખામી હોય એને કારણે એ પેમેન્ટ થઇ શકયું નહીં. તો સમયસર ઓડિટ થાય એ જરૂરી છે, અને હવે તો આપણે ત્યાં ઓડિટર માટેની CAGમાંથી નાણા ખાતાના નિષ્ણાતની સેવા લેવાતી એના બદલે આપણા વિભાગમાં જે ઉપલબ્ધ હોય એ નાણાંના એક્ષ્પર્ટને આપણે દરેક વિભાગમાં મૂકી શકીએ છીએ જેને કારણે નવી માગણીઓ જે આવે એનું concurrence કરીને એનું સમયસર એનું ખર્ચ થાય એની અંદરની ઝડપ આવે આ માટે વ્યવસ્થા છે એટલા માટે થઇ આ બજેટની અંદર જે નવી બાબતો આવી હોય એ મોડામાં મોડી એપ્રિલમાં તો નહીં પણ જૂન સુધીમાં એનું ખર્ચ પડી જાય એનું concurrence થઇ જાય એની વ્યવસ્થા પણ કરવાની જરૂર છે. એવાં ઘણાં સૂચનો મેં ભૂતકાળમાં પણ કરેલાં છે, પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, એનો હકારાત્મક પ્રતિભાવ આપવાને બદલે હંમેશાં અમે જેમની સામેની ફરિયાદ કરીએ એ સાચા છે અને અમે જે વાત કહેલી છે એ વજૂદ વગરની છે એવો જવાબ મળે છે એને કારણે મને ખૂબ દુઃખ થાય છે. અમે આ રાજયની આવકો વધે એના માટેના સમર્થન કરનારાઓ છીએ, રાજયને નુકશાન થાય એવી કોઇ બાબતો અમે ચલાવી લેતા નથી. રાજયની તિજોરીને જે નુકશાન કરતા હોય ચમરબંધીઓને પણ ખુલ્લા પાડવામાં અમારી વિરોધ પક્ષની જે ફરજ છે એ ફરજ બજાવવામાં અમે ક્યાંય કસર રાખતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઇકોર્ટની અંદર કોઇ બાબત

હોય કે કોઇ પંચની અંદર બાબત હોય અને એટલા માટે આપણે ચર્ચા ન કરીએ. ગૌચરની જે જમીન છે એના ઉપર ૩૦ ટકા લેવા માટેની આ વાત હોય પણ એની કિંમત જ એટલી બધી ઓછી લઇએ કે રાજયની તિજોરીમાં પૈસા જમા ન આવે તો નવું ગૌચર તમે ક્યાંથી ડેવલપ કરો? નવા ગૌચર ડેવલપ કરવા માટે થઇને બજેટમાં જો કોઇ જોગવાઇ રાખી હોય તો માનનીય નાણામંત્રીશ્રી કહે. એટલા માટે નવા ગૌચર ડેવલપ કરવા માટેની કોઇ જોગવાઇ રાખી હોય તો નાણામંત્રીશ્રી એના માટેની કોઇ ખાસ જાહેરાત આજે કરવાના હોય તો એ કરે જેથી કરીને અમે આ મુંગા પશુઓને માટેની વાત છે, મુંગા પશુઓને માટેના પૈસા જે ચૂકવવાના છે એ પૈસા પાંજરાપોળોને હજુ સુધી ચૂકવાતા નથી. માનનીય કૃષિમંત્રીશ્રીને મેં વારંવાર કહ્યું છે પણ નાણાં ખાતા પાસેથી જો પૈસા મળે તો એ પૈસા આપવાની એમની તૈયારી છે. તો જે તે વિભાગોની ડિમાન્ડ્સ હોય એની સ્ક્રૂટીની કરીને વિભાગને પૈસા આપવામાં આવે તો અમે આ કરી શકીએ. હું આશા રાખું છું કે નાણામંત્રીશ્રી એમના જવાબ વખતે ટેક્સ રાહતો આપે અને એમનું આ છેલ્લું બજેટ છે, આ એમનું છેલ્લું બજેટ છે. ફરી ફરીને કહું છું આવતી વખતે એમનો વારો નથી આવવાનો, વજુભાઇનો વારો નથી આવવાનો એટલે જશનામી લેતા જાય અને રાજયની દબાયેલી–કચડાયેલી જે પ્રજા છે, એમની દુવાઓ લેતા જાવ દુવાઓ કામ આવશે. દવાઓ કામ નથી આવતી ત્યાં દુવા કામ આવે છે અને એટલા માટે માનનીય વજુભાઇએ એમના અગાઉના જે બજેટ છે ૧૭ બજેટમાં કોઇ રાહત  આપી નથી પણ સુબહ કા ભુલા શામ કો ઘર આતા હૈ. સાંજે જાગે તો એને જાગ્યા કહેવાય અને એટલે ૧૮માં બજેટમાં જશનામી લે એવી આપના મારફતે એમને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગની માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે ત્યારે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વેદોમાં પણ કહ્યું છે કે "ન રાજા, ન રાજયમ, ન દંડો, ન દંડીતા." પરંતુ એ તો વેદોની અને હું માનું છું કે સતયુગની વાત થઇ, આજના સમયમાં તો જે વ્યવસ્થા બનેલી છે એ વ્યવસ્થાની અંદર આપણે સારું કામ કઇ રીતે કરી શકીએ? એ માટે આજે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું. ભાવિલક્ષી નાણાકિય આયોજન અને ફાઇનાન્સીયલ ડિસિપ્લીનને કારણે છેલ્લા સાત વર્ષથી આ રાજય સરકારે સાધનોપાય પેશગી કે ઓવરડ્રાફટ એક પણ લેવો પડ્યો નથી. આ નાણાં વિભાગ એ તમામ વિભાગો માટે ગ્રોથ એન્જિન જેવું છે. નાણાં વિભાગના માધ્યમથી બાકીના અલગ અલગ વિભાગોને દિશા આપી શકાતી હોય છે. ૧૯૬૧–૬૨થી ૨૦૦૧–૨૦૦૨ સુધીમાં ચાર દાયકાનું આયોજન આ ગુજરાત રાજયનું ૫૫,૨૫૬ કરોડનું થયું હતું અને છેલ્લા એક દસકાની અંદર આ નાણાં વિભાગે આ રાજય સરકારનું બજેટ છે એ ૧,૭૫,૫૦૦ કરોડનું પૂર્ણ કરેલ છે. એટલે છેલ્લા ચાર દાયકાનું ૫૫,૨૫૬ કરોડ અને છેલ્લા એક દાયકાનું ૧,૭૫,૫૦૦ કરોડનું થયું. નાણાં વિભાગની કામગીરી એના ઉપરથી દેખાઇ આવે છે. આટલું મોટું કામ કરવા માટે જે માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા હોય ત્યારે આ વિધાનસભાનું ગૃહ સ્વાભાવિક રીતે સમગ્ર રીતે એક બની અને એને સમર્થન કરીએ. ગુજરાત એ દેશનું ડેવલપમેન્ટ માટેનું ગ્રોથ એન્જિન બન્યું છે. દેશનો વિકાસદર જે હોય તે પરંતુ અત્યારે ગુજરાતના વિકાસદરના કારણે આખા દેશનો વિકાસદર અપ થઇ રહ્યો છે. ખાસ કરીને જોઇએ તો ગત વર્ષમાં ૨૦૧૦–૧૧ની અંદર ૧૦.૨૩ ટકા ગ્રોથરેટ હતો અને આ વખતે પણ ૧૧.૫૮ ટકા ગ્રોથરેટ આ રાજયએ હાંસલ કર્યો છે. એટલે ડેવલપમેન્ટ માટેના જે પ્રયાસો બાકી જગ્યાએ ડેવલપ કન્ટ્રીની અંદર હોય એજ પ્રમાણે આપણે ત્યાં થઇ રહ્યા છે. બીજું સૌથી અગત્યનો વિષય એ છે કે, નાણાં વિભાગની સજાગતા, રાજય સરકારની નવી નીતિઓના કારણે ગ્રોથરેટ સ્ટેબલ થઇ રહ્યો છે. કદાચ અફઘાનીસ્તાન જેવા દેશની અંદર કોઇ એકાદ વખતે સારો વરસાદ પડે અને એગ્રીકલ્ચરલ પ્રોડક્ટસ સારા પ્રમાણમાં વધે અને ખાસ કરીને ત્યાં બદામ કે એવા ક્રોપની અંદર ત્યાં આગળ વધારે પ્રોડક્શન થાય તો એક વર્ષ માટે કહીએ કે ૧૨ ટકા કે ૧૪ ટકા ગ્રોથ રેટ બની જતો હોય છે. પરંતુ આપણા દેશની અંદર સ્ટેબલ ગ્રોથ રેટ રાખવા માટેના પ્રયાસો આખા હિન્દુસ્તાની અંદર આપણા રાજયએ કર્યા છે, આપણા ગુજરાત રાજયએ કર્યો છે અને એટલા માટે કરીને નાણાં વિભાગ માટે

નાણામંત્રીશ્રી જ્યારે માગણી લઇને આવેલ છે ત્યારે મહત્વના આ કામો છે જેની અંદર આપણે પૂરક થઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાં જે કર્મચારીઓની ભરતી થઇ, માગણી નંબર ૧૮ની અંદર જે વિષય આવ્યો છે ત્યારે, ૧૨૫૪૮ જેટલા કર્મચારીઓ નિવૃત્ત થાય છે અને આટલા મોટા પ્રમાણની અંદર જ્યારે કર્મચારીઓ નિવૃત્ત થતાં હોય ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં પણ પૂરક થઇએ અને નિવૃત્ત થતાં કર્મચારીઓ માટે ૬૨૫૭ કરોડ રૂપિયા રાજય સરકારે આપવા પડશે, તો નવા લોકોની ભરતીનો પણ વિષય હોય અને જુના જે હાલ નિવૃત્ત થાય છે એના અનુસંધાને પણ આપણે વ્યવસ્થા કરવાની થાય છે. એટલે માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૧૮ લઇને આવ્યા છે તેમાં પણ મારો સૂર પુરાવું છું. નાણાં વિભાગની પાસે જે સૌથી મહત્વનું કામ રહેલું છે એ છે ઓડિટનું કામ અને એ ઓડિટનું કામ સૌથી અગત્યનું કામ છે, અલગ અલગ વિભાગો હોય કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હોય, તેના ડિટેઇલીંગ ઓડિટીંગનું કામ પણ આપણે ત્યાંથી થતું હોય છે ત્યારે ઓડિટ સમયસર થાય, ઝીણવટપૂર્વક થાય અને સમયસર એનું કામ પૂરું થાય એના માટે પણ રાજય સરકાર ખૂબ સરસ મજાનું કામ કરી રહી છે ત્યારે આ નાણાં વિભાગ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની અંદર વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન અને ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે એની અંદર ૩૭૨૮૩ જેટલા ઓડિટ માટેના જે મેમા આવ્યા હતા એને સોલ્વ કર્યા છે અને ગ્રામ પંચાયતના પણ ૯૧૯૭ જેટલા અહેવાલો એમણે તૈયાર કર્યા છે. કુલ ૪૬૪૮૨ જેટલા એટલે જરા વિચાર કરીએ, એક સંસ્થાની અંદર પણ જો કામ કરવું હોય તો બહુ અઘરો વિષય થતો હોય છે ત્યારે આટલા મોટા પ્રમાણની અંદર ઝીણવટપૂર્વક, પહેલા રેન્ડમલી થતું હતું અત્યારે એવરીઇચ-એક એક સંસ્થાને કેન્દ્ર સ્થાને રાખીને અને આપણે કામ કરવા જઇ રહ્યા છીએ ત્યારે લગભગ ૪૬૪૮૨ જેટલા માનવદિન ઓડિટની અંદર આપણે કામ કર્યું છે, તો આવનારા સમયની અંદર પણ આમાં હજી વધારે ઝીણવટપૂર્વક કામ કરી શકાય અને ઓડિટની કામગીરી હજી વધારે સારી કરી શકાય એ માટે પણ આ માગણીઓને હું સમર્થન કરું છું. સાથે સાથે એક અગત્યનો વિભાગ નાણાં વિભાગની સાથે જોડાયેલો છે તે છે તિજોરીનો, ટ્રેઝરીનો, ટ્રેઝરીની કામગીરી એક ખૂબ અગત્યનું કહેવાય એવું એકમ છે અને એ કામગીરી જેટલી સરસ હોય, જેટલી ઝડપી હોય, જેટલી પારદર્શક થતી હોય એટલી જ આગળ વધારે ડિપાર્ટમેન્ટોને હેરાનગતિ નથી થતી અને તેની કામગીરીની અંદર પણ પૂરક બનતું હોય છે. પહેલાના સમયની અંદર તો ક્યાંક ભાડાથી, ક્યાંક રેવન્યુ ડિપાર્ટમેન્ટની કોઇ ઓફિસ હોય તેની અંદર બેસીને ટ્રેઝરીની કામગીરી ચાલતી હતી, આ રાજય સરકારે ગત વર્ષની અંદર અને એના આગલા વર્ષમાં અને છેલ્લાં દસ વર્ષમાં જે ઇનિશિએટીવ લીધું તેના કારણે મોટાભાગની તાલુકા કક્ષાની પણ ટ્રેઝરીની ઓફિસ તૈયાર થઇ ગઇ છે. ગત વર્ષની અંદર અમારા જિલ્લાની અંદર રાધનપુર, પાટણ, હારીજ અને ખાસ કરીને ભાવનગરની અંદર શિહોર, કચ્છની અંદર માંડવી આ બધી જગ્યાએ જે મકાનો બનાવવાના હતા એની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. આ ચાલુ વર્ષે ભાવનગર, જુનાગઢ ખાતેના મકાનોની કામગીરી પણ ચાલી રહી છે ત્યારે એક ખૂબ સારી રીતે આ નાણાં વિભાગ કામ કરી રહ્યો છે, ગુજરાતને હિન્દુસ્તાનનું નહિ, એશિયાનું શ્રેષ્ઠ રાજય બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સૂરત શહેર(પશ્ચિમ) :** માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ કુલ ૫૨૪૪ કરોડ ૨૩ લાખ ૩૦ હજારની લઇને આવ્યા છે જે સને ૨૦૧૧-૧૨ના સુધારેલા અંદાજ કરતાં ૩૩૪ કરોડ ૭૦ લાખ ૧૮ હજારનો વધારો દર્શાવે છે જે ૬.૮૧ ટકાનો વધારો દર્શાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની કુલ માગણીઓ પૈકી માગણી ક્રમાંકઃ ૧૮માં રૂપિયા ૨૬૪,૦૦,૦૦,૦૦૦નો વધારો માંગવામાં આવ્યો છે. આમ જોતાં કુલ વધારાની માગણી રૂપિયા ૩૩૪,૭૦,૧૮,૦૦૦ ની સામે માગણી ક્રમાંકઃ૧૮નો વધારો ૭૮.૮૭ ટકા થવા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંકઃ ૧૮માં કર્મચારીઓના પેન્શનનું રૂપાંતર, ચોથા વર્ગના કર્મચારીઓના વીમા એલ.આઇ.સી.માટેનું પ્રિમિયમ. પેન્શનરો તથા તેમના કુટુંબીજનોનું તબીબી ખર્ચ, મનીઓર્ડર ખર્ચ વધારાનો સમાવેશ કરવામાં આવેલ છે. માગણી ક્રમાંકઃ૧૮ના તમામ ખર્ચાઓ નાણા

વિભાગના કર્મચારીઓ પ્રત્યેની સરકારની કમિટેડ L i a b i l i t i e s છે. જે સમયસર નિભાવવા આ જોગવાઇ કરવી અત્યંત જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અને આથી જ ક્રમાંકઃ૧૮નો હિસ્સો જે ૭૮.૮૭ ટકા થતો હોય તો તેને હું અનુમોદન આપું છું. સને ૨૦૦૯–૧૦માં ૧૮,૧૯૮.૭૬ કરોડની સામે ૨૦૧૦–૧૧માં રૂપિયા ૬૬૯૬.૯૭ કરોડની વધારાની વસૂલાત કરી ૩૬.૭૮ ટકાનો વેરા વસૂલાતની સિધ્ધિ હાંસલ કરી છે. તે જ પ્રમાણે સને ૨૦૧૦–૧૧ કરતાં સને ૨૦૧૧–૧૨માં રૂપિયા ૪૧૦૬.૫૫ કરોડનો વધારો સૂચવીને ૧૬.૫૦ ટકા સિધ્ધ કરવાનો અંદાજ કરવામાં આવ્યો છે. સને ૨૦૧૨–૧૩ના વેટનો રૂપિયા ૩૭,૫૦૦ કરોડ અંદાજ મૂકવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૦–૧૧ ની વસુલી થયેલ વેટ કરતા ૫૦.૬૪ ટકાનો વધારો સૂચવી અને સને ૨૦૧૧–૧૨ના વેટ વસૂલાતના અંદાજ કરતાં ૨૯.૩૧ ટકા વેરા વસુલીનો અંદાજ મૂકી, નાણા વિભાગ અભિનંદનને પાત્ર છે. નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૨–૧૩ની કુલ ટેકસની આવક રૂપિયા ૫૧,૨૩૧.૨૧ કરોડ વસૂલ થવાનો અંદાજ મૂકયો છે તેની સામે માગણી –૧૬ના સદર ૨૦૪૦ હેઠળ કર વસુલી ખર્ચ રૂપિયા ૨૧૦.૩૨ કરોડનું ફકત અને ફકત ૦.૪૧ ટકા હોય જે અત્યંત કરકસરયુકત હોય નાણાં વિભાગ પ્રસંશાને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ તેની વિવિધ કામગીરી અત્યંત કરકસરયુકત, વ્યવસાયિક રીતે અને પૂર્ણ ક્ષમતાપૂર્વક કરી રહ્યો છે ત્યારે તે પૈકીની કેટલીકનો ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું. આ સન્માનીય સભાગૃહ સમક્ષ વારંવાર દેવાની ચર્ચા કરવામાં આવે છે. મારે રાજયના દેવા સાથે દેવાની નિભાવ ક્ષમતા D e b t S u s t a i n a b i l i t y ની વાત કરવી છે. રાજય સરકારે જાહેર દેવું હંમેશા વિવેકપૂર્ણ સમય મર્યાદામાં અને નિભાવ ક્ષમતામાં રહે એવો મકકમતાપૂર્વક નિર્ણય કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૪–૦૫ના નાણાકિય વર્ષ દરમિયાન કુલ જાહેર દેવાની જવાબદારીઓ ઉપર ભારિત વ્યાજ (સરેરાશ) ૧૦.૭૯ ટકા હતું જે માર્ચ–૨૦૧૧ના અંતે કુલ રૂપિયા ૧,૧૦,૮૭૩ કરોડના જાહેર દેવા સામે સરેરાશ ભારિત વ્યાજ ૮.૭૪ ટકા થયું છે. નાણા વિભાગના દેવા વ્યવસ્થાપનના કારણે આ શકય બન્યું છે. રાજય સરકાર પર " વિત્તિયવિવેક " જાળવવાના કારણે S u s t a i n a b i l i t y R a t i o જેવાં કે દેવા સામે એકંદર ઘરગથ્થુ ઉત્પાદનની ટકાવારી અને વ્યાજની ચૂકવણી સામે મહેસુલી આવકની વધુ સારી રીતે જાળવી શકાય છે. સૌ પ્રથમ દેવા સામે એકંદર ઘરગથ્થુ ઉત્પાદનની ટકાવારીની વાત કરું તો ૨૦૦૫–૦૬માં જે ૨૭.૫૬ હતો તે સને ૨૦૧૧–૧૨માં ૨૧.૦૭ ટકા થયો છે. જે નાણા વિભાગના દેવાં વ્યવસ્થાપનના કારણે સિધ્ધ થયું છે. તે જ રીતે દ્વિતીય દેવાં નિભાવક્ષમતાની મહેસુલી આવકની ટકાવારી તરીકે વ્યાજની ચૂકવણીની વાત કરું તો, સને ૨૦૦૪–૦૫માં ૨૬.૮૨ ટકા ઘટીને સને ૨૦૧૦–૧૧માં ૧૬.૩૫ ટકા અને સને ૨૦૧૧–૧૨ના સુધારેલા અંદાજ પ્રમાણે ૧૫.૮૧ ટકા થવા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ દેવાની નિભાવક્ષમતા જે સને ૨૦૧૪–૧૫ના વર્ષ દરમિયાનનો માપદંડ નક્કી કરવામાં આવ્યો છે તે ૨૭.૧ અને ૨૦ ટકા નક્કી કરવામાં આવ્યો છે. તે અનુક્રમે ૨૧.૦૭ અને ૧૫.૮૧ ટકાનો હોય નક્કી કરેલ માપદંડની મર્યાદામાં છે અને આથી એ મર્યાદા કરતાં ઘણો ઓછો છે. કેન્દ્ર સરકારના નાણા મંત્રાલય દ્વારા રાજવિત્તિય સુધારણા મૂલ્યાંકનો અન્વયે દેવાની નિભાવ ક્ષમતાનાં મૂલ્યાંકન માટે મહેસૂલી આવકની સામે જાહેર દેવાનો ગુણોત્તરનો માપદંડ ત્રણની ઉપર ન જાય તે નક્કી કર્યુ છે. (સમય–સૂચક ઘંટડી ) સાહેબ, બે મિનિટ વધારે આપો.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો પ્લીઝ.

શ્રી કિશોર વાંકાવાલા : જો ત્રણ કરતાં વધુ જાય તો નિભાવક્ષમ નથી એવું કેન્દ્ર સરકારે નક્કી કર્યુ છે. મને ગૃહને જણાવતાં ગૌરવ થાય છે કે, ગુજરાત રાજય આ પરિપ્રેક્ષ્યમાં આવે છે અને તેઓ જાહેર દેવાનો ગુણોત્તર ૨.૮૬ ટકા, ૨૦૦૪–૦૫માં ૨.૮૬ ટકા હતો તે આજે બે (૨)નો થવા જાય છે. નાણા વિભાગની

નાણાકિય શિસ્તનું આ ઉમદા ઉદાહરણ છે. આમ રજૂ કરવામાં આવેલ ત્રણેય દેવાની નિભાવ ક્ષમતા ગુણોત્તર, ગુજરાત રાજયની દેવાની મજબૂત નિભાવ ક્ષમતા અને દેવા બાબતની જાગૃતતા ચરિતાર્થ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બારમા નાણા પંચે રાજય સરકારો માટે દેવા એકત્રીકરણ અને રાહત સુવિધા હેઠળ કેન્દ્ર સરકારની લોનનો..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે, પ્લીઝ. માનનીય અર્જુનભાઇ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. રાજયનો નાણા વિભાગ છે, એ જેટલો સક્ષમ, જેટલો કાર્યક્ષમ, એટલી આપણી આવક વધે અને જેવી નાણાની સારી નીતિ, એવી જ પ્રજા કલ્યાણની આપણે નીતિ ઉભી કરી શકીએ એમ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ આ ૧૮મી વખત બજેટ રજૂ કર્યુ છે. નાણામંત્રીશ્રી કેટલા પ્રગતિશીલ છે, એ આ રાજય સરકાર ઉપર કેટલો નાણાકિય બોજો વધાર્યો છે, એના ઉપરથી પ્રતીતિ થઇ શકે છે. કોંગ્રેસના રાજમાં એમ કહેવાતું હતું કે ઓવરડ્રાફટ લેવાય છે. ઓવરડ્રાફટ એટલે બે મહિના, મહિના પૂરતું થોડુ ઘણું પૈસા લેવાની જરૂરત પડે તો એને ઓવરડ્રાફટ કહેવાય, અને જે કાયમી કરજ થતું હોય એ ઓવરડ્રાફટમાં સમાવેશ થાય નહીં. હવે રાજય સરકારે ઓવરડ્રાફટ લેવાનું બંધ કર્યુ, પરંતુ લાંબા ગાળા માટે નાણા લેવાની શરૂઆત કરી. અને પહેલા જે કરજ આપણું ઝીરો હતું, કોંગ્રેસના શાસનમાં, એની જગ્યાએ આજે આખા હિન્દુસ્તાનની અંદર સૌથી વધારેમાં વધારે કરજવાન રાજય આ નાણામંત્રીશ્રીના રાજમાં થયું છે. ૧ લાખ અને ૨૬ હજાર કરોડ રૂપિયાનું કરજ, આવતા નાણાકિય વર્ષની અંદર ૧ લાખ અને ૩૯ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચશે એવું આ નાણામંત્રીશ્રીએ એમના બજેટમાં જ દર્શાવેલું છે. એટલે એ કેટલું કાર્યક્ષમ છે એ આપણે જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આવકો તો રાજયની વધે જ છે. જયારે વેટ દાખલ થયું એ વખતે ૨૦૦૬-૦૭માં આપણે ૯૫૧૧ કરોડ રૂપિયાની વેટની આવક હતી, એ આજે ૨૫૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી છે. અને છતાં આપણે કરજ લેવું પડે છે. સ્ટેમ્પ ડયૂટીની આવક વધી છે. વીજ કરની આવક વધી છે. બીજા બધાની આવકો વધી છે. છતાં આપણા નાણા કઇ જગ્યાએ જાય છે? થોડો ઘણો, માનનીય મંત્રીશ્રીએ ૨૦૦ કરોડ રૂપિયાની રાહત આ વખતે વેટમાં આપી. માનનીય બાબુભાઇએ સાચી વાત કરી કે સાડી ઉપર નહીં, બકલ ઉપર આપી. કોઇ જગ્યાએ ચાંલ્લા ઉપર આપી. પણ જયાં જરૂરિયાત હતી, ત્યાં રાહતો આપવામાં માનનીય નાણામંત્રીશ્રી આંખ બંધ કરી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, લાકડું, પ્લાયવુડ એના અત્યારે સાડાબાર ટકા વેટ લેવાય છે. ચાર ટકા કરવાની માગણી હતી. કારણ કે લાકડું અને પ્લાયવુડ છે એ સામાન્ય મકાન બાંધકામ કરનાર લોકો વાપરે છે. જેથી ઘર સસ્તું થાય. અને બીજા રાજયો છે, હરિયાણા, બંગાળ, દિલ્હી, ઉત્તરાંચલ. આ બધી જ જગ્યાએ ૪ ટકા કર્યુ છે, પણ આપણે ન કરી શકયા. ડિટરજન્ટ અને કેક પાવડર છે, એને માત્ર એન્ટ્રીની અંદર વ્યાખ્યા ન આપવાને કારણે એનો ૮ ટકા કર લાગવો જોઇએ એની જગ્યાએ સાડાબાર ટકા લાગે છે. ઓટોમોબાઇલ સ્પેરપાર્ટસ, એના ઉપર પહેલા ૮ ટકા લેવાતો હતો, જયારે સેલ્સટેકસ હતો ત્યારે. અત્યારે સાડાબાર ટકા લેવાય છે. એમાં ઘટાડીને ૪ ટકા કર્યુ હોત તો સામાન્ય મધ્યમ વર્ગને એનાથી ફાયદો થયો હોત. મકાન બાંધકામમાં અને બીજી ઉપયોગી વસ્તુમાં જે બીજી જે વપરાતી આઇટમ છે, એ બ્રાસ હાર્ડવેર છે અને બ્રાસ સેનેટરી પાર્ટસ છે. એનો ભાવ ઘટે તો સામાન્ય લોકોને મકાન બાંધકામ કરવામાં અને બીજામાં ઉપયોગી થાય. સાડાબાર ટકા વેટ છે, એનો ૪ ટકા કરવો જોઇતો હતો એ કરી શકયા નહીં. આપણે બધા એમ કહે છે કે પીવાનું પાણી શુધ્ધ હોવું જોઇએ અને મધ્યમ વર્ગના લોકો અને બીજી જગ્યાએ મીનરલ વોટરમાં સાડાબાર ટકા વેટ લેવાય છે એ ૪ ટકા કરી શકયા હોત, પણ કરી શકયા નહીં. નકશા, ચાર્ટસ અને ગ્લોબ. આ વસ્તુઓ વિદ્યાર્થીઓ વાપરે છે. બીજા રાજયોની અંદર આ બધા ઉપર કોઇ વેટ લેવાતો નથી. પરંતુ આપણે ત્યાં વેટ લેવાય છે. મેડીકલ ઇકવીપમેન્ટ ડીવાઇસીસ અને ઓપ્થોલ્મીક ઇકવીપમેન્ટ ઉપર સાડા બાર ટકા વેટ છે તે ચાર ટકા કરવા જોઇએ. બીજા ઘણાં રાજયોમાં એવું છે કે જંતુનાશક દવાઓ અને

રાસાયણિક ખાતરો ઉપર વેરો લેવામાં આવતો નથી. મોટા ભાગના રાજ્યોમાં નથી લેવામાં આવતો, આપણે ત્યાં આ સરકાર પાંચ ટકા વેરો રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ ઉપર લે છે. અને તેને કારણે ખેડૂતોને ખેતી મોંઘી પડે છે. એ જ રીતે પેઇન્ટ્સ પણ સામાન્ય લોકો વાપરે છે, આપણા ઘણાં નાના નાના યુનિટો પેઇન્ટ્સનું ઉત્પાદન કરે છે. તેના ઉપર આપણે ૧૫ ટકા વેટ લઇએ છીએ. પરંતુ બહારના રાજ્યોમાંથી આ પેઇન્ટ મંગાવીએ તો બે ટકા સી.એસ.ટી. ભરીને લઇ આવે એટલે આપણા નાના યુનિટોને નુકશાન જાય છે. અને સામાન્ય વપરાશકારને પણ નુકશાન જાય છે. એ જ રીતે પેટ્રોલ અને ડીઝલ આખા ભારતમાં સૌથી મોંઘુ ગુજરાતમાં વેંચાય છે. આપણે ત્યાં પેટ્રોલ ઉપર ૨૩ ટકા વેટ અને ૩ ટકા સરચાર્જ અને ડીઝલ ઉપર ૨૧ ટકા વેટ અને ૨ ટકા સરચાર્જ આ રીતે પેટ્રોલ ઉપર ૨૬ ટકા અને ડીઝલ ઉપર ૨૩ ટકા વેટ લેવાય છે. આપણા પડોશી રાજ્યો મહારાષ્ટ્ર અને રાજસ્થાન કરતાં ૧ રૂપિયો અને ૭૦ પૈસા વધારે ડીઝલ ઉપર ચૂકવવા પડે છે અને તેને કારણે આપણા બોર્ડર ઉપરનો જે વેપાર છે પેટ્રોલ પંપનો તે બધો બાજુમાં ચાલ્યો જાય છે. અને આંતર રાજ્ય ટ્રક ચાલે છે એ બધા પેટ્રોલ અને ડીઝલ આપણે ત્યાં પૂરાવવાને બદલે પડોશી રાજ્યોમાં પુરાવે છે. અને આખરે નુકશાન જાય છે. પણ માનનીય બાબુભાઇએ વાત કરી તે પ્રમાણે આપણે તેમાં હિંમત કરી શકતા નથી. માનનીય મંત્રીશ્રીએ આજે વાત કરી કે અમે થોડી ઘણી રાહત આપી છે ૨૦૦૬ થી શરૂ કરીને જે હતું એમાં થોડીક જે અગાઉનું વ્યાજ માફી કે બીજું કંઇ લઇ આવ્યા છે તે કહ્યું. પણ જયારે માનનીય મંત્રીશ્રીએ ૨ ટકા ઇનપુટ ક્રેડીટ ઘટાડવાનો નિર્ણય કર્યો હતો તે વખતે એમણે કહ્યું હતું કે જયારે સેન્ટ્રલ ગવર્નમેન્ટ એનો નિર્ણય કરશે તે વખતે આપણે એ ઇનપુટ ક્રેડીટ ઘટાડેલી છે તે પાછી સરખી કરી દઇશું, હવે ભારત સરકારે ડીસીઝન પણ લઇ લીધું અને તેનું પાર્ટ પેમેન્ટ પણ કરી દીધું તો આ ઇનપુટ ક્રેડીટ આંતર રાજ્ય વેપારમાં ઘટાડેલી છે તે ફરી પાછી આપવી જોઇએ. પણ તે નાના વેપારીઓને અપાતી નથી. વાત એમ છે કે નાના નાના વેપારીઓને જે આ તંત્રની અંદર ભ્રષ્ટાચાર ઘૂસેલો છે તેને કારણે સખત હેરાનગતિ થાય છે. પણ મોટા યુનિટો છે એ સીધા એક નંબરના બ્લોકમાં આવી અને રાહતો મેળવી જાય છે. એક એક યુનિટને પાંચ પાંચ હજાર થી શરૂ કરી અને ૯ હજાર કરોડની રાહત આ વેટની અંદર આપવામાં આવી છે. જો આ બધાને આપવું હોય તો એક હજાર કરોડથી વધારે ન થાય.

શ્રી વજુભાઇ રૂ. વાળા : અમે કોઇને રાહતો આપી નથી. ૯ હજાર કરોડની રાહત છે તેવી કોઇને રાહત અમે આપી નથી. આ સદંતર ખોટું છે. જો વિગતો હોય તો આપે, અમે કોઇને રાહત આપી નથી. આપી હોય તો વાત કરે અમે કોઇને નથી આપી કોર્ટે ડીસીઝન આપેલ હોય તો વાત જુદી છે. અને કોર્ટે પણ ડીસીઝન નથી આપ્યું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય મંત્રીશ્રી કહેતા હોય તો હું રેકોર્ડ ઉપર મુકવા તૈયાર છું. આ સરકારે ૮૨૦૦ કરોડ રૂપિયા એસ્સાર પાસેથી નહોતા વસૂલ્યા, અને કોર્ટના કહેવાથી વસૂલ્યા તેવો જવાબ વિધાનસભામાં મને આપેલો છે. (અંતરાય) (ઘોંઘાટ)

શ્રી વજુભાઇ રૂ. વાળા : જો અમે રાહત આપી હોય, અમારો ઠરાવ હોય તો બોલે એમાં વાંધો નહીં, પણ અમે કોઇને રાહત આપી નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયાઃ આપે આટલી રાહતો આપી છે મારી પાસે રેકોર્ડ ઉપર છે, હું મૂકવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી : આપ રેકોર્ડ ઉપર મૂકવાના છો?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયાઃ હા, હું મુકવાનો છું, આપનો નિર્ણય છે....

અધ્યક્ષશ્રી : કોર્ટની કોઇ મેટર હોય તો ન મૂકી શકાય, સરકાર દ્વારા કોઇ રાહત હોય તો કહો. કોર્ટ આધારિત નહીં મૂકી શકાય. પ્લીઝ. અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, કોર્ટની કોઇ મેટર હોય તો એ આપણે નહિ મૂકી શકીએ, સરકારની કોઇ રાહત હોય એ મૂકજો, કોર્ટ આધારિત નહિ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : અમારી કોઇ એક વાત હોય તો એ મૂકો.

અધ્યક્ષશ્રી : કોર્ટે કંઇ કહ્યું હોય એ ન ચાલે. કોર્ટ સિવાયના પૂરાવા હોય તો મૂકજો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : ટાટાને ૯૫૭૦ કરોડની રાહત અપાઇ છે.

અધ્યક્ષશ્રી : કોર્ટ સિવાયની કોઇ રાહતો સરકારે કોઇને આપી હોય તો એ રેકોર્ડ ઉપર મૂકજો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું રેકર્ડ ઉપર મૂકીશ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : અત્યારે બોલો છો પછી જવાબ સાંભળવા બેસજો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, માનનીય મંત્રીશ્રીની લાગણી છે કે આપણે જવાબ સાંભળવા બેસીશું, માનનીય બાબુભાઇ, પ્લીઝ, ઇકબાલભાઇ, પ્લીઝ, માનનીય વજુભાઇએ વાત કરી, એમણે જે સભ્યો હાજર રહેતા નથી અને ચર્ચાઓ કરી છે આપણા ધ્યાને ઘણી બધી બાબતો આવી છે.એટલે જે સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લે છે એને મારી નમ્ર વિનંતી છે કે મંત્રીશ્રીનો જવાબ આપણે સાંભળવો જોઇએ અને કેટલાક સભ્યો મારી પાસે રજા લઇને પણ જાય છે. હાજર રહે એવો આગ્રહ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આપની નહિ માનનીય મંત્રીશ્રીની પણ મેં ઘણીવાર રજા લીધેલી છે. મેં વિનંતી કરેલી છે. જે જે મંત્રીશ્રીઓના જવાબ વખતે હાજર ન હોય એને માટે. હું ફરી વખત કહું છું કે એક જ કંપનીને ૯૫૭૦ કરોડ રૂપિયાની રાહત આપી છે. (સમય સૂચક ઘંટડી) એકજ મિનિટ, મારી પાસે જે ફિગર છે સરકારે મને આપેલા છે એમાં ૧ કરોડ કરતાં જેનો કર બાકી હોય એવા જે યુનિટો છે એમાં ૧૬૫૨૭ કરોડ રૂપિયાની તો વસૂલાત બાકી છે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : ૯૫૦૦ કરોડની રાહત આપી છે એવું માનનીય સભ્યશ્રીએ કહ્યું તો એનો ઠરાવ અથવા સરકારનો ઓર્ડર રેકોર્ડ ઉપર મૂકે. એમણે કહ્યું કે હું રેકોર્ડ ઉપર મૂકીશ. પહેલા એમણે એ કરવું જોઇએ. અત્યારે બોલે છે કે ૯૫૦૦ કરોડ રૂપિયા માફ આપ્યા છે. બાકી વસૂલાત જુદી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય વજુભાઇ, આપ સાંભળો, ૧૬૫૨૭ કરોડ રૂપિયાની વસૂલાત આ સરકારની બાકી છે. કેટલું કાર્યક્ષમ ચાલે છે એ હું કહેવા માગું છું. એક કરોડ રૂપિયા કરતાં વધારે બાકી છે એની વાત માનનીય વજુભાઇ હું કરુ છું. અને જેને આપે ૦.૧ ટકા લેખે એની પાસે રાખવાનું કહ્યું છે કે ૨૦ વર્ષ સુધી ૦.૧ ટકા વ્યાજથી આપ રાખી શકો એવા એક યુનિટને ૯૫૭૦ કરોડ રૂપિયાની લોન આપે આપી છે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ નાણા ખાતાની વાત જ નથી. એ ઇન્ડસ્ટ્રીયલ પોલિસીની વાત કરે છે. કોને કેટલી આપવી એ નક્કી કરે છે. અમે વસૂલ કરનાર છીએ. આમાં નાણા વિભાગની વાત જ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, વિષયાંતર ન થાય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું ટેકસ કલેકશનની વાત કરું છું. જો આપણે ટેકસ ઉઘરાવીએ તો નાના નાના વેપારીઓને ત્યાં જઇને ઢોલ વગાડીએ અને મોટાને હાર પહેરાવીએ એ ચલાવી ન શકાય. ત્યાં જઇને ઢોલ વગાડીએ. ગઇકાલે અમદાવાદમાં ૨૮૦૦ જેટલા યુનિટો બંધ કરી દીધા તો આવા લોકોને ત્યાં જઇને ઢોલ શું કામ નથી વગાડતા.?

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, અન્ય સભ્યશ્રીઓ માટે ટાઇમ નથી. આપણે બીજા વિષય ઉપર ન જઇએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે નાના વેપારીઓ ઉપર અને વાપરનાર ઉપર થોડી દયા રાખે અને મોટા લોકોને હાર પહેરાવવાનું બંધ કરે અને એની પાસેથી ટેકસ વસૂલે એવી આપની મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી નં. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું. ભારત સંઘના કોઇ પણ રાજયના નાણામંત્રીએ રજૂ ન કર્યા હોય તેટલા, એટલે કે ૧૮-૧૮ જેટલા અંદાજપત્ર રજૂ કરનાર નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા પોતાના જ વિભાગની માગણી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદીના સ્વપ્નદષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીના સ્વપ્નો સાકાર કરવા નાણામંત્રીશ્રીએ કમર કસી છે તેમ સમગ્ર અંદાજપત્રનો અભ્યાસ કરતા જણાય છે. આપણું રાજય ડેવલપ સ્ટેટ છે અને ડેવલપ સ્ટેટ હોય એટલે સામાન્ય રીતે દેવા-કરવેરા, એની ડિમાન્ડ રહેતી જ હોય છે. આપણી જે મહેસૂલી આવક છે અને કરવેરાની આવક છે તેની વાત કરવા હું અહીં ઉભો થયો છું. નાણાં વિભાગ દ્વારા સુદ્રઢ અર્થ વ્યવસ્થાપન નીતિના કારણે જે મહેસૂલી આવક ૨૦૧૦-૧૧માં ૫૨,૩૬૪ કરોડની થઇ હતી તે ૨૦૧૧-૧૨માં ૬૨,૨૯૨ કરોડ થશે તેમ સુધારેલા અંદાજ જોતાં જણાય છે. ૨૦૧૨-૧૩માં ૭૫,૯૦૩ કરોડ હશે એમ અંદાજ છે. જેમાં રાજયના કરવેરાની આવક ૨૦૧૦-૧૧માં ૩૬,૩૩૯ કરોડની હતી તે ૨૦૧૧-૧૨માં ૪૧,૪૯૯ કરોડની થશે એવો સુધારેલો અંદાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષે ૫૧,૨૩૧ કરોડની આપણી કરવેરાની આવકનો અંદાજ છે. નવા કરવેરા નાંખવાને બદલે કરવેરાનો વ્યાપ વધારવા માનનીય નાણામંત્રીશ્રીએ કમર કસી છે અને તેમના પ્રયત્નોથી દેખાઇ આવે છે કે જાહેર દેવા સામે જી.એસ.ડી.પી.ના ગુણોત્તરની સતત ઘટતી જતી સપાટી દર્શાવે છે કે કરજનો ઉપયોગ પ્રાથમિક રીતે રાજયની આર્થિક વૃદ્ધિને ઉત્તેજન આપવા થઇ રહ્યો છે. રાજય દ્વારા આવેલી નાણાં વ્યવસ્થાનો બજાર તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૨૦૧૧-૧૨ના સુધારેલા અંદાજો જોતાં અંદાજ ખર્ચમાં ૨૧.૯૩ ટકાનો વધારો જોવા મળે છે. આયોજન બહારના ખર્ચમાં વાર્ષિક ૭.૫ ટકાનો વધારો જોવા મળે છે. રાજયનો સરકારી ખર્ચ વિકાસલક્ષી અભિગમ દર્શાવે છે. ૨૦૧૨-૧૩ના વર્ષનો વિકાસલક્ષી ખર્ચ ૬૭ ટકા છે. જયારે બિનવિકાસલક્ષી ખર્ચ ૩૩ ટકા થાય છે. રાજય સરકારે સુદ્રઢ નાણાકિય વ્યવસ્થા માટે debt management officeની રચના કરી છે. નાણાં વિભાગે ભવિષ્યમાં દેવાની પરિસ્થિતિને પહોંચી વળવા consolidated sinking fundનું ૬, ૦૩૧ કરોડનું ભંડોળ ઊભું કરવામાં આવ્યું છે. રાજય સરકારે વિવિધ લોનોનું પુનઃગઠન કરીને ૯૯૦ કરોડનું વ્યાજ ભારણ ઘટાડયું છે. રાજય સરકારે ગૅરેન્ટરની રૂએ થતી જવાબદારીઓમાં ક્રમશઃ નોંધપાત્ર ઘટાડો થયો છે. ૨૦૦૩ના અંતે ઘટાડો ૧૯,૦૦૧ કરોડની બાંહેધરી હતી જે ૩૧-૧૧ની પરિસ્થિતિએ ૮,૮૨૪ કરોડની બાંહેધરી અમલમાં છે. રાજયના નાણામંત્રીશ્રીએ કુનેહથી ઊંચી કિંમતની કરજ વસુલી, કરજ ચૂકવણીનું જે આયોજન કર્યું છે.ગુજરાતમાં જ્યારે સેવાનું કુશળ વ્યવસ્થાપન હોય, ખર્ચનો અગ્રિમ ક્રમ નક્કી કર્યો હોય કે સરકારી મહેકમના કદને યોગ્ય રાખવાના પ્રયત્નો નાણામંત્રીશ્રીએ કર્યા છે. આમ નાણામંત્રીશ્રી જે નાણા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભ્યશ્રીની ધરપકડ અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. પોલીસ અધિક્ષક, દાહોદના તા.૨૫-૩-૧૨ના ફેક્સ મેસેજથી મને જાણ કરવામાં આવેલ છે કે તા.૨૫-૩-૧૨ના રોજ ગુન્હા રજિસ્ટર નં.૧૮૪/૨૦૧૦થી દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનમાં આઇપીસીની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૨૬ અને બીપીએક્ટની કલમ-૧૩૫ હેઠળ નોંધાયેલ ગુના સંબંધમાં ૧૧૭- રાજગઢ વિધાનસભા મત વિસ્તારના સભ્યશ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણની તા.૨૫-૩-૨૦૧૨ના રોજ ૧૨-૦૦ કલાકે ધરપકડ કરવામાં આવી હતી અને એ જ દિવસે તેમને ૧૩-૦૦ કલાકે ફોજદારી પરચૂરણ અરજી ૧૯૩૬/૧૨ ઉપર ગુજરાત હાઇકોર્ટે આપેલ આગોતરા જામીન અન્વયે મુક્ત કરવામાં આવ્યા હતા.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી નં.૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરી સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું જે આયોજન છે એ સમગ્ર રાષ્ટ્રને માર્ગદર્શનરૂપ આયોજન છે. છેલ્લા કેટલાક વર્ષોથી જે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે એ વિકાસ સમગ્ર રાષ્ટ્ર નહીં પરંતુ દુનિયામાં એની નોંધ લેવી પડે એ પ્રકારનું વાતાવરણ દેશમાં અને દુનિયામાં ઊભું થઇ રહ્યું છે. મારે વાત એ કરવી છે કે, ૨૦૦૧થી ૨૦૧૨ સુધીના છેલ્લા દશકામાં રૂ.૧,૭૫,૫૦૦/- કરોડ જેટલું આયોજન છે ત્યારે સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતની

વસ્તીનો હિસ્સો ૫ ટકા છે અને એનું ઔધોગિક આઉટપુટ છે એ ૧૬ ટકા છે અને હું ત્યાં સુધી કહી શકું કે, વિકાસનો આ રાજ્યનો દર છે એ લગભગ ૨૨ ટકા ગુજરાતમાંથી એક્સપોર્ટ થાય છે. હું એક ઇકોનોમિક જે મેગેઝીન છે એ ૧૮૪૮થી ચાલે છે. એમાં કહ્યું છે કે, ગુજરાત એ ચીનનું વોંગ ડોંગ છે, ચાઇનાના વોંગ ડોંગનો ઉલ્લેખ એટલા માટે કરૂં છું કે, ૧૯૬૦ના અરસા પછી ચાઇનાએ વિકાસ શરૂ કર્યો હતો અને સમગ્ર દુનિયાએ વોંગ ડોંગની નોંધ લીધી છે. આવનારા દિવસોમાં ગુજરાતની રફ્તારને રોકવામાં નહીં આવે તો ચાઇનાના વોંગ ડોંગ કરતાં ગુજરાત આગળ હશે એવી વાત કરી છે ત્યારે કોંગ્રેસના શાસનમાં વિકાસનો દર ખૂબ ધીમો રહેતો હતો. ઘણીવાર એમ કહીએ છીએ કે, ગુજરાતના વિકાસનો ગ્રાફ ખૂબ ઉંચો છે. મારે ઘેર એક મહેમાન આવ્યા હતા. તેઓ બોમ્બેથી બહાર નીકળ્યા, ધારાવીની ઝૂંપડપટ્ટી આવી પછી બોમ્બેની પરાની ટ્રેન અને ત્યાર પછી ગુજરાતમાં એન્ટ્રી થઇ. સૂરત શહેર અને અમદાવાદ જોયા પછી એમણે એમ કહ્યું કે, વાઉ ગુજરાત, વાઉ ગુજરાત. ત્યારે મેં એમને કહ્યું કે India is not poor country. But unfortunately it is poorly run and poorly managed by Congress party. મારે આ વાત એટલા માટે કરવી છે કે મેનેજમેન્ટની જ્યારે વાત આવે છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીએ જે Globalisation, privatisation, computerisation ના જમાનામાં પણ જ્યારે સમગ્ર વિશ્વમાં મંદીનો દોર હતો ત્યારે પણ આપણે ગર્વ સાથે ગુજરાત કહી શકે કે ગ્લોબલ સમિટના કાર્યક્રમોના માધ્યમથી આ દેશમાં સમગ્ર દુનિયામાં કહી શકાય સૌથી વધારે મૂડીરોકાણ ગુજરાતે કર્યું છે. જ્યારે મેનેજમેન્ટની વાત આવે છે ત્યારે વિકાસના દરની સાથે પ્રોડકશન સંકળાયેલું હોય, પ્રોડકશનની સાથે માર્કેટીંગ હોય અને માર્કેટીંગની સાથે સેલીંગ હોય અને સેલીંગની સાથે ગુજરાત આજે તમામ કક્ષાઓમાં માર્કેટીંગમાં, સેલીંગમાં અને પ્રોડકશનમાં વી આર ઓન ટોપ. મારે એટલા માટે કહેવું છે, મુશ્કેલી હતી કોંગ્રેસના શાસનમાં. પ્રોડકશન તૈયાર થાય અને સેમ્પલ પીસ બહાર આવે, સેમ્પલ પીસમાં ખામી આવી, કોઇક વાર એવું થાય કે લાસ્ટ પીસ ખરાબ આવે પ્રોડકશનનો તો એને બદલી શકાય. *(xxxxx) (xxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, આ પ્રકારના આપ શબ્દો ના બોલો પ્લીઝ.. આપ પાછા ખેંચી લો.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચું છું. પણ મારે એટલા માટે કહેવું પડે છે કે આવા ફોલ્ટી પ્રોડકશનવાળી ગાડી માર્કેટમાં આવી હતી એ પરત ખેંચાઇ હતી. અને જ્યારે આ ખેંચવાની વાત આવી ત્યારે (xxxxx) મારે બીજી વાત કરવી છે. ગુજરાતના મુખ્યમંત્રી માટે ટાઇમ મેગેઝીન પર એના ફોટા કવરેજ કરીને કહયું છે કે મોદી મીન્સ બીઝનેસ ....(અંતરાય) એ આવે જ છે આમાં જ આવે છે ડેવલપમેન્ટમાં જ આવે છે. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને મને મારી મિનિટો મજરે મળે ..

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ મુદ્દા ઉપર છે કે નાણામંત્રીશ્રી અત્યંત સિનિયર છે. અર્જુનભાઇ જયારે પ્રવચન કરી રહયા હતા ત્યારે એક કરતા વધારે વાર એમણે ઓબ્ઝેકશન લીધુ હતું. આત્મારામભાઇનું પ્રવચન ખૂબ શાંતિથી અમે સાંભળીએ છીએ પણ એક પણ બાબત નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવેલા છે એમાં નથી. માત્ર રાજકીય આલોચનામાં જ રસ છે અને ગૃહના સમય માટે જયારે અમે વિરોધ પક્ષ તરીકે આટલો બધો સહયોગ આપીએ છીએ ત્યારે આ રીતે (xxxxx) ઉલ્લેખ કર્યો, કોંગ્રેસનો ઉલ્લેખ કર્યો..

અધ્યક્ષશ્રી : મેં એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કર્યા છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસની આઇટમોનો ઉલ્લેખ કર્યો, એમણે જે વાત કરી છે એ સમગ્ર એમનું પ્રવચન રેકોર્ડ પરથી દૂર કરવાપાત્ર છે. કોઇ મુદ્દો એમાં આવતો નથી.

*** (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટની ફાળવણી જયારે આ સરકાર ઓન લાઇન કરી રહી છે ત્યારે મારે એ વાતનો એટલા માટે ઉલ્લેખ કરવો પડે છે કે કામનું આયોજન ઝડપથી થાય, અહીંયા ગ્રાન્ટ મંજૂર થાય એની અમલવારી ઝડપથી થાય, અને એની ચૂકવણી ઝડપથી થાય અને એના પરિણામે જે કંઇ આયોજન થાય છે ગુજરાતમાં એ આયોજન ઇન ટાઇમ, વીધીન ઘ ટાઇમ આ સરકાર પૂરું કરે છે, એના લીધે, વિકાસની ગતિને તેજ અને રફતાર મળે છે. પહેલા એવું થતું હતું કે માર્ચ એન્ડીંગ સુધી ગ્રાન્ટ જાય જ નહીં, વિભાગમાં જમા ના થાય, અને છેલ્લા દિવસોમાં કામમાં ઝડપ થાય, કયાંક કામમાં ખોટું પણ થાય, ખોટા પણ બિલો ઉમેરાય એના પરિણામે જે વિકાસની સાચી દિશા જવી જોઇએ એ નહોતી જતી અને એટલા માટે નાણામંત્રીએ ઓન લાઇન ગ્રાન્ટ ફાળવણીની જે વાત લઇને આવ્યા છે એને આવકારીને હું મારા વિચારોને વિરામ આપું છું. **શ્રી ઇકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ૧૮ વખત બજેટ રજૂ કરી અને વિક્રમજનક રીતે બજેટ રજૂ કરવાનો રેકોર્ડ એમના નામે છે એની નોંધ લઇને દેવામાં Depth of the stage જેને કહેવાય, દેવું પણ યોગાનુયોગ એમના વખતમાં વધારવાનો એક અવકાશ ઊભો થયો એ પણ This is one kind of record. રાજ્યમાં અત્યારે જે સ્થિતિ છે એ સ્થિતિમાં કુલ દેવું ૧,૨૪,૫૮૦ કરોડનું છે. આ દેવા પૈકી કુલ ૧૮,૯૧૫ કરોડ રૂપિયાની વ્યાજની ચૂકવણી થશે અને એ સિવાય મુદ્દલ તો ખરું જ. અત્યારે જે રીતે ૪૨,૫૦૦ કરોડની રકમ ટેક્સ પેટે પ્રજાના ખિસ્સામાંથી રાજ્ય સરકાર મેળવે છે અને એના ઉપર જે રીતે વેટના દરો સૌથી વધારે ઊંચા દુનિયાની વાત આત્મારામભાઇની જેમ નહીં કરું, પણ સમગ્ર દેશમાં સૌથી વધારે વેટના દરો ઊંચા રહ્યા અને એ વેટના દરો સૌથી વધારે ઊંચા રહ્યા અને ૨૭૦ જેટલી આઇટમો એવી છે, આપણે મોંઘવારીના નામે વાતો કરીએ, જશ અને અપજશ કેન્દ્રને આપી દઇએ પણ એ મોંઘવારી કોના કારણે ઊભી થઇ છે એનો અભ્યાસ કરીએ તો એ આઇટમો જોઇએ તો ૨૭૦ જેટલી આઇટમો ઉપર એટલો બધો અધધધ ટેક્સ છે કે ગુજરાત રાજ્યમાં જે ટેક્સ છે એ બાકીના કોઇપણ રાજ્ય કરતાં સૌથી વધારે ટેક્સ અને સરચાર્જ આપણા ગુજરાતમાં છે. સિમેન્ટ, રાંધેલો ખોરાક, કોસ્મેટિક્સ, ઇલેક્ટ્રોનિક એપ્લાયન્સીસ, ફર્નિચર, હાર્ડવેર, લુબ્રીકન્ટ્સ, ઓઇલ, ફુટવેર, ટાયર, ટી.વી. ફ્રીઝ આ બધા ઉપર ટેક્સ છે એમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાન પણ આપણાથી ઓછા ટેક્સ લે છે. પણ આપણે આ ટેક્સ ઉપર કોઇ વિચાર કરતા નથી. નાણામંત્રીશ્રી જે રીતે માગણીઓ લઇને આવેલા છે એમાં આજે કરવેરાનો કમરતોડ બોજો ગુજરાતની પ્રજા ઉપર નાખેલો છે. મને એમ હતું કે, અમારા પક્ષને પણ એમ હતું કે ડિસેમ્બર ૨૦૧૨માં જ્યારે ગુજરાતમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે આ બજેટમાં ખાસ તો રાહતો આપીને લોકોને માટે સુવિધા ઊભી થાય એવો નાણામંત્રીશ્રી ઉપરથી પ્રયાસ કરશે, પણ કોઇ મર્યાદા હશે. પરંતુ એક વાત છે કે આમાં જે રાહતો છે એ તદ્દન નજીવી રાહતો છે. આ રાહતો પ્રજાને સીધી ઇફેક્ટ નથી કરતી અને એ રાહતોમાં એટલું જ કહીશ કે,

**''મુશ્કુરાહટ લબો સે જુદા હો ગઇ, ઇસ કદર હો ખફા ક્યા ખતા હો ગઇ,**
**આમ આદમી હૈ આંસુ ઔર અંધેરોમેં,**
**ઓ સરકાર તેરે તો બજેટસે રોશની હી જુદા હો ગઇ.''**

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં એક નવી આશાનો સંચાર, નવા કિરણો લઇને આવશે અને ગુજરાતની પ્રજાને એક રિલીફ આપશે. હું વાત કરીશ કે ટેક્સની રીકવરી એટલી બધી બાકી છે અને કોઇ આમ આદમી પાસે બાકી નથી, કોઇ સામાન્ય વેપારી પાસે બાકી નથી. આ જેટલો પણ ટેક્સ બાકી છે એ હમણાં પ્રદિપસિંહભાઇ ઊભા થશે અને કહેશે કે કોર્ટમાં છે પણ કોર્ટમાં જેટલા કેસો છે એ પહેલા દિવસે મૂકવા પડશે કે આટલા કેસો કોર્ટમાં છે અને એના ઉપર ચર્ચા ન કરવી. આ વખતે અમારી ભૂલ થઇ ગઇ કે અમે માહિતી માગી નહીં, નહીં તો પેટી ભરીને યાદી મળી ગઇ હોત. આમાં સૌથી વધારે બીજું એ છે ઇલેક્ટ્રિસિટીનું ભારણ એટલું બધું આપણે વધારેલ છે કે આખા દેશમાં ગેસ અને ઇલેક્ટ્રિસિટી જો સૌથી વધારે મોંઘું હોય તો ગુજરાતમાં છે. રહેણાંકની ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ઉપર ગુજરાતમાં યુનિટ દીઠ ૯૬ પૈસા લેવામાં આવે છે એટલે કે

૨૦ ટકા જ્યારે રાજસ્થાનમાં માત્ર ૪૦ પૈસા, મધ્યપ્રદેશમાં ૧૪ પૈસા, યુ.પી.માં ૯ પૈસા, તામિલનાડુમાં ૫ પૈસા, કર્ણાટકમાં ૫ ટકા, ઓરિસ્સામાં ૪ ટકા અને બિહાર જેવા પછાત રાજ્યમાં પણ માત્ર ૮ પૈસા છે. એટલે સૌથી વધારે યુનિટ દીઠ ૯૬ પૈસા, હું રહેણાંકની વાત કરું છું. ઉદ્યોગની વાત નથી કરતો, કોમર્શિયલની વાત નથી કરતો. આમઆદમીને વીજળી સસ્તી મળે એ સરકારને જ ઇન્કમ આવવાની છે, નાણામાં જ આવવાની છે. This is one kind of income of the State, Sir અને માગણીઓમાં જે રીતે સાહેબ એમાં તો હું વધારો નથી કરતો જેટલું આત્મારામભાઇએ કહ્યું અને દુનિયામાં પહોંચી ગયા એટલો તો સાહેબ હું વધારો નથી કરતો. કદાચ થોડી લક્ષ્મણ રેખા, કંપાસ થોડો મોટો કરેલો હશે પણ આત્મારામભાઇ જેટલી વાત મેં નથી કરેલી સાહેબ અને ગેસના ભાવો પણ એજ રીતે સમગ્ર ભારતમાં સૌથી વધારે ગેસના જે ભાવો છે, એ ગેસના ભાવો પણ આપણે ગુજરાતમાં જ વધારે છે. તા.૧/૪/૨૦૦૬ થી જ્યારથી વેટનો કાયદો આવેલો છે ત્યારથી ગુજરાતની પ્રજાના ઉપર આ VATના ધોરણો છે એ ધોરણો ઘટાડવા માટે રાજ્યના ઔધોગિક જગતમાંથી અને રાજ્યના બીજા અન્ય વર્ગમાંથી ઓટોમોબાઇલ્સ સ્પેરપાર્ટસના ઉપર ઘટાડો કરવા માગણી થયેલી છે. મીનરલ વોટરના ઉપર માગણી થયેલી છે, એજ પ્રમાણે ડિટરજન્ટ કેક અને પાવડરના ઉપર ઘટાડવા માગણી થયેલી છે. ..ફેઇઝના ઉપર થયેલી છે, ડીઝલમાં સૌથી વધારે VAT ગુજરાતમાં ૨૩%, ૨૪%, પેટ્રોલમાં ૨૪% અને ગેસના ઉપર પણ ૧૫% વેટ લેવામાં આવે છે. કેરોસીન જેવી આઇટમ રોજબરોજની આઇટમ છે છતાં પણ એમાં તકલીફ છે અને જે ગુજરાતની તરક્કી છે એ સમગ્ર ગુજરાતની તમામ સરકારોને આભારી છે. કોઇ એક સરકારને આભારી નથી અને વડાપ્રધાન તરીકે વિચક્ષણ વ્યક્તિત્વ ધરાવતા આપણા અર્થશાસ્ત્રી વડાપ્રધાન ડો. મનમોહનસિંઘની નીતિને આભારી છે. સાહેબ, બરાક ઓબામાએ પૂછવું પડે કે આ પ્રગતિ કેવી રીતે થઇ છે? એટલે આત્મારામભાઇ, ગુજરાતની પ્રગતિ એ ભારતના વડાપ્રધાનને આભારી છે, એની નીતિઓને આભારી છે.

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ આપનો સમય પૂરો થાય છે. માનનીય વસંતભાઇ..

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષ મહોદય, આદરણીય નાણામંત્રી માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭, ૧૮ લઇને જે આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું અને અનુમોદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષ મહોદય, હમણાં કોંગ્રેસના મિત્રોએ ઘણી બધી વાત કરી. નાણામંત્રીશ્રીના ૧૮માં વખતના બજેટ ઉપર મને અને સૌને એવી આશા હતી કે કાંઇક સારી વાત કરશે પણ એમણે વિરોધ કરવાની વાતથી ટેવાયેલા છે એટલે એજ વાત કરી. વેટ માટેની વાત કરી, રાજ્યના દેવા માટેની વાત કરી અને મોંઘવારી માટેની વાત કરી. માનનીય ઇકબાલભાઇએ હમણાં કહ્યું કે તમે તો, રોશની ગઇ, માના અંધેરા ઘના હૈ, તો દીયા જલાને કહાં મના હૈ?

માનનીય અધ્યક્ષ મહોદય, દીવા તમે પ્રગટાવ્યા હોત તો અમારે આ અંધેરા ઉલેચવાનો સમય ના પડ્યો હોત. માનનીય અધ્યક્ષ મહોદય, મારે આજે સમગ્ર ગૃહ તરફ ભારત દેશની જે પરિસ્થિતિ છે અને ગુજરાતની જે પરિસ્થિત છે એ પરિસ્થિતિ ઉપર મારે નજર નાંખવી છે.

માનનીય અધ્યક્ષ મહોદય, નાણા વિભાગ એ દેશ કે રાજ્યનો એક મહત્વનો આધારસ્તંભ છે. ભારતની અંદર ૧૯૪૭માં પ્રથમ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું અને એ જે પ્રથમ બજેટ રજૂ કરનાર હતા એ નાણાપ્રધાન લિયાકતખાન હતા અને એમણે જ્યારે પ્રથમ બજેટ રજૂ કર્યું ત્યારે દેશ ઉપર ૨૫ ટકા કર નાંખ્યો હતો. એક લાખ ઉપર ૨૫ ટકા કર હતો અને ત્યારે ગુજરાતના સરદાર પટેલ સાહેબે એ વખતે કહ્યું હતું કે, આ લિયાકત અલીએ હિન્દુ વેપારીઓની વિરોધ નીતિ અપનાવીને બજેટ બનાવ્યું છે. આ બજેટ સમકક્ષ નથી એવું એમણે કહેવું પડ્યું હતું.

માનનીય અધ્યક્ષ મહોદય, ત્યાર બાદ ૧૯૫૨માં એમની જ સરકારે જ્યારે આ બજેટ રજૂ કર્યું ત્યારે બજેટ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ગર્વનર એસ.બી. દેશમુખ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું એ ૧૦ વર્ષનો જે દસકો હતો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી ઇકબાલ પટેલ : બેસવું પડે આપે. પોઇન્ટ ઓફ ઓર્ડર ચાલે..

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ, વિરામનો સમય થવામાં છે આપ જલદી બોલો, પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : હા, હું વાત કરવા માગુ છું સાહેબ કે જ્યારે પોઇન્ટ ઓફ ઓર્ડરના ઉપર ચર્ચા ચાલતી હોય ત્યારે સ્વાભાવિક છે કે સભ્યશ્રીએ બેસવું જોઇએ. એટલી જ સાહેબ મેં તો વાત કરી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ ચર્ચા આપ ના કરો, પ્લીઝ. ના બેસે તો હું બેસાડીશ. વિરામનો સમય થયો છે, ગૃહ ફરી ૩–૧૫ કલાકે મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ : બપોરના ૨:૩૦ થી ૩:૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર...ઓર્ડર...માનનીય વસંતભાઇ.

**શ્રી વસંતકુમાર ભટોળ (ક્રમશ )ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું આગળ જે વાત કરતો હતો એ દેશના નાણાની પરિસ્થિતિ શું છે ? એ તરફ આ ગૃહનું ધ્યાન દોરતો હતો. માનનીય અધ્યક્ષશ્રી,૧૯૫૨ થી એ વખતના દસકાની જે ખાધ હતી એ ખાધ લગભગ ૪ કરોડ, ૨૦ લાખ જેટલી હતી. ત્યારબાદના ૧૯૬૨ ના દસકામાં આદરણીય દેશના પૂર્વ વડાપ્રધાન અને એ વખતના નાણા પ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઇ, જયારે એ વખતનું જે બજેટ એમણે રજૂ કર્યું અને એ વખતનો જે દસકો હતો એમાં આ ૭ કરોડ, ૩૮ લાખ રૂપિયા બોજ વધ્યો. ત્યારબાદ ૧૯૭૨–૭૩ના સમયમાં શ્રી યશવંતરાવ ચવાણે જે બજેટ રજૂ કર્યું અને એ વખતનો જે દસકો હતો એમાં ફૂગાવો ૯ ટકા અને ૧૧ ટકા ખાધ વધી છે.

અધ્યક્ષશ્રી : માનનીય વસંતભાઇ આપ, આપણા બજેટની જ વાત કરો, આપણા બજેટ પૂરતી જ વાત કરો પ્લીઝ.

શ્રી વસંતકુમાર પ. ભટોળ : ઠીક છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતનો જે ઔધોગિક, કૃષિ, માનવ વિકાસ સૂચકાંક, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, ગરીબો માટે મકાનો, શિક્ષિત અને અશિક્ષિત યુવકોને રોજગારી, મહિલા સશક્તિકરણ, મહિલાઓની વિકાસમાં ભાગીદાર બનાવાનો પ્રયાસ, રસ્તાઓ હોય કે, બંદરો હોય, ભવનો હોય કે, ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટો હોય, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન હોય કે, પછી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન હોય કે પછી કોસ્ટલ ડેવલપમેન્ટ ઓથોરિટી હોય કે, પછી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી હોય, આ માળખાકીય સુવિધાઓમાં પ્રત્યેક ક્ષેત્રોમાં ગુજરાતે એક નવી ઊંચાઇઓ અને સીમાચિહ્નો પ્રસ્થાપિત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયમાં યોજનાઓ, આયોજનો, વિકાસના તબક્કાઓ આ બધાના મૂળમાં મજબૂત અને સુવ્યવસ્થિત અર્થતંત્ર હોવું અનિવાર્ય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના શાસનકાળમાં ગુજરાતનું આર્થિક માળખું અને આયોજન અને નાણાંકિય રીતે વિકાસ માટે હરણફાળ કરવા માટે સાહસપૂર્ણ નિર્ણયો માટે સશક્ત પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે અને એટલા જ માટે આજે ગુજરાતનો જે વિકાસ છે, એ દેશનું ગ્રોથ એન્જિન એમ ને એમ નથી કહેવાતું. માનનીય ઇકબાલભાઇ, મને માનનીય અટલજીની એક પંક્તિ યાદ આવે છે,

**"પુષ્પ કંટકો મેં ખિલતે હૈં,**
**દિપ અંધેરો મેં જલતે હૈં.**
**આજ નહીં, પ્રહ્લાદ યુગો સેં પીડાઓં મેં પલતે હૈં,**
**હમને તુફાનો કો સીને ચક કર રખ દીયે હૈં "**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની મહેસૂલી આવક તરફ નજર કરીએ તો વર્ષ ૧૯૬૦ થી ૧૯૯૦ એટલે કે, ૩૦ વર્ષના કોંગ્રેસના શાસનમાં મહેસૂલી આવક ૨૧,૪૨૧/– કરોડ હતી. ૧૯૯૧ થી ૨૦૦૦ના ભા.જ.પ. શાસન કાળની અંદર ૧૦ વર્ષની મહેસૂલી આવક ૮૪,૭૯૮/– કરોડ થઇ. માનનીય અધ્યક્ષશ્રી, આજે મને ગૃહને જણાવતાં આનંદ થાય છે અને ગૌરવની લાગણી પણ અનુભવું છું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસન વ્યવસ્થામાં અને અમારા આદરણીય શ્રી વજુભાઇ વાળાના આ શાસન

વ્યવસ્થાની અંદર છેલ્લા એક દસકામાં, ૨૦૦૧ થી ૨૦૧૦ના સમયમાં રૂપિયા ૨,૪૭,૬૧૫/– કરોડ રૂપિયા થયું. સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૨–૧૩ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં મહેસૂલી આવક ૧,૯૦,૫૫૮/– કરોડ થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોક્ત આંકડા જોતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની શાસન પદ્ધતિ ગુજરાતની એક આર્થિક કાયાપલટ કરવાનું એક ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે. તેથી જ શ્રી નરેન્દ્રભાઇ મોદી માટે કહીએ કે,

**" સંકલ્પો સે બંધે હુએ હમ, નિંદ ન આતી સેજ પર,**
**હર દમ પાંવ પડે રહતે હૈં, તપતી નંગી રેત પર,**
**ગૂંગો કો ભાષા દેંગે હમ, દેંગે ગતિ નિર્માણ કો,**
**ફૂરસદ કહાં અભી હમેં, પૂજે મંદિર મેં ભગવાન કો. "**

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી પંચવર્ષીય યોજનામાં રૂપિયા ૨૩૭/– કરોડનું આયોજન કર્યું હતું. આ અગિયારમી પંચવર્ષીય યોજનામાં આ આયોજન વધીને રૂપિયા ૧,૧૧,૧૧૧/– કરોડ કરતાં પણ વધારે થાય છે. આ વિગતે ગુજરાતને અડધી સદીમાં સાધેલા અકલ્પય વિકાસને પ્રતિબિંબ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગત પચાસ વર્ષનું આયોજનમાં ૨,૩૦,૦૦૦/– કરોડ હતું તેની સામે હવે આવનારા પાંચ વર્ષનું આયોજન ૨,૫૧,૦૦૦/– કરોડ કરવામાં આવ્યું. જે ગુજરાતની સમૃદ્ધિ અને મજબૂતીના આર્થિક પાસાનું એક જીવંત ઉદાહરણ પૂરું પાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, ફક્ત પાંચ વર્ષના ગાળામાં રાજયની મહેસૂલી આવક લગભગ બે ગણી કરતા પણ વધારે થઇ છે. ભારતના કોઇપણ રાજયમાં રાજયની મહેસૂલી આવકમાં આટલો વિક્રમજનક વધારો ન થયો હોય એટલો ગુજરાતની અંદર થયો છે. ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન અમથું નથી કહેવાતું. વર્ષ ૨૦૦૪–૦૫માં રાજયનું ઘરગથ્થું ઉત્પાદન ૨,૦૩,૩૭૩કરોડ હતું. વર્ષ ૨૦૧૧–૧૨માં ૫,૯૧,૧૭૫કરોડ થયું એટલે કે વર્ષ ૨૦૦૪–૦૫ અને ૨૦૧૧–૧૨ વચ્ચેના ઘરગથ્થું ઉત્પાદનનો તફાવત દર ત્રણ ગણો વધારે થયો. છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે ૨૦૦૫–૦૬ અને ૨૦૧૧–૧૨ વચ્ચે રાજયમાં માથાદીઠ આવક ૩૭૭૮૦ હતી એ વર્ષ ૨૦૧૧માં ૭૫૧૭૫ થઇ. રાજયમાં કૃષિ ઉત્પાદન કપાસમાં વર્ષ ૨૦૦૫–૦૬માં ૬૪.૧૧ લાખ ગાંસડીઓનું જે હતું તે અત્યારે વધીને ૧૦૦.૭૧ લાખ ગાંસડીઓનું થયું છે. રાજયમાં તેલીબિયાંનું ઉત્પાદન ૪૭.૭૨ લાખ ટન જે હતું એ ૨૦૧૦–૧૧માં ૫૧.૪૨ લાખ ટન થયું છે. રાજયમાં ૨૦૦૫–૦૬માં દૂધ ઉત્પાદન ૬૯.૬૦ લાખ હતું જે વધીને અત્યારે ૯૩.૨૧ લાખ થયું છે. રાજયમાં ઉદ્યોગોની સંખ્યા ૨૦૦૫–૦૬માં ૧૪૦૫૫ હતી જે ૨૦૦૯–૧૦માં ૧૫૫૭૬ થઇ છે. રાજયમાં ઉદ્યોગક્ષેત્રે રોજગારીની સંખ્યા વર્ષ ૨૦૦૫–૦૬માં ૮,૮૭,૫૧૧ હતી જે વર્ષ ૨૦૦૯–૧૦માં ૧૧,૫૮,૭૧૯ થઇ છે એટલે જ કહેવાય છે કે ભારતની અંદરથી જે કુલ રોજગારી ઉત્પન્ન થાય છે એમાંથી ગુજરાતમાં સૌથી વધારે રોજગારી ઉત્પન્ન થાય છે. રાજયમાં જે કુલ વીજળીની સ્થાપિત ક્ષમતા હતી એ ૨૦૦૫–૦૬માં ૮૯૭૪ મેગાવોટ હતીજે વર્ષ ૨૦૧૦–૧૧માં ૧૩૧૩૪ મેગાવોટ થઇ છે. રાજયમાં કારખાનામાંથી દૈનિક જે રોજગારી મળતી હતી એમાં લગભગ ૩૫ ટકા વધારો થયો છે છેલ્લા પાંચ વર્ષની અંદર, રાજયમાં વીજળી વપરાશ ૨૦૦૫–૦૬માં ૩૮૫૩૮ મીટર યુનિટ હતો જે વધીને ૨૦૧૦–૧૧માં ૫૮૬૭૦ યુનિટ થયો છે. રાજયમાં બંદરો દ્વારા માલ હેરફેર વર્ષ ૨૦૦૫–૦૬માં ૧૫૦૦લાખ મેટ્રીક ટન હતો જે વધીને ૨૦૦૯–૧૦માં ૩૪૦૦લાખ મેટ્રીક ટન થયો છે. ગુજરાતના નાણાકિય આયોજન તરફ નજર કરીએ તો ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં લગભગ રૂ. ૪૩૭૫૬ કરોડનું બજેટ હતું જયારે ૨૧ મી સદીના પ્રથમ દસકામાં ૧,૧૮,૭૬૧કરોડનું આયોજન પરિપૂર્ણ કરે છે એટલે કે ૪૦ વર્ષના થયેલ આયોજન અને છેલ્લા એક દસકામાં થયેલ આયોજન એ લગભગ ત્રણ ગણું વધારાનું છે. ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા સ્ટેટ બજેટ સી.બી.સી. ના નેટના ડાયરેકટર સુબ્રમણ્યમ સ્વામીએ એક રિપોર્ટ રજૂ કર્યો છે અને તે રિપોર્ટમાં એવું છે કે જે બજેટ અને તેને લક્ષીને જે મહેસૂલી આવક હોય કે બીજી કોઇપણ હોય એમાં બજેટના જે પેરામીટર આપવામાં આવે છે એ પેરામીટર પ્રમાણે કઇ સરકાર કામ કરે એમાં ગુજરાત સરકારના રિપોર્ટ ૬૧.૭ ટકા અને સમગ્ર ભારતમાં આ પહેલી સરકાર છે. ભવિષ્યમાં દેવાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે એકત્રિત ડુબત નીધિ એટલે કે કોન્સોલીડેટેડ સિંકિંગ ફંડની જે રચના કરી છે એમાં ૬૦૩૧ કરોડનું ભંડોળ અત્યારે ઉપસ્થિત

કરવામાં આવ્યું છે. દેવા નાબૂદી યોજના હેઠળ લગભગ ૨૨૬૨કરોડની દેવા નાબૂદીનો અત્યંત મહત્વાકાંક્ષી દર હાંસલ કર્યો છે. જે વિવિધ લોનનું પુનઃ ગઠન કરી ૯૯૦ કરોડનું વ્યાજ ભારણ ઘટાડી મોટી રાહત મેળવવામાં આપણે સફળ રહયા છીએ. રાજય સરકારે બાંહેધરી અધિનિયમ–૧૯૯૬ અન્વયે સમયાંતરે નકકી કરવામાં આવતી મર્યાદા સંદર્ભમાં બાંહેધરીમાં નોંધપાત્ર ઘટાડો થવા પામેલ છે અને નાણાકિય ભંડોળ ઉભુ કરવાના હેતુસર બાંહેધરી ભેળવણી નીતિ અંતર્ગત ૧૭૦૯ કરોડની રકમ ભારત સરકારની વિવિધ કામગીરીઓમાં રોકાણ પણ કર્યું છે. રાજય સરકારે વેલ્યુએડેડ ટેકસ જે અત્યારે વેરા પદ્ધતિ દુનિયાના ૧૩૦ દેશોમાં અમલી છે એવી પ્રગતિશીલ મૂલ્યવર્ધિત વેરા પદ્ધતિ સફળતાપૂર્વક પાર પાડી છે. રાજયનું કર માળખું પારદર્શક તેમજ રાજયના વેપાર ઉદ્યોગની દુનિયાના વિકસિત દેશો સાથે સ્પર્ધા કરવાની ક્ષમતા વધે તે હેતુથી આ નવીન કર પ્રણાલિ રાજયમાં અમલમાં મૂકવામાં આવી છે. પ્રાચીનકાળથી ગુજરાતની પ્રજા અને વેપારી બંને જાણે એકબીજાના પર્યાય થઇને રહયા હોય.એ પ્રમાણે કામગીરી કરી છે. ગુજરાતની પ્રજા સાહસિકવૃત્તિ, ધીરજ અને સ્વપ્નશીલ વિચારશક્તિ અને અવનવા માર્ગો કંડારવાની તાલીમ જાણે દરેક ગુજરાતીઓમાં જન્મજાત વરેલી છે. આધુનિક જમાનામાં જ્યારે વેપારના અર્થો અને આયામ બદલાયા છે. (સમયસૂચક ઘંટડી ) છેલ્લે એટલું જ કહીશ નાણામંત્રીશ્રીએ જે આ પૂરક માગણી લઇને આવ્યા છે સાથે...

**'હમ ખૂદ હી તય કરતે હૈ મંઝિલ આસમાનોકી**
**પરિંદોકો નહિ દી જાતી તાલીમ ઉડાનો કી,**
**હમ રખતે હોંસલા આસમાનસે છૂનેકા,**
**હમે નહિ પરવા કભી ગીર જાનેકી.'**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ઘણા સમયથી વિરોધ પક્ષના સભ્યશ્રીઓ આ બજેટ વિષે વાતચીત કરતા અને પોતાના વિચારો રજૂ કરતા હતા. છેલ્લો દશકો પોઝિટિવલી આપણે કહી શકીએ કે ગુજરાતે દેશને દિશા બતાવી છે. ચોક્કસપણે કહેવાય કે જ્યારે ભૂકંપ થયો ત્યારે એ વખતે ગુજરાતની પરિસ્થિતિ ખરાબ હતી, નાણાકિય પરિસ્થિતિ ખરાબ હતી અને જે પેરામીટર્સ ગણવામાં આવે તે પેરામીટર્સ ચોક્કસપણે ખરાબ હતા, પણ છેલ્લાં ૧૦ વર્ષની અંદર જે પ્રમાણે વીજનરી સ્ટેપ્સ આ સરકારે આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે લીધાં છે. આજે ગુજરાત નહિ, દેશ પણ કહે છે કે દેશનું ગ્રોથ એન્જિન હોય તો એ ગુજરાત છે. પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહ ઇકોનોમિસ્ટ છે. મોન્ટુકસિંહ આહલુવાલિયા એ પણ ઇકોનોમિસ્ટ છે અને આ ઇકોનોમિસ્ટોને પૂછો તમે સારો વ્યવસ્થાપન, સારો વહીવટ, સારી આર્થિક પરિસ્થિતિ કોને કહી શકાય? તો એના પણ પેરામીટર્સ મૂકવામાં આવે છે. મને ગૌરવ સાથે કહેવાનું મન થાય છે કે જો દેશની અંદર ફાઇનાન્શિયલ સ્ટેબિલિટી હોય, દેશની અંદર સ્થિરતા હોય, દેશની અંદર કેન્દ્ર પાસે દર ચોથા દિવસે જવાની જરૂર ન પડે તેવું એકમાત્ર રાજ્ય હોય તો એ ગુજરાત છે. મારે ખાલી પેરામીટર્સ આપવા છે. આપણે જ્યારે બજેટ રજૂ કર્યું ત્યારે બીજા રાજ્યોના બજેટ આવ્યા નહોતા. જેમ અર્જુનભાઇએ સરખામણી આપી. મહારાષ્ટ્રમાં આમ. બાબુભાઇએ સરખામણી આપી મહારાષ્ટ્રમાં આમ. મારે કહેવું છે કે કાયમ માટે ૧૯૬૦ થી ગુજરાતની સ્થાપના થઇ છે, ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્રની વચ્ચે એક હરીફાઇ, પોઝિટિવ હરીફાઇ કે કોણ આગળ નીકળે એના માટે વર્ષોથી ચાલતી હોય છે. મારે કહેવું છે કે આજે તમારું રાજ ત્યાં ૧૦ વર્ષથી છે. અમારું રાજ ૧૦ વર્ષથી છે. આજે મહારાષ્ટ્ર મોટું હોય, છતાં ગુજરાતની પ્લાન સાઇઝ મહારાષ્ટ્રની પ્લાન સાઇઝ કરતા વધારે છે. ૫૦,૫૯૯ કરોડની પ્લાન સાઇઝ લાવ્યા ત્યારે મહારાષ્ટ્રની અંદર ૪૫૦૦૦ કરોડની પ્લાન સાઇઝ થઇ છે.(અંતરાય) અરે ભાઇ, હજુ તો પહેલો બોલ નાખ્યો છે. પહેલો છગ્ગો માર્યો છે. બીજા ઘણા છગ્ગા મારવાના બાકી છે. શાંતિથી સાંભળો. મારે ગૌરવ સાથે કહેવું છે કે ગુજરાતમાં જે પ્લાન સાઇઝ વધી છે તેવી પ્લાન સાઇઝ ૧૨૦૦૦ કરોડની..

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : કોઇ વિષય નથી.

શ્રી સૌરભભાઇ પટેલ : મારો સમય ન બગાડશો.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇકબાલભાઇ શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે તે કહો. કયા નિયમોનો ભંગ થયો છે તે ઝડપથી કહો પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સાહેબ એમ છે કે અમે અન્ય રાજયોની સરખામણી આપી છે. અમે જે અમારા પ્રવચનમાં વાત કરેલી....

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે તે કહો પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો છે. માનનીય મંત્રીશ્રીએ બેસવું પડે.

અધ્યક્ષશ્રી : આપ કહો પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો છે...

અધ્યક્ષશ્રી : પહેલા પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે તે કહો પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : સાહેબ કોઇપણ રાજય સરકારની આલોચના કરતી ચર્ચાને કાર્યવાહીમાંથી દૂર કરવા બાબતનો અને જે રીતે આજે માનનીય મંત્રીશ્રી રજૂ કરી રહેલા છે. જે રીતે આ ચર્ચાનો વ્યાપ છે તેના ઉપર માનનીય વજુભાઇ સાહેબે જે જવાબ આપવાનો હોય તે આપે. અમને કોઇ ઓબ્જેકશન નથી. પણ માનનીય મંત્રીશ્રી ચર્ચામાં ભાગ લઇ રહેલા છે અને ચર્ચામાં જે કમ્પેર કરી રહેલા છે તેમાં અગાઉના અધ્યક્ષોના નિર્ણયો જે છે...

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ...

શ્રી ઇકબાલ પટેલ : નિર્ણયો છે તેમાં સ્પષ્ટ લખેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સૌરભભાઇ પણ નાણાં વિભાગના મંત્રીશ્રી જ છે. પ્લીઝ આપ મારી વાત સાંભળો.

શ્રી ઇકબાલ પટેલ : આલોચના કરતી વખતે બીજા કોઇપણ રાજયની...

અધ્યક્ષશ્રી :પ્લીઝ. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી પ્લીઝ. આપના સભ્યશ્રીઓ તરફથી...

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ૪૮૨ નંબરનો ઉલ્લેખ કરી રહ્યો છું. ૪૮૨માં સ્પષ્ટ રીતે કહેલ છે કે બીજા કોઇપણ રાજય સરકારની આલોચના કાયર્વાહીમાં આ રીતે ન લઇ શકાય તે બાબતે આપનું ધ્યાન દોરી રહેલ છું.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં આલોચના નથી. મહારાષ્ટ્ર ગવર્નમેન્ટે પોતાનું બજેટ રજૂ કર્યુ તેના આંકડા છે. કમ્પેરીઝન કરી શકે. ટીકા ન કરી શકે. મહારાષ્ટ્રે ૪૫ હજાર કરોડ કર્યુ છે અને આપણે ૫૦ હજાર કરોડ કર્યુ છે. કમ્પેરીઝન કરી છે. ટીકા નથી.

અધ્યક્ષશ્રી :ઇકબાલભાઇ આપે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તેમાં આપના તરફથી માનનીય બાબુભાઇ અને માનનીય અર્જુનભાઇએ પણ ચર્ચાઓ કરી ત્યારે તેમણે બીજા રાજયોની સરખામણી અને આપણા રાજયની સરખામણી થઇ છે બરાબર. તેના અનુસંધાને માનનીય મંત્રીશ્રી જવાબ આપી શકે છે. પ્લીઝ આપ બેસો. પ્લીઝ. બાબુભાઇ પ્લીઝ. આપ તેમને ડીસ્ટર્બ ન કરો તેવી મારી વિનંતી છે. પ્લીઝ. પોઇન્ટ ઓફ ઓર્ડર આપ નિયમથી ઉઠાવશો તો જ હું પરમીટ કરીશ પ્લીઝ. નિયમો અનુસાર પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય અને કોઇપણ મંત્રીશ્રી કે સભ્યશ્રીને અડચણ ઉભી કરવા માટે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભા કરવામાં આવશે તો હું પરમિશન નહીં આપું. નિયમ અનુસાર નહીં હોય તો હું નહીં આપું. માનનીય સૌરભભાઇ.

**શ્રી સૌરભભાઇ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ઘણી ચિંતા વ્યકત કરી અને ખાસ કરીને દેવાની ચિંતા કરી. દેવાની ચિંતા કરી છે. એક બેઝીક ઇકોનોમીકનો પ્રિન્સીપલ છે કે ડેવલપમેન્ટની જોડે બોરોઇંગ થાય. આપ સૌ કોઇપણ રાજયનું કોઇ પણ બજેટ કાઢો. દર વર્ષે રાજયનું દેવું વધતું જ હોય. હું આજની વાત નથી કરતો. ૧૯૪૭થી કહું છું. તમે ૧૯૪૭ થી ૨૦૧૨ સુધીનું કોઇપણ રાજયનું કોઇપણ બજેટ કાઢો. કેન્દ્રનું પણ બજેટ કાઢો. દેવું વધતું જ હોય. પણ અગત્યનું શું છે? અગત્યનું

શું છે? અગત્યનું એ છે કે આ જે દેવું કરે છે તે દેવું કરવાના પેરામીટર્સની અંદર છે કે નહીં. આ વિધાનસભાગૃહની અંદર ફીસ્કાલ રિસ્પોન્સીબીલીટી એકટ પસાર કર્યો. અહીંયાંથી હમણાં કહેવામાં આવ્યું કે આખા દેશની અંદર સૌથી વધારે દેવું હોય તો તે ગુજરાતનું કહ્યું. મારે આપના દ્વારા આપ સૌને કહેવું છે કે મહારાષ્ટ્રની અંદર ૨ લાખ ૫૩ હજાર કરોડનું દેવું થવાનું છે. ગઇ સાલ ૨ લાખ ૨૯ હજાર કરોડ હતું. તેમાં વધારો થયો છે. મારે એક વસ્તુ ધ્યાને મૂકવી છે કે મહારાષ્ટ્રનું બજેટ મૂકયું તો તેની બજેટની સાઇઝ ૧ લાખ ૩૬ હજાર કરોડ છે. આપણી આશરે ૧ લાખ કરોડ છે. એક લાખ કરોડની સરખામણીની સામે તમે દેવું જુઓ અને ૧ લાખ ૩૬ હજારની સામે દેવું જુઓ તો ૨ લાખ ૫૩ હજાર કરોડનું દેવુ આ મહારાષ્ટ્રનું થવાનું છે. શું આપણે એમ કહી શકીએ? શું આપણે કહી શકીએ કે, એ લોકોને વહીવટ કરતાં નથી આવડતો? માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી હોતું, એવું નથી હોતું. મારે એમને એવું કહેવું છે કે, આપણા પેરામીટર મહારાષ્ટ્ર સરકાર કરતાં સારા હોય, બીજી સરકાર કરતાં સારા હોય, કેન્દ્ર સરકાર કરતાં સારા હોય, એ આપણી વહીવટી કુશળતા બતાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વિશે પણ કહેવું છે કે, ગુજરાત સરકાર જે કુલ ખર્ચો કરે છે એમાં ૨૨ ટકા financed by borrowings છે અને ભારત સરકારનું ૩૪ ટકા છે, આ જે કાઢયું ને, એટલે જે ખર્ચો કરીએ છીએ ને, એનું ૩૪ ટકા તો લોન લઇ– લઇને કરે છે અને બીજું અહીંયા જે કહેવામાં આવ્યું કે, આપણે borrow કરીને વ્યાજ ચૂકવીએ છીએ. આપણે એ પ્રમાણે નથી કરતા, આ સરકાર ૬૭ ટકા ડેવલપમેન્ટ એક્ષ્પેન્ડીચર કરે છે અને બીજા રાજયોની સરખામણી કરો, એક લાખ કરોડની અંદર ૬૭ હજાર કરોડ ડેવલપમેન્ટ એક્ષ્પેન્ડીચર છે, ૩૩ ટકા નોન ડેવલપમેન્ટ એક્ષ્પેન્ડીચર છે. ત્યારે કેન્દ્ર સરકારનું જુઓ, ૮૬ ટકા જે લોન લે છે ને, એ દેવું ચૂકવવામાં જાય છે, ૮૬ ટકા, ભાઇ, અહીંયા કોઇ ડોકટર નથી, કોઇ PHD નથી, અમે બધા ગુજરાતના પુત્રો છીએ, અને ગુજરાતનો વહીવટ કરીએ છીએ. અમે કોઇ ઇકોનોમીસ્ટ નથી પણ અમારામાં ગુજરાતની પ્રજાની ચિંતા છે અને એટલે આ પ્રમાણે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની બીજી એક વાત કરું, કેન્દ્રનું જે દેવુ છેને, GDP એ બેઝ ગણાય અને જેટલું GDP હોય એની ટકાવારીની અંદર તમે બોરો કરી શકો, દેશમાં RBI અને સેન્ટ્રલ ગવર્નમેન્ટે નોર્મ્સ નકકી કર્યા છે કે ૨૭.૧ ટકાથી વધારે GDP નું બોરોઇંગ ન હોવું જોઇએ, ગુજરાતનું બોરોઇંગ ૨૧ ટકાથી ઓછું છે, કેન્દ્રનું બોરોઇંગ ૪૫ ટકા of GDP છે. બોલો, ૪૫ ટકા, આ સરકારની છે અને ભાઇ, તમે અમને સલાહ આપો એ સલાહ બરાબર આપો તો સાંભળવાનીય મજા આવે. માનનીય અધ્યક્ષશ્રી, મને તો જયારે બજેટમાં વાત કરી ત્યારે ઘણી બધી અહીંયા વાત થઇ કે, મહારાષ્ટ્રમાં આમ છે ને મહારાષ્ટ્રમાં આમ છે, મહારાષ્ટ્રે ગઇ કાલે બજેટ મૂકયું, એમણે LPG ઉપર ૫ ટકા ટેકસ નાખ્યો, અને ગુજરાતમાં માફી છે, એટલે domestic user ઉપર નાખ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, સાડીઓની વાત કરતા હતા, આપણને એટલી તો ખબર હોવી જોઇએ કે, ગુજરાતમાં સાડી ઉપર ટેકસ છે જ નહીં, ગુજરાતમાં સાડી ઉપર ટેકસ છે નહીં, છતાં એક સભ્ય બોલે, અને પછી એમનો બીજો સભ્ય બોલે, પછી એમનો ત્રીજો સભ્ય બોલે, પણ તમે થોડી માહિતી ભેગી કરી હોત તો અમારા નાણાં મંત્રીશ્રીએ તમને પહેલાં કહયું હોત કે ભાઇ, અમે આના ઉપર કોઇ જગ્યાએ ટેકસ રાખતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, હમણાં અહીંયાં વાત કરી, ઇનપુટ ટેકસ ક્રેડીટની ગુજરાતની, બે વર્ષ પહેલાં જયારે કેન્દ્ર સરકારે CST compensation ના આપ્યું, ત્યારે ગુજરાતની input tax ક્રેડીટનું ટ્રાન્સફરની અંદર આપણે બે ટકા ઓછું કર્યું હતું. દર વર્ષે અમે કેન્દ્રમાં જઇએ અને કહીએ કે, અમારા CST compensation તો આપો, અને આજે ગુજરાતના ત્રણ હજાર કરોડ રૂપિયા CST compensation નથી આપ્યું, એ છતાંય કેન્દ્ર સરકારે લખી નાખ્યું કે તમને આવતા દિવસોમાં CST compensation નહીં મળે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જે લોકો ગુજરાતના ઇનપુટ ટેકસ ક્રેડિટની ટીકા કરે છે એમની સરકાર મહારાષ્ટ્રમાં ગઇ કાલે બજેટમાં ગુજરાતના પગલે પગલે નિર્ણય લીધો અને એ લોકોએ પણ આવતા દિવસોમાં ઇનપુટ ટેકસ ક્રેડિટ ઉપર બે

ટકા રાહત નહીં આપે, માનનીય અધ્યક્ષશ્રી, એ લોકોએ પણ લીધો તો શું આપણે ખોટા હતા? તો ખોટા હતા તો એ લોકો કેમ અમારી પાછળ પાછળ આવ્યા? કહો એમને! આ સરકાર છે ને જે અહીંયા વિધાનસભામાં બોલે છે એ કરે છે. અમે અહીંયા ૨૦૧૧-૧૨માં જ્યારે બજેટ મૂક્યું ત્યારે રેવન્યુ સરપ્લસ ૪૪૩ કરોડ બતાવી. સરકારે મહેનત કરી ખર્ચા ઘટાડ્યા અને જ્યારે રીવાઇઝ્ડ બજેટ મૂક્યું તો ૧૯૨૧ કરોડ થયું એટલે કહ્યું હતું એના કરતાં ૧૫૦૦ કરોડ વધારે કર્યા. ત્યારે મહારાષ્ટ્રમાં ૫૮ કરોડ સરપ્લસ મૂકયું હતું અને શું આવ્યું? નેગેટિવ આવ્યું ૨૦૫૮ કરોડ ત્યારે આપણે પોઝિટિવ ૧૫૦૦ કરોડ હવે ક્યાં તો આ ગણાય કે એ ગણાય? અને કેન્દ્ર સરકારની વાત કરું તો એમણે ૩.૦૭ લાખ કરોડ આપ્યું પણ જયારે રીવાઇઝ એસ્ટીમેટ આપ્યા તો ૩.૯૧ ટકા એટલે એમણે જે રસ્તો બતાવ્યો છે એના કરતા ૩૦ ટકા એ લોકો વધારે નેગેટિવમાં ગયા આ આપણા નાણા મંત્રીશ્રી! એટલે ઈફિક્ટિવ મેનેજમેન્ટ કોને કહેવાય? જે વિધાનસભાની અંદર જાહેરાત કરે કે રાજયના આટલા ટેક્સીસ આવશે એને ઈફિક્ટિવ મેનેજમેન્ટ કહેવાય. એક એક વિષય જુઓ ૨૦૦૧-૦૨ સ્ટેટ્સ ટેક્સીસ ૯૨૪૨ કરોડ હતા અત્યારે ૫૧૦૦૦ કરોડ થયા. કોઇ રાજયની પોઝિટિવનેસ આટલી બતાવો? એક પણ રાજય બતાવો દેશમાં. જી.એસ.ડી.પી. ૧ લાખ ૨૩ હજાર હતો એ ૬ લાખ ૭૬ હજાર થયો. પ્લાન સાઇઝ ૬૫૫૦ હજાર, ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર ૧૭૦૦૦નો ૬૭૦૦૦ કરોડ થયો. દસ વર્ષમાં ટોટલ એક્સપેન્ડીચર ૪૩૦૦૦ કરોડનો ૧ લાખ કરોડ થયા પણ નોન ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર ગણીએ તો આ સરકારે વધવા દીધો નથી. Inspite of the fact that કે છઠ્ઠા પગાર પંચના કારણે પગારનું આટલું ભારણ આવ્યું છે. તમે ટકાવારી જોશો બધામાં તો સૌથી ઓછો વધારો નોન ડેવલપેન્ટ એક્સપેન્ડીચરમાં થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, વિચાર કરો આ સરકારો પહેલા ગેરન્ટીઓ આપતી, કંઇ પણ કામ કરવું હોય તો ગેરન્ટી લખો, એક જમાનામાં ૨૦૦૧-૨૦૦૨માં ૧૮,૭૨૩ કરોડની ગેરન્ટી હતી. આ ગેરન્ટીમાં પણ ધીમે ધીમે જેટલી રીન્યુઅલ આવી એ રીન્યુઅલ થવા જ નથી દીધી આપણે અને એના કારણે આજે ગૌરવ સાથે કહી શકીએ કે આજની તારીખમાં ગેરન્ટીનું પ્રમાણ ૭૦૦૦ કરોડ સુધીનું જ થઇ ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને એટલું જ કહેવું છે કે, જયારે અમે દિલ્હી જઇએ છીએ ત્યારે કેન્દ્રની પ્લાન સાઇઝ નક્કી થતી હોય ત્યારે ગુજરાતનો પણ ગ્રોથ નક્કી થાય છે કે ભાઇ, ગુજરાત કેટલો ગ્રોથ કરશે તો કહે ૧૧.૨ ટકા. છે કોઇ રાજય કે જેને ૧૧.૨ ટકા કેન્દ્ર સરકારે ટાર્ગેટ આપ્યો હોય? આ તમારી સરકારે અમને ૧૧.૨ ટકા ટાર્ગેટ આપ્યા છે જયારે પોતે ૭ ટકા કરવાના ફાંફાં થઇ ગયા છે.આ પ્રમાણે છેલ્લા દસ વર્ષમાં ગુજરાત એક માત્ર રાજય છે કે જેણે ૧૦ ટકા ઉપરનો જી.ડી.પી.ગ્રોથ છેલ્લા દસકાથી જાળવી રાખ્યો છે. એટલે મારે બહું સ્પષ્ટપણે કહેવું છે માનનીય સભ્યશ્રીઓને કે જ્યાં પોઝિટિવ હોય ત્યાં પોઝિટિવ ટીકા કરો તો it is most welcome. પરંતુ ટીકા કરવા ખાતર કરશો તો કંઇ મેળ પડવાનો નથી અને આ રાજયની અંદર જ આ પ્રમાણેની સારી કામગીરી માનનીય નાણામંત્રી વજુભાઇ વાળાના કાર્યકાળ દરમ્યાન થઇ છે.

**શ્રી વજુભાઇ વાળા ( નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) (વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઇ આ તબક્કે સૂત્રોચ્ચાર શરૂ કર્યા)જુઓ માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇની સાંભળવાની તૈયારી નથી, શેના માટે ઉભા થઇ ગયા? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય વિપક્ષના સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે કે, આપના તમામ સભ્યશ્રીઓની ચર્ચા માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ સારી રીતે સાંભળી છે એટલે અત્યારે એમનો જવાબ સાંભળવો એ આપણી ફરજમાં આવે છે. પ્લીઝ. બેસી જાવ પ્લીઝ. અધ્યક્ષશ્રી : બેસી જાઓ પ્લીઝ, ઇકબાલભાઇ આપની માગણી યોગ્ય નથી પ્લીઝ આપ બેસી જાઓ, માનનીય વજુભાઇ આપ આપનો જવાબ ચાલુ રાખો.

**શ્રી વજુભાઇ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલેથી જ કહ્યું હતું કે * (xxxxx) (આ તબક્કે કોંગ્રેસ પક્ષના દંડક શ્રી ઇકબાલભાઇ પટેલે ગૃહમાં ઉભાં થઇને પુસ્તક બતાવ્યું.) માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રદર્શન કરે છે. હવે ચોપડી બતાવવાની જરૂર નથી.

---

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ 'કેગનો રિપોર્ટ રજૂ કરો', 'કેગનો રિપોર્ટ રજૂ કરો' તેવા સુત્રોચ્ચારો ચાલુ કર્યા)

માનનીય અધ્યક્ષશ્રી, આ બધાય એકેય સાંભળવાના નથી અને (xxxxx) (xxxxx) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : માનનીય વજુભાઇ આપ આપનો જવાબ ચાલુ રાખો, આપણે વોટ લેવાના છે પ્લીઝ,

**શ્રી વજુભાઇ રૂ. વાળાઃ** માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે બાબુભાઇ અને બીજા બધા બોલ્યા એ બાબતમાં કહીશ. પહેલાં એકવાર કહેવામાં આવ્યું હતું કે તમે ફક્ત આજે ૨૦૦૦૦ સુધીની જ રાહત આપી, મારે એટલું જ કહેવાનું કે અહીંયા બાબુભાઇ અને અર્જુનભાઇ બોલીને નીકળી ગયા છે, બેમાંથી એકેય જણા સાંભળવા માટે હાજર નથી. મારે એટલું જ કહેવાનું છે કે ૨૦૦૦૦ સુધીની રાહત આપવાની વાત કરી હતી, એ ભૂતકાળમાં કોંગ્રેસવાળાએ કોઇ દિવસ એક પૈસાની રાહત આપી નથી ત્યારે આ ગુજરાત સરકારે એ રાહત આપી છે. બીજું એમણે એમ કહ્યું છે કે, લાકડા ઉપરનો ટેક્સ છે તે ઓછો કરવો જોઇએ, તો મારે એ બાબતમાં કહેવાનું કે આ ટેક્સનું માળખું છે એ કેન્દ્રની અંદર આખા હિંદુસ્તાનના તમામ મંત્રીશ્રીઓ ભેગાં થઇને આ માળખું નક્કી કરે છે અને એ માળખા પ્રમાણે જ ટેક્સ લઇએ છીએ અમે એનાથી કોઇ વિશેષ ટેક્સ લેતાં નથી. એ જ પ્રમાણે એમણે જે વાત કરી છે કે આ પાંજરાપોળમાં પૈસા મળતા નથી અને કૃષિ વિભાગને નાણાં ખાતું પૈસા આપતું નથી. (અંતરાય) અરે ભાઇ પાંજરાપોળની વાત કરું છું. આ તમારું, તમારું, તમે સાંભળો તો ખરા, આ પાંજરાપોળની વાત છે. આ રીતે પ્રવચન હું કરી શકું તેમ નથી એટલે મારી વાત હું ટૂંકમાં પતાવું છું કારણ કે આ કોઇમાં સુધારો થાય તેમ નથી અને મેં કોઇને સુધારવાનો ઇજારો લીધો નથી અને આમનામાં જે લક્ષણ છે એ કોઇ બહાર જવાના નથી.

મેં મારા બજેટની અંદર અને જુદા જુદા વિભાગની અંદર ખૂબ ડિટેઇલમાં ચર્ચા કરી છે અને માનનીય સૌરભભાઇએ પણ બધો વિગતવાર જવાબ આપ્યો છે એટલે હું એટલું કહીશ કે આ રાજયની અંદર ૩૬૧૫ કરોડ રૂપિયાની પુરાંત છે, રાજવિત્તિય ખાધ એ ૩ ટકા હોવી જોઇએ એના બદલે ૨.૬૩ ટકા છે અને જાહેર દેવું જે ૨૭.૧ ટકા હોવું જોઇએ એના બદલે ૨૦.૭૨ ટકા છે. એટલે રાજયની આર્થિક સ્થિતિ ખૂબજ પ્રગતિશીલ છે. એ જ રીતે રાજયની કુલ આવકની અંદર ૨૬ ટકા વધારો થયો છે, એજ પ્રમાણે કુલ આવકમાં ૨૭.૫૬ ટકા વધારો થયો છે, વિકાસલક્ષી ખર્ચમાં ૨૮.૮૮ ટકા વધારો થયો છે અને પ્લાનની અંદર મેં ૩૩.૧૫ ટકાનો વધારો કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ ગુજરાતની વિધાનસભામાં છાતી ઠોકીને કહુ છું કે આખા હિંદુસ્તાનના કોઇપણ રાજયમાં આવું વિકાસલક્ષી બજેટ રજૂ કર્યું હોય એવું કોઇ છે નહિ અને આ ગુજરાત આજે વિકાસ પામી રહ્યું છે અને આ બધું જોઇને હું કહું છું કે તમે સાંભળી લો, અમારા નવજ્યોત સિદ્ધુ અહીંયા આવ્યા હતા અને એમણે કહ્યું હતું કે –

**ગુલશન ગુલશન ફુલ ખીલે હૈ, પંખ લગી વિકાસ કો,**
**જો સ્વર્ગ ના દેખા યારો, તો આ કે દેખો ગુજરાત કો**

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત એક સ્વર્ગની ભૂમિ જેવું વિકાસલક્ષી રાજય છે કે જેની અંદર અમે અમારી અનેક યોજનાઓ આજે બહાર પાડી છે. જેની અંદર હું કહીશ કે વિકાસલક્ષી યોજનાની અંદર વનબંધુ કલ્યાણ યોજના માટે ૪૦ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. આજે ગરીબ સમૃધ્ધિ યોજના માટે ૨૫ હજાર કરોડ રૂપિયા આપ્યા છે અને સાગર ખેડૂ માટે થઇને ૨૧ હજાર કરોડ આગામી પાંચ વર્ષમાં કર્યુ છે. આ કોંગ્રેસે તેની સાત પેઢીની અંદર એક હજાર રૂપિયો પણ નથી આપ્યો. અરે, જેના કાળજાં કૂતરા ખાઇ ગયા હોયને એ કાંઇ ના કરી શકે. તે બે બે કરવાથી કાંઇ વળવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજયની અંદર આ એનો વહીવટ છે તો એ કેન્દ્રમાં કેવો હશે તેની ત્રિરાશી માંડવાની જરૂર છે. હું વિશેષ નહીં કહું પણ મારી જે માગણીઓ છે તે તમામ માગણીઓ મંજૂર રાખવામાં આવે એવી આપને વિનંતી કરું છું.

**આ તબકકે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા**

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૨૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સન ૨૦૧૨-૧૩ના વર્ષના અનુદાનો માટેની ગિલોટીન થયેલી માગણીઓ**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૨-૧૩ના વાર્ષિક નાણાંકિય પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી ૫૭ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ ગઇ છે. આથી બાકી ૫૧ માગણીઓ પૈકી બે માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૪૯ માગણીઓ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું. જેના માગણી ક્રમાંક નીચે મુજબ છેઃ-

**ક્રમાંકઃ ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬, ૧૦૮** રજૂ કરું છું.

ગિલોટીન કરેલી **માગણી ક્રમાંકઃ ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬, ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**વિધાન મંડળની માગણીઓ**

**અધ્યક્ષશ્રી :** હવે હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ મત માટે મૂકું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૫૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર તા.૨૮મી માર્ચ, ૨૦૧૨**
**ચૈત્ર ૮, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક :, ૧, માનનીય સસભ્યશ્રી આત્મારામભાઇ.
શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક : ૧

**ભાવનગર જિલ્લામાં મંજૂર થયેલ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો**

***૩૧૫૧૯ શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) શૂન્ય.

(૨) તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા ?

(આ તબકકે સભાગૃહમાં હાજર વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા `રજૂ કરો, રજૂ કરો, કેગનો રિપોર્ટ રજૂ કરો` ના બેનરોનું ગૃહમાં પ્રદર્શન કરી, કેગનો અહેવાલ સભાગૃહમાં રજૂ કરવા અંગેના સૂત્રોચ્ચારો શરૂ કરતાં)

અધ્યક્ષશ્રી આ રીતે ગૃહમાં આપણે પ્રદર્શન કરી શકતા નથી. આપણે આ રીતે કોઇપણ પ્રદર્શન ગૃહમાં કરી શકતા નથી. પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યશ્રીઓ માટે ખૂબ જ મહત્વનો સમય હોય છે. આ રીતે પ્રદર્શનો આપણે કરી શકતા નથી, પ્લીઝ વિપક્ષના તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ પ્રદર્શન તાત્કાલિક બંધ કરો, પ્લીઝ. આ રીતે ગૃહનું અવમાન થાય એ યોગ્ય નથી. ગૃહમાં આપણે કોઇપણ પ્રકારનું પ્રદર્શન કરી શકતા નથી. આપ કોઇપણ ચર્ચા નિયમાનુસાર કરો. આપણે કોઇપણ ચર્ચા હોય તો નિયમાનુસાર કરવી જોઇએ, પ્લીઝ. આ રીતે આપણે પ્રદર્શન કરી શકતા નથી. પ્રદર્શન બંધ કરવા આપણે વિનંતી છે. (સતત પ્રદર્શન અને સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં) ગૃહને પ્રશ્નોત્તરીના સમય સુધી મુલતવી રાખું છું.**(બપોરના ૧૨-૦૨)**

**મુલત્વી રહેલ ગૃહની બેઠક બપોરના ૧-૦૦ કલાકે ફરી મળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જામનગર જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.

૩૧૪૬૮ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૧ ની સ્થિતિએ જામનગર જિલ્લાના કયા કયા તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે, | (૧) જામનગર જીલ્લાના તમામ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે. |
| (૨) કયા કયા તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજકોટ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ મળેલ અરજીઓ

૩૧૪૯૭ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦−૧૧ અને ૨૦૧૧−૧૨ માં તા.૩૧−૧૨−૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬. |
| (૩) કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૬. |

---------

### અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની આવક

૩૧૪૬૬ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આર.ટી.ઓ. અમદાવાદની કચેરીને સન ૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ, | (૧) ` ૩૩૩.૮૦ કરોડ. |
| (૨) વર્ષ−૨૦૧૦ સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩) આવકમાં જો વધારો થયો હોય તો તે કેટલી રકમનો, અને | (૩) ` ૪૫.૭૦ કરોડનો. |
| (૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### કચ્છ જિલ્લામાં શ્રમજીવીઓને ઈ.એસ.આઈ. સ્કીમ હેઠળ આવરી લેવા માટેની કેન્દ્ર સરકારને દરખાસ્ત

૩૨૧૯૬ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧−૧૨−૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લામાં શ્રમજીવીઓની પૂરતી સંખ્યા હોવા છતાં કેન્દ્ર સરકારને એમ્પલોયમેન્ટ ઈન્સ્યુરન્સ સ્કીમ હેઠળ કચ્છ જિલ્લાનો સમાવેશ કરવા કોઈ દરખાસ્ત કરેલ નથી, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) તા. ૩૧−૧૨−૨૦૧૧ની સ્થિતિએ કચ્છ | (૨) કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં રોજી મેળવતા |

જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં રોજી મેળવતા શ્રમજીવીઓની સંખ્યા કેટલી છે, અને તાલુકાવાર કાયમી રોજી મેળવતા શ્રમજીવીઓની સંખ્યા કેટલી છે, અને

શ્રમજીવીઓની કુલ સંખ્યા **૧,૬૯,૫૫૭** છે. જે પૈકી તાલુકાવાર કાયમી રોજગારી મેળવતા શ્રમજીવીઓની સંખ્યા નીચે દર્શાવેલ વિગતોએ **૫૮૬૧૦** છે.

| તાલુકાનું નામ | કાયમી રોજગારી મેળવતા શ્રમયોગીઓની સંખ્યા |
|---|---|
| ભચાઉ | ૯૫૦૦ |
| ગાંધીધામ | ૧૬૦૦૦ |
| અંજાર | ૧૯૦૦૦ |
| મુન્દ્રા | ૭૦૦૦ |
| માંડવી | ૯૫ |
| ભુજ | ૩૭૦૦ |
| અબડાસા | ૧૭૦૦ |
| લખપત | ૧૪૩૦ |
| નખત્રાણા | ૩૫ |
| રાપર | ૧૫૦ |
| **કુલ** | **૫૮૬૧૦** |

(૩) કચ્છ જિલ્લાને એમ્પલોયમેન્ટ ઈન્સ્યુરન્સ સ્કીમમાં સમાવેશ કરવા રાજ્ય સરકાર તરફથી શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ મળેલ અરજીઓ

૩૧૪૫૫ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૭૧૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૧૬૭૦. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૪૯. |
| (૪) મંજૂર કેસોમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) ` ૨૩,૯૫,૦૦૦/–. |

### નવસારી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ

૩૧૫૧૧ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૮૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૮૪. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૮૪. |

---------

### મહેસાણા જિલ્લામાં એપ્રેન્ટીશશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમો

૩૧૪૫૯ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ એપ્રેન્ટીશશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી હતી, | (૧) ૧૮૯. |
| (૨) આ એકમોમાં કુલ કેટલી બેઠકોની ફાળવણી થયેલ હતી, | (૨) ૧૧૭૩. |
| (૩) ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ હતી, અને | (૩) ૯૯૨. |
| (૪) જગ્યાઓ ખાલી રહેલ હોય તો ખાલી રહેવાના કારણો શાં છે ? | (૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતા નથી. |

તા.૨૮મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

---------

**સાબરકાંઠા જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૩૨૧૪૧ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પેન્શનરોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા પેન્શનરો નવા પગારપંચ પ્રમાણે પેન્શન લે છે અને કેટલા જુના પગાર પંચ પ્રમાણે પેન્શન લે છે, અને

(૩) જુના પગાર પંચ પ્રમાણે પેન્શન ચાલુ રાખવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) ૧૮૫૪૭.

(તાલુકાવાર માહિતી આ સાથેના પત્રક મુજબ છે.)

(૨) ૧૮૧૩૬ પેન્શનરો નવા (છઠ્ઠા) પગાર પંચ પ્રમાણે અને ૪૧૧ પેન્શનરો જુના (પાંચમા) પગારપંચ પ્રમાણે પેન્શન લે છે.

(તાલુકાવાર માહિતી આ સાથેના પત્રક મુજબ છે.)

(૩) ઉક્ત ૧૮૫૪૭ પેન્શનરો પૈકી ૪૧૧ પેન્શનરોનું છઠ્ઠા પગાર પંચ મુજબ પેન્શન રીવાઈઝ થયેલ નથી. જેમાં–

–૫૩ પેન્શનરો કામચલાઉ પેન્શન મેળવે છે.

–૨૨૦ પેન્શનરોના કિસ્સામાં સુધારેલ અધિકૃતિ મુજબ રીવીઝનની કાર્યવાહી પ્રક્રિયામાં છે.

–૧૩૮ પેન્શનરોના કિસ્સામાં પગાર બાંધણી, ચકાસણી અને રીવીઝનની કાર્યવાહી પ્રક્રિયામાં છે.

**પત્રક**

**૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પેન્શનરોની તાલુકાવાર માહિતિ**

| ક્રમ નં. | તાલુકાનું નામ | તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની સંખ્યા | છઠ્ઠા પગાર પંચ અનુસાર પેન્શન મેળવતા પેન્શનરોની સંખ્યા | જુના પગાર પંચ અનુસાર પેન્શન મેળવતા પેન્શનરોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | પ્રશ્ન ખંડ–૧ની માહિતિ | પ્રશ્ન ખંડ–૨ ની માહિતિ | |
| ૧ | મોડાસા | ૨૩૨૩ | ૨૨૬૫ | ૫૮ |
| ૨ | પ્રાંતિજ | ૧૩૮૯ | ૧૩૫૫ | ૩૪ |
| ૩ | ભિલોડા | ૩૧૨૨ | ૩૦૫૬ | ૬૬ |
| ૪ | વિજયનગર | ૧૭૯૫ | ૧૭૫૯ | ૩૬ |
| ૫ | મેઘરજ | ૭૧૩ | ૬૯૪ | ૧૯ |
| ૬ | બાયડ | ૧૨૮૬ | ૧૨૫૯ | ૨૭ |
| ૭ | માલપુર | ૫૩૩ | ૫૩૦ | ૦૩ |
| ૮ | ઈડર | ૧૯૮૭ | ૧૯૪૫ | ૪૨ |
| ૯ | વડાલી | ૨૩૬ | ૨૩૬ | – |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૫૪૫ | ૫૩૦ | ૧૫ |
| ૧૧ | તલોદ | ૮૬૩ | ૮૪૬ | ૧૭ |
| ૧૨ | હિંમતનગર | ૩૭૫૫ | ૩૬૬૧ | ૯૪ |
| કુલ | | ૧૮૫૪૭ | ૧૮૧૩૬ | ૪૧૧ |

---------

**248/p a g e > અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની આવક**

૩૧૪૬૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આર.ટી.ઓ. અમદાવાદની કચેરીને સન ૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ,

(૨) વર્ષ–૨૦૧૦ સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો,

(૩) આવકમાં જો વધારો થયો હોય તો તે કેટલી રકમનો, અને

(૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ` ૩૩૩.૮૦ કરોડ.

(૨) વધારો.

(૩) ` ૪૫.૭૦ કરોડનો.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પોરબંદર જિલ્લામાં આવેલ એચ.એમ.પી.સીમેન્ટ લી. પાસેથી વેચાણવેરા પેટે બાકી રકમ વસુલાત**

૩૦૭૬૮ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં આવેલ એચ.એમ.પી. સિમેન્ટ લી. પાસેથી સેલ્ટેક્સ / વેચાણવેરા પેટેની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | (૧) ` ૪૪.૫૯ કરોડ |
| (૨) તે અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે કેટલી રકમ વસુલ કરવામાં આવી, અને | (૨) શૂન્ય. |
| (૩) ઉક્ત કંપની લાંબા સમયથી વેચાણવેરા પેટેની બાકી રકમ ન ચૂકવતી હોય તો સરકાર મહેસૂલી રાહે પગલાં લેવા માંગે છે કે કેમ ? | (૩) મહેસૂલી રાહે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં મંજૂર થયેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૩૧૪૯૨ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક શ્રમયોગીઓ માટે યોજાયેલ જાગૃતિ શિબીરો**

૩૧૫૩૨ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઔદ્યોગિક શ્રમયોગીઓને, શ્રમ કાયદાની જાણકારી આપવા માટે ૨૦૧૧ના વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી જાગૃતિ શિબીરો યોજવામાં આવી, | (૧) ૦૨ (બે). |
| (૨) આ જાગૃતિ શિબીરોમાં કુલ કેટલા ઔદ્યોગિક શ્રમયોગીઓએ હાજરી આપી, | (૨) ૨૬૭. |
| (૩) આ જાગૃતિ શિબીરોમાં ઔદ્યોગિક શ્રમયોગીઓના મંડળોને બોલાવવામાં આવે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) આવી જાગૃતિ શિબીરોમાં શી જાણકારી આપવામાં આવે છે ? | (૪) શ્રમિકોને લગતા વિવિધ શ્રમ કાયદાઓની જોગવાઈઓ અંગેની જાણકારી આપવામાં આવે છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં વેટની આવક**

૩૧૬૦૪ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વેટની આવક કેટલી થઇ , | (૧) ` ૨૨૫.૬૦ કરોડ. |
| (૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૩.૩૧ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**તાપી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

તા.૨૮મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

૩૧૫૨૨ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૬૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૧૨૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૬૦. |
| (૪) કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? | (૪) ` ૨,૮૮,૦૦૦/–. |

---------

**વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક શ્રમયોગીઓ માટે યોજાયેલ જાગૃતિ શિબીરો**

૩૧૪૫૭ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઔદ્યોગિક શ્રમયોગીઓને, શ્રમ કાયદાની જાણકારી આપવા માટે સન–૨૦૧૧ના વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી જાગૃતિ શિબીરો યોજવામાં આવી, | (૧) ૦૨ (બે) |
| (૨) આ જાગૃતિ શિબીરોમાં કુલ કેટલા ઔદ્યોગિક શ્રમયોગીઓએ હાજરી આપી, | (૨) ૭૦. |
| (૩) આ જાગૃતિ શિબીરોમાં ઔદ્યોગિક શ્રમયોગીઓના મંડળોને બોલાવવામાં આવે છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) આવી જાગૃતિ શિબીરોમાં શી જાણકારી આપવામાં આવે છે ? | (૪) શ્રમિકોને લગતા વિવિધ શ્રમ કાયદાઓની જોગવાઈઓ અંગેની જાણકારી આપવામાં આવે છે. |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં ઐતિહાસિક સ્મારકોની જાળવણી પાછળ થયેલ ખર્ચ**

૩૨૦૮૭ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં ઐતિહાસિક સ્મારકોની જાળવણી અને સુધારણા માટે જિલ્લાવાર કયા કયા સ્થળોની પસંદગી થઈ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | આણંદ જિલ્લો | ખેડા જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯ | – | ૧. વાવ ગામ/મહેમદાવાદ/ખેડા |
| | | – | ૨. વાવ ગામ – કપડવંજ જી. ખેડા |
| | | – | ૩. કુંડ અને તોરણ, ગામ–કપડવંજ, જી. ખેડા. |
| ૨ | ૨૦૧૦ | – | ૧. વાવ, ગામ–મહેમદાવાદ, જી. ખેડા. |
| ૩ | ૨૦૧૧ | ભદ્રકાળી માતાની વાવ, ગામ–ઉમરેઠ, જી. આણંદ | ૧. મોટા ટોડાવાળી વાવ. ગામ–વડથલ, તા. નડીયાદ, જી. ખેડા. |
| | | | ૨. વાવ ગામ–મહેમદાવાદ જી. ખેડા |
| | | | ૩. બત્રીસ કોઠાની વાવ, ગામ–કપડવંજ, જી. ખેડા. |
| | | | ૪. વાવ ગામ–કપડવંજ, જી. ખેડા. |

(૨) આ સ્મારકોની જાળવણી અને સુધારણા પાછળ સરકાર દ્વારા જિલ્લાવાર વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૨)

| ક્રમ | વર્ષ | આણંદ જિલ્લો | ખેડા જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯ | – | ` ૩૯૫૧૦/– |
| ૨ | ૨૦૧૦ | – | ` ૮૨,૫૯૩/– |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૨૦૧૧ | ૧૧,૨૩૦ | ` ૧,૧૮,૬૩૩/- |

(૩) આગામી વર્ષોમાં આ સ્મારકો માટે સરકાર દ્વારા શાં આયોજન થનાર છે ?

(૩) આગામી વર્ષ-૨૦૧૨-૧૩માં આણંદ અને ખેડા જિલ્લાના ઐતિહાસિક સ્મારકો માટે અલગ જોગવાઈ નથી.

**અમદાવાદ જિલ્લામાં વાણિજ્ય વેરાના પાડેલ દરોડા**

૩૧૭૩૯ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વાણિજ્ય વેરાના કેટલા દરોડાઓ તાલુકાવાર પાડવામાં આવ્યા,

(૨) દરોડા દરમ્યાન ગેરરીતિની કેટલી રકમના કેટલા કિસ્સાઓ પકડવામાં આવ્યા, અને

(૩) આવી ગેરરીતિ કરનાર ઈસમો સામે કયા પ્રકારના પગલાઓ લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| તાલુકો | પાડેલ દરોડા |
|---|---|
| અમદાવાદ સીટી | ૭૬૮ |
| બાવળા | ૩ |
| દસક્રોઈ | ૩ |
| ધંધુકા | ૧ |
| રાણપુર | ૧ |
| સાણંદ | ૭ |
| વિરમગામ | ૨ |

(૨) (રકમ ` લાખમાં)

| ગેરરીતિની રકમ | કિસ્સા |
|---|---|
| ૩૬૯૨.૬૯ | ૫૨૩ |

(૩) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ હેઠળ પગલાઓ લેવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૩૧૫૦૪ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ કયા કયા દર્દો માટે વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજુર કરવામાં આવી, અને

(૨) તેમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| રોગ | અરજી |
|---|---|
| ટી.બી. | ૧૧૨૯ |
| કેન્સર | ૨૭૨ |
| રક્તપિત | ૩૭ |
| એઈડ્ઝ | ૨૮૦ |
| **કુલ** | **૧૭૧૮** |

(૨) ` ૩૧,૦૮,૬૦૦.

---------

**રાજય સરકારે એસ.ટી.બસો ખરીદવા ફાળવેલ રકમ**

૩૨૧૬૩ **શ્રી ઇકબાલ પટેલ( વાગરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા એસ.ટી. બસો ખરીદવા માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ રકમમાંથી કેટલી રકમની કુલ કેટલી બસો ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | ફાળવેલ રકમ (` કરોડમાં) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૮૧.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૪૪૦.૦૦ |

(૨)

| વર્ષ | રકમ (` કરોડમાં) | ખરીદેલ બસોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૮૧.૦૦ | ૧૯૫૧ |
| ૨૦૧૧-૧૨ | - | બસો ખરીદવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. |

---------

તા.૨૮મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં યોજાયેલ ઔદ્યોગિક ભરતીમેળા**

૩૧૪૬૯ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૩૦. |
| (૨) આ ભરતી મેળાના કારણે કેટલા ઉમેદવારોને રોજગારી મળી? | (૨) ૪૦૬. |

**તાપી જિલ્લામાં કાર્યરત સરકારી આઇ.ટી.આઇ.**

૩૧૬૪૭ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કયા કયા તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. કાર્યરત છે, | (૧) તાપી જિલ્લાના તમામ તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. કાર્યરત છે. |
| (૨) આ આઇ.ટી.આઇ.માં તાલીમાર્થી માટે મંજૂર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને | (૨) ૧૫૬૮ બેઠકો મંજૂર થયેલ છે. |
| (૩) જે તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૧૪ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અમે અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ટ્યુશન સહાય યોજના માટે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) ૦૩. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી? | (૩) ૦૧. |

---------

**જુનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૬૯ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં જુનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૭ સંસ્થા. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, | (૨) ૭ સંસ્થાના ૧૭૮ લાભાર્થી. |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૩) કુલ સહાય ` ૯,૬૦,૦૦૦/–. |
| (૪) લાભાર્થીઓની અરજી નામંજૂર કરેલ હોય તો તેના સામાન્ય કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**હિંમતનગર આર.ટી.ઓ. કચેરીની આવક**

૩૧૫૬૦ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આર.ટી.ઓ. હિંમતનગરની કચેરીને સન ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) ` ૪૫.૨૦ કરોડ. |
| (૨) વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો, અને | (૩) ` ૯.૨૫ કરોડનો. |
| (૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૩૧૫૫૩ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૬૩૭૯. |
| (૨) વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ૨૦૫૧. |

---------

**અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૭૬ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૫૭. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૮. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૫૩૫.૦૦ લાખ. |

---------

**ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ કાર્યરત અકાદમીઓ**

૩૨૨૦૫ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ હાલ કેટલી ભાષાની અકાદમીઓ કાર્યરત છે, | (૧) ૫ (પાંચ). |
| (૨) આ વિવિધ ભાષાની અકાદમીઓ તેના બંધારણ મુજબ કાર્યરત છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના તો તેના કારણો કયા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મંજૂર કરેલ અરજીઓ**

તા.૨૮મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

૩૧૪૭૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં નિરાધાર વૃધ્ધ સહાય અને વયવંદના હેઠળ કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને

(૨) આ અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) સામેલ **પત્રક–૧** મુજબ.

(૨) ૧. અરજદારનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ ન હોવાથી.

૨. બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ નો સ્કોર ધરાવતા ન હોવાથી.

૩. પુખ્તવયનો પુત્ર હોવાથી.

૪. નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી.

૫. અરજદાર અરજીમાં દર્શાવેલ સ્થળે રહેતા ન હોવાથી.

૬. અરજદારનું અવસાન થવાથી.

**પત્રક–૧**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નિરાધાર વૃધ્ધ સહાય** | | | | | | **વયવંદના** | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯ | | વર્ષ ૨૦૧૦ | | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૦૯ | | વર્ષ ૨૦૧૦ | | વર્ષ ૨૦૧૧ | |
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | ગોધરા | ૭૯ | ૧૯ | ૭૧ | ૧૮ | ૬૬ | ૨૫ | ૪૪૯ | ૭૯ | ૧૦૮૦ | ૧૩૧ | ૭૧૧ | ૭૮ |
| ૨ | કાલોલ | ૬૫ | ૧૪ | ૬૪ | ૧૧ | ૪૬ | ૨૫ | ૨૭૭ | ૧૭ | ૧૧૨૮ | ૪૪ | ૧૮૪ | ૩૪ |
| ૩ | હાલોલ | ૨૮ | ૧૭ | ૪૩ | ૧૯ | ૨ | ૧૨ | ૫૯ | ૨ | ૪૧૮ | ૨ | ૨૭ | ૩ |
| ૪ | ઘોઘંબા | ૮ | ૮ | ૧૯ | ૧૫ | ૨૫ | ૧૪ | ૩૦ | ૬ | ૫૦૮ | ૩૧ | ૧૫૨ | ૧૭ |
| ૫ | મોરવા (હ) | ૨૨ | ૮ | ૨૯ | ૧૯ | ૧૭ | ૨ | ૨૨૭ | ૩૭ | ૭૩૫ | ૧૦ | ૭૬ | ૧૦ |
| ૬ | જાંબુઘોડા | – | – | ૨ | – | ૧ | – | ૧ | – | ૧૩૯ | ૧૪ | – | – |
| ૭ | લુણાવાડા | ૪૯ | ૧૮ | ૧૭ | ૯ | ૩૯ | ૩૦ | ૪૩૧ | ૬ | ૫૩૧ | ૫૧ | ૨૧૬ | ૭૮ |
| ૮ | શહેરા | ૬૧ | ૩૦ | ૩૫ | ૧૪ | ૪૦ | ૨૨ | ૮૦૫ | ૯ | ૧૩૯૭ | ૧૯૮ | ૪૭૯ | ૨૯૫ |
| ૯ | સંતરામપુર | ૩૬ | ૧૧ | ૮ | ૨ | ૭ | ૧૯ | ૧૫૯૬ | ૭ | ૮૩૬ | ૬૯ | ૪૦૬ | ૧૦૧ |
| ૧૦ | કડાણા | ૨૭ | ૮ | ૧૬ | ૫ | ૮ | ૨૯ | ૪૬૯ | ૫ | ૬૩૨ | ૧૯ | ૨૭૦ | ૪૬ |
| ૧૧ | ખાનપુર | ૨૨ | ૬ | ૧૪ | ૫ | ૧૦ | ૩ | ૩૬૪ | ૨ | ૨૬૪ | ૧૬ | ૫૯ | ૨૫ |
| | કુલ | ૩૯૭ | ૧૩૯ | ૩૧૮ | ૧૧૭ | ૨૬૧ | ૧૮૧ | ૪૭૦૮ | ૧૭૦ | ૭૬૬૮ | ૫૮૫ | ૨૫૮૦ | ૬૮૭ |

---------

## મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરને આધુનિકરણ કરવા થયેલ ખર્ચ

૩૧૪૭૬ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના આધુનિકરણ અંતર્ગત શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે.

**જવાબ**

(૧) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના ત્રણ માળનું ફ્લોરીંગ તથા ત્રીજા માળનું રીનોવેશન તથા આર.એફ.આઈ.ડી. (રેડીયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન ડીવાઈસ) સીસ્ટમથી આધુનિકરણ કરવામાં આવ્યું.

(૨) ` ૯૬.૯૨ લાખ.

---------

## મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક શ્રમયોગીઓ માટે યોજાયેલ જાગૃતિ શિબિરો

૩૧૫૩૧ **શ્રી કાંતિભાઈ રા. પટેલ(વિજાપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઔદ્યોગિક શ્રમયોગીઓને, શ્રમ કાયદાની જાણકારી આપવા માટે ૨૦૧૧ના વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી જાગૃતિ શિબિરો યોજવામાં આવી,

(૨) આ જાગૃતિ શિબિરોમાં કુલ કેટલા ઔદ્યોગિક

**જવાબ**

(૧) ૦૨ (બે).

(૨) ૨૬૭.

શ્રમયોગીઓએ હાજરી આપી,

(૩) આ જાગૃતિ શિબિરોમાં ઔદ્યોગિક શ્રમયોગીઓના મંડળોને બોલાવવામાં આવે છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) શિબિરોમાં શી જાણકારી આપવામાં આવે છે ?

(૪) શ્રમિકોને લગતા વિવિધ શ્રમ કાયદાઓની જોગવાઈઓ અંગેની જાણકારી આપવામાં આવે છે.

---------

**વેપારી વર્ગને વેટ માટે નોંધણી નંબર મેળવવા માટે સરળ પદ્ધતિનો અમલ**

૩૧૬૦૬ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વેપારી વર્ગને વેટ માટે નોંધણી નંબર સરળતાથી મળે રહે તે માટે કોઈ નવી પદ્ધતિ અમલમાં મુકવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા સુધારા સાથે નવી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, તા. ૧–૧૨–૨૦૧૧ થી નવી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે.

(૨) નવી નોંધણી પદ્ધતિ મુજબ વેપારી નોંધણી નંબર લેવા માટે ઓનલાઈન અરજી કરી શકે છે. જે મુજબ અરજી સાથે ચોક્કસ રકમની જામીનગીરી તથા પેઢીના બંધારણ અનુસાર મર્યાદિત અને ચોક્કસ પુરાવાઓ રજુ કરવાના રહે છે. જે રજુ કરવાથી અરજી મળ્યાના ૩ દિવસની અંદર ઓનલાઈન કામચલાઉ નોંધણી નંબર ઈશ્યુ કરવામાં આવે છે. નોંધણી નંબરની અરજીના અનુસંધાને પુરાવાઓની તથા ધંધાના સ્થળની ચકાસણી કરીને ૩૦ દિવસમાં કાયમી નોંધણી નંબર ઈસ્યુ કરવામાં આવે છે. જો ૩૦ દિવસમાં કાયમી નોંધણી નંબર ઈશ્યુ કરવામાં ન આવે તો ડીમ્ડ રજીસ્ટ્રેશન ગણાય છે. નવી પદ્ધતિ અનુસાર વેપારીને ડીજીટલ સિગ્નેચરવાળુ નોંધણી પ્રમાણપત્ર ઓનલાઈન ઈશ્યુ કરવામાં આવે છે, જે વેપારી જાતે ઓનલાઈન પ્રિન્ટ કરીને મેળવી શકે છે.

---------

**રાજ્યમાં નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ**

૩૧૬૧૭ **શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૧ના વર્ષમાં રાજ્યમાં કેટલી નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ શરૂ કરવામાં આવી, અને

(૨) આ નવી તાલીમ સંસ્થાઓ શરૂ થતાં કેટલી બેઠકોનો વધારો થયો ?

**જવાબ**

(૧) ૩૬.

(૨) ૪૬૦૮.

---------

**રાજકોટ જિલ્લામાં લઘુત્તમ વેતન કરતા ઓછા વેતનની ચુકવણીના કિસ્સા**

૩૧૫૩૪ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન લઘુત્તમ વેતન કરતાં ઓછા વેતનની ચૂકવણી કરવામાં આવતી હોય તેવા કેટલા કિસ્સા શ્રમ તંત્રના ધ્યાન પર આવ્યા છે કે કેમ,

(૨) જો હા તો ધ્યાન પર આવેલા કિસ્સાઓને કારણે કેટલા ઔદ્યોગિક શ્રમ યોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરવામાં આવી, અને

(૩) શ્રમ યોગીઓને કેટલી રકમની ચૂકવણી કરવામાં

**જવાબ**

(૧) ૦૭

(૨) ૫૨

(૩) ` ૧,૭૦,૦૦૯/–

આવી ?

---------

**સાબરકાંઠા જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો**

૩૧૯૧૦ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા( મેઘરજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરીની ભલામણ કરવામાં આવી,

(૩) તે પૈકી અનુસૂચિત જનજાતિના અને અનુસૂચિત જાતિના તેમજ લઘુમતિના કેટલા બેરોજગારો હતા, અને

(૪) બાકી રહેલ બેરોજગારોને રોજગારી આપવા સરકાર શાં પગલાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) ૫૪૩૧૯.

(૨) ૯૪૧૯.

(૩) ઉક્ત ખંડ (૨) પૈકી

| અન. જનજાતિ | અનુ.જાતિ | લઘુમતિ |
|---|---|---|
| ૧૦૫૩ | ૩૧૪૯ | ૧૭૩ |

(૪)
- નોકરીદાતાઓની માંગણી મુજબ બેરોજગાર ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.
- ઔદ્યોગિક ભરતી મેળાઓ અને લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે.
- લશ્કરી ભરતી માટે લેખિત પરીક્ષા માટે તાલીમ વર્ગો દ્વારા તાલીમ આપવામાં આવે છે.
- તાલુકા કક્ષાએ સ્વરોજગાર શિબિરો દ્વારા માર્ગદર્શન, શાળા કોલેજોમાં કેરીયર કોર્નર દ્વારા કારકિર્દીલક્ષી માર્ગદર્શન વિગેરે દ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

---------

**તાપી જિલ્લામાં મંજૂર થયેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૩૧૪૯૬ **શ્રી નાનુભાઈ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૪૫૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી ના મંજૂર કરવામાં આવી, અને

(૪) મંજૂર કેસોમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૭૧૯.

(૨) ૧૬૭૦.

(૩) ૪૯.

(૪) ` ૨૩,૯૫,૦૦૦/-.

---------

**સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૩૧૫૫૨ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લા રોજગાર કચેરીમાં ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૧૮૦૦૯ |
| (૨) વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ૬૮૦૨ |

---------

**ભરૂચ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૩૧૪૯૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ગણવેશ સહાય યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૧,૦૭,૯૩૯. |
| (૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) ` ૧,૮૮,૪૧,૧૦૦ /–. |

---------

**પંચમહાલ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૪૮૪ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના માટે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી? | (૩) ૦૭. |

---------

**પંચમહાલ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૪૮૫ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના માટે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી? | (૩) ૦૭. |

---------

**રાજકોટ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઈસમોની મળેલ અરજીઓ**

૩૧૬૧૮ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં રાજકોટ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઈસમોને લાભ આપવા માટે | (૧) ૪૦૫. |

કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરેલ છે, અને — (૨) ૪૦૫.

(૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? — (૩) ` ૧૮.૦૪ લાખ.

---------

**રાજ્યનું કુલ દેવું**

૩૦૫૮૪ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું છે, — (૧) ` ૧,૧૮,૨૯૯ કરોડ (અંદાજીત)

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના કુલ દેવામાં વર્ષવાર કેટલો વધારો થયો છે, — (૨)

**(` કરોડમાં)**

| **નાણાકીય વર્ષ** | **દેવામાં વધારો** |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૭૭૦૧ |
| ૨૦૦૯-૧૦ | ૧૧૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૨૮૬૪ |
| ૨૦૧૧-૧૨ (૩૧-૧૨-૨૦૧૧ સુધી (અંદાજીત) | ૭૪૨૬ |

(૩) રાજ્યનું દેવું વધવાના શા કારણો છે, અને

(૪) રાજ્ય સરકાર દેવામાંથી ઉગરવા માટે કોઈ પ્રયત્નો કરવા માંગે છે?

(૩) અને (૪) આયોજનના કામો માટે જાહેર દેવા દ્વારા સંશાધન ઊભા કરવા, તે સ્વીકાર્ય પધ્ધતિ છે. વાર્ષિક વકાસ યોજનાના ખર્ચની વૃદ્દિધ અનુસાર રાજ્યનું દેવું પ્રાપ્ત કરવામાં આવે છે. દેવાના પ્રમાણને નાણા પંચ દ્વારા સૂચિત રાજવિત્તીય ધોરણોની મર્યાદામાં જાળવવામાં આવ્યુ છે. રાજ્ય સરકારના કુશળ નાણાકીય વ્યવસ્થાપનથી છેલ્લા પાંચ વર્ષોમાં જી.એસ.ડી.પી.ની ટકાવારી પ્રમાણે જાહેર દેવાનુ પ્રમાણ ૨૪.૦૯ % થી ઘટાડીને ૨૧.૦૭ % ના સ્તરે લાવવામાં આવ્યું છે.

---------

**કચ્છ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૩૧૪૯૧ **શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી (માંડવી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ગણવેશ સહાય યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને — (૧) ૩,૩૧,૬૧૦.

(૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? — (૨) ` ૫,૮૨,૬૨,૬૦૦ /-.

---------

**વલસાડ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૧૮ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી, — (૧) ૧૮૦.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, — (૨) ૧૫૧.

(૩) કેટલી અરજીઓમાં નામંજૂર કરવામાં આવી, અને — (૩) ૨૯.

(૪) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? — (૪) ` ૫,૯૪,૧૮૧ /-.

---------

**મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરને આધુનિકરણ કરવા થયેલ ખર્ચ**

૩૧૪૭૭ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના આધુનિકરણ અંતર્ગત શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે.

**જવાબ**

(૧) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના ત્રણ માળનું ફ્લોરીંગ તથા ત્રીજા માળનું રીનોવેશન તથા આર.એફ. આઈ.ડી. (રેડીયો ફ્રિકવન્સી આઇડૅન્ટીફીકેશન ડીવાઈસ) સીસ્ટમથી આધુનિકરણ કરવામાં આવ્યું.

(૨) ` ૯૬.૯૨ લાખ.

---------

**કચ્છ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં મંજુર થયેલ મહેકમ**

૩૦૬૭૫ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે.

(૨) તે પૈકી તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે?

**જવાબ**

(૧) મંજૂર થયેલ મહેકમ ૪૮ જગ્યાઓનું છે.

(૨) તે પૈકી તા. ૩૧–૧–૧૨ ની સ્થિતિએ સંવર્ગવાર કુલ ૧૪ જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યા પડ્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ–૧ | ૦૧ | તા. ૧–૬–૧૧ થી |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ–૨ | ૦૨ | ૧ જગ્યા ૧૦–૯–૦૧ થી<br>૧ જગ્યા ૧૦–૫–૧૦ થી |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર, વર્ગ–૨ | ૦૧ | તા. ૩૧–૭–૦૧ થી |
| ૪ | વહીવટી અધિકારી, વર્ગ–૨ | ૦૧ | તા. ૧–૩–૧૧ થી |
| ૫ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ–૨ | ૦૧ | તા. ૧૧–૧૧–૧૦ થી |
| ૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ–૩ | ૦૨ | બંન્ને જગ્યા ૧૦–૫–૧૦ થી |
| ૭ | જુનીયર કલાર્ક, વર્ગ–૩ | ૦૩ | ૧ જગ્યા ૯–૨–૧૧ થી<br>૧ જગ્યા ૪–૭–૧૧ થી<br>૧ જગ્યા ૨૧–૭–૧૧ થી |
| ૮ | હિસાબનીશ, વર્ગ–૩ | ૦૧ | તા. ૧૮–૧૧–૦૭ થી |
| ૯ | આંકડા મદદનીશ, વર્ગ–૩ | ૦૧ | તા. ૨૨–૭–૦૩ થી |
| ૧૦ | ડ્રાઈવર, વર્ગ–૩ | ૦૧ | તા. ૧૧–૭–૧૧ થી |
| | કુલ :– | ૧૪ | |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી ગતિમાં છે.

**અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૭૩ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષિણક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૦૭.

(૨) ૦૬.

(૩) ૦૧.

(૪) ` ૩૫.૦૦ લાખ.

---------

તા.૨૮મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૨૧ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૩૭૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૩૩૦૦. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૭૯. |
| (૪) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) ` ૩૮,૮૬,૫૦૦/–. |

–––––––––

**રાજ્યમાં નવા સરકારી ગ્રંથાલયો શરૂ કરવા બાબત**

૩૧૪૮૩ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં રાજ્યમાં નવા સરકારી ગ્રંથાલયો કયા કયા તાલુકામાં શરૂ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) રાજ્યના ૩૩ તાલુકા મથકોએ ગ્રંથાલયો શરૂ કરવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

| **જિલ્લો** | **તાલુકા મથક** |
|---|---|
| મહેસાણા | બેચરાજી |
| બનાસકાંઠા | દાંતીવાડા, ભાભર |
| પંચમહાલ | મોરવાદડફ, કડાણા, ખાનપુર |
| ભરૂચ | વાગરા |
| દાહોદ | ફતેપુરા, ધાનપુરા |
| નર્મદા | સાગબારા |
| રાજકોટ | કોટડાસાંગાણી, લોધીકા, પડધરી, માળીયા–મીયાણાં, ટંકારા |
| સુરેન્દ્રનગર | મૂળી, ચૂડા |
| જામનગર | ધ્રોલ, જોડીયા, લાલપુર |
| કચ્છ | રાપર, લખપત |
| સૂરત | ઉમરપાડા |
| વલસાડ | કપરાડા |
| ભાવનગર | ઘોઘા, વલ્લભીપુર, ગારીયાધાર |
| જૂનાગઢ | ભેંસાણ, માણાવદર, સુત્રાપાડા |
| ખેડા | વિરપુર, કઠલાલ |
| અમદાવાદ | બરવાળા |

(૨) તેમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

(૨) ` ૫૮.૪૧ લાખ.

–––––––––

**અમરેલી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૩૧૫૫૪ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં રોજગાર કચેરીમાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૬૩૭૯. |
| (૨) વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ૨૦૫૧. |

**નવસારી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૧૩ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૮૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૨) ૮૪. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૮૪. |

---------

**પાટણ જિલ્લામાં વેટની આવક**

૩૧૫૮૯ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં પાટણ જિલ્લામાં વેટની આવક કેટલી થઇ , | (૧) ` ૭૫.૯૬ કરોડ. |
| (૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૩૯.૮૪ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૩૧૫૦૭ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ કયા કયા દર્દો માટે વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં
તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજુર કરવામાં આવી, અને

(૨) તેમાં કૂલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **રોગ** | **અરજી** |
|---|---|
| ટી.બી. | ૪૪૬ |
| કેન્સર | ૧૫૬ |
| રક્તપિત | ૫૨ |
| એઇડઝ | ૧૮૦ |
| **કુલ** | **૮૩૪** |

(૨) ` ૧૯,૨૮,૮૫૦/–.

---------

**મહેસાણા જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૭૧ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૦૬. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) શૂન્ય. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૩૫.૦૦ લાખ. |

---------

**નોન ક્રિમીલીયરની આવક મર્યાદામાં સુધારો કરવા બાબત**

૩૨૧૨૦ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) :** તા. ૩૦–૬–૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૨૧૯ (અગ્રતા–૪૪) અન્વયે **માનનીય સામાજિક ન્યાય અને અધકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની નોન ક્રિમીલીયરની આવક મર્યાદા ` ૪.૫૦ લાખ તા.૧૪–૧૦–૨૦૦૮ ના રોજ કરાવી છે. તે મુજબ સુધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી તે બાબત હાલ કયા તબક્કે છે, અને | (૧) વિચારણાના તબક્કે. |
| (૨) તેનો નિર્ણય ક્યાં સુધી કરવામાં આવશે ? | (૨) વિચારણા પુરી થયેથી. |

---------

તા.૨૮મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૫૧૭ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭. |
| (૩) કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૧૭. |

---------

**ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવા મળેલ અરજીઓ**

૩૧૫૪૯ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૫૭૨. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવી? | (૨) ૫૪૪ કન્યાઓને. ` ૧૨,૮૨,૩૪૪/–ની કીંમતની સાયકલો આપી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૧૮૬૭ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૫૩ |
| ૨ | વંથલી | ૧૬૨ |
| ૩ | માણાવદર | ૧૨૨ |
| ૪ | કેશોદ | ૨૭૭ |
| ૫ | માંગરોળ | ૨૦૫ |
| ૬ | માળીયા (હા) | ૩૬૭ |
| ૭ | વેરાવળ | ૩૨૧ |
| ૮ | સૂત્રાપાડા | ૧૦૫ |
| ૯ | કોડીનાર | ૩૦૭ |
| ૧૦ | ઉના | ૨૧૦ |
| ૧૧ | તલાલા | ૧૨૬ |
| ૧૨ | વિસાવદર | ૧૨૫ |
| ૧૩ | મેંદરડા | ૧૪૬ |
| ૧૪ | ભેંસાણ | ૮૬ |
| | **કુલ** | **૨૯૧૨** |

(૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી કેટલાને તેના લાભો આપવામાં આવ્યા, અને

(૨)

| વર્ષ | મંજુર કરેલ અરજીઓ |
|---|---|
| ૨૦૦૯ | ૬૮૭ |
| ૨૦૧૦ | ૮૭૪ |
| ૨૦૧૧ | ૧૦૭૪ |

(૩) વર્ષવાર કુલ કેટલી સહાય ચૂકવેલ ?

(૩)

| વર્ષ | ચુકવેલ સહાયની રકમ રૂા. લાખમાં |
|---|---|

| | |
|---|---|
| ૨૦૦૯ | ૩૪.૩૫ |
| ૨૦૧૦ | ૪૩.૭૦ |
| ૨૦૧૧ | ૫૩.૭૦ |

---------

## બારડોલી એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૩૧૫૫૮ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) એ.આર.ટી.ઓ બારડોલીની કચેરીને સન ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ,

(૨) વર્ષ–૨૦૧૦ સંદર્ભમાં વધારો થયો કે ઘટાડો,

(૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો, અને

(૪) ઘટાડો થયો હોય તો તેના કારણો ?

**જવાબ**

(૧) ` ૨૩.૭૪ કરોડ.

(૨) વધારો.

(૩) ` ૧.૨૨ કરોડનો.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં નવા સરકારી ગ્રંથાલયો શરૂ કરવા બાબત

૩૧૪૮૨ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં રાજ્યમાં નવા સરકારી ગ્રંથાલયો કયા કયા તાલુકામાં શરૂ કરવામાં આવ્યા, અને

(૨) તેમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) રાજ્યના ૩૩ તાલુકા મથકોએ ગ્રંથાલયો શરૂ કરવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકા મથક |
|---|---|
| મહેસાણા | બેચરાજી |
| બનાસકાંઠા | દાંતીવાડા, ભાભર |
| પંચમહાલ | મોરવાદડફ, કડાણા, ખાનપુર |
| ભરૂચ | વાગરા |
| દાહોદ | ફતેપુરા, ધાનપુરા |
| નર્મદા | સાગબારા |
માનનીય અધ્યક્ષશ્રી : આ રીતનું પ્રદર્શન કોઇપણ રીતે યોગ્ય નથી. વિધાનસભાનું સન્માન જળવાય એ જોવાની તમામ સભ્યશ્રીની ફરજો છે, પ્લીઝ. (સતત અંતરાય) વિપક્ષના સભ્યશ્રીઓ દ્વારા બેનરનું પ્રદર્શન તેમજ 'મોદી તેરા કેસા ખેલ, ખા ગયા જમીન પી ગયા તેલ'ના સૂત્રોચ્ચાર. (સતત અંતરાય) આપે નિયમાનુસાર પરવાનગી લઇને આ બાબતોની ચર્ચા કરવી જોઇહે. આ વિધાનસભાનું અવમાન થાય એ રીતું વિપક્ષ દ્વારા જે રીતે પ્રદર્શન થઇ રહયું છે એ યોગ્ય નથી, પ્લીઝ હું અડધો કલાક માટે ગૃહને મુલત્વી રાખું છું.

મુલતવી

**(બપોરના ૧:૦૨ કલાકે)**

**મુલત્વી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧-૩૨ કલાકે ફરીમળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)(ક્રમશઃ)

**શ્રી સૌરભભાઇ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયોતિગ્રામ યોજનાના સફળ અમલીકરણ બાદ તમામ કાક્ષાના વીજ ગ્રાહકોને સતત થ્રી ફેઇઝ વીજ પુરવઠો ૨૪ કલાક પરો પાડવામાં આવે છે અને કૃષિ ક્ષેત્રે પણ ગુણવતાયુકત વીજ પુરવઠો મળતો થયો છે.

રાજયના ઘણા પ્રજાજનો વીજ બિલના નાણાં બાકી રહેવાના કારણે કે અન્ય કારણોસર વીજ જોડાણથી રાજયમાં પ્રજાજનો કે જેઓ વીજ બિલની બાકી રકમને કારણે વીજ જોડાણથી વંચિત છે તેઓને વીજ જોડાણની સુવિધા મળી રહે તે હેતુથી તેમજ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી વીજ બિલની રકમ ઝડપથી વસુલ વંચિત રહેલ છે. રાજય સરકારનો ઉદ્દેશ્ય છે કે રાજયના તમામ પ્રજાજનોને વીજ સુવિધા પ્રાપ્ત થાય **(Power to all)** તેમજ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી વીજ બિલની રકમ ઝડપથી

વસુલ કરી શકે તે હેતુથી દરેક વ્યકિતને વીજ જોડાણ પુરું પાડવા એક વખતની રાહતના પગલાં તરીકે માફી યોજના જાહેર કરવાના સરકારશ્રીના નિર્ણની આ સન્માનનીય ગૃહને જાણ કરુંછું.

હાલમાં રાજયની ચારેય વીજ વિતરણ કંપનીઓ દ્વારા બાકી લ્હેણાંની વસુલાત માટે સમગ્ર રાજયની વિવિધ અદાલતોમાં દાખલ કરાયેલ દીવાની દાવાઓ હજુ પણ પડતર રહેલ છે. આ ઉપરાંત કેન્દ્રીય વીજ કાયદો, ૨૦૦૩ અમલમાં આવતાં વીજ કાયદા, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ નોંધાયેલ વીજ ચોરીના કેસો ખાસ અદાલતોમાં પડતર છે. આવા કેસો પડતર રહેવાના કારણે એક બાજુ સંબંધિત વ્યકિતઓ વીજ જોડાણ મેળવી શકતી નથી. જયારે બીજી બાજુ આ કાનૂની દાવાઓ પાછળ ઘણી મોટી રકમનો ખર્ચ અને કર્મચારીગણનું રોકાણ હોવા છતાં બાકી લ્હેણાંની રકમ ઘણા સમય સુધી વસુલ થઇ શકતી નથી.

રાજયમાં પ્રજાજનો કે જેઓ વીજ બિલની બાકી રકમને કારણે વીજ જોડાણથી વંચિત છે તેઓને વીજ જોડાણની સુવિધા મળી રહે તે હેતુથી તેમજ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી વીજ બિલની રકમ ઝડપથી વસુલ કરી શકે તે હેતુથી આ યોજના જાહેર કરવામાં આવે છે.

આ યોજના હેઠળ કાયમી ધોરણે વીજ જોડાણ કપાયેલ ગ્રાહકોના કેસો, વીજ કાયદો-૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ વીજ ચોરીના ગેના માટે કાયમી ધોરણે કપાયેલ વીજ જોડાણો અને બિનગ્રાહકો, પડતર દીવાની દાવાઓ અને કુદત બહારના કેસો આ યોજના હેઠળ આવરી લેવાયેલ. આ યોજના તા.૧-૪-શ૦૧૨થી લાગુ પાડવામાં આવશે.

આ યોજના હેઠળ વિવિધ પ્રકારના વીજ જોડાણો માટે નીચે મુજબની રકમ માફ કરવામાં આવશે.

**(૧) રહેણાંકના હેતુ માટેના વીજ જોડાણો :**

**(અ) બીપી.એલ. (ગરીબી રેખા નીચેના) વીજ ગ્રાહકો :**

બાકી વીજ બીલની પુરેપૂરી ૧૦૦ % મૂળ રકમ ઉપરાંત બિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ ... રકમ માફ કરવામાં આવશે.

**(બ) બી.પી.એલ. સિવાયના વીજ ગ્રાહકો :**

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫,૦૦૦/- સુધીની હશે તો વીજ બીલની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫,૦૦૧/- થી રૂપિયા ૧૦,૦૦૦/- સુધીની હશે તો મૂળ રકમના ૮૦% રકમ માફ કરવામાં આવશે. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦... રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૧૦,૦૦૧/- થી રૂપિયા ૧,૦૦,૦૦૦/- સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૬૫% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત બિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦... રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૧,૦૦,૦૦૧/- થી રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- સુધી હશે તો વીજ બીલની મૂળ રકકમના ૬૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦,૦૦,૦૦૧/- થી રૂપિયા ૧,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ) સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૫૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

**(૨) વાણિજિયક હેતુના વીજ જોડાણો :**

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫,૦૦૦/- સુધીની હશે તો વીજ બીલની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦.. રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫,૦૦૧/- થી રૂપિયા ૧૦,૦૦૦/- સુધીની હશે તો મૂળ રકમના ૮૦ % રકમ માફ કરવામાં આવશે. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ % રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૧૦,૦૦૧/- થી રૂપિયા ૧,૦૦,૦૦૦/- સુધીની હશે તો વીજ બીલની મૂળ રકમના ૬૫ % રકમ માફ કરવામાં આવશે.. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ % રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૧,૦૦,૦૦૧/- થી રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- સુધીની હશે તો વીજ બીલની મૂળ રકમના ૬૦ % રકમ માફ કરવામાં આવશે.. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ % રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦,૦૦,૦૦૧/- થી રૂપિયા ૧,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ)સુધીની હશે તો વીજ બીલની મૂળ રકમના ૫૦ % રકમ માફ કરવામાં આવશે.. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ % રકમ માફ કરવામાં આવશે.

**(૩) ઔદ્યોગિક હેતુના વીજ જોડાણો :**

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૧,૦૦ કરોડ સુધીની હોય તો બીલની મૂળ રકમમાં કોઇ માફી મળવાપાત્ર નથી. પરંતુ વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ % રકમ માફ કરવામાં આવશે.

**(૪) કૃષિ વિષયક હેતુના વીજ જોડાણો**

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫,૦૦૦/- સુધીની હશે તો વીજ બીલની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫,૦૦૧/- થી રૂપિયા ૧૦,૦૦૦/- સુધીની હશે તો મૂળ રકમના ૮૫ % રકમ માફ કરવામાં આવશે.. ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ % રકમ માફ કરવામાં આવશે.

જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા૧૦,૦૦૧/- કે તેથી વધુ હોય તો મૂળ રકમના ૭૦% રકમ માફ કરવામાં આવશે. પરંતુ કિસાનોએ ભરવાપાત્ર મહત્તમ રકમ રૂપિયા ૫,૦૦૦/- જ રહેશે. તે ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

**(૫) વોટર વર્કસના હેતુ માટેના વીજ જોડાણો**

(અ) સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા સંચાલિત

વીજ બીલની મૂળ રકમના ૭૫ ટકા માફ કરવામાં આવશે તે ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ ટકા રકમ માફ કરવામાં આવશે.

(બ) સ્થાનિક સ્વરાજયની સંસ્થા સિવાય અન્ય દ્વારા સંચાલિત

વીજ બીલની મૂળ રકમના ૨૫ ટકા રકમ માફ કરવામાં આવશે તે ઉપરાંત વિલંબીત ચાર્જ અને વ્યાજની પુરેપૂરી ૧૦૦ ટકા રકમ માફ કરવામાં આવશે.

**આ યોજના અન્ય શરતો નીચે મુજબ રહેશે.**

(૧) આ યોજના તારીખ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૦–૦૯–૨૦૧૨ સુધી અમલમાં રહેશે.

(૨) જેમના વીજ જોડાણો કાયમી ધોરણે કપાઇ ગયેલ છે અને જેમની વીજ બીલની મૂળ બાકી રકમ રૂપિયા એક કરોડ સુધીની છે તેવા કિસ્સાઓમાં જ આ યોજના લાગુ પડશે.

(૩) આ યોજના તારીખ.૩૧–૧૨–૨૦૧૧ સુધીના કેસોને લાગુ પડશે એટલે તા.૩૧–૧૨–૨૦૧૧ સઁધીના જેટલા કેસ છે એ સંપૂર્ણપણે આની અંદર જોડવામાં આવશે.

(૪) ભૂતકાળમાં જે કિસ્સાઓમાં અદાલત દ્વારા નિર્ણય અપાઇ ગયેલ હોય તે કિસ્સાઓમાં યોજના લાગુ પડશે નહીં માત્ર જે દાવાઓ અનિર્ણિત હોય કે દાવાઓ દાખલ થવાના બાકી હોય તે જ કિસ્સાઓમાં જ આ યોજના લાગુ પડશે.

**આ યોજનાના અમલીકરણથી પ્રજાજનોને નીચે પ્રમાણેના લાભ થશે.**

– આ યોજના હેઠળ બાકી વીજ બીલની પુરેપૂરી રકમ નહીં પરંતુ અંશતઃ રકમ ભરી જવાબદારીમાંથી મુકિત મળશે.

– પ્રજાજનોને પોતાના નામે વીજ જોડાણ મળશે.

– પ્રજાજનોને વકીલની ફી નહીં ભરવી પડે તથા કોર્ટ કેસની સુનાવણીમાં હાજર રહેવાનું થશે નહીં.

– કોર્ટમાં કરવામાં આવેલ દિવાની દાવાઓ પાછા ખેંચી લેવામાં આવશે.

– કાયદાકીય કાર્યવાહીમાંથી મુકિત મળતાં પ્રજાજનો માનસિક રાહત અનુઘવશે.

– કિસાનોને તેમનું વીજ જોડાણ પુનઃ સ્થાપિત થવાથી ખેત ઉત્પાદનમાં વધારો થશે અને તેમની અવક વધતા તેમનું જીવન ધોરણ સુધરશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બાકી વીજના નાણાના સંદર્ભમાં એક સ્કીમ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે મારે આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એક કરોડથી ઉપરની રકમવાળાને રાહત નથી આપી તમે. મુળ મુદ્દલમાં પણ એક કરોડથી નીચેવાળાને રાહતો આપી છે તો એક કરોડથી નીચેની બાકી ધરાવતા એવા કેટલા લોકોને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર છે અને બી.પી.એલ.ની યાદીમાં જેનો સમાવેશ થયો હોય જેને સંપૂર્ણ લાભ મળવાનો છે એવા બી.પી.એલ.ની યાદી નીચેના કેટલા લોકોને આ યોજના હેઠળ લાભ મળશે અને લાયની રકમ કેટલી થવા પાત્ર છે ?

**શ્રી સૌરભભાઇ પટેલ :** વર્ષોથી પહેલાના નિયમો દ્વારા પણ ઘણા લોકોના વીજ કનેકશન કપાયા હતા. ૨૦૦૩માં કેન્દ્ર સરકારનો કાયદો આવ્યો એના પછી ઘણા લોકોના વીજ કનેકશન કપાયા હતા. આજની તારીખમાં આ યોજના દ્વારા ૩,૫૬,૦૧૦ કનેકશનોને તેનો લાભ મળી શકે અને ૯૬, કરોડ રૂપિયા એટલે આપ કલ્પના કરો કે એકેએક વર્ગ આવી ગયો છે આની અંદર. એકેએક ગામડાંની અંદર નાના, બી.પી.એલ. કુટુંબ, નોન બી.પી.એલ. કુટુંબ, એ.પી.એલ. આ બધાનો સમાવેશ થાય છે. ખેડૂતોનો સમાવેશ થાય છે. મારી પાસે આંકડા વિગતવાર દરેક વિભાગના નથી પણ કુલ આંકડા તમે જુઓ તો ૩,૫૬,૦૧૦ કોર્ટમાં કેસીસ છે એને લાભ

મળશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રીઘ માનનીય મંત્રીશ્રીએ કહયું કે આ સ્કીમથી જે ગ્રાહકો છે

એને માનસિક શશાંતિ થશે. માનસિક ત્રાસ પણ આપ લોકોએ જ આપ્યો હતો. હાથકડીઓ ખેડૂતોને બતાવીને

**(અંતરાય)**

**અધ્યક્ષશ્રી : નિવેદનમાં આપણે કોઇ ચર્ચા નથી કરી શકતા. પ્રશ્ન પછો પ્લીઝ. પ્રશ્ન**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : હું પ્રશ્ન જ પુછું છું સાહેબ.**

**અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન પૂછો. પ્લીઝ (અંતરાય)**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા :** ભાઇ માનસિક શાંતિ તો જ થાય, ત્રાસ આપ્યો હોય તો જ. વજુભાઇ, ત્રાસ આપ્યો હોય તો જ શાંતિ થાય. અશાંતિ આપ જ લઇ આવ્યા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ, આપ સીધા મારા તરફ ધ્યાન આપીને આપ સીધા પ્રશ્ન પૂછો. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિનિયર મંત્રી છે. તરત ઉભા થઇ જાય છે. મને ખ્યાલ છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ આપ સીધા પ્રશ્ન ઉપર આવો. પ્લીઝ.**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : સાહેબ, મને ડિસ્ટ્રર્બ ન કરે તો પ્રશ્ન પુછું.**
**અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર....**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા :** આ બધા માનનીય મંત્રીશ્રી જે લઇ આવ્યા છે એ કેસો થયેલા છે અને નાના વપરાશકારો એમાં વધારે છે. મોટા વપરાશકારો ઉપર કડક પગલાં લેવા જોઇતા હતાં. મોટા વપરાશકારો માટે શું કરે છે, એના માટેનો એક પ્રશ્ન છે કે એક જ એસ.ઇ.સી. કંપની પાસેથી લેણું ૨૫ કરોડ રૂપિયા લેવાનું હતું, એને આ સરકારે, પી.જી.વી.સી.એલ.એ. એન.ઓ.સી. આપી દીધું. દસ્તાવેજો થઇ ગયા એની સામે કેમ પગલાં ન લેવાયા.

**અધ્યક્ષશ્રી :**
નિવેદનમાં આનો ઉલ્લેખ નથી. નિવેદનમાં જે બાબતો બતાવી છે તેના ઉપર ચર્ચા કરો. પ્લીઝ, આપણે વિનેદનની બહાર ન જઇએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું નિવેદનની બહાર નથી જતો.હું એમ કહું છું મોટા વપરાશકારો અને સરકાર એની મિલકતો વેચવા માટે એન.ઓ.સી. આપે છે, જયારે નાના લોકો છે, એની સામે આવાં કડક પગલાં કોર્ટમાં જઇને લે છે, (અંતરાય) તો મોટા વપરાશકારો સામે યોગ્ય પગલાં લેવા માંગો છો કે કેમ ? કારણ કે મોટા વપરાશકારો મિલકતો વેચી અને આ સરકારનું લેણું આપતા નથી અને નાના લોકો સામે પગલાં લેવાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી જવાબઆપે. પ્લીઝ.

**શ્રી સૌરભભાઇ પટેલ :** મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે આજે ગુજરાતના ખેડૂતો જાણે છે કોણ એમને માનસિક ત્રાસ આપે છે. કોટન કપાસ. કપાસની ગાઢસડીઓ યાર્ડમાં આવતી નથી, કારણ કે નિકાસ બંધ કરી છે. (અંતરાય) આજની તારીખમાં બધા ખેડૂતો જાણે છે કે આ સરકાર કેટલી મદદ કરે છે. બીજી વાત કરવા માગું છું કે મોટા ઉદ્યોગોની વાત કરે છે. ૧૦ લાખ ૩૭ હજાર કરોડની કોઇસાની ખણો આપી દીધી.

(અંતરાય) આના નામો તો જુઓ. એ કોણે કર્યું. કયાં ગયા હતા તમે લોકો. (અંતરાય) વિચાર કરો. ૧૦ લાખ ૩૭ હજાર કરોડ અને બીજું કોંગ્રેસની સરકારની અંદર ગોળીઓ મારી હતી. ખેડૂતોને ગોળીએ માર્યા હતા. અને આ સરકાર કિસાનોની વાત કરવા નીકળે છે.

અધ્યક્ષશ્રી : આપના કોઇ નિવેદન ઉપર જવાબ હોય તો એવું કરો. નેકસ્ટ. પ્લીઝ (અંતરાય)

**માનનીય દિલીપભાઇ પ્લીઝ, ઇકબાલભાઇ પ્લીઝ. (સતત અંતરાય) ઓર્ડર. ઓર્ડર.. આપ સૌ બેસી જાઓ. અર્જુનભાઇ પ્લીઝ, પ્લીઝ. (અંતરાય)**

**શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે...**

(આ તબકકે કોંગ્રેસના સભ્યો દ્વારા પ્રદર્શન કરવામાં આવતા) (સતત સૂત્રોચ્ચાર) (અંતરાય)

**અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી**.

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (નિયમ–પર)

**નેઇમ કરવા અંગે**

**શ્રી પ્રદિપસિંહજી.ભ. જાડેજા (સંસદીય બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આજે સવારથી, વિપક્ષના સભ્યો દ્વારા સતત છેલ્લા ૪–પ દિવસથી આ સન્માનનીય સભાગૃહનું કામ ચાલવા દેતા નથી. નિયમોનું સતત ઉલ્લંઘન કરવામાં આવે છે. આપે આપેલા નિર્ણયોનું પણ ઉલ્લંઘન કરવામાં આવે છે. નિયમો પ્રમાણે આ સન્માનનીય સભાગૃહનું કામ ચાલવા દેવામાં આવતું નથી. ધાંધલ, ધમાલ, સૂત્રોચ્ચાર, કાગળો ફેંકીને, પરદા અને પોસ્ટરો દ્વારા પ્રદર્શન કરાવીને આ સભાગૃઅહની ગરિમાને હણવા માટેનું કામ આ વિપક્ષના સભ્યો દ્વારા કરવામાં આવે છે. આ સન્માનનીય ગૃહની અંદર આ સરકાર હિસાબો આપવા માટે તૈયાર છે, જવાબ આપવા માટે તૈયાર છે. એ હિસાબ સાંભળતા નથી, જવાબ સાંભળતા નથી અને સૌથી અગત્યનું કામ એ પ્રશ્નકાળ પણ ચાલવા દેતા નથી. વિપક્ષ દ્વારા નિયમો વિરૂદ્ધ પ્રદર્શન થાય છે અને સમગ્ર હાઉસમાં ગેરવ્યવસ્થા સર્જાય છે, એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને ૩૦મી તારીખ સુધી તેઓ જે પ્રમાણે દેખવો,, સૂત્રોચ્ચાર કરીને ગૃહને ખલેલ પહોંચાડે છે તે બદલ નેઇમ કરવામાં આવે. (આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા મોદી તેરા કેસા ખેલ. ખા ગયા જમીન પા ગયા તેલ જેવા સૂત્રો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય સંસદીય મંત્રીશ્રી તરફથી ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ–પર હેઠળ નેઇમ કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હોવાથી હું તેમને નેઇમ કરૂં છું

પ્રારદિપસિંહજી ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છુંકે આપે નેઇમ કરેલા સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી ૩૦મી તારીખ સુધી સસ્પેન્ડ કરવામાં આવે. (વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા મોદી તેરા કેસા ખેલ, ખા ગયા જમીન પી ગયા તેલ જેવો સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો) અંતરાય

**શ્રી પંકજ દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રદિપસિંહના પ્રસ્તાવને ટેકો આપું છું.**

**અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી તરફથી સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ–પર હેઠળ નેઇમ કરવામાં આવ્યા છે. માનનીય સંસદીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તરફથી રજૂ થયેલ પથ્રસ્તાવ મત માટે મૂકું છું. (સતત અંતરાય)**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** વિરોક્ષપક્ષના તમામ સભ્યશ્રીઓને ૩૦ તારીખ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. સલામતિ અધિકારીઓ તેમને વિનંતીપૂર્વક બહાર લઇ જાય. ગૃહને હું પંદર મિનિટ માટે એડજોર્ન કરૂં છું.

**મુલતવી રહેલ સભાગૃહની બેટક બપોરના ૨.૦૭ કલાકે ફરી મળી અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને.**

**અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર. માનનીય દિલીપભાઇ.**

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## ઔચિત્યભંગના મુદ્દા અંગે

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી : આજે કેટલાક અખબારોમાં સી.એ.જી.ના રિપોર્ટ બાબતમાં જે સમાચારો છપાયા છે તે બાબતમાં મુદો ઉપસ્થિત કરછો છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણમાં આર્ટિકલ ૧૫૧(૨)માં રાજયના હિસાબો સંબંધે ભારતના નિયંત્રણ મહાલેખાગારના રિપોર્ટો રાજયના રાજયપાલ સમક્ષ રજૂ કરવા જોઇએ અને તેઓ તેને રાજયના વિધાનમંડળ સમક્ષ રજુ કરશે. બંધારણે આ જોગવાઇ સી.એ.જી. રિપોર્ટ બાબતમાં કરેલી છે. આ સમિતિ સમક્ષ રિપોર્ટો મૂકાય ત્યારે વિધાનસભાના નિયમોના નિયમ ૧૭૩(૨) અને (૩)માં કોઇપણ સમિતિએ મૌખિક જુબાની રથવા લેખિત પુરાવા સ્વરૂપના સમિતિના અહેવાલ, રિપોર્ટ કાર્યવાહીનો જે ભાગ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો ન હોય તેવો ભાગ અધ્યક્ષશ્રીની પરવાનગી સિવાય કોઇને પણ જોવા મળી શકશે નહીં. સમિતિ સમક્ષ આપેલ જુબાની મેજ પર મૂકવામાં ન આવે ત્યાં સુધી સમિતિના કોઇ સભ્યે અથવા બીજા કોઇ સભયે પ્રસિધ્ધ કરવી નહીં. આ આપણા વિધાનસભાના નિયમો છે. માનનીય અધ્યક્ષશ્રી, **અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો** વિધાનસભા સચિવાલય દ્વારા જે પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે તેમાં ૧૯૬૦ થી ૧૯૮૪ દરમ્યાનના ૩૨મા નિર્ણયના પેઇજ નં.૨૯ પર આ બાબતે મુદ્દો ઉપસ્થિત થયેલ તેમાં અરયધાશ્રીએ એટલો નિર્ણય કરેલો કે એટલુઢ સૂચન કરી શકાય કે મંત્રી બજેટ રજૂ કરે પછી ત્યારપછીના અઠવાડિયામાં રિપોર્ટ ગૃહ આગળ રજૂ કરે તેવો રિવાજ રાખવો જોઇએ. એટલે સી.એ.જી.નો રિપોર્ટ રાજયપાલશ્રીને મળે અને રાજયપાલશ્રી વિધાનસભાસમક્ષ મૂકવા માટે વિધાનસભાગૃહને મોકલી આપે. ત્યાર પછી કેટલા સમયમાં, કયારે કેવી રીતે મૂકવો, ન તો બંધારણમાં કોઇ સ્પષ્ટતા માનનીય અધ્યક્ષશ્રી, રિપોર્ટ હાઉસમાં મૂકયા પછી હાઉસ આ રિપોર્ટ જાહેર હિસાબ સમિતિને મોકલી આપે છે અને જાહેર હિસાબ સમિતિ આ રિપોર્ટ ઉપર નિયમો પ્રમાણે એમને જરૂરી હોય તો સાક્ષી તરીકે કોઇ પણ બોલાવી શકે છે, સરકાર પાસેથી સ્પષ્ટતા માગી શકે છે અને પ્રણાલિકાગત આ સમિત્િના ચેરમેન વિપક્ષના નેતાશ્રી અથવા તો વિપક્ષ તરફથી નકકી કરેલા કોલ સભ્યશ્રિ હોયછે. અહીંયા આપણી વિધાનસભામાં આ સમિતિના ચેરમેન વિપક્ષના ઉપનેતાશ્રી છે ત્યારે સંપૂર્ણપણે આ સમિતિનોઅહેવાલ વિપક્ષના ચેરમેનપદે તપાસવાનો છે એવા સમયે હાઉસની ગરિમા જાળવવી, હાઉસની સુચારૂ વ્યવસ્થા થાય એ જોવાનું કામ સમગ્ર હાઉસના સભ્યશ્રીઓનું છે. હાઉસની ગરિમા અંદર અને બહાર જાળવવી એ પણ વિપક્ષ અને ટ્રેઝરી બેંચની સંયુકત જવાબદાર છે અને એવા સમયે વિપક્ષના નેતાશ્રિ દ્રારા પ્રેસ કોન્ફરન્સ બોલાવીને તા.૨૬-૩-૨૦૧૨ના રોજ સી.એ.જી.જના અહેવાલમાં સમાવિષ્ટ આંકડાઓ બાબતમાં પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધ કરીને આ સભાગૃહનો ઔચિત્યભંગ કર્યો છે. તેમજ માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૬-૩-૨૦૧૨ના રોજ સી.એ.જી.ના અહેવાલ હજુ ગૃહ સમક્ષ રજૂ થાય તે પહેલાં પ્રસિધ્ધ કરીને આ હાઉસની ગશ્રિમાને ખંડિત કરી છે, હાઉસની

મર્યાદઓ જે જાળવવી જોઇએ એમાં વિપક્ષ સતત અવરોધ નાંખીને હાઉસની અંદર અને હાઉસની બહાર બંન્ને જગ્યાએ અવમાન થાય એ રીતે સતત વર્તન કરી રહયા છે ત્યારે નિયમોની જોગવાઇઓ ન હોવા છતાં આપશ્રીની હકૂમતની પ્રિમાઇસીસમાં સૂત્રોચ્ચાર અને સાઇન બોર્ડ લઇને, ધૂમીને હાઉસની ગરિમાને ઝાંખપ લગાડી રહયા છે. આ હાઉસ અને ગુજરાતના ગૌરવ માટે અશોભનીય છે, આ પ્રવૃત્તિ અટકવી જોઇએ, ભવિષ્યમાં પણ આ પ્રવૃત્તિને અટકાવી શકાય એના માટે અને આ હાઉસની ગરિમા જળવાય એના માટેહું આપશ્રીનો નિર્ણય માગું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રિ દિલીપભાઇએ જે ઔચિત્યભંગનો મુદ્દોઉપસ્થિ કર્યો છે એના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કેધ આ અહેવાલો વિધાનસભાના ગૃહમાં રજુ થાય ત્યારબાદ જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસ સમિતિ એને ચકાસે, ચકાસ્યા બાદ એનો રિપોર્ટ બને એ રિપોર્ટ વિધાનસભામાં રજૂ થાય, અને ત્યારબાદ આ આખેઆખી પ્રક્રિયામાં જયાં સરકારી વહીવટમાં પ્રક્રિયાત્મક ભૂલો રહી ગઇ હોય એના જે એ.જી.ના પેરા બને એ પેરાના સંદર્ભની સમગ્ર પ્રક્રિયા આ વિધાનસભાની સમિતિ દ્વારા ગૃહને મળતી હોય છે.

**માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ચાર-પાંચ** દિવસથી સિલસિલાબંધ રીતે સમગ્ર ગૃહની ગરિમાને લાંછન લગાડવાનું કામ ચાલી રહયું છે, એમાંય ૨૬મી તારીખે કામકાજ સલાહકાર સમિતિની બેઠક હતી, માનનીય અધ્યક્ષશ્રી, આ સમિતિના આપશ્રી અધ્યક્ષ છોધ માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી નિષ્પ્રક્ષ રીતે કામ ચલાવી રહયા છો, ત્યારે આ સમિતિની અંદર કોઇપણ જાતનું મતદાન લેવાતું નથી અને આ કામકાજ સલાહકાર સમિતિનો જે અહેવાલ છે એ ગૃહની અનુમતિ માટે મૂકવામાઢ આવે છે, આવી કામકાજ સલાહકાર સમિતિ જે હાઉસની કામકાજની પ્રક્રિયા નકકી કરે છે આવી કામકાજ સલાહકાર સમિતિનો વિપક્ષના સભ્યો દ્વારા બહિષ્કાર કરવાની આપને લેખિત એમણે જાણ કરી, માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના અનેક અધ્યક્ષશ્રીઓએ નિર્ણયો આપ્યા છે કે, કામકાજ સલાહકાર સમિતિમાં દરેક સભ્યશ્રીએ અનુકૂળતા કરીને ઉપસિથત રહેવું જોઇએ અને ત્યાઢથી નહીં અટકીને એમણે લખેલો પત્ર, જાહેરમાં અખબારી માધ્યમ સુધી પહોંચાડીને એની અંદર જે આક્ષેપો કરવામાં આવ્યા છ એના કારણે પણ ઔચિત્યભઢગનો મુદ્દો ઉપસ્થિત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે સી.એ.જી.ના અહેવાલને લઇને વાત કરવામાં આવે છે, કેન્દ્ર સરકાર દ્વારા જે કેગના રિપોર્ટ સબમીટ કરવામાં આવ્યા છે, મારી પાસે છેલ્લા પાંચ વર્ષના કેગના રિપોર્ટના આંકડા છે. માનનીય અધ્યક્ષશ્રી, જોએ હું જણાવું તો કોંગ્રેસના શાસન વખતના ૨૦૦૫ની અંદર ૧ લાખ ૧૭ હજાર ૫૫૯ કરોડના એ.જી.ના પેરા નીકળ્યા હતા, ૨૦૦૬માં ૧ લાખ ૮૩ હજાર ૮૫૯.૫૦ કરોડના પેરા નીકળ્યા. કેન્દ્રની કોંગ્રેસની સરકાર દ્વારા જે ૨-જીનું ૧ લાખ ૭૬ હજાર કરોડનું કૌભાંડ કરીને જે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યા છે એનો પણ એ.જી. દ્વારા પેરામાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૦૦૮માં ૧ લાનખ ૮૧ હજાર ૭૦૧.૯૦ કરોડ, ૨૦૦૯માં ૨૧ હજાર ૯૬૬.૮૪ કરોડ અને ૨૦૧૦માં ૨૮ હજાર ૧૭.૬૪ કરોડ આમ, કેન્દ્રમાં શાસન કરતી કોંગ્રેસની સરકારના શાસનનના વખતમાં સી.એ.જી. દ્વારા જે પેરા કાઢવામાં આવ્યા છે એ પેરાનો પાંચ વર્ષનો સરવાળો કરીએ તો ૨૦૦૫ થી ૨૦૧૦ના કુલ કૌભાંડ રૂપિયા ૫ લાખ ૮૦ હજાર ૨૬૮.૪૨ કરોડનો કેગ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. માનનીય

**અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ** જે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉઠાવ્યો છે એમાં કામકાજ સલાહકાર સમિતિ અને સી.એ.જી.ના સંદર્ભમાં મારે આ કહેવાનું છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય સંસદીય વિભાગના મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણી દ્વારા ઔચિત્ય ભંગનો મુદ્દો તેમજ સી.એ.જી.ના અહેવાલો મેજ ઉપર મૂકવાની બાબતનો અહીંયા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવામાં આવેલ છે અને એના અનુસંધાને માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજીએ પણ પોતાના વિચારો રજૂ કર્યા છે ત્યારે હું સી.એ.જી.ના અહેવાલો મેજ ઉપર મૂકવાની બાબત વિધાનસભાના નયમો કે બંધારણીય જોગવાઇઓનો અભ્યાસ કરીશ. તેમજ સી.એ.જી.ના રિપોર્ટ ગૃહમાં મૂકતા પહેલા જાહેરમાં ચેનલો અને વર્તમાન પત્રોમાં

પ્રસ્તુત થયા છે આ બાબતનો પણ ઉલ્લેખ થયો છે ત્યારે આ બાતને હું ખૂબ જ ગંભીરતાથી લઉં છું અને આ બન્ને બાબતોનો સંપૂર્ણ અભ્યાસ કરીને રૂલિંગ આપીશ, અત્યારે હું આ રૂલિંગ પેન્ડીંગ રાખું છું અને આ બન્ને બાબતોનો સંપૂર્ણ અભ્યાસ કરીને રૂલિંગ આપીશ, અત્યારે હું આ રૂલિંગ પેન્ડીંગ રાખું છું.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**બિન સરકારી સભ્યોના કામાજ માટેની સમિતિના બાવીસમાં અહેવાલની રજૂઆત**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો બાવીસમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર રજૂ કરવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

**શ્રી કાંતિલાલ ગ. લકુમ** (બાવળા) : (સમિતના પ્રમુખ) માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો દસમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના**

**અહેવાલની રજૂઆત**

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) :** (સમિતિના પ્રમુખ) માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો સાતમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂ(વામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ મટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : (સમિતિના પ્રમુખ) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે આ સભાગૃહ બિન સરકરી સભ્યોના કામકાજ માટેની સમિતિના બાવીસમાં અહેવાલ સાથે સંમત થાય.

**સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૫**

# ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૨

**સન ૨૦૧૩ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂશ્રા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૨નું **વિધેયક ક્રમાંક ૧૫– સન ૨૦૧૨નું ગુજરાત વિન્યિોગ વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.**

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક – ૧૫– સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

---

* વિધેયક તારીખ ર૭મી માર્ચ, ૨૦૧૨ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી :** આજે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે, આ વિધેયક ઉપર પ્રણાલી મુજબ મુદા સ્વીકારવામાં આવે છે, આ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ તેમના મુદા આપેલા છે પરંતુ તેઓને ૩૦મી તારીખ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ હોવાથી વિનિયોગ વિધેયક ઉપર હવે ચર્ચાનો કોઇ વકાર રહેતો નથી, તેથી વિનિયોગ વિધેયક સીધુઢ જ સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

**શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, પહેલું વાચન કરવા માટે કોઇ મુદ્દા છે નહિ એટલે મારે વિશેષ કંઇ કહેવાનું નથી,

**પ્રશ્ર મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૫, સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ર મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩ અનુસૂચિ, કલમ ૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**
**પ્રશ્ર મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૫, સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ર મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૫, સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૧**

# ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૧૨

**ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઇ રૂ. વાળા** (નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સને–૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ ૧૧ સને ૨૦૧૨ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકને હું આપની પરવાગીથી દાખલ કરું છું.

હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૫, સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે.**

**શ્રી વજુભાઇ રૂ. વાળા** (નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે ચર્ચા થઇ ગઇ છે અને આ હાઉસમાં પણ રજૂ થઇ ગયું છે એટલે મારે કંઇ વિશેષ કહેવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૧૧ ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ર મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક–૧૧, ગુજરાત વિનિયોગ વધારા ખર્ચ)વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

---

* વિધેયક તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૨ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩ અનુસૂચિ, કલમ ૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક–૧૧, ગુજરાત વિનિયોગ (વધારા ખર્ચ)વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સને–૨૦૧૨ના** વિધેયક ક્રમાંકઃ ૧૧ સને ૨૦૧૨ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું **ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે છે.**

### સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૨

## ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતીય) વિધેયક, ૨૦૧૨

### ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

**શ્રી વજુભાઇ રૂ. વાળા** (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સને–૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૧૨, સને ૨૦૧૨ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(દ્વિતીય)વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સને–૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૧૨, સને ૨૦૧૨ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(દ્રતીય) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સને–૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૧૨, સને ૨૦૧૨ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(દ્વિતીય)વિધેયકને બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.સભાગૃહનો**

**સમય લંબાવવા અંગે**

**શ્રી પંકજ દેસાઇ (દંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલ પર મત લેવાની પ્રક્રિયા પૂરી થાય અને પસાર થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ બિલ પર મત લેવાની પ્રક્રિયા પૂરી થાય અને પસાર થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇકનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

* વિધેયક તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૨ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

શ્રી વજુભાઇ રૂ. વાળા(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સને–૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૧૨, સને ૨૦૧૨ના ગુજરાત વિનિયોગ વિધેયક (વધારાના ખર્ચ)(દ્રતીય)નું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **સન–૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૧૨, સને ૨૦૧૨ના ગુજરાત વિનિયોગ વિધેયક (વધારાના ખર્ચ)(દ્વિતીય)નું વિના વિરોધે ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે.**

**(વિરામ બપોરના ૨–૩૧ થી ૩–૧૫)**

**સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૩**

# ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) તૃતીય) વિધેયક, ૨૦૧૨

**સન ૧૯૯૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઇ રૂ. વાળા** (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન–૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૧૩, સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(તૃતીય)વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઇ વાળા(નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છુ કે, સન–૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૧૨નું વિધેયક ક્રમાંક–૧૩ સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(તૃતીય)વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઇ વાળા(નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છુ કે, સન–૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૧૨નું વિધેયક ક્રમાંક–૧૩ સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(તૃતીય)વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇકનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી વજુભાઇ વાળા(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છુ કે, સન–૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૧૨નું વિધેયક ક્રમાંક–૧૩ સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(તૃતીય)વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.**

---

* વિધેયક તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૨ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

### સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૦

# ગુજરાત વિદ્યુત શુલ્ક સુધારા વિધેયક, ૨૦૧૨

### ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ સુધારવા બાબત વિધેયક.

**શ્રી સૌરભભાઇ પટેલ (રા. ક. ના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૦ સન ૨૦૧૨નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરૂ છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**વિધેયક ૧૫મી માર્ચ, ૨૦૧૨ના રોજ ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું.**
**વિધેયક તા.૧૪મી માર્ચ, ૨૦૧૨ના રોજ ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું.**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રા. ક. ના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૦ સન ૨૦૧૨નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રા. ક. ના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, ઇલેકટ્રીસીટી ડયુટી એ રાજય સરકારનો એક અગત્યનો સોર્સ ઓફ રેવન્યુ તરીકે ગણાય છે. અને ૧૧–૮–૧૯૭૭થી ઇલેકટ્રીસીટી ડયુટી ad valorem basis ઉપર ચાર્જ કરવામાં આવે છે. વર્ષોથી ઇલેકટ્રીસીટી ડયુટી પર કયારેય ફેરફાર કરવામાં આવ્યા નહોતા. ૧૦૮૩ થી માંડીને અનેક સરકારો આવી એમાં ખાસ કરીને કોંગ્રેસ સરકારો આવી પરંતુ કોંગ્રેસ સરકારોએ એક પણ વખત ઇલેકટ્રીસીટી ડયુટીમાં ઘટાડો કર્યો નથી. પરંતુ આ ધારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૦૦ની સાલથી ઇલેકટ્રીસીટીમાં પહેલી વખત ઘટાડો કર્યો. અને જયારે જરૂર લાગી ત્યારે ઘટાડો કર્યો. ૨૦૦૦ની સાલની અંદર પાંચ ટકા ઘટાડો કર્યો, રેસીડેન્સીયલ ક)ઝયુમર્સ ઉપર એ રીતે પાંચ ટકા ઘટાડો શહેરોમાં એ.ઇ.સી. ઉપર કરવામાં આવ્યો.

ખેડૂતો ઉપર સંપૂર્ણપણે ઇલેકિટ્રક ડયુટી પાંચ ટકા હતી એ ૧–૪–૨૦૦૭ થી એબોલીશ (રદ) કરવામાં આવી. તાજેતરમાં ગુજરાત સરકાર એક ટકા પણ ઇલેકિટ્રક ડયુટી ખેડુતો પાસેથી લેતી નથી. એવી રીતે અનેક અનેક વખત રાહતો આપવામાં આવી છે. આ વરસે નાણાં મંત્રીશ્રીએ બજેટની અંદર ફરીથી જાહેરાત કરી અને એના કારણે ઇલેકિટ્રક ડયુટી પર ૧–૪–૨૦૧૨ થી રાહતો આપવામાં આવશે. ખાસ કરીને રહેણાંક અને એજયુકેશન રૂરલ એરિયાની અંદર જે દસ ટકા હતી એના ૭.૫ ટકા કરવામાં આવશે. અર્બનમાં રહેણાંક અને એજયુકેશનની અંદર એ ૪૦ યુનિટ પર મંથ હતા એના ૨૦ ટકાના ૧૫ ટકા કરવામાં આવશે. હેસ્ટેલોમાં ઝે ૧૦ ટકા હતા એના ૭.૫ ટકા અને શશહેરોમાં હોસ્ટેલો હતી એના ૧૫ ટકાના ૧૧.૨૫ ટકા કરવામાં આવ્યા છે. આના કારણે ૨૦૦ કરોડની રાહત આપીએ છીએ અને સૌથી અગત્યનું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં છેલ્લા દસ વર્ષમાં ઇલેકટ્રક ડયુટીમાં ૧૨૦૦ કરોડની રાહત આપવામાં આવી છે. કોંગ્રેસના સમયમાં વધુમાં વધુ ૬૦ ટકા હતા એ ૬૦ ટકાના ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યા છે અને જે ૪ ટકા ટેકસ લેવામાં આવતો હતો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નાબૂદ કર્યો છે. ઘણીવાર મને વિચાર થાય કે આ કોંગ્રેસના મિત્રો ઇલેકિટ્રક ડયુટી પર વાત કરતા આવે છે પરંતુ એ લોકો જયારે રાજ કરતા હતા ત્યારે એમણે એક વર્ષની અંદર ઘટાડો કર્યો હતો નહિ અને ખાસ કરીને વિરોધપક્ષના નેતા ઉર્જા ત્રી રહી ચૂકયા હતા એ

* વિધેયક તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૨ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

વખતેપણ ઘટાડો કર્યો નહોતો એટલે જે કોઇ ઘટાડો કર્યો હોય તો એ આ સરકારે કર્યો છે અને હું સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે સર્વાનુમત્તે આ બિલ પસાર કરે.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી,** માનનીય મંત્રીશ્રી ગૃહમાં જે વિદ્યુત શુલ્કમાં રાહત અંગેના અધિનિયમમાં સુધારો લઇને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યકત કરું છું.

ગુજરાતના વિકાસમાં ઉદ્યોગોનો ખૂબ મહત્વનો ફાળો છે. એની સાથે સાથે ગ્રામ્ય કક્ષામાં ચાલતા નાના ઉદ્યોગો, હુન્નર ઉદ્યોગોનો પણ એટલી જ કક્ષામાં રોજગારીમાં પણ ફાળો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના કુશળ નેતૃત્વ હેઠળ ઉદ્યોગોકારોને ગુજરાતમાં રોકાણ કરવા માટે એક મોટું આકર્ષણનું કેન્દ્ર બની રહયું છે. મારે માનનીય સૌરભભાઇએ વિદ્યુત શુલ્કમાં રાહત આપવા અંગેના અધિનિયમમાં સુધારો રજૂ કર્યો છે એની સાથે એક વાત એ કરવી છે કે ગુજરાતની સિદ્ધિઓ હિન્દુસ્તાનના સીમાડાઓની બહાર સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે. અમેરિકાનું મોસ્ટ રિસ્પેકટેડ, રીલાયેબલ મેગેઝિન જેને કહી શકાય. Grouping Institution એણે એના લેખમાં લખ્યું છે કે ગુજરાતનો જે રીતે વિકાસ થઇ રહયો છે એને જોઇને એણે એમાં કહ્યું છે કે Gujarat is enjoying Faster growth than almost any place on the Earth. દુનિયામાં કોઇપણ જગ્યા કરતાં ગુજરાતનું ડેવલપમેન્ટ ફાસ્ટેટ છે અને એની સાથે એમ પણ કહ્યું કે including China એની કમ્પેરીઝન ચાઇનાના Wong Dong જબરજસ્ત ડેવલપમેન્ટ કર્યું. જે આગામી દિવસોમાં ગુજરાત સમગ્ર રાષ્ટ્રને તેમજ દુનિયા માટે નવું વિઝન પૂરું પાડશે.

**માનનીય અધ્યક્ષશ્રી,** તેની સાથેટાઇમ મેગેઝીનમાં જયારે આનો ઉલ્લેખ થયો છે, ફર્સ્ટ ટાઇમ ગુજરાતના મુખ્યમંત્રી જે રીતે ગુજરાતને વિકાસની હરણફાળમાં આગળ લઇ ગયા છે તેની સાથે સાથે પહેલાં મુખ્યમંત્રી તરીકે જયારે તેમનું ટાઇમના કવરપેજ પર આવ્યું છે ત્યારે લખ્યું છે કે Modi means business. પણ તેની સાથે એક કવેશ્ચનમાર્ક પણ કર્યો છે કે can he Lead India ? માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ઇન્ડિયાની પરિસ્થિતિ એ છે કે He can lead Inida and he is the need of India. અત્યારના સંજોગોમાં અે દેશને નેતૃત્વ પણ આપી શકે તેમ છે અને દેશને તેની જરૂર પણ છે અને એટલા માટે જે રીતે આ વિકાસની ગતિ તેજ થઇ રહી છે ત્યારે માનનીય ઉર્જા મંત્રીશ્રીના ઇંધણમાં રાહત આપવાના જે પ્રયત્નો છે તેને આવકારીએ છીએ અને તેમણે જે રાહતો આપી છે એ રાહતોમાં એક કરોડ જેટલા વીજ ગ્રાહકોને આનો લાભ મળવાનો છે. સામાન્યમાં સામાન્ય ઘર વપરાશ જે લોકો કરે છે તેનો પણ લાભ મળવાનો છે.દરેક કુટુંબને તેનો લાભ મળવાનો છે. દરેક શાળાઓને તેનો લાભ મળવાનો છે. શૈક્ષણિક સંસ્થાઓને તેનો લાભ મળવાનો છે. મોટા ભાગના ઉદ્યોગો ઉપર લેવામાં આવતા વિદ્યુત શુલ્કમાં સરકારે રાહત આપી છે. ગુજરાતમાં ટુરીઝમ ડેવલપ થાય તે માટે હોટલ, રેસ્ટોરન્ટ અને પ્રવાસન વિભાગને પણ લાભ અપવાના પ્રયત્નો થયા છે ત્યારે હું એટલું કહીશ કે માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તેને મારું સંપૂર્ણ સમર્થન આપીને હું મારા વિચારોને વિરામ આપું છું.

**શ્રી રજનીકાન્ત સો. પટેલ (ચાણસ્મા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રી જે ગુજરાત વિદ્યુત શુલ્ક સઁધારા વિધેયક લઇને આવ્યા છે તેને સમર્થન કરું છું. જેમ ગુજરાત વીજ ક્ષેત્રે વિકાસ કરી રહયું છે તેમ ખેતીના ક્ષેત્રે પણ આજે ગુજરાત સમગ્ર દેશમાં સૌથી અગ્રેસર છે. આ સરકાર ખેડૂતોના પ્રશ્ને ખૂબ જ

જાગૃત છે અને એટલે ખેતીનો વિકાસ થાય, ગુજરાતના ખેડૂતનો વિકાસ થાય એવા ઘણા અસરકારક પગલાં આ સરકારે લીધા છે અને તેનો લાભ ગુજરાતનો ખેડૂત આજે લઇ રહયો છે એ ખૂબ જ આનંદની વાત છે. માનનીય મુખ્યમંત્રીશ્રનિ ખેડૂતો પ્રત્યેની લાગણીને ઘ્યાને લઇને ગુજરાતનો ખેડૂત સમૃઘ્ઘ બને એ પ્રકારની તેમની ચિંતાને કારણે આ સરકારે ખેડૂતો પર લાગતો વિદ્યુત શુલ્ક રદ કરીને ખેડૂતોને ખૂબ મોટી રાહત આપેલી છે. આ વિદ્યુત શુલ્ક રદ થતાં અંદાજિત ૭ લાખ જેટલા ખેડૂતોને તેનો સીધો લાભ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતે જયારે લોકસભાની ચૂંટણી થઇ ત્યારે કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં એવું કહયું હતું કે જો અમે દેશની સત્તા ઉપર આવીશું તો ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડીશું. આજે આટલા સમય પછી પણ મોંઘવારી ઘટાડવામાં કેન્દ્રની કોંગ્રેસની સરકારને સ્હેજ પણ સફળતા મળી નથી. ત્યારે તેની સીધી અસર બધા જ ક્ષેત્રોમાં થાય એ સ્વાભાવિક છે. આપણે જાણીએ છીએ તેમ વીજળી પેદા કરવા માટે જે રો-મટિરિયલની આવશ્યકતા છે, ઉપયોગિતા છે તેના બળતણના ભાવોમાં પણ આ મોંઘવારીની સીધી અસર જોવા મળે છે અને બળતણના દરોમાં ઉત્તરોત્તર અનેક વખત વધારો થયો છે, જેને કારણે વીજળીના દરોમાં પણ વધારો થાય એ સ્વાભાવિક છે. સબસીડી છતાંપણ આ વીજળીનો વધારો એ ગુજરાતના ખેડૂતો ઉપર ન આવે એની ચિંતા આ રાજયની સરકારે કરી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી અને એટલા માટે ગુજરાતના જે ખેડૂતો ઉપર વીજ નિયમન પંચે દર નકકી કરેલ હતો એ દરમાં વખતોવખત સબસિડી આપી, ગુજરાતના ખેડૂતો ઉપર એનું સહેનપણ ભારણ ન આવે એની ચિંત આ રાજયની સરકારે કરી છે. વીજ નિયમન પંચે એક હોર્સ પાવર વીજળીનો ભાવ રૂ.૧૬૮૦/- નકકીકરેલ છે. ખેડૂતો ઉપર આ ભારણ સીધે સીઘું ન આવે એટલા માટે ૭.૫ એચ. પી. સુધી રૂ.૬૬૫/- અને ૭.૫ એચ. પી. કરતાં વધારે હોય તો રૂ.૮૦૭.૫૦ જે ખેડૂતોએ ચૂકવવાના થાય છે એ ખેડૂતોવતી આ રાજયની સરકારે ચૂકવ્યા છે અને આ સબસીડીની રકમ રૂ.૧૧૦૩/- કરોડ ઉપર ઉપરાંતની છે. એટલે વર્ષે દહાડે ખેડૂતો માટે રૂ.૧૭૦૦/- કરોડ કરતાં વધારે સબસીડી પેટે ચૂ(વાય છે. તા.૧-૪-૨૦૦૭થી એ ગ્રામ્ય વિસ્તારના લોકોને રાહત મળે, શૈક્ષણિક પ્રવૃત્તિને વેગ મળે, શિક્ષણ સાથે સંકળાયેલ સંસ્થાઓને રાહત થાય, આ બધી બાબતોને ઘ્યાનમાં લઇ ૧૫ ટકા વીજ કર હતો એ ઘટાડીને ૧૦ ટકા કરવા માટેનુઢ આ બ્લિ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એ સાચા અર્થમાં ગ્રશામ કક્ષાના લોકો તેમજ સામાન્ય વર્ ગના લોકો છે એમને ખૂબ જ ઉપયોગી છે. રાજય સરકાર ગામડાઓમાં શહેરોની સમકક્ષ સુવિધા આપવામાં સફળ થઇ છે અને વીજળી જયારે મહત્વપૂર્ણ વિષય હોય ત્યારે વીજળીથી મોટાભાગના ભૌતિક સુખ સુવિધાના ઉપકરણો ચાલતા હોય ત્યારે ગામડામાં પણ શહેર જેવી સુધિા મળે ગામડાના સામાન્ય માણસને મળે એની ચિંતા આ રાજય સરકારે કરી છે. ગામડામાં ટી.વી. કોમ્પ્યુટર, ફ્રીજ, એ.સી., આ બધા જ સંસાધનોનો ખૂબ સારી રીતે સુચારૂં શૈક્ષણિક સંસ્થાઓ અને બાકીની બધી સંસ્થાઓમાં પણ આ બિલના માઘ્યમથી ૧૦ ટકા કરવાનું બિલ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એને સમર્થન આપી વિરમું છું.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

### સી.એ.જી.નો અહેવાલ પ્રચાર માઘ્યોમાં આપવા અંગે

**અધ્યક્ષશ્રી :** આજ રોજ ગૃહના માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને રજૂઆત કરી કે, સી..એ.જી.ના અહેવાલો આ સભાગૃહ સમક્ષ મૂ(ાયા જ નથી, ત્યારે તે અહેવાલોમાં સમાવિષ્ટ વિગતો વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રચાર માઘ્યમો સમક્ષ જાહેર કરીને ગૃહના ઔચિત્યના ભંગનો મુદ્દો સી.એ.જી.ના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવા સંબંધની બંધારણીય જોગવાઇ તેમજ વિધાનસભાના નિયમોની પશ્રિસ્થિતિનો સંદર્ભ ટાંકી અહેવાલો ગૃહ સમક્ષ કયારે રજૂ કરવા એ સંબંધે મારૂં માર્ગદર્શન માગ્યું હતું. માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ ઉપસ્થિત કરેલ ઉપરોકત બન્ને મુદ્દાઓ સંબંધે માનનીય સંસદીય મંત્રી(રા.ક.)શ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાના મંતવ્યો વ્યકત કરીને જણાવ્યું હતું કે, અહેવાલ ગૃહ સમક્ષ મૂકાયા જ નથી, ત્યારે તેમાં સમાવિષ્ટ બાબતોની પ્રસિદ્દિ પ્રચાર કાઘ્યમો સમક્ષ કરીને વિરોધપક્ષના નેતાએ ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. આ .પરાંત

માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ–ાત કરી હતી કે, તારીખઃ ૨૬–૩–૨૦૧૨ના રોજ રાખેલ કામકાજ સલાહકાર સમિતિની બેઠકનો બહિષ્કાર કરવા સંબંધે વિરોધપક્ષના ઉપનેતાએ મને પાઠવેલ પત્રની વિગતો આક્ષેપાત્મક હતી તેમજ વિરોધપક્ષના ઉપનેતાએ પત્રની પ્રસિદ્ધિ પ્રચાર માધ્યમોમાં કરાવીને ગંભીર પ્રકારના ઔચિત્યનો ભંગ કર્યોછે. તતસમયે મેં આ મુદ્દાઓ સંબંધે અભ્યાસ કરીને મારો નિર્ણય હવે પછી આપીશ, એમ જાહેર કર્યું હતું.

જયાં સુધી CAG ના અહેવાલો સત્ર દરમ્યિાન ગૃહના મેજ ઉપર મૂકવાની બાબતને સંબંધ છે, ત્યાં સુધી ભારતના બંધારણન કલમ–૧૫૧ની જોગવાઇ ખૂબજ સ્પષ્ટ છે. આ જોગવાઇ અનુસાર CAG પોતાના અહેવાલો રાજયપાલને રજૂ કરે છે અને રાજયપાલશ્રી તે અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂ(વાની કાર્યવાહી કરાવે છે. આ પ્રકારની બંધારણીય જોગવાઇ હોવાથી જયાંસુધી CAGના અહેવાલો વિધાનસભા સચ્વિાલયને મળે નહિં ત્યાં સુધી મેજ ઉપર મૂકવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં. આ બાબતે મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ કરેલ નિર્ણયોનો પણ મેં અભ્યાસ કર્યો છે. પૂર્વ અધ્યક્ષે જે નિર્ણય કર્યો હતો તે સૂચનરૂપે હતો અને તે સૂચન પણ બજેટ રજૂ થયા પછી એક અઠવાડિયામાં CAGના અહેવાલો મેજ ઉણર મુકવાની વ્યવસ્થાના ભાગરુપે હતું. આપણે સૌ જાણીએ છીએ કે, સુસ્થાપિત થયેલી સંસદીય પરંપરા અનુસાર CAGના અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકાય કે તરત જ આ ગૃહની જાહેર હિસાબ સમિતિને સોંપાયેલા ગણવામાં આવે છે. જાહેર હિસાબ સમિતિ આ અહેવાલો ઉપર ચર્ચા–વિચારણા કરીને પોતાનો અહેવાલ સભાગૃહને રજૂ કરે છે. આ પદ્ધતિ યે.કે.ના હાઉસ ઓફ કોમન્સ તેમજ ભારતની લોકસભા અને અન્ય રાજયોના વિધાન મંડળોમાં પ્રસ્થાપિત થયેલી છે. આમ સુસ્થાપિત થયેલી સંસદીય કાર્યરીતિ અને પરંપરા અનુસાર CAG દ્વારા તૈયાર કરાયેલ અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકાયા બાદ સીધા જ જાહેર હિસાબ સમિતિના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. પ્રસ્થાપિત પરંપરા અનુસાર જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ વિરોધપક્ષના ઉપનેતા જ છે અને આ સમિતિ સમગ્ર રીતે રીતે અહેવાલો ઉપર ચર્ચા–વિચારણા કરીને અહેવાલોમાં સમાવિષ્ટ બાબતો અંગ. પોતાનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરે છે. પ્રસ્થાપિત પરંપરા અનુસાર ગૃહમાં પણ આ સમિતિના અહેવાલ પર ચર્ચા થતી નથી અને તે ચરચા કર્યા વગર જ ગૃહ દ્વારા સ્વીકારવામાં આવે છે. આમ, CAGના અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકવાથી શરૂ કરીને જાહેર હિસાબ સમિતિના અહેવાલો ગૃહ સમક્ષ રજૂ થાય ત્યાં સુધીની સમગ્ર પ્રક્રિયામાં CAGના અહેવાલો ઉપર સભાગૃહમાં ચર્ચા થતી નથી, કારણ કે આ અહેવાલોની ચર્ચા ગૃહની જ સમિતિ કરતી હોય ત્યારે તેના ઉપર ગૃહ કોઇ ર્ચચા કરી શકે નહીં. ભૂતકાળમાં અહેવાલો મેજ ઉપર મૂકવા સંબંધે મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ જે નિર્ણય કર્યો હતો, તે સૂચનના ભાગરૂપે હતો તેમજ બંધારણ કે વિધાનસભાના નિયમો હેઠળ CAGના અહેવાલો ચોકકસ કયા સમયે ગૃહ સમક્ષ મુકવા તે અંગે કોઇ જોગવાઇ નહીં હોવાથી માનનીય સંસદીય મંત્રીશ્રીએ ઉપસિથત કરેલ મુદ્દાનો હું સ્વીકાર કરું છું અને અહેવાલો વિલંબથી ગૃહ સમક્ષ મૂકવામાં નિયમ કે સંસદીય પ્રણાલિકાનો કોઇ ભંગ થતો હોય તેમ મને જણાતું નથી. તા.૨૬–૩–૨૦૧૨ના રોજ કામકકાજ સલાહકાર સમિતિની બેઠકનો બહિષ્કાર કરવા સંબંધે મને લખેલ પત્રની વિગતો શબ્દસહ્ફ પ્રચાર માધ્યમો સમક્ષ જાહેર કરીને વિરોધ પક્ષના નેતા તેમજ ઉપનેતાએ ગસહના ઔચિત્ય ભંગનો માનનીય સંસદીય મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દા અંગે મારે જણાવવાનું કે બંધારણની કલમ–૧૫૧(૨) અનુસાર CAGના અહેવાલો ગૃહના મેજ ઉપર મુકાયા બાદ વિધાનસભાના નિયમ–૬૧ની જોગવાઇ અનુસાર જાહેર દસ્તાવેજ બને છે. સુપ્રસ્થાપિત થયેલ સંસદીય

પરંપરા અનુસાર કોઈપણ અહેવાલ ગૃહના મેજ ઉપર મૂકયા પહેલા અહેવાલમાં સમાવિષ્ટ થયેલ સંસદીય પરંપરા અનુસાર કોઈપણ અહેવાલ ગૃહના મેજ ઉપર મૂકયા પહેલા અહેવાલમાં સમાવિષ્ટ વિગતો ગૃહ બહાર પ્રસિધ્ધ કરવામાં આવે તેનાથી ગૃહના ઔચિત્યભંગનો નિર્ણય મારા પૂર્વ અધ્યક્ષે આપેલા છે, તેનો હું સ્વીકાર કરું છું. આ ઉપરાંત વિરોધપક્ષના નેતા, ઉપનેતાએ કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં હાજર ન રહેવા સંબંધે મને લખેલ પત્રની વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ જાહેર કરીને પણ ઔચિત્ય ભંગ કર્યો છે. તેથી વિરોધ પક્ષના તેના તેમજ ઉપનેતાને નિર્દેષ કરું છું કે ભવિષ્યમાં ગૃહ સમક્ષ કોઇપણ અહેવાલ મૂકા ાય તે પહેલા તેની વિગતો પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધ કરે નહીં અને આ બાબતમાં ભવિષ્યમાં કાળજી રાખવા હું વિરોધ પક્ષના નેતા તેમજ ઉપનેતાને જણાવું છું અને માનનીય સંસદીય મંત્રીશ્રીએ ઉપસિથત કરેલ ઔચિત્ય ભંગના મુદ્દાનો પણ હું સ્વીકાર કરૂં છું.

# ગુજરાત વિદ્યુત શુલ્ક સુધારા વિધેયક, ૨૦૧૨

**શ્રી સૌરભભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે સમર્થન આપ્યું તે બદલ હું એમનો આભાર વ્યકત કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૦ સન ૨૦૧૨ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૦ સન ૨૦૧૨ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૦ સન ૨૦૧૨ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૩–૪૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર તા.૨૯મી માર્ચ, ૨૦૧૨**
**ચૈત્ર ૯, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ

*** ૩૧૭૧૮ શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર(પશ્ચિમ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧–૧–૨૦૧૧ની સ્થિતિએ કેટલા કેસો હતા,

(૨) ત્યારબાદ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા કેસો નવા દાખલ થયાં, અને

(૩) તે સમય દરમ્યાન કેટલા કેસોનો નિકાલ થયો?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી ઃ**

(૧)

| | |
|---|---|
| સુરત (મુખ્ય) ફોરમ | ૧૯૫૪ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૧૦૫૯ |
| **કુલ** | **૩૦૧૩** |

(૨)

Table 2

| **ફોરમનું નામ** | **નવા દાખલ કેસો** |
|---|---|
| સુરત (મુખ્ય) ફોરમ | ૪૨૪ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૯૨૫ |
| **કુલ** | **૧૩૪૯** |

(૩)

Table 3

| **ફોરમનું નામ** | **નિકાલ કેસો** |
|---|---|
| સુરત (મુખ્ય) ફોરમ | ૯૧૩ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૭૪૬ |
| **કુલ** | **૧૬૫૯** |

**શ્રી કિશોર વાંકાવાલા** : સાહેબ, સુરતમાં કેટલા કેસોનો નિકાલ થયો? અને આ ફોરમમાં પ્રમુખ અને સભ્ય થવા માટે શું લાયકાત અને અનુભવ જોઇએ? એ મારે આપશ્રી મારફત મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને એ જણાવતા ખૂબ ગર્વ થાય છે કે રાજ્યમાં ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે અત્યંત ઉત્તમ પ્રકારની કામગીરી થઇ રહેલ છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે, સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ૩ વર્ષમાં કેસોના નિકાલની સ્થિતિ શું છે? તો સાહેબ, મારે એ જણાવવાનું કે ૨૦૦૯ના વર્ષમાં કુલ દાખલ થયેલા કેસો હતા ૧૪૦૧. નિકાલ કેસોની સંખ્યા હતી ૮૨૦. એટલે, નિકાલ કેસોની ટકાવારી ૫૮.૩૨% રહી. ૨૦૧૦માં સાહેબ, ૧૧૪૯ કેસ દાખલ થયા, નિકાલ થયેલા કેસોની સંખ્યા ૧૧૯૨ અને નિકાલ કેસોની ટકાવારી જે ગતિ મળી તેના કારણે ૧૦૩.૭૪% રહી. ૨૦૧૧ના વર્ષમાં પણ ૧૩૯૫ કેસો દાખલ થયા, નિકાલ કેસોની સંખ્યા ૧૩૦૪ ટકાવારી ૯૩.૪૮. માનનીય સભ્યશ્રીએ બીજો એક મહત્વનો પ્રશ્ન પૂછયો કે, ફોરમના પ્રમુખ અને સભ્યોની નિમણૂક માટેની લાયકાત શું છે? સાહેબ, જિલ્લા ફોરમના પ્રમુખની લાયકાત એના નિયમોથી નકકી કરવામાં આવે છે તે પ્રમાણે સરકારશ્રીએ નિમેલા નામદાર ડીસ્ટ્રીકટ જજ હોય અથવા રહી ચુક્યા હોય તેવી વ્યક્તિને પ્રમુખશ્રી તરીકે નામદાર હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ, રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ નિમણૂક આપવામાં આવે છે. સાહેબ, જિલ્લા ફોરમના સભ્યશ્રીની નિમણૂક માટે પણ ઉમેદવાર ઓછામાં ઓછી ૩૫ વર્ષથી ઓછી ઉંમરનો ના હોવો જોઇએ. નિમણૂક ઇચ્છતો જેને નિમણૂક મેળવવી છે તેવો ઉમેદવાર હોંશિયાર, પ્રામાણિક, મોભાદાર વ્યક્તિ હોવો જોઇએ, આર્થિક અને કાનૂની, વાણિજ્ય અને હિસાબી કામકાજ તથા ઉદ્યોગ અને જાહેર કામકાજ અથવા વહીવટને લગતા પ્રશ્નોનું પણ તેને પુરતું જ્ઞાન અથવા તો અનુભવ હોવા જોઇએ. આ પ્રકારની લાયકાત હોય તેની નિમણૂક કરવામાં આવે છે.

શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા એ જાણવા માગુ છું કે સુરત જિલ્લાના ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા કોઇ નોંધપાત્ર ચુકાદા આપવામાં આવ્યા હોય તો તેની વિગત શું છે?

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં જે કાંઇ નિર્ણયો આપવામાં આવ્યાં છે એ બધા જ પ્રકારના નિર્ણયો, ચુકાદા ખૂબ જ સીમાચિન્હ્રરૂપ છે. એમાંના બે દાખલા ગૃહ સમક્ષ રજૂ કરવા માગુ છું, ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ચુકાદા નંબર ૧૬૬/૨૦૧૦ના અન્વયે તા.૨૨-૩-૨૦૧૨નાં રોજ એક ચુકાદો આવ્યો. ફરિયાદીએ સામાવાળા પાસેથી લેપટોપની ખરીદી કરી હતી અને આ લેપટોપ ખામીવાળું જણાતા દુકાનદારને પરત કર્યુ. દુકાનદાર નવું લેપટોપ આપવામાં અખાડા કરતો હતો. ફરિયાદી ગ્રાહક તકરાર નિવારણ ફોરમ પાસે આવ્યો અને તા.૨૨/૩/૨૦૧૨ના દિવસે આપેલો ચુકાદામાં લેપટોપની કિંમત ૨૮૪૯૯ ચૂકવવા અને માનસિક ત્રાસ જે ગ્રાહકને થયો. તે પેટે ૫,૦૦૦/- બીજા ચૂકવવાનો હુકમ કરેલો. આવું જ એક બીજું ઉદાહરણ છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, સુરત સમક્ષ ૩૧૫/૨૦૦૭ની મેટર હતી, તા.૨૯-૩-૨૦૧૨ના રોજ ચુકાદો આવ્યો. ફરિયાદીએ કોલ્ડ સ્ટોરેજમાં વીમા બાબતે ૨૫,૦૦,૦૦૦/-નો વીમો લીધો હતો. વીમા કંપનીએ સુરતમાં આવેલા ભયાનક પૂરના કારણે ફરિયાદીને જે નુકશાન થયેલ છે, એ સર્વેયરના રિપોર્ટના આધારે વીમા કંપનીએ ૫,૦૦,૦૦૦/- રૂપિયા ચૂકવ્યા હતા અને ૭,૬૦૬/-ની ચૂકવવાની તૈયારી બતાવેલી, આપ્યા ન હતા. આની સામે સ્ટેટ કમિશન સમક્ષ આ ફરિયાદીએ ફરિયાદ દાખલ કરી અને એનો જે ચુકાદો આવ્યો ૫,૦૦,૦૦૦/- રૂપિયા ચૂકવેલા, ચુકાદો જે આવ્યો એ ૧૪,૮૫,૭૮૭/- ને ૯ %ના વ્યાજ સહિત ચૂકવવા અને માનસિક ત્રાસ પેટે રૂપિયા ૫,૦૦૦/- ચૂકવવાનો હુકમ કર્યો, સાહેબ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કયા પ્રકારના કેસો દાખલ થાય છે, તેના પક્ષકારો કોણ હોઇ શકે અને આ દાવાઓ દાખલ કરવા માટે કોઇ રકમની મર્યાદા છે કે કેમ ?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ડિસ્પ્યુટેબલ તમામ આઇટમોના, એ તમામ આઇટમોના કેસો દાખલ થઇ શકે છે અને ચુકાદા પણ એ રીતના આપવામાં આવે છે. બીજી વિગત આપે જે પૂછી તે પ્રમાણે ફીનું ધોરણ કોઇ સામાન્ય વર્ગ માટે કશું જ હોતું નથી, ૧૦૦/- રૂપિયા પ્રારંભિક ભરવાના હોય છે અને પછી એની મેળે એ પ્રમાણે.

**સુરત જિલ્લામાં ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના.**

*** ૩૧૬૮૯ શ્રી કિરીટભાઇ ગં. પટેલ(ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧)સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે,

(૨)જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩)તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં કેટલો ખર્ચ થયેલ છે?

**વન મંત્રીશ્રીઃ**

(૧)હા, જી.

(૨)ડુમસ-સુલતાનાબાદ અને કેવડી.

(૩) ડુમસ-સુલતાનાબાદમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૩.૧૭ લાખ તથા વર્ષ ૨૦૧૧-૧૨માં ` ૦.૩૪ લાખ. કેવડીમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ` ૦.૫૬ લાખ તથા વર્ષ ૨૦૧૧-૧૨માં ` ૦.૪૫ લાખ.

શ્રી કિરીટભાઇ ગં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈકો ટુરિઝમના વિકાસ માટે મારા વિસ્તારના ડુમસ-સુલતાનાબાદને પસંદ કરવામાં આવ્યા તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારો પ્રશ્ન એ છે કે, ડુમસ-સુલતાનાબાદ અને કેવડીમાં ઈકો ટુરિઝમ સેન્ટર માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તથા કેવા પ્રકારની સગવડો ઉભી કરવામાં આવી છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, ડુમસ-સુલતાનાબાદ ઈકો ટુરિઝમ સેન્ટર ખાતે કુલ રૂપિયા ૧,૦૮,૧૭,૦૦૦/- તથા કેવડી ઈકો ટુરિઝમ સેન્ટર ખાતે રૂપિયા ૬૧,૬૮,૦૦૦/-નો ખર્ચ કરેલ છે. ડુમસ-સુલતાનાબાદ ખાતે વન કુટિર, વોચ ટાવર્સ, સાઇન બોર્ડ, એક્વેરિયમ, પાણીની સુવિધા, સેનીટેશન તથા કેવડી ખાતે ટુરિસ્ટ હટ, મેનેજમેન્ટ હટ, ફર્નિચર, ડાઇનીંગ હોલ, કિચન, એપ્રોચ રોડ, ટોયલેટ યુનિટ, પાણીની સુવિધા, સેનીટેશન, સોલર લાઇટ, ઉર્જા ફાનસ, વગેરે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે.

શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્બારા જાણવા માગુ છું કે, ઈકો ટુરિઝમ માટે સ્થળોના વિકાસમાં મુખ્યત્વે કેવા પ્રકારની સુવિધાઓનો વિકાસ કરવામાં આવતો હોય છે ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, ઈકો ટુરિઝમ માટે સ્થળોના વિકાસમાં મુખ્યત્વે પાયાની સુવિધાઓ જેમ કે, કેમ્પીંગની સુવિધા, જમવાની સુવિધા, પીવાના પાણીની સુવિધા, સેનીટેશન, વન કેડીઓ, વગેરે સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં આ વિસ્તારમાં આવતા પ્રવાસીઓ, વિસ્તારમાં થોડો સમય પસાર કરી કુદરતી સૌંદર્ય અને વન્ય પ્રાણીઓ તેમજ પક્ષીઓ જોવાનો આનંદ માણી શકે અને સાથે સાથે સુખદ સ્મૃતિઓ પણ સાથે લઇ જઇ શકે.

શ્રી કિશોર વાંકાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈકો ટુરિઝમના કારણે ડુમસ-સુલતાનાબાદ અને કેવડીમાં જે સવલતો આપી તેના કારણે શું લાભ થશે, ટુરિસ્ટોને ખાસ તો ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો ખૂબ સારો લાભ મળેલો છે. રાજય સરકાર તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારથી વન અને ઈકો ટુરિઝમને સાથે લઇને ઘણા બધા સ્થળો આપણે નવા નવા વસાવ્યા છે. તેમણે જે ફાયદાઓની વાત કરી છે, ડુમસ-સુલતાનાબાદ ઈકો ટુરિઝમ સેન્ટર દરિયા કિનારા ઉપર હોવાથી વન વિસ્તારમાં વન્ય સૃષ્ટિ, દરિયાઇ પક્ષી, ફીશ અને ચેરના વનો નિહાળવાનો લાભ મળે છે ચેરના વનો નિહાળવાનો લાભ મળે છે. સ્થાનિક લોકો જોડાય છે જેનાથી કૌશલ્ય વિકાસ અને આજીવિકા ઉભી થાય છે. સેન્ટર પ્રિટીશન સેન્ટરથી દરિયાઇ જીવો, વન્ય જીવો અને શહેરના લોકોને જાણકારી મેળવવાનો લાભ મળે છે. લોકોમાં પર્યાવરણ સબંધી જાગૃતિ ઉભી થાય છે. સ્થાનિક શાળાઓને પર્યાવરણની જાણકારી અને પ્રકૃતિ શિક્ષણ માટેના પ્રવાસો યોજવાનો લાભ મળે છે. સ્થાનિક લોકોને આજીવિકા મળે છે. સહેલાણીઓને વધુ સમય સુધી દરિયો નિહાળવાની તક મળે છે. સ્થાનિક હોટલો

અને નાના ધંધા રોજગારને આજીવિકા મળે છે. કેવડીયા ઇકો ટુરિઝમ ખાતે સ્થાનિક લોકોને વિકાસમાં જોડવામાં આવેલ છે જેનાથી ઇકો ટુરિઝમ અને પ્રવાસન વિકાસની પ્રવૃત્તિથી આજીવિકા મળે છે. કાર્યક્ષમતા અને કૌશલ્ય વિકાસ વધે છે. સ્થાનિક અને શહેરી વિસ્તારના સહેલાણીઓને રજામાં અને અન્ય દિવસોમાં કુદરતી સાનિધ્ય મળે છે. વનો, વનસ્પતિ, વન્ય જીવો અંગે બહારના પ્રવાસીઓને જાણવા, માણવા અને પર્યાવરણ વિશે જાણકારી મેળવવાની તકો ઉભી થાય છે. સ્થાનિક લોકોની લોક સંસ્કૃતિ પ્રવાસીઓને જાણવા મળે છે. શાળા, મહાશાળાના બાળકો, વિદ્યાર્થીઓને પ્રાકૃતિક શિક્ષણ શિબિરોનો લાભ મળશે. કુદરતી સુંદરતા ધરાવતા વિસ્તારનું સંરક્ષણ અને સંવર્ધન થશે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખાસ ચેર વૃક્ષની વાત કરી તો ખંભાતના અખાતમાં જે ચેરના વૃક્ષો આપણે રોપ્યા એને એવરીડે હું માનું છું ત્યાં સુધી ભરતી આવતી હોય છે તો અમારે ત્યાં આ કરવા માગો છો કે કેમ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્રસિંહનો પ્રશ્ન આમ તો ટુરીસ્ટ માટેનો છે પણ એમણે અલગ નોટિસ આપવી પડશે પણ હું કહું રાજેન્દ્રભાઇને કે ભારતીય જનતા પાર્ટીની સરકારે દરિયા કિનારા ઉપર રક્ષણ માટે વધારેમાં વધારે ચેરનું વાવેતર કર્યું છે અને એની ઝુંબેશ પણ કરેલી છે.

**કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

*** ૩૧૮૧૬ ડો. નીમાબેન ભા. આચાર્ય(અંજાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧માં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ,
(૨) તે પૈકી કેટલી સમરસ જાહેર થઇ,
(૩) સમરસ થયેલ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવેલ છે કે કેમ, અને
(૪) જો અનુદાનની રકમ ચૂકવવાની બાકી હોય તો તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧) ૪૭૫
(૨) ૧૫૯
(૩) હા. જી.
(૪) અનુદાનની ફાળવણી કરેલ હોઇ પ્રશ્ન નથી.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, મારા કચ્છ જિલ્લામાં જે રીતે ૧૫૯ સમરસ ગ્રામ પંચાયત થઇ છે. હું સૌ પ્રથમ તો સદ્ ભાવના મિશનના પ્રણેતા અને સમાજને અને રાજકારણને એક જુદી રાહ ચીંધનાર એવા માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કેમ કે સમરસ ગ્રામ પંચાયત એ વિચાર માનનીય મુખ્યમંત્રીશ્રીનો છે અને એમણે એને માટે ખૂબ મથામણ અને મહેનત કરી છે ત્યારે એમાં સૌથી વિશેષ તો મને એ વાતનું ગૌરવ છે કે ગ્રામ પંચાયતોમાં મહિલા સમરસ પણ થઇ છે અને મહિલા સમરસ થઇ છે ત્યારે મહિલાઓનો વિશ્વાસ તો વધ્યો જ છે પણ મહિલાઓ ઉપર સમાજના લોકો પણ વિશ્વાસ કરતા થયા છે અને જે રીતે મહિલા અને બાળ વિકાસ ખાતા મારફત માનનીય આનંદીબહેને મહિલાઓનું ગૌરવ વધારવા અને મહિલાઓનું સમાજમાં સન્માન વધે એ માટે જે રીતે યોજનાઓ મૂકી અને એનું આયોજન કર્યું છે એના માટે હું માનનીય આનંદીબહેનને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ મહિલા સમરસ જે થઇ છે એ એનું પરિણામ છે. એથી વિશેષ હું કહીશ કે આજે વિધાનસભાની અંદર જે રીતે ચારેબાજુ મહિલાઓ મુખ્યમંત્રીશ્રીને મળવા આવે છે અને વિધાનસભા જોવા આવે છે અને એમના આશીર્વાદ લેવા આવે છે. ખરેખર મહિલાઓનો આત્મવિશ્વાસ વધ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો પ્લીઝ.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ દિવસ ઇતિહાસમાં પણ ન આવી હોય એટલી મહિલાઓ આ વખતે આ સત્રની અંદર વિધાનસભા જોવા આવી છે એનું અમને પણ ગૌરવ છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે સમરસ પંચાયતો થઇ અને જેને લીધે ગામડાંઓ સુખી અને

સમૃદ્ધ બન્યા છે એવી આ સમરસ પંચાયતો એ તાલુકાવાર કેટલી થઇ, મહિલા સરપંચ જે થયા છે એ કેટલી? અને પહેલીવાર, બીજીવાર અને ત્રીજીવાર એવી કેટલી સમરસ ગ્રામ પંચાયતો છે? એ હું જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ખૂબ આનંદ થાય છે કે જે કન્સેપ્ટ લઇને ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી ચાલે છે સમરસ બાબતમાં ગુજરાતમાં એક આંદોલન બન્યું છે અને એનું ગૌરવ લેવામાં કંઇ વાંધો નથી. એમના પૂછેલા પ્રશ્નનો જવાબ આપું. ડિસેમ્બર–૨૦૧૧માં જે સામાન્ય ચુંટણીઓ થઇ. તેમાં કચ્છ જિલ્લામાં સામાન્ય ચૂંટણીઓ થઇ એમાં તાલુકાવાર ૧૦ તાલુકાઓ છે. અબડાસા તાલુકામાં ૮૦ ચૂંટણીઓ થઇ છે. એમાંથી ૩૩ સમરસ થઇ છે. એમાંથી બે મહિલા સમરસ થઇ.  એમ ૧૨ મહિલાઓ સમરસથી સરપંચ થઇને બેઠી છે.  અંજારમાં ૩૧ ચૂંટણીઓ થઇ અને ૭ સમરસ થઇ છે અને મહિલાઓ સરપંચ થઇ છે તે ૩ સરપંચ બની છે. ભચાઉમાં ૫૦ ચૂંટણીઓ થઇ છે. એમાંથી ૧૨ સમરસ થઇ છે અને ૩ મહિલા સમરસ થઇને સરપંચ થઇને બેઠી છે. ભૂજમાં ૮૦ ચૂંટણીઓ થઇ. કચ્છની તાસીર જોવા જેવી છે. ૮૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થઇ અને ૩૩ સમરસ પંચાયતો થઇ છે. આપણા માટે પાઠ શીખવા જેવો છે. ૧૦ મહિલા સરપંચ તરીકે બેઠી છે.  ગાંધીધામમાં ૭ ચૂંટણીઓ થઇ અને ૨ સમરસ થઇ છે. લખપતમાં ૨૭ માંથી ૧૩ સમરસ થઇ જે ગૌરવવંતુ છે. અને ૬ મહિલા સરપંચ તરીકે બેઠી છે. માંડવીમાં ૬૦ બેઠકોની ચૂંટણીઓ થઇ અને ૧૬ સમરસ થઇ. મુન્દ્રામાં ૨૧ ગ્રામપંચાયતોની ચૂંટણીઓ થઇ અને ૩ સમરસ થઇ. નખત્રાણામાં ૬૬ ચૂંટણીઓ થઇ અને એમાંથી ૩૦ સમરસ થઇ છે. ૫૦ ટકા લગભગ અને રાપરમાં ૫૩ ચૂંટણીઓ થઇ અને ૧૦ સમરસ થઇ છે. આમ ૪૭૫ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થઇ અને ૧૫૯ સમરસ ગ્રામ પંચાયતો થઇ છે. ૩ મહિલા સરપંચ બની છે. ૫૭ મહિલા સરપંચ તરીકે કચ્છમાં બેઠી છે. આ સમરસ પંચાયતો થઇ એમાં પ્રથમ વારની જે ૬૪ થઇ છે. બીજી વાર ૨૨ અને ત્રીજી વખત ૭૪ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે.

**શ્રી જયંતિલાલ  પ. ભાનુશાળી** :  મારે મંત્રીશ્રી પાસેથી જાણતા પહેલા આ સમરસ ગ્રામ પંચાયતો માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી ૧૫૯ જેટલી કચ્છમાં ગ્રામ પંચાયતો સમરસ થઇ. મને કહેતા ગૌરવ થાય કે મારા વિધાનસભા ક્ષેત્રમાં ૧૫૯ માંથી ૭૬ ગ્રામ પંચાયતો સમરસ થઇ અને ગામડાંઓના વિકાસનાં કારણે આજે કચ્છ ધબકતુ થયું છે. અને એના કારણે માનનીય મંત્રીશ્રી કચ્છમાં હવે નવી કહેવત ઊભી થઇ ગઇ છે. એમાં માણસો કહે છે કે ‘નીમકા પેડ ચંદનસે કમ નહિ, હમારા કચ્છ લંડનસે કમ નહિ.’ આવું માનનીય મુખ્યમંત્રીશ્રીએ કચ્છને બનાવ્યું છે, ત્યારે મારે મંત્રીશ્રીને કહેવું છે કે સમરસ ગ્રામ પંચાયતને મળતું અનુદાન એ ગ્રામ પંચાયતો કયા કયા હેતુ માટે વાપરી શકે છે એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્યશ્રીઓને જણાવું કે ગામડાની અંદર ફાઇનાન્સિંગ કરવાની ઇનડાયરેક્ટલી સિસ્ટમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઊભી કરી છે. ગામડામાં આવક ઓછી હોય છે, એ વાત ધ્યાનમાં હતી એ માટે સમરસ દ્વારા ગામડાઓને નાણાકિય મદદ મળે અને તે નાણાકિય મદદ કેવી રીતે વાપરવી તેના નિયમો બનાવ્યાં છે. સમરસ થયેલી ગ્રામ પંચાયતને મળતા અનુદાનનો ઉપયોગ કરવા માટે ગામડાના સામૂહિક વિકાસનાં કામમાં વાપરી શકાય, પીવાના શુદ્ધ પાણીની યોજના હોય તેમાં વાપરી શકાય. આંતરિક એપ્રોચ રસ્તાઓ બાંધવા માટે વાપરી શકાય, સ્ટ્રીટ લાઇટની સુવિધા માટે વાપરી શકાય, પ્રાથમિક શાળાના ઓરડાઓ બાંધવા માટે વાપરી શકાય, પ્રાથમિક સારવાર કેન્દ્રની વ્યવસ્થા માટે વાપરી શકાય, જળ સંચયની યોજનામાં વાપરી શકાય, જાહેર શૌચાલયો અને દૂષિત પાણીના નિકાલની યોજના માટે પ્રાથમિક સુવિધા માટે વાપરી શકાય, વોટર રિચાર્જની વ્યવસ્થા કરવાની, તળાવો ઊંડા કરવાના, બનાવવાના, કૂવા ખોદવાના, નદી–નાળાં ઉપર આડ બંધો બાંધી પાણીની સુવિધા કરવી હોય તો પણ તેમાં વાપરી શકાય, જિલ્લા આયોજન મંડળ હોય ગોકુલ ગ્રામ યોજના હોય, પંચવટી યોજના, ભારત સરકારની કે રાજ્ય સરકારની અન્ય યોજનાઓ હોય એમાં ફાળવેલ અનુદાનમાં મેચિંગ ગ્રાન્ટ તરીકે વાપરવી હોય તો પણ તેમાં વાપરી શકાય છે.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જયારે પંચાયતો સમરસ થાય છે તે બહુ આનંદની વાત છે. જે તે પંચાયતો સમરસ થઇ તેને હજુ અનુદાન મળ્યા

નથી. તો અનુદાન કેટલા સમયમાં મળશે અને તેમના કામો પૂરા થશે? એટલા માટે હું એટલું કહેવા માગું છું કે, જો અનુદાનો તાત્કાલિક મળી જાય તો દરેકે દરેક સુવિધામાં વાપરવામાં કામ આવી શકે.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે હમણાં જ મહિલા સમરસ જે પંચાયતો થઇ તેને માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે અનુદાન આપેલ છે. હવે બાકી રહેલ અનુદાનો છે તેના માટે ૪થી તારીખે મોરબીમાં સૌરાષ્ટ્ર અને કચ્છના સમરસ થયેલ તમામ ગામડાંઓને અનુદાન મળશે. ૬ઠ્ઠી તારીખે દક્ષિણ ગુજરાતની અંદર અનુદાનો મળશે અને ત્યારબાદ કડી ખાતે ઉત્તર ગુજરાતના ગામડાંઓને ૭મી તારીખે અનુદાનો મળશે. હમણાં જ ૩૧ તારીખે આણંદ ખાતે મધ્ય ગુજરાતના તમામ સરપંચોને અનુદાન આપ્યું છે. આ અઠવાડિયામાં તમામ સરપંચોને અનુદાન મળશે અને તે ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે આ રકમ વાપરી શકાશે.

**શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, ડિસેમ્બર ૨૦૧૧માં થયેલ ચૂંટણીઓમાં કચ્છ જિલ્લામાં જે સમરસ થયેલ ગ્રામ પંચાયતો છે તેને કેટલું અનુદાન ચૂકવવાપાત્ર થાય છે અને તે ક્યારે ચૂકવવામાં આવશે?તેની તાલુકાવાર વિગત હું જાણવા માગું છું.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં દસ તાલુકા છે અને અનુદાન આપવાની પ્રક્રિયા આપણે હાથમાં લીધી છે. મને કહેતાં આનંદ થાય છે કે ૧૫૯ ગ્રામ પંચાયતો જે સમરસ બની છે તેમાં અબડાસામાં ૩૩ ગ્રામ પંચાયતો સમરસ બની છે. અબડાસામાં ૮૩ લાખ ૬૨ હજાર અને ૫૦૦ રૂપિયાનું અનુદાન મળશે. અંજારમાં ૭ ગ્રામ પંચાયતો સમરસ બની છે. તેમાં ૧૮ લાખ ૩૭ હજાર ૫૦૦ રૂપિયાનું અનુદાનમાં મળશે. ભચાઉમાં ૧૨ ગ્રામ પંચાયતો સમરસ બની છે. તેમાં ૩૦ લાખ ૭૫ હજાર રૂપિયાનું અનુદાન મળશે. ભૂજમાં ૩૩ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. તેમાં ૮૪ લાખ ૭૫ હજારનું અનુદાન મળશે. ગાંધીધામમાં ૨ ગ્રામ પંચાયત સમરસ બની છે તેમાં ૫ લાખ ૬૨ હજાર ૫૦૦ રૂપિયા અનુદાન મળશે. લખપતમાં ૧૩ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે તેને ૩૬ લાખ ૩૭ હજાર ૫૦૦ રૂપિયા અનુદાન મળશે. માંડવીમાં ૧૬ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે તેને ૪૩ લાખ ૨૫ હજાર મળશે. મુન્દ્રામાં ૩ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. તેને ૬ લાખ રૂપિયા અનુદાન તરીકે મળશે. તે જ રીતે નખત્રાણામાં ૩૦ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. તેને ૭૭ લાખ ૮૭ હજાર અને ૫૦૦ રૂપિયા અનુદાન મળશે. રાપરમાં ૧૦ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. તેને ૨૫ લાખ ૬૨ હજાર ૫૦૦ રૂપિયા મળશે. આમ કચ્છની ૧૫૯ ગ્રામ પંચાયતોને ૪ કરોડ ૧૨ લાખ ૨૫ હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવશે.

શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતોને અનુદાન મળવાનું છે તો તેમાં જે મહિલા ગ્રામ પંચાયતો સમરસ થાય છે તે અનુદાનની રકમમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે ગયા નવેમ્બર મહિનામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલા સરપંચોને જે અનુદાન બે લાખ રૂપિયા મળતું હતું તેની જગ્યાએ ત્રણ લાખ રૂપિયા કર્યુ છે. જયાં ત્રણ લાખ રૂપિયા મળતા હતા ત્યાં પાંચ લાખ રૂપિયાનું અનુદાન આપવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં પ્રથમ નંબર**

***૩૧૭૭૮ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર મેળવી કયા ગામોએ ઈનામો મેળવેલ છે,

(૨) તેને સરકાર તરફથી ઈનામની રકમ આપવામાં આવે છે કે કેમ,

(૩) જો હા, તો કેટલી રકમનું ઈનામ આપવામાં આવ્યું, અને

(૪) બાકી હોય તો ક્યાં સુધીમાં આપવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧) મહેસાણા જિલ્લામાં જિલ્લા કક્ષાની ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં મેળવેલ ઈનામોની વિગત નીચે પ્રમાણે છે.

(અન્ય કક્ષા)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતનું નામ | નંબર |
|---|---|---|---|
| ૧ | વિજાપુર | આનંદપુરા (કુ) | પ્રથમ |
| ૨ | વિસનગર | બાજીપુરા (ગો) | દ્વિતિય |
| ૩ | સતલાસણા | સતલાસણા | તૃતિય |

વનબંધુ અને સાગરખેડૂ કક્ષામાં વિગત શૂન્ય છે.

(૨) હા, જી.

(૩) (અન્ય કક્ષા)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતનું નામ | નંબર | ઈનામની રકમ ` લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | વિજાપુર | આનંદપુરા (કુ) | પ્રથમ | ૨૦.૦૦ |
| ૨ | વિસનગર | બાજીપુરા (ગો) | દ્વિતિય | ૧૦.૦૦ |
| ૩ | સતલાસણા | સતલાસણા | તૃતિય | ૦૫.૦૦ |

(૪)ઈનામની રકમ ચુકવાઈ ગયેલ હોઈ પ્રશ્ન નથી.

---------

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી દ્વારા એ જાણવા માગું છું કે આપણી સરકાર દ્વારા શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોને લાખો રૂપિયાના ઇનામો આપવામાં આવે છે. તેમાં મારા મહેસાણા જિલ્લાને પણ પહેલો, બીજો અને ત્રીજો  નંબર મળેલ છે. તે બદલ હું સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું એ જાણવા માગું છું કે જિલ્લાઓમાં શ્રેષ્ઠ ગ્રામપંચાયતોની સ્પર્ધામાં જિલ્લા કક્ષાની ગ્રામ પંચાયત પસંદ કરવાના ધોરણો શું છે?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** :  માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ ઉજવણી નિમિત્તે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ એક આખી યોજના  આપી હતી, અને ગામડાંઓમાં નાણાકિય વ્યવસ્થાઓ અગર તો પૂરતી વ્યવસ્થાઓ ન હોય એ સંજોગોમાં ત્રણ કેટેગરીમાં ગામડાઓમાં શીલ્ડ મની મોકલી આપ્યા હતાં, એક કેટેગરી એવી હતી કે, જેમાં ૫૦૦૦થી વધુ વસ્તી હોય તો એને ૫૦૦૦૦ રૂપિયાનું અનુદાન મોકલી આપ્યું હતું, અને ૧૦૯૭ ગામડાં  એવાં છે કે, એમને ૫૦૦૦૦ રૂપિયાનું અનુદાન મોકલ્યું.  ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તી છે  એવાં ૪૬૫૨ ગામ છે એ દરેક ગામને ૭૫૦૦૦ રૂપિયાનું અનુદાન મોકલી આપ્યું છે, ૨૦૦૦થી ઓછી વસ્તી, જેમ નાનું ગામ છે એવાં ૭૯૮૯ ગામો નાનાં છે એ દરેક ગામને એક લાખ રૂપિયાનું

અનુદાન મોકલ્યું છે. આ પ્રમાણે ૧૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરીને ૧૩૭૦૦ જેટલાં ગામડાંઓમાં આપણે આ અનુદાન મોકલી આપ્યું હતું. એના પછી એ લોકોએ પ્રાથમિક તૈયારી કરી, વ્યવસ્થાઓ અને ખૂટતી કડીઓ ગોઠવી, અને એમણે હરીફાઇમાં ભાગ લીધો છે, હરીફાઇમાં ભાગ લેતી વખતે એમણે ખૂટતી નાણાકિય વ્યવસ્થાઓ જોઇતી હોય તો એના માટે પહેલાંથી ફંડ મોકલી આપ્યું હતું કે જેથી તેઓ હરીફાઇમાં ભાગ લઇ શકે પણ હરીફાઇમાં ભાગ લેવા માટે શ્રેષ્ઠ ગ્રામ પંચાયતની સ્પર્ધા જિલ્લા કક્ષાની ગ્રામ પંચાયતની પસંદગી કરવા માટેની જે ધોરણોની વાત કરી, તો એ ગમે તે એમાં ભાગ ન લઇ શકે, બધી જ તૈયારી કરી હોય પણ અમારા પેરામીટર્સમાં એ ન આવતું હોય તો એ જિલ્લા પંચાયતની હરીફાઇમાં ભાગ લઇ શકતા નથી. એ સ્પર્ધામાં ભાગ લેવો હોય તો પહેલાં તો એ ગામે શાળાનો પ્રવેશ દર ૧૦૦ ટકા કરવો જોઇએ. જો શાળામાં ૧૦૦ ટકા બાળકો દાખલ થતા હોય તો એ એમાં ભાગ લઇ શકે, એવાં ચાર પેરામીટર્સ છે, બીજું પેરામીટર્સ છે તે એ છે કે સંસ્થાકીય પ્રસુતિ ૧૦૦ ટકા હોવી જોઇએ, ઈન્સ્ટિટયુશનલ ડિલિવરી ૧૦૦ ટકા થતી હોય ગામમાં, તો એ ભાગ લઇ શકે, ત્રીજું, માતાનો મૃત્યુદર શૂન્ય હોય તો જ એ ભાગ લઇ શકે, અને ચોથું, જે ગરીબ રેખાની નીચે જીવતા લોકો છે, જે ઝીરોથી વીસના તમામ પ્લોટ વિહોણા બી.પી.એલ. કુટુંબોને પ્લોટ અને ઝીરોથી સોળના તમામ બી.પી.એલ. કુટુંબોને, ગરીબ લોકોને એના આવાસો બાંધવાનું કામ હાથમાં લીધું હોય, આ ચાર પેરામીટર્સ જે ગામમાં હોય એ જિલ્લા કક્ષાની હરીફાઇમાં ભાગ લઇ શકે.

શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત એટલે ગામની સરકાર. અને ગ્રામ સચિવાલયના કન્સેપ્ટ દ્વારા જે શ્રેષ્ઠ પંચાયતોને ઉત્તમ સેવાની ડિલિવરી સંદર્ભે જે પ્રોત્સાહન ગ્રાન્ટ અને ઇનામ આપવાની જે યોજના છે, એ ખૂબ જ પ્રશંસનીય છે. આ ઇનામો માટેની જે હરીફાઇમાં ભાગ લે એની મૂલ્યાંકનની શું પધ્ધતિ છે, અને એના માટે કોઇ સમિતિની રચના કરવામાં આવી છે કે કેમ?

બીજો મારો પ્રશ્ન એ છે કે, જેમ આપણે પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવના કાર્યક્રમ મારફતે શાળાઓનું ગ્રેડિંગ કરીએ છીએ, એ ગ્રેડ, બી ગ્રેડ, સી ગ્રેડ. એ પ્રમાણે ગ્રામ પંચાયતોનું પણ ગ્રેડિંગ કરવામાં આવે અને એને અપગ્રેડેશનની કોઇ પધ્ધતિ ઉભી કરવા માટે પંચાયત વિભાગ કોઇ વિચારણા કરશે કે કેમ?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ મોટી વ્યવસ્થા હતી. એની જિલ્લા કક્ષાના બધાં જ ગામડાંઓની સ્પર્ધા કરાવવી, એની કોઇ વ્યવસ્થા ગોઠવ્યા સિવાય તો આ સ્પર્ધા થઇ શકે નહીં. શ્રેષ્ઠ ગ્રામ પંચાયતના મૂલ્યાંકન માટે પોર્ટલ બનાવવામાં આવ્યું હતું અને એ બે ભાગમાં વહેંચેલું હતું. સ્વમૂલ્યાંકન અને બાહ્ય મૂલ્યાંકન, એ બે મૂલ્યાંકનમાં સ્વમૂલ્યાંકનમાં ગ્રામ પંચાયત દર માટે ડેટા એન્ટ્રી કરી પોતાની કામગીરી અપગ્રેટેડ કરે, જેથી સ્વમૂલ્યાંકનમાં ગ્રામ પંચાયત પોતાની પરિસ્થિતિ જાણી શકે, અને અન્ય ગ્રામ પંચાયતો સાથે એને સરખાવી શકે. બાહ્ય મૂલ્યાંકનમાં, બાહય મૂલ્યાંકનના વર્ષના અંતે જિલ્લા કક્ષાની એક સમિતિ બનાવવામાં આવે છે, કારણ કે બાહ્ય મૂલ્યાંકન જોવું હોય તો એની એક સમિતિ હોવી જોઇએ, એ સમિતિ જિલ્લા કક્ષાની સમિતિ છે એમાં જિલ્લા વિકાસ અધિકારી છે એ એના અધ્યક્ષ છે, એની સાથે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એના સભ્ય હોય છે, સભ્ય સચિવ તરીકે પંચાયતના ડેપ્યુટી ડી.ડી.ઓ. કામ કરે છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પણ એમાં હોય છે. કારણ કે આરોગ્ય વિભાગનું કામ પણ એના પેરામિટર્સમાં જોવાનું હોય છે જિલ્લા પ્રાથમિક અધિકારી પણ એના સભ્ય હોય છે, જિલ્લા ખેતીવાડી અધિકારી પણ આ સમિતિમાં હોય છે, પ્રોગ્રામ ઓફિસર આઇ.સી.ડી.એસ.ના એક અધિકારી એમાં હોય છે. આ પસંદગી સમિતિ ચકાસણી કરીને પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબરનું સંશોધન કરે છે. અનિલભાઇનું સૂચન ખરેખર સારું સૂચન છે કારણ કે જેમ શિક્ષણ ક્ષેત્રમાં શાળાઓનું અપગ્રેડેશન–એક્રિડેશન કરવામાં આવે છે એ પ્રમાણે ગામડાઓની અંદર પણ આ સૂચનનો અમલ કેવી રીતે કરવો એ સૂચનનો ઉપયોગ કરવા માટે અમે પ્રયત્ન કરીશું. અને એ જે રીતે સ્કૂલોનું અપગ્રેડેશન થાય છે એ પ્રમાણે અમે એક્રેડિશન કરવાના આ સૂચનનો અભ્યાસ કરીશું.

શ્રી કાંતિભાઇ રા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મહેસાણા જિલ્લા ગ્રામ પંચાયતની સ્પર્ધા માટે શિલ્ડમની તરીકે દરેક તાલુકાવાર કેટલી રકમ આપવામાં આવી?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના ૯ તાલુકા છે. આમ તો દરેકે દરેક જિલ્લાને તાલુકાવાર અને જિલ્લાવાર શિલ્ડમની મોકલવામાં આવે છે. પણ એમણે તાલુકાવાર માગ્યું છે તો ૯ તાલુકા છે એમાં વડનગર તાલુકો ૫ ગ્રામ પંચાયતની અંદર એમાં ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે એમાં એક મેં કહ્યું તે પ્રમાણે ૫૦૦૦ થી વધુ વસ્તીવાળો બ્લોક, ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીનો બ્લોક અને ૨૦૦૦થી ઓછી વસ્તીવાળી ગ્રામ પંચાયતો જ્યાં ગ્રામ પંચાયતમાં ૫૦૦૦થી વધારે વસ્તી છે એમાં વડનગરમાં પાંચ ગામ છે એને ૨.૫૦ લાખ મોકલવામાં આવ્યા છે અને ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળા ૧૪ ગામ છે એમાં ૧૦.૫૦ લાખ શિલ્ડમની આપ્યા છે અને ત્રીજી કેટેગરી ૨૦૦૦થી ઓછી વસ્તીવાળા ૨૦ ગામ છે એમાં ૨૦ લાખ રૂપિયા મોકલવામાં આવ્યા છે. ૩૯ ગ્રામ પંચાયતો છે એમાં ૩૩ લાખથી વધારે રકમ આપણે મોકલી છે. બેચરાજીમાં ૫૦૦૦થી વધુ વસ્તીવાળા બે ગામ છે એને એક લાખ રૂપિયા મોકલ્યા છે, ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળા ૧૪ ગામ છે એને ૧૦.૧૪ લાખ મોકલ્યા છે, ૨૦૦૦થી ઓછી વસ્તીવાળા ૩૬ ગામ છે એને ૩૬ લાખ રૂપિયા આપ્યા છે અને કુલ ૫૨ ગામ છે અને એ ૫૨ ગામમાં ૪૭.૫૦ લાખ રૂપિયા મોકલ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, લિસ્ટ ખૂબ જ લાંબુ છે. વિજાપુરની અંદર પણ ૭૩ ગામ છે અને ૫૯ લાખ રૂપિયા આપ્યા છે, ઉંઝામાં ૩૫ ગામ છે એને ૨૭.૨૫ લાખ રૂપિયા આપ્યા છે, વિસનગરમાં ૬૫ ગામ છે એને ૫૪ લાખ રૂપિયા આપ્યા છે, મહેસાણામાં ૧૨૪ ગ્રામ પંચાયતો છે એને ૧,૦૪,૫૦,૦૦૦ રૂપિયા આપ્યા છે, ખેરાલુમાં ૪૫ ગ્રામ પંચાયતો છે એને ૪૧ લાખ રૂપિયા આપ્યા છે, સતલાસણામાં ૩૭ ગ્રામ પંચાયતો છે એને ૩૨.૨૫ લાખ રૂપિયા આપ્યા છે અને કડીમાં ૧૧૯ ગ્રામ પંચાયતો છે એને ૧,૦૭,૫૦,૦૦૦ રૂપિયા આપ્યા છે. આમ કુલ ૫૮૯ ગ્રામ પંચાયતોને ૫ કરોડ ૬ લાખ રૂપિયા મહેસાણા જિલ્લામાં શિલ્ડમની તરીકે આપવામાં આવ્યા છે.

શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મહેસાણા જિલ્લામાં ટોટલ ગ્રામ પંચાયતો કેટલી છે, એમાં આપે જે ચાર પેરામીટર્સ મૂક્યા હતા ગ્રામ પંચાયતોને સ્પર્ધામાં ભાગ લેવા માટે એમાં એ ટોટલ ગ્રામ પંચાયતમાંથી કેટલી ગ્રામ પંચાયતો એ પેરામીટર્સમાં આવી?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૫૮૯ ગ્રામ પંચાયતો છે અને આની અંદર દરેક ગ્રામ પંચાયત ભાગ લઇ શકે પણ જેને ઉપરના લેવલે તાલુકા પંચાયતની અંદર ભાગ લઇ શકે એના પેરામીટર્સ લોઅર કક્ષાના છે કે જેથી દરેક ગામ એમાં ભાગ લઇ શકે. જિલ્લા પંચાયતની અંદર જે પેરા મીટર છે એ મેં હમણાં જ અગાઉના પ્રશ્નના જવાબમાં આપ્યું તેમ ચાર પેરામીટર્સ જો એ પાર ન કરી શકે તો એ ભાગ લઇ શકતા નથી. અને એ પેરામીટર્સની મેં માહિતી આપી હતી એ પેરામીટર્સમાં જે આવે એને આપીશું.

**ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં પ્રથમ નંબર**

***૩૧૭૭૭ શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર મેળવી કયા ગામોએ ઈનામો મેળવેલ છે, (૨)તેને સરકાર તરફથી ઈનામની રકમ આપવામાં આવે છે કે કેમ,

(૩) જો હા, તો કેટલી રકમનું ઈનામ આપવામાં આવ્યું, અને

(૪)બાકી હોય તો ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૧) ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાની ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં મેળવેલ ઈનામોની વિગત નીચે પ્રમાણે છે.

(અન્ય કક્ષા)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતનું નામ | નંબર |
|---|---|---|---|
| ૧ | માણસા | ઈશ્વરપુરા | પ્રથમ |
| ૨ | માણસા | મોતીપુરા (વેડા) | દ્વિતિય |
| ૩ | કલોલ | પલોડીયા | તૃતિય |

વનબંધુ અને સાગરખેડૂ કક્ષામાં વિગત શૂન્ય છે.

(૨)હા, જી.

(૩) (અન્ય કક્ષા)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતનું નામ | નંબર | ઈનામની રકમ ` લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | માણસા | ઈશ્વરપુરા | પ્રથમ | ૨૦.૦૦ |
| ૨ | માણસા | મોતીપુરા (વેડા) | દ્વિતિય | ૧૦.૦૦ |
| ૩ | કલોલ | પલોડીયા | તૃતિય | ૦૫.૦૦ |

વનબંધુ અને સાગરખેડૂ કક્ષામાં વિગત શૂન્ય છે.
(૪)ઈનામની રકમ ચુકવાઈ ગયેલ હોઈ પ્રશ્ન નથી.

**શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતને શિલ્ડમની તરીકે આપવામાં આવેલ રકમની વિગત તાલુકાવાર આપવા વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ :** આ ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન છે. અલગ અલગ જિલ્લાઓમાં શિલ્ડમની આપવામાં આવે છે, ગાંધીનગર જિલ્લાની પંચાયતોની જે સ્પર્ધા થઇ એમાં તાલુકાવાઇઝ શિલ્ડ મનીનો પ્રશ્ન એમણે પુછયો, ગાંધીનગરની અંદર ચાર તાલુકા છે, પાંચ હજારથી વધારે વસ્તીવાળા ૧૮ ગામો છે, એમને ૯,૦૦,૦૦૦ રૂપિયા મળ્યા છે, ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળી ૩૪ ગ્રામ પંચાયતો છે એમને ૨૫ લાખ ૭૫ હજાર રૂપિયા મળ્યા છે અને ગાંધીનગર તાલુકામાં ૨૦૦૦થી ઓછી વસ્તીવાળી ૨૦ ગ્રામ પંચાયતો છે અને ૨૦ લાખ રૂપિયા મળ્યા છે. કુલ ૭૨ ગ્રામ પંચાયતો છે એમને ૫૪ લાખ ૭૫ હજાર રૂપિયા મળ્યા છે,

માણસામાં પાંચ હજારથી વધારે વસ્તીવાળા ૧૦ ગામો છે, એમને ૫,૦૦,૦૦૦ રૂપિયા મળ્યા છે, ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળી ૨૫ ગ્રામ પંચાયતો છે એમને ૧૮ લાખ ૭૫ હજાર રૂપિયા મળ્યા છે અને ૨૦૦૦થી ઓછી વસ્તીવાળી ૨૬ ગ્રામ પંચાયતો છે અને ૨૬ લાખ રૂપિયા મળ્યા છે. કુલ ૬૧ ગ્રામ પંચાયતો છે એમને ૪૯ લાખ ૭૫ હજાર રૂપિયા મળ્યા છે,

કલોલ તાલુકામાં પાંચ હજારથી વધારે વસ્તીવાળા ૧૩ મોટા ગામો છે, એમને ૬,૫૦,૦૦૦ રૂપિયા મળ્યા છે, ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળી ૨૦ ગ્રામ પંચાયતો છે એમને ૧૫ લાખ રૂપિયા મળ્યા છે અને ૨૦૦૦થી ઓછી વસ્તીવાળી ૩૬ ગ્રામ પંચાયતો છે અને ૩૬ લાખ રૂપિયા મળ્યા છે. કુલ ૬૯ ગ્રામ પંચાયતો છે એમને ૫૭ લાખ ૫૦ હજાર રૂપિયા મળ્યા છે,

દહેગામમાં પાંચ હજારથી વધારે વસ્તીવાળા ૬ ગામો છે, એમને ૩,૦૦,૦૦૦ રૂપિયા મળ્યા છે પચાસ હજાર લેખે, ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળી ૩૧ ગ્રામ પંચાયતો છે એમને ૨૩ લાખ ૨૫ હજાર રૂપિયા મળ્યા છે અને ૨૦૦૦થી ઓછી વસ્તીવાળી ૫૪ ગ્રામ પંચાયતો છે અને ૫૪ લાખ રૂપિયા મળ્યા છે.

કુલ ૯૧ ગ્રામ પંચાયતો છે એમને ૮૦ લાખ ૨૫ હજાર રૂપિયા મળ્યા છે, કુલે ૨૯૩ ગ્રામ પંચાયતો છે, ગાંધીનગર જિલ્લામાં એમને ૨ કરોડ ૪૨ લાખ ૨૫ હજાર રૂપિયાના શિલ્ડમની આપ્યા છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં તાલુકા કક્ષાની ગ્રામ પંચાયતોની સ્પર્ધામાં તાલુકાવાર, કેટેગરીવાર વિજેતા ગ્રામ પંચાયતોની સંખ્યા તથા ઇનામની વિગતો અને તાલુકાવાર કયા ગામોને ઇનામ મળ્યા તેની વિગતો આપવા વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકા છે, દરેક તાલુકામાં ત્રણ ત્રણ ઇનામો આપવામાં આવે છે, તાલુકામાં ૫ હજારથી મોટી વસ્તીવાળી ૧૨ ગ્રામ પંચાયતો છે એને ૪૦ લાખ રૂપિયાના ઇનામ મળ્યા છે, ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળા ૧૨ ગામો પસંદ થયાં છે એને પણ ૪૦ લાખ રૂપિયા મળ્યા છે અને ૨૦૦૦ થી ઓછી વસ્તીવાળા ૧૨ ગામો છે એને પણ ૪૦ લાખ રૂપિયા મળ્યા છે, કુલ ૩૬ ગામોને ૧ કરોડ ૨૦ લાખ રૂપિયા મળ્યા છે, એમણે કયા ગામોને આ ઇનામો મળ્યા છે એની વિગત માંગી છે, ગાંધીનગર જિલ્લામાં તાલુકા અને જિલ્લાની સ્પર્ધા થઇ એમાં તાલુકામાં પ્રથમ ગામ વલાદ છે, બીજું અડાલજ છે અને ત્રીજું વડોદરા છે એમાં પહેલા વલાદને ૫ લાખ રૂપિયા, અડાલજને ૩ લાખ અને વડોદરાને ૨ લાખ રૂપિયા મળ્યા છે. એ જ પ્રમાણે ૨૦૦૦ થી ૫૦૦૦ ની વસ્તીવાળા ૩ ગામો છે, ગિયોડ, ચંદ્રાલા અને ત્રીજુ દંતાલી. એ જ પ્રમાણે ૨૦૦૦ થી ઓછી વસ્તીવાળા ૩ ગામો પસંદ થયાં છે, ભૂંડિયા, લીંબડીયા અને રતનપુર, પ્રથમ નંબરને ૫ લાખ, બીજા નંબરને ૩ લાખ અને ત્રીજા નંબરને બે લાખ રૂપિયા આપ્યા છે. કલોલ તાલુકો છે એમાં પ્રથમ પલિયડ છે એને ૫ લાખ મળ્યા છે, નારદીપુરને ૩ લાખ મળ્યા છે અને છત્રાલને ૨ લાખ રૂપિયા મળ્યા છે, એ જ પ્રમાણે ૨૦૦૦ થી ૫૦૦૦ ની વસ્તીમાં કાંઠા ગામ છે એને ૫ લાખ રૂપિયા મળ્યા છે, ડિંગૂચાને ૩ લાખ અને ધમાસણાને ૨ લાખ રૂપિયા મળ્યા છે, એ જ પ્રમાણે કલોલ તાલુકામાં નાનું ગામ છે પલોડિયા એને ૫ લાખ, ખાત્રજને ૩ લાખ અને ઉસ્માનાબાદને ૨ લાખ રૂપિયા મળ્યા છે. માણસા તાલુકામાં પ્રથમ છે બિલોદરા એને ૫ લાખ, લોદરાને ૩ લાખ અને આજોલને ૨ લાખ રૂપિયા મળ્યા છે, એ જ પ્રમાણે ૨૦૦૦ થી ૫૦૦૦ની વસ્તીવાળામાં ઇન્દ્રપુરા ગામ છે એને ૫ લાખ, વિહારને ૩ લાખ અને વેડાને ૨ લાખ રૂપિયા મળ્યા છે, એ જ પ્રમાણે ૨૦૦૦થી નાની વસ્તીવાળા ઇશ્વરપુરાને ૫ લાખ, ભીમપુરાને ૩ લાખ અને મોતીપુરાને ૨ લાખ રૂપિયા મળ્યા છે. દહેગામની અંદર પ્રથમ રખિયાલ છે તેને ૫ લાખ રૂપિયા મળ્યા છે. કડઝોદરાને ૩ લાખ મળ્યા છે અને બહીયલ તથા સાણોદાને ૨ લાખ મળ્યા છે. તે જ પ્રમાણે ધમીજ તથા હાથીજણને ૫ લાખ બે ગામ હરીફાઇમાં સાથે સમકક્ષ રહ્યા છે તેને ૫–૫ લાખ રૂપિયા આપ્યા છે. ધારીસણા તથા ખાનપર એવા બે ગામ છે સરખા માર્કીંગ સાથે ૩–૩ લાખ દરેકને આપ્યા છે. હરસોલીમાં ૨ લાખ આપ્યા છે. તે જ પ્રમાણે દહેગામમાં રામનગરને ૫ લાખ આપ્યા. તે જ પ્રમાણે રામનગરની જેમ સિયાપુરા સમકક્ષ છે ૫–૫ લાખ રૂપિયા માનનીય અધ્યક્ષશ્રી, એક જ સમકક્ષ હોય તો બે ગામને સરખાં નાણાં આપવામાં આવે છે. ધનિયોલને ૩ લાખ, નેદોડને ૨ લાખ. માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાનું જે ઇનામ થયુ આપણાં ગાંધીનગર જિલ્લામાં ઇશ્વરપુરા ગામ છે તેને ૨૦ લાખ રૂપિયાનું અનુદાન મળ્યું છે. મોતીપુરા વેડાને ૧૦ લાખ રૂપિયા અને તૃતિય પલોડીયાને ૫ લાખ રૂપિયા તેને અનુદાન મળ્યું છે.

શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ૨૯૩ ગ્રામ પંચાયતો છે તેમાં જિલ્લા સ્પર્ધામાં ભાગ લેવા માટે સરકારે જે પેરામીટર્સ મૂકયા છે જેમાં સો ટકા એજયુકેશન હોવું જોઇએ, ઝીરો ફીમેલ mortality, સો ટકા institutional અને ૦ થી ૨૦માં કોઇ ગરીબી રેખા નીચે ન હોવો જોઇએ અને બધાને પ્લોટો યા ઘર બનાવેલાં હોવા જોઇએ. તો આ જે ૨૯૩ ગામો ગાંધીનગર જિલ્લામાં છે તે ૨૯૩માંથી કેટલા ગામો જિલ્લા સ્પર્ધામાં ભાગ લેવા માટે આ ચારે ચાર પેરામીટર્સ કમ્પ્લીટ કવર કરીને ભાગ લીધો ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિગત અત્યારે મારી પાસે નથી પણ તેમને જોઇશે તો હું તેમને આપીશ.

## સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ

*** ૩૧૭૧૯ શ્રી નાનુભાઈ વાનાણી (સુરત શહેર–ઉત્તર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧–૧–૨૦૧૧ની સ્થિતિએ કેટલા કેસો હતા,

(૨) ત્યારબાદ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા નવા કેસો દાખલ થયા, અને

(૩) તે સમય દરમ્યાન કેટલા કેસોનો નિકાલ થયો?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રીઃ**

(૧)

| | |
|---|---|
| **સુરત (મુખ્ય) ફોરમ** | ૧૯૫૪ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૧૦૫૯ |
| **કુલ** | **૩૦૧૩** |

(૨)

| ફોરમનું નામ | **નવા દાખલ કેસો** |
|---|---|
| **સુરત (મુખ્ય) ફોરમ** | ૪૨૪ |
| સુરત (એડીશનલ) ફોરમ | ૯૨૫ |
| **કુલ** | **૧૩૪૯** |

(૩)

| ફોરમનું નામ | **નિકાલ કેસો** |
|---|---|
| **સુરત (મુખ્ય) ફોરમ** | ૯૧૩ |
| **Table 4**<br>સુરત (એડીશનલ) ફોરમ | ૭૪૬ |
| **કુલ** | **૧૬૫૯** |

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિમાં ગ્રાહકને ભગવાનનું સ્વરૂપ ગણવામાં આવે છે. ગ્રાહક અને વેપારી કે વેપારી અને ગ્રાહક, ઉત્પાદક અને ગ્રાહકની વચ્ચે ઓછામાં ઓછી તકરારો થાય તે સમાજની સુલેહ માટે ખૂબ જરૂરી છે. તેમ છતાં કોઇને કોઇ બાબતમાં જો નાની મોટી તકરારો ઉભી થાય ત્યારે એ ગ્રાહકને ન્યાય મેળવવા માટે કોર્ટ કચેરીનો આશરો લેવો પડે છે. તેમાં સમય બરબાદ થાય છે અને નાણાકિય મુશ્કેલી અનુભવવી પડે છે અને ન્યાય ખૂબ વિલંબથી મળે છે. જયારે ગ્રાહકની વ્યાખ્યાનો ડાયરો પણ ખૂબ મોટો કરવામાં આવી રહ્યો છે સર્વિસ સેકટરને પણ તેમાં આવરી લેવામાં આવેલ છે ત્યારે આવા જે જિલ્લા કક્ષાના ગ્રાહક ફોરમો હોય તે ખૂબ આશીર્વાદરૂપ સાબિત થતાં હોય છે. મને માનનીય મંત્રીશ્રી પાસેથી જવાબ મળ્યો છે કે, મારા સુરત જિલ્લામાં ૪૩૫૨ કેસો આવ્યાં હતા તેમાં ૧૬૫૯ કેસોનો નિકાલ થયો એટલે લગભગ ૪૦ ટકા કેસોનો આમાં નિકાલ થયો અને ૧૬૫૯ લોકોને ઝડપથી અને સસ્તો ન્યાય મળ્યો. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, સમગ્ર રાજયની અંદર છેલ્લાં ત્રણ વર્ષમાં આ પ્રકારના કેટલા કેસો દાખલ થયા ? અને તેમાંથી કેટલા કેસોનો નિકાલ આવ્યો ? આ પ્રશ્ન એક થયો અને

બીજો પ્રશ્ન કે રાજયમાં આવા જે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રો કે ફોરમો તે કેટલા છે ? અને તેમાં પોતાના પાકા મકાનમાં બેસતા હોય એવા કેટલા મકાનો છે ?

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ત્રણ વર્ષમાં રાજયમાં જિલ્લા ફોરમની વિગતો તેમણે માગી છે તો ૨૦૦૯ના વર્ષમાં કુલ ૯૯૭૯ કેસો દાખલ થયા અને નિકાલ થયો ૯૬૩૬. નિકાલ કેસોની ટકાવારી ૯૬.૫૬ ટકા છે. ૨૦૧૦ના વર્ષમાં ૮૯૧૭ કેસો દાખલ થયા. અને નિકાલ થયેલા કેસોની સંખ્યા ૧૨૨૦૪ની થઇ અને નિકાલ થયેલા કેસોની ટકાવારી ૧૩૬.૮૬ છે. ૨૦૧૧ના વર્ષમાં ૮૧૧૧ કેસો દાખલ થયા અને નિકાલ થયેલા કેસોની સંખ્યા ૧૦૫૩૬ ની છે અને નિકાલ કેસોની ટકાવારી ૧૨૯.૮૯ ટકા થઇ છે. એમનો બીજો પ્રશ્ન જે છે, એને આની સાથે જોડીએ તો આ જે ટકાવારી ૧૦૦ ટકા ઉપર અમે નીકળ્યા, એની પાછળનું કારણ ફકત આ જ છે કે ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે આપણી રાજય સરકારે સીમાચિહ્નરૂપ પ્રશંસનીય કામગીરી કરી છે. મકાનોની જે એમણે વાત કરી. જે રીતે રાજયનો ઇકોનોમિક ગ્રોથ છે, આર્થિક વિકાસ જે રીતે થઇ રહ્યો છે. ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે પણ વસ્તુ સમજવાની અને તેનો ત્વરીત નિકાલ લાવવાની તીવ્ર ઇચ્છા રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની છે. અને અમને એ રીતે દોડતા રાખ્યા છે કે આ વિભાગમાં, કે ગત વર્ષમાં મને કહેતા આનંદ થાય છે કે ગ્રાહક તકરાર નિવારણ માટે કુલ ૩૧ ફોરમ છે અને રાજય કમિશનની ૧ સહિત કુલ ૩૨ અદાલતો કાર્યરત છે. તે પૈકી ૨૫ અદાલતો પોતાના નવા આધુનિક મકાનોમાં અત્યંત આધુનિક સુવિધા સાથે કામગીરી કરી રહેલ છે. ૬ જિલ્લાની અદાલતો પોતાના નવા ભવનમાં ટૂંક સમયમાં આ બજેટ સત્ર પૂરું થાય એની સાથે જ આ ૬ નવા ભવનમાં અમારી અદાલતો કાર્યરત થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી અગત્યની વિગત હું આ ગૃહને આપના માધ્યમથી જણાવવા માગુ છું કે તમામ જિલ્લા ફોરમને રાજય કમિશન સાથે કોમ્પોનન્ટ પ્રોજેકટ હેઠળ કોમ્પ્યુટર નેટવર્કથી જોડાણ કરેલ છે. બીજી મહત્વની બાબત છે કે રાજય કમિશન અને જિલ્લા ફોરમોમાં ફેબ્રુઆરી ૨૦૧૨ સુધીમાં દાખલ થયેલા કુલ ૧,૮૩,૭૯૩ કેસોની ડેટા એન્ટ્રી કરવામાં આવેલ છે. રાજય કમિશન અને જિલ્લા ફોરમમાં ફેબ્રુઆરી ૨૦૧૨ સુધીમાં નિકાલ થયેલા કુલ ૫૪૫૩૧ કેસોના હુકમો અપલોડ કરવામાં આવ્યા છે અને શરૂઆતથી એટલે કે તારીખ ૨૯–૨–૧૨ની સ્થિતિએ રાજય કમિશન ખાતે કુલ ૩૮૨૦૨ કેસો પૈકી કુલ ૩૩૮૪૩ કેસોનો નિકાલ થયો છે. કેસોના નિકાલની ટકાવારી ૫૮.૫૮ ટકા છે અને કુલ ૪૩૫૯ કેસો હવે પડતર છે. આટલી વિક્રમજનક અને ઉત્સાહપ્રેરક કામગીરી, ગ્રાહકોની બાબતમાં રાજય સરકાર ચિંતિત છે અને મુખ્યમંત્રીશ્રી પોતે એના ઉપર વિશેષ ઘ્યાન આપી રહ્યા છે અને એટલે આ રીતે આ કામગીરી કરવાનું અમને બળ મળ્યું છે.

શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ૨૦૦૮માં ૯૬ ટકા કેસોનો નિકાલ કર્યો. એ તો સમજમાં આવે છે, પણ બીજું જે ૨૦૧૦–૧૧ ની વાત કરી કે ૮૧૧૧ કેસો આવ્યા, એમાં ૧૦ હજાર ઉપરના કેસોનો નિકાલ કર્યો છે. ગ્રાહક સુરક્ષાની કમ્પલેઇન આપની પાસે આવી નહોતી, કમ્પલેઇન આવી નહોતી તો How does the percentage increase ? આપના કમ્પલેઇન છે એ છે ૮૧૧૧. આપ કહો છો કે આપે કેસ નિકાલ કરેલ છે ૧૦ હજાર. એવી રીતે એક વર્ષ પહેલા આપે કીધું કે ૧૩૬ ટકા સુધીના કેસો અમે નિકાલ કર્યા, મતલબ ૩૬ ટકા, જેની કમ્પલેઇન નથી આવી, એનાથી વધુ આપે નિકાલ કર્યો છે. ૩ વર્ષનું તો સમજમાં આવે છે, કેમ કે અગાઉના ૪ ટકાનો ફેર રહી ગયો હતો, પણ આ ડીફરન્સ જે આવે છે, એ વગર કમ્પલેઇને આપે કેસોનો નિકાલ કેવી રીતે કર્યો?

**શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારો પ્રશ્ન સભ્યશ્રીએ કર્યો છે અને આ જ બાબત અમારે કહેવી છે. એ બાબત હું કહી ગયો છું સાહેબ, કે ભૂતકાળની જે પેન્ડિગ ફરિયાદો હતી તે આ આધુનિક સુવિધાના કારણે જે ન્યાય તંત્રમાં સજ્જતા આવી અને એફીસીયન્ટલી કામગીરી કરવાને કારણે અને તેનું મોનિટરીંગ વ્યવસ્થિત રીતે થવાને કારણે એ પેન્ડિગ ફરિયાદોનો પણ નિકાલ કરી શકયા, આ રીતે તંત્રમાં સુધારો આવવાને કારણે પાછલા પેન્ડિગ કેસો હતા તેમાં ઝડપથી નિકાલ લાવી શકયા એટલે આ પરસન્ટેઝ રેશીયો વધારે દેખાય છે.

તા.૨૯મી માર્ચ, ૨૦૧૨
તારાંકિત પ્રશ્નો

## જૂનાગઢ જિલ્લામાં ઈ–ગ્રામ યોજનામાં ગ્રામ પંચાયતોમાં વીજળી બિલ લેવા બાબત

* **૩૧૮૨૧ શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)જૂનાગઢ જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બિલ સ્વીકારવામાં આવે છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બિલ કલેકશન કરવામાં આવતું નથી, અને

(૩)બાકી ગ્રામ પંચાયતોમાં વીજળી બિલ કલેકશન કરવાનું ક્યારે શરૂ કરવામાં આવશે

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧) તમામ ૮૨૧ ગ્રામ પંચાયતો.

(૨) કોઈ ગ્રામ પંચાયત બાકી નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાજસીભાઇ વિ. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જુનાગઢ જિલ્લાની ૮૨૧ ગ્રામ પંચાયતો દ્વારા વીજળી બિલો સ્વીકારવામાં આવે છે. અને જુનાગઢ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં સરકાર દ્વારા આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય પંચાયત મંત્રીશ્રીને અભિનંદન આપું છું. તેમજ હું આપના દ્વારા એ જાણવા માગું છું કે ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ મારફત ગ્રામ પંચાયતો દ્વારા વિવિધ પ્રકારના પ્રમાણપત્રો આપવામાં આવે છે એમાં જી. ટુ સી. અને બી. ટુ સી. સેવાઓ એટલે શું? અને એમાં કઇ કઇ સેવાઓ આપવામાં આવે છે. અને ભવિષ્યમાં કઇ કઇ સેવાઓ ઇ ગ્રામ કેન્દ્ર મારફત ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં ૮૨૧ ગ્રામ પંચાયતો છે તે તમામ ગ્રામ પંચાયતોને ઇ–ગ્રામ કનેકટીવીટીથી પૂર્ણ કરવામાં આવેલ છે. અને વીજ બિલની કનેકટીવીટી શરૂ થઇ છે. જી. ટુ સી. અને બી. ટુ સી. એ સીમ્બોલીક વપરાય છે. જી. ટુ સી. એટલે ગવર્નમેન્ટ ટુ સીટીઝન, અને બી. ટુ સી. એટલે બીઝનેશ ટુ સીટીઝન આ રીતે છે. અને સરકાર દ્વારા જે કામો આવે છે તેને જી. ટુ સી. કહીએ છીએ અને બીઝનેશ માટે આવે છે તેને બી. ટુ સી. સેવા કહીએ છીએ. જી. ટુ સી. સેવાઓ છે એમાં સરકારી કામગીરી હોય છે. જન્મ મરણનો દાખલો મળે, જાતિ અને આવકના પ્રમાણપત્ર મળે, ટેકસ કલેકશન રિસિપ્ટ મળે, ૭/૧૨ અને ૮–અ ના ઉતારા મળે, જુદા જુદા વિભાગના અરજી ફોર્મ મળે, જી.ઇ.બી.ના બિલ કલેકશન પણ જી.ટુ સી. માં આવે, ઇ–રેશનીંગ કાર્ડની કામગીરી થાય, સ્વાગત ઓન લાઇન પ્રશ્નો હાથ ધરી શકાય. જિલ્લા કક્ષાએથી તાલુકા અને ગ્રામ કક્ષાએ વિડીયો કોન્ફરન્સ, પોસ્ટલ એજન્સી, આ બધા કામો જી. ટુ સી. કહેવાય છે. બી. ટુ સી. છે એમાં રેલવે અને વિમાનની મુસાફરી માટેની ઇ–ટીકીટનું બુકિંગ કરવામાં આવે છે તે આવે, ટેલિફોનની વ્યવસ્થાની મદદ મળે, મોબાઇલ વગેરેના બિલનું કલેકશન પણ કરવામાં આવે ડી.ટી.પી. વર્કસ અને ટેન્ડરો તૈયાર થાય એ બધા કામો બિઝનેશ સર્વિસીસમાં આપવામાં આવે છે આમ જુદી જુદી કામગીરી કરવામાં આવે છે. ભવિષ્યમાં ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ દ્વારા એસ.બી.આઇ. બેંકના નાણાકિય વ્યવહાર અને બિઝનેશ કોરસ્પોન્ડટ તરીકે અમે વી.સી.ઇ.ની પણ નિમણૂક કરવાનું વિચારી રહ્યા છીએ. જેથી બેંકીંગ વ્યવસ્થામાં પણ ભાગ લઇ શકાય, વી.સી.ઇ.ની ભારત સંચાર નિગમ લિમિટેડના મોબાઇલ ફોન અને રિચાર્જ કુપન વગેરેનું વેચાણ એજન્ટ તરીકેની કામગીરી સોંપી શકાય.

શ્રીમતી વંદનાબેન મ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જુનાગઢ જિલલામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વિવિધ પ્રકારના કેટલા પ્રમાણપત્રો અને ૭–૧૨ અને ૮–૨ ના કેટલા દાખલા આપવામાં આવ્યા અને તેના થકી ગ્રામ પંચાયત અને ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને કેટલી આવક પ્રાપ્ત થઇ છે?

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ઘણી મોટી સેવા હાથ ધરવામાં આવી છે અને લોકો તેનો લાભ લે છે. મારે જણાવવાનું કે ઇ– ગ્રામ કેન્દ્રો મારફતે પ્રમાણપત્રો જે ઇસ્યુ કરવામાં આવ્યા તે અલગ અલગ પ્રકારના છે. જુનાગઢ જિલ્લાના ૧૪ તાલુકાઓ છે. ૧૪ તાલુકામાં માણાવદર, ભેંસાણ, વિસાવદર, મેંદરડા, વંથલી, જુનાગઢ, કેશોદ, માંગરોળ, માળિયા, તાલાળા, વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર અને ઉના. વિવિધ તાલુકાનો મારી પાસે અલગ અલગ પ્રમાણપત્રોનો ફિગર છે. ૧૫૮૦૮ જન્મના પ્રમાણપત્રો આપ્યા છે. મરણના પ્રમાણપત્રો ૮૬૫૬ ઇસ્યુ કરવામાં આવ્યા છે. અન્ય જુનાગઢ ખાતે ૨,૧૮,૯૧૧ પ્રમાણપત્રો ઇસ્યુ કરવામાં આવ્યા છે. ૭/૧૨ અને ૮(અ)ના ઉતારા છે એના પ્રમાણપત્રો ૧,૧૪,૨૨૫ છે. આ પ્રમાણે ૩,૫૭,૬૦૦ પ્રમાણપત્રો જુનાગઢ ખાતે ઇસ્યુ કરવામાં આવ્યા છે એની આવક છે જે વી.સી.ઇ. છે એને આવક થાય, પંચાયતને આવક થાય અને આપણી સિસ્ટમ છે પબ્લિક પાર્ટનરશીપથી ચાલે અને એટલા માટે ૩,૫૭,૬૦૦ પ્રમાણપત્રોમાંથી ૩૦,૦૪,૮૭૫ ગ્રામ પંચાયતોને આવક થઇ અને એમાંથી કોમ્પ્યુટર સાહસિકને ૨૪,૩૯૦૦ રૂપિયા બધા વી.સી.ઇ. ને મળ્યા છે અને ૬,૦૦૯૭૫ ગ્રામ પંચાયતને આવક થઇ છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા : જુનાગઢ જિલ્લામાં ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાઇઝ કેટલી ગ્રામ પંચાયત અને કોમ્પ્યુટર સાહસિકને કેટલી આવક થઇ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : વીજ બિલ કલેકશન કરવાની સેવા પણ ગ્રામ પંચાયત દ્વારા ઇ–ગ્રામ વ્યવસ્થામાંથી કરવામાં આવે છે અને હવે કોઇ ગામને બહાર નાણાં ભરવા જવું પડતું નથી. પહેલા પોસ્ટ ઓફિસમાં ભરવા જતા, બેંકો શોધતા આજે સમગ્ર ગુજરાતમાં અમારી એવી વ્યવસ્થા ગોઠવાઇ છે કે ઇ–ગ્રામ વિશ્વગ્રામ દ્વારા વીજળીના બિલ લેવામાં આવે છે. જયાં સુધી જુનાગઢ જિલ્લાને સબંધ છે એ મુજબ ૮૨૧ ગ્રામ પંચાયત છે બધી જ ગ્રામ પંચાયતોમાં વીજ બિલ કલેકશન કરવામાં આવે છે અને તાલુકાવાઇઝ બધા ગામ સો ટકા છે. આની અંદર છેલ્લા બે વર્ષમાં ૪,૧૮,૮૮૫ વીજ બિલનું કલેકશન જી.ઇ.બી. દ્વારા કરવામાં આવ્યું છે જી.ઇ.બી. ને આપ્યું છે. ૨૦,૭૭,૦૦૦ રૂપિયાનું વીજ બિલ કલેકશન થયું છે એના કારણે ૨૯,૩૨,૧૯૫ રૂપિયા જુનાગઢ જિલ્લા ખાતેની પંચાયતોને આવક થઇ એમાંથી ૨૩,૪૫,૭૫૬ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને મળ્યા અને ૫,૮૬,૪૩૯ ગ્રામ પંચાયતોને મળ્યા.

પ્રશ્ન ક્રમાંક–૧૧ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

પ્રશ્ન ક્રમાંક–૧૨ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

## વડોદરા જિલ્લામાં પંચાયતોને સ્મશાન સગડી આપવા બાબત

*** ૩૧૬૮૧ શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બળતણના બચાવ સારૂ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને

(૩)તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રીઃ**

(૧)સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની ખાસ યોજના વન વિભાગમાં અમલમાં નથી. પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતને વિના મૂલ્યે સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. વડોદરા જિલ્લામાં પણ આ યોજના અમલમાં છે.

(૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ ૩૩ અરજીઓ મંજૂર કરેલ છે.

(૩)તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કુલ રૂ.૮.૭૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા :** મારે આપની મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ચાલુ વર્ષે વિભાગ તરફથી કેટલી સ્મશાન સગડીઓ આપવાનું આયોજન છે, તેમજ બળતણના બચાવ માટે વિભાગના બીજા કોઇ કાર્યક્રમો છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : સ્મશાન સગડી આપવા બાબતે ચાલુ વર્ષે વન વિભાગ તરફથી ૧૫ સ્મશાન સગડી ફાળવવાનું આયોજન છે તથા પાવર ફાઇનાન્સ કોરપોરેશન તરફથી દસ સ્મશાન સગડી મળી કુલ ૨૫ સ્મશાન સગડી ફાળવવાનું આયોજન છે. આ ઉપરાંત બળતણના બચાવ માટે સ્મશાન સગડી ઉપરાંત સૂર્ય કૂકર, બાયોગેસ, નિર્ધૂમ ચૂલા, સોલાર ફાનસ, સોલાર લેમ્પ વગેરેનો વપરાશ વધે તેવા કાર્યક્રમોનું આયોજન છે.

શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગ્રામ્ય કક્ષાએ ગેસના જોડાણો મળતા હોય અને સરકારના પ્રયત્નોથી શરૂઆત થઇ ગઇ હોય ત્યારે ગેસની સગડીઓ સ્મશાનમાં આપવાનું આયોજન કે સરકારની કોઇ દરખાસ્ત છે કે કેમ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ક્રમાંક-૧૪, માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**બનાસકાંઠા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ**
**માટે સરકારી છાત્રાલયો**

*** ૩૧૭૨૫ શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧)બનાસકાંઠા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે,
(૨)તે પૈકી કન્યા અને કુમારના કેટલા,
(૩)તેમાં રહી અભ્યાસ કરતા કન્યા અને કુમારની સંખ્યા કેટલી, અને
(૪) તે પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રીઃ**
(૧)૧ (એક).
(૨)કુમાર- ૧ (એક) .
(૩)૨૧.
(૪) રૂ.૩૧,૯૫,૦૦૦/-.

શ્રી બાબુભાઇ જે. દેસાઇ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ કુમાર છાત્રાલયો ચાલે છે. એમાં ધોરણ-૧૧, ૧૨માં એફ.વાય, એસ.વાય. માં

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### આદિજાતિ વિભાગમાં આદિજાતિ બેકલોગની વર્ગ-૧ થી ૪ ની ખાલી જગ્યાઓ

૩૨૨૪૮ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ આદિજાતિ વિભાગમાં આદિવાસી બેકલોગની વર્ગ-૧ થી ૪ ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) કેટલ સમયથી ખાલી છે?

**જવાબ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ખાતા દ્વારા ભરવાની થતી વર્ગ-૧ થી વર્ગ-૪ ની ભરાયેલ જગ્યાઓમાં આદિવાસી બેકલોગની કોઈ જ જગ્યા ખાલી નથી.

(૨) આદિવાસી બેકલોગની કોઈ જ જગ્યા ખાલી ન હોઈ લાગુ પડતું નથી.

---------

### તાપી જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓ

૩૨૧૬૧ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) મળેલ અરજીઓ અન્વયે તાલુકા કક્ષાએ લેન્ડ કમીટીની બેઠકો કેટલી વખત મળી, અને

(૩) મળેલ બેઠકમાં કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા ઈસમોને ઘરથાળના પ્લોટ આપવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| તાલુકો | ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ |
|---|---|
| વાલોડ | ૧૧૪૮ |
| વ્યારા | ૨૭૭૮ |
| સોનગઢ | ૪૯૫ |
| ઉચ્છલ | ૮૫૩ |
| નિઝર | ૧૨૮ |
| **કુલ** | **૫૪૦૨** |

(૨) ૧૪ વખત.

(૩) મંજુર અરજીઓ-૫૩૯૭ ફાળવેલ પ્લોટ-૫૩૯૭.

### રાજકોટ જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની માંગણીઓ

૩૨૧૫૮ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા માટે કેટલી માંગણીઓ સરકારને મળી,

(૨) મળેલ માંગણીઓ અન્વયે તાલુકા કક્ષાએ લેન્ડ કમીટીની બેઠકો કેટલી વખત મળી, અને

(૩) મળેલ બેઠકમાં કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા ઈસમોને ઘરથાળના પ્લોટ આપવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ માંગણીઓ |
|---|---|
| લોધીકા | ૨૯૩ |
| ગોંડલ | ૧૧૯૨ |
| માળીયા મીંયાણા | ૧૨૪ |
| મોરબી | ૬૬૨ |
| ધોરાજી | ૧૨૫૩ |
| પડધરી | ૪૨૯ |
| જામકંડોરણા | ૫૫૨ |
| કોટડા સાંગાણી | ૧૧૧૭ |
| રાજકોટ | ૨૬૦૦ |
| ઉપલેટા | ૮૫૮ |
| જસદણ | ૫૪૦ |
| ટંકારા | ૫૦૯ |
| જેતપુર | ૯૫૨ |
| વાંકાનેર | ૧૪૯૦ |
| **કુલ** | **૧૨૫૭૧** |

(૨) ૫૦ વખત.

(૩) મંજુર અરજીઓ-૭૧૩૩ ફાળવેલ પ્લોટ-૬૨૯૩.

### ખેડા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનોની મંજૂર જગ્યાઓ

૩૧૭૯૯ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૯મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા કારકુનોની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે,

(૩) કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરશે ?

**જવાબ**

(૧) મંજુર થયેલ જગ્યાઓ

જિલ્લા પંચાયત–૫૬

તાલુકા પંચાયત–૬૦

**કુલ –૧૧૬**

(૨) ભરેલ જગ્યાઓ

જિલ્લા પંચાયત–૪૬

તાલુકા પંચાયત–૫૫

**કુલ –૧૦૧**

(૩) ભરવાની બાકી રહેલ જગ્યાઓ

જિલ્લા પંચાયત–૧૦

તાલુકા પંચાયત–૦૫

**કુલ –૧૫**

(૪) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

---------

**ગીર ફૉરેસ્ટ વિસ્તારમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે આપેલ ગ્રાન્ટ**

૩૦૭૬૯ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર ફૉરેસ્ટ વિસ્તારમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે રકમ કયા કયા વિસ્તારમાં ખર્ચવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર ફૉરેસ્ટ વિસ્તારમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

(` લાખમાં)

| વર્ષ | કેન્દ્ર સરકારની ગ્રાન્ટ | રાજ્ય સરકારની ગ્રાન્ટ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૯–૧૦ | ૧૨૧.૪૬ | ૨૨૩૨.૧૮ | ૨૩૫૩.૬૪ |
| ૨૦૧૦–૧૧ | ૧૦૦.૫૦ | ૨૫૬૫.૨૩ | ૨૬૬૫.૭૩ |
| ૨૦૧૧–૧૨ (ડિસે.–૧૧ અંતિત) | ૫૨૯.૬૨ | ૨૭૩૮.૨૨ | ૩૨૬૭.૮૪ |
| કુલ | ૭૫૧.૫૮ | ૭૫૩૫.૬૩ | ૮૨૮૭.૨૧ |

(૨) તે અન્વયે ખર્ચની વિગત નીચે મુજબ છે.

(` લાખમાં)

| વર્ષ | કેન્દ્ર સરકારની ગ્રાન્ટ અન્વયે થયેલ ખર્ચ | રાજ્ય સરકારની ગ્રાન્ટ અન્વયે થયેલ ખર્ચ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૯–૧૦ | ૧૧૮.૦૫ | ૨૨૮૩. ૧૯ | ૨૪૦૧.૨૪ |
| ૨૦૧૦–૧૧ | ૬૭.૦૫ | ૨૫૪૬.૮૬ | ૨૬૧૩.૯૧ |
| ૨૦૧૧–૧૨ (ડિસે.–૧૧ અંતિત) | ૩૦૫.૯૯ | ૧૮૩૩.૭૦ | ૨૧૩૯.૬૯ |
| કુલ | ૪૯૧.૦૯ | ૬૬૬૩.૭૫ | ૭૧૫૪.૮૪ |

(૩) તે રકમ વન્યપ્રાણી વર્તુળ હેઠળના જુદા જુદા વિભાગની નીચે મુજબની રેંજના કાર્યક્ષેત્ર વિસ્તારમાં વાપરવામાં આવી.

૧. જામવાળા ૨. તાલાલા, ૩. વિસાવદર, ૪. છોડવડી, ૫. સાસણ, ૬. આંકોલવાડી, ૭. ડેડકડી, ૮. દેવળીયા, ૯. બાબરીયા, ૧૦. દલખાણીયા, ૧૧. સરસીયા, ૧૨. પાણીયા, ૧૩. જસાધારા, ૧૪. તુલસીશ્યામ, ૧૫. સાવરકુંડલા, ૧૬. હડાળા, ૧૭. અભયારણ્ય રેંજ, ૧૮. સ્વાગતી રેંજ

**વેડા ગામની ગ્રામ પંચાયતની ચૂંટણીનો ગ્રામજનો દ્વારા બહિષ્કાર**

૨૬૯૨૩ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વેડા ગામમાં છેલ્લા દશ વર્ષથી યોજાતી ચૂંટણીનો તેમની સમસ્યાના ઉકેલ ન આવતો હોવાથી ગ્રામજનો બહિષ્કાર કરી રહ્યા છે તે બાબતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) ગ્રામજનોની કઈ કઈ સમસ્યાઓ છે તથા તેના ઉકેલ લાવવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે ? | (૨) વેડા ગામજનોની હાલમાં સૌથી મોટી સમસ્યા વેડામાં ગોવિંદપુરાના થયેલ વિભાજનને લગતી છે. તેનો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાવો થયેલ હોઈ અને પેન્ડીંગ હોઈ જે નિર્ણય થશે તે અનુસાર કાર્યવાહી થશે. સરકારશ્રીએ વચગાળાની રાહત માટે વેડા ગામે વહીવટદારની નિમણૂંક કરેલ છે. અને તેઓશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ નિતી નિયમ મુજબ કરે છે. |

---------

**કોડીનાર તાલુકાના સિધાજ અને શેઢાપા ગામે ગોચરમાં દબાણ**

૩૧૮૭૦ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લામાં કોડીનાર તાલુકાના સિધાજ ગામે થયેલ ૧૬૨૦ ચો.મી. નું દબાણ અને શેઢાપા ગામે ગૌચર સર્વે નં. ૬/પૈકી ૧, ૬/પૈકી ૨ માં થયેલ દબાણો દૂર કરવા માટે તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૧) સિધાજ ગામે થયેલ ૧૬૨૦ ચો.મી.ના દબાણ બાબતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫ અન્વયે દબાણદારને તા. ૩૦–૧૧–૨૦૦૯ના રોજ નોટિસ પાઠવેલ હતી. સદરહુ દબાણ તા. ૧૧–૨–૨૦૧૧ના રોજ દૂર કરવામાં આવેલ છે. જ્યારે શેઢાપા ગામે ગૌચર સર્વે નં. ૬/પૈકી ૧, ૬/પૈકી ૨ માં દબાણ થયેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ સિધાજ અને શેઢાપા ગામે થયેલ દબાણ હટાવવામાં આવેલ ન હોવા છતાં દબાણ હટાવવાનો ખોટો રિપોર્ટ રજૂ કરનાર જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં ભરવામાં આવેલ છે, અને | (૨) સિધાજ ગામે દબાણ હટાવવામાં આવેલ છે. તેમજ શેઢાપા ગામે દબાણ થયેલ ન હોઈ અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) ઉક્ત થયેલ દબાણો કેટલા સમયમાં દૂર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન નથી. |

---------

**વન સંરક્ષણ ધારા નીચે મુંદ્રા તાલુકામાં રીઝર્વ ફોરેસ્ટની જમીનમાં વળતર વનીકરણ માટે સેન્ટ્રલ કેમ્પા ફંડમાંથી મળેલ રકમ**

૩૨૨૪૦ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વન સંરક્ષણ ધારા ૧૯૮૦ની જોગવાઈ અનુસાર કચ્છમાં મુંદ્રા તાલુકાના મુંદ્રા અને ધ્રબ માં રીઝર્વ ફોરેસ્ટની ૨૦૦૮.૪૧ હેક્ટર જમીન વપરાશી હેતુ માટે આપી વળતર વનીકરણ માટે એટલી જ જમીનમાં વનીકરણ કરવાની જવાબદારી અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન વિભાગને સેન્ટ્રલ કેમ્પા ફંડમાંથી એડહોક ધોરણે કોઈ રકમ મળી છે, અને | (૧) હા, જી. |
| (૨) વળતર વનીકરણ માટે લખપત તાલુકાના કોરીક્રીક વિસ્તારમાં કેટલા ગામોની કેટલી જમીન વન વિભાગને ક્યારે તબદીલ થઈ અને તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વનીકરણ અંગેની કામગીરીની શી વિગતો છે ? | (૨) વળતર વનીકરણ માટે લખપત તાલુકાના કોરીક્રીક વિસ્તારમાં કાનેર અને શિનાપર એમ બે ગામોની અનસર્વેડ ૨૦૦૮.૪૧ હેક્ટર બિન જંગલ જમીન વળતર વનીકરણ માટે વન વિભાગને ૨૦૦૭ના વર્ષમાં તબદીલ થઈ. આ તબદીલ થયેલ જમીન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબ ૬૦૦(૬૦૦) |

હેકટર વિસ્તારમાં વળતર વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | વાવેતર –વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૯–૧૦ | – |
| ૨ | ૨૦૧૦–૧૧ | – |
| ૩ | ૨૦૧૧–૧૨ | ૬૦૦ |

---------

**વનબંધુ કલ્યાણ યોજનામાં આદિજાતિના કોલેજના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો**

૩૦૭૯૮ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રવર્તમાન વનબંધુ કલ્યાણ યોજના અન્વયે કેટલા આદિવાસી વિસ્તારોમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આદિજાતિના કોલેજના વિદ્યાર્થીઓ માટે કેટલા છાત્રાલયોની સ્થાપના કરવાની બાકી છે, અને

(૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અનુસૂચિત જનજાતિ /અનુ.જાતિ અને અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ઉત્કર્ષને ધ્યાને રાખીને તમામ જરૂરી આધુનિક સુવિધાઓથી સજ્જ નવા છાત્રાલયોના બાંધકામ માટે ` ૧૦૦/– કરોડની જોગવાઇ સૂચવેલ છે.

(૨) સત્વરે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયતોને સ્મશાન સગડી**

૩૧૬૮૬ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બળતણના બચાવ સારૂ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની ખાસ યોજના વન વિભાગમાં અમલમાં નથી. પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતને વિના મૂલ્યે સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં પણ આ યોજના અમલમાં છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૫૫ અરજીઓ મંજૂર કરેલ છે.

(૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કુલ ` ૯.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**વડોદરા જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની માંગણીઓ**

૩૨૧૫૧ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા માટે કેટલી માંગણીઓ સરકારને મળી,

(૨) મળેલ માંગણીઓ અન્વયે તાલુકા કક્ષાએ લેન્ડ કમીટીની બેઠકો કેટલી વખત મળી, અને

(૩) મળેલ બેઠકમાં કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ માંગણીઓ |
|---|---|
| વડોદરા | ૧૧૧૨ |
| વાઘોડીયા | ૧૨૮ |
| કરજણ | ૯૦૦ |
| ડભોઇ | ૫૩૮ |
| જેતપુરપાવી | ૪૮ |
| છેટાઉદેપુર | ૫૯૧ |
| સાવલી | ૮૮૨ |
| પાદરા | ૨૭૨ |
| શિનોર | ૪૨૫ |
| સંખેડા | ૬૭ |
| નસવાડી | ૨૯ |
| ક્વાંટ | ૦ |
| કુલ | ૪૯૯૨ |

(૨) ૪૧ વખત.

(૩) મંજૂર અરજી – ૪૭૨૩

ઈસમોને ઘરથાળના પ્લોટ આપવામાં આવ્યા ? ફાળવેલ પ્લોટ – ૪૭૨૩

**પોરબંદર જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનોની મંજૂર જગ્યાઓ**

૩૧૭૯૭ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) | મંજૂર થયેલ જગ્યાઓ<br>જિલ્લા પંચાયત ૪૦<br>તાલુકા પંચાયત ૨૧<br>**કુલ ૬૧** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે, | (૨) | ભરાયેલ જગ્યાઓ<br>જિલ્લા પંચાયત ૧૧<br>તાલુકા પંચાયત ૧૪<br>**કુલ ૨૫** |
| (૩) કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે, અને | (૩) | ભરવાની બાકી જગ્યાઓ<br>જિલ્લા પંચાયત ૨૯<br>તાલુકા પંચાયત ૦૭<br>**કુલ ૩૬** |
| (૪) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરશે? | (૪) | બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે. |

**નર્મદા જિલ્લામાં વિદ્યાસાધના યોજનામાં ધોરણ–૮ માં ભણતી કન્યાઓને સાયકલ આપવા બાબત**

૩૧૬૭૮ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યાસાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮માં અભ્યાસ કરતી કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવી, અને | (૧) | ૧૩૩૯. |
| (૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) | રૂ. ૩૦.૪૬ લાખ. |

**ખેડા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનોની મંજૂર જગ્યાઓ**

૩૧૭૯૮ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) | મંજૂર થયેલ જગ્યાઓ<br>જિલ્લા પંચાયત ૫૬<br>તાલુકા પંચાયત ૬૦<br>**કુલ ૧૧૬** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે, | (૨) | ભરાયેલ જગ્યાઓ<br>જિલ્લા પંચાયત ૪૬<br>તાલુકા પંચાયત ૫૫<br>**કુલ ૧૦૧** |
| (૩) કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે, અને | (૩) | ભરવાની બાકી જગ્યાઓ<br>જિલ્લા પંચાયત ૧૦<br>તાલુકા પંચાયત ૦૫<br>**કુલ ૧૫** |
| (૪) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરશે? | (૪) | બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે. |

**કપરાડા તાલુકામાં તલાટીનું મહેકમ**

૩૧૯૧૮ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં તલાટીનું મહેકમ કેટલું મંજૂર થયેલ છે, | (૧) ૪૦ |
| (૨) તે પૈકી કેટલા તલાટીઓની જગ્યાઓ ખાલી છે, | (૨) ૦૫ |
| (૩) આ ખાલી જગ્યાઓ ઉપર તેનો ચાર્જ અન્યને સોંપેલ છે તે હકિકત સાચી છે, અને | (૩) હા, જી. |
| તાલુકો | પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસ તા. ૩૧–૧–૧૨ ની સ્થિતિએ |
|---|---|
| ચોર્યાસી | ૨ |
| ઓલપાડ | ૪ |
| કામરેજ | ૩ |
| પલસાણા | ૧ |
| બારડોલી | ૨ |
| મહુવા | ૨૦ |
| માંડવી | ૧૧ |
| માંગરોળ | ૧૧ |
| ઉમરપાડા | ૧૧ |

| કુલ | ૬૫ |
|---|---|

| | |
|---|---|
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કરી પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) મંજુર – ૧૧ પૂર્ણ – ૧૧. |
| (૩) ઉક્ત સ્થિતિએ પ્રતિક્ષાયાદી કેટલી છે ? | (૩) ૨૬. |

---------

**વડોદરા શહેર અને જિલ્લામાં વાજબી ભાવની દુકાન અને છુટક ફેરિયાઓની પરવાના ડીપોઝીટ પરત આપવા બાબત**

૩૦૭૭૯ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેર અને જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ તાલુકામાં આવેલ વાજબી ભાવની દુકાનો–છુટક પરવાના ફેરિયાના પરવાનાની ડીપોઝીટની મુદત પુરી થયેલ હોવા છતા તે રાષ્ટ્રીય બચતપત્રો કેટલા પરવાનેદારોને છેલ્લા ત્રણ વર્ષથી પરત આપવાના બાકી છે, અને | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ તાલુકામાં આવેલ વાજબી ભાવની દુકાનો–છુટક પરવાના ફેરિયાના પરવાનાની ડીપોઝીટની મુદત પુરી થયેલ હોવા છતાં છેલ્લા ૩ વર્ષથી વાજબી ભાવની દુકાનના કુલ–૧૧૧ એન.એન.સી. (બચતપત્રો) જ્યારે ફેરિયાના કુલ–૧૩૫ એન.એન.સી. (બચતપત્રો) મળીને કુલ ૨૪૬ પરવાના ડીપોઝીટ પરત આપવાના બાકી છે. |
| (૨) તે અન્વયે ડીપોઝીટની મુદત પુરી થઇ હોવા છતા સમયસર પરત નહીં આપવા સામે જવાબદારો સામે સરકારે શા પગલાં ભર્યા ? | (૨) બચતપત્રોની મુદત પુરી થયેલ હોય તેવા બચતપત્રો સબંધકર્તા વાજબી ભાવની દુકાનના સંચાલકો તથા કેરોસીન ફેરિયાઓ તરફથી નવીન બચતપત્રો સમયમર્યાદામાં જમા કરાવેલ ન હોવાથી જુના બચતપત્રો જે તે સમયે પરત કરેલ ન હતા. નવીન બચતપત્રો જમા કરાવવા માટે સબંધકર્તા પરવાનેદારોને દિન–૭માં જમા કરાવવા સુચના આપવામાં આવેલ છે. જે જમા થયેથી જુના બચતપત્રો પરત કરવામાં આવશે. તા. ૩૧–૩–૧૨ સુધીમાં પૂર્ણ કરવા સબંધકર્તા અધિકારીશ્રીઓને લેખિતમાં સુચના આપવામાં આવેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં મહિલા જૂથોની રચના**

૩૧૭૧૫ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧માં કેટલા મહિલા જૂથોની રચના થઇ, | (૧) વડોદરા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કુલ ૧૧૩૮૦ અને વર્ષ ૨૦૧૦–૧૧ દરમિયાન ૧૦૦૨ મહિલા જૂથોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) અને તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કુલ ૫૫૯૪ જ્યારે વર્ષ ૨૦૧૦–૧૧ દરમિયાન ૬૮૮ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કોઇ જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો તેમને તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) માર્ચ ૨૦૧૨ સુધીમાં ચુકવવામાં આવશે. |

---------

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોત્તરી દરમ્યાન અભિનંદન આપવા અંગે

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે અને આપના પૂર્વ અધ્યક્ષશ્રીઓએ પણ ખાસ આદેશ આપ્યા છે કે પ્રશ્નોત્તરી દરમ્યાન કોઇને અભિનંદન આપવા નહીં. આજે પ્રશ્ન નં.૩, નીમાબેન આચાર્ય અને રાજસીભાઇ જોટવાએ જેમણે અભિનંદ આપ્યા છે. તેમને ખરેખર ઠપકો આપવો જોઇએ અને રેકોર્ડ ઉપરથી શબદો દૂર કરવા જોઇએ.

**શ્રી વજુભાઇ રૂ. વાળા** : નિયમમાં એ રીતે કંઇ છે નહીં, આપની સૂચના હોય કે ધ્યાન રાખવાનું. બતાવો, કયા નિયમોના આધારે કહો છો? જનરલ સૂચના હોય, (અંતરાય) તમને પણ કહેવામાં આવે છે કે *(xxxxxx)આ તો સૂચનો હોય છે. આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર છે જ નહીં.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીએ પણ સૂચના આપી છે, અગાઉના અધ્યક્ષોએ પણ સૂચના આપી છે તેનું પાલન થવું જોઇએ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના અધ્યક્ષશ્રીએ સૂચના આપી છે કે (xxxxxx) અને વિધાનસભાની કાર્યવાહી તમે કરવા દો. એટલે (xxxxxx)

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : અમે છાનામાના જ બેઠાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ આદરણીય વડીલ સભ્ય છે. અમને એમનો આદર છે. વડીલ છે. અમારા કરતા વિશેષ, સાત-આઠ વખત જીતેલા સભ્ય છે. અમારે એમનામાંથી શીખવા જેવું છે. પણ અમે શાંતિથી જ બેઠેલા છીએ એટલા માટે આજે અહીંયા બેઠેલાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારો ખરેખર પોઇન્ટ ઓફ ઓર્ડર છે, આપે તેનો વિચાર કરવો પડશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી રાજેન્દ્રભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે, આ બાબતમાં અગાઉ પણ આપણે ચર્ચાઓ થઇ છે કે પ્રશ્નોત્તરીનો સમય એ બન્ને પક્ષના સભ્યો માટે ખૂબ જ મહત્વનો સમય છે. આવા સમયે આપણે સીધા પ્રશ્નો પૂછવાનો આગ્રહ રાખીએ છીએ અને જેના કારણે બને એટલા વધારે સભ્યશ્રીઓના પ્રશ્નો ચર્ચામાં આવી શકે એ માટે આપણે પૂરક પ્રશ્નની પ્રશ્નોત્તરી કરીએ છીએ તેમાં કોઇ પણ જાતના આવા ઉલ્લેખો ન કરીએ એવી મારી બન્ને પક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે. નેક્સ્ટ.

# ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૪૪ અન્વયે નીચે જણાવેલી જાહેર અગત્યની બાબત પર નિવેદન કરું છું.

રાજયમાં મળતા ગૌણ ખનિજો જેમાં મુખ્યત્વે ગ્રેવલ, કંકર, બ્લેકટ્રેપ(કપચી), રેતી, સાદી માટી, મોરમ વગેરેનો સમાવેશ થાય છે. આ ખનિજોનો રહેણાંકના મકાનો તથા બાંધકામ ઉદ્યોગમાં વપરાશમાં લેવામાં આવે છે અને આવા ગૌણ ખનિજોની લીઝમાંથી ખનન કરવા બદલ લીઝ ધારકે/વપરાશકારે સરકારને નિશ્ચિત સમયમર્યાદામાં રોયલ્ટી અને લીઝ પરનું ડેડરેન્ટ ચૂકવવાના હોય છે. આવી ચૂકવણીના વિલંબ બદલ લીઝધારકોએ વ્યાજ ભરવાનું રહે છે. આ ઉપરાંત નાના ખેડૂતો અને સામાન્ય નાગરિકો મકાન બાંધકામ, પુરાણ જેવા સ્વવપરાશ માટે ઉપયોગમાં લેવા માટે કોઇ વાર રેતી કે માટી લઇ જતા હોય છે અને પોતાના ખેતરોનું લેવલીંગ કરવામાં પણ વાપરતા હોય છે અને તેમાં સામાન્ય ક્ષતિને કારણે તેઓ રોયલ્ટી અથવા ખનિજ કિંમત અને વ્યાજની રકમ ચૂકવવા માટે જવાબદાર ઠરે છે.

ગૌણ ખનિજના નાના લીઝ હોલ્ડરો કે મજૂર ખાણિયાઓ કોઇ વાર સંજોગોવશાત્ રોયલ્ટી કે ડેડરેન્ટની ચૂકવણી સમયસર ન ચૂકવી શકતા આ વિલંબના કારણે તેમણે પણ વ્યાજ ચૂકવવું પડે છે. કોઇ વાર રાજય સરકારના કોન્ટ્રાકટના કામો કરતા ઠેકેદારોની હિસાબી ભૂલના કારણે પણ આવા બાકી લેણાં ઉદભવે છે. નાના ઇંટ ભઠ્ઠા ધરાવનારા લોકો સામે ઇંટ માટી સંદર્ભે થયેલ કેસો બાબતે સમાધાન ન કરવાના

---

*** (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આશબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

કારણે તેમની પાસેથી બાકી લેણાં રહે છે. આમ આવા પ્રકારના નાના અને છૂટક છૂટક કેસોમાં સામાન્ય નાગરિકો કે લીઝધારકો, મજૂર ખાણિયા તરફથી સરકારના લાંબા સમયથી બાકીરહેતાં લ્હેણાંની વસૂલાતના સંદર્ભે રજૂઆતો આવતી હોય છે અને તેમાં અપીલો, કોર્ટ કેસો પણ થતા હોય છે, જેના કારણે વહીવટી કામગીરી વધવા પામે છે. આવા નાના લીઝધારકો, મજૂર ખાણિયાઓ, નાના ઇંટવાડા કરનારાઓની હાલાકી ઓછી થાય અને આવા નબળા, મધ્યમ વર્ગને રાહત મળે તે માટે સરકારના વર્ષોથી બાકી રહેતા રૂ.૩૩૨/- કરોડ જેટલી લ્હેણાંની રકમ વસૂલ થાય તે માટે નીચે મુજબની રાહત યોજના જાહેર કરૂં છું.

**યોજનાની વિગતોઃ-**

લીઝના રોયલ્ટી/ડેડરેન્ટ/સરફેસ રેન્ટના તમામ બાકી લ્હેણાં યોજનાના સમયગાળામાં ભરપાઇ કરે તો વ્યાજની રકમ સંપૂર્ણ માફ કરવામાં આવશે.

લીઝ વિસ્તાર અંતર્ગત થયેલ બિનઅધિકૃત ખોદકામ, વહન, સંગ્રહ પેટે ખનિજ કિંમતને બદલે સીંગલ રોયલ્ટી ભરપાઇ થયે કેસ માંડવાળ કરવામાં આવશે.

લીઝ સિવાયના વિસ્તારો માટે બિન અધિકૃત ખોદકામ/વહન/સંગ્રહ, કોન્ટ્રાકટરોના 'નો ડ્યુઝ' અને ઇંટભઠ્ઠાના કેસોમાં બેગણી રોયલ્ટી વસૂલાત કરી કેસ માંડવાળ કરવામાં આવશે.

વસૂલાત માટે રોયલ્ટીના દરો તપાસની તારીખના ગણવામાં આવશે.

કોન્ટ્રાક્ટરોના પડતર 'નો ડ્યુઝ' કેસોમાં રોયલ્ટીના દરો વર્ક ઓર્ડરના સમયગાળાના ગણવામાં આવશે.

**યોજનાની શરતોઃ-**

આ યોજના તા.૩૧-૧૨-૨૦૧૧ના રોજ પડતર તમામ પ્રકારના ગૌણ ખનિજોના બાકી લ્હેણાં/કેસોમાં લાગુ પાડવામાં આવશે.

આ યોજનાનો લાભ તા.૧-૪-૨૦૧૨થી તા.૩૦-૯-૨૦૧૨ સુધીના સમયગાળા દરમિયાન યોજનાની શરતો પ્રમાણેની રકમ ભરપાઇ કરનારને જ મળવાપાત્ર થશે.

યોજનાનો લાભ મેળવવા બાકીદારે પડતર અપીલ/રીવીઝન/કોર્ટકેસ વગેરે પરત ખેંચવાના રહેશે અને તેણે તે અંગેની લેખિત બાંહેધરી આપવાની રહેશે.

પોલીસ કેસના કિસ્સામાં રાહત યોજના મુજબની રકમ ભરપાઇ કર્યેથી સંબંધિત કચેરી દ્વારા પોલીસ કેસ પરત ખેંચવામાં આવશે.

આ યોજનાનો લાભ ફક્ત ગૌણ ખનિજ (Minor Minerals) પેદાશોને જ મળવાપાત્ર રહેશે. મુખ્ય ખનિજો (Major Minerals) વાળા બાકીદારોને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

આ યોજના અમલમાં મૂકવાથી હજારો લીઝ ધારકો, નાના નાના ખાણિયાઓ અને સામાન્ય વપરાશકારો, ખેડૂતો તથા નાના ઇંટવાડાના ઉત્પાદકો વગેરેના વર્ષો જૂના કેસોનો નિકાલ આવશે, પોલીસ કેસો પરત ખેંચાશે અને સરકારની લ્હેણી નીકળતી મોટી રકમની વસૂલાત થઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આશરે ૫૮૭૬ કેસોને આનો લાભ મળશે અને આશરે રૂ.૩૩૨/- કરોડ આમાંથી આપણને મળી શકશે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જાહેરાત કરી એમાં મારો એક જ પ્રશ્ન છે. હું પોતે એક સરવે નંબરનો ખેડૂત છું અને મારા જ ખેતરમાંથી જેમ કહ્યું તેમ બીજા ખેતરમાં લેવલીંગ કરવા માટે વહન કરતા હોઇએ છીએ તેમ છતાં એમાં અમુક વખતે અમને રોકવામાં આવે છે. અમારી પોતાની જ જમીન હોય છે. તો એના માટે કાંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માઇનોર મિનરલ્સમાં જે કોઇ સરકારમાં નિયમમાં હાલમાં પકડાયેલા હશે એ બધાને આ યોજના લાગુ પડશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૦-૨૦૧૧નો ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિ.નો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા મંત્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૦-૨૦૧૧નો ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિ.નો વાર્ષિક અહેવાલ**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા મંત્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૦-૨૦૧૧નો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નરોત્તમભાઇ પટેલ ( નાગરિક પુરવઠા મંત્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(** જળસંપત્તિમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** ( **જળસંપત્તિમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબો અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજય કક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ**

**શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૦-૨૦૧૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૦-૨૦૧૧ના**
**વાર્ષિક હિસાબો**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૦-૨૦૧૧ના વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૦-૨૦૧૧નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતના વિભાગની અધિસૂચના**

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબત વિભાગના સન ૧૯૮૬ના ગ્રાહક સંરક્ષણ અધિનિયમ અન્વયેની તા. ૮–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક–જીટીએચ–૨૦૧૧–૪૩–સીપીએ–૧૦૨૦૦૯–૪૩૦૨૫૧–ડી, સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઇ નશાબંધી અધિનિયમ અન્વયેની અધિસૂચના**

**શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ (રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઇ નશાબંધી અધિનિયમ અન્વયેની,

(૧) તા.૨–૪–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– જીજી–૧૬–૨૦૧૧–એમએલએસ– ૨૦૦૭–૧૬૧૩–ઈ.૧

(૨) તા.૨૪–૧–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– જી–૦૪–વીડીઆર–૨૦૦૬–૨૯૫૩–ઈ.૧

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન અન્વયેનો સુધારો**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૦–૩–૨૦૧૨ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૮૭૮૧(અગ્રતા ક્રમ–૧૧૩) ના જવાબ ખંડ–૧ માં મારો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.

" તા.૨૦–૩–૨૦૧૨ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૮૭૮૧(અગ્રતા ક્રમ–૧૧૩) ના જવાબ ખંડ–૧ના જવાબમાં દર્શાવેલ વિસ્તાર ચોરસમીટરના બદલે ચોરસ કિલોમીટર વાંચવામાં આવે.''

**સુધારો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## સરકારી વિધેયકો

**સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૪.**

# ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ (હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) વિધેયક, ૨૦૧૨

**તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ પ્રત્યે થતી હિંસા પર પ્રતિબંધ મૂકવા અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓમાંની મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૨ના ગુજરાત તબીબી

* વિધેયક તા. ૧૫મી માર્ચ, ૨૦૧૨ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ (હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૧૨ના ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ (હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું જે વિધેયક લઇને આવ્યો છું, હું એમ માનું છું કે આ એક ઐતિહાસિક દિવસ છે. હું એવું માનું છું કે ગુજરાતની મેડિકલ અને પેરામેડિકલ શાખાઓના વ્યવસાયિકો આ દિવસને એમની ડાયરીમાં **ગોલ્ડન લેટર ડે** તરીકે લખી રાખશે. છેલ્લા ચાર વર્ષમાં આ રાજ્યના આરોગ્ય વિભાગની જબરદસ્ત કાયાપલટ થઇ છે. ૧૦૮ સેવાઓથી શરૂ કરીને સંસ્થાગત ડિલિવરી, મેડિકલ અને પેરામેડિકલ સીટોમાં અભૂતપૂર્વ વધારો, સરકારી હોસ્પિટલોની જબરદસ્ત સુધારણા, મધર ચાઇલ્ડ કેર ટ્રેકિંગ સિસ્ટમ, ટેલિમેડિસીન, ૧૦૪ સેવાઓનું ટૂંક સમયમાં અમલીકરણ અને હેપેટાઇટીસ-બી, સ્વાઇન ફ્લ્યુ, બોમ્બ બ્લાસ્ટ, સી.સી.એચ.પી, લેપ્ટ્રોસ્પાઇરોસીસ જેવા રોગો સામે ખૂબ અસરકારક કામગીરી કરીને રાજ્યનું આરોગ્ય તંત્ર, રાજ્યની પ્રજાએ આ સરકારમાં જે વિશ્વાસ મૂક્યો છે એ વિશ્વાસને સાર્થક કરવામાં સક્ષમ રહ્યું છે. આ વાતનો અમને આનંદ છે અને એ આનંદ હું અહીંયા વ્યક્ત કરું છું. આ માત્ર અમારા વિભાગની સિદ્ધિ નથી, કોઇની વ્યક્તિગત સિદ્ધિ નથી, આ સિદ્ધિના અનેક ભાગીદારો છે. આ બધી કામગીરીમાં સાધુ-સંતોથી માંડી સ્વૈચ્છિક સંસ્થાઓ, Indian Medical Association, અમારું ભારતીય જનતા પાર્ટીનું ડોકટર સેલ, National Medical Organization અને પ્રજાનો સાથ અને સહકાર અમને હંમેશા મળ્યા છે અને સાથોસાથ અમારા તંત્રમાં જે પેરામેડિકલ અને મેડિકલ સ્ટાફ કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જાનનું પણ જોખમની પરવા કર્યા વગર અભૂતપૂર્વ કામગીરી કરી છે એના પરિણામે આજે " સૌનો સાથ, સૌનો વિકાસ " અને સદ્ ભાવનાને સાર્થક કરવામાં અમે સફળ રહ્યા છીએ અને આજે દેશના કોઇપણ રાજ્યની સરખામણીમાં ગુજરાતનો આરોગ્ય વિભાગ શ્રેષ્ઠ કામગીરી કરે છે એ બાબતની કેન્દ્ર સરકારના માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ પણ એક કરતાં વધુ વખત નોંધ લીધી છે એનો અમને સંતોષ છે ત્યારે અમે આ જે વિધેયક લઇને આવ્યાં છીએ તે વિધેયકની પૂર્વભૂમિકા બાંધતા પહેલા મારા સાથી ધારાસભ્ય મિત્રએ પણ આ વિધેયક ઉપર એમની લાગણીઓ વ્યક્ત કરતો પત્ર મને લખ્યો છે અને કમનસીબે તેઓ ગૃહમાં હાજર નથી. એટલે એમની લાગણી એ નોંધ લીધા વગરની ના જાય અને એમણે ઊભા કરેલા કેટલાક પ્રશ્નો અને કેટલીક ચિંતાઓ મને એટલી જ છે એની પ્રતિતી થાય તે હેતુથી માનનીયશ્રી ગ્યાસુદ્દીનભાઇ શેખે મને જે પત્ર લખ્યો છે એના કેટલાક અંશો હું આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવાનું ઊચિત સમજું છું જેથી એમની જે ચિંતા છે અને અમારો જે જવાબ છે એ એક બીજા સાથે સમજાવી શકાય અને ડોકટર, પેરામેડિકલ સ્ટાફને પણ આ બાબતે શું અભિપ્રાય છે એક માનનીય ધારાસભ્યશ્રીનો અને એમના પક્ષનો એનો ખ્યાલ આવે. માનનીય ગ્યાસુદ્દીનભાઇ શેખે તારીખ ૨૯મી માર્ચ ૨૦૧૨નાં રોજ પત્ર લખ્યો છે. એમાં એમણે લખ્યું છે, દર્દીની લાગણી સમજવામાં ડોકટરો ઊણા ઉતરી રહ્યા છે, સહાનુભૂતિ દાખવવાના બદલે ડોકટરો ખુદનું વાણી-વર્તન બદલાયું છે. દર્દીઓ માટે ભગવાન સમા ગણાતા ડોકટરો પ્રોફેશનલ બન્યા છે. સેવા કરવાને બદલે માત્ર નાણા કમાવવાનું ધ્યેય હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. આ જ કારણોસર ડોકટરો પ્રત્યેનો આદરભાવ પણ ભૂંસાઇ રહ્યો છે આ એક કડવી અને નરી વાસ્તવિકતા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્યાસુદ્દીનભાઇ આગળ લખે છે કે થોડાક મહિનાઓ અગાઉ જ અમદાવાદની એલ. જી. હોસ્પિટલમાં એક નવ વર્ષિય બાળકના જમણા હાથના બદલે ડાબા હાથેનું ઓપરેશન કરી દેવાયું હતું.

ઓપરેશન વખતે જ મોબાઇલ ફોન પર વાતચીત અને ઠઠા–મશ્કરી કરવામાં એક બાળકના જીવન સાથે ચેડા થયા. શું આવી સ્થિતિમાં એક માસૂમ બાળકના માતા–પિતા કે તેના સગા–સંબંધીઓ આક્રોશ વ્યકત ના કરે તો શું થાય? શહેરની એક ખાનગી હોસ્પિટલમાં આંતરડાના ઓપરેશન વખતે અડધો મીટર કાપડ ડોકટર ભૂલી ગયો. આ કિસ્સામાં માંડ માંડ દર્દીનો જીવ બચ્યો અથવા તો આવા તો એક નહિ પણ હજારો કિસ્સાઓ છે. આવી બેજવાબદારી દાખવવાના કારણે ડોકટર સાથે સંઘર્ષના બનાવો બને છે. ડોકટરોની સાથે દર્દીઓનો પણ તેમના અધિકાર માટે એટલો જ હક્ક છે. ત્રીજો મુદ્દો માનનીય ગ્યાસુદ્દીનભાઇએ એ ઊભો કર્યો છે કે, મોટા પગારની માગણી કરનારા સિનીયર તબીબોને જઇને પૂછો કે, શું તેઓ પોતે ફૂલટાઇમ ફરજ બજાવે છે ખરા? સાહેબ, માત્ર બે કલાક હાજરી પુરાવીને મોટાભાગના ડોકટરો ખાનગી પ્રેકટીસ કરવા દોડી જાય છે અને વેઠવું પડે છે ગરીબ દર્દીઓને, બપોરે અને રાત્રે તો હોસ્પિટલમાં માત્ર ભણતા જુનિયર ડોકટરો સિવાય કોઇ હોતું નથી. આવા સંજોગોમાં અપુરતી સારવારના અભાવે કોઇનો લાડકવાયો પુત્ર અથવા કોઇ બહેનનો મોંઘેરો ભાઇ, ઘરનો કમાઉ દીકરો મોતને ભેટે તો સાહેબ, ડોકટરોનું કશું જતું નથી પણ મરનારનું આખું ઘર વેર–વિખેર થઇ જાય છે, પાયમાલ થઇ જાય છે. જો સારી અને સમયસર સારવાર થાય, દર્દી અને તેના સગા સાથે સહાનુભૂતિભર્યું વાતાવરણ દાખવવામાં આવે તો લોકો એટલા મૂર્ખ નથી કે જીવ બચાવનારને મારે કે તેના પર હુમલો કરે. આ બધુજ ડોકટરોના બદલાયેલા વલણના લીધે ઊભું થયું છે. હું ડોકટરોને પણ આ મુદ્દે વિચારવાની જ નહિ, પરંતુ આત્મમંથન કરવાની જરૂર છે. છેલ્લે એમણે લખ્યું છે કે, આજે લોકો કોર્પોરેટ હોસ્પિટલમાં જવા કેમ મજબુર બન્યાં છે? તેની પાછળનું પણ આ જ કારણ જવાબદાર છે. કારણ કે સરકારી હોસ્પિટલોમાં સમયસર સારવાર મળતી નથી. અમદાવાદમાં વધતી જતી ખાનગી હોસ્પિટલો શું દર્શાવે છે? સરકારી હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓ સાથે અણછાજતું વર્તન કરાય છે. પરિણામે ડોકટર સાથે મારામારીના કિસ્સા બની રહ્યા છે જેમાં કોઇ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્યાસુદ્દીનભાઇ છેવટે એમના પત્રના છેલ્લા પૅરેગ્રાફમાં લખે છે કે, ડોકટરો આજે સેવાભાવી ઓછા અને પ્રોફેશનલ વધુ હોય છે એમ લોકોને પ્રતિતી થઇ રહી છે. દર્દીઓને સારવાર કરવાને બદલે મોટુંમસ કમિશન, વિમાનની ટિકિટો, વિદેશ પ્રવાસ, મોંઘું ફર્નિચર, મોબાઇલ ફોન સહિતની ગિફ્ટ આપનારી ફાર્મા કંપનીની દવા લખી આપવામાં ડોકટરોને વધુ રસ છે. સરકાર Non–Practicing allowances આપતી હોવા છતાંય ખાનગી પ્રેકટીસ કરીને ધુમ કમાણી કરનારા ડોકટરોને હવે ગરીબ દર્દીઓની સેવા કરવામાં જરાય રસ નથી. મારો તો આ ડોકટરોને પ્રશ્ન છે કે, ગ્રામ્ય વિસ્તારોની હોસ્પિટલમાં જઇને દર્દીઓની સેવા કરવા કેમ જતા નથી? શા માટે શહેરી વિસ્તારની હોસ્પિટલોમાં ડોકટરો ચિટકી રહ્યા છે ? જો આ સ્થિતિ રહી તો ડોકટરો પ્રત્યેની ભાવના માત્ર દર્દીઓના દિલમાં જ નહીં પરંતુ સમાજમાંથી ભૂંસાઇ જશે. લોકો તેમને નફરતની નજરે જોશે તે દિવસો પણ દૂર નથી. પરિણામે ડોકટરો, દર્દીઓના સગાઓ હુમલા કરે છે તેવા બહાના આગળ ધર્યા વિના આત્મમંથન કરો. આ આખાય પત્રમાં દરેક પેરામાં લગભગ ડોકટરો ઉપર હુમલા થાય છે એ વાજબી છે અને એમાં એમને કંઇ કશી જ કોઇ જરૂર નથી એવું જયારે કહેવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જયારે કહેવામાં આવ્યું છે ત્યારે મારો મુદ્દાસરનો જવાબ ગ્યાસુદીનભાઇને એ છે અને એમને અન્યાય ન થાય એટલા માટે આ પત્ર ગૃહના રેકર્ડ પર મેં મૂકયો છે સાહેબ. એમની હાજરી નથી પણ મારો જવાબ સ્પષ્ટ છે સાહેબ. જવાબ પહેલો, ગરીબ દર્દીઓ સરકારની હોસ્પિટલમાં જતા નથી, સાહેબ આ વાતને તથ્યો સાથે નાહવા નિચોવવાનો સંબંધ નથી. ૩,૭૦,૦૦,૦૦૦/લોકોની ઓ.પી.ડી. મારી સરકારી હોસ્પિટલો હેન્ડલ કરે છે. ૧,૨૫,૦૦,૦૦૦/ અમે સ્કૂલના બાળકોને અમે જોઇએ છીએ. આ ગુજરાતના ૧૦૦માંથી ૭૦ ટકા લોકો સરકારી હોસ્પિટલોમાં સારવાર લે છે. કારણ કે, એમને પેલી કહેવાની કોર્પોરેટ હોસ્પિટલોમાં જવા માટેની એમના માટે જગ્યા નથી એવું નથી સાહેબ પણ મારા ડોકટરો I must say it is on record સાહેબ, આજે રાજેશ વિશ્વકર્મા મારે ત્યાં સિવિલમાં ડોકટર છે. He is considered to be an authority. As far

as cocklier implant operation is concerned સાહેબ, મારે ત્યાં કિડની ટ્રાન્સપ્લાન્ટેશન જે થાય છે સાહેબ, વિશ્વમાં કોઇ એક જ જગ્યાએ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન સૌથી વધારે થતા હોય તો એ મારે ત્યાં થાય છે. સાહેબ, હૃદયના ગમે તેવા જટિલ ઓપરેશન યુ.એન. મહેતા હોસ્પિટલમાં થાય છે. કેન્સર માટે, એમની ભારત સરકારે અમને કહ્યું છે કે, you are the best cancer hospital in the country. સાહેબ આપણે કહેવા શું માગીએ છીએ? સાહેબ, દેશનું સૌથી પહેલામાં પહેલું કોઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર N.A.B.H. થયું હોય તો એ મારું ગઢબોરીઆદનું સાવલી તાલુકાનું આરોગ્ય કેન્દ્ર N.A.B.H. થયું છે. સાહેબ એ ગુણવત્તાનો પુરાવો છે. સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્ક, એ આજે હું દાવા સાથે કહી શકું કે દેશમાં શ્રેષ્ઠત્તમ બ્લડ બેન્ક છે. સાહેબ, અમારી ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ N.A.B.H. થયેલી છે. આવી તો ઓછામાં ઓછી વીસ હોસ્પિટલોને અમે N.A.B.H. **certification** માંથી પસાર કરાવી છે. સાહેબ, જયારે આપ એમ કહેતા હોવ કે, સરકારી હોસ્પિટલમાં માત્ર ગરીબ દર્દીઓ જાય છે. મારે એમને કહેવું છે કે, સાહેબ, પચાસ ટકા તમારી વાત સાચી છે પણ આ પચાસ ટકા એવા કેસો આવે છે કે જેને કોઇ હાથ અડાડવા તૈયાર નથી સાહેબ, અથવા તો બહાર તમે liver transplantation કરાવવા જાવ, કરોડ, સવા કરોડ રૂપિયા થાય, આજે મારી કિડની હોસ્પિટલ બાર થી અઢાર લાખમાં કરે છે. આ ગરીબ દર્દીઓ માટે, સામાન્ય દર્દીઓ માટેનું આશ્રયસ્થાન છે.

સાહેબ, બીજી એમની ગેરસમજ એવી થતી લાગે છે કે, કોઇ પણ માણસ ખોટું કરે, જે ખોટું કરે છે એમને છાવરવાનો કોઇ ઇરાદો નથી. ડોકટરો ખોટું કરતા હોય, law must take its' own course પણ કોઇ ખોટું કરે છે. નવ્વાણું જણા સાયકલ જમણી બાજુ ચલાવીને નીકળી ગયા એટલે એક બીજા માણસને પણ ચલાવવા દો આ logic કઇ જાતનું સાહેબ ? કાયદો હાથમાં લેવાનો આ દેશના નાગરિકોને કોઇને અધિકાર નથી. If you have any problemor if you have any grievance you can go to the grievance redressel mechanism. You cannot take law in your hand. ગ્યાસુદીનભાઇ એ દિશામાં લઇ જવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સાહેબ, આ મારા મત પ્રમાણે અંતિમવાદી વિચારસરણી છે. Eye for eye, teeth for teeth એ સાહેબ જમાનો ગયો. જે જમાનો છે તે જમાનામાં બંને પક્ષને સાંભળવા પડશે. દર્દીઓના હિત માટે અમે સક્ષમ છીએ, એના માટે અમે ચિંતિત છીએ. ગ્યાસુદીનભાઇની એ જો ચિંતા હોય પ્રમાણિકતાપૂર્વકની તો મારી એમની સાથે સંમતિ છે. પણ આ પ્રમાણિકતાપૂર્વકની ચિંતા કરવાના બદલે માત્ર આક્ષેપો. એમણે કહ્યું કે, એલ.જી. હોસ્પિટલ આ થયું. શું થયું? સાહેબ એલ.જી. હોસ્પિટલમાં જે લોકો ગેરરીતિ માટે જવાબદાર હતા એમને શું થયું, એની વાત મારે આપને કહેવી છે. એમાં સાહેબ એલ.જી. હોસ્પિટલમાં કૌશિક મનોજકુમાર લોધાના ઓપરેશન માટે જે ગેરરીતિ થઇ સાહેબ એમાં ડોકટર એમ.એમ.પ્રભાકરના વડપણ હેઠળ કુલ ત્રણ સભ્યોની તપાસ સમિતિ નિમાઇ હતી. તપાસ સમિતિના અહેવાલના આધારે MCI regulation અને નિયમોને ધ્યાનમાં લેતાં ચારેય તબીબોના લેખિત ખુલાસા લીધા બાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સદરહું બનાવ સંબંધે ડો. ભાવેશ જેસલપુરા– Associate Professor ને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી, ત્રણ માસની મુદતમાં ખાતાકીય તપાસ પૂરી કરવાના આદેશો કરવામાં આવ્યા છે. Junior Resident ડો. જયમીન સી. ચાવડાને કોન્ટ્રાકટ હેઠળની નોકરીમાંથી તાત્કાલિક અસરથી બરતરફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડો. કુશલ શાહ– Second Year Residenની ચાર term નામંજૂર કરવાનો તથા ડો. ઉમેશ ચૌધરી સેકન્ડ ઇયર રેસીડન્ટ ડોકટરની બે ટર્મ નામંજૂર કરવાનો તેમજ તેની ગુજરાત યુનિવર્સિટીને જાણ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. સર, we have acted, we

have not been good spectators only. તમે આ બધા જે ઉદાહરણો આપો છો. મારે અગાઉના જમાનામાં જવું નથી. એ કહે છે કાપડ રહી ગયું ખબર નથી. સાહેબ, પહેલાના જમાનામાં તો કાતરો રહી જતી હતી દર્દીઓના પેટમાં. તમે આ સંવેદનશીલતા બતાવો છો તો વિગતો લઇને આવો. તમે એમ કહો છો કે ડોકટરો બેદરકારી કરે છે. મોટા પગાર માગે છે. મારી એની સાથે પણ સહાનુભૂતિ નથી. હંમેશા quid proco હોવું જોઇએ. મારી મારા તબીબ મિત્રોને પણ વિનંતી છે કે સમાજ તમને ભગવાન તરીકે જુએ છે. સાહેબ, આપણે ત્યાં કહેવાય છે કે ઔષધં જાનવી તોયં વૈદ્યો નારાયણો હરિ. ઔષધ ગંગાજળ બરાબર છે અને વૈદ્ય સાક્ષાત ભગવાન નારાયણનો અવતાર છે તો ડોકટર મિત્રોને પણ મારી વિનંતી છે કે. નાની મોટી વાત હોય સાથે બેસીને ઉકેલાય. છાશવારે હડતાલો પાડીને જે વિભાગ આખા દેશમાં સર્વોત્તમ વિભાગ તરીકે જાણીતો બન્યો છે એના ગાલે કાળું ટીલું કરવાનું કામ એ કોઇ સંજોગોમાં કુટુંબના વડીલ તરીકે હું કહું છું એ કોઇ સંજોગોમાં ન કરવું જોઇએ. અમારી તૈયારી છે વાત કરવાની અને વાતનો ઉકેલ વાતથી આવવો જોઇએ. પ્રજાની આપણી જવાબદારી છે એમાંથી આપણે બહાર ન જઇ શકીએ. એમાં હું ગ્યાસુદ્દીનભાઇની લાગણી સાથે સંમત છું પણ એમણે જે કહ્યું કે કોર્પોરેટ સેકટર હોસ્પિટલમાં લોકો જાય છે. બીજે જાય છે. સાહેબ, એમને મારે કહેવું છે કે આ કાયદો છે એ માત્ર સરકારી ડોકટરોને અથવા પેરા મેડિકલ સ્ટાફને રક્ષણ આપવા માટેનો નથી. આ રાજયમાં કામ કરતા કોઇપણ ડોકટર અને પેરા મેડિકલ સ્ટાફ એ સૌને રક્ષણ આપવા માટેનો કાયદો છે અને આપણે પહેલા છીએ આ દિશામાં વાત કરવાવાળા? ગુજરાતે પહેલ કરવામાં કંઇ ઉતાવળ કરી છે? વિશ્વમાં પણ આ જ દિશામાં વિચારો થાય છે. આ વૈશ્વિક પરિસ્થિતિ છે. Violence and aggression towards health care professionals – H.G. Stathopoulos – એનું એક પેપર છે એનું ખાલી તારણ હું વાંચું છું અને એ તારણ આંખ ઉઘાડી નાખનારું છે. એ એના કન્કલુઝનમાં કહે છે "Healthcare professional suffers from social tolerance of violence and from the perception that the practice of the profession implies the acceptance of existences of violence and aggression. આ વિશ્વભરમાં પ્રવર્તતી પરિસ્થિતિ છે. એવું એક બીજું પેપર છે "Factors associated with workplace violence in para-medics" – એનું તારણ પણ કંઇક આ જ દિશામાં નિર્દેશ કરે છે. તારણ એવું કહે છે કે "This research reveals that certain factors predict or pre-dispose para-medics to workplace violence. The need for workplace violence education and training is imperative for prevention of violence as well as its management." સાહેબ, આ વિશ્વભરમાં ચિંતા થતો વિષય છે અને આ રાજય આ ચિંતા કરવામાં જોડાયું છે. એના પહેલા અમે અન્ય રાજયોમાં પણ આ પ્રકારના પ્રવર્તમાન કાયદાઓનો અભ્યાસ કર્યો છે. આ પ્રકારનો કાયદો બનાવવા માટેની માહિતી અમે તામિલાનાડુ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં અમલમાં હોય તેવા કાયદાઓમાંથી તેનો અભ્યાસ કર્યો છે. અમે જે એનો અભ્યાસ કર્યો એમાં ગુજરાતમાં આવા બનાવો વારંવાર બનતા હોય એવું દેખાય છે. તા.૧૮-૧૧-૨૦૦૭ ના રોજ ઉંઝા ખાતે ડો. પી.કે. પટેલ તથા ડો. અનિલ પટેલ ઉપર હુમલો કરવામાં આવ્યો. હોસ્પિટલને તોડફોડ કરી ગાડી સળગાવેલ, માલ મિલકતને નુકશાન કરેલ છે. ડો. લલિત સરદાર વડોદરાને ટોળા દ્વારા મારઝુડ તથા આઇ.સી.યુ.ને તોડફોડ મે-૨૦૦૮, ડો. ભરતભાઇ બાળકોના ડોકટર, વિજાપુરને હુમલો તથા હોસ્પિટલમાં તોડફોડ ૨૦૦૮, ભાવનગર સર ટી. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ પર હુમલો ૨૦૦૮, સિવિલ હોસ્પિટલમાં મહેસાણામાં ફરજ

પરના તબીબ ઉપર હુમલો ૨૦૧૧, સિવિલ હોસ્પિટલ ભુજમાં ફરજ પરના તબીબ ઉપર હુમલો ૨૦૧૦ સિવિલ હોસ્પિટલ અમદાવાદ તથા સયાજી હોસ્પિટલ વડોદરા ૨૦૧૨માં બે થી ત્રણ બનાવ બનતા જુનિયર ડોક્ટરોની હડતાલ. આ ગંભીર પરિસ્થિતિ છે, ચિંતિત કરાવે તેવી પરિસ્થિતિ છે અને જે ડોક્ટર દર્દી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતો હોય એને ટ્રીટમેન્ટ આપે છે એ અથવા એની સાથે જોડાયેલ પેરા મેડિકલ સ્ટાફ જો સલામતિનો અનુભવ ન કરે તો એ કામ કરી શકતા નથી અને એટલે અમે આ વિધેયક લઇને આવ્યા છીએ. મારી સન્માનનીય સભાગૃહને વિનંતી છે કે એને સર્વાનુમતે મંજૂર કરે. જો કોઇ પ્રશ્નો, ચર્ચા દરમિયાન ઉપસ્થિત થશે તો એના હું જવાબ આપીશ.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીશ્રી સરકારી સેવા આપતી સંસ્થાઓની હાનિ અટકાવવાનું બિલ લઇને આવ્યા છે તેમાં મારા મંતવ્યો રજૂ કરું છું.

આ બિલના ઉદ્દેશમાં અને કારણોમાં સરકારે લખ્યું છે કે આ બિલ લાવવાનું કારણ એ કે રાજયમાં તબીબી સેવાઓ ખોરવાઇ ન જાય. માનનીય મંત્રીશ્રીએ ગ્યાસુદીનભાઇ શેખ હાજર નથી તેનો ઉલ્લેખ કરીને ખાસ વાત કરી છે. ગ્યાસુદીનભાઇ શેખે જે વાત કરી એનો પત્ર મારી પાસે પણ છે. એમણે આ બિલનો વિરોધ નથી કર્યો. એમણે બહુ સ્પષ્ટ કહ્યું છે કે ગંભીર અને જીવલેણ બિમારીમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીને નવજીવન આપનારા ડોક્ટરો સામે હુમલો થાય તે અયોગ્ય છે. તેમને રક્ષણ મળવું જોઇએ. જીવ બચાવનારને જો માર પડે તે ક્યાંનો ન્યાય? સવાલ એ છે કે પોતાના પરિવારજનોની સેવા કરનાર ડોક્ટર પર હુમલા કેમ વધ્યા છે તે પણ એક આત્મમંથનનો મુદો છે. આજથી થોડા સમય પહેલા નાગરિકો ડોક્ટરને ભગવાની દ્રષ્ટિએ જોતા હતા, પરંતુ શા માટે ડોક્ટરોને લાફો ઝીકી દે છે. માનનીય મંત્રીશ્રીએ આનો ઉલ્લેખ કર્યો હોત તો મને ગમત. એમણે કોઇ ડોક્ટરોનો વિરોધ નથી કર્યો કે આ બિલનો કોઇ વિરોધ નથી કર્યો. એમણે જે મુદ્દા બીજા કહ્યા કે પહેલાના જમાનામાં પેટમાંથી કાતર નીકળતી હતી. આજે અમે બધું સુધારી દીધું છે. સારું છે. તમારે મારે વ્યક્તિગત એ છે નહિ. ખરેખર સાચું છે, * (xxxxxx) (xxxxxx) (અંતરાય) મારા આ બિલ ઉપર જ બોલું છું.

**શ્રી વજુભાઇ રૂ. વાળા** : ડિમાન્ડ છે, એ વસ્તુ જુદી છે. આ બિલ સાથે નિસ્બત નથી. બિલને આનુષંગિક બોલી શકાય.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : (xxxxxx)

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## શબ્દો દૂર કરવા અંગે

**શ્રી જયનારાયણ ન. વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વિગતો મૂકી રહ્યા છે. એના કોઇ આધાર પુરાવા એમની પાસે નથી. સામાન્યતઃ સિવિલમાં આ સરખાવવું હોય, તો સામાન્ય જ્યારે હડતાળ ન હોય તે દરમ્યાનમાં પણ કેટલાક ગંભીર જીવલેણ રોગથી પીડાતા દર્દીઓ અથવા તો અકસ્માતથી કે ટ્રોમાથી આવતા દર્દીઓના મોત થતા હોય છે. આ સમય દરમ્યાન પણ થયા હશે. આ બંને આંકડા અધિકૃત રીતે જ્યાં સુધી ન હોય ત્યાં સુધી આ પ્રકારની હકીકતો ગૃહના રેકોર્ડ ઉપર મૂકી શકાય નહીં.

**સભાપતિશ્રી** : શબ્દો કાઢી નાખવામાં આવે છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો પાછા કાઢી નાખો. વાંધો નહિ. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એનો હું વ્યક્તિગત વિરોધી નથી, પણ ગ્યાસુદીનભાઇ શેખના પત્રની એમણે જે રજૂઆત કરી, એટલા માટે ખરેખર નહોતું ઊભું થવું છતા પણ ઊભો થયો છું. મારો કહેવાનો મતલબ એ છે કે ડોક્ટરોને યુ.જી.સી.ના પગાર ધોરણ મળે છે ખરા? તમે આનો વિચાર કર્યો ખરો? કેમ ડોક્ટરો હડતાળ ઉપર જાય છે. ડોક્ટરોને રક્ષણ મળવું જોઇએ.

---

* **(xxxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આશબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે..**

**શ્રી વજુભાઇ રૂ. વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, આપે એક વાર સૂચના આપી દીધી છે. એની ડિમાન્ડ વસ્તુ જુદી છે. આ બિલમાં છે કોઇ ડિમાન્ડની વાત? કયા સેક્શનમાં છે એ મને કહો? આ કોઇ આનુષંગિક નથી એ બોલવાનો કોઇ અર્થ નથી.

**શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેઝરી બેન્ચને જે કહેવું હોય તે છૂટ જ હોય છે. અમાર કોઇ વિચારો રજૂ કરવા દેવમાં આવતા નથી. અધ્યક્ષશ્રી ઉપર આક્ષેપ ન હોઇ શકે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને મારો સંપૂર્ણ ટેકો છે, પણ મારે એટલું ચોક્કસ કહેવું છે કે જેટલા ડોક્ટરોને આપણે બચાવવાનો પ્રયત્ન કર્યો, એટલા દર્દીઓને બચાવવાનો પણ આપણો હક્ક છે. ગામડામાં પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરમાં કેટલાં ડોક્ટરો હાજર રહે છે. ડોક્ટરોને પૂછજો જરાક. મારે બિલનું એ નથી, પણ કહેવાનો મતલબ દરેકને વ્યવસ્થા મળવી જોઇએ અને આપણે પોતે વિધાનસભાના સભ્ય તરીકે મારે ચોક્કસ કહેવું જોઇએ ડોક્ટરો નહિ, પણ કોઇપણ કર્મચારીને રક્ષણ મળવું જોઇએ. પણ કર્મચારી કોઇનું ખરાબ કરે તો એનું શું? મારે ખાસ જયનારાયણભાઇને કહેવું છે આ બિલ લાવ્યા છે તેનો સંપૂર્ણ મારો ટેકો છે.

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના તબીબી આલમ માટે મને પણ એક ડોકટર તરીકે ગૌરવ થાય તેવો દિવસ છે. સૌથી પહેલાં તો હું ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીના અમારા મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને હું ગુજરાતના સમગ્ર તબીબી પરિવાર વતીથી અભિનંદન આપું છું. આઝાદીના ૫૦ વર્ષથી જે પરિવારો, જે ડોકટરો સમાજની સેવા કરતા હતા તેમના પરિવારની વ્યક્તિગત ચિંતાઓ હતી તેનો આજે સુખદ અંત આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જયનારાયણભાઇ જે બિલ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને તેમાં મારા વિચારો રજુ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનવદેહ અને તેની સેવા કરનારા તબીબો માટે પુરાણોમાં એમ કહ્યું છે, શરીર માટે એવું કહ્યું છે, **તત્રેહ શરીરનામ શકલ, નર શરીર બાહયાભ્યાંતર, વસ્તુ વિવરણ પરાયણ પુર્વાભ્યાંગ ખલુ ચિકિત્સા વિદ્યા.** પુરાણોમાં ઋષિમુનિઓએ એમ કહ્યું છે કે માનવ સેવા એ જ પ્રભુ સેવા. ત્યારે આ માનવના દેહની સેવા કરનારા તબીબો તેમના વ્યવસાયમાં તેમની ખુરશી પર બેઠા હોય ત્યારે ભગવાનને પ્રાર્થના કરતા હોય છે. કેવી પ્રાર્થના કરે છે, તબીબોના સૂર એવા હોય છે હે પ્રભુ, હકીકતમાં પરિસ્થિતિની વિટંબણા છે કે મારી આજીવિકા લોકોની માંદગી ઉપર આધાર રાખે છે. છતાં પણ અમારું સૌભાગ્ય છે કે તમે મને દર્દીઓના દુઃખ દૂર કરવાની ખૂબ સારી તક આપી છે. તમોએ મને જવાબદારી પૂરી કરવાની ખૂબ ક્ષમતા આપી છે. હે પ્રભુ, મને એવી શકિત આપો કે જેનાથી હું મારી જવાબદારી નિષ્ઠાથી નિભાવી શકું. હકીકતમાં તો તમે જ દુઃખ દૂર કરનારા છો, હે ભગવાન તમે બધાને સુખ આપનારા છો. હું તો એકમાત્ર માધ્યમ છું. આવા એક તબીબનો અંદરનો અંતરાત્મા એમ કહે છે કે હે પ્રભુ, મારા દર્દી ઉપર દયા અને દૃષ્ટિભાવ રાખજો. આ પ્રકારની માનસિકતાથી જયારે માણસ એક તબીબ હોય અને તે સામેના માણસની સેવા કરતો હોય, આ એક રાજકીય અવલોકન કરવાનો વિષય નથી. મેં ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી એક અંતરિયાળ અને ગામડાના વિસ્તારમાં તબીબી પ્રેકટીશનર તરીકે સેવાઓ આપી છે. મને જાતે અનુભવ થયા છે. એવી અસંખ્ય ઘટનાઓ બને કે રાત્રે બાર વાગ્યે ઇમરજન્સી કેસ ઉભો થયો હોય, કોઇ માતાનો દિકરો બિમાર હોય, કોઇ માતા પ્રસુતિની પીડા લઇને પધારી હોય તેવા સમયમાં ઘણી બધી ઘટનાઓ એવી બને છે કે ત્યારે કાં તો કેસ એકસપાયર્ડ થઇ જતો હોય છે કાં તો સીરીયસતાના લીધે તે કેસ એક દવાખાનામાંથી બીજા દવાખાનામાં રીફર કરવો પડતો હોય છે. ત્યારે સ્વાભાવિક છે કે પરિવારના સભ્યોની કે તેની સાથે આવેલા લોકોની લાગણી દુભાતી હોય છે ત્યારે આવી ઘટનાઓ બને છે. કાં તો તબીબો ઉપર હુમલાઓ થાય છે, કાં તો તેની હોસ્પિટલ ઉપર હુમલા થાય છે. ઘણી બધી ઘટનાઓ તો એવી છે કે તેમના પરિવારના સભ્યો પણ થરથર ધ્રુજતા હોય છે. ત્યારે આઝાદીના આટલા વર્ષ પછી ગુજરાતના છેવાડાના ગામડામાં ગરીબ, શોષિત, મધ્યમવર્ગના પીડિત લોકોની સેવા કરતા ડોકટરોને કોઇએ આશરો આપવાનું

કામ કર્યુ હોય, તેને રક્ષણ આપવાનું કામ કર્યુ હોય, તેમની પાછળ અમે બેઠા છીએ તેવી હૂંફ આપવાનું કામ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્યાસુદીનભાઇએ પત્ર લખ્યો છે તેમાં રાજેન્દ્રભાઇ કહેતા હતા તો મારે તેમને સ્પષ્ટપણે કહેવું છે કે ચાલીસ વર્ષ સુધી આ ગુજરાતમાં આપે રાજ કર્યું છે. શું સ્થિતિ હતી ગુજરાતના ગરીબોની? શું સ્થિતિ હતી ગુજરાતની હોસ્પિટલોની? ગુજરાતના તબીબો સલામત ન હતા. અસંખ્યવાર હડતાલો થઇ. તેનાથી આગળ કહું તો સિવિલ હોસ્પિટલો ખંડેર જેવી હતી. આજે આ સરકારની એક મનોવૃત્તિ છે. એક તટસ્થ નિર્ણયશકિત છે. પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિ છે કે ગુજરાતના છ કરોડ ગુજરાતીઓ કયાંય હેરાન પરેશાન ન થાય. તેમનું આરોગ્ય જોવાની જવાબદારી અમારી છે. ત્યારે તેમના માટે વિવિધ યોજનાઓ કરી અને પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર આપ્યું. તેનાથી આગળ વધીએ તો તેની અંદર સેવા આપનાર તબીબો છે તેનું રક્ષણ પહેલું જરૂરી છે. એટલા માટે આ બિલ લાવવાની જરૂર પડી. હું માનું છું અને માનનીય જયનારાયણભાઇએ કહ્યું તેમ ઘણા બધા સંતો, મહંતો, ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની અનેક વખતની રજૂઆતો, ઘણાબધા તબીબોના પરિવારની વ્યક્તિગત લાગણીઓ, અમારા ભારતીય જનતા પાર્ટીના ડોકટર સેલ, અમારા ડોકટર અનિલભાઇ અને તેમની ટીમની લાગણીઓ.. સમગ્ર ગુજરાતમાં એક એવું વાતાવરણ બને કે અહીંયા પ્રેકટીસ કરતા તબીબોને કોઇ પ્રકારની મુશ્કેલી ન થાય, એમને પૂરતું રક્ષણ મળે, એમને કાયદાનું રક્ષણ મળે, એમને એમની હોસ્પિટલોમાં મોંઘાદાટ સાધનો લીધાં હોય, એ સાધનોની કિંમત બહુ મોટી હોય છે એમને કોઇ પ્રકારનું નુકશાન ન થાય, ગુજરાતમાં આ પ્રકારના વાતાવરણનું નિર્માણ થાય, એ માટે આ કાયદો ખૂબ જરૂરી છે. મને લાગે છે કે આવનારા દિવસોમાં આ કાયદાની હૂંફ મળશે, બીજા રાજયોના ડોકટરો પણ ગુજરાતમાં પ્રેકટીસ કરવાનું પસંદ કરવાના છે, આજે પણ આખા દેશમાં જે પરિસ્થિતિ છે, જે વાતાવરણ છે, એમાં કોઇપણ ડોકટર એમ.ડી. થાય, ડી.એમ. કાર્ડિયોલોજીસ્ટ થાય, તો સૌથી પહેલાં નોકરી કરવાનું પસંદ એની ખાનગી પ્રેકટીસ કરવાની હોય કે સરકારી હોસ્પિટલમાં પ્રેકટીસ કરવાની હોય તો ગુજરાતમાં કરશે. આ પ્રકારની માનસિકતા અને મનોવૃત્તિ આ સરકારની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એનાથી પણ આગળ વાત કરવી છે કે, મોટા ભાગે પરિસ્થિતિ એવી હોય કે કોઇ તબીબ જયારે તબીબી અભ્યાસ પૂરો કરે, પછી એમના વતનથી લગભગ ૧૦૦-૧૫૦ કે ૨૦૦કિલોમીટર દૂરના અંતરિયાળ ગામડાની અંદર એ પ્રેકટીસ કરતા હોય, એ વિસ્તારમાં એમના સગાં-વહાલાં કોઇ ના હોય, ડોકટર તરીકે દવાખાનુ લઇને બેઠા હોય, ત્યારે એ વિસ્તારમાં નાની મોટી ઘટનાઓ બને, એવા સમયે એ ડોકટર માટે કાયદાના કવચની ખૂબ જરૂર હોય છે, અને એવા સમયે મને લાગે છે કે, આ કાયદો લાવવાથી જે તબીબી સારવાર કરતા તબીબો, એમનો પેરામેડિકલ સ્ટાફ, એમની હોસ્પિટલમાં રહેલાં સાધનો આ બધાની તોડફોડ થાય એમના પર ત્રણ વર્ષની કડક સજા અને જે સાધનોનું નુકશાન કર્યું હોય એના બે-ગણા પૈસાનું વળતર, આ કાયદો તબીબની મનોવૃત્તિ એમને માનસિક બળ પૂરું પાડનારો કાયદો છે. સામાન્ય રીતે તબીબ એમના વ્યવસાયમાં જોડાયેલો હોય તો એ ૧૦૦ ટકા કહી શકાય કે એક મિકેનિકલ એન્જિનિયર હોય એ વાહનને બંધ કરીને રિપેર કરે ત્યારે પણ નાનો મોટો ફોલ્ટ એની અંદર રહી જાય છે, આ એક નરી વાસ્તવિકતા છે, જયારે આ તો માનવસર્જિત એન્જિનિયર ડોકટર એ ચાલુ વાહનનું રિપેરિંગ કરે છે, જીવતા માણસનું રિપેરિંગ કરે છે, ત્યારે એમાં કયાંક ક્ષતિઓ પણ રહી જાય, અને બે ટકા તો એવી પરિસ્થિતિઓ થાય, ત્યારે આપણે દરેક કેસને એ દ્રષ્ટિએ જોવાની માનસિકતાથી દૂર રહેવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઇ, અમારા આરોગ્ય મંત્રીશ્રી પત્ર ગ્યાસુદ્દીનભાઇનો વાંચતા ગયા ત્યારે મને દુઃખ થયું મને એક તબીબ તરીકે કે, આ ગુજરાતમાં ચાલીસ વર્ષ સુધી તમે શાસન કર્યું ત્યારે તમે બધાને આ દ્રષ્ટિએ જ જોયા છે. પહેલાં આપણા આત્માને જોવો જોઇએ, આપણે પણ રાજનીતિમાં હતા, આજે રાજનીતિમાં તમે શું કરો છો? તમને લોકોએ રાજનીતિમાં ચૂંટ્યા છે, એક સારો વહીવટ આપવા માટે, ત્યારે કરોડો રૂપિયાના કૌભાંડ કરો છો? એ નથી દેખાતું? આજે તબીબ પાંચ વર્ષ ભણ્યો હોય, આ બહુ વાસ્તવિકતા છે. સાત વર્ષ સુધી અભ્યાસ કર્યો હોય.

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ વાતને આ બિલ સાથે શું સંબંધ છે? જયારે હું બોલતો હતો ત્યારે મને તરત રોકવામાં આવતો હતો.

સભાપતિશ્રી : માનનીય ભરતભાઇ, આપ બિલ ઉપર જ આવી જાઓ.પ્લીઝ, હવે આપની પાસે એક જ મિનિટ રહી છે, બિલ ઉપર આવી જાઓ.

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા** : સાહેબ, આ બિલના હાર્દ સાથે જોડાયેલી વાત છે કે આ તબીબોએ સાત વર્ષ સુધી એણે મેડિકલનો અભ્યાસ કર્યો હોય, ત્યારે એ કોઇ કામ કરતો હોય ત્યારે કોઇ નાની મોટી ભૂલ થઇ જાય તો એની ઉપર આપણે દોષનો ટોપલો નાંખવાનો હોય? હું એ વાત કરું છું કે, વ્યવસાયમાં માણસ નિપૂણ હોય છે, એ વાત સાથે મેં એમ કહયું કે, રાજકીય માણસ જયારે રાજકીય રીતે ચૂંટાયો હોય ત્યારે એને કામ કરવાનાં હોય અને નાનાં મોટાં કૌભાંડો થાય ત્યારે એ તમને કેમ નથી દેખાતાં? આજે એક નાનકડો તબીબ ક્યાંક નાની મોટી ભૂલ કરે એને તમે પકડીને પત્ર લખો? માનનીય અધ્યક્ષશ્રી, આ માનસિકતા તબીબી જગતનું ઘોર અપમાન છે અને કોંગ્રેસના માણસોએ ચાલીસ વર્ષ સુધી આ જ કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એક સૂચન કરવું છે એ કરીને પછી મારી વાત પૂરી કરું છું. હું આયુર્વેદિક તબીબ છું અને મારે આજે માનનીય મંત્રીશ્રીને સૂચન કરવું છે કે, ગુજરાતના ૧૮૦૦૦ ગામડાં છે. (અંતરાય) સાહેબ, એક મિનિટમાં હું મારું સૂચન પૂરું કરું છું. ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓ છે, મોટા ભાગના ગામડાઓમાં આયુર્વેદિક ડોકટરો પ્રેકટીસ કરે છે, સાહેબ, મોટા ભાગે ગામડાઓમાં ઇમરજન્સી ઉભી થાય ત્યારે પહેલાં એ આયુર્વેદના ડોકટર પાસે સારવાર માટે જતા હોય છે, સાહેબ, આજે જે આયુર્વેદિક ડોકટરોએ છ મહિના એલોપેથિક હોસ્પિટલમાં પ્રેકટીસ ઇર્ન્ટશીપ દરમિયાન પણ કરે છે, સાહેબ, આ અગત્યની વાત છે એટલે મારે માનનીય મંત્રીશ્રીને એટલી જ વાત કરવી છે કે, અમુક ઇમરજન્સી ડ્રગ્સ એવા પસંદ કરવામાં આવે કે જેનો આર્યુવેદિક ડોક્ટરો ઇમરજન્સીના સમયે ઉપયોગ કરી શકે. આ અંગે માનનીય આરોગ્ય મંત્રીશ્રી વિચારે એવું મારું સૂચન છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં મારે કહેવું છે કે, તબીબી ક્ષેત્રના ઇતિહાસમાં સ્વર્ણિમ અક્ષરે લખાય એવી આજના દિવસની આ ઘટના છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ ખરેખર સાચા અર્થમાં એક ઐતિહાસિક ઘટના છે કે આવો કાયદો આજે ગુજરાત વિધાનસભામાં આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પોતે ડોક્ટર છું અને ગાયનેકોલોજિસ્ટ છું. ૪૦ વર્ષથી મેડિકલ પ્રેકટિસ કરું છું એટલે મારા જે અનુભવો છે એની મારે અહીંયા વાત કરવી છે. અહીંયા જે કોંગ્રેસના સભ્યનો પત્ર આવ્યો એની લાગણી સાથે સંમત કે દર્દીઓનું પણ ધ્યાન રાખવું જોઇએ, એની પીડા અને લાગણીઓનું પણ ધ્યાન રાખવું જોઇએ એ વાત સાથે સંમત છું. પણ ડોક્ટરો આજે વર્ષોથી એક માનસિક ત્રાસથી પીડાતા હોય છે, કોઇ પણ સિરિયસ કેસ આવે ત્યારે ડોકટરોના હૃદયના ધબકારા પહેલા વધી જતા હોય છે એવું આ મેડિકલ વ્યવસાયમાં ડોકટર તરીકે કામ કરવું એ ખરેખર એક “વી આર પ્લેઇંગ વીથ હ્યુમન્સ લાઇફ” આવું અમે કહેતા હોઇએ છીએ. અને એમાંય સાહેબ, ગાયનેકોલોજીસ્ટ છે “વી આર પ્લેઇંગ વીથ ટુ હ્યુમન્સ લાઇફ” મા અને બાળક બંનેની જિંદગીનો પ્રશ્ન હોય એવો અમારો આ પ્રોફેશન છે અને જ્યારે ડોકટરોનો આ વ્યવસાય માણસની જિંદગીની સાથે સીધી રીતે જોડાયેલો પ્રોફેશન હોય ત્યારે જે પીડા અને જે એની માનસિક સ્થિતિ હોય છે એ પણ ડર અને દબાણ નીચે ડોક્ટરોને કામ કરવું પડતું હોય છે. અનેક હુમલાના બનાવો થતા હોય છે અહીંયા માનનીય મંત્રીશ્રીએ જે થોડાક હુમલાઓની વાત કરી છે ત્યારે હું કહીશ કે એવા અનેક કિસ્સાઓ અવાર નવાર બને છે કે જેની કોઇ દિવસ પોલીસ ફરિયાદ પણ નથી થતી હોતી અને સમાજના પ્રતિષ્ઠિત માણસો આવીને એનો સુલેહ કરાવી અને એનું સોલ્યુશન કરતા હોય છે. ડોકટરોને એક જિંદગી બચાવવાનું કામ કે જેને આપણે નેક્સ્ટ ટુ ગોડ કહેતા હોઇએ છીએ એવા ડોકટરોએ હાથ જોડવા પડતા હોય છે અને એ પણ કોઇ પણ વાંક ગુના વગર પણ હાથ જોડવા પડતા હોય છે એવા બનાવો બનતા હોય છે ત્યારે માનનીય

અધ્યક્ષશ્રી, ખરેખર આ કાયદો ખૂબ જ જરૂરી હતો અને સમયની માંગ પ્રમાણેનો હતો અને આ સમાચાર જ્યારે બહાર અમે ડોક્ટરોને આપ્યા કે આવો કાયદો આવી રહ્યો છે અને તમે પણ આ કાયદાની અંદર આ વિધાનસભામાં આવો આવી વાત થઇ ત્યારે એ બધાને એક એવી લાગણી ઉત્પન્ન થઇ કે ખરેખર ભારતીય જનતા પાર્ટીની સરકાર એ લોકોની નાનામાં નાના પ્રશ્નોની ચિંતા કરતી સરકાર છે. આ જે કાયદો છે એ કાયદાની હું તમને વાત કરું તો આની અંદર કહ્યું છે કે, ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યકિતઓ, તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ, (હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) વિધેયક જે લાવવામાં આવ્યું છે એમાં જે જોગવાઇઓ કરવામાં આવી છે એના ઉપર મારે ધ્યાન દોરવું છે. એમાં કહ્યું છે કે, ઉશ્કેરાટમાં દર્દીઓ અથવા દર્દીઓના સગાઓ ડોક્ટરો ઉપર હુમલો કરતા હોય છે, ડોકટરો સાથે ઝઘડા કરતા હોય છે, ડોક્ટરોના સાધન–સામગ્રી, એમના મશીનરી એની તોડફોડ કરતા હોય, બિલ્ડીંગને નુકશાન કરતા હોય, ફર્નિચરને નુકશાન કરતા હોય, હોસ્પિટલની અંદર કામ કરતા સ્ટાફ નર્સ વગેરેની સાથે પણ ઝપાઝપી કરીને એમને પણ ઈજા પહોંચાડતા હોય છે. આવા બધા બનાવો જ્યારે બનતા હોય છે ત્યારે આપણે સમજી શકીએ કે, દર્દી જ્યારે સિરિયસ હોય ત્યારે એના સગાવહાલાની હાલત પણ ખૂબ ખરાબ હોય છે અને એમની માનસિક સ્થિતિ પણ ખૂબ ખરાબ હોય છે ત્યારે એવા સમયે એ સિરિયસ પેશન્ટ લેતી વખતે ડોક્ટરોને ટેન્શન એક હોય છે અને બીજું ટેન્શન એમના સગાવહાલાને કન્ટ્રોલ કરીને એને સમજાવવાનું હોય છે, ત્યારે ડોક્ટરો એ સગાવહાલાને સમજાવતા હોય છે, એનું રીસ્ક સમજાવતા હોય છે અને તમામ વાત કહેતા હોય છે ત્યારે દર્દીના સગાઓ ડોક્ટરને કહેતા હોય છે કે,તમે અમારા ભગવાન છો, ડોકટર જ્યારે એમ કહે કે આ ભગવાનના હાથમાં છે મારા હાથમાં નથી, હું મારા બધા પ્રયત્નો કરીશ ત્યારે સગાંવહાલાં એમ કહેતા હોય છે કે, તમે અમારા ભગવાન છો અને તમે અમારા દર્દીની જાન બચાવો, આવો નેકસ્ટ ટુ ગોડનો દરજ્જો એ દર્દીઓ આપતા હોય છે પરંતુ જેવું દર્દીને કંઇ મુશ્કેલી ઉભી થાય એટલે તરત જ એનું વલણ બદલાઇ જતું હોય છે ત્યારે એવા સંજોગોમાં ડોકટરો ડર, દબાણ અને માનસિક ત્રાસ નીચે કામ કરતાં હોય છે, ત્યારે આ કાયદાની અંદર ખૂબ સારી જોગવાઇ કરવામાં આવેલી છે કે ડોકટરો, મેડિકલ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ, રજિસ્ટર્ડ થયેલા ડોકટરો, હંગામી રજિસ્ટર્ડ થયેલા ડોકટરો, નર્સીંગ સ્ટાફ, મીડવાઇફ, ટ્રેઇન થયેલી દાયણો, દાઇ આ બધા લોકોનો આ કાયદાની અંદર સમાવેશ કરવામાં આવેલો છે, એમના પર હુમલો કરવામાં આવે, એમને નુકશાન પહોંચાડવામાં આવે, એના સાધનોને નુકશાન પહોંચાડવામાં આવે, તો એ બધાને માટે ત્રણ વર્ષની જેલ અને પચાસ હજાર રૂપિયાનો દંડ અથવા તો બન્ને, આવી જોગવાઇ આ કાયદાની અંદર કરવામાં આવેલી છે, હું ખરેખર ખૂબ ખૂબ અભિનંદન માનનીય શ્રી જયનારાયણભાઇને આપું છું કે એમણે આ ડોકટરોનો જે પ્રશ્ન છે, તબીબી સારવાર કરતા સ્ટાફ અને એની સંસ્થાઓને હોસ્પિટલ ચલાવવા માટેના જે નાના મોટા તમામ પ્રશ્નો છે એ તમામ પ્રશ્નોનો એમણે ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો છે, ત્યાર પછી ખૂબ મહેનત અને મથામણ પછી આ કાયદો બનાવ્યો છે, કાયદાની એક એક કલમ મેં જોઇ છે, ખરેખર દિલથી અભિનંદન આપવાનું મન થાય અને હું આજે કહીશ કે ગુજરાતની અંદર ડોકટરોએ જે નામના પ્રાપ્ત કરી છે ગુજરાતના ડોકટરો આજે દેશ અને વિદેશમાં ખ્યાતિ પામ્યા છે, આ નામાંકિત ડોકટરો પાસે સેવા લેવા માટે લોકો અહીંયા આવી રહ્યા છે, કિડની, હાર્ટના ઓપરેશન, કેન્સરના ઓપરેશન, ઇવન ની–સર્જરીમાં પણ દેશ વિદેશમાંથી દર્દીઓ ગુજરાતની અંદર સેવા લેવા આવે છે, ગુજરાતના ડોકટરો ખૂબજ લાગણીશીલ, ખૂબ જ કેરીંગ છે એ લોકો જાણે છે અને એટલા માટે દેશ વિદેશથી લોકો અહીંયા સારવાર માટે આવે છે, હું એ પણ કહીશ આજે કે જે રીતે ડોકટરો અસલામત હતા અને પરિવારની અંદર જે રીતે અજંપો હતો એનો આજે અંત આવ્યો છે આ કાયદાના લીધે, જેમ ગુજરાત રાજ્યની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીના શાસનમાં તમામને રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે એ જ રીતે આ ડોકટરોને અને સ્ટાફને પણ રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે ત્યારે એક ડોકટર તરીકે હું આ ગૃહની અંદર તબીબી જગત તરફથી ખૂબ ખૂબ આભાર માનું છું અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને છેલ્લે હું કહીશ કે દર્દીઓની સારવાર લેવી એ એટલું જ અગત્યનું હોય છે અને દર્દીઓને કંઇપણ એવું લાગે કે પ્રોબ્લેમ થયો છે

કે ડોકટરની નેગ્લીજન્સી છે કે ડોકટરની વર્તણૂંક ખરાબ છે તો એના માટે કાયદાઓ છે માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે તો એ કાયદાઓનું રક્ષણ લઇ અને એમાં એ જઇ શકે છે પણ કાયદો હાથમાં લઇને જે રીતે ડોકટરોને નુકશાન પહોંચાડવાનું કાર્ય થઇ રહ્યું હતું એને માટે હું ફરી વખત આ કાયદાને સમર્થન આપું છું

**શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર(સંતરામપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેને હું અને મારી કોંગ્રેસ પાર્ટી સમર્થન તો કરીએ જ છીએ, પણ Hon'ble Minister said that this is historic day tell that if along with this Bill, he had also held doctor accountable for negligence so that poor people whose children have lost or some near and dear one's lives have been lost, are also covered under this Bill. The thing is that, Mr.Minister has said that there is always a problem, અને જે આપણે ત્યાં હોસ્પિટલ હોય કે મેડિકલ સ્ટાફ હોય કે અન્ય જે મેડિકલ ટીમો હોય એમને ડેમેજ થાય છે કે ઇન્જરી થાય છે, give me one example where damage has been done in any of the private hospital that are being run in Ahmedabad city, the proper good proper hospitals. That means, if a person in this place if a damage is not done to private hospitals that means people who are going and visiting the private hospital are satisfied with the services that they are receiving there hence they do not resort to violence. Because the life and death is in nobody's hand, that only God can decide but the satisfaction that I have done my best for my near and dear ones for their health issue is also taken up. You have also mentioned sir, that 70% of people living in Gujarat visiting Government hospitals, which is about 3 crores people out of 5 or 6 crore population that we have. So, 70% of population actually live in villages. It is obvious. The policy of Government of Gujarat or Government of India through their National Rural Health Mission or any other medical, this thing has always been taken care and we have opened institution in all villages. We have Public Health Centres, we have community health centers, which are run by the State Government as well as helped and aided by the Central Government like 108

ambulance which has come through NRHM. So, I agree, 70% of the population lives in villages so it is obvious that 70% of the people are treated in the Government hospitals. Sir, but what about the cases like in Gandhidham, where parents took their children for Polio drop, and there were 4 deaths. So, what about case when Thelasemia patients were taken to Junagadh hospital for blood transfusion which was done and in the transfusion if they have given HIV infection, what about this? Who is responsible for the same?

Today, you will stand and tell me that law will take its own course. You will hold and institute an inquiry and if the guilty person is there, guilty person will be punished. Sir, in your clause no. 4, you say "Any offender who commits any act or attempts to commit or abets or incites the commission of any act of violence in contravention of section 3, shall be punished with imprisonment for a term which may extend to three years or with fine which may extend to fifty thousand rupees or with both."

સભાપતિશ્રી : પ્લીઝ, પૂરું કરો.

શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી,અમારો તો સમય જ નથી સાહેબ, અમારો કૂલ સમય છે. બીજા કોઇ બોલવાવાળા છે જ નહીં. અમારા પક્ષે ૨૦ મિનિટ તો મળશેને?

સભાપતિશ્રી : રિસેસ પહેલાં આ બિલ પૂરું કરવાનું છે.

શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર : હા, તો પૂરું થઇ જશે.

સભાપતિશ્રી : રિસેસ બાદ બિન સરકારી વિધેયકો છે.

શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર : રિસેસ પહેલાં થશે સાહેબ, બહુ સ્પેસિફિક છે સાહેબ.

... I am not going out of the topic at all. Mr. Minister agrees, they should have to hear us also. So, you please cut your things. અમારા પક્ષની ૨૦ મિનિટ થાય છે. Shall we punish them with imprisonment for a term which may not extend three years or a fine which may not extend 50,000 or both.

Sir, in Indian Penal Code, and in our Police Manual, if a person commit bodily harm or vandalize and government property, does the

law – Indian Penal Code law specify a punishment or not? If it already specify for punishment, what is the need for bringing a new Bill? It is what I personally feel, it is playing of the *(xxxxxx) (xxxxxx) let me specify... gallery as a public...

શ્રી દિલીપભાઇ સંઘાણી : સાહેબ,

સભાપતિશ્રી : આપના શબ્દો પાછાં ખેંચી લો. શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર : સાહેબ, આ ગેલેરીની વાત નથી કરતો. હું પાછાં ખેંચી લઉં છું સાહેબ. Understood, understood. OK, sir. But, you have mentioned, the Minister in his speech that there are 7 cases of violence mentioned when you said કે આટલા આટલા ડોકટરોને, આટલા આટલા સમયે વાયલન્સમાં આ એમના ઉપર ક્ષતિ અને વાયલન્સ થયું.

you mean to say in all the 7 cases where violence or vandalism committed against the Government property, the law did not take its own course? I do support the Bill.

**શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહની અંદર આજે રાજયના આરોગ્યમંત્રીશ્રી ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યકિતઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ, હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબતનું વિધેયક લઇને આવ્યા છે એને હું મારું સમર્થન સાથે સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આ ગુજરાત રાજયની અંદર આજનો દિવસ એ પૂનમના ચાંદની જેમ ચમકતો દિવસ છે. આજદિન સુધી આવો ચાંદ કયારેય કોઇને, કોઇ સત્તાધીશોને દેખાયો નહીં. તબીબો ઉપરના હુમલા એ માત્ર હમણાં જ થતા હતા એવું નહોતું. ભૂતકાળમાં પણ અનેક વખત તબીબો ઉપર, પેરા મેડિકલ સ્ટાફ ઉપર હોસ્પિટલની અંદર અનેક વખત આવા હુમલા થયા છે. હું હમણાં જ જોતો હતો, વાંચતો હતો. અનેક વખત આવા હુમલા થવાના કારણે અનેક વખત તબીબી આલમે આવી રજૂઆતો પણ કરી છે. નેશનલ મેડિકો હોય, ડોકટર સેલ હોય, આ સેવા સાથે સંકળાયેલા બધા જ લોકો એક કાયદો બનાવવા માટે અનેક વર્ષોથી આ માંગ કરતા આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દસકાની અંદર જે રીતે ગુજરાતનો વિકાસ થયો છે, ભરતભાઇએ કીધું કે ડોકટર અહીંયા થાય. સારી સુવિધા આપવાનું મન થાય, પણ પાછલા દસકા પહેલા, એટલે કે ૨૦૦૦ પહેલા તબીબ અહીંયા બનતા હતા ત્યારે તબીબ થયા પછી, ડોકટર થયા પછી કે નર્સ થયા પછી એની સેવા આપવાનું કાર્ય ગુજરાતના બદલે દેશ છોડીને બહાર જવાનું વિચારતા અને જતા રહેતા હતા. મારે અહીં સેવા નથી આપવી એવું વિચારતા હતા. જેને પરિણામે ગુજરાતમાં તબીબી સેવાઓ એકદમ નિષ્ફળ ગઇ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મને બરાબર યાદ છે, મારી પોતાની વાત કરું. ૧૯૯૬માં આ જ સભાગૃહના સદસ્ય સ્વર્ગસ્થ શ્રી અશોકભાઇની બાયપાસ સર્જરી કરવાનો સમય આવ્યો હતો ત્યારે ગુજરાતમાં સિવિલ હોસ્પિટલમાં બાયપાસ ન કરાવી. તે વખતે એપોલો હોસ્પિટલ, મદ્રાસ જવું પડ્યું. બાયપાસ, બ્રેઇન ટ્યુમરની સારવાર લેવી હોય તો કોઇ મુંબઇમાં જાય, કોઇ લીલાવતીમાં જાય. આ બધી સારવાર લેવા માટે બહાર જવું પડતું હતું. પરંતુ આ દસકામાં, ડંકાની ચોટે કહેવું પડે, લોકો પણ કહેતા થયા છે, તબીબી આલમ

*** (xxxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આશબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

પણ કહેતી થઇ છે કે આ દસકામાં ગુજરાત એ મેડિકલ ટુરિઝમ બન્યું છે. મેડિકલ સેકટર માટે અને તબીબી સેવાઓ માટે આ ગુજરાત એ હબ બન્યુ છે. અને એના પરિણામે અનેક લોકો આ વિસ્તારમાં સારવાર લેવા આવતા થયા છે. દુબઈથી, સાઉથ આફ્રિકાથી, કેનેડાથી, અમેરિકાથી, (અંતરાય) પાકિસ્તાનથી પણ ખરા. પાકિસ્તાનથી પણ ખરા. કરાંચી હોય કે બાંગ્લાદેશ હોય. ની–રીપ્લેસમેન્ટ કરાવવી હોય, બાયપાસ કરાવવી હોય કે દંત ચિકિત્સા કરાવવી હોય. (અંતરાય) સાહેબ, મને બે ત્રણ મિનિટ આપો. આ તો બહુ અગત્યની બાબત છે. આ બહુ અગત્યનો વિષય છે. બે ત્રણ મિનિટ આપો. સાહેબ, હું તો બ્રાહ્મણ છું. એટલે મારે માગતા જ રહેવાનું હોય. બ્રાહ્મણ હંમેશા ભીખ માગતો જ હોય, સાહેબ. એટલા માટે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે જે રીતે પાછલા દસકામાં ગુજરાતમાં મેડિકલ ટુરિઝમ વધ્યું છે, સેવાઓ વધી છે અને સેવાઓની સાથે સાથે આવા અનિચ્છનીય બનાવો બનતા ગયા. એક પછી એક બનાવો બનતા ગયા. કયાંક હોસ્પિટલોને બાનમાં લેવાય અને જેને કારણે કયાંક તબીબો ઉપર હુમલા થાય, નર્સીંગ સ્ટાફ ઉપર હુમલા થાય, પેરા મેડિકલ સ્ટાફ ઉપર હુમલા થાય, જેના પરિણામે એક હોસ્પિટલમાં આવો હુમલો થવાના કારણે તબીબી આલમે હડતાલ પાડવી પડે. અને એ હડતાળના પરિણામે સમગ્ર ગુજરાતમાં અમદાવાદથી શરૂ કરી અને સમગ્ર ગુજરાતમાં હડતાળ પ્રસરે અને તે પ્રસર્યા પછી દર્દીઓની શું પરિસ્થિતિ થાય છે તે જોઇએ તો દર્દીઓની જે પરિસ્થિતિ પેદા થાય છે એમાં અનેક લોકો જે અધવચ્ચે સારવાર વાળા હોય, જેઓ ભગવાનના દ્વારેથી પાછા આવવાની તૈયારીમાં હોય તેવા દર્દીઓ ફરી પાછા ભગવાનના દ્વારે પહોંચી જાય છે. આવા લોકો ભગવાનના દ્વારે ન પહોંચે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે તેને હું અભિનંદન આપું છું અને સાથે સાથે એ પણ કહેવા માગું છું કે આમાં ૫૦ હજાર રૂપિયાના દંડની જોગવાઇ પણ કરવામાં આવી છે.

**શ્રી સભાપતિશ્રી :** આપનો સમય પૂરો થયો છે. માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઇ, જવાબ શરૂ કરો.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) ઃ** માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિધેયક હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું એમાં માનનીય સભ્યશ્રી ભરતભાઇ બોઘરા, ડો. નીમાબેન આચાર્ય, માનનીય ભૂષણભાઇ તથા માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ અને માનનીય સભ્યશ્રી પરંજ્યાદિત્યસિંહજીએ ચર્ચામાં ભાગ લીધો છે અને ખૂબ ઉપયોગી સૂચનો પણ કર્યા છે. મને એ વાતનો આનંદ છે કે આ વિધેયકમાં જે કોઇ સભ્યશ્રીઓ બોલ્યા છે તે સૌએ તેને આવકાર્યુ છે. વિધેયકના હાર્દ સાથે સૌ સંમત થયા છે. એમની કેટલીક ટીકા ટિપપણી પણ એમણે કરી છે અને એમાં જે કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત થયા છે તે વિષે હું નોંધ કરતો હતો ત્યારે મને ગુજરાતના સુપ્રસિદ્ધ અને અત્યંત વિદ્વાન ફિલોસોફર અને હાસ્યકાર જેને હું ખૂબ આદરથી જોઉં છું એવા માનનીય શાહબુદ્દીનભાઇની યાદ આવી ગઇ હતી, શાહબુદ્દીનભાઇએ વનેચંદનો વરઘોડો નામની એક પહેલી કેસેટ બહાર પાડેલી, જેમાં વનેચંદ કલાસમાં હોય કે ન હોય, ગમે તે વિદ્યાર્થીએ તોફાન કર્યું હોય પણ હેડ માસ્ટર બોલાવે ત્યારે બધા વનેચંદને બોલાવી લાવે, એ ઘરે હોય તો ઘરેથી બોલાવી લાવે અને હેડ માસ્ટર પાસે ઉભો કરે, એટલે હેડ માસ્ટર એમને બે ચાર ઝીંકી જ દે, અને પછી કહે કે હવે આવું નહીં કરતો, અને પછી બધા બહાર આવે, અને બહાર આવીને વનેચંદ પૂછે કે કહો તો ખરા કે માર્યો કેમ મને**?** એટલે કહે કે અમે ગણિતના પિરિયડમાં સાહેબને ચોક માર્યો હતો અને પકડાઇ ગયા અને પછી અમને સાહેબે બોલાવ્યા એટલે અમે તને બોલાવ્યો, અને તને સાહેબે જોયો એટલે પૂરો કરી નાખ્યો, તો વનેચંદ કહે કે તો વાંધો નહીં બાકી આપણને વાંક વગર ન મારવો જોઇએ. સાહેબ, આ બિલ છે એ સરકારી હોસ્પિટલો પૂરતું મર્યાદિત બિલ નથી. પણ સરકારની વ્યવસ્થા એટલે વનેચંદ એને ગમે ત્યારે ટપલી મારી શકાય, તેના માટે ગમે તે વાત કરી શકાય, આ એક ફેશન થઇ ગઇ છે. Sir, I am here on my legs to tell him that, I stand on record to say that my hospitals and some of the services rendered by them are not only the best

in the country but best in the world. સર એક એવી પણ ગેરસમજ ઉભી થતી લાગે છે કે આ માત્ર તબીબી સારવાર સાથે સંકળાયેલા ડોકટરો માટેનું બિલ છે, પણ એવું નથી. આ કાયદો છે એમાં તબીબી વ્યવસાયીઓ, રજિસ્ટર્ડ થયેલ નર્સ બહેનો, સહાયક નર્સ બહેનો, અને મીડ વાઇફ, તાલીમબદ્ધ દાઇ, તબીબી વિદ્યાર્થી, I have remained a student leader and my heart always reach out for the students anywhere they are. એટલે તબીબી વિદ્યાર્થીઓને પણ આમાં આવરી લીધા છે. કારણ કે જે એક ઉલ્લેખ થયો છે માનનીય સભ્યશ્રી ગ્યાસુદીનભાઇના કાગળમાં કે બપોરે અને રાત્રે તો માત્ર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ હોય છે. સાહેબ એ બધા એમ.ડી. એમ.એસ. કરે છે, ધે આર હાઇલી કવોલિફાઇડ પીપલ, એ માત્ર અભ્યાસ કરતા પેરામેડિકલ ડીગ્રી કે એ લઇને બેઠેલા માણસો નથી, કેટલાક ડી.એમ. કરે છે કેટલાક એમ.સી.એચ. કરે છે, ધે આર. હાઇલી કવોલીફાઇડ પીપલ સર. અને સર આઇ એમ પ્રાઉડ ઓફ માફ રેસીડેન્સ, સાહેબ ઓર્થોપેડીક કે એમાં ચાર ચાર દિવસ સુધી માણસ એમના રૂમ ઉપર નથી જઇ શકાતા, જાગવું પડે એવી ઇમર્જન્સી એટેન્ડ કરવી પડે છે. સાહેબ આજે જો મારી હોસ્પિટલો વ્યવસ્થિત ચાલતી હોય તો આઇ વુડ લાઇક ટુ ગીવ અ લોટ ઓફ ક્રેડીટ ટુ માય રેસીડેન્સ હુ આર ડુઇંગ અ વન્ડરફુલ જોબ.

એટલે સાહેબ એમના માટે છે, નર્સિંગના વિદ્યાર્થીઓ માટે છે. મોબાઇલ તબીબી એકમ માટે છે, ઉપ તબીબી, પેરા મેડિકલ સ્ટાફ માટે પણ છે. આ બધાને આવરી લેતું બિલ,એટલે કોઇના પર હુમલો થાય તે પ્રકારની પરિસ્થિતિ ઉભી ન થાય અને ભય વગર કામ કરી શકે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવાનો અમારો ઇરાદો છે.

ખાનગી હોસ્પિટલો ગુજરાતમાં વધી રહી છે એની ગ્યાસુદ્દીનભાઇ સહિત કેટલાકે ચિંતા કરી છે. ખાનગી હોસ્પિટલો ગુજરાતમાં એટલા માટે વધી રહી છે કે અમદાવાદ ઇન પર્ટીકયુલર અને ગુજરાત ઇન જનરલ is becoming a multi-specialty and specialty hub for medical treatment સાહેબ, માત્ર આ રાજયના નહિ આ રાજય બહાર દેશમાંથી, અને કેટલાક દેશોના પ્રમુખો અને વડાપ્રધાનો આપણા ગુજરાતમાં ટ્રીટમેન્ટ લેવા આવે છે. This is the stature of our hospital. અને એટલે સાહેબ અહીંયા અમેરિકાથી ટ્રીટમેન્ટ કરાવવા આવે છે. જયારે અહીંથી લોકો અમેરિકા જાય છે. આ ગુજરાતનું કલ્ચર નથી એટલે આ વધતી જતી ખાનગી હોસ્પિટલોને કારણે સાહેબ ગુજરાત will become a medical tourism hub in the year to come and આ મેડિકલ ટુરિઝમ હબ I think we should wholeheartedly support it જેને એફોર્ડ કરી શકે છે જવા દો ત્યાં એટલો લોડ સરકારી સિસ્ટમ ઉપરથી ઓછો થશે. and that is a welcome step as far as blossoming of corporate hospitals are concerned. એની આપણે ચિંતા કરવાની જરૂર નથી. ગુજરાત એના રસ્તે આગળ વધી રહ્યું છે.

સાહેબ ત્રીજો મુદ્દો છે મોટા ભાગના ગામડાંમાં આર્યુવેદ ડોકટર પ્રેકટિસ કરે છે એમને એલોપેથી માન્ય કરવી જોઇએ એવી માનનીય ભરતભાઇએ વાત કરી. આ બાબતો જે તે કાઉન્સિલ નક્કી કરતી હોય છે. પણ as a in case of dire emergency where these is question of life and death, ayurdevic doctor can administer treatment and medicines એટલે to that extent, there is a provision there, but rest of things can be sorted out with MCI it is not my subject neither my domain. Sir, my learned friend Mr.Prajyadityasinh has brought out certain interesting issues. He say that doctors accountable for negligence should be brought to books. I would like to tell it to my learned

friend that there are laws under Consumer Protection Act, you can claim compensation, for criminal negligence Indian Penal Code and CRPC take care of it. And you have and you can take recourse under that, so you are adequately protected. The question is to provide a safe and secure environment to certain community to work under such threat. Second point he raised is that 70% people live in village. Sir, Gujarat is the most urbanised State and 45% of Gujarat is urbanised. And if you take people staying in the OG areas which have urban trades, 70% of Gujarat today stays in urban conglomerate or urban environment rather than the villages. 108 Sir, as if Government of India has done a great favor to us, it is our discretionary fund we have used and Government of India is not obliging by giving us that fund. We are getting it, listen my friend, whether it is today UPA, it may be on its way out, there may be tomorrow NDA, Gujarat's share must be given to Gujarat, that should be your spirit. આપણને ૩.૧૬ ટકા આપે છે. અહીંથી ૫૦ હજાર કરોડ ટેક્સ ઉઘરાવી જાય છે. એની સામે આપણને કડુ કાઢી લઈને કલી આપે છે. એમાં કરે છે શું ? This mentality has to change that Government of India runs the 108. Government of India cannot do that. 108 also, my dear friend, be clear, for last 2 years bulk of running and maintenance and repair expenditure, bulk of it is financed by Government of Gujarat and if Government of India was so powerful, my humble request to you is please answer me, I wonder, I do not understand, why Rajasthan, why Maharashtra, why your other Congress-ruled States are not implementing these Schemes. If it is....Andhra Pradesh was the first to start, you can say. Delhi, I am aware, they have come here and studied us. Understand, understand, ..........................

હું આપની ઉદારતાને સલામ કરું છું અને આવી જ ઉદારતા આપ રાખશો તો હજુ બીજા કેટલાય વર્ષો સુધી આ જ રોલ કર્યા કરશો તેમાં મને કોઇ શંકા નથી. પણ કોંગ્રેસના એક પણ રાજ્યમાં ૧૦૮ ગુજરાત જેટલી સફળ થઇ નથી. પહેલી આંધ્રમાં ચાલુ થઇ હતી અને we have overtaken any other State with 500 plus 108 services. I say it on record that Gujarat is Number One State saving one life every 14th minute. દર ૧૪ મિનિટે એક જિંદગી બચાવીએ છીએ અને લગભગ ૩૦,૦૦૦ જેટલા બાળકોનો જન્મ તો ૧૦૮માં થયો છે. This is success of 108 services. You raised a very valid point and I think a lot of misunderstanding prevail about it and I must spell out the correct thing so that said misunderstanding wipe out. સાહેબ, થેલેસેમિયાનો-જૂનાગઢનો ઉલ્લેખ થયો. ઘણી બધી તપાસ સમિતિઓએ અહેવાલ આપ્યા છે. ભારત સરકારની NAC સહિત. મામલો સબજ્યુડીશ છે એટલે હું એની વાત કરવા માગતો નથી પણ થેલેસેમિયાના દર્દીને પણ વારે ઘડીએ બ્લડ લેવું પડે છે. Thalesamia patients are highly prone to infection. એ જ બ્લડ બેંકમાંથી ડાયાલીસીસ કરાવતા દર્દીઓને પણ લોહી આપ્યું છે અને કોઇને એચ.આઇ.વી. નથી થયો. આપને ખ્યાલ છે, since you come from Junagadh. This is the statement of difference between to samples drawn from the same source. So, please do not

generalise, this matter is subjudiced and therefore,I do not want to dwell into further details. સાહેબ, એમણે એવું કહ્યું કે સરકારી હોસ્પિટલોમાં તોડફોડ થાય છે અને દાખલા મેં જે આપ્યા હતા તેના લીધે, સાત દાખલા મેં આપ્યા એમાંથી પાંચ ખાનગી હોસ્પિટલોના છે. સરકારી હોસ્પિટલોમાં મારે રાજકોટ અને જામનગરમાં નિરાંત થઇ જાય, જો મારા સાથી સભ્યોના મિત્રો ત્યાં જઇને પોતાના રાજકારણનું મેદાન એ હોસ્પિટલોને ન બનાવતા હોય તો રાજકોટ અને જામનગરમાં કોઇ પ્રશ્ન નથી. We do not have any problem at our Civil Hospitals. The Problem is that, you want to politicalise atmosphere and environemnt of the hospital. That is why we are suffering. I would request him that let wiser conscious prevail. Let us not make hosptials the breding ground for politics, let us play our politics outside. Hospital is where patient is just swinging between life and death, cannot become place to play politics. We need not do that. And, I wish you agree with the spirit and refrain from getting into the campuses of hospital and do not play politics there.

સાહેબ, આ કાયદો ખૂબ જરૂરી છે. જરૂરી એટલા માટે છે કે તબીબ અથવા તબીબની સાથે કામ કરતી વ્યક્તિઓ જેટલા નિર્ભિક રીતે કામ કરી શકશે એટલું એ સારું પરિણામ આપી શકશે. એક તબીબ જીવન–મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીને જો ભયથી , મને કો'ક મારશે અથવા તો મારા ઉપર હુમલો કરશે એ ભયમાં રહીને ટ્રીટ કરે તો સાહેબ, સરવાળે એ દર્દીના હિતમાં પણ નથી અને એટલે આ બિલ ખાનગી હોસ્પિટલોને પણ લાગુ પડે છે. મોબાઇલ કેર યુનિટને પણ લાગુ પડે છે. સરકારી હોસ્પિટલોને પણ લાગુ પડે છે, તબીબોને પણ લાગુ પડે છે અને તબીબી વિદ્યાર્થીઓને, નર્સીંગ અને નર્સીંગના વિદ્યાર્થીઓને અને પેરા મેડિકલ સ્ટાફ સૌને લાગુ પડે છે. સાહેબ, સૌએ આ બિલના હાર્દ સાથે સંમત થઇને ટેકો આપ્યો છે માટે હું એમનો આભાર માનું છું. આથી વિશેષ મારે કંઇ કહેવાનું નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૨નું ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ (હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ–૨થી ૧૦, કલમ–૧ દીર્ઘસંજ્ઞા, ઈનેકિટંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે, સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક–૯ સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક–૯ સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯**

# ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૨

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી** 445/p a g e >**રમણલાલ વોરા** (**શિક્ષણ મંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯ સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરૂં છું.

**સભાપતિશ્રી**: વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે, સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯ સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આ સભાગૃહની અંદર ૨૦૦૯માં ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક રાજ્ય સરકાર લઈને આવી હતી. આ સભાગૃહે આની અંદર ખૂબ ચર્ચા વિચારણાના અંતે તે સમયે ચાર યુનિવર્સિટીઓને ખાનગી યુનિવર્સિટી તરીકે મંજૂરી આપી હતી. ત્યારબાદ ૨૦૧૧ની અંદર આ જ સભાગૃહમાં આ વિધેયકની ચર્ચા કરીને બીજી ચાર યુનિવર્સિટીઓનો ખાનગી યુનિવર્સિટીઓમાં સમાવેશ કરવામાં આવેલ હતો. જે તે વખતે રાજ્ય સરકારે કમિટમેન્ટ કરેલ કે કોઈપણ નવી યુનિવર્સિટી જ્યારે પણ ઈન્ટ્રોડ્યુસ કરે ત્યારે એ બિલ સભાગૃહમાં બધા સભ્યોની જાણકારી માટે લાવવામાં આવશે અને એના અનુસંધાને મેં કહ્યું તેમ આ ત્રીજી વખતની ચર્ચા હોવાના કારણે આ ખાનગી યુનિવર્સિટીનું (સુધારા) બિલ સ્વયં સ્પષ્ટ હોવાના કારણે આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ તેને મંજૂર કરે તેવી વિનંતી છે.

**શ્રી પંકજ દેસાઈ મુખ્ય દંડકશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની ચર્ચા આવતી કાલ પર લેવામાં આવે તેવી વિનંતી છે.

**સભાપતિશ્રી** : આ બિલની ચર્ચા આવતી કાલે કરીશું. વિરામનો સમય થયો છે, સભાગૃહ વિરામ બાદ મળશે.

---
* વિધેયક તા.૯મી માર્ચ ૨૦૧૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**વિરામ બપોરના ૨.૨૮ વાગ્યાથી બપોરના ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# બિન સરકારી વિધેયક

**સચિવશ્રીઃ** સન–૨૦૧૧ના વિધેયક ક્રમાંકઃ૩૫ સન–૨૦૧૧નું ગુજરાત રોઝડા સંરક્ષણ અને વસ્તી વિધેયક, માનનીય સભ્યશ્રી ક્રમાભાઇ રાઠોડ ....... (થોડીવાર બાદ) સભ્યશ્રી ગેરહાજર.

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૧**

**ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૧**

**રાજયના અગ્રણી રમતવીરોને સહાય અને પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇ કરવા બાબત વિધેયક**

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) :** માનનીય અધ્યક્ષશ્રી, [1]રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૧ના વિધેયક ક્રમાંકઃ૧૧ સન–૨૦૧૧નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતમાં એક ખૂબ સરસ વાકય લખેલ છે, શરીરમ ખલુ માધ્યમ ધર્મ સાધનમ. સંસ્કૃતમાં ઇશ્વરે આપણા શરીરને બક્ષેલું એક મહાત્મય એનો અર્થ એ થાય છે કે આપણે જે ધર્મ, જે સંપ્રદાય અને વિચારધારામાં આસ્થા રાખતા હોઇએ એનું ધર્મ કાર્ય કરવા માટે શરીરનું સ્વસ્થય હોવું અત્યંત આવશ્યક છે. આપણે ત્યાં બીજી કહેવત પણ છે, પહેલું સુખ તે જાતે નર્યા, એટલે માણસ પાસે દુનિયાભરના તમામ સુખ–સગવડ હોય, સાધનો હોય, તમામ ભૌતિક સુગસગવડો હોય પણ જો શરીર સ્વાસ્થય સારું ન હોય, તો તમામ સુખ સગવડો કોઇ કામની નથી. એટલે જ આપણી પ્રાચીન ઋષિ પરંપરામાં પણ શારીરિક શ્રમ, નિત્ય વ્યાયામ અને રમત દ્વારા શારીરિક સ્વાસ્થ્ય જાળવી રાખવાની મહત્વતા રહી છે અને સમગ્ર જીવન દરમિયાન અનેક ધર્મકાર્યો સમાજના અને રાષ્ટ્રની સેવા માટે પોતાના વ્યકિતત્વ, જીવનના કાર્યો પણ સુચારુરૂપે થાય તે ખૂબ અગત્યનું છે. રાષ્ટ્ર પુરુષ સ્વામી વિવેકાનંદજીએ પણ કહ્યું છે કે બે હાથ જોડીને પ્રાર્થના કરતું બાળક કરતા કોઇ બાળક રમત રમતાં હોય એ ઇશ્વરની વધારે નજીક હોય છે. તન સારું તો મન સારું. એટલે સારા માનસિક સ્વાસ્થ્ય માટે પણ શારીરિક સ્વાસ્થ્યતા જરૂરી છે અને શારીરિક સ્વાસ્થ્ય માટે આપણા જીવનમાં રમતગમતનું અત્યંત મહત્વપૂર્ણ સ્થાન પ્રદાન રહેલું છે. ભગવાનશ્રી કૃષ્ણજી ગેડી દડો રમતા એનો આપણા શાસ્ત્રમાં ઉલ્લેખ છે. એટલા માટે જ આપણા આરાધ્ય દેવો દ્વારા આ રમતોનું પણ માનવજીવનમાં કેટલું મહત્વ છે તે બતાવે છે. રમત વ્યકિતને શારીરિક સ્વાસ્થ્ય તો બક્ષે છે પણ તેની સાથે સાથે તંદુરસ્ત માનસિક સ્વાસ્થ્ય પણ એટલું જ ઉમદા પ્રદાન કરે છે. તંદુરસ્ત સમાજ સુખના નિર્માણ માટે સ્વયંશિસ્ત ધરાવતા, રાષ્ટ્ર પ્રેમથી તરબતર પ્રાણવાન અને ઉર્જાવાન એવા તંદુરસ્ત શારીરિક, માનસિક સ્વાસ્થ્ય ધરાવતા યુવાનોની આજે આ રાષ્ટ્રને જરૂર છે. જયારે આ રાષ્ટ્ર પાસે ૬૫ ટકાથી વધારે વસ્તી યુવાનોની હોય ત્યારે યુવાન અશકત હોય એ આપણને ચાલે એમ નથી. શારીરિક રીતે અશકત રહેતા અને શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે અભાન યુવાનો ન પોતાનું ભલુ કરે છે, ન સમાજનું અને ના રાષ્ટ્રનું. રમતગમતથી શારીરિક સ્વાસ્થ્યની સાથે સ્પર્ધા, ખેલદિલી, સ્પોર્ટ મેન સ્પિરિટ, ઉદારતા અને હાર–જીત સ્વીકારવાની ક્ષમતામાં અનેકગણો વધારો થતો હોઇ સમાજમાંથી ગુનાખોરી એટલે ક્રાઇમ રેટનો પ્રમાણમાં પણ ઘટાડો જોવા મળે છે અને સમાજ સ્વયંશિસ્ત રાખી આગળ વધે છે. રમત ક્ષેત્રમાં કોઇ ધર્મ વિશેષ નાતજાતનું કોઇ પ્રદર્શન અથવા તો નાતજાતની લેવડ–દેવડ એમાં હોતી નથી કે એનાથી કોઇ પ્રકારના મતભેદ એમાંથી ઉભા થતા નથી. ગુજરાત સરકારની હાલની રમતક્ષેત્રની નીતિ અને આવનારા દિવસોમાં એમાં થઇ રહેલ આમૂલ પરિવર્તન આ દિશાની મજબૂત પહેલ છે. મારે ખાસ કરીને આ બિલ

[1] **વિધેયક તા.૩જી માર્ચ, ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.**

લાવવાનો ઉલ્લેખ એટલા માટે કરવો પડે છે કે હું એક પૂર્વ ક્રિકેટર રહી ચૂક્યો છું અને આજે એક રમતનું ઉદાહરણ એટલા માટે આપવું કે આજે એ રમતની અંદર અમ્પાયર હોય ગ્રાઉન્ડમેન હોય એમાં કેટલા વ્યક્તિઓની જરૂર પડે છે. જયારે કોઇ રમતવીર હોય ત્યારે આ બધા ક્ષેત્રે તે પોતાનું પ્રદાન કરી શકે છે. જે અમ્પાયર હોય, ગ્રાઉન્ડમેન હોય, સ્કોરર, કોચિંગ સ્ટાફ, ફિઝિયો, પીચ ક્યુરેટર, વિડિયોગ્રાફી કરનારા, એનાલિસ્ટ, ટ્રેનર આ તમામ હું બોલ્યો એ બધા વિવિધ રમતોમાં અનેરું મહત્ત્વ ધરાવે છે અને બધાની જરૂર હોય છે. આ બધા પ્લેયર હોય છે, જે પૂર્વ ખેલાડીઓ હોય છે એ તમામ ક્ષેત્રે પોતાનું યોગદાન આપતા હોય છે. પહેલાના સમયમાં એક રણજી ટ્રોફી મેચ રમાતી હતી ત્યારે મને ખબર છે, એક મેચના ૪૦૦ રૂપિયા મળતા હતા. આજે રણજી ટ્રોફી મેચના દોઢ લાખ મળતા હોય છે. આવા સંજોગોમાં મારે આ બિલ લાવવાનો હેતુ એ જ છે કે સારી કોચિંગ ફેસિલિટી ખેલાડીઓને મળે, સારું ગ્રાઉન્ડ મળે, તમામ સારી ટેકનિકલ સવલતો, અત્યારે રમત–ગમત સાથે સાયન્સ સંકળાયેલું હોય ત્યારે આપણા ગુજરાતના ખેલાડીઓને તમામ પ્રકારની સુવિધા, સગવડો મળે તો ગુજરાતનો ખેલાડી આગળ આવી શકે. આપણે જોઇએ છીએ કે આજે સ્પોર્ટસ ક્વોટામાં રેલવે, ઓ.એન.જી.સી., એર ઇન્ડિયા, નેશનલાઇઝડ બેંકો, ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ એમ સરકારી અનેક વિભાગોમાં જોઇએ તો આવા સ્પોર્ટસ ક્વોટા રાખવામાં આવે છે. એ ક્વોટામાં ગુજરાતના તમામ ક્ષેત્રના પ્લેયરો પોતાનું આગવું સ્થાન મેળવી શકે અથવા તો નોકરી મેળવી શકે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનું એક ખૂબ સરસ સ્લોગન છે, " રમતું બાળક સૌને ગમે, હસતું બાળક સૌને ગમે, જમતું બાળક સૌને ગમે અને ભણતું બાળક સૌને ગમે." પહેલાં કહેવત હતી કે દાળ–ભાત ખાય અને વેપારી ક્ષેત્રના લોકો એટલે ગુજરાતી. એમાંથી બહાર નીકળીને એક નવો અભિગમ અપનાવવા માટે આ બિલ લાવવાનું મારું હાર્દ છે. હમણાં છેલ્લા બે વર્ષથી આ રાજ્યમાં ખેલ મહાકુંભનો પ્રારંભ થયો છે. આમાં તમામ ક્ષેત્રના અને તમામ ગામડાંના દૂર દૂરના ખેલાડીઓ ભાગ લઇ શકે છે. આ ખેલ મહાકુંભ એ આખા દેશની અંદર સૌથી મોટો ખેલ ઉત્સવ બની ગયો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. તે માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રમત–ગમત મંત્રીશ્રી ફકીરભાઇ વાઘેલાને હું અભિનંદન પાઠવું છું. ડોંગરેજી મહારાજ પણ સાચું જ કહી ગયા છે, ''તંદુરસ્તીની રક્ષા કરે છે કેળવણી અને કેળવણી હશે જ્યાં, તંદુરસ્તી હશે ત્યાં.'' ગુજરાતમાંથી અનેક ક્રિકેટરોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આપણું નામ રોશન કર્યું છે પણ અન્ય રમત ક્ષેત્રે પણ આપણે ઘણું બધું કરવાનું બાકી છે. એટલે તમામ પ્રકારની રમતોમાં રમતવીરોને પ્રોત્સાહન મળે અને તેઓ રમત ક્ષેત્રને કારકિર્દી પણ બનાવી શકે, સ્વસ્થ સમાજ થકી ગુજરાત અને રાષ્ટ્રનું નિર્માણ અને યુવાનોમાં એક નવી જ આશા અને ઉમંગનો સંચાર થાય એ જરૂરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ શરીર સ્વાસ્થ્ય બાબતે સભાનતાથી આ રાજ્યની કાયાકલ્પના સંકલ્પો આગળ વધારી રહ્યા છે ત્યારે તેઓશ્રી પણ પ્રાણવાન અને ઉર્જાવાન યુવાનોને આ રાષ્ટ્રના ચરણે ધરવા માગે છે. આ સંકલ્પ ચરિતાર્થ કરવા હું રમત–ગમત ક્ષેત્રને પ્રોત્સાહક બિલ રજૂ કરી રહ્યો છું. આશા છે કે રાષ્ટ્રના યુવાનો અને દેશની આવતીકાલના ઘડવૈયાઓને પ્રોત્સાહિત કરી મારું આ બિલ આપ સૌ હકારાત્મક રીતે ચર્ચા વિચારણા કરી મંજૂર કરાવો એવી હું આપ સૌને વિનંતી કરું છું.

**શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મારા સાથી મિત્ર શ્રી દુષ્યંતભાઇ જે બિન સરકારી સન–૨૦૧૧નું વિધેયક ક્રમાંકઃ૧૧ – ગુજરાત રમતવીર પ્રોત્સાહન વિધેયક લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે સમગ્ર ભારતભરમાં એક એવું પ્રસ્થાપિત થઇ ચૂક્યું છે કે ગુજરાત અને ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી જે કાંઇ પણ કરશે અથવા જે કાંઇ પણ નવી વસ્તુ લાવશે એ સામાન્ય રીતે બધાથી અલગ હશે. આજે આ બિલ રાજ્યના રમતવીરોને પ્રોત્સાહન આપવાનું લાવ્યા છે એનાથી ખેલાડીઓને સુવિધાઓ પૂરી પડશે. વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ જ્યારે સમગ્ર ભારતવર્ષ ઊજવી રહ્યું હોય ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિભાગના મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે. અને કદાચ સમગ્ર યુવાનોને જે ભેટ આપી છે મને એવું લાગે છે કે યુવા જગતને એક સુંદર ભેટ ગુજરાત સરકાર તરફથી મળી રહી છે. દુષ્યંતભાઇએ જે રીતે કહ્યું કે, વર્તમાન સમયમાં આપણે સૌ જાણીએ

છીએ કે જે રીતે સમગ્ર વિશ્વમાં હાલ જે યુવા ધન છે એમાં સૌથી વધુ એ એશિયાખંડમાં છે અને એમાંય સૌથી વધુ આપણા ભારત વર્ષમાં છે. આજનો યુવાન જ્યારે આવતીકાલનો ભાવિ નાગરિક અને તેનું ભાવિ દેશની પાસે છે અને ૨૧મી સદીમાં જે રાજ્યનો યુવાન રમતગમત ક્ષેત્રે અગ્રેસર હશે એ તન અને મનથી પણ તંદુરસ્ત હશે અને જેના દ્વારા એક તંદુરસ્ત સમાજનું પણ નિર્માણ થઇ શકતું હોય છે. રમતગમત ક્ષેત્રે ખૂબ યુવાનો જોડાય અને તેમનામાં એક જિજીવિષા વૃત્તિ જીતવાની પેદા થાય અને તેના દ્વારા જે યુવાનો આવનારા દિવસોમાં જે પોતાની પસંદગીના ક્ષેત્રમાં જવાના છે. એ પોતાના પસંદગીના ક્ષેત્રમાં પણ એ જિજીવિષા વૃત્તિના કારણે અગ્રેસર રહેતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકના માધ્યમથી સરકાર જે ખેલાડીઓને રમતવીરોને સુવિધા પૂરી પાડે છે, કદાચ ગુજરાત પહેલું રાજ્ય છે કે જેણે રમતવીરોની ચિંતા કરી છે. એ રમતવીરોને સ્પોર્ટસ હોસ્ટેલ હોય યા ભોજન હોય, નિવાસ અને પ્રેકટિસ તથા પ્રેકટિસ માટેની મફત સુવિધાઓ એ પૂરી પાડવાની વ્યવસ્થા પણ કરી છે. આ રાજ્ય સરકારનો એક ખેલ અને રમતવીરો પ્રત્યેનો જે અભિગમ આપણે છેલ્લા બે વર્ષથી યોજાતા ખેલ મહાકુંભમાં જોઇ રહ્યા છીએ અને તેની સફળતા જ બતાવે છે કે સરકાર રમતવીરોના પ્રોત્સાહન માટે કેટલી કટિબદ્ધ છે. આ બિલના હોસ્ટેલની સુવિધા પામનાર ખેલાડીને એ સ્ટાઇપેન્ડ પણ આપવાના છે. હોસ્ટેલ દ્વારા પ્રવેશ મેળવનાર ખેલાડીને વીમા સુરક્ષાની સુવિધા પણ પૂરી પાડી છે અને પ્રતિ વર્ષ ખેલાડીઓને ૩૦૦૦ રૂપિયા રમતને અનુરૂપ ક્યાંક એને ગણવેશ માટે હોય, કયાંક એને ટ્રેકસૂટ માટે હોય એને એ રમત સાથે જોડાયેલી એ બધી જ સુવિધા આ સરકાર પૂરી પાડવાની છે. રમતો દ્વારા હોસ્ટેલમાં પ્રવેશ એ ૧૪ વર્ષથી નીચેના મિત્રોને તાલુકા–જિલ્લા કક્ષાની જે રાજ્ય કક્ષાની કસોટીઓનું આયોજન થશે તેમાંથી પસંદગી પામેલા મિત્રોને એમાં પ્રવેશ પણ મળશે. રાજ્યના યુવક–યુવતીઓના સર્વાંગી વિકાસ માટે અને તેમની શક્તિઓને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવા માટે યુવકોને સાહસિક પ્રવૃત્તિ જેવી કે, યુવા ઉત્સવ, વીર સાવરકર, અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા, આદિવાસી મહોત્સવ આપણી શરદઋતુ અને સાહિત્ય શિબિર જેવી અનેક યોજનાઓનું આ સરકારે આયોજન કર્યુ છે. રમતગમત ક્ષેત્રે તથા તેની પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે વિવિધ એવોર્ડની પણ જાહેરાત કરવામાં આવે છે. વિવિધ યોજનાઓ તથા સ્પર્ધાઓ પણ એના માટે યોજવામાં આવે છે. રમતવીરોને પ્રોત્સાહન આપતી આ સરકારની કામગીરીનો એક ઉત્તમ દાખલો હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કરું છું. ખેલ મહાકુંભ છેલ્લા બે વર્ષથી યોજાય છે. ગત વર્ષનો ખેલ મહાકુંભ ૨૦૧૧ એ બે ખેલ મહાકુંભ ૨૦૧૧ની અંતર્ગત પહેલીવાર સમગ્ર ભારત વર્ષ હોય કે સમગ્ર વિશ્વમાં પહેલીવાર એક સ્પેશિયલ ખેલ મહાકુંભનું પણ આયોજન એની સાથે કરવામાં આવ્યું હતું.

માનનીય અધ્યક્ષ મહોદય, હું પણ એક એવી સંસ્થા સાથે જોડાયેલો છું કે જેના માનસિક રીતે ક્ષતિગ્રસ્ત abnormal દીકરા–દીકરીઓ હોય એવી એક Special Olympicની સંસ્થા સાથે હું પણ એક જવાબદારીપૂર્વક જોડાયેલો છું. સન્માનનીય સભાગૃહમાં મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રીએ જેમ સામાન્ય રમતવીરોના Olympic દર ચાર વર્ષે યોજાય છે એમ આવા માનસિક રીતે ક્ષતિગ્રસ્ત હોય એ એ રમતવીરોનો પણ એક Special Olympic આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાય છે. દર ચાર વર્ષે આ એક Olympic યોજાય છે. ગત વર્ષનો જે Olympic ગ્રીસની અંદર ૨૦૧૧માં યોજાયો હતો. એમાં ભારતભરમાંથી ૫૦૦ જેટલા રમતવીરોએ abnormal દીકરા–દીકરીઓએ ભાગ લીધો હતો. એમાંથી ગુજરાતમાંથી ૧૧૭ રમતવીરો એમાં જોડાયા હતા. ૧૧૭ રમતવીરો ગ્રીસની મુલાકાતે ગયા હતા. ત્યાંથી ૧૪ જેટલા આપણા એ એથલેટો કયાંક ગોલ્ડ મેડલ જીત્યા છે, ક્યાંક સીલ્વર મેડલ જીત્યા છે, કયાંક બ્રોન્ઝ મેડલ જીત્યા છે અને જ્યારે મિત્રો જીતીને આવ્યાં હતા અને આ ગુજરાતની ધરતી ઉપર ઊતર્યા અને જેવું મુખ્યમંત્રીએ જાણ્યું એમને સંદેશો ગયો. એ મુખ્યમંત્રીશ્રીએ એમને મુલાકાત આપી અને જે લાગણી સભર દૃશ્યો મેં મારી નજર સમક્ષ જોયા છે ત્યારે એમને આવનારા દિવસોમાં એ પછીનું જે સ્પેશ્યિલ ઓલિમ્પિકસ હતું ૨૦૧૧, એ ૨૦૧૧ની એ ઓલિમ્પિકસમાં, સ્પેશ્યિલ ઓલિમ્પિકસને ખેલ મહાકુંભમાં પણ સ્થાન આપ્યું હતું. માત્ર માનસિક રીતે

ક્ષતિગ્રસ્ત એ તકલીફ ધરાવતા બાળકો જ નહીં એમની સાથે બહેરા મૂંગા દીકરા–દીકરીઓને જોડ્યા હતા. શારીરિક ક્ષતિ હોય એ લોકોને જોડ્યા હતા અને ચારેય અલગ અલગ ફેકલ્ટીના, મને સન્માનનીય સભાગૃહને કહેતાં આનંદ થાય છે કે, અઠ્ઠાવન હજારથી વધારે એથ્લેટોએ આ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. માત્ર ભાગ નથી લીધો એ ખેલ મહાકુંભના આ સરકારના, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વિભાગના મંત્રીશ્રી દ્વારા એનું આયોજન થયું હતું, પહેલી વાર આવા એબનોર્મલ દીકરા હોય, કયાંક કુદરતે કોઇક તકલીફ આપી છે જન્મજાત, એવા દીકરા–દીકરીઓને અને એવા એથ્લેટોને પહેલીવાર આ ગુજરાતની સરકારે કરોડો રૂપિયાના ઇનામો પણ આપ્યા છે. આ જ બતાવે છે કે, ગુજરાત માત્ર એક એવું રાજ્ય છે કે, જેના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોથી જે રીતે આવનારા દિવસોમાં રમત– ગમતને પ્રોત્સાહન મળવાના જે પ્રયત્નો થયા છે એ આપણે જોયા છે. એની પહેલાંનો પણ એક દાખલો હું આ સભાગૃહમાં રજૂ કરવા માગુ છું. ગત વર્ષે પણ એક એવી ઘટના બની ગઇ હતી, આ ગુજરાત રાજયમાં એક વર્લ્ડ રેકર્ડ કર્યો હતો. ગિનિસ બુકમાં આપણે રમતગમતના ક્ષેત્રે ચેસની રમતમાં એક સામટા વીસ હજાર મિત્રો એક જ જગ્યાએ ચેસ એ આ ગુજરાત રાજયમાં રમ્યા હતા અને એ વિશ્વનો એટલે કે, ગિનિસ બુકમાં પણ આપણે એક રેકોર્ડ કર્યો હતો. આજના પણ એક ખૂબ સુંદર સમાચાર છે કે, ગુજરાતના બે યુવાનો અન્ડર–૧૯ના, આજના જ પેપરમાં છે કે, જે બે ગુજરાતના પ્લેયરો ગીત શાહ અને પટેલ એ બંને જણાનો અન્ડર–૧૯માં અખિલ ભારતીય ધોરણે એમની પસંદગી થઇ છે. આ એજ સરકાર છે કે, જે રમતવીરોને પ્રોત્સાહન આપવા વિવિધ યોજનાઓ, વિવિધ એવોર્ડોથી નવાજે છે. આપણે સૌ જાણીએ છીએ કે, ભારતીય ટીમના બે ગુજરાતી પ્લેયરો એ યુસુફ પઠાણ હોય કે અમારા દુષ્યંતના મિત્ર, મુનાફ પટેલ હોય એ બંનેને ગુજરાતની સરકારે એક–એક લાખ રૂપિયાના રોકડ પુરસ્કારોથી પણ સન્માનિત કર્યા છે. ખેલ મહાકુંભના કાર્યક્રમમાં અને હું ચેસની જે વાત કરતો હતો, વીસ હજાર મિત્રોએ એક સાથે રમી અને એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. જેમ દુષ્યંતભાઇ કહેતા હતા કે, પોતે ક્રિકેટના પૂર્વ ખેલાડી છે, માનનીય અધ્યક્ષ મહોદય હું પણ મારા બાળપણમાં ખૂબ કબ્બડી ખેલ્યો હતો એટલે મને પણ ખબર છે કે, રમતગમત ક્ષેત્રનું શું માન હોય છે. એ અલગ વાત છે કે, ટાંટિયા ખેંચની આ રમત રમતાં–રમતાં આપણે બધા, હું કયાં પહોંચી ગયો, એ અલગ વાત છે. પણ જયારે આવું વિધેયક લઇને માનનીય સભ્યશ્રી આવ્યા છે ત્યારે મને પણ આનંદ થાય છે કે, ગુજરાતના એ રમતવીરોને. કયાંક ભૂતકાળમાં કોઇને તક નહીં મળી હોય. આવા ખૂબ પ્રમાણમાં મિત્રો ભૂતકાળમાં પણ થયા હશે. પણ કદાચ કે પ્રકારની અનુકૂળતાવાળી સરકારોએ એના માટેનું આયોજન નહીં કર્યું હોય, એમને વિશેષ સવલતો નહીં આપી હોય નહીંતર ખૂબ મોટા મિત્રો કદાચ આ ગુજરાતનું નામ રોશન કરી શકયા હોત પણ જયારે આજે આ મારા સન્માનનીય સભ્ય બિલ લઇને આવ્યા છે અને જે રીતે માનનીય મુખ્યમંત્રી અને વિભાગના મંત્રી એની જવાબદારી લે છે તો મને ચોક્કસ વિશ્વાસ છે કે, આવનારા દિવસમાં ગુજરાતમાંથી એવા યુવાનો પેદા થશે કે જે સમગ્ર રાજયનું અને રાષ્ટ્રનું એક પ્રતિનિધિત્વ કરશે. ગુજરાતની એક ઓળખ, ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રીએ એમના વિકાસથી જે સમગ્ર ભારતવર્ષની વિશ્વમાં એક ઓળખ ઉભી કરી છે એવા જ ગુજરાતના રમતવીરો આ ગુજરાતની વિશ્વ સ્તરે એક ઓળખ ઉભી કરે એવું એક સુંદર પ્લેટફોર્મ પૂરું પાડવાવાળું વિધયેક માનનીય સભ્યશ્રી જયારે લઇને આવ્યા છે તેમાં સારો સૂર પૂરાવું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

**શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ–વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં સન્માનનીય શ્રી દુષ્યંતભાઇ જે ૨૦૧૧નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક લાવ્યા છે એના સમર્થન માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગુજરાતની અંદર દરેકે દરેક ક્ષેત્રોમાં ખૂબ જ વિકાસ થઇ રહ્યો છે ત્યારે આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, એમણે ગુજરાતની અંદર ભૌતિક વિકાસ કર્યો છે, સાથે સાથે ઉદ્યોગો સ્થાપ્યા છે પરંતુ આ રાજયમાં રહેતાં છ કરોડ નાગરિકોનો શારીરિક અને માનસિક વિકાસ પણ થાય એના માટે આ રાજ્યની સરકારે આ રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદજીએ પણ કહ્યું છે કે, આધ્યાત્મિક

શક્તિઓની સાથે સાથે શારીરિક શક્તિ અને માનસિક શક્તિનો પણ વિકાસ થવો જોઇએ. આના માટે જ આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગ્રામ્ય કક્ષાના જે રમતવીરો છે અને શહેરી વિસ્તારના જે રમતવીરો છે એમને પ્રોત્સાહિત કરવા માટે આ રાજયની અંદર ખેલ મહાકુંભનું આયોજન કર્યું છે. આના કારણે ગામડાંગામના જે રમતવીરોની અંદર શક્તિ હોય છે એ શક્તિને ઉજાગર કરવાનું આ ખૂબ જ મોટું ભગીરથ કાર્ય છે. સન્માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ કહેતા હતા કે આજે ૬૫ ટકાથી વધારે યુવા વર્ગ છે ત્યારે આજનો જે યુવાન છે એ મોટાભાગે ટી.વી., વિડિયો, કોમ્પ્યુટર, મોબાઇલ જેવા ટેકનિકલ ઉપકરણોની અંદર રમતો જુએ છે અથવા તો વિડિયોની અંદર ગેમ રમે છે. આના કારણે એમનો શારીરિક કે માનસિક વિકાસ થતો નથી પણ સાચા અર્થની અંદર જો આ રમતવીરો રમતના મેદાનમાં આવીને રમત રમે તો એની અંદર એક આત્મવિશ્વાસ આવે છે અને એમની અંદર એક ટીમ લીડરના લક્ષણો ઉભા થાય છે અને એની પહેલ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરેલ છે. આ જે ખેલ મહાકુંભ થયો એમાં ૧૮લાખથી વધુ રમતવીરોએ ભાગ લીધો અને લગભગ કરોડો રૂપિયાના ઇનામો આપીને આ રમતવીરોને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. આ રાજયની સરકારે નામાંકિત અને આશાસ્પદ ખેલાડીઓ માટે સ્પોર્ટસ હોસ્ટેલની સુવિધા ઉભી કરી છે અને આ હોસ્ટેલમાં રહેવા, જમવા તથા રમતની પ્રેકટીસ કરવા માટેની સગવડ ઉભી કરવામાં આવેલી છે. આ જે હોસ્ટેલ છે એ હોસ્ટેલની અંદર લગભગ ૧૫૦ની સંખ્યા રહી શકે એવી સગવડો ઉભી કરવામાં આવી છે. આ રાજયની અંદર હાલ નડીયાદ ખાતે એથ્લેટીકસ, કુસ્તી, કબડ્ડીની રમતના ખેલાડીઓ માટે, ભાવનગર મુકામે હેન્ડબોલ, બાસ્કેટ બોલની રમતો માટે અને પોરબંદર મુકામે આ ક્રિકેટની રમત માટે સ્પોર્ટસ હોસ્ટેલ કાર્યરત છે. આ હોસ્ટેલની અંદર જે ખેલાડીઓ પ્રવેશ પામે છે એમને માસિક ૩૦૦ રૂપિયા જેટલું સ્ટાઇપન્ડ આપવામાં આવે છે જેથી તાત્કાલિક એમનો જો કોઇ ખર્ચ કરવો હોય તો એ ખર્ચ કરી શકે છે. સાથે સાથે આ જે ખેલાડીઓ છે એ ખેલાડીઓને વીમા સુરક્ષા અંતર્ગત આવરી લેવામાં આવે છે. આ ઉપરાંત આ જે પ્રવેશ પામેલ ખેલાડીઓ છે એમને પ્રતિ વર્ષ રૂ. ૩૦૦૦નો રમતને અનુરૂપ ગણવેશ અથવા તો ટ્રેક શુટ આપવામાં આવે છે. આ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટે ચૌદ વર્ષની નીચેના જે બાળકો છે એ બાળકોને પ્રતિ વર્ષ તાલુકા, જિલ્લા કે રાજય લેવલે કસોટીઓ યોજવામાં આવે છે અને આ કસોટીમાં જે સફળ થાય એવા જ વિદ્યાર્થીઓને આ હોસ્ટેલની અંદર પ્રવેશ આપવામાં આવે છે પણ મને જણાવતા આનંદ થાય છે કે આદિજાતિ વિસ્તારોમાં આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને રમત ગમત વિભાગના મંત્રીશ્રીએ જે આયોજન કરેલ છે એ ખૂબ મોટું આયોજન છે એટલા માટે કે આદિજાતિના કોઇપણ વિદ્યાર્થીએ રાષ્ટ્રકક્ષાએ વિવિધ રમતગમતમાં કે સ્પર્ધાઓમાં ગુજરાત વતી જો ભાગ લીધો હોય તો એમને આ કસોટીમાં સફળ થવાની જરૂર નથી. એમને સીધો જ પ્રવેશ આપવામાં આવે છે. આ અમારા આદિવાસી સમાજ માટે ખૂબ જ મોટી બાબત છે. આ ઉપરાંત પણ પ્રતિભાશાળી ખેલાડીઓ છે એમને વાર્ષિક ૫૦૦૦ રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવે છે અને જે તે વર્ષમાં પ્રથમ, દ્વિતીય, તૃતિય આ ત્રણેય જે રમતવીરો છે એ ત્રણેયને આ રીતની સ્કોલરશીપ આપવામાં આવે છે. ગામડાંગામના યુવા ધન ઉપરાંત જે આપણા ગુજરાતની વધુમાં વધુ મહિલાઓ રમતગમતમાં ભાગ લેતી થાય અને તેઓની રમતગમતમાં રૂચિ કેળવાય એમને પણ આ રાજયની સરકાર પ્રોત્સાહિત કરે છે અને આવી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આ જે મહિલા ખેલાડીઓ છે એ રાજય કક્ષાએ પ્રથમ અથવા તો રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા જાય તો એવી મહિલાને રૂ. ૪૮૦૦ અને દ્વિતીય આવનાર ખેલાડીને રૂ. ૩૬૦૦, તૃતિય આવનાર ખેલાડીને ૨૪૦૦ એવી રીતે એમને સ્કોલરશીપ આપવામાં આવે છે અને આ જે સ્કોલરશીપ છે એ આઠમી માર્ચ વિશ્વ મહિલા દિને માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવે છે. રાષ્ટ્રકક્ષાએ શાળાકીય બાળ ગ્રામિણ તથા મહિલા રમતોત્સવમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબરે વિજેતા થનાર જે ખેલાડી છે એમને રૂ. ૧૮૦૦ લેખે વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ ઉપરાંત પણ જે ચંદ્ર પ્રાપ્ત કરનાર, ક્ષમતા ધરાવનાર ખેલાડીઓને સાધનો, પ્રશિક્ષણ, પ્રવાસ, પોષણક્ષમ આહાર વગેરે બાબતો માટે સહાય આપવાની યોજના અમલમાં છે. આ ઉપરાંત પણ આ ખેલાડીઓને રિવોલ્વિંગ ફંડમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રદર્શન કરી ઉત્તમ સિદ્ધિ બદલ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. આ ખેલાડીઓ છે,

એમને પ્રોત્સાહિત કરવા માટે આ રાજય સરકારે એકલવ્ય સિનીયર એવોર્ડ માટે ૧ લાખ રૂપિયા અને એકલવ્ય જુનિયર એવોર્ડ માટે ૫૦,૦૦૦ રૂપિયા, સરદાર પટેલ સિનીયર એવોર્ડ માટે ૫૦,૦૦૦ રૂપિયા અને સરદાર પટેલ જુનિયર એવોર્ડ માટે ૨૫૦૦૦ રૂપિયા, જયદીપસિંહ સિનીયર એવોર્ડ માટે ૨૦,૦૦૦ રૂપિયા અને જયદીપસિંહ જુનિયર એવોર્ડ માટે ૧૦,૦૦૦ રૂપિયા. આમ એવોર્ડ આપીને આ રાજ્યના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાનું કામ આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજ્યની સરકાર કરી રહી છે, આ ખેલાડીઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવો કરે તો એમને ભેટ સ્વરૂપે મફતના રહેણાંકના પ્લોટ આપવાની સત્તા મહેસૂલ વિભાગ ધરાવે છે, ત્યારે સન્માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ બિન સરકારી બિલ દ્વારા જે ચિંતા વ્યક્ત કરી છે, જે મુદ્દાઓ ઊભા કર્યા છે. સરકારના ધ્યાનમાં પણ અનેક બાબતો મૂકી, ત્યારે મને જણાવતા અત્યંત આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિના કારણે સ્વર્ણિમ જયંતિ દરમ્યાન રમત ગમતમાં બે મોટી પહેલ આપણે કરી શક્યા છીએ. અને એ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા છે, જેનો અહીંયાં ઉલ્લેખ થયો એ એક વિરાટ ખેલ મહાકુંભ. ખેલ મહાકુંભની જ્યારે શરૂઆત કરી ૨૦૧૦ માં ત્યારે એમાં ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા હતી ૧૩,૧૫,૦૦૦. અને ૨૦૧૧ માં જે દ્વિતિય ખેલ મહાકુંભ પૂરો કર્યો તેમાં ૧૩,૧૫,૦૦૦ માંથી વધીને ૧૮,૨૪,૦૦૦ ની સંખ્યા થઇ. ૫ લાખ ખેલાડીઓ આમાં વધ્યા. એમાંથી ઇનામો આપવામાં આવ્યા એ ૨૬ કરોડથી પણ વધારે ઇનામો એમાં આપવામાં આવ્યા છે. આ તબક્કે અમારા પક્ષના અમદાવાદ શહેરના પ્રમુખ અને માનનીય ધારાસભ્યશ્રી રાકેશભાઇને મારે અભિનંદન આપવા છે. અભિનંદન એટલા માટે આપવા છે કે જે બીજો ઇવેન્ટ હું કહેવા જઇ રહ્યો છું અને એ ઇવેન્ટ એટલે સ્વર્ણિમ ચેસ. સ્વર્ણિમ ચેસની અંદર રેકોર્ડ તોડ્યો, ગિનિસ બુક ઓફ રેકોર્ડમાં આપણે સ્થાન પામ્યા. એમાં રાકેશભાઇનું ખૂબ જ યોગદાન મળ્યું અને સાથે સાથે ખેલ મહા કુંભની અંદર જે સ્પેશિયલ ખેલાડીઓ જેને વિકલાંગભાઇઓ કહું, એમણે પણ લગભગ ૬૦,૦૦૦ જેટલા જે ખેલાડીઓએ આમાં ભાગ લીધો એમાં પણ એમનો અને એમના મિસ્ટર ચૌધરીનો સિંહફાળો હતો, એટલા માટે સરકાર વતી એમનો આભાર પ્રગટ કરું છું અને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પગલું લીધું તે ઐતિહાસિક એટલે આ ગુજરાતની અંદર સ્પોર્ટસ યુનિવર્સિટીની રચના. મને કહેતાં આનંદ થાય છે કે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીની રચના થઇ ગઇ છે અને તેના રજીસ્ટ્રાર તરીકે આજે નિમણૂક થઇ ગઇ છે. જે પ્રમાણે ખેલ મહાકુંભ યોજાયો અને તેમાં અમેરિકાની સંસ્થા અને તેના અહીંના જે પ્રતિનિધિ છે એર માર્શલ કીલર તે જયારે વડોદરા આવ્યા અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને અક્ષયકુમારની હાજરીમાં ત્યારે એટલા ભાવ વિભોર હતા. રાકેશભાઇ તેમાં તે વખતે હાજર હતા. તેમણે એમ કહ્યું કે આ ગુજરાતમાં જ શકય છે. બીજે શકય નથી. આ અમેરિકાની સંસ્થા ઓલ ઇન્ડિયાની જે સંસ્થા છે તેના પ્રતિનિધિ મીસ્ટર કીલરે આપણા માટે કહેલી વાતો છે. એ પ્રમાણે અક્ષયકુમાર આ કાર્યક્રમ જોઇને પ્રભાવિત થયા અને કહ્યું કે ગુજરાતનો ખેલ મહાકુંભ એક અનોખી ઘટના છે. અમારું પર્ફોમન્સ કેવી રીતે સુધરે, માનનીય મુખ્યમંત્રીશ્રીની હંમેશાં એક સૂચન અને માર્ગદર્શન અને ચિંતા હોય છે કે આપણે જે અત્યારે કરી રહ્યા છે, આપણું જે પર્ફોમન્સ છે તેમાં સતત સુધારો થવો જોઇએ. સતત વધારો થવો જોઇએ. મને કહેતાં આનંદ થાય છે કે ૨૦૧૦માં જે રેકર્ડ હતા તેમાંથી ૮૮ રેકર્ડ ૨૦૧૧માં તોડયા છે. આપણા જ ખેલાડીઓ દ્વારા તોડયા છે. જે પ્રમાણેનું વાતાવરણ ગુજરાતમાં રમત-ગમત માટેનું બન્યું છે. યોગાસન સ્પર્ધામાં ગુજરાતની બાલિકાઓને કોઇ ચેલેન્જ ન કરી શકે તેટલી મજબૂત સ્થિતિએ આજે ગુજરાત આવીને ઉભું રહ્યું છે. આ બિલની અંદર અમારા આદરણીય સભ્યશ્રીએ પાંચ હજારની સહાય અને બાકીની યોજનાકીય વાતો કરી છે. મારે કહેવું છે કે અત્યારે રાજય સરકારની શક્તિદૂત યોજના ચાલે છે. આ શક્તિદૂત યોજનામાં આપણે નીડબેઝ સહાય આપણે આપી શકીએ છીએ અને તેમાં રાજય સરકાર દ્વારા પાંચ-પચાસ હજાર નહીં પણ રૂપિયા બે લાખ થી પાંચ લાખ સુધીની મદદ રાજય સરકારે આમાં કરી છે. અત્યાર સુધીમાં ૧ કરોડ અને ૬૦ લાખ જેટલી સહાય ખેલાડીઓને રાજય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા જે નામાંકિત ખેલાડીઓ છે, આશાસ્પદ ખેલાડીઓ છે તેમના માટે આપણે સ્પોર્ટસ હોસ્ટેલ સ્થાપી છે. ત્યાં ભોજન અને નિવાસની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવે છે. હાલ ગુજરાતમાં ખેડા નડિયાદની અંદર એથ્લેટીક્સ, કુસ્તી અને કબડ્ડી માટે, ભાવનગરની અંદર હેન્ડબોલ, બાસ્કેટ બોલ માટે અને પોરબંદરની અંદર ક્રિકેટની રમત માટે સ્પોર્ટસ હોસ્ટેલ કાર્યરત છે. કુલ્લે લગભગ ૧૫૦ ખેલાડીઓ રાખવાની ક્ષમતા આ સ્પોર્ટસ હોસ્ટેલમાં છે. તે પૈકી નડિયાદમાં ૪૩, ભાવનગરમાં ૨૭.. (સમયસૂચક ઘંટડી) સાહેબ..

**અધ્યક્ષશ્રી** : ૩.૫૫ કલાકે આપણે વોટ લેવો પડશે એટલા માટે. આપ બે મિનિટમાં પૂરું કરો. આમાં કુલ ૪૦ મિનિટનો સમય હોય છે.

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા :** મને દસ મિનિટ આપી છે અને તેમાંથી ફકત હું છ મિનિટ બોલ્યો છું. એટલે મારી ચાર મિનિટ બાકી છે.

**અધ્યક્ષશ્રી :** આપ ત્રણ મિનિટમાં પૂરું કરો.

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા** : થેન્ક યુ સર. માનનીય અધ્યક્ષશ્રી, તે જ પ્રમાણે ખેલાડીઓને ૩૦૦ રૂપિયાનું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત મહિલાઓને પણ મહિલા સ્કોલરશીપ આપવાની જોગવાઇ છે. આ ઉપરાંત રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવો હોય તો તેના મુસાફરીના ૫૦ ટકા લેખે ૩૭,૫૦૦, લોજીંગ બોર્ડીંગ માટે બીજા ૫૦ ટકા લેખે ૩૭,૫૦૦ એમ ૭૫૦૦૦ રૂપિયા તેને આપણે આપતા હોઇએ છીએ. આ સિવાય પણ માનનીય વિજયભાઇએ જે વાત કરી એ પ્રમાણે એકલવ્ય, સરદાર વલ્લભભાઇ પટેલ અને જયદીપસિંહ બારીયા એવોર્ડ પણ રાજય સરકાર દ્વારા અપાઇ રહયા છે. રાજય કક્ષાનું એક કરોડ રૂપિયાના ખર્ચે ગાંધીનગરમાં ૨૬ એકર જમીનમાં સ્પોર્ટસ સંકુલ બનાવવાનું આયોજન આપણે વિચાર્યું છે અને આ વર્ષે ગુજરાતના દરેક જિલ્લામાં સરદાર વલ્લભભાઇ પટેલ રમતગમત સંકુલ ઉભા કરવા માટેનું આયોજન છે અને આ વર્ષે હિંમતનગર અને નડિયાદની અંદર સીન્થેટિક ટ્રેક માટે આઠ કરોડ રૂપિયાની વ્યવસ્થા પણ આપણે આમાં કરી છે, અને આ રીતે સ્પોર્ટસ માટે અનેક પ્રોત્સાહન જયારે રાજય સરકાર આપી રહી છે ત્યારે માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇને હું વિનંતી કરીશ કે, તેઓશ્રી તેમનું આ વિધેયક પરત ખેંચે.

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૧ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૧ –સન – ૨૦૧૧નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૩૪**
**જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા**
**બાબત વિધેયક, ૨૦૧૧**
**રાજયમાં જાહેર સંસ્થાઓ દ્વારા થતા ખોટી ગુજરાતી જોડણીના ઉપયોગને**
**નિયંત્રણમાં રાખવા માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક**

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના •વિધેયક ક્રમાંક–૩૪–સન –૨૦૧૧નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

•વિધેયક તા.૨૪મી માર્ચ, ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારું જે વિધેયક છે તેના ઉદ્દેશ અને કારણો એ છે કે, ચાલુ વર્ષ એ ગુજરાત રાજયના આરંભનું સ્વર્ણિમ જયંતિ વર્ષ છે. સરકાર અને ગુજરાતના પ્રજાજનો સ્વર્ણિમ જયંતિ વર્ષને મોટા પાયા પર વિવિધ રીતે ઉજવી રહ્યા છે. આ યોગ્ય અવસર છે કે આપણે આપણી માતૃભાષા ગુજરાતીનું પણ તે જ રીતે બહુમાન કરીએ.

આજકાલ જોવા મળે છે કે ઘણાં લોકો ખોટી ગુજરાતી જોડણીઓ લખી રહ્યા છે. રાજ્ય સરકારની કચેરીઓ, સ્થાનિક સત્તામંડળો, બોર્ડ, કોર્પોરેશનો અને રાજ્ય સરકારની માલિકીની અને તેના નિયંત્રણ હેઠળની કંપનીઓમાં તો તેમ થતું અટકાવવું જરૂરી બન્યું છે. ગુજરાત સાહિત્ય પરિષદ પણ વિધેયકની જોગવાઇઓ સાથે સંકળાયેલી છે. સદરહુ પરિષદના અધિકૃત અધિકારી, ગુજરાતી જોડણીના સુધારાનો નિર્ણય કરનાર અને અમલ કરાવનાર સત્તાધિકારી રહેશે. ગુજરાતી શબ્દની સાચી જોડણી અંગેનો નિર્ણય કરવામાં, ગુજરાત વિદ્યાપીઠનો સાર્થ જોડણી કોશ નિર્ણાયક સંદર્ભ પુસ્તિકા ગણાશે. આવી જોગવાઇ એ મહાત્મા ગાંધીના સાર્થ જોડણી કોશ પ્રત્યેના આગ્રહ સાથે સુસંગત થશે. તેથી, આ વિધેયક લાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી જોડણી આરસમાં કંડારેલી દેવી સરસ્વતીની પ્રતિમા તૂલ્ય છે, શબ્દોની પોતાની એક તાકાત હોય છે. "શબ્દો સંબંધ બનાવે શબ્દો વધારે વેર, શબ્દો ભાવને ભરે શબ્દો છે જીવનનો સાર. શબ્દોના સાચા અર્થો જેણે સમજ્યાં એનો થઇ ગયો બેડો પાર." એટલે જ ગંગાસતીએ કહ્યું છે કે, "સત્તગુરુ શબ્દોના થાઓ અધિકારી પાનબાઇ" માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગુજરાતી ભાષાનો જે શબ્દ કોશ તૈયાર થયો અને એની જ્યારે પ્રસ્તાવના લખવા માટે પૂજ્ય ગાંધી બાપૂ પાસે એ સાર્થ કોશની પ્રસ્તાવના લખવા માટે કહેવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું કે હવે આપણી પાસે માતૃભાષાનો જોડણી કોશ તૈયાર થઇ ગયો છે ત્યારે કોઇને ગુજરાતી ભાષાના શબ્દોની જોડણી સાથે છેડછાડ કરવાનો કોઇ અધિકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે જોડણી વિધેયક લઇને આવ્યો છું તે ગુજરાતના પનોતા પુત્ર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને આ મારી શ્રદ્ધાંજલિ છે. આપણે બીજી ભાષાઓ, દાખલા તરીકે આપણે અંગ્રેજીની અંદર કોઇ સ્પેલિંગ ખોટો હોય તો એને વારંવાર સુધારવા માટેનો આગ્રહ તમામ અધિકારીઓ પણ રાખે છે અને આપણે પણ એની ચિંતા કરીએ છીએ પરંતુ ગુજરાતી ભાષાની અંદર જે કંઇ ખોટા હ્રસ્વ ઇ, દીર્ઘ ઇ, ઉપર અનુસ્વાર એ રીતે જે કંઇ એનું લખાણ થાય છે ત્યારે કેવો અપભ્રંશ થાય છે? દાખલા તરીકે ઉપહાર, ઉપહારનો અર્થ છે ભેટ. ઉપાહાર એનો અર્થ થાય છે નાસ્તો. એજ રીતે જ્યારે લખવામાં ભૂલ કરવામાં આવે છે એનો અર્થ કેવો બદલાઇ જાય છે એ જુઓ, ગુણ– એનો અર્થ થાય છે ગુણવાન, ગૂણ દિર્ઘ ઉ થઇ જાય તો ગૂણ એટલે કોથળો. એજ રીતે કંસારિ– તો કૃષ્ણ અને કંસારી–એનો અર્થ એક જીવડું થાય છે. આ જે કંઇ શબ્દકોશ છે એની વાત કરું તો માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી આપણી માતૃભાષા છે અને જ્યારે આપણે માતૃભાષાનું આપણે જ સન્માન ન કરતા હોઇએ તો એ બરાબર નથી. વીર નર્મદ યુનિવર્સિટી એમાં V I R નો જોડણી દોષ હતો એ દૂર કરવા માટે I ની જગ્યાએ E E કરીને V E E R કરવા માટે આ સન્માનનીય ગૃહમાં આપણે વિધેયક લાવ્યા હતા અને એ આપણે પસાર કર્યું એ ખૂબ સારી વાત છે. પણ આપણી માતૃભાષા છે જેનું આપણે સન્માન નહીં કરીએ, ગુજરાતીના ગૌરવને આપણે નહીં વધારીએ, ગુજરાતીની સાચી જે કંઇ જોડણી છે, ગુજરાતી ભાષા બોલવા માટેની સાચી જે કંઇ રીત છે એને જો આપણે નહીં અપનાવીએ તો એ અપેક્ષા આપણે કોની પાસે રાખીશું? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ભાષાના એના પોતાના ગૌરવ માટે આપણે મારા આ વિધેયકને આ સન્માનનીય ગૃહ પસાર કરે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત પણ કરું પાંડવોની માતા કુંતી ઉપર અનુસ્વાર ન કરો તો શું થાય? ખરેખર દુઃખ થાય એવી વાત છે, આ ખરેખર એક પીડા થાય એવી વાત છે.

